जैन साईट JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

# JAINSITE E-BOOKS LITERATURE

## JAIN HISTORY • JAIN GRANTH • JAIN SUTRA
## JAIN VIDHI • JAIN STORY • JAIN ASTROLOGY

**And Many More Books in Gujarati, Hindi & English**

જૈનસાઇટ ઈ-બુક્સ લિટરેચર ના સંપુર્ણ લાભાર્થી

## શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ,
(જુના નાગરદાસ રોડ), અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.



www.jainsite.com

Blessings : **P. P. PANYAS SHREE NIPUNCHANDRA VIJAYJI M. S.**

Inspired by : **MUNI BHAGYACHANDRA VIJAYJI M. S.**

Created by : nikhil sambhav NEVER STOP

E-mail: info@jainsite.com • Tel.: 09867711171

।। ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।

## જૈન ઈ-બુક્સ ના સંપુર્ણ લાભાર્થી

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)



॥ ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

ટ્રસ્ટની નોંધણી નં. F-4210 (BOM)
સોસાયટીની નોંધણી નં. Bombay 381/1976 G.B.B.S.D.

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ, (જુના નાગરદાસ રોડ),
અંધેરી (પૂર્વ), મુંબઈ – ૪૦૦ ૦૬૯.

## પ્રસ્તાવના

અનેક પરમોપકારક આચાર્ય દેવ જ્ઞાની, તપસ્વી મુનિરાજ, સેવાભાવી સાધ્વીજી ભગવંતોના અદ્વિતિય–અદ્‌ભૂત–અવર્ણનીય આશિર્વાદથી તથા મહાપવિત્ર મંત્રોચ્ચાર અને વિધિ વિધાન દ્વારા સ્થાપિત આકર્ષક અલૌકિક અનેરૂ અને મનમોહક ૨૩મા ભગવાન શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી મનોરમ્ય, નેત્ર દિપક લાવણ્યમય પ્રતિમાજીને મૂળનાયક તરીકે બિરાજમાન કરેલ દેવવિમાન તુલ્ય તીર્થસમ જિનાલય એટલે મારું–તમારું અને આપણા સહુનુ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીનું શિખરબંધી જિનાલય તથા ધીર–વીર–ગંભીર–સરળ–ભક્તિ–ધાર્મિક પાપભીરૂ દાનવીર અને ઉત્તમોત્તમ શ્રાવક–શ્રાવિકાઓથી બનેલો ૨૫મા તીર્થંકર તરીકે ઓળખાતો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ, અંધેરી (પૂર્વ) એટલે અમારો શ્રી અને સરસ્વતીથી સભર બનેલો વિનયી–વિવેકી અને ગુરૂભગવંતોનો કૃપાપાત્ર બનેલ ચારે તરફ એ દશે દિશાઓમાં જૈનમ્ જયતિ શાસનમ્ ની યશોગાથા નો વિજયઘોષ ૧૪ રાજલોકમાં ગુંજતો કરનાર એટલે અમારો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ અંધેરી (પૂર્વ) અનેક નાના મોટા ધાર્મિક અનુષ્ઠાનો કરનાર શ્રી સંઘોને મદદરૂપ બનનાર, અનેક પાંજરાપોળોને સહાયભૂત થનારો અનેક સાધુ–સાધ્વીજી ભગવંતોના વૈયાવચ્ચમાં સદાય અગ્રેસર, ગૃહ જિનાલયમાંથી શરૂ થયેલ આજે ઉત્તુંગ ગગનચુંબી આકર્ષક શિખરબદ્ધ જિનાલય જેમાં દેવ–દેવીઓની દેવકુલિકાઓ શોભી રહી છે. શ્રી સંઘમાં કાયમી આયંબિલ ખાતુ–બે બે પાઠશાળાઓ, જ્ઞાનભંડાર એટલે શ્રી સંઘ શક્તિનું નમૂનેદાર નજરાણું કહેવાય.

યુગદિવાકર પ. પૂ. ઉપકારી ગચ્છના નાયક આ. ભ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ. સા. ની શુભ પ્રેરણા માર્ગદર્શક તથા તેમની શુભ નિશ્રામાં નિર્મિત અને સ્થાપિત શ્રી જિનાલય તથા પ. પૂ. શતાવધાની આ. ભ. શ્રી જયાનંદસૂરીજીની પ્રેરણાથી તા. ૪–૪–૧૯૭૬ માં શ્રી સંઘની સ્થાપનાના સુંદર વિચારોનું બીજ આજે ઘેઘુરો ઘટાદાર વૃક્ષ સમાન બન્યો છે. ચમત્કારી અને અલૌકિક મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરીને જૈન–જૈનતરોની ઇચ્છાઓ ફળીભૂત થઈ છે.


નિસહાય–અબોલ બનેલા ઢોરોની અને પાંજરાપોળોને અમારા શ્રી સંઘે ઉદાર હાથે મદદ કરી છે તથા હાલમાં કેળવણી ક્ષેત્રે, મેડીકલ ક્ષેત્રે, સાધર્મિક ક્ષેત્રે, અનુકંપા ક્ષેત્રે પણ શ્રી સંઘની જ એક શાખા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ફાઉન્ડેશન દ્વારા આર્થિક સહાય ચાલુ છે.

**શ્રી શ્વે. મૂ. જૈન સંઘ વતી**

પ્રમુખ

# પંચવસ્તુક ગ્રંથ

૨




: ભાવાનુવાદકાર :

આચાર્યશ્રી રાજશેખરસૂરીશ્વરજી મહારાજ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥
॥ શ્રી દાન-પ્રેમ-રામચન્દ્ર-હીરસૂરિગુરુભ્યો નમઃ ॥
ऐं नमः

શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ પુષ્પ - ૨૫

# पञ्चवस्तुकग्रन्थः

## ગુજરાતી ભાવાનુવાદ : ભાગ – ૨

• સટીક મૂલગ્રંથકાર •
યાકિનીમહત્તરાધર્મપુત્ર મહાન શાસનપ્રભાવક
**આચાર્યદેવ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા**

• ભાવાનુવાદકાર •
સિદ્ધાંતમહોદધિ સ્વ. પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજયપ્રેમસૂરીશ્વરજી મ. ના પટ્ટાલંકર
પરમગીતાર્થ સ્વ. પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજયહીરસૂરીશ્વરજી મ. ના શિષ્યરત્ન
પરાર્થપરાયણ પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજયલલિતશેખરસૂરીશ્વરજી મ. ના વિનેય
**આચાર્યદેવ શ્રી રાજશેખરસૂરિ મહારાજ**

जैन साईट
JAINSITE.com
जैनम् जयति शासनम्

• સંપૂર્ણ આર્થિક સહકાર •
**શ્રી મનફરા જૈન સંઘ : કચ્છ**

• પ્રકાશક •
**અરિહંત આરાધક ટ્રસ્ટ**
C/o. હિંદુસ્તાન મિલ સ્ટોર્સ
૪૮૧, ગની એપાર્ટમેન્ટ, મુંબઈ-આગ્રા રોડ, ભિવંડી - ૪૨૧ ૩૦૫.

બીજી આવૃત્તિ • નકલ : ૫૦૦ • મૂલ્ય : રૂ. ૩૦૦.૦૦ (ભાગ : ૧ + ૨)

• **સૂચના :** આ પુસ્તક જ્ઞાનદ્રવ્યમાંથી છપાવ્યું હોવાથી ગૃહસ્થે મૂલ્ય ચૂકવ્યા વિના આ પુસ્તકની માલિકી કરવી નહીં. વાંચવા માટે આ પુસ્તકનો ઉપયોગ કરવો હોય તો યોગ્ય નકરો જ્ઞાનભંડાર ખાતે આપવો જરૂરી જાણવો.

• મુદ્રક •
*Tejas Printers* : Ahmedabad. • Ph. : (079) 6601045

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

13325 9

# સિદ્ધાંત મહોદધિ પરમપૂજ્ય આચાર્યદેવ
# શ્રીમદ્ વિજય પ્રેમ-હીરસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય-પ્રશિષ્ય

વર્ધમાન તપોનિધિ
પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય
**લલિતશેખર સૂરીશ્વરજી મહારાજા**

વાત્સલ્યના મીઠા ઝરણા જેવું
આપનું અંતર...
અધ્યયન-અધ્યાપનને ઝંખતી
આપની દૃષ્ટિ...
વર્ધમાન તપ આયંબિલથી દિપતી
આપની દેહયષ્ટિ...
અત્યંત મિલનસાર આપનો સ્વભાવ...
આબાલવૃદ્ધ સર્વના આકર્ષણનું ધામ
બન્યો છે...
એક વખત પરિચયમાં આવ્યા પછી
હૈયું વારંવાર આપના સાન્નિધ્યને
ઝંખી રહ્યું છે...
*ગુણ ગરિમ ઓ ગુરુદેવ !*
ચારિત્રના નીરથી અમારો ભવસંતાપ
શમાવી દો !

અભ્યંતર તપોનિધિ
પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય
**રાજશેખર સૂરીશ્વરજી મહારાજા**

અગાધ શ્રુતરાશિના
અંતઃસ્તલ સુધી પહોંચીને
અત્યંત ગહન અને ગંભીર અર્થોને
જિનાજ્ઞા સાપેક્ષ, બાલભોગ્ય, સરળ,
સચોટ અને રસાળ શૈલી દ્વારા
તંદુરસ્ત સાહિત્યના સર્જનને વરેલી
આપની પ્રજ્ઞા ચતુર્વિધ શ્રી સંઘનું
યોગક્ષેમ કરી રહી છે.
જિનાજ્ઞારત 'સૂરિ પ્રેમ'ના
જિનાજ્ઞા મર્મજ્ઞ શ્રમણ શ્રેષ્ઠોમાંનાં
એક ઓ ગુરુદેવ !
*અધ્યાત્મના જગતમાં વિચરવું છે*
*સન્માર્ગ દર્શક બની*
*અમારા જીવનનો પંથ*
*પ્રજ્વલિત બનાવી દો !*

**પૂ.આ. શ્રી લલિત-રાજશેખર સૂરીશ્વર પ્રવ્રજ્યા અર્ધશતાબ્દિ**
**મહોત્સવ સમિતિના કોટી કોટી વંદન.**
વિ.સં. ૨૦૬૦, માગસર સુદ ૩

આચાર્ય શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર
કોબા (ગાંધીનગર)
પિ. ૩૮૨ ૦૦૭
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર

JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only ...@jainsite.com

॥ धरणेन्द्रपद्मावतीसंपूजिताय ॐ ह्रीँ श्रीँ श्री शंखेश्वर पार्श्वनाथाय नमः ॥

॥ श्रीदान-प्रेम-रामचन्द्र-हीरसूरिगुरुभ्यो नमः ॥

ऐं नमः

# याकिनीमहत्तराधर्मपुत्रसुगृहीतनामधेयश्रीहरिभद्रसूरिविरचितः

## स्वोपज्ञशिष्यहिताव्याख्यासमेतः

# । श्रीपञ्चवस्तुकग्रन्थः ।

## द्वितीयो विभागः

## (૩) વ્રતસ્થાપના (વડીદીક્ષા)

**संसारक्खयहेऊ, वयाणि ते जेसि १ जह य दायव्वा २ ।**

**पालेअव्वा य जहा, ३ वोच्छामि तहा समासेणं ॥ ६११ ॥ ( सूयागाहा )**

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

वृत्तिः- '**संसारक्षयहेतूनि व्रतानि**' प्राणातिपातादिविरत्यादीनि '**तानि येभ्यो यथा वा दातव्यानि पालयितव्यानि च यथा**' येन प्रकारेण '**वक्ष्ये तथा समासेनैवे**'ति, सूचागाथासमासार्थः ॥ ६११ ॥

સંસારક્ષયના હેતુ 'પ્રાણાતિપાતવિરમણ' વગેરે વ્રતો કોને આપવાં ? કેવી રીતે આપવાં ? અને કેવી રીતે પાળવાં ? તે હું સંક્ષેપથી જ કહીશ. ગાથાનો આ સંક્ષેપથી અર્થ છે. [૬૧૧]

व्यासार्थं त्वाह-

**अविरतिमूलं कम्मं, तत्तो अ भवोत्ति कम्मखवणत्थं ।**

**ता विरई कायव्वा, सा य वया एव खयहेऊ ॥ ६१२ ॥**

**वृत्तिः**- इह '**अविरतिमूलं कर्म्म, ततश्च**' कर्म्मणो '**भवः**' संसार इति, यस्मादेवं '**कर्म्मक्षपणार्थं तत्**' तस्माद् '**विरतिः कर्त्तव्या, सा च**' विरतिः '**व्रतानि एवं क्षयहेतूनि**' इति गाथार्थः ॥ ६१२ ॥

વિસ્તારથી અર્થ તો ગ્રંથકાર સ્વયં કહે છે–

સંસારમાં કર્મનું મૂળ અવિરતિ છે. કર્મથી સંસાર (ચતુર્ગતિભ્રમણ) છે. આથી કર્મક્ષય માટે વિરિત કરવી જોઈએ. તે વિરતિ પ્રાણાતિપાતવિરમણ આદિ વ્રતો છે. આ પ્રમાણે વ્રતો કર્મક્ષયના હેતુ છે. [૬૧૨]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**अहिगयसत्थपरिण्णाइगाओ परिहरणमाइगुणजुत्ता ।**

**पिअधम्मवज्जभीरू, जे ते वयठावणाजोग्गा ॥ ६१३ ॥**

**वृत्तिः**- '**अधिगतशस्त्रपरिज्ञादय**' एव, आदिशब्दाद्दशवैकालिकादिपरिग्रहः '**परिहरणादि-गुणयुक्ताः**', आदिशब्दात् श्रद्धासंवेगादिपरिग्रहः, '**प्रियधर्म्माणः**' तथा '**अवद्यभीरवः**' पापभीरवः इति भावः, '**ये**' इत्थंभूता'**स्ते व्रतस्थापनाया योग्या**' इति गाथार्थः ॥ ६१३ ॥

જેમણે શસ્ત્રપરિજ્ઞા (આચારાંગનું પહેલું અધ્યયન), દશવૈકાલિક વગેરેનું અર્થસહિત અધ્યયન કર્યું છે, જે ત્યાગ, શ્રદ્ધા, સંવેગ આદિગુણોથી યુક્ત છે, જે [1]ધર્મપ્રેમી અને પાપભીરુ છે તે વ્રતસ્થાપનાને યોગ્ય છે. [૬૧૩]

तथा चाह-

**पढिए अ कहिअ अहिगय, परिहर उवठावणाइ सो कप्पो ।**

**छक्कं तीहिँ विसुद्धं, परिहर नवएण भेएणं ॥ ६१४ ॥**

**वृत्तिः**- '**पठिते च**' उचितसूत्रे '**कथिते**' तदर्थे '**अभिगते**'-सम्यगवधारिते तस्मिन् '**परिहरति**' च प्रतिषिद्धं यः '**उपस्थापनायाः स कल्प्यः**' कल्पनीयो योग्य इति भावः, स चोपस्थापितः सन् किं कुर्यादित्याह-'**षट्कं**' पृथिव्यादिषट्कं '**त्रिभिः**' मनःप्रभृतिभि'**र्विशुद्धं परिहरेत् नवकेन भेदेन**'-कृतकारितादिलक्षणेनेति गाथार्थः ॥ ६१४ ॥

તે પ્રમાણે જ કહે છે-

ઉચિતસૂત્ર ભણ્યા પછી, તેનો અર્થ કહ્યા-જાણ્યા પછી, તેના અર્થનું સમ્યગ્ અવધારણ કર્યા પછી, જે પ્રતિષિદ્ધનો ત્યાગ કરે તે ઉપસ્થાપનાને (વડીદીક્ષાને) યોગ્ય છે. ઉપસ્થાપના થતાં તે પૃથ્વીઆદિ છનો (હિંસાનો) 'મન વગેરે ત્રણથી ન કરવું વગેરે' નવભેદોથી વિશુદ્ધ ત્યાગ કરે. [૬૧૪]

विपर्यये दोषमाह-

**अप्पत्ते अकहित्ता, अणभिगयऽपरिच्छणे अ आणाई ।**

**दोसा जिणेहि भणिआ, तम्हा पत्तादुवट्ठावे ॥ ६१५ ॥**

**वृत्तिः**- '**अप्राप्ते**' पर्यायेण '**अकथयित्वा**' कायादीन् '**अनभिगताऽपरीक्षणयोश्चे**'ति अनभिगततत्त्वेऽपरीक्षणे च तस्य सूत्रविधिना '**आज्ञादयो दोषा जिनैर्भणिताः**', उपस्थापनां कुर्वत इति सामर्थ्याद् गम्यते, यस्मादेवं '**तस्मात् प्राप्तादीन्**' अनन्तरोदितगुणयुक्तान् '**उपस्थापयेदिति**' गाथार्थः ॥ ६१५ ॥

१. ધર્મપ્રેમી એટલે આ જ પરમાર્થ છે, બાકી બધું અનર્થ છે એવી શ્રદ્ધાવાળો.

जैनम् जयति शासनम् JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિપરીત કરવામાં દોષ કહે છે–

ઉપસ્થાપના માટે જરૂરી દીક્ષાપર્યાય થયા વિના, પૃથ્વીકાયાદિ જીવભેદોને સમજાવ્યા વિના, જરૂરી તાત્ત્વિક જ્ઞાન થયા વિના, સૂત્રોક્ત વિધિથી યોગ્યાયોગ્યની પરીક્ષા કર્યા વિના, ઉપસ્થાપના કરનારને આજ્ઞાભંગ વગેરે દોષો લાગે એમ જિનેશ્વરોએ કહ્યું છે. માટે ઉપર્યુક્ત ગુણોથી યુક્તની ઉપસ્થાપના કરવી. [૬૧૫]

**सेहस्स तिन्नि भूमी, जहण्ण तह मज्झिमा य उक्कोसा ।**
**राइंदि सत्त चउमासिआ य छम्मासिगा चेव ॥ ६१६ ॥**

**वृत्तिः**- '**शिक्षकस्य तिस्रो भूमयो**' भवन्ति, '**जघन्या तथा मध्यमा उत्कृष्टा च**', आसां च मानं '**रात्रिन्दिवानि सप्त, चातुर्मासिकी च षाण्मासिकी चैव**' यथासङ्ख्यमिति गाथार्थः ॥ ६१६ ॥

પ્રાસદ્વાર (૬૧૫મી ગાથાનું)

નવદીક્ષિતની જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ ભૂમિ (ઉપસ્થાપના કરવાના કાળની મર્યાદા) છે. તે ત્રણ ભૂમિનું પ્રમાણ અનુક્રમે સાત રાત્રિ-દિવસ, ચાર માસ અને છ માસ છે, અર્થાત્ દીક્ષાબાદ જઘન્યથી સાત દિવસે, મધ્યમથી ચાર માસ સુધીમાં અને ઉત્કૃષ્ટથી છ મહિના સુધીમાં ઉપસ્થાપના કરી શકાય. [૬૧૬]

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

का कस्येत्येतदाह–

**पुव्वोवट्ठपुराणे, करणजयट्ठा जहन्निआ भूमी ।**
**उक्कोसा उ दुमेहं, पडुच्च अस्सद्दहाणं च ॥ ६१७ ॥**

**वृत्तिः**- '**पूर्वोपस्थापितपुराणे**' क्षेत्रान्तरप्रव्रजिते '**करणजयार्थं जघन्या भूमिः**' उपस्थापनायाः, '**उत्कृष्टा दुर्मेधसं प्रतीत्य**', सूत्रग्रहणाभावाद्, '**अश्रद्दधानं च**' सम्यगधिगमाभावादिति गाथार्थः ॥ ६१७ ॥

**एमेव य मज्झिमिया, अणहिज्जंते असद्दहंते अ ।**
**भाविअमेहाविस्सवि, करणजयट्ठा य मज्झिमिया ॥ ६१८ ॥**

**वृत्तिः**- '**एवमेव च मध्यमा**' उपस्थापनाभूमिः '**अनधिगते अश्रद्दधाने च**', प्राक्तनाद्विशिष्टतरे लघुतरा वेति हृदयं, '**भावितमेधाविनोऽप्य**'पुराणस्य '**करणजयार्थं मध्यमै**'व नवरं लघुतरेति गाथार्थः ॥ ६१८ ॥

કોને કઈ ભૂમિ છે એ કહે છે–

અન્યક્ષેત્રમાં દીક્ષિત થયો હોય તેવા પુરાણને ઇંદ્રિયજય માટે ઉપસ્થાપનાની જઘન્યભૂમિ છે, જલ્દી ન ભણી શકે તેવા ઓછી બુદ્ધિવાળાને અને સમ્યગ્જ્ઞાન ન થવાથી (તત્ત્વોની) શ્રદ્ધા ન કરનારને ઉત્કૃષ્ટ ભૂમિ છે. એ જ રીતે મધ્યમભૂમિ પણ અલ્પબુદ્ધિવાળાને અને અશ્રદ્ધાળુને છે, પણ પૂર્વોક્ત ઉત્કૃષ્ટભૂમિવાળાથી વિશિષ્ટ લાયકાતવાળાને નાની સમજવી. અપુરાણ પરિણત-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બુદ્ધિવાળાને પણ ઇંદ્રિયજય માટે મધ્યમ જ ભૂમિ છે, પણ તે નાની મધ્યમ સમજવી. [૬૧૭-૬૧૮]

**एअं भूमिमपत्तं, सेहं जो अंतरा उवट्ठावे ।**

**सो आणाअणवत्थं, मिच्छत्तविराहणं पावे ॥ ६१९ ॥**

**वृत्तिः-** '**एताम्**' अनन्तरोदितां '**भूमिमप्राप्तं**' सन्तं '**शिक्षकं यः अन्तर**' एव '**उपस्थापयति**', स किमित्याह-'**सः**' इत्थंभूतो गुरुः '**आज्ञामनवस्थां मिथ्यात्वं विराधनां**'-संयमात्मभेदां '**प्राप्नोती**'ति गाथार्थः ॥ ६१९ ॥

અનંતરોક્ત (સ્વપ્રાયોગ્ય) ભૂમિને નહિ પામેલા નવદીક્ષિતની વચ્ચે જ (= ભૂમિ પહેલાં જ) ઉપસ્થાપના જે ગુરુ કરે તે આજ્ઞાભંગ, અનવસ્થા, મિથ્યાત્વ, સંયમવિરાધના અને આત્મવિરાધના એ ચાર દોષોને પામે છે. [૬૧૯]

**रागेण व दोसेण व, पत्तेऽवि तहा पमायओ चेव ।**

**जो नवि उट्ठावेई, सो पावइ आणमाईणि ॥ ६२० ॥**

**वृत्तिः-** '**रागेण वा**' शिक्षकान्तरे '**दो( द्वे )षेण वा**' तत्र '**प्राप्तानपि**' शिक्षकान् '**तथापि प्रमादतश्चैव योऽपि**' गुरु'**र्नोपस्थापयति स प्राप्नोत्याज्ञादीन्ये**'वेति गाथार्थः ॥ ६२० ॥

જે ગુરુ ભૂમિને પ્રાપ્ત (ઉપસ્થાપનાને લાયક થઈ ગયેલ) પણ નવદીક્ષિતોની ઉપસ્થાપના રાગ, દ્વેષ કે પ્રમાદથી કરતો નથી તે પણ આજ્ઞાભંગ વગેરે (ઉપર્યુક્ત) જ દોષોને પામે છે. [૬૨૦]

**पिअपुत्तमाइआणं, ( समगं )पत्ताणमित्थ जो भणिओ ।**

**पुव्वायरिएहि कमो, तमहं वोच्छं समासेणं ॥ ६२१ ॥**

**वृत्तिः-** '**पितृपुत्रादीनां प्राप्ताप्राप्तानामत्र**' अधिकारे '**यो भणितः पूर्वाचार्यैः**' भद्रबाहु-स्वाम्यादिभिः '**क्रमस्तमहं वक्ष्ये समासेन**', सङ्क्षिप्तरुचिसत्त्वानुग्रहायैवेति गाथार्थः ॥ ६२१ ॥

પિતા-પુત્ર વગેરેએ સાથે દીક્ષા લીધી હોય ત્યારે એક ભૂમિને પ્રાપ્ત થયો હોય અને બીજો પ્રાપ્ત ન થયો હોય તેવી સ્થિતિમાં શ્રીભદ્રબાહુસ્વામી વગેરે પૂર્વાચાર્યોએ જે ક્રમ કહ્યો છે તે ક્રમ હું સંક્ષેપરુચિ જીવોના અનુગ્રહ માટે જ સંક્ષેપથી કહીશ. [૬૨૧]

**पितिपुत्त खुड्ड थेरे, खुड्डग थेरे अपावमाणम्मि ।**

**सिक्खावण पन्नवणा, दिट्ठंतो दंडिआईहिं ॥ ६२२ ॥**

**वृत्तिः-** अत्र वृद्धव्याख्या-**दो पितपुत्ता पव्वइया, जइ ते दोऽवि जुगवं पत्ता तो जुगवं उवट्ठाविज्जंति, अह 'खुड्डे'ति खुड्डे सुत्तादीहिं अपत्ते 'थेरे'त्ति थेरे सुत्ताईहिं पत्ते थेरस्स उवट्ठावणा, 'खुड्डग'त्ति जइ पुण खुड्डगो सुत्ताईहिं पत्तो थेरे पुण अपावमाणंमि तो जावसुज्झंतो उवट्ठावणादिणो एति ताव थेरो पयत्तेण सिक्खाविज्जइ, जदि पत्तो जुगवमुवट्ठाविज्जंति, अह तहावि ण पत्तो थेरो ताहे इमा विही ॥ ६२२ ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**थेरेण अणुण्णाए, उवठाणिच्छे व ठंति पंचाहं ।**
**तिपणमणिच्छिऽवुवरिं, वत्थुसहावेण जाहीअं ॥ ६२३ ॥**

**वृत्तिः- अणुण्णाए खुड्डं उवट्ठावेंति, अह नेच्छइ थेरो ताहे पण्णविज्जइ दंडियदिट्ठंतेण, आदिसद्दाओ अमच्चाई, जहा एगो राया रज्जपरिब्भट्ठो सपुत्तो अण्णरायाणमोलग्गिउमाढत्तो, सो राया पुत्तस्स तुट्ठो, तं से पुत्तं रज्जे ठावितुमिच्छइ, किं सो पिया णाणुजाणइ ?, एवं तव जइ पुत्तो महव्वयरज्जं पावइ किं ण मण्णसि ?, एवंपि पण्णविओ जइ निच्छइ ताहे चउंति( ठवति )पंचाहं, पुणोऽवि पण्णविज्जइ, अणिच्छे पुणोऽवि पंचाहं, पुणोवि पण्णविज्जइ, अणिच्छे पंचाहं ठंति, एवतिएण कालेण जइ पत्तो जुगवमुवट्ठावणा, अओ परं थेरे अणिच्छेऽवि खुड्डो उवट्ठाविज्जइ, अहवा 'वत्थुसहावेण जाधीतं'ति वत्थुस्स सहावो वत्थुसहावो-माणी, अहं पुत्तस्स ओमयरो कज्जामित्ति उण्णिक्खिमिज्जा, गुरुस्स खुड्डुस्स वा पओसं गच्छिज्जा, ताहे तिण्ह वि पंचाहाणं परओऽवि संचिक्खाविज्जइ जाव अहीयंति गाथार्थः ॥ ६२३ ॥**

અહીં વૃદ્ધવ્યાખ્યા આ પ્રમાણે છે- પિતા-પુત્ર બંનેએ સાથે દીક્ષા લીધી હોય ત્યારે જો તે બંને એક સાથે ભૂમિને પ્રાપ્ત થયા હોય તો બંનેની સાથે ઉપસ્થાપના કરવી. હવે જો નાનો (પુત્ર) સૂત્રાભ્યાસ વગેરેથી ઉપસ્થાપનાને યોગ્ય ન થયો હોય અને મોટો (પિતા) સૂત્રાભ્યાસ વગેરેથી યોગ્ય થઈ ગયો હોય તો મોટાની ઉપસ્થાપના કરવી. પણ જો નાનો સૂત્રાભ્યાસાદિથી યોગ્ય થઈ ગયો હોય અને મોટો યોગ્ય ન થયો હોય તો ઉપસ્થાપનાનો સારો દિવસ આવે ત્યાં સુધી મોટાને પ્રયત્નપૂર્વક ભણાવવો. ત્યાં સુધીમાં યોગ્ય થઈ જાય તો બંનેની સાથે ઉપસ્થાપના કરવી. જો ત્યાં સુધીમાં પણ મોટો યોગ્ય ન થાય તો એ વિધિ છે કે- મોટાની રજાથી નાનાની ઉપસ્થાપના કરવી. જો મોટો નાનાની ઉપસ્થાપના પોતાની પહેલાં કરવા ન ઈચ્છતો હોય તો તેને દંડિક અને મંત્રી વગેરેના દૃષ્ટાંતથી સમજાવવો. તે દૃષ્ટાંત આ પ્રમાણે છે- રાજ્યથી પરિભ્રષ્ટ થયેલ એક રાજા પુત્ર સહિત અન્ય રાજાની સેવા કરવા લાગ્યો. તે રાજા તેના પુત્ર ઉપર પ્રસન્ન થયો. આથી તેના પુત્રને રાજ્ય ઉપર સ્થાપવા ઈચ્છાવાળો થયો. શું તે પિતા રજા ન આપે ? આપે જ. તેમ તારો પુત્ર મહાવ્રતરૂપ રાજ્યને પામે છે તો તું કેમ માનતો નથી ? આ પ્રમાણે સમજાવવા છતાં જો ન માને તો ઉપસ્થાપનામાં પાંચ દિવસ વિલંબ કરવો, અને ફરી તેને સમજાવવો, જો ન માને તો ફરી પાંચ દિવસ વિલંબ કરવો, અને તેને સમજાવવો, છતાં ન માને તો ફરી પાંચ દિવસ વિલંબ કરવો. આટલા કાળ (ત્રણ વાર પાંચ દિવસ) સુધીમાં જો પિતા યોગ્ય થઈ જાય તો બંનેની સાથે ઉપસ્થાપના કરવી. આટલા કાળ સુધીમાં મોટો (પિતા) યોગ્ય ન થાય તો તેની ઈચ્છા વિના પણ પુત્રની ઉપસ્થાપના કરવી. (वत्थुसहावेण जाऽधीतं =) પણ જો પિતા અભિમાની હોય તો પિતાને છોડીને પુત્રની ઉપસ્થાપના કરવામાં આવે તો 'મને પુત્રથી નાનો કરે છે' એમ વિચારીને પિતા દીક્ષા છોડી દે, અથવા ગુરુ કે પુત્ર ઉપર દ્વેષ કરે, આથી ત્રણ વાર પાંચ (= પંદર) દિવસ પછી પણ તે ભણી લે ત્યાં સુધી પુત્રની ઉપસ્થાપના રોકવી. [૬૨૨-૬૨૩]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

पराभिप्रायमाह–

**इय जोऽपण्णवणिज्जो, कहण्णु सामाइअं भवे तस्स ? ।**

**असइ अ इमंमि नाया, जुत्तोवट्ठावणा णेवं ॥ ६२४ ॥**

**वृत्तिः**- **'इय'** एवं **'यः अप्रज्ञापनीयः'**, साधुवचनमपि न बहु मन्यते, **'कथं नु सामायिकं'** सर्वत्र समभावलक्षणं **'भवेत् तस्य ?'**, नैवेत्यर्थः, **'असति चास्मिन्'**-सामायिके **'न्यायात्'** शास्त्रानुसारेण **'युक्ता उपस्थापना न एवं'** पञ्चाहादित्यागेनेति गाथार्थः ॥ ६२४ ॥

અહીં અન્યનો અભિપ્રાય કહે છે–

આ પ્રમાણે જે સાધુના (= ગુરુના) પણ વચનને તદ્દન ન માને તેને સર્વત્ર સમભાવરૂપ સામાયિક કેવી રીતે હોય ? અર્થાત્ ન જ હોય. જો સામાયિક નથી તો શાસ્ત્ર પ્રમાણે પાંચ દિવસનો વિલંબ વગેરે રીતે ઉપસ્થાપના કરવી યોગ્ય નથી. [૬૨૪]

किमित्यत आह–

**जं बीअं चारित्तं, एसा पढमस्सऽभावओ कह तं ? ।**

**असइ अ तस्सारोवणमण्णाणपगासगं नवरं ॥ ६२५ ॥**

**वृत्तिः**- **'यस्मात् द्वितीयं चारित्रमेषा'**-उपस्थापना, **'प्रथमस्य'** सामायिक**'स्याभावे कथं तत् ?'**, नैव, **'असति'** तस्मि**'स्तस्यारोपण'** द्वितीयस्य **'अज्ञानप्रकाशकं नवरं'**, गगनकीलकवदसम्भवादिति गाथार्थः ॥ ६२५ ॥

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

ઉપસ્થાપના કેમ યોગ્ય નથી ? એ જણાવે છે–

કારણ કે ઉપસ્થાપના બીજું ચારિત્ર છે. પ્રથમ ચારિત્ર સામાયિક ન હોય તો બીજું ચારિત્ર ઉપસ્થાપના કેવી રીતે હોય ? ન જ હોય, બીજું ચારિત્ર ન હોવા છતાં તેનું આરોપણ કેવલ અજ્ઞાનતાનું પ્રદર્શક છે. કેમ કે આકાશમાં ખીલો ઠોકવાની જેમ તેનો અસંભવ છે. [૬૨૫]

अत्रोत्तरम्–

**सच्चमिणं निच्छयओऽपन्नवणिज्जो न तम्मि संतम्मि ।**

**ववहारओ असुद्धे, जायइ कम्मोदयवसेणं ॥ ६२६ ॥**

**वृत्तिः**- **'सत्यमिदं निश्चयतो'** निश्चयनयमाश्रित्य **'अप्रज्ञापनीयः'** तस्मिन् सुन्दरेऽपि वस्तुनि **'न तस्मिन्'** सामायिके यथोदितरूपे **'सति, व्यवहारतस्तु'** व्यवहारनयमतेन **'अशुद्धे'** सामायिके **'जायते'** अप्रज्ञापनीय**'कर्म्मोदयवशेन'** अशुभकर्म्मविपाकेनेति गाथार्थः ॥ ६२६ ॥

અહીં ઉત્તર આપે છે–

તમારું કથન ઠીક છે. પણ નિશ્ચયનયની અપેક્ષાએ યથોક્ત સામાયિક હોય ત્યારે સારી પણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વસ્તુમાં અપ્રજ્ઞાપનીય ન હોય=ન સમજાવી શકાય તેવો ન હોય, અર્થાત્ સમજાવી શકાય તેવો સરળ હોય. વ્યવહારથી તો અશુદ્ધ સામાયિકમાં અશુભકર્મના ઉદયથી અપ્રજ્ઞાપનીય હોય. [૬૨૬]

एतदेव समर्थयति–

**संजलणाणं उदओ, अप्पडिसिद्धो उ तस्स भावेऽवि ।**

**सो अ अइआरहेऊ, एएसु असुद्धगं तं तु ॥ ६२७ ॥**

**वृत्तिः**– '**सञ्ज्वलनानां**' कषायाणां '**उदयः अप्रतिषिद्ध एव तस्य**' सामायिकस्य '**भावेऽपि, स च**' सञ्ज्वलनोदयः '**अतिचारहेतु**'र्वर्त्तते, '**एतेषु**' अतिचारेषु सत्सु '**अशुद्धं तत्**' सामायिकं भवतीति गाथार्थः ॥ ६२७ ॥

**આ જ વિષયનું સમર્થન કરે છે–**

સામાયિક હોવા છતાં સંજ્વલન કષાયના ઉદયનો નિષેધ નથી=સંજ્વલન કષાય હોય, અને તે સંજ્વલનકષાયનો ઉદય અતિચારનું કારણ છે. અતિચારો હોય ત્યારે સામાયિક અશુદ્ધ હોય. [૬૨૭]

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

उपपत्त्यन्तरमाह–

**पडिवाईविअ एअं, भणिअं संतेऽवि दव्वलिंगम्मि ।**

**पुण भावीविअ असई, कत्थइ जम्हा इमं सुत्तं ॥ ६२८ ॥**

**वृत्तिः**– '**प्रतिपात्यपि चैतत्**' सामायिकं '**भणितं**' भगवद्भिः, '**सत्यपि द्रव्यलिङ्गे**' बाह्ये, '**पुनर्भाव्यपि चासकृत् क्वचि**'त्प्राणिनि, भणितं '**यस्मादिदं सूत्रं**' वक्ष्यमाणमिति गाथार्थः ॥ ६२८ ॥

**આ વિષયના સમર્થન માટે બીજી યુક્તિ કહે છે–**

ભગવાને આ સામાયિકને પ્રતિપાતિ (જવાવાળું) પણ કહ્યું છે, એથી કોઈક જીવમાં બાહ્યદ્રવ્યલિંગ હોવા છતાં અનેકવાર સામાયિક જતું પણ રહે અને ફરી પાછું આવી પણ જાય. કારણ કે આ (નીચેની ગાથામાં કહેવાશે તે) સૂત્ર છે. [૬૨૮]

**तिण्ह सहस्सपुहुत्तं, सयपुहुत्तं च होइ विरईए ।**

**एगभवे आगरिसा, एवइआ होंति नायव्वा ॥ ६२९ ॥**

**वृत्तिः**– '**त्रयाणां**' सम्यक्श्रुतदेशविरतिसामायिकानां '**सहस्रपृथक्त्वं**', पृथक्त्वमिति द्विप्रभृतिरानवभ्यः, शतपृथक्त्वं '**च भवति विरतेः**' सर्वविरतिसामायिकस्य एकेन जन्मनैतद्, अत एवाह– '**एकभवे आकर्षा**' ग्रहणमोक्षलक्षणा '**एतावन्तो भवन्ति ज्ञातव्याः**', परतस्त्वप्रतिपातोऽलाभो वेति गाथार्थः ॥ ६२९ ॥

સમ્યક્ત્વ, શ્રુત અને દેશવિરતિ એ ત્રણ સામાયિકના સહસ્રપૃથક્ત્વ અને સર્વવિરતિ

સામાયિકના શતપૃથક્ત્વ આકર્ષો થાય છે. આટલા આકર્ષો એક ભવમાં જાણવા. આકર્ષ એટલે લેવું અને મૂકવું. પૃથક્ત્વ એટલે બેથી નવ. આટલા આકર્ષો થયા પછી સામાયિક જાય નહિ અથવા પ્રાપ્ત ન થાય. [૬૨૯]

**एएसिमंतरे वाऽपण्णवणिज्जुत्ति नत्थि दोसो उ ।**
**अच्चागो तस्स पुणो, संभवओ निरइसइगुरुणा ॥ ६३० ॥**

**वृत्तिः-** '**एतेषाम्**' आकर्षाणा'**मन्तरे वा**' सामायिकाभावे ऽ**प्रज्ञापनीय इति**'कृत्वा '**नास्त्येव दोषो**' यथोक्त इति, '**अत्यागः तस्य**' सामायिकशून्यस्यापि, तस्य वा सामायिकस्य, '**पुनः सम्भवाद्धे**'**तोः**, केनेत्याह-'**निरतिशयगुरुणा**', तद्गतरागभावेन योग्यत्वादिति गाथार्थः ॥ ६३० ॥

આકર્ષોની વચ્ચે સામાયિક ન હોવાથી જરૂર અપ્રજ્ઞાપનીય છે, પણ તે સિવાય અપ્રજ્ઞાપનીય નથી. આથી તમોએ કહેલો દોષ છે જ નહિ. વળી (આકર્ષોની વચ્ચે) શિષ્ય સામાયિકથી રહિત હોય તો પણ અતિશયરહિત ગુરુએ તેનો ત્યાગ ન કરવો જોઈએ. કારણ કે તેને સામાયિકમાં રાગ હોવાથી તે યોગ્ય છે, અને તેથી જ તેનામાં ફરી સામાયિક આવવાનો સંભવ છે. [૬૩૦]

**अइसंकिलेशवज्जणहेऊ उचिओ अणेण परिभोगो ।**
**जीअं किलिट्ठकालोत्ति एव सेसंपि जोइज्जा ॥ ६३१ ॥**

**वृत्तिः-** '**अति( सं )क्लेशवर्जनहेतोः**' कारणात् तस्यैव '**उचितः**' स्यात् '**अनेन सम्भोग**' उपध्यादिरूपः '**जीतं**' वर्तते-कल्प एषः, किमित्यत आह-'**क्लिष्टकाल इति**'कृत्वा, '**एवं शेषमपि**' अत्र शास्त्रे भावमधिकृत्य दूषणाभासपरिहारं '**योजयेदि**'ति गाथार्थः ॥ ६३१ ॥

અતિસંક્લેશ ન થાય તે માટે તે (= સામાયિકરહિત શિષ્ય) અત્યાગને જ યોગ્ય છે = ત્યાગ કરવા લાયક નથી. (અતિસંક્લેશનો ત્યાગ અત્યંત જરૂરી છે. આથી જ) અતિસંક્લેશ ન થાય એ માટે (અધિક) ઉપધિના ઉપયોગરૂપ જીત = કલ્પ પ્રવર્તે છે. કારણ કે કાલ ક્લિષ્ટ = હીન પ્રવર્તે છે. (હીનકાળમાં અધિક ઉપધિ ન હોય તો ઠંડી આદિ સહન ન થવાથી સંક્લેશ થાય.) આ પ્રમાણે ભાવને આશ્રયીને શાસ્ત્રમાં બીજા પણ દૂષણાભાસોનો પરિહાર (ખંડન) કરવો. [૬૩૧]

गमनिकान्तरमधिकृत्याह-

**अहवा वत्थुसहावो, विन्नेओ रायभिच्चमाईणं ।**
**जत्थंतरं महंतं, लोगविरोहो अणिट्ठफलं ॥ ६३२ ॥**

**वृत्तिः-** '**अथवा वस्तुस्वभावो विज्ञेयः**' अत्र प्रक्रमे '**राज( प्र )भृत्यादीनां यत्रान्तरं महत्**' तद्विषयं, किमिति ?, '**लोकविरोधात्**' कारणाद्, '**अनिष्टफलमेत**'दिति गाथार्थः ॥ ६३२ ॥

ઉપસ્થાપના અંગે બીજી ગમનિકા (= સંક્ષિપ્ત વ્યાખ્યા) કહે છે–

અથવા ઉપસ્થાપનાની યોગ્યતામાં રાજા (મંત્રી) વગેરેનું મહાન અંતર હોય ત્યારે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વસ્તુસ્વભાવ જાણવો = પરિસ્થિતિ પ્રમાણે કરવું, અર્થાત્ લોકવિરોધ ન થાય તેમ કરવું. કારણ કે લોકવિરોધથી અનિષ્ટ ફળ થાય. [૬૩૨]

अतः परं वृद्धसम्प्रदायः-'अह दोऽवि पियापुत्तजुगलगाणि तो इमो विही-

**दो थेर खुड्ड थेरे, खुड्डग वोच्चत्थ मग्गणा होइ ।**

**रन्नो अमच्चमाई, संजइमज्झे महादेवी ॥ ६३३ ॥**

**वृत्तिः- दो थेरा सपुत्ता समयं पव्वाविया, एवं 'दो थेर'त्ति दोऽवि थेरा पत्ता ण ताव खुड्डगा, थेरा उवट्ठावेयव्वा, 'खुड्डग'त्ति दो खुड्डा पत्ता ण थेरा, एत्थवि पण्णवणुवेहा तहेव, 'थेरे खुड्डग'त्ति दो थेरा खुड्डगो य एगो एत्थ उवट्ठावणा, अहवा दो खुड्डगा थेरो य एगो पत्तो, एगे थेरे अपावमाणम्मि एत्थ इमं गाहासुत्तं** ॥ ६३३ ॥

**दो पुत्तपिआ पुत्ता, एगस्स पुत्तो पत्त न उ थेरो ।**

**गाहिउ सयं व विअरइ, रायणिओ होउ एसऽविआ ॥ ६३४ ॥**

**वृत्तिः- पुव्वद्धं कण्ठ्यं, आयरिएण वसभेहिं वा पण्णवणं गाहिओ विअरइ सयं वा वियरइ ताहे खुड्डगो उवट्ठाविज्जउ, अणिच्छे रायदिट्ठंतपण्णवणा तहेव, इमो विसेसो-सो य अपत्तथेरो भण्णइ-एस ते पुत्तो परममेधावी पुत्तो उवट्ठाविज्जइ, तुमं ण विसज्जेसि तो एए दोऽवि पियापुत्ता राइणिया भविस्संति, तं एयं विसज्जेहि, एसवि ता होउ एएसिं रातिणिउत्ति, अओ परमणिच्छे तहेव विभासा, इयाणिं पच्छद्धं-'रण्णो अमच्चाइ'त्ति राया अमच्चो य समगं पव्वाविया, जहा पियापुत्ता तहा असेसं भाणियव्वं, आदिग्गहणेणं सिट्ठिसत्थवाहाणं रण्णा सह भाणियव्वं, संजइमज्झेऽवि दोण्हं मायाधितीणं दोण्ह य माताधितीजुवलयाणं महादेवीअमच्चीण य एवं चेव सव्वं भाणियव्वं** ॥ ६३४ ॥

**હવે પછી વૃદ્ધ પરંપરા આ પ્રમાણે છે–**

જો બંને પિતા-પુત્રના યુગલો હોય તો (ઉપસ્થાપનાનો) આ વિધિ છે- સપુત્ર બે સ્થવિરોને સાથે દીક્ષા આપી. તેમાં બંને સ્થવિરો ઉપસ્થાપના માટે યોગ્ય થયા હોય, પણ પુત્રો ન થયા હોય, તો સ્થવિરોની ઉપસ્થાપના કરવી. બે પુત્રો યોગ્ય થઈ ગયા હોય સ્થવિરો ન થયા હોય તો પૂર્વે કહ્યું તેમ સ્થવિરોને સમજાવવા, ન સમજે તો ઉપેક્ષા કરવી. બે પિતા અને એક પુત્ર એમ ત્રણ યોગ્ય થયા હોય તો તેમની ઉપસ્થાપના કરવી. અથવા બે પુત્ર અને એક પિતા એમ ત્રણ યોગ્ય થયા હોય તો આચાર્યે અને વૃષભોએ તેને સમજાવવો, સમજાવવાથી સંમતિ આપે અથવા પોતાની મેળે સંમતિ આપે તો પુત્રની ઉપસ્થાપના કરવી, સંમતિ ન આપે તો પૂર્વવત્ રાજાના દૃષ્ટાંતથી તેને સમજાવવો, અને કહેવું કે- તારો પુત્ર બુદ્ધિશાળી હોવાથી તેની ઉપસ્થાપના કરવી જોઈએ, જો તું રજા નહિ આપે તો આ બંને પિતા-પુત્ર તારા પુત્રથી મોટા થઈ જશે. આમ કહેવાથી આ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મારો પુત્ર આ પિતા-પુત્રથી મોટો ભલે થાય એમ વિચારીને પુત્રની ઉપસ્થાપના કરવા સંમતિ આપે. છતાં જો ન જ સંમતિ આપે તો પૂર્વે કહ્યું તેમ કરવું. એ જ પ્રમાણે રાજા-મંત્રી, રાજા-શેઠ, રાજા-સાર્થવાહ વિષે પણ જાણવું. સાધ્વીઓમાં પણ માતા-પુત્રી, માતા-પુત્રીના બે યુગલો અને રાણી-મંત્રીપત્ની અંગે પણ બધું ય પૂર્વની જેમ જાણવું. [૬૩૩-૬૩૪]

**राया रायाणो वा, दोण्णिवि सम पत्त दोसु पासेसु ।**

**ईसरसिट्ठिअमच्चे, निअम घडा कुला दुवे खुड्डे ॥ ६३५ ॥**

**वृत्तिः- 'राया रायाणो' त्ति एगो राया बितिओ रायराया समं पव्वइया, एत्थवि जहा पियापुत्ताणं तहा दट्ठव्वं, एएसिं जो अहिगयरो रायादि इअरंमि अमच्चाइए ओमे पत्ते उवट्ठाविज्जमाणे अपत्तियं करिज्ज पडिभज्जेज्ज वा दारुणसहावो वा उदुरुसिज्जा ताहे सो अपत्तोऽवि इयरेहि सममुवट्ठाविज्जइ, अहवा 'रायं' त्ति जत्थ एगो राया जो अमच्चाइयाण सव्वेसिं रायणिओ कज्जइ, 'रायाणो' त्ति जत्थ पुण दुप्पभितिरायाणो समं पव्वइया समं च पत्ता उवट्ठाविज्जंता समराइणिया कायव्वत्ति दोसु पासेसु ठविज्जंति, एसेवत्थो भण्णइ ॥ ६३५ ॥**

**समयं तु अणेगेसुं, पत्तेसुं अणभिओगमावलिया ।**

**एगदुहओऽवि ठिआ, समराइणिआ जहासन्नं ॥ ६३६ ॥ दारं ॥**

**वृत्तिः- पुव्वं पियापुत्तादिसंबंधेण असंबद्धेसु बहुसु समगमुवट्ठा विज्जमाणेसु गुरुणा अण्णेण वा अभिओगो ण कायव्वो इओ ठाहत्ति, एवमेगओ दुहओ वा ठाविएसु जो जहा गुरुस्स आसण्णो सो तहा जेट्ठो, उभयपासट्ठिया समा समरायणिया, एवं दो ईसरा दो सिट्ठि दो अमच्चा, 'नियम' त्ति दो वणिया 'घड' त्ति गोट्ठी दो गोट्ठीओ, दो गोट्ठिया पव्वइया, दो महाकुलेहिंतो पव्वइया, सव्वे समा समप्पत्ता समराइणिया कायव्वा, एएसिं चेव पुव्वपत्तो पुव्वं चेव उवट्ठावेयव्वो' ति वृद्धव्याख्या ॥ ६३६ ॥.**

એક નાનો (સામંત) રાજા અને બીજો મોટો (= માલિક) રાજા એ બંનેએ સાથે દીક્ષા લીધી હોય ત્યારે ઉપસ્થાપનાનો વિધિ પિતા-પુત્રની જેમ જાણવો. રાજા-મંત્રી વગેરેમાં જે રાજા વગેરે મોટો હોય તે ઉપસ્થાપનાને યોગ્ય ન થયો હોય અને મંત્રી વગેરે નાનો યોગ્ય થઈ ગયો હોય ત્યારે મંત્રી વગેરે નાનાની ઉપસ્થાપના કરવામાં આવે તો મોટો રાજા વગેરે અપ્રીતિ કરે, અથવા દીક્ષા છોડી દે, અથવા ક્રોધી સ્વભાવના કારણે રોષે ભરાય તો તે યોગ્ય ન થયો હોવા છતાં બીજાઓની સાથે તેની ઉપસ્થાપના કરવી. જ્યારે એક રાજા હોય ત્યારે મંત્રી વગેરે બધાથી તેને મોટો કરવો. જ્યારે બે રાજાઓ વગેરે સાથે દીક્ષિત થયા હોય અને સાથે જ ઉપસ્થાપનાને યોગ્ય થયા હોય તો ઉપસ્થાપના વખતે બંનેને સમાન કરવા = એક નાનો અને એક મોટો એમ ન કરવું, અને ઉપસ્થાપનાની ક્રિયા વખતે એકને એક પડખે અને બીજાને બીજા પડખે એમ બે બાજુ રાખવા. આ જ અર્થ હવે કહે છે- પૂર્વે પિતા-પુત્ર આદિ સંબંધથી અસંબદ્ધ અનેકની એકી સાથે ઉપસ્થાપના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરવાની હોય ત્યારે ગુરુએ કે બીજાએ કોઈને 'તું આ બાજુ ઊભો રહે' એમ આગ્રહ ન કરવો. આગ્રહ વિના એક બાજુ કે બે બાજુ ઊભા રાખેલાઓમાં જે જેમ જેમ ગુરુની નજીક હોય તેમ તેમ મોટો થાય. (સૌથી નજીક હોય તે સૌથી મોટો, ત્યાર પછી ઊભો હોય તે પોતાની પછી ઊભેલાઓથી મોટો બને, અને સૌથી નજીક હોય તેનાથી નાનો બને...) બે બાજુ સામસામે રહેલા હોય તે બંને સમાન બને. એ પ્રમાણે બે નાયક, બે શેઠ, બે મંત્રી, બે વેપારી, બે મંડલીનાયક અને મહાકુલમાંથી બે પુરુષોએ દીક્ષા લીધી હોય ત્યારે બધા સાથે યોગ્ય થયા હોય તો સમાન કરવા, અને એમાંથી જે પહેલાં યોગ્ય થયો હોય તેની પહેલાં ઉપસ્થાપના કરવી. અહીં આ પ્રમાણે વૃદ્ધોએ વ્યાખ્યા કરી છે. [૬૩૫-૬૩૬]

**કથનદ્વાર (૬૧૫મી ગાથાનું)**

एवं व्यतिरेकतोऽप्राप्तविधिरुक्तः, साम्प्रतमकथनविधिमाह–

**अकहित्ता कायवए, जहाणुरूवं तु हेउणातेहिं ।**

**अणभिगयतदत्थं वाऽपरिच्छिउं नो उवट्ठावे ॥ ६३७ ॥**

**वृत्तिः**– '**अकथयित्वा**' अर्थतः '**कायव्रतानि यथानुरूपमेव**' श्रोत्रपेक्षया '**हेतुज्ञाताभ्यां**', ज्ञातम् उदाहरणम्, '**अनधिगततदर्थं वे**'ति कथितेऽपि सत्यनवगतकायव्रतार्थं च, '**अपरीक्ष्याधिगते**'ऽपि '**नोपस्थापयेद्**' व्रतेष्विति गाथार्थः ॥ ६३७ ॥

**આ પ્રમાણે વ્યતિરેકથી (= અભાવથી) ઉપસ્થાપના ભૂમિને અપ્રાપ્તનો વિધિ કહ્યો, હવે 'અકથન'નો વિધિ કહે છે–**

છકાય અને વ્રતોને કહ્યા (સમજાવ્યા) વિના ઉપસ્થાપના ન કરવી. છ કાય અને વ્રતો શ્રોતા (શિષ્ય)ને અનુરૂપ હેતુ અને દૃષ્ટાંતથી કહેવાં. (અર્થાત્ શ્રોતાની બુદ્ધિ તીવ્ર હોય તો વિસ્તારથી હેતુઓ વગેરે જણાવવાપૂર્વક કહેવાં, બુદ્ધિ મંદ હોય તો સંક્ષેપથી ભાવ સમજાવીને કહેવાં.) છ કાય અને વ્રતો કહેવા છતાં નવદીક્ષિત તેનો અર્થ ન સમજ્યો હોય તો તેની ઉપસ્થાપના ન કરવી. નવદીક્ષિત છ કાય અને વ્રતોનો અર્થ સમજ્યો હોય તો પણ તેની (પરિણતિની) પરીક્ષા કર્યા વિના ઉપસ્થાપના ન કરવી. [૬૩૭]

एतदेव भावयति–

**एगिंदियाइ काया, तेसिं ( फरिसणभावे ) सेसिंदिआणऽभावेऽवि ।**

**बहिराईण व णेअं, सोत्ताइगमेऽवि जीवत्तं ॥ ६३८ ॥**

**वृत्तिः**– '**एकेन्द्रियादयः कायाः, तेषां स्पर्शनभाव**' एव '**शेषेन्द्रियाणां**' रसनादीनाम– '**भावेऽपि बधिरादीनामिव ज्ञेयम्**', आदिशब्दादन्धादिपरिग्रहः, '**श्रोत्रादिविगमेऽपि जीवत्वं**', तथाकर्म्मविपाकादिति गाथार्थः ॥ ६३८ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આની (= છ કાયની) જ વિચારણા કરે છે–

રસના વગેરે ઇંદ્રિયો ન હોવા છતાં એકેંદ્રિય વગેરે જીવો છે. કોની જેમ? બધિર, અંધ વગેરેની જેમ. જેમ બધિર, અંધ વગેરેને તેવા પ્રકારના કર્મોદયથી કાન, આંખ વગેરે ઇંદ્રિયો ન હોવા છતાં બધિર, અંધ વગેરે જીવ છે, તેમ એકેંદ્રિય વગેરેને તેવા પ્રકારના કર્મોદયથી રસના વગેરે ઇંદ્રિયો ન હોવા છતાં એકેંદ્રિય વગેરે જીવો છે. એકેંદ્રિય જીવોને માત્ર સ્પર્શનેંદ્રિય હોય છે. [૬૩૮]

तथा च–

**जइ णाम कम्मपरिणइवसेण बहिरस्स सोअमावरिअं ।**

**तयभावा सेसिंदिअभावे सो किंनु अज्जीवो ? ॥ ६३९ ॥**

**वृत्ति:**- '**यदि नाम कर्म्मपरिणतिवशेन बधिरस्य**' जन्तोः '**श्रोत्रमावृतं, तदभावात्**' श्रोत्राभावात्'**शेषेन्द्रियभावे**' सति'**असौ**' बधिरः'**किं नु अजीवः ?**', जीव एवेति गाथार्थः ॥ ६३९ ॥

કર્મપરિણામથી બધિરની કર્ણેદ્રિય (= શ્રવણશક્તિ) દબાઈ ગઈ છે. બધિરને બાકીની ઇંદ્રિયો હોવા છતાં કાન ન હોવાથી શું તે અજીવ છે? જીવ જ છે. [૬૩૯]

तथा–

**बहिरस्स य अंधस्स य, उवहयघाणरसणस्स एमेव ।**

**सइ एगंमिवि फासे, जीवत्तं हंत ! किमजुत्तं ? ॥ ६४० ॥**

**वृत्ति:**- '**बधिरस्य चान्धस्य च**', किंविशिष्टस्येत्याह–'**उपहतघ्राणरसनस्य, एवमेव**' यथा बधिरस्य, '**सत्येकस्मिन्नपि स्पर्शने जीवत्वं हन्त ! किमयुक्तं ?**' हन्त ? सम्प्रेषणे नैवायुक्तमिति गाथार्थः ॥ ६४० ॥

**एएणं नाएणं चउरिंदिअमाइओऽवगंतव्वा ।**

**एगिंदिअपज्जंता, जीवा पच्छाणुपुव्वीए ॥ ६४१ ॥**

**वृत्ति:**- एतेन 'ज्ञातेन' उदाहरणेन चतुरिन्द्रियादयोऽवगन्तव्याः, एकेन्द्रियपर्यन्ता जीवाः, पश्चानुपूर्व्या चतुरिन्द्रियादिलक्षणयेति गाथार्थः ॥ ६४१ ॥

જેમ બધિર અને અંધની અનુક્રમે કર્ણ અને ચક્ષુ ઇંદ્રિય હણાઈ ગઈ હોવા છતાં તેમાં જીવત્વ છે, તેમ એકેંદ્રિયને એક જ સ્પર્શન ઇંદ્રિય છે, તો તેમાં જીવત્વ શું અયુક્ત છે? ના, અયુક્ત નથી જ. આ ઉદાહરણથી પશ્ચાનુપૂર્વીથી ચઉરિંદ્રિય વગેરે એકેંદ્રિયપર્યંત જીવો જાણવા. [૬૪૦-૬૪૧]

**तत्थ चउरिंदिआई, जीवे इच्छंति पायसो सव्वे ।**

**एगिंदिएसु उ बहुआ, विप्पडिवन्ना जओ मोहा ॥ ६४२ ॥**

**वृत्ति:**- '**तत्र चतुरिन्द्रियादीन्**' द्वीन्द्रियावसानान् '**जीवान् इच्छन्ति प्रायः सर्वे**'ऽपि वादिनः, '**एकेन्द्रियेषु तु बहवो विप्रतिपन्नाः, यतो मोहाद्धे**'तोरिति गाथार्थः ॥ ६४२ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ततः किमित्याह-

**जीवत्तं तेसिं तउ, जह जुज्जइ संपयं तहा वोच्छं ।**
**सिद्धंपि अ ओहेणं, संखेवेणं विसेसेणं ॥ ६४३ ॥**

**वृत्तिः**- '**जीवत्वं तेषाम्**' एकेन्द्रियाणां '**ततः यथा युज्यते**' घटते '**साम्प्रतं तथा वक्ष्ये, सिद्धमपि चौघेन**'-सामान्येन, '**सङ्क्षेपेण विशेषेणेति**' गाथार्थः ॥ ६४३ ॥

તેમાં ચઉરિંદ્રિયથી બેઇંદ્રિય સુધીના જીવોને તો જીવ તરીકે પ્રાયઃ બધાય વાદીઓ સ્વીકારે છે. પણ એકેંદ્રિયમાં મોહના કારણે ઘણા વાદીઓ વિપ્રતિપન્ન છે, એટલે કે જીવત્વના સંદેહવાળા છે, અથવા જીવત્વ નથી જ એમ વિરોધવાળા છે. [૬૪૨] **વાદીઓ વિપ્રતિપન્ન હોવાથી શું ?** તે કહે છે- એકેંદ્રિયોના જીવત્વમાં વાદીઓ વિપ્રતિપન્ન હોવાથી તેમનામાં જીવત્વ કેવી રીતે ઘટી શકે છે તે હું સંક્ષેપમાં વિશેષથી કહીશ, તેમનામાં સામાન્યથી જીવત્વ (૬૩૮ વગેરે ગાથાઓમાં) સિદ્ધ કર્યું હોવા છતાં અહીં સંક્ષેપમાં વિશેષથી કહીશ. [૬૪૩]

**आह नणु तेसि दीसइ, दव्विंदिअमो ण एवमेएसिं ।**
**तं कम्मपरिणईओ, न तहा चउरिंदिआणं व ॥ ६४४ ॥**

**वृत्तिः**- '**आह-ननु तेषां**' बधिरादीनां '**दृश्यते द्रव्येन्द्रियं**' निर्वृत्त्युपकरणलक्षणं, '**नैवमेतेषाम्**'-एकेन्द्रियाणाम् अत्रोत्तरमाह-'**तद्**' द्रव्येन्द्रियं '**कर्मपरिणते**' कारणात् '**न तथा**' तिष्ठत्येव, '**चतुरिन्द्रियाणामिव**', तथाहि-चतुरिन्द्रियाणां श्रोत्रद्रव्येन्द्रियमपि नास्ति, अथ च ते जीवा इति गाथार्थः ॥ ६४४ ॥

**પ્રશ્ન**- બધિર વગેરેમાં શ્રવણશક્તિ વગેરે ન હોવા છતાં [1]નિવૃત્તિ અને ઉપકરણ રૂપ દ્રવ્યેંદ્રિય તેમનામાં હોય છે, એકેંદ્રિયોમાં દ્રવ્યેંદ્રિય પણ નથી. તેથી તેમનામાં બધિર વગેરેના દૃષ્ટાંતથી જીવત્વ સિદ્ધ થઈ શકે નહિ.

**ઉત્તર**- એકેંદ્રિય જીવોને કર્મપરિણામથી દ્રવ્યેંદ્રિય નથી જ હોતી. કોની જેમ ? ચઉરિંદ્રિયની જેમ. જેમ ચઉરિંદ્રિયોમાં કર્ણરૂપ દ્રવ્યેંદ્રિય પણ ન હોવા છતાં જીવત્વ છે, તેમ એકેંદ્રિયોમાં દ્રવ્યેંદ્રિય ન હોવા છતાં જીવત્વ છે. [૬૪૪]

**मंसंकुरो इव समाणजाइरूवंकुरोवलंभाओ ।**
**पुढवीविद्दुमलवणोवलादओ हुंति सच्चित्ता ॥ ६४५ ॥**

---

૧. ઇંદ્રિયોના બે ભેદ-દ્રવ્યેંદ્રિય અને ભાવેંદ્રિય. દ્રવ્યેંદ્રિયના પણ બે ભેદ-નિવૃત્તિ અને ઉપકરણ. નિવૃત્તિ (= આકાર, રચના)ના બાહ્ય અને અભ્યંતર એમ બે ભેદ છે. બાહ્યનિવૃત્તિરૂપ દ્રવ્યેંદ્રિયનો આકાર ભિન્ન ભિન્ન હોય છે. અભ્યંતર નિવૃત્તિરૂપ દ્રવ્યેંદ્રિયનો આકાર આ પ્રમાણે છે- સ્પર્શનો અનિયત (= સૌ સૌના શરીરના ઘાટ પ્રમાણે), જીહ્વાનો અસ્ત્રા જેવો, નાકનો અતિમુક્ત ફુલ જેવો, નેત્રનો મસુરની દાળ કે ચંદ્ર જેવો. કાનનો ચંપાના ફુલ અથવા વાજિંત્ર જેવો આકાર હોય છે.

અંદરની નિવૃત્તિમાં રહેલી સ્વસ્વ વિષય ગ્રહણમાં ઉપકારક સૂક્ષ્મ પુદ્ગલોથી બનેલી જે શક્તિ તે ઉપકરણ ઇંદ્રિય. લબ્ધિ એટલે પ્રાપ્તિ. જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમથી પ્રગટતી જ્ઞાનશક્તિની પ્રાપ્તિ તે લબ્ધિ. ઉપયોગ એટલે વ્યાપાર. જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમથી મળેલી જ્ઞાનશક્તિ રૂપ લબ્ધિનો વ્યાપાર તે ઉપયોગ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**- '**मांसाङ्कुर इव**' मषादिः '**समानजातीयरूपाङ्कुरोपलम्भात्**' कारणात् '**पृथिवीविद्रुमलवणोपलादयः**' पार्थिवा '**भवन्ति सचित्ता**' इति प्रयोगगाथार्थः, प्रयोगस्तु संस्कृत्य कर्त्तव्य इति ॥ ६४५ ॥

પૃથ્વી, પરવાળા, લવણ, પથ્થર વગેરે પાર્થિવ પદાર્થો સજીવ છે, કારણ કે જેમ જીવતા મનુષ્યના મસા વગેરે માંસના અંકુરો છેદવા છતાં ફરી ઊગે છે=વધે છે તેમ પરવાળાં વગેરેને છેદવા (ખોદવા) છતાં ત્યાં સમાનજાતિ-રૂપવાળાં અંકુરા દેખાય છે=નવા ઉત્પન્ન થાય છે. (જેમ જીવતા મનુષ્યના શરીરમાંથી માંસ વગેરે થોડું કાપી લેવા છતાં ફરી ત્યાં માંસ ભરાઈ જાય છે. તેમ પૃથ્વી ખોદવા છતાં નવી ઉત્પન્ન થવાથી ખાડો પૂરાઈ જાય છે. તેથી મનુષ્યની જેમ પૃથ્વી પણ જીવ છે.) અહીં અનુમાનપ્રયોગ તો (સ્વયં) સંસ્કારીને કરવો. [૬૪૫]

**भूमीखयसाभाविअसंभवओ दद्दुरो व जलमुत्तं ।**
**अहवा मच्छोव्व सभाववोमसंभूअपायाओ ॥ ६४६ ॥**

**वृत्तिः**-'**भूमिखातस्वाभाविकसम्भवाद्धेतोर्दर्दुरवज्जलमुक्तं**', सचित्तमिति वर्त्तते,'**अथवा मत्स्यव**'त्सचित्तं जलमुक्तं, '**स्वभावेन व्योमसम्भूतस्य पातात्**' कारणादिति गाथार्थः ॥ ६४६ ॥

પાણી સજીવ છે. કારણ કે જેમ ભૂમિ ખોદતાં તેમાંથી સ્વાભાવિકપણે (અન્યના પ્રયત્ન વિના) દેડકાંઓ નીકળે છે, તેમ પાણી પણ નીકળે છે. અથવા પાણી સજીવ છે. કારણ કે જેમ આકાશમાં થયેલાં માછલાં આકાશમાંથી પડે છે, તેમ પાણી પણ આકાશમાં ઉત્પન્ન થઈને આકાશમાંથી પડે છે. [૬૪૬]

**आहाराओ अणलो, विद्धिविगारोवलंभओ जीवो ।**
**अपरप्पेरिअतिरिआणिअमिअदिग्गमणओ अनिलो ॥ ६४७ ॥**

**वृत्तिः**- '**आहाराद्धेतोरनलो**' जीव इति योगः, तथा '**वृद्धिविकारोपलम्भादिति, अपरप्रेरिततिर्यगनियमितदिग्गमनतश्चानिल**' इत्यनिलोऽपि '**जीवः**', पुरुषाश्वौ दृष्टान्ताविति गाथार्थः ॥ ६४७ ॥

અગ્નિ સજીવ છે. કારણ કે તે આહાર કરે છે એમ દેખાય છે, અથવા વૃદ્ધિ અને વિકારો દેખાય છે, જેમ પુરુષ આહાર કરે છે અને વધે છે, તેમ અગ્નિ (કાષ્ઠ વગેરે) આહાર કરે છે અને વધે છે.

વાયુ સજીવ છે. કારણ કે બીજાની પ્રેરણા વિના અનિયત દિશામાં તિર્છું ગમન કરે છે, જેમ અશ્વ બીજાની પ્રેરણા વિના અનિયત ગતિ કરે છે, તેમ વાયુ પણ બીજાની પ્રેરણા વિના અનિયત ગતિ કરે છે. [૬૪૭]

**जम्मजराजीवणमरणरोहणाहारदोहलामयओ ।**
**रोगतिगिच्छाईहि अ नारिव्व सचेअणा तरवो ॥ ६४८ ॥**

**वृत्तिः**- '**जन्मजराजीवनमरणरोहणाहारदौर्हृदामयात्**' कारणात् '**रोगचिकित्सादिभ्यश्च नारीवत् सचेतनास्तरव**' इति गाथार्थः ॥ ६४८ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જન્મ, જરા, જીવન, મરણ, આરોહણ, આહાર, દોહલા, રોગ, રોગચિકિત્સા વગેરે કારણોથી નારીની જેમ વૃક્ષો (= વનસ્પતિ) સજીવ છે. જેમ સ્ત્રીમાં જન્મ વગેરે દેખાય છે, તેમ વૃક્ષોમાં (= વનસ્પતિમાં) પણ જન્મ વગેરે દેખાય છે, માટે વૃક્ષો સજીવ છે.

इय(ह) एवमासां गाथानामक्षरगमनिका, प्रयोगास्त्वेवं द्रष्टव्याः- चेतना विद्रुमलवणोपलादयः स्वाश्रयस्थाः पृथिवीविकाराः, समानजातीयाङ्कुरोत्पत्तिमत्त्वात्, अर्शोविकाराङ्कुरवत्, शेषाश्चाभ्रपटलाञ्जन-हरितालमनःशिलाशुद्धपृथ्वीशर्कराप्रभृतयः सचेतनाः पृथिवीविकारत्वाद्विद्रुमलवणादिवत्, पूर्वप्रमाणेन दृष्टान्तस्य प्रसाधितत्वात् । तथा चेतना आपः, क्वचित्खातभूमिस्वाभाविकसम्भवाद्दर्दुरवत्, क्वचिदिति विशेषणान्नाकाशादिभिरनेकान्तिकः, अथवा द्वितीयं प्रमाणं सचेतना अन्तरिक्षभवा आपः, स्वाभाविकव्योमसम्भूतसम्पातत्वात्, मत्स्यवत् । तथा सचेतनं तेजः, यथायोग्याहारोपादानेन वृद्धिविशेषतद्विकारवत्त्वात्, पुरुषवत् । तथा चेतनावान् वायुः, अपरप्रेरिततिर्यगनियमितदिग्गतिमत्त्वाद्, गवादिवत्, तिर्यगेवेति अन्तर्नीतावधारणात्, परमाण्वादिभिरनैकान्तिकासम्भवः, तथा बकुलाशोकदाडि-माम्रबीजपूरककूष्माण्डीकालिङ्गीत्रपुषीप्रभृतयो वक्ष्यमाणपक्षसम्बन्धिनो वनस्पतिविशेषाश्चेतनाः जन्मजरा-जीवनमरणरोहणक्षताहारोपादानदौर्हृदामयचिकित्सासम्बन्धित्वात्, यत्र यत्र जन्मजीवनादिमत्त्वमुपलभामहे तत्र तत्र चेतनत्वमपि, यथा वनितासु, यत्र यत्र चेतनत्वं नास्ति तत्र तत्र जन्मादिमत्त्वमपि नास्ति, यथा शुष्कतृणभस्मादिष्विति वैधर्म्यदृष्टान्तः, कदाचित्परस्याशङ्का-प्रत्येकमेते हेतव उपात्ता इत्यनैकान्तिकाः, तद्यथा-जन्मवत्त्वादिति केवलोऽनैकान्तिकः पक्षधर्म्मः, अचेतनेष्वपि दृष्टत्वात्, जातं दधीति व्यवहारवत्, तथा जरावत्त्वमपि जीर्णं वासः जीर्णा सुरेति व्यवहारवत्, तथा जीवनहेतुरप्यनेकान्तिकः, सञ्जीवितं विषं, तथा मृतं कुसुम्भमिति व्यवहारात्, तथा सीधोर्गुडाहारवारणं विनष्टानां च मद्यानां उपक्रमैः प्रकृतिप्रत्यापादनं चिकित्सेत्युच्यते, सत्यं, प्रत्येकमेतेऽनैकान्तिकाः, सर्वे तु समुदिता न क्वचिदप्यचेतने दृष्टाः, चेतनेष्वेव वनिताप्रभृतिषु दाडिमबीजपूरिकाकूष्माण्डीवल्ल्यादिषु च दृष्टा इत्यनैकान्तिकव्यावृत्तिरिति कृतं प्रसङ्गेनेति, प्रकृतं प्रस्तुमः ॥ ६४५ तः ६४८ ॥

અહીં આ પ્રમાણે આ (૬૪૫ થી ૬૪૮) ગાથાઓનો સંક્ષેપમાં શબ્દાર્થ કહ્યો. અનુમાનપ્રયોગો તો આ પ્રમાણે જાણવા- (૧) પરવાળાં, લવણ, પથ્થર વગેરે પોતાના આશ્રયમાં રહેલા પૃથ્વીવિકારો [1]સજીવ છે. (૨) કારણ કે તે સમાનજાતીય અંકુરોની ઉત્પત્તિવાળા છે. (૩) કોની જેમ ? મસાના વિકાર અંકુરની જેમ. (૧) બાકીના અબરખસમૂહ, અંજન, હરતાલ, મણસીલ, અશુદ્ધ પૃથ્વીના કટકા વગેરે પાર્થિવ પદાર્થો સજીવ છે. (૨) કારણ કે તે બધા પૃથ્વીના વિકાર છે. કોની જેમ ? (૩) પરવાળાં, લવણ વગેરેની જેમ. આ અનુમાનપ્રયોગમાં જણાવેલ લવણ વગેરે દૃષ્ટાંત પૂર્વોક્ત અનુમાનપ્રમાણથી સિદ્ધ કરેલ છે. (જે દૃષ્ટાંત પ્રત્યક્ષાદિ પ્રમાણથી સિદ્ધ ન થયું હોય તે દૃષ્ટાંતથી સાધ્ય સિદ્ધ ન કરી શકાય. માટે અહીં પૂર્વપ્રમાણેન... એવો ઉલ્લેખ કર્યો છે.)

(૧) પાણી સજીવ છે. (૨) કારણ કે ક્યાંક ખોદેલી ભૂમિમાંથી સ્વાભાવિક રીતે નીકળે છે.

૧. અનુમાન પ્રયોગમાં સામાન્યથી પ્રતિજ્ઞા, હેતુ અને દૃષ્ટાંત એ ત્રણ અંગો હોય છે, વિશેષથી આ ત્રણ અને ઉપનય અને નિગમન એમ પાંચ અંગો પણ હોય છે. તેમાં અહીં ક્રમશઃ પ્રતિજ્ઞા, હેતુ અને દૃષ્ટાંત એ ત્રણ અંગો જણાવ્યાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૩) દેડકાની જેમ. અહીં હેતુમાં क्वचित् (ક્યાંક) એવું વિશેષણ હોવાથી આકાશ વગેરેની [1]સાથે અનેકાંતિક (= વિરોધ) નથી. અથવા આમાં બીજું અનુમાન પ્રમાણ આ પ્રમાણે છે- (૧) આકાશમાં થયેલ પાણી સજીવ છે. (૨) કારણ કે સ્વાભાવિકપણે આકાશમાં ઉત્પન્ન થઈને આકાશમાંથી પડે છે. (૩) માછલાની જેમ. (૧) અગ્નિ સજીવ છે. (૨) કારણ કે યથાયોગ્ય આહાર કરીને વધે છે અને તેમાં વૃદ્ધિના વિકારો દેખાય છે. (૩) પુરુષની જેમ. (૧) વાયુ સજીવ છે. (૨) કારણ કે બીજાની પ્રેરણા વિના અનિયમિત દિશામાં તિર્છું જ ગમન કરે છે. (૩) ગાય વગેરેની જેમ. અહીં અનુમાનપ્રયોગમાં 'તિર્છું જ' એમ અવધારણ હોવાથી પરમાણુ આદિ સાથે અનેકાંતિકનો (= વિરોધનો) સંભવ નથી.

(૧) બકુલ, અશોક, દાડમ, આમ્ર, બીજોરું, કોળું, કાલિંગી, કાકડી વગેરે [2]વનસ્પતિવિશેષો સજીવ છે. (૨) કારણ કે જન્મ, જરા, જીવન, મરણ, આરોહણ, ક્ષત, આહાર, ગ્રહણ, દોહલા અને રોગચિકિત્સાના સંબંધવાળા છે. (૩) જ્યાં જ્યાં જન્મ વગેરે જોઈએ છીએ ત્યાં ત્યાં ચૈતન્ય પણ જોઈએ છીએ. (૪) જેમકે સ્ત્રીઓમાં. (૫) જ્યાં જ્યાં ચૈતન્ય નથી ત્યાં ત્યાં જન્માદિ પણ નથી. (૫) જેમકે સુકું ઘાસ, ભસ્મ વગેરેમાં. આ વૈધર્મ્ય દૃષ્ટાંત છે.

કદાચ અહીં બીજાને શંકા થાય કે- આ હેતુઓ પ્રત્યેક (એક એક અલગ) લીધા હોવાથી અનેકાંતિક છે. તે આ પ્રમાણે- "जन्मवत्त्वात् એ એકલો હેતુ અનેકાંતિક છે" એ પક્ષધર્મ (= પ્રતિજ્ઞા) છે. કારણ કે जन्मवत्त्व (= જન્મ) અચેતન પદાર્થોમાં પણ જોવામાં આવે છે. 'દહીં થયું (= દહીંની ઉત્પત્તિ થઈ) એમ વ્યવહાર થાય છે' એ દૃષ્ટાંત છે. તથા जरावत्त्व (જરા) હેતુ પણ અનેકાંતિક છે. આમાં 'વસ્ત્ર જુનું થઈ ગયું, મદિરા જુની થઈ ગઈ એમ વ્યવહાર થાય છે' એ દૃષ્ટાંત છે. તથા 'જીવન' એ હેતુ પણ અનેકાંતિક છે. કારણ કે વિષ રહ્યું (= જીવ્યું) અને સુવર્ણ નાશ પામ્યું (= મર્યું) એમ વ્યવહાર થાય છે. તથા દારુ ગોળનો આહાર કરે છે. નાશ પામેલાં (= બગડી ગયેલાં) મદ્યોને ઉપાયોથી મૂળ સ્વભાવવાળાં કરવાં એને ચિકિત્સા કહેવાય છે. (આમ પ્રત્યેક હેતુ અનેકાંતિક છે.) તમારું કહેવું બરોબર છે. જન્મ વગેરે પ્રત્યેક હેતુ અનેકાંતિક છે. પણ બધાય ભેગા કોઈ અચેતનમાં જોવામાં આવતા નથી, સ્ત્રી વગેરે જીવોમાં જ અને દાડમ, બીજોરું, કોળાની વેલડી વગેરેમાં જોવામાં આવે છે. આથી અનેકાંતિક (= વિરોધ) દૂર થઈ ગયો. પ્રાસંગિક વિષયથી સર્યું, હવે પ્રસ્તુત વિષયને શરૂ કરીએ છીએ. [૬૪૫ થી ૬૪૮]

**बेइंदियादओ पुण, पसिद्धया किमिपिपीलिभमराई ।**
**कहिऊण तओ पच्छा, वयाइं साहिज्ज विहिणा उ ॥ ६४९ ॥**

૧. ન્યાયની ભાષામાં અનેકાંતિક એટલે વ્યભિચાર. જે હેતુ સાધ્યને છોડીને બીજે રહે તે હેતુમાં (સાધ્યને છોડીને બીજે રહેવારૂપ) વ્યભિચાર દોષ છે. આથી તે હેતુ વ્યભિચારી (અનેકાંતિક) કહેવાય.

૨. અહીં ટીકામાં वक्ष्यमाणपक्षसम्बन्धिनो એવો પાઠ છે. તેના સ્થાને विवक्षमाणपक्षसम्बन्धिनो એવો પાઠ હોવો જોઈએ. તેનો અર્થ આ પ્રમાણે થાય- જેની વિવક્ષા છે તે પક્ષના સંબંધી વનસ્પતિવિશેષો. અહીં વનસ્પતિ પક્ષ છે, પણ કેવળ વનસ્પતિ પક્ષ નથી, કિંતુ લીલી વનસ્પતિ પક્ષ છે. માટે લીલી વનસ્પતિસંબંધી વનસ્પતિવિશેષો પક્ષ છે, સુકી વનસ્પતિસંબંધી વનસ્પતિવિશેષો નહિ. મુદ્રિત પાઠ પ્રમાણે અર્થ સંગત થઈ શકે તો વિદ્વાનોએ તે પાઠ પ્રમાણે અર્થ કરવો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**- '**द्वीन्द्रियादयः पुनः प्रसिद्धा**' एव '**कृमिपिपीलिकाभ्रमरादय**' इति, आदिशब्दो मक्षिकादिस्वभेदप्रख्यापकः, एतान् '**कथयित्वा ततः पश्चाद् व्रतानि**' '**साहेज्ज**' त्ति कथयेद् '**विधिनैव**' सूत्रार्थादिनेति गाथार्थः ॥ ६४९ ॥

બેઇંદ્રિય વગેરે કૃમિ, કીડી, ભ્રમર વગેરે જીવો પ્રસિદ્ધ જ છે. (भमराई એ સ્થળે) આદિ શબ્દ બેઇંદ્રિય આદિ દરેક ભેદના માખી વગેરે ભેદોનો સૂચક છે. આ જીવોને કહ્યા પછી વિધિપૂર્વક એટલે કે સૂત્ર અને અર્થ જણાવવાપૂર્વક જ વ્રતોને કહે. [૬૪૯]

कानि पुनस्तानीत्याह-

**पाणाइवायविरमणमाई णिसिभत्तविरइपज्जंता ।**
**समणाणं मूलगुणा, पन्नत्ता वीअरागेहिं ॥ ६५० ॥**

**वृत्तिः**- '**प्राणातिपातविरमणादीनि निशिभक्तविरतिपर्यन्तानि**' व्रतानि '**श्रमणानां मूलगुणाः प्रज्ञप्ताः वीतरागैरिति**' गाथार्थः ॥ ६५० ॥

**सुहुमाईजीवाणं, सव्वेसिं सव्वेहा सुपणिहाणं ।**
**पाणाइवायविरमणमिह पढमो होइ मूलगुणो ॥ ६५१ ॥**

**वृत्तिः**- एकैकस्वरूपमाह- '**सूक्ष्मादीनां जीवानामि**' ति, आदिशब्दाद्बादरादिपरिग्रहः, यथोक्तं- '**से सुहुमं वा बादरं वे**' त्यादि, '**सर्वेषामि**' ति न तु केषाञ्चिदेव, '**सर्वथा**' सर्वैः प्रकारैः कृतकारितादिभिः, '**सुप्रणिधानं**' दृढसमाधानेन, '**प्राणातिपातविरमणमि**' ति, विरमणं- निवृत्तिः, '**इहे**' ति मनुष्यलोक एव प्रवचने वा '**प्रथमो भवति मूलगुणः**', शेषाधारत्वात् सूत्रक्रम- प्रामाण्याच्च प्रथम इति गाथार्थः ॥ ६५१ ॥

**कोहाइपगारेहिं, एवं चिअ मोसविरमणं बीओ ।**
**एवं चिअ गामाइसु, अप्पबहुविवज्जणं तइओ ॥ ६५२ ॥**

**वृत्तिः**- '**क्रोधादिभिः प्रकारैरि**' ति, आदिशब्दाल्लोभादिपरिग्रहः, यथोक्तं- '**से कोहा वा लोभा वे**'- त्यादि, '**एवमेव**'-सर्वस्य सर्वथा सुप्रणिधानं '**मृषाविरमणं द्वितीयो**' मूलगुणः, सूत्रक्रम- प्रामाण्यादेव, '**एवमेव**'-यथोक्तं '**ग्रामादिष्विति**', आदिशब्दान्नगरादिपरिग्रहः, तथा चोक्तं- '**से गामे वा नगरे वा**' इत्यादि, '**अल्पबहुविवर्जनं तृतीयो**' मूलगुणः, सूत्रोपन्यासक्रमादिति गाथार्थः ॥ ६५२ ॥

**दिव्वाइमेहुणस्स य, विवज्जणं सव्वहा चउत्थो उ ।**
**पंचमगो गामाइसु, अप्पबहुविवज्जणं चेव ॥ ६५३ ॥**

**वृत्तिः**- '**दिव्यादिमैथुनस्य चे**' ति, आदिशब्दान्मनुष्यादिपरिग्रहः, तथा चोक्तं- '**से दिव्वं वा माणुसं वे**' त्यादि, '**विवर्जनं**' सर्वेषां '**चतुर्थस्तु**' मूलगुणः, सूत्रोपन्यासक्रमादेव, '**पञ्चमो**'

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

मूलगुणः **'ग्रामादिषु'**, आदिशब्दान्नगरादिपरिग्रह एव, यथोक्तं-"**से गामे वा नगरे वे**'त्यादि '**अल्पबहुविवर्जनमेव सर्वथैवे**'ति गाथार्थः ॥ ६५३ ॥

**असणाइभेअभिन्नस्साहारस्स चउव्विहस्सावि ।**

**णिसि सव्वहा विरमणं, चरमो समणाण मूलगुणो ॥ ६५४ ॥**

**वृत्तिः**- अशनादिभेदभिन्नस्याहारस्यैव चतुर्विधस्यापि स्वतन्त्रसिद्धस्य, निशि सर्वथा विरमणं भोगमाश्रित्य 'चरमः' पश्चिम एषः, षष्ठ इत्यर्थः, श्रमणानां मूलगुण इति गाथार्थः ॥ ६५४ ॥

**એ વ્રતો કયાં છે એ કહે છે–**

જિનેશ્વરોએ પ્રાણાતિપાતવિરમણથી આરંભી રાત્રિભોજનવિરમણવ્રત સુધી સાધુનાં (છ) વ્રતો કહ્યાં છે અને તે વ્રતો મૂલગુણ છે. [૬૫૦] જૈનશાસનમાં સૂક્ષ્મ-બાદર વગેરે સર્વજીવોના પ્રાણાતિપાતથી સર્વથા=કરવું, કરાવવું આદિ સર્વ પ્રકારે, સુપ્રણિધાનપૂર્વક=દૃઢ માનસિક ઉપયોગપૂર્વક, અટકવું એ પ્રથમ મૂલગુણ છે. આ વ્રત શેષ વ્રતોનો આધાર હોવાથી અને સૂત્રોમાં તે પ્રમાણે ક્રમ હોવાથી પહેલું છે. [૬૫૧] ક્રોધ-લોભ વગેરે કારણોથી થતા સર્વમૃષાવાદથી સર્વથા સુપ્રણિધાનપૂર્વક અટકવું તે બીજો મૂલગુણ છે. સૂત્રોક્ત ક્રમની પ્રામાણિકતાથી જ આ મૂલગુણ બીજો છે. ગામ-નગર આદિમાં અલ્પ કે બહુ વગેરે સર્વ પ્રકારના અદત્તાદાનનો સર્વથા સુપ્રણિધાનપૂર્વક ત્યાગ કરવો તે ત્રીજો મૂલગુણ છે. સૂત્રોક્તક્રમથી આ ગુણ ત્રીજો છે. [૬૫૨] દેવ-મનુષ્ય વગેરે સંબંધી સર્વ પ્રકારના મૈથુનનો સર્વથા સુપ્રણિધાનપૂર્વક ત્યાગ કરવો તે ચોથો મૂલગુણ છે. સૂત્રોક્તક્રમથી જ આ ગુણ ચોથો છે. ગામ-નગર વગેરેમાં અલ્પ-બહુ વગેરે સર્વ પ્રકારના પરિગ્રહનો સર્વથા સુપ્રણિધાનપૂર્વક ત્યાગ કરવો તે પાંચમો મૂલગુણ છે. [૬૫૩] જૈનશાસ્ત્રમાં જ પ્રસિદ્ધ એવા અશનાદિ ચારે પ્રકારના આહારના જ ભોજનથી રાત્રે સર્વથા સુપ્રણિધાનપૂર્વક અટકવું તે સાધુઓનો છેલ્લો-છટ્ઠો મૂલગુણ છે. [૬૫૦ થી ૬૫૪]

साम्प्रतममीषामेव व्रतानामतिचारानाह-

**पढमंमी एगिंदिअविगलिंदिपणिंदिआण जीवाणं ।**

**संघट्टणपरिआवणमोद्दवणाइणि अइआरो ॥ ६५५ ॥**

**वृत्तिः**- **'प्रथमे'** व्रते अभिहितस्वरूपे **'एकेन्द्रियविकलेन्द्रियपञ्चेन्द्रियाणां जीवानां सङ्घट्टनपरितापनोद्रापणादीन्यतिचारः'** उद्रापणं महत्पीडाकरणमिति गाथार्थः ॥ ६५५ ॥

**बिइअम्मि मुसावाए, सो सुहुमो बायरो उ नायव्वो ।**

**पयलाइ होइ पढमो, कोहादभिभासणं बिइओ ॥ ६५६ ॥**

**वृत्तिः**- **'द्वितीये'** व्रते **'मृषावादे'** इति मृषावादविरतिरूपे **'सः'**-अतिचारः **'सूक्ष्मो बादरश्च ज्ञातव्यः'**, तत्र **'प्रचलादिभिर्भवति प्रथमः'** सूक्ष्मः, प्रचलायसे किं दिआ ?, न

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

पयलामी'त्यादि, '**क्रोधादिनाऽभिभाषणं द्वितीयः**' परिणामभेदादिति गाथार्थः ॥ ६५६ ॥

**तइअम्मिवि एमेव य, दुविहो खलु एस होइ विन्नेओ ।**
**तणडगलछारमल्लग, अविदिन्नं गिण्हओ पढमो ॥ ६५७ ॥**

**वृत्तिः**- '**तृतीयेऽपि**' व्रते-अदत्तादानविरतिरूपे '**एवमेव च**' सूक्ष्मबादरभेदेन '**द्विविधः खल्वेषः**'-अतिचारो '**भवति विज्ञेयः**', तत्र '**तृणडगलच्छारमल्लादि**' अविदत्तं अनाभोगेन '**गृह्णतः प्रथमः**'-सूक्ष्मोऽतिचार इति गाथार्थः ॥ ६५७ ॥

**साहम्मिअन्नसाहम्मिआण गिहिगाण कोहमाईहिं ।**
**सच्चित्ताचित्ताई, अवहरओ होइ बिइओ उ ॥ ६५८ ॥**

**वृत्तिः**- '**साधर्मिकाणां**' साधुसाध्वीनां '**अन्यसधर्माणां**' चरकादीनां '**गृहीणां**' च '**क्रोधादिभिः**' प्रकारैः '**सचित्ताचित्तादि अपहरतः**' तथापरिणामाद् '**भवति द्वितीयस्तु**'-बादर इति गाथार्थः ॥ ६५८ ॥

**मेहुन्नस्सऽइआरो, करकम्माईहि होइ नायव्वो ।**
**तग्गुत्तीणं च तहा, अणुपालणमो ण सम्मं तु ॥ ६५९ ॥**

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

**वृत्तिः**- '**मैथुनस्ये**'ति मैथुनविरतिव्रतस्य '**अतिचारः करकर्मादिभिर्भवति ज्ञातव्यः**', परिणामवैचित्र्येण, '**तद्गुप्तीनां च तथानुपालनं न सम्यगि**'त्यतिचार एवेति गाथार्थः ॥ ६५९ ॥

**पंचमगम्मि अ सुहुमो, अइआरो एस होइ नायव्वो ।**
**कागाइसाणगोणे, कप्पट्ठगरक्खणममत्ते ॥ ६६० ॥**

**वृत्तिः**- '**पञ्चमे**' व्रते '**सूक्ष्मोऽतिचार एषः**' वक्ष्यमाणलक्षणो '**भवति ज्ञातव्यः, काकादिश्वगोभ्यो रक्षणं**' प्रसारिततिलादेः, तथा '**कप्पट्ठग**'त्ति बाले '**ममत्वं**' मनागिति गाथार्थः ॥ ६६० ॥

**दव्वाइआण गहणं, लोहा पुण बायरो मुणेअव्वो ।**
**अइरित्तु धारणं वा, मोत्तुं नाणाइउवयारं ॥ ६६१ ॥**

**वृत्तिः**- '**द्रव्यादीनां ग्रहणं लोभात् पुन**'स्तथापरिणामादेव '**बादरो मन्तव्यः**', सर्वत्र व्रते भावो वाऽतिचारो द्रष्टव्यः, '**अतिरिक्तधारणं**' चोपधेः, '**मुक्त्वा ज्ञानाद्युपकारं**', बादर एवेति गाथार्थः ॥ ६६१ ॥

**छट्ठम्मि दिआगहिअं, दिअभुत्तं एवमाइ चउभंगो ।**
**अइआरो पन्नत्तो, धीरेहिं अणंतनाणीहिं ॥ ६६२ ॥**

**वृत्तिः**- '**षष्ठे**' व्रते '**दिवागृहीतं दिवाभुक्तं**' सन्निधेः परिभोगेन '**एवमादिश्चतुर्भङ्गः**' तथाविधपरिणामयोगाद् '**अतिचारः प्रज्ञप्तो धीरैरनन्तज्ञानिभिरि**'ति गाथार्थः ॥ ६६२ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**હવે આ જ વ્રતોના અતિચારો કહે છે–**

પહેલા વ્રતમાં એકેંદ્રિય, વિકલેંદ્રિય અને પંચેંદ્રિય જીવોનો સંઘટ્ટન, પરિતાપન અને ઉદ્રાપણ વગેરે અતિચાર છે. સંઘટ્ટન = સ્પર્શ કરવો. પરિતાપન = અલ્પ શારીરિક પીડા ઉત્પન્ન કરવી. ઉદ્રાપણ = અધિક શારીરિક પીડા ઉત્પન્ન કરવી. [૬૫૫] બીજા વ્રતમાં સૂક્ષ્મ અને બાદર એમ બે પ્રકારનો અતિચાર છે. તેમાં પ્રચલા (=બેઠા બેઠા નિદ્રા) વગેરેથી સૂક્ષ્મ અતિચાર લાગે. એક સાધુએ બીજા સાધુને કહ્યું : દિવસે બેઠો બેઠો કેમ ઊંઘે છે ? બીજો સાધુ ઊંઘતો હોવા છતાં નથી ઊંઘતો એમ બોલ્યો. આ સૂક્ષ્મ અતિચાર છે. ક્રોધાદિથી અસત્ય બોલવું એ બાદર અતિચાર છે. કારણ કે પરિણામમાં ભેદ છે. (પ્રથમ અસત્યથી આ અસત્યમાં પરિણામ વધારે દુષ્ટ છે.) [૬૫૬] ત્રીજા વ્રતમાં પણ સૂક્ષ્મ-બાદર એમ બે પ્રકારનો અતિચાર છે. અનુપયોગથી ઘાસ, પથ્થર, રાખ, કોડિયું વગેરે અદત્ત લેનારને સૂક્ષ્મ અતિચાર લાગે. [૬૫૭] સાધુ-સાધ્વીની, ચરક વગેરે અન્યધર્મીની કે ગૃહસ્થની સચિત્ત કે અચિત્ત વગેરે વસ્તુ ચોરનારને તેવા (વિશેષ દુષ્ટ) પરિણામ હોવાથી બાદર અતિચાર લાગે. [૬૫૮] હસ્તકર્મ વગેરેથી મૈથુનવિરમણવ્રતમાં અતિચાર લાગે. આમાં પરિણામની વિચિત્રતાથી અતિચારમાં સૂક્ષ્મ-બાદર ભેદ પડે. બ્રહ્મચર્યની નવ ગુપ્તિઓનું (વાડોનું) તે તે રીતે બરોબર પાલન ન કરવું એ પણ અતિચાર જ છે. [૬૫૯] (શય્યાતર આદિએ તડકે સુકવવા) પાથરેલા તલનું કાગ, શ્વાન, ગાય આદિથી રક્ષણ કરવું, તથા (ગૃહસ્થના) બાળક ઉપર કંઈક મમત્વભાવ કરવો, એ પાંચમા વ્રતમાં સૂક્ષ્મ અતિચાર છે. [૬૬૦] લોભથી ધન વગેરે વસ્તુ લેવી તે તેવા (અધિક દુષ્ટ) પરિણામથી જ બાદર અતિચાર છે. અથવા આ વ્રતમાં સર્વત્ર ભાવને = ધનાદિ લેવાના પરિણામને અતિચાર જાણવો. જ્ઞાનાદિના લાભ સિવાય વધારે ઉપધિ રાખવી એ પણ બાદર જ અતિચાર છે. [૬૬૧] છઠ્ઠા વ્રતમાં (પહેલા) દિવસે લાવેલું (બીજા) દિવસે ખાધું, દિવસે લાવેલું રાતે ખાધું, રાતે લાવેલું રાતે ખાધું અને રાતે લાવેલું દિવસે ખાધું એ ચાર ભાંગા છે. આ ચારે ભાંગા તેવા (દુષ્ટ) પરિણામ થવાના કારણે અતિચાર છે, એમ ધીર અનંતજ્ઞાનીઓએ કહ્યું છે.

**પ્રશ્ન-** દિવસે લાવેલું દિવસે ખાધું એમાં અતિચાર કેવી રીતે લાગે ?

**ઉત્તર-** દિવસે લાવીને રાતે રાખી મૂક્યું અને બીજા દિવસે ખાધું. આમાં રાતે પોતાની પાસે રાખવાથી સન્નિધિ (આહાર)નો પરિભોગ કરવાથી અતિચાર લાગે. [૬૫૫ થી ૬૬૨]

**कहिऊणं कायवए, इअ तेसुं नवरमभिगएसुं तु ।**
**गीएण परिच्छिज्जा, सम्मं एएसु ठाणेसु ॥ ६६३ ॥**

**वृत्तिः-** '**कथयित्वा कायव्रतानि इय**' एवं-उक्तेन प्रकारेण '**तेषु**' कायव्रतेषु '**नवरमभिगतेष्वेव**', नानभिगतेषु, '**गीतेने**'ति गीतार्थेन साधुना '**परीक्षयेत् सम्यग्**' असम्भ्रान्तः सन् '**एतेषु स्थानेषु**'-वक्ष्यमाणेष्विति गाथार्थः ॥ ६६३ ॥

આ પ્રમાણે જીવો અને વ્રતો કહીને જીવો અને વ્રતોનું સ્વરૂપ નવદીક્ષિતે જાણી લીધું હોય તો જ ગીતાર્થ સાધુએ આ (નીચે કહેવાશે તે) સ્થાનોમાં તેની (પરિણતિની) પરીક્ષા કરવી. [૬૬૩]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**उच्चाराइ अथंडिल, वोसिर ठाणाइ वावि पुढवीए ।**

**नइमाइ दगसमीवे, सागणि निक्खित्त तेउम्मि ॥ ६६४ ॥**

**वृत्तिः-** **'उच्चारादि अस्थण्डिले व्युत्सृजति'**, तत्परीक्षार्थं गीतार्थः, **'स्थानादि वा पृथिव्यां'** करोति, स्थानं-कायोत्सर्गः, आदिशब्दान्निषीदनादिपरिग्रहः, **'नद्यादावुदकसमीपे'** उच्चाराद्येव व्युत्सृजति, तथा **'साग्नौ निक्षिप्ततेजसि'** स्थण्डिलादौ उच्चाराद्येव करोतीति गाथार्थः ॥ ६६४ ॥

**वियणऽभिधारण वाए, हरिए जह पुढविए तसेसुं च ।**

**एमेव गोअरगए, होइ परिच्छा उ काएहिं ॥ ६६५ ॥**

**वृत्तिः-** तथा-**'व्यञ्जनाभिधारणं वाते'** करोति, **'हरिते यथा पृथिव्यां'** उच्चाराद्येव व्युत्सृजति, **'त्रसेषु च'**-द्वीन्द्रियादिषु यथा पृथिव्यामिति, **'एवमेव'** यथासम्भवं **'गोचरगते'** शिक्षके **'भवति परीक्षा कायैः'**, रजःसंस्पृष्टग्रहणादिनेति गाथार्थः ॥ ६६५ ॥

શિષ્યની (પરિણતિની) પરીક્ષા માટે (શિષ્યના દેખતાં જ) ગીતાર્થ પોતે મલોત્સર્ગ વગેરે અસ્થંડિલમાં (જીવાકુળભૂમિમાં) કરે, અથવા સચિત્ત પૃથ્વી ઉપર કાયોત્સર્ગ વગેરે કરે, બેસે, નદી આદિમાં પાણીની પાસે મલોત્સર્ગ વગેરે કરે, અગ્નિ મૂક્યો હોય તેવા સ્થળે મલોત્સર્ગ વગેરે કરે, વાયુકાયસંબંધી પરીક્ષા માટે પંખાથી પવન નાખે, વનસ્પતિકાયસંબંધી પરીક્ષા માટે લીલી વનસ્પતિ ઉપર મલોત્સર્ગ વગેરે કરે, ત્રસજીવો સંબંધી પરીક્ષા માટે કીડી વગેરેવાળા સ્થાનમાં મલોત્સર્ગ વગેરે કરે. એ પ્રમાણે ગોચરીમાં શિષ્યને સાથે લઈ જાય અને સચિત્તરજવાળા હાથથી વહોરવું વગેરેરીતે યથાસંભવ પરીક્ષા કરવી. [૬૬૪-૬૬૫]

**जइ परिहरई संमं, चोएइ व घाडिअं तहा ( या ) जोग्गो ।**

**होइ उवठावणाए, तीएवि विही इमो होइ ॥ ६६६ ॥**

**वृत्तिः-** **'यदि परिहरति सम्यक्'** स्वतः **'चोदयति वा घाटिकं'** द्वितीयं अयुक्तमेतदित्येवं, **'तदा योग्यो भवत्युपस्थापनायाः'**, इतरथा भजना, **'तस्याश्च'** उपस्थापनाया **'विधिरयं भवति'**-वक्ष्यमाणलक्षण इति गाथार्थः ॥ ६६६ ॥

ગીતાર્થ દોષો સેવે ત્યારે પોતે એ દોષોનો ત્યાગ કરે, અથવા દોષ સેવતા બીજાને (સંઘાટકને) 'આમ કરવું યોગ્ય નથી' એમ પ્રેરણા કરે તો તે ઉપસ્થાપનાને યોગ્ય છે. અન્યથા ભજના છે. (= ભવિષ્યમાં યોગ્યતા દેખાય તો દીક્ષા આપવી, અન્યથા ન આપવી.) ઉપસ્થાપનાનો વિધિ આ (નીચે કહેવાશે તે) છે. [૬૬૬]

**अहिगय णाउस्सग्गं, वामगपासम्मि वयतिगेक्केक्कं ।**

**पायाहिणं निवेअण, गुरुगुण दिस दुविह तिविहा वा ॥ ६६७ ॥**

**वृत्तिः-** **'अभिगतं ज्ञात्वा'** शिष्यं **'कायोत्सर्गं'** कुर्वन्ति गुरवः **'वामपार्श्वे'** शिष्यं

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

स्थापयित्वा, **'व्रतं त्रीन्'** वारान् **'एकैकं'** पठन्ति, पुनः **'प्रादक्षिण्यं'** नमस्कारपाठेन, **'निवेदनं'**- 'युष्माभिरपि महाव्रतान्यारोपितानि इच्छामोऽनुशास्ति'मित्यादिलक्षणं, **'गुरुगुण'** इति 'गुरुगुणैर्वर्द्धस्व' इत्याचार्यवचनं, दिग् **'द्विविधा त्रिविधा वा'** भवति साधुसाध्वीभेदेनेति गाथासमासार्थः ॥ ६६७ ॥

શિષ્ય જીવોનું અને વ્રતોનું સ્વરૂપ સમજી ગયો છે એમ જાણીને (તેની ઉપસ્થાપના કરે. ઉપસ્થાપનાનો વિધિ આ પ્રમાણે છે.) ગુરુ શિષ્યને ડાબા પડખે રાખીને ગુરુ કાયોત્સર્ગ કરે. પછી પ્રત્યેક વ્રત ત્રણ વાર બોલે. (ઉચ્ચરાવે). પછી શિષ્ય નમસ્કારમંત્ર બોલવાપૂર્વક પ્રદક્ષિણા આપે. પછી આપે મહાવ્રતોનું આરોપણ કર્યું, હું (આપની) હિતશિક્ષા ઈચ્છું છું ઈત્યાદિ નિવેદન કરે. પછી ગુરુ "गुरुगुणैर्वर्धस्व" એમ કહે. પછી સાધુને આશ્રયીને બે પ્રકારની અને સાધ્વીને આશ્રયીને ત્રણ પ્રકારની દિશા કહે. આ પ્રમાણે ગાથાનો આ સંક્ષેપથી અર્થ છે. [६६७]

व्यासार्थमाह-

**उदउल्लाइपरिच्छा, अभिगय नाऊण तो वए दिंति ।**
**चिइवंदणाइ काउं, तत्थवि अ करिंति उस्सग्गं ॥ ६६८ ॥**

**वृत्तिः**- **'उदकार्द्रादिपरीक्षया'** आगमोक्तया **'अभिगतं'** विदिततत्स्वरूपं **'ज्ञात्वा'** शिष्यं **'ततो व्रतानि ददति'** गुरवः कथमित्याह-**'चैत्यवन्दनादिना कृत्वा'** पूर्वोक्तविधानेन, **'तत्रापि च'** उपस्थापनायां **'कुर्वन्ति कायोत्सर्गमि'**ति गाथार्थः ॥ ६६८ ॥

**गुरवो वामगपासे, सेहं ठवित्तु अह वए दिंति ।**
**एक्किक्कं तिक्खुत्तो, इमेण ठाणेणमुवउत्ता ॥ ६६९ ॥**

**वृत्तिः**- किं कुर्वन्तीत्याह-**'गुरवो'** वा**'मपार्श्वे शिक्षकं स्थापयित्वा अथ'** अनन्तरं **'व्रतानि ददति एकैकं त्रिकृत्वः'** 'त्रीन् वारान्' **अनेन स्थानेन** 'वक्ष्यमाणे' **नोपयुक्ताः** 'सन्त इति गाथार्थः ॥ ६६९ ॥

**कोप्परपट्टगगहणं, वामकरानामिआय मुहपोत्ति ।**
**रयहरण हत्थिदंतुन्नएहिं हत्थेहुवट्ठावे ॥ ६७० ॥**

**वृत्तिः**- **'कूर्प्पराभ्यां पट्टग्रहणं'**, पट्टः-चोलपट्टकः, **'वामकरानामिकया मुखवस्त्रिका'**ग्रहणं, **'रजोहरणेन हस्तिदन्तोन्नताभ्यां हस्ताभ्यामुपस्थापयेदि'**ति गाथार्थः ॥ ६७० ॥

**पायाहिणं निवेअण, करिंति सिस्सा तओ गुरू भणइ ।**
**वड्ढाहि गुरुगुणेहिं, एत्थ परिच्छा इमा वऽण्णा ॥ ६७१ ॥**

**वृत्तिः**- पुनश्च वन्दनपूर्वकं कायोत्सर्गानन्तरं यद् भवेदित्येतद्यथा सामायिके तथैव द्रष्टव्यं किञ्चित्पुनराह-**'प्रादक्षिण्यं'** नमस्कारेण **'निवेदनं कुर्वन्ति शिष्याः'** यथावसरं, **'ततो गुरुर्भणति'**, किमित्याह-**'वर्द्धस्व गुरुगुणै'**रिति, **'अत्र'** प्रस्तावे **'परीक्षा इयं चान्या'** भवतीति गाथार्थः ॥ ६७१ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ईसिं अवणयगत्ता, भमंति सुविसुद्धभावणाजुत्ता ।
अहिसरणम्मि अ वुड्ढी, ओसरणे सो व अन्नो वा ॥ ६७२ ॥

**वृत्तिः-** **'ईषदवनताः'** सन्तो **'भ्रमन्ति सुविशुद्धभावनायुक्ताः'** विरतिपरिणामेन, **'अभिसरणे'** स्वत एव **'वृद्धि'**र्ज्ञानादिभिस्तस्य गच्छस्य च, **'अपसरणे'** पृष्ठतः **'सो वाऽन्यो वा'** ज्ञानादिभिः क्षीयत इति गाथार्थः ॥ ६७२ ॥

दुविहा साहूण दिसा, तिविहा पुण साहुणीण विण्णेआ ।
होइ ससत्तीएँ तवो, आयंबिलनिव्विगाईआ ॥ ६७३ ॥

**वृत्तिः-** **'द्विविधा साधूनां दिग्'**-आचार्याः उपाध्यायाश्च, **'त्रिविधा'** पुनः **'साध्वीनां'**, प्रवर्त्तनी तृतीया**'विज्ञेया'**, तदनु च**'भवति स्वशक्त्या तपः आयामाम्लनिर्विकृतिकादि'**लक्षणमिति गाथार्थः ॥ ६७३ ॥

तत्तो अ कारविज्जइ, त( ज )हाणुरूवं तवोवहाणं तु ।
आयंबिलाणि सत्त उ, किल निअमा मंडलिपवेसे ॥ ६७४ ॥

**वृत्तिः-** **'ततश्च कार्यते यथानुरूपं'** शक्त्यपेक्षया **'तप उपधानमेव, आयामाम्लानि सप्त पुनः किल नियमेनै'**व **'मण्डलिप्रवेशे'** भवन्तीति गाथार्थः ॥ ६७४ ॥

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

**વિસ્તારથી અર્થ કહે છે–**

સચિત્ત પાણીથી ભિની ભૂમિમાં મલોત્સર્ગ વગેરે આગમોક્ત વિધિથી શિષ્યને જીવોના સ્વરૂપનો બોધ થયો છે અને શ્રદ્ધા પણ છે એમ જાણીને ગુરુ પૂર્વોક્તવિધિથી ચૈત્યવંદનાદિ કરીને શિષ્યને વ્રતો આપે=ઉચ્ચરાવે. ઉપસ્થાપનામાં પણ (દીક્ષાની જેમ) કાયોત્સર્ગ કરે. [૬૬૮] શિષ્યને ડાબા પડખે ઊભો રાખીને પ્રત્યેક વ્રત ત્રણ વાર ઉચ્ચરાવે. વ્રતો ઉચ્ચરાવતાં શિષ્ય હાથની બે [1]કોણીઓથી ચોલપટ્ટાને પકડે-દબાવીને રાખે, ડાબા હાથની અનામિકા (છેલ્લી આંગળીની બાજુમાં રહેલી) [2]આંગળીથી મુહપત્તિને પકડે અને હાથીના દાંતની જેમ ઉન્નત્ત બે હાથથી રજોહરણ પકડે. [૬૬૯-૬૭૦] (દેવ) વંદનપૂર્વક કાયોત્સર્ગ કર્યા પછીનો બધો વિધિ સામાયિકના વિધિની જેમ જાણવો. અહીં કંઈક તે વિધિ કહે છે- નમસ્કારમંત્ર બોલવાપૂર્વક પ્રદક્ષિણા આપે. પછી શિષ્યો યથાવસર નિવેદન કરે. ત્યારબાદ ગુરુ "वर्धस्व गुरुगुणैः" એમ કહે. આ પ્રસંગે આ (નીચે કહેવાશે તે) બીજી પરીક્ષા છે. [૬૭૧] કંઈક નમેલા અને વિરતિના પરિણામથી સુવિશુદ્ધ ભાવવાળા થયેલા શિષ્યો ફરે=પ્રદક્ષિણા આપે. એમાં જો સામે જાય=આગળ જાય તો તેના કે ગચ્છના જ્ઞાનાદિની વૃદ્ધિ થાય, જો પાછળથી ખસે તો તેના અથવા અન્યના જ્ઞાનાદિની હાનિ થાય. [૬૭૨] ત્યારબાદ સાધુની આચાર્ય અને ઉપાધ્યાય એમ બે પ્રકારની દિશા (= દિગ્બંધન) કરે. સાધ્વીની આચાર્ય, ઉપાધ્યાય

૧. પૂર્વે કંદોરો બાંધવાની પ્રથા ન હતી. આથી આ રીતે ચોલપટ્ટાને દબાવીને રાખતા હતા.
૨. વર્તમાનમાં બંને હાથની અનામિકા અને ટચલી આંગળીની વચ્ચે મુહપત્તિ રાખવામાં આવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને પ્રવર્તિની એમ ત્રણ પ્રકારની દિશા જાણવી. ત્યારબાદ શક્તિ પ્રમાણે આયંબિલ કે નિવી વગેરે તપ (તપનું પચ્ચક્ખાણ) કરાવે. [૬૭૩] પછી શક્તિ પ્રમાણે તપ રૂપ ઉપધાન (= યોગ) કરાવવું. પછી માંડલીમાં પ્રવેશ કરાવવાના સાત આયંબિલ અવશ્ય કરાવવા. [૬૬૮ થી ૬૭૪]

**तत्तो अ पण्णविज्जइ, भावं नाऊण बहुविहं विहिणा ।**
**तो परिणए पवेसो, अपरिणए होंति आणाई ॥ ६७५ ॥**

**वृत्ति:-** '**ततश्च प्रज्ञाप्यते**' शिष्यकस्य '**भावं ज्ञात्वा बहुविधं विधिना**' प्रवचनोक्तेन, '**ततः परिणते**' सति '**प्रवेशो**' मण्डल्याम्, '**अपरिणते**' प्रवेश्यमाने '**भवन्ति आज्ञादय**' इति गाथार्थः ॥ ६७५ ॥

પછી શિષ્યને ઉપદેશ આપવો. શાસ્ત્રોક્ત વિધિથી શિષ્યના વિવિધ ભાવોને જાણીને શિષ્ય પરિણત જણાય તો તેને માંડલીમાં દાખલ કરવો=ભેળવવો. અપરિણતને માંડલીમાં દાખલ કરવાથી આજ્ઞાભંગ વગેરે દોષો લાગે. [૬૭૫]

**अणुवट्ठविअं सेहं अकयविहाणं च मंडलीए उ ।**
**जो परिभुंजइ सहसा, सो गुत्तिविराहओ भणिओ ॥ ६७६ ॥**

**वृत्ति:-** '**अनुपस्थापितं शिष्यकं**' व्रतेषु '**अकृतविधानं च**'-अकृतायामाम्लादिसमाचारं च '**मण्डल्यामेव यः परिभुङ्क्ते सहसा**' तत्क्षणमेव '**स गुप्तिविराधको भणितः**' अर्हद्भिरिति गाथार्थः ॥ ६७६ ॥

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

જે શિષ્યની ઉપસ્થાપના કરી નથી, અને જેણે આયંબિલ વગેરે સામાચારી કરી નથી તેવા શિષ્યને જે માંડલીમાં જ સાથે રાખે છે, તે તત્ક્ષણ જ મર્યાદાઓની (= વિધિની) વિરાધના કરે છે એમ જિનેશ્વરોએ કહ્યું છે. [૬૭૬]

यस्मादेवम्-

**तम्हा पवयणगुत्तिं, रक्खंतेण भवधारिणिं परमं ।**
**परिणयओ च्चिअ सेहो, पवेसिअव्वो जहा विहिणा ॥ ६७७ ॥**

**वृत्ति:-** '**तस्मात् प्रवचनगुप्तिं रक्षता**' सता, किंविशिष्टाम् ?-'**भवधारिणीं**' '**परमां**' प्रधानां '**परिणत एव शिक्षकः प्रवेशयितव्यः**' मण्डल्यां '**यथा विधिना**' देशनापुरस्सरेणेति गाथार्थः ॥ ६७७ ॥

આથી ભવધારિણી (= ભવોને વધવા ન દે તેવી) ઉત્તમ શાસનમર્યાદાઓની રક્ષા કરનારે પરિણત જ નવદીક્ષિતને સમજાવવાપૂર્વક માંડલીમાં દાખલ કરવો. [૬૭૭]

व्रतपालनोपायमाह-

**गुरुगच्छवसहिसंसग्गि-भत्तउवगरणतवविआरेसुं ।**
**भावणविआरजइकहठाणेसु जइज्ज एसोऽवि ॥ ६७८ ॥**

**वृत्तिः-'गुरुगच्छवसतिसंसर्गभक्तोपकरणतपोविचारेषु'**, एतस्मिन् विषये, तथा **'भावना-विहारयतिकथास्थानेषु यतेत, एषोऽपि'** शिष्य इति गाथार्थः ॥ ६७८ ॥

વ્રતપાલનનો ઉપાય કહે છે–

શિષ્ય પણ ગુરુ, ગચ્છ, વસતિ, સંસર્ગ, ભક્ત, ઉપકરણ, તપ, વિચાર, ભાવના, વિહાર અને યતિકથા- એ સ્થાનોમાં પ્રયત્ન કરે. [૬૭૮]

अस्या एव गाथाया ऐदम्पर्यमाह-

**जह पाविअंपि वित्तं, विउलंपि कहिंचि देवजोगेणं ।**

**सुस्सामिअविरहाओ, किलिट्ठजणमज्झवासाओ ॥ ६७९ ॥**

**वृत्तिः- 'यथा प्राप्तमपि वित्तम्'** ऐश्वर्यं **'विपुलमपि'** महदपि **'कथंचिद्दैवयोगेन'** वित्तपतयः प्राप्नुवन्ति वित्तविनाशमिति योगः, कुत इत्याह-**'सुस्वामिविरहात्'** कुनृपविषयवासिजनवत्, तथा **'क्लिष्टजनमध्यवासात्'** चौरपल्लिवासिजनवदिति गाथार्थः ॥ ६७९ ॥

**तहय अलक्खणगिहवासजोगओ दुट्ठसंगयाओ अ ।**

**तह चेव ठिइनिबंधणविरुद्धभत्तोवभोगाओ ॥ ६८० ॥**

**वृत्तिः-'तथा चालक्षणगृहवासयोगात्'** दुष्टपशुपुरुषवद्गृहवासिजनवत्, तथा **'दुष्टसङ्गतो'** विपरीतसङ्गतकारिजनवत्, **'तथैव स्थितिनिबन्धनविरुद्धभक्तोपभोगाद्'**, अपथ्यभोगजनवदिति गाथार्थः ॥ ६८० ॥

**जोगिअवत्थाईओ, अजिन्नभोगाओ कुव्विआराओ ।**

**असुहज्झवसाणाओ, अजोग्गठाणे विहाराओ ॥ ६८१ ॥**

**वृत्तिः-** तथा **'योगितवस्त्रादेः'** देहाध्वंसितयोगयोगितोपकरणभोगिजनवत्, तथा **'अजीर्ण-भोगाद्'** अजीर्णसङ्कलिकायुक्तजनवत्, तथा **'कुविचाराद्'** राजापथ्यविचारमुखरजनवत्, तथा **'अशुभाध्यवसानाद्'** देहविरुद्धक्रोधादिभावनाप्रधानजनवत्, तथा **'अयोग्यस्थानविहारात्'** प्रदीप्ताद्य-निर्गतजनवदिति गाथार्थः ॥ ६८१ ॥

**तहय विरुद्धकहाओ, पयडं वित्तवइणोऽवि लोगम्मि ।**

**पावंति वित्तणासं, तहा तहाऽकुसलजोएणं ॥ ६८२ ॥**

**वृत्तिः- 'तथा च विरुद्धकथातश्च'** राजाद्यपभाषिजनवत्, **'प्रकटं'** दृश्यत एतद् **'वित्तपत्तयोऽपि'** महाधनिन इत्यर्थः, **'लोके'**ऽस्मिन् **'प्राप्नुवन्ति वित्तविनाशं'**-भूयो दरिद्रा भवन्ति **'तथा तथा'** उक्तवद् **'अकुशलयोगेने'**ति गाथार्थः ॥ ६८२ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ (૬૭૮ મી) જ ગાથાનું રહસ્ય કહે છે–

મહાકષ્ટે ભાગ્યોદયથી ઘણું મેળવેલું પણ શ્રીમંતોનું ધન નાશ પામે છે. તેનાં કારણો આ પ્રમાણે છે- (૧) સુસ્વામીનો વિરહ, જેમકે-ખરાબ (લોભી) રાજાના દેશમાં વસનાર લોકોનું ધન (રાજાના લઈ લેવાથી) નાશ પામે છે. (૨) ક્લિષ્ટ જન મધ્યવાસ, જેમકે- ચોરોની પલ્લિમાં રહેનારા લોકોનું ધન (ચોરોના લઈ લેવાથી) નાશ પામે છે. [૬૭૯] (૩) અલક્ષણગૃહ વાસયોગ, જેમકે દુષ્ટ પશુવાળા કે દુષ્ટપુરુષવાળા ઘરમાં રહેનારા લોકોનું [1]ધન નાશ પામે છે. (૪) દુષ્ટસંગ, જેમકે-દુર્જન માણસોનો સંગ કરનારા લોકોની લક્ષ્મી નાશ પામે છે. (દુર્જન માણસો જાતે ધન પડાવી લે, અથવા ધનનાશ થાય તેવા માર્ગે લઈ જાય.) (૫) સ્થિતિનિબંધ વિરુદ્ધ ભક્તોપભોગ = જીવન ટકાવી શકાય તેનાથી વિરુદ્ધ આહારનો ઉપભોગ કરવો, જેમકે-અપથ્ય ભોજન કરનાર લોકોનું ધન નાશ પામે છે. (અપથ્ય ભોજનથી બિમાર પડીને પોતે જ મૃત્યુ પામે છે અથવા રોગના પ્રતીકાર માટે ધનવ્યય કરવો પડે છે.) [૬૮૦] (૬) યોગિત વસ્ત્રાદિ, જેમકે-દેહથી તિરોહિત થયેલ યોગીના મંત્ર આદિથી ભાવિત ઉપકરણનો ઉપયોગ કરનાર લોકોનું ધન નાશ પામે છે. (૭) અજીર્ણભોગ = અજીર્ણ થવા છતાં ખાધાં કરવું, જેમકે- એક દિવસ અજીર્ણ થયું છતાં ભોજન કર્યું, બીજા દિવસે પણ અજીર્ણ થયું અને ભોજન કર્યું. આમ અજીર્ણની પરંપરાથી યુક્ત માણસનું ધન નાશ પામે. (બિમારીથી મૃત્યુ થાય અથવા રોગ પ્રતીકારમાં ધનવ્યય થાય.) (૮) કુવિચાર, જેમકે-રાજાને પ્રતિકૂળ હોય તેવા વિચારો કરનાર મુખર (વાચાળ) માણસનું ધન નાશ પામે. (મુખર હોવાને કારણે રાજાને પ્રતિકૂળ હોય તેવા વિચારો જાહેર કરે, એથી રાજા ગુસ્સે થઈને તેને દેશવટો આપે કે તેનું ધન લઈ લે.) (૯) અશુભાધ્યવસાય, જેમકે- દેહને પ્રતિકૂળ ક્રોધાદિ ભાવોથી ભાવિત માણસનું ધન નાશ પામે છે, (૧૦) અયોગ્યસ્થાન વિહાર, જેમકે- સળગતી આગમાંથી ન નીકળનાર માણસનું ધન નાશ પામે છે. [૬૮૧] (૧૧) વિરુદ્ધકથા, જેમકે- રાજા માટે ખરાબ બોલનાર માણસનું ધન નાશ પામે છે. ઉપર કહ્યું તેમ આ લોકમાં અશુભયોગથી મહાન શ્રીમંતો પણ ફરી દરિદ્ર બની જાય છે એ પ્રત્યક્ષ દેખાય છે. [૬૭૯ થી ૬૮૨]

**सुस्सामिगाइओ पुण, तहा तहा तप्पभावजोएणं ।**

**वड्ढिंति वित्तमणहं, सुहावहं उभयलोगम्मि ॥ ६८३ ॥**

**वृत्तिः**- **'सुस्वाम्यादेः पुनः'**, उक्तकदम्बकविपर्ययात् **'तथा तथा'** तदुपकारतः **'तत्प्रभावयोगेन'** हेतुभूतेन **'वर्द्धयन्ति वित्तमनघं'**-शोभनं वित्तपतयः **'सुखावहमुभयलोके'**-उभयलोकहितमिति गाथार्थः ॥ ६८३ ॥

ઉપર કહ્યું તેનાથી વિપરીત સુસ્વામી આદિ કારણોથી તેના (= કારણોના) પ્રભાવથી

૧. શુભાશુભકર્મનો ઉદય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અને ભવને આશ્રયીને થાય છે. આથી સારા લક્ષણવાળા પશુઓના અને પુરુષોના યોગથી શુભકર્મનો ઉદય થાય, અને ખરાબ લક્ષણવાળા પશુઓના અને પુરુષોના યોગથી અશુભકર્મનો ઉદય થાય એવું બને. અશુભકર્મનો ઉદય થતાં મેળવેલી લક્ષ્મી નાશ પામે. આથી ખરાબ લક્ષણવાળા પશુના અને પુરુષના સંબંધથી લક્ષ્મીનો નાશ થાય એવું બને.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રીમંતોને તે તે રીતે લાભ થવાથી શ્રીમંતો ઉભયલોકમાં હિતકર એવું સુંદર ધન વધારે છે. [૬૮૩]

दार्ष्टान्तिकयोजनामाह–

**एमेव भाववित्तं, हंदि चरित्तंपि निअमओ णेअं ।**
**इत्थं सुसामिजणगेहमाइतुल्ला उ गुरुमाई ॥ ६८४ ॥**

**वृत्तिः**- '**एवमेव भाववित्तं हन्दि चारित्रमपि नियमतो ज्ञेयं**', चयापचयवत्, '**अत्र सुस्वामिजन-गृहादितुल्यास्तु गुर्वादयो**' वेदितव्या इति गाथार्थः ॥ ६८४ ॥

कुत इत्याह–

**एएसि पभावेणं, विसुद्धठाणाण चरणहेऊणं ।**
**निअमादेव चरित्तं, वड्डइ विहिसेवणपराणं ॥ ६८५ ॥**

**वृत्तिः**- '**एतेषां प्रभावेन**' सामर्थ्येन '**विशुद्धस्थानानां**' गुर्वादीनां '**चरमहेतूनाम**'-प्रतिबद्धसामर्थ्यानां '**नियमादेव चारित्रं वर्द्धते**', नात्रान्यथाभावः, '**विधिसेवनापराणां**' सुशिष्याणामिति गाथार्थः ॥ ६८५ ॥

દૃષ્ટાંતની યોજના (= ઘટના) કરે છે–

એ જ પ્રમાણે ભાવધન ચારિત્રની પણ વૃદ્ધિ-હાનિ થાય છે એમ જાણવું. અહીં સુસ્વામી, સુજન, સુગૃહ આદિના સ્થાને ગુરુ વગેરે જાણવા. કારણ કે (ચારિત્રની વૃદ્ધિ કરવામાં) અપ્રતિહત સામાર્થ્યવાળા ગુરુ વગેરે વિશુદ્ધસ્થાનોના પ્રભાવથી વિધિપૂર્વક ગુરુસેવા કરવામાં તત્પર સુશિષ્યોનું ચારિત્ર અવશ્ય વધે છે, આમાં કોઈ ફેરફાર નથી. [૬૮૪-૬૮૫]

एवमेवेत्युक्तं, तदपवादमाह–

**वित्तंमि सामिगाइसु, नवर विभासावि दिव्वजोएण ।**
**आणाविराहणाओ, आराहणाओं ण उ एत्थ ॥ ६८६ ॥**

**वृत्तिः**- '**वित्ते स्वाम्यादिषु**' शोभनेतरेषु '**नवरं विभाषापि दैवयोगेन**' चयापचयावाश्रित्य, '**आज्ञाविराधनात्**' कारणा'**दाराधनातश्च**' अशोभनादिषु, '**नत्वत्र**' भाववित्त इति गाथार्थः ॥ ६८६ ॥

"એ જ પ્રમાણે" એમ (બંનેમાં સમાન) કહ્યું, તેમાં અપવાદ કહે છે–

સારા અને ખરાબ સ્વામી આદિ સ્થાનોમાં વૃદ્ધિ-હાનિને આશ્રયીને ભાગ્યયોગથી ધન વિષે વિભાષા પણ છે, અર્થાત્ સ્વામી વગેરે સારા સ્થાનોનો યોગ થવા છતાં અશુભ ભાગ્યોદયથી લક્ષ્મીની વૃદ્ધિ ન પણ થાય, અને ખરાબ સ્થાનોનો યોગ થવા છતાં શુભ ભાગ્યોદયથી લક્ષ્મીની હાનિ ન પણ થાય; પણ ભાવધન ચારિત્ર વિષે આમાં વિભાષા નથી, અર્થાત્ અશુભ સ્થાનોનો સંબંધ કરવાથી આજ્ઞાની વિરાધના થવાથી અવશ્ય ભાવધન ચારિત્રની હાનિ થાય છે, અને શુભ સ્થાનોનો સંબંધ કરવાથી આજ્ઞાની આરાધના થવાથી અવશ્ય ચારિત્રની વૃદ્ધિ થાય છે. [૬૮૬]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

एतदेव स्पष्टयति-

**गुरुमाइसु जइअव्वं, एसा आणत्ति भगवओ जेणं ।**

**तब्भंगे खलु दोसो, इअरंमि गुणो उ नियमेण ॥ ६८७ ॥**

**वृत्तिः**- '**गुर्वादिषु यतितव्यं**', शोभनेषु '**एषा आज्ञेति भगवतो, येन**' हेतुना '**तद्भङ्गे खलु दोषः**' अशोभनसेवनया, '**इतरस्मिन्ना**'राधने '**गुणो नियोगेन**' अवश्यन्तयेति गाथार्थः ॥ ६८७ ॥

આ જ વિષયને સ્પષ્ટ કરે છે–

શુભગુરુ આદિમાં પ્રયત્ન કરવો એવી જિનાજ્ઞા છે. આથી અશુભ ગુરુ આદિની સેવા કરવાથી જિનાજ્ઞાભંગ થાય. જિનાજ્ઞાભંગમાં દોષ છે. શુભ ગુરુ આદિની સેવા કરવાથી જિનાજ્ઞાનું પાલન થવાથી અવશ્ય લાભ થાય. [૬૮૭]

निगमयन्नाह-

**तम्हा तित्थयराणं, आराहंतो विसुद्धपरिणामो ।**

**गुरुमाइएसु विहिणा, जइज्ज चरणट्ठिओ साहू ॥ ६८८ ॥**

**वृत्तिः**- '**तस्मात् तीर्थकराज्ञामाराधयन् विशुद्धपरिणामः**' सन् '**गुर्वादिषु विधिना यतेत चरणस्थितः साधुः**' शोभनेष्विति गाथार्थः ॥ ६८८ ॥

ઉપસંહાર કરે છે–

તેથી જિનાજ્ઞાની આરાધના કરતા, વિશુદ્ધ પરિણામવાળા થતા અને ચારિત્રમાં સ્થિત એવા સાધુએ વિધિપૂર્વક શુભ ગુરુ આદિમાં પ્રયત્ન કરવો. [૬૮૮]

एवं द्वारगाथाया एदम्पर्यार्थमभिधाय विशेषतः प्रतिद्वारं प्रकृतयोजनामाह-

**गुरुगुणजुत्तं तु गुरुं, इब्भो सुस्सामिअं व ण मुएज्जा ।**

**चरणधणफलनिमित्तं, पइदिणगुणभावजोएण ॥ ६८९ ॥**

**वृत्तिः**- '**गुरुगुणयुक्तं तु** '**गुरुम्**' आचार्यं '**इभ्यः**' अर्थवान् '**सुस्वामिनमिव न मुञ्चेत्**', किमर्थमित्याह-'**चरणधनफलनिमित्तं**', कथं फलमित्याह-प्रतिदिनगुणभावयोगेनेति गाथार्थः ॥ ६८९ ॥

### ગુરુકુલવાસ દ્વાર

આ પ્રમાણે દ્વારગાથાનો રહસ્યભૂત અર્થ કહીને વિશેષથી દરેક દ્વારમાં પ્રકૃતિવિષયની યોજના કરે છે–

જેમ ધનવાન માણસ પોતાના સુસ્વામીને ન મૂકે, તેમ સાધુ ગુરુથી પ્રતિદિન ગુણોનો લાભ થતો હોવાથી ચારિત્રધનરૂપ ફલ મેળવવા મહાન ગુણોથી યુક્ત ગુરુને ન મૂકે. [૬૮૯]

जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

एतदेवाह–

**गुरुदंसणं पसत्थं, विणओ य तहा महाणुभावस्स ।**

**अन्नेसि मग्गदंसण, निवेअणा पालणं चेव ॥ ६९० ॥**

**वृत्तिः**- तत्र हि '**गुरुदर्शनं प्रशस्तं**', तस्य पुण्यसम्भारभावात्, '**विनयश्च तथा महानुभावस्य**' वन्दनादिकरणेन, '**अन्येषां मार्गदर्शनं**', गुरुकुलवासस्य मार्गत्वात्, '**निवेदनापालनं चैव**', प्रव्रज्याकाले आत्मा तस्मै निवेदित इति गाथार्थः ॥ ६९० ॥

**वेयावच्चं परमं, बहुमाणो तह य गोअमाईसु ।**

**तित्थयराणाकरणं, सुद्धो नाणाइलंभो अ ॥ ६९१ ॥**

**वृत्तिः**- '**वैयावृत्त्यं परमं**' तत्सन्निधानात् तद्गामि, '**बहुमानः तथा च गौतमादिषु**' गुरुकुलनिवासिषु, '**तीर्थकराज्ञाकरणं**' तेनास्योपदिष्टत्वात्, '**शुद्धो ज्ञानादिलाभश्च**' विधिसेवनेनेति गाथार्थः ॥ ६९१ ॥

**अंगीकयसाफल्लं, तत्तो अ परो परोवगारोऽवि ।**

**सुद्धस्स हवइ एवं, पायं सुहसीससंताणो ॥ ६९२ ॥**

**वृत्तिः**- '**अङ्गीकृतसाफल्यं**', दीक्षायाः ज्ञानादिसाधनत्वात्, '**ततश्च**' तत्फलात् ज्ञानादेः '**परः परोपकारोऽपि**' भवति, '**शुद्धस्य भवत्येवं**', पर्यायजन्मन्यादित आरभ्य, '**प्रायः शुभशिष्यसन्तानः**', शुद्धकुलप्रासवे(त्वावासे)रिति गाथार्थः ॥ ६९२ ॥

**इअ निक्कलंकमग्गाणुसेवणं होइ सुद्धमग्गस्स ।**

**जम्मंतरेऽवि कारणमओ अ निअमेण मोक्खोत्ति ॥ ६९३ ॥**

**वृत्तिः**- '**इय**' एवं '**निष्कलङ्कमार्गानुसेवनं**' क्रियमाणं '**भवति शुद्धमार्गस्य**', किमित्याह– '**जन्मान्तरेऽपि कारणम्**', अभ्यासात्, '**अतश्च**' मार्गो, '**नियमेन मोक्षः**' परम्परयेति गाथार्थः ॥ ६९३ ॥

**एवं गुरुकुलवासो, परमपयनिबंधणं जओ तेणं ।**

**तब्भवसिद्धीएहिवि, गोअमपमुहेहिं आयरिओ ॥ ६९४ ॥**

**वृत्तिः**- '**एवं गुरुकुलवासः परमपदनिबन्धनं यतः**' उक्तन्यायात् '**तेन तद्भवसिद्धिकैरपि गौतमप्रमुखैराचरितो**', न्याय्यत्वादिति गाथार्थः ॥ ६९४ ॥

**ता एअमायरिज्जा, चइऊण निअं कुलं कुलपसूओ ।**

**इहरा उभयच्चाओ, सो उण नियमा अणत्थफलो ॥ ६९५ ॥ दारं ॥**

**वृत्तिः**- '**तत्**' तस्माद् '**एनं**' गुरुकुलवासं '**आचरेत् त्यक्त्वा निजं कुलं**' दीक्षाङ्गीकरणेन

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'**कुलप्रसूतः**' पुमानिति, '**इतरथा**' अन्यथा '**उभयपरित्यागः**', उभयं गृहिप्रव्रज्याकुलद्वयं, '**स पुनरु**'भयत्यागः '**नियमादनर्थफल**' इति गाथार्थः ॥ ६९५ ॥

**પ્રતિદિન ગુણલાભ કેવી રીતે થાય છે એ જ કહે છે–**

ગુરુ પુણ્યપુંજ રૂપ હોવાથી તેમનું દર્શન પણ પ્રશસ્ત છે. ગુરુની પાસે રહેવાથી પ્રતિદિન પ્રશસ્ત ગુરુદર્શન થાય, વંદનાદિ કરવાથી મહાપ્રભાવવાળા ગુરુનો વિનય થાય. ગુરુકુલવાસ મોક્ષનો માર્ગ છે. આથી ગુરુની પાસે રહેવાથી બીજાઓને મોક્ષમાર્ગ જોવા મળે, તથા નિવેદનનું (આત્મસમર્પણભાવનું) પાલન થાય. દીક્ષા લેતી વખતે પોતાનો આત્મા ગુરુને સમર્પિત કરી દીધો છે. [૬૯૦] ગુરુ પાસે રહેવાથી ગુરુનું ઉત્તમ વેયાવચ્ચ થઈ શકે, ગુરુકુલનિવાસી શ્રી ગૌતમસ્વામી આદિ મહામુનિઓનું બહુમાન થાય, તીર્થંકરની આજ્ઞાનું પાલન થાય. કારણ કે તીર્થંકર ભગવાને ગુરુકુલવાસનો ઉપદેશ આપ્યો છે. વિધિપૂર્વક ગુરુસેવાથી શુદ્ધ જ્ઞાનાદિનો લાભ થાય. [૬૯૧] (એથી) સ્વીકારેલ દીક્ષા સફલ બને છે, કારણ કે દીક્ષા જ્ઞાનાદિનું સાધન છે. (સાધ્યની સિદ્ધિ થાય તો સાધન સફલ બને.) ગુરુકુલવાસથી દીક્ષાના ફલરૂપ જ્ઞાનાદિની પ્રાપ્તિ થાય છે અને એ જ્ઞાનાદિથી મુખ્ય (= ભાવ) પરોપકાર પણ થઈ શકે. આ પ્રમાણે દીક્ષાપર્યાયરૂપ જન્મના પ્રારંભથી શુદ્ધ કુલની પ્રાપ્તિ થવાથી શુદ્ધ એવા શિષ્યની પ્રાયઃ શુભ શિષ્યપરંપરા ચાલે છે. [૬૯૨] આ પ્રમાણે મોક્ષમાર્ગનું નિષ્કલંક કરાતું સેવન અભ્યાસ થવાના કારણે પરલોકમાં પણ મોક્ષમાર્ગની પ્રાપ્તિનું કારણ બને છે, એથી પરલોકમાં પણ મોક્ષમાર્ગ મળે છે, અને પરંપરાએ અવશ્ય મોક્ષ થાય છે. [૬૯૩] ઉક્ત રીતે ગુરુકુલવાસ મોક્ષપદનું કારણ હોવાથી તદ્ભવમોક્ષગામી પણ શ્રી ગૌતમસ્વામી વગેરેએ તેનું સેવન કર્યું છે. કારણ કે મોક્ષપ્રાપ્તિ માટે ગુરુકુલવાસનું સેવન કરવું એ જ ન્યાયયુક્ત છે. [૬૯૪] આથી સાંસારિક સ્વકુલને છોડીને દીક્ષાના સ્વીકારથી ઉત્તમકુલમાં જન્મેલા પુરુષે ગુરુકુલવાસનું સેવન કરવું જોઈએ. અન્યથા સાંસારિક કુલ અને દીક્ષાકુળ એ બંને કુલનો ત્યાગ થાય. એ ઉભયકુલના ત્યાગથી નિયમા અનર્થની પ્રાપ્તિ થાય છે. [૬૯૫]

ગચ્છવાસ દ્વાર

**गुरुपरिवारो गच्छो, तत्थ वसंताण निज्जरा विउला ।**
**विणयाओ तह सारणमाईहिं न दोसपडिवत्ती ॥ ६९६ ॥ दारं ॥**

**वृत्तिः**– '**गुरुपरिवारः**' साधुवर्गो '**गच्छः, तत्र वसतां**' गच्छे '**निर्ज्जरा विपुला**' भवति, कुत इत्याह–'**विनयात्, तथा स्मारणादिभिः**' करणभूतैः '**न दोषप्रतिपत्ति**'र्भवतीति गाथार्थः ॥ ६९६ ॥

સાધુસમુદાયરૂપ ગુરુપરિવાર એ ગચ્છ છે. ગચ્છમાં રહેનાર સાધુઓને વિનયના કારણે વિપુલ (ઘણી) કર્મનિર્જરા થાય છે, અને સારણા આદિ કારણોથી દોષો લાગતા નથી. [૬૯૬]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

एतदेवाह-

**केसिंचि विणयकरणं, अन्नेसिं कारणं अइपसत्थं ।**

**नासंतकुसलजोए, सारणमवि होइ एमेव ॥ ६९७ ॥**

**वृत्तिः-** '**केषाञ्चिद्विनयकरणं**' (सु) चरितानाम्, '**अन्येषां कारणं**' विनयस्य शिक्षकाणाम्, '**अतिप्रशस्तमे**'तत्, तथा '**नश्यत्कुशलयोग**' इति एतद्विषयं '**स्मारणमपि भवति एवमेव**' केषाञ्चित्क्रियते केचित्कुर्वन्तीति गाथार्थः ॥ ६९७ ॥

**एमेव य विण्णेअं, अहियपवित्तीएँ वारणं एत्थं ।**

**अहिअयरे किच्चंमि अ, चोअणमिइ सपरफलसिद्धी ॥ ६९८ ॥**

**वृत्तिः-** '**एवमेव च विज्ञेयम्, अहितप्रवृत्तेर्वारणमत्र**'-गच्छ इति, तथा '**अधिकतरे कृत्ये च**' गुणस्थानके '**चोदनं**' ज्ञेयम्, '**इत्ये**'वं '**स्वपरफलसिद्धिरि**'ति गाथार्थः ॥ ६९८ ॥

**अण्णोण्णाविक्खाए, जोगम्मि तहिं तहिं पयट्टंतो ।**

**निअमेण गच्छवासी, असंगपयसाहगो भणिओ ॥ ६९९ ॥**

**वृत्तिः-** '**अन्योऽन्यापेक्षया**' उक्तन्यायेन '**योगे तत्र तत्र**'-विनयादौ '**प्रवर्त्तमानः**' सन् '**नियमेन गच्छवासी**' साधुः '**असङ्गपदसाधको**' ज्ञेयः, असङ्गो मोक्ष इति गाथार्थः ॥ ६९९ ॥

JAINSITE
जैनम् जयति शासनम्

આ જ વિષય કહે છે—

ગચ્છમાં કેટલાક સુસંયમીઓનો વિનય કરી શકાય, નવદીક્ષિતોને વિનય કરાવી શકાય. (પોતાને વિનય કરતો જોઈને નવદીક્ષિતો પણ વિનય શીખે અને કરે, તેમાં નિમિત્ત પોતે બને.) આ રીતે વિનય કરવો અને કરાવવો એ બહુ જ ઉત્તમ છે. કોઈ શુભ અનુષ્ઠાનો કરવાનું ભૂલી જાય તો તેમને યાદ કરાવી શકાય, અને પોતે ભૂલી જાય તો બીજાઓ પોતાને યાદ કરાવે. [૬૯૭] એ જ પ્રમાણે ગચ્છમાં પરસ્પરને અહિત પ્રવૃત્તિથી રોકી શકાય અને અધિક કાર્યમાં=વિશેષ લાભ થાય તેવી પ્રવૃત્તિમાં પ્રેરણા કરી શકાય. આ પ્રમાણે ગચ્છમાં સ્વ-પરની ફલસિદ્ધિ થાય. [૬૯૮] ઉક્ત રીતે પરસ્પરના આલંબનથી તે તે વિનયાદિ યોગમાં પ્રવર્તતો ગચ્છવાસી સાધુ નિયમા મોક્ષપદને સાધે છે. [૬૯૯]

इहैवापवादमाह-

**सारणमाइविउत्तं, गच्छंपि हु गुणगणेहिं परिहीणं ।**

**परिचत्तणाइवग्गो, चइज्ज तं सुत्तविहिणा उ ॥ ७०० ॥**

**वृत्तिः-** '**स्मारणादिवियुक्तं गच्छमपि गुणगणेन परिक्षीणं**' सन्तं '**परित्यक्तज्ञातिवर्गः त्यजेत् तं सूत्रविधिना**' गच्छमिति गाथार्थः ॥ ७०० ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

किमित्यत आह-

**सीसो सज्झिलओ वा, गणिव्वओ वा न सोग्गइं नेइ ।**
**जे तत्थ नाणदंसण-चरणा ते सुग्गईमग्गो ॥ ७०१ ॥**

**वृत्तिः**- '**शिष्यः सज्झिलको वा**'-धर्म्मभ्राता '**गणिच्चको वा**'-एकगणस्थो '**न सुगतिं नयति**', किन्तु '**यानि तत्र ज्ञानदर्शनचरणानि**' परिशुद्धानि '**तानि सुगतिमार्ग**' इति गाथार्थः ॥७०१ ॥

અહીં જ અપવાદ કહે છે–

જેણે જ્ઞાતિસમુદાયનો ત્યાગ કર્યો છે એવા સાધુએ જે ગચ્છમાં વિનયાદિ ગુણો દેખાતા ન હોય અને સારણા વગેરે થતું ન હોય તેવા ગચ્છનો પણ સૂત્રોક્ત વિધિથી ત્યાગ કરવો જોઈએ. [૭૦૦] **શા માટે તેવા ગચ્છનો ત્યાગ કરવો જોઈએ તે કહે છે**- કારણ કે શિષ્ય, ધર્મબંધુ (ગુરુબંધુ), કે એક ગણમાં રહેલ સાધુ સુગતિમાં ન લઈ જાય, કિંતુ ગચ્છમાં રહેલ વિશુદ્ધ જ્ઞાન-દર્શન-ચારિત્ર સુગતિનો માર્ગ છે. [૭૦૧]

पराभिप्रायमाह-

**नणु गुरुकुलवासम्मी, जायइ नियमेण गच्छवासो उ ।**
**जम्हा गुरुपरिवारो, गच्छोत्ति निदंसिअं पुव्विं ॥ ७०२ ॥**

**वृत्तिः**- '**ननु गुरुकुलवासे**' सति '**जायते गच्छवासस्तु ध्रुवः**', कुत इत्याह-'**यस्माद् गुरुपरिवारो गच्छ इत्येतन्निदर्शितं पूर्वं**' भवतेति गाथार्थः ॥ ७०२ ॥

બીજાનો વિચાર (= પ્રશ્ન) કહે છે–

**પ્રશ્ન**- ગુરુકુલવાસ થતાં નિયમા ગચ્છવાસ થઈ જાય છે. કારણ કે ગુરુનો પરિવાર ગચ્છ છે એમ પૂર્વે (૬૯૬મી ગાથામાં) આપે કહ્યું છે. [૭૦૨]

अत्रोत्तरम्-

**सच्चमिणं तंमज्झे, तदेगलद्धीएँ तदुचिअकमेणं ।**
**जह होज्ज तस्स हेऊ, वसिज्ज तह खावणत्थमिणं ॥ ७०३ ॥**

**वृत्तिः**- '**सत्यमिदं**' यदभ्यधायि भवता, किन्तु '**तन्मध्ये**' गच्छमध्ये '**तदेकलब्ध्या**' गच्छैकलब्ध्या हेतुभूतया '**तदुचितक्रमेण**' गच्छोचितक्रमेण '**यथा भवेत् तस्य**' गच्छवासस्य '**हेतुः वसेत् तथा**', नान्यथेति '**ख्यापनार्थमिदं**' गच्छग्रहणमिति गाथार्थः ॥ ७०३ ॥

અહીં ઉત્તર આ પ્રમાણે છે–

**ઉત્તર**- આપે જે કહ્યું તે સત્ય છે. પણ ગચ્છને જ લાભ થાય એ હેતુથી અને ગચ્છની ઉચિત મર્યાદાઓના પાલન કરવાપૂર્વક ગચ્છમાં રહે, અર્થાત્ ગચ્છમાં રહેવાનો જે હેતુ છે તે હેતુ સિદ્ધ

JAINSITE .com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થાય તે રીતે રહે, બીજી રીતે (સ્વસ્વાર્થ સિદ્ધિ આદિ માટે) ન રહે, એ સૂચવવા માટે 'ગચ્છ'નો ઉલ્લેખ કર્યો છે. [૭૦૩]

अन्यथा चायमगच्छवास एवेत्याह-

**मोत्तूण मिहुवयारं, अण्णोऽण्णगुणाइभावसंबद्धं ।**

**छत्तमढछत्ततुलो, वासो उ ण गच्छवासोत्ति ॥ ७०४ ॥**

**वृत्तिः- 'मुक्त्वा मिथ उपकारं'**, परस्परोपकारमित्यर्थः, **'अन्योऽन्यगुणादिभावसम्बद्धं'** प्रधानोपसर्ज्जनभावसंयुक्तं, **'छत्रमठच्छत्रतुल्यो वासः'**, अछत्रतुल्य**'स्तु'** स्वातन्त्र्यप्रधानो **'न गच्छवासः'**, तत्फलाभावादिति गाथार्थः ॥ ७०४ ॥

અન્યથા ગચ્છમાં રહેવા છતાં ગચ્છવાસ નથી જ એ જણાવે છે–

[1]મુખ્ય-ગૌણભાવથી પરસ્પર ઉપકાર ન થાય તે રીતે ગચ્છમાં રહેવું એ (પરમાર્થથી) ગચ્છવાસ નથી. ગચ્છવાસ છત્રવાળા મઠના છત્રતુલ્ય છે. જેમ છત્ર (= ઉપરના છાપરા) વિનાનો મઠ નિરર્થક છે. તેમ ગુરુ આદિની આધીનતા વિના ગચ્છવાસ નિરર્થક છે. સ્વતંત્રતાની પ્રધાનતાવાળો ગચ્છવાસ છત્રરહિત મઠતુલ્ય હોવાથી પરમાર્થથી ગચ્છવાસ નથી. કારણ કે તેવા ગચ્છવાસથી ગચ્છવાસનું (જ્ઞાનાદિની વૃદ્ધિરૂપ) ફળ મળતું નથી. [૭૦૪]

शेषद्वारेष्वपि प्रयोजनातिदेशमाह-

**एवं वसहाईसुवि, जोइज्जा ओघसुद्धभावेऽवि ।**

**सइ थेरदिन्नसंथारगाइभोगेण साफल्लं ॥ ७०५ ॥ दारं ॥**

**वृत्तिः- 'एवं वसत्यादिष्वपि'** द्वारेषु **'योजयेत् साफल्यमि'**ति योगः, **'ओघशुद्धभावेऽपि'** सामान्यशुद्धत्वे सत्यपि, कथमित्याह- **'सदा स्थविरदत्तसंस्तारकादिभोगेन'**, न तु यथाकथञ्चिदिति **गाथार्थः** ॥ ७०५ ॥

બાકીના દ્વારોમાં 'હેતુ'ની ભલામણ કરે છે–

એ પ્રમાણે વસતિ આદિ દ્વારોની પણ સફલતાની ઘટના કરવી. વસતિની સફલતા આ પ્રમાણે છે- સામાન્યથી વસતિ શુદ્ધ હોવા છતાં સદા સ્થવિરે આપેલા સ્થાને સંથારો કરવો વગેરે મર્યાદાઓના પાલનથી વસતિની સફલતા છે, નહિ કે ગમે તેમ વર્તવાથી. [૭૦૫]

इदानीं वसतिविधिमाह-

**मूलुत्तरगुणसुद्धं, थीपसुपंडगविवज्जिअं वसहिं ।**

**सेविज्ज सव्वकालं, विवज्जए होंति दोसा उ ॥ ७०६ ॥ दारं ॥**

---

૧. ક્યારેક અન્ય સાધુને કે ગચ્છને અધિક ઉપકાર થાય, પોતાને થોડો ઉપકાર થાય, ક્યારેક ગચ્છને કે અન્ય સાધુને થોડો ઉપકાર થાય, પોતાને અધિક ઉપકાર થાય ઈત્યાદિ મુખ્ય-ગૌણ ભાવ સમજવો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**- '**मूलगुणोत्तरगुणपरिशुद्धां**' तथा '**स्त्रीपशुपण्डकविवर्ज्जितां वसतिं सेवेत सर्वकालं, विपर्यये**' अशुद्धस्त्र्यादिसंसक्तायां वसतौ '**भवन्ति दोषा**' इति गाथार्थः ॥ ७०६ ॥

**વસતિદ્વાર**

**હવે વસતિનો વિધિ કહે છે—**

સાધુએ સદા મૂલગુણ-ઉત્તરગુણથી પરિશુદ્ધ અને સ્ત્રી-પશુ-પંડકથી રહિત વસતિમાં રહેવું જોઈએ, અશુદ્ધ અને સ્ત્રીઆદિના સંસર્ગવાળી વસતિમાં રહેવાથી દોષો થાય છે. [૭૦૬]

तत्र मूलगुणदुष्टामाह-

**पट्ठीवंसो दो धारणाउ चत्तारि मूलवेलीओ ।**
**मूलगुणेहुववेआ, एसा उ अहागडा वसही ॥ ७०७ ॥**

**वृत्तिः**- '**पृष्ठिवंशो**' मध्यवलकः '**धारिण्यौ**' यत्प्रतिष्ठः असावेव '**चतस्त्रो मूलवेल्यः**' चतुर्षु पार्श्वेषु मूलगुणैरुपेतेति, एतदपि यत्र साधून् मनस्याधाय कृतमियं '**मूलगुणैरुपपेता**', न तु शुद्धा, तथा चाह-'**एषा आधाय कृता वसतिः**' आधाकर्म्मिकीत्यर्थः, अन्ये तु व्याचक्षते- पृष्ठिवंशो द्वे धारणे चतस्त्रो मूलवेल्य इति पूर्ववत्, मूलगुणैरुपपेतेत्येतत् साधून् मनस्याधाय न कृतं यत्र एषा यथाकृता वसतिः, शुद्धेत्यर्थः, एतच्चायुक्तं, वसतिदोषप्रतिपादनाधिकारात्, तथा यथाकृतत्वासम्भवात्, मूलगुणैरुपेतेत्येतत्साधून् मनस्याधाय न कृतमित्यन्यकारणापत्तेः, अन्यथा विशेषणवैयर्थ्यात्, तस्मिंश्च सति यथाकृतत्वानुपपत्तेरित्यलं प्रसङ्गेनेति गाथार्थः ॥ ७०७ ॥

**તેમાં કેવી વસતિ મૂલગુણથી દુષ્ટ છે તે કહે છે—**

(વસતિ મૂલગુણોથી યુક્ત અને ઉત્તરગુણોથી યુક્ત એમ બે પ્રકારની છે. તેમાં પૃષ્ઠિવંશ = મોભમાં મધ્યભાગમાં આડું રાખેલું લાકડું, જેના ઉપર પૃષ્ઠવંશ રાખવામાં આવે છે તે બે ઊભા થાંભા, એક થાંભાની બે બાજુ બે વળી અને બીજા થાંભાની બે બાજુ બે વળી એમ ચારવળી, -આ સાત વસ્તુ મકાનના આધારભૂત હોવાથી મૂલગુણ કહેવાય છે.) જે વસતિમાં પૃષ્ઠિવંશ, બે થાંભા અને ચાર વળી એ સાત હોય તે વસતિ મૂલગુણોથી યુક્ત છે. (एसा उ अहागडा वसहि =) પૃષ્ઠિવંશ વગેરે જેમાં સાધુ માટે બનાવ્યા હોય તે વસતિ મૂલગુણ યુક્ત છે, પણ શુદ્ધ નથી=આધાકર્મિકી છે.

બીજાઓ एसा उ अहागडा वसहि એ પદોનો અર્થ આ પ્રમાણે કરે છે- પૃષ્ઠિવંશ વગેરે જેમાં સાધુ માટે ન બનાવ્યા હોય તે વસતિ યથાકૃત = શુદ્ધ છે. તેઓનો કરેલો આ અર્થ યુક્ત નથી. કારણ કે અહીં વસતિદોષોના પ્રતિપાદનનો અધિકાર હોવાથી વસતિ યથાકૃત=શુદ્ધ છે એવો અર્થ ન કરવો જોઈએ. (વસતિ દોષિત છે એવો અર્થ કરવો જોઈએ.) મૂલગુણોથી યુક્ત વસતિ સાધુ માટે નથી કરી એનો અર્થ એ થયો કે (अन्यकारणापत्तेः) બીજા માટે બનાવી છે. વસતિ બીજા માટે બનાવી છે એવો અર્થ ન કરવામાં આવે તો અહાગડા (= यथाकृता) એવું વિશેષણ વ્યર્થ બને. (तस्मिंश्च सति यथाकृतत्वानुपपत्तेः) જો વિશેષણ વ્યર્થ બને તો વસતિ યથાકૃત=શુદ્ધ છે એવો અર્થ ન ઘટી શકે. [૭૦૭]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उत्तरगुणेषु मूलगुणान् प्रतिपादयन्नाह–

**वंसगकडणोक्कंपणछावणलेवणदुवारभूमीए ।**
**सप्परिकम्मा वसही, एसा मूलुत्तरगुणेसु ॥ ७०८ ॥**

**वृत्ति:**- अत्र वृद्धव्याख्या-'**वंसग**' इति दंडका कुड्डाण '**कडणं**' डंडगोवरि ओलवणी '**उक्कंपणं**' दर्ब्भादिना ऽऽच्छायणं' कुड्डाण '**लेवणं**' बाहल्लाइकरणं '**दुवारस्स**' विसमाए समीकरणं '**भूमिकम्मं**', एसा '**सपरिकम्मा**' उत्तरगुणेसु, एए '**मूलोत्तरगुणा**' इत्यर्थः ॥ ७०८ ॥

**(ઉત્તરગુણોમાં મૂલ ઉત્તરગુણો અને ઉત્તર ઉત્તરગુણો એવા બે ભેદો છે. તેમાં અહીં) ઉત્તરગુણોમાં મૂલ (ઉત્તર) ગુણો જણાવે છે–**

અહીં વૃદ્ધોએ કરેલી વ્યાખ્યા આ પ્રમાણે છે. વંશક = ભીંત ઉપર આડા મૂકેલા દાંડા (= વાંસડા). કટન = મકાનને ઢાકવા દાંડા ઉપર નાખેલી સાદડી (ચટાઈ). અવકંબન = છત બાંધવા દાંડાઓને બાંધવા. છાદન = ઘાસ વગેરેથી ઢાંકવું. લેપન = ભીંતો લીંપવી. દ્વાર = (બારણું બનાવવું અથવા) બારણાને મોટું બનાવવું. ભૂમિ = ભોંયતળિયાની વિસમભૂમિને સમાન કરવી. સાધુ માટે આ સાત જેમાં બનાવ્યા હોય તેવી વસતિ ઉત્તરગુણોમાં સપરિકર્મ છે, અર્થાત્ મૂલ ઉત્તરગુણોથી અશુદ્ધ છે. [૭૦૮]

**दूमिअ धूमिअ वासिअ, उज्जोविअ बलिकडा अवत्ता य ।**
**सित्ता समट्ठाऽविअ, विसोहिकोडीगया वसही ॥ ७०९ ॥**

**वृत्ति:**- इमे उत्तरोत्तरगुणा विसोहिकोडिट्ठिया वसहीए उवघायकरा-'**दूमितं**' उल्लोइयं, दुग्गंधाए धूवाइणा '**धूवणं**', दुग्गंधाए चेव पडवासादिणा '**वासणं**', रयणपईवाइणा '**उज्जोवणं**', कूराइणा '**बलीकरणं**', छगणमाट्टिएण पाणिएण '**अवत्ता**', उदगेण केवलं '**सित्ता, सम्मृष्टा**' संमार्जिता इत्यर्थः, '**विसोहिकोडिं गया वसहि**'त्ति अविसोहिकोडिए ण होइत्ति वुत्तं हवइ, वृद्धव्याख्यया गाथाद्वयार्थः ॥ ७०९ ॥

(મૂલ ગુણોના સાત અને મૂલ ઉત્તરગુણોના સાત એ ચૌદ દોષો અવિશુદ્ધિ કોટિ છે. અવિશુદ્ધિકોટિ એટલે તે તે દોષિત ભાગ કાઢી નાખવા છતાં તે મકાન નિર્દોષ ન થાય. ઉત્તર ઉત્તરગુણો વિશુદ્ધકોટિ છે. વિશુદ્ધિકોટિ એટલે તે તે દોષિત ભાગ કાઢી નાખવાથી તે મકાન નિર્દોષ થાય.)

વસતિનો ઉપઘાત કરનારા વિશુદ્ધિકોટિ ઉત્તર ઉત્તરગુણો આ છે-**દૂમિતા** = ચૂના વગેરેથી સફેદ કરેલી. **ધૂમિતા** = દુર્ગંધવાળી હોવાથી ધૂપ વગેરેથી ધૂપેલી. **વાસિતા** = દુર્ગંધવાળી હોવાથી સુગંધી ચૂર્ણ વગેરેથી વાસિત કરેલી. **ઉદ્યોતિતા** = રત્ન, દીપક આદિથી પ્રકાશવાળી કરેલી. **બલિકૃતા** = જેમાં ચોખા આદિથી બલિ કર્યો હોય. **આવર્તા** = છાણ-માટી-પાણીથી લીંપેલી. **સિક્તા** = જેમાં માત્ર પાણી છાંટ્યું હોય. **સંમૃષ્ટા** = (સાવરણી આદિથી) સાફ કરેલી. આવી વસતિ વિશુદ્ધિકોટિ છે, અર્થાત્ અવિશુદ્ધિકોટિ નથી. આ પ્રમાણે વૃદ્ધોએ કરેલી વ્યાખ્યાથી બે ગાથાનો અર્થ કહ્યો. [૭૦૯]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**चाउस्सालाईए, विन्नेओ एवमेव उ विभागो ।**

**इह मूलाइगुणाणं, सक्खा पुण सुण ण जं भणिओ ॥ ७१० ॥**

**वृत्तिः**- '**चतुःशालाद्यायां**' वसतौ '**विज्ञेयः एवमेव तु विभागः, इह**' तन्त्रे '**मूलादि-गुणानाम्**', आह-इहैव साक्षात् किं नोक्त इत्यत्राह-'**साक्षात् पुनः शृणुत यद्भणितो न**'-येन कारणेन नोक्त इति गाथार्थः ॥ ७१० ॥

**विहरंताणं पायं, समत्तकज्जाण जेण गामेसुं ।**

**वासो तेसु अ वसही, पट्ठाइजुआ तओ तासिं ॥ ७११ ॥**

**वृत्तिः**- विहरतां प्रायः साधूनां समाप्तकार्याणां स्वगच्छ एव श्रुतापेक्षया येन कारणेन ग्रामादिषु वासः व्याक्षेपपरिहारार्थं, तेषु च ग्रामादिषु वसतिः पृष्ठीवंशादियुक्तैव भवति, ततस्तासामेव वसतीनां साक्षाद्भणनमिति गाथार्थः ॥ ७११ ॥

ચતુઃશાલા વગેરે પ્રકારની વસતિ વિષે પણ શાસ્ત્રમાં કહેલો મૂલ વગેરે ગુણોનો વિભાગ આ (૬૫૨) પ્રમાણે જ જાણવો.

**પ્રશ્ન**- ચતુઃશાલા વગેરે વસતિ સંબંધી મૂલગુણ વગેરેનો વિભાગ અહીં જ સાક્ષાત્ કેમ ન કહ્યો ?

ઉત્તર- તેનું કારણ સાંભળો ! સ્વગચ્છમાં જ જેમની શ્રુતજ્ઞાનની સિદ્ધિ થઈ ગઈ છે, તે સાધુઓ સાધનામાં વિક્ષેપ ન થાય એ માટે પ્રાયઃ ગામડા વગેરેમાં વિચરતા હોવાથી તેમનો વાસ પ્રાયઃ ગામડા વગેરેમાં થાય છે, અને તે ગામડા વગેરેમાં પૃષ્ઠીવંશાદિયુક્ત જ વસતિ હોય છે, આથી પૃષ્ઠીવંશાદિયુક્ત જ વસતિના મૂલગુણાદિનો વિભાગ સાક્ષાત્ કહ્યો. [૭૧૦-૭૧૧]

इदानीं सामान्यत एव वसतिदोषान् प्रतिपादयन्नाह-

**कालाइक्कंत १ उवट्ठावणा २ ऽभिकंत ३ अणभिकंता ४ य ।**

**वज्जा ५ य महावज्जा ६ सावज्ज ७ मह ८ प्पकिरिया ९ य ॥ ७१२ ॥**

**वृत्तिः**- '**कालमतिक्रान्ता**' कालातिक्रान्ता, उप-सामीप्येन स्थानं यस्यां '**सोपस्थाना, अभिक्रान्ता**' अन्यैः, '**अनभिक्रान्ता**' तैरेव, चः समुच्चये, '**वर्ज्या**' तदन्यकर्तृणां, '**महावर्ज्या**' परलोकपीडया, '**सावद्या महासावद्या**' श्रमणसाधुनिश्राभेदेन, '**अल्पक्रिया**' च-निरवद्यैवेति गाथासमासार्थः ॥ ७१२ ॥

**હવે સામાન્યથી જ વસતિના દોષો જણાવે છે—**

કાલાતિક્રાન્તા, ઉપસ્થાપના, અભિક્રાન્તા, અનભિક્રાન્તા, વર્જ્યા, મહાવર્જ્યા, સાવદ્યા, મહાસાવદ્યા અને અલ્પક્રિયા એમ વસતિના નવ ભેદો છે. જે કાલને ઓળંગી ગઈ છે તે કાલાતિક્રાન્તા, જેનું નજીકમાં સ્થાન છે તે ઉપસ્થાપના, જે બીજાઓથી અભિક્રાન્ત થયેલી છે = સેવાયેલી છે તે અભિક્રાન્તા, જે બીજાઓથી અભિક્રાન્ત થયેલી નથી = સેવાયેલી નથી તે અનભિક્રાન્તા, પ્રસ્તુત વસતિ સિવાય બીજી વસતિ કરનારાઓ પ્રસ્તુત વસતિને છોડી દે તે વર્જ્યા,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જે વસતિના સેવનથી પરલોકમાં દુઃખ આવે તે મહાવર્જ્યા, જે પાંચ પ્રકારના શ્રમણો માટે કરી હોય તે સાવદ્યા, જે (જૈન) સાધુઓ માટે જ કરી હોય તે મહાસાવદ્યા, જે વસતિ નિર્દોષ હોય તે અલ્પક્રિયા = નિરવદ્ય જ છે. ગાથાનો આ સંક્ષેપથી અર્થ છે. [૭૧૨]

अवयवार्थं त्वाह-

**उउ मासं समईआ, कालाईआ उ सा भवे सिज्जा ।**

**सा चेव उवट्ठाणा, दुगुणा दुगुणं अवज्जित्ता ॥ ७१३ ॥**

**वृत्ति:**- '**ऋता**'विति ऋतुबद्धे '**मासं समतीता**' या निवासेन उपलक्षणाद्वर्षाकाले वा चतुरो मासान् समतीता तु '**कालातीतैव सा भवेच्छय्या**', शय्येति वसतिः,अन्ये तु पाठान्तरमित्थं व्याचक्षते-ऋतुवर्षयोः समतीता निजं कालम्-ऋतुबद्धे मासं वर्षाकाले चतुर इति, शेषं मूलवत्, '**सैवोपस्थाना**' सैव-मासादिकल्पोपयुक्ता उपस्थानवती भवति, कथमित्याह-'**तद्द्विगुणद्विगुण**'-मित्युभयकालसम्परिग्रहार्थं वीप्सा, '**अवर्ज्जयित्वा**' अपरिहृत्य, मासकल्पे मासद्वयं वर्ज्जनीया, वर्षावस्थाने चतुर्म्मासिकद्वयमिति गाथार्थः ॥ ७१३ ॥

**जावंतिआ उ सिज्जा, अन्नेहि निसेविआ अभिक्कंता ।**

**अन्नेहि अपरिभुत्ता, अणभिक्कंता उ पविसंतो ॥ ७१४ ॥**

**वृत्ति:**- '**यावतामियं**' यावत्का यावत्कैव '**शय्या**' नान्या '**अन्यैः**' चरकादिभि '**र्निषेविता**' सती '**अभिक्रान्तो**'च्यते, सैव '**अन्यैरपरिभुक्ता**' सती '**अनभिक्रान्तै**'व, न सन्निधिमात्रेणैवेत्याह-'**प्रविशतः**' सतः इत्थम्भूतेति गाथार्थः ॥ ७१४ ॥

**अत्तट्ठकडं दाउं, जईण अन्नं करिंति वज्जा उ ।**

**जम्हा तं पुव्वकडं, वज्जंति तओ भवे वज्जा ॥ ७१५ ॥**

**वृत्ति:**- '**आत्मार्थकृतां दत्त्वा यतिभ्यः**' साधुभ्यो'**ऽन्यां करोति वर्ज्यैव, यस्मात् तां पूर्वकृतां वर्ज्जयन्ति**' परदानेन, '**ततो भवेद्वर्ज्ये**'ति गाथार्थः ॥ ७१५ ॥

**पासंडकारणा खलु, आरंभो अहिणवो महावज्जा ।**

**समणट्ठा सावज्जा, महसावज्जा य साहूणं ॥ ७१६ ॥**

**वृत्ति:**- '**पाषण्डकारणात् खलु आरम्भोऽभिनव**' एव वसतिविषयो यस्यां सो '**महावर्ज्जा, श्रमणार्थ**'मारम्भो यस्यां सा '**सावद्या, महासावद्या च साधूनाम**'र्थे आरम्भो यस्यां, निर्ग्रन्थादयः श्रमणा इति गाथार्थः ॥ ७१६ ॥

**जा खलु जहुत्तदोसेहिँ वज्जिआ कारिआ सयट्ठाए ।**

**परिकम्मविप्पक्का, सा वसही अप्पकिरिया उ ॥ ७१७ ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**- '**या खल्वि**'ति या पुन'**र्यथोक्तदोषैर्वर्जिता कारिता स्वार्थं**' गृहस्थैः '**परिकर्म्म-विप्रमुक्ता**' उत्तरगुणानाश्रित्य'**सा वसतिरल्पक्रियैव**', अल्पशब्दोऽभाववाचक इति गाथार्थः ॥७१७॥

**વિસ્તારથી અર્થ તો ગ્રંથકાર સ્વયં કહે છે–**

જે વસતિમાં ચોમાસામાં ચાર મહિનાથી અધિક કાળ અને શેષ કાળમાં એક મહિનાથી અધિક કાળ રહેવામાં આવે તે વસતિ કાલાતિક્રાન્તા છે. (બીજાઓ उउ मासं પાઠના સ્થાને उउ वासा એવા પાઠાંતર પ્રમાણે ઉક્ત અર્થ કરે છે.) શેષ કાળમાં બે મહિના પહેલાં અને ચાતુર્માસમાં આઠ મહિના પહેલાં ફરી તે જ વસતિમાં આવે તો તે વસતિ ઉપસ્થાના છે. [૭૧૩] જે વસતિ સર્વસામાન્ય હોય = જે કોઈ આવે તેના માટે હોય તે વસતિમાં ચરક વગેરે અથવા ગૃહસ્થો રહ્યા હોય અને સાધુઓ રહે તો તે વસતિ અભિક્રાન્તા છે. તે (= સર્વસામાન્ય) જ વસતિનો બીજા કોઈએ ઉપયોગ ન કર્યો હોય અને સાધુઓ રહે તો તે વસતિ અનભિક્રાન્તા છે. [૭૧૪] ગૃહસ્થ પોતાના માટે કરેલી વસતિ સાધુને આપી દે અને પોતાના માટે નવી બનાવીને તેમાં રહે તો સાધુને આપેલી તે વસતિ વર્જ્યા છે. [૭૧૫] શ્રમણ, બ્રાહ્મણ વગેરે સર્વ પાંખડીઓ માટે નવી બનાવેલી વસતિ મહાવર્જ્યા છે. પાંચ પ્રકારના શ્રમણો માટે નવી બનાવેલી વસતિ સાવદ્યા છે. નિર્ગ્રંથ (જૈન સાધુઓ), શાક્ય (બૌદ્ધ સાધુ), તાપસ (જટાધારી વનવાસી સંન્યાસી), ગૈરુક (ગેરુથી રંગેલા વસ્ત્રો પહેરનાર ત્રિદંડી) અને આજીવક (ગોશાળાના મતને અનુસરનાર) આ પાંચ શ્રમણ છે. કેવળ જૈન સાધુઓ માટે નવી બનાવેલી વસતિ મહાસાવદ્યા છે. [૭૧૬] જે વસતિ ઉપર્યુક્ત દોષોથી રહિત હોય, ગૃહસ્થે પોતાના માટે કરાવી હોય, ઉત્તરગુણો સંબંધી પરિકર્મથી રહિત હોય, તે વસતિ અલ્પક્રિયા છે. અહીં અલ્પ શબ્દ અભાવવાચક છે. [૭૧૭]

જૈનમ્ જયતિ શાસનમ્

स्वार्थमिति विशेषतोऽप्याचष्टे-

**एत्थ य सट्ठा णेआ, जा णिअभोगं पडुच्च कारविआ ।**

**जिणबिंबपइट्ठत्थं, अहवा तक्कम्मतुल्लत्ति ॥ ७१८ ॥**

**वृत्तिः**- '**अत्र स्वार्थं ज्ञेया**' वसतिः '**याऽऽत्मीयभोगं प्रतीत्य कारिता**' स्वामिना, '**जिन-बिम्बप्रतिष्ठार्थमथवा**' कारिता, '**तत्कर्म्मतुल्या**' जिना वा(जिनार्चा)कर्म्मतुल्येति गाथार्थः ॥७१८॥

**ઉપર सयट्ठाए ( स्वार्थ ) એમ કહ્યું, આથી 'स्वार्थ' શબ્દનો વિશેષ અર્થ કહે છે–**

જે વસતિ માલિકે પોતાનાં ઉપયોગ માટે કરાવી હોય, અથવા જિનબિંબની પ્રતિષ્ઠા કરવા માટે કરાવી હોય, અથવા જિનપૂજા જેવા કાર્યોમાં કામ આવે એ માટે કરાવી હોય, તે વસતિ સ્વાર્થ (પોતાના માટે બનાવેલી) છે. [૭૧૮]

अत्र स्वार्थशब्दघटनामाह-

**वयणाओ जा पवित्ती, परिसुद्धा एस एव सत्थोत्ति ।**

**अण्णेसिं भावपीडाहेऊओ अण्णहाऽणत्थो ॥ ७१९ ॥**

**वृत्तिः**- '**वचनाद्**' आगमात् '**या प्रवृत्तिः परिशुद्धा**' निरतिचारा, '**एष एव**' च '**स्वार्थः**', उभयलोकहितत्वाद्, '**अन्येषा**'मित्यत्र भावसाधूनां '**भावपीडाहेतुत्वात्**' चारित्रपीडानिमित्तत्वेन, '**अन्यथा**' वचनबाह्यया प्रवृत्त्या '**ऽनर्थः**' परमार्थत इति गाथार्थः ॥ ७१९ ॥

અહીં '**स्वार्थ**' શબ્દની ઘટના (= શબ્દ ઉપરથી નીકળતો અર્થ) કહે છે–

આગમ અનુસાર જે નિરતિચાર પ્રવૃત્તિ થાય એ જ (સ્વનો = પોતાનો અર્થ = કાર્ય) સ્વાર્થ છે. કારણ કે તેનાથી ઉભયલોકનું હિત થાય છે.

**પ્રશ્ન**- સાધુ માટે વસતિ બનાવે, સાધુ તે વસતિમાં આત્મસાધના કરે; આથી ઉભયલોકનું હિત થાય, માટે સાધુ માટે વસતિ બનાવવી એ પણ સ્વાર્થ છે.

**ઉત્તર**- (अण्णेसि.......) સાધુ માટે વસતિ બનાવવામાં આગમ બાહ્ય પ્રવૃત્તિ થતી હોવાથી અને સાધુઓની ચારિત્રપીડામાં (ચારિત્ર વિરાધનામાં) નિમિત્ત બનવાથી સાધુ માટે વસતિ બનાવવી એ સ્વાર્થ નથી, કિંતુ અનર્થ છે. [૭૧૯]

स्त्र्यादिविवर्ज्जितां प्रतिपादयन्नाह-

**थीवज्जिअं विआणह, इत्थीणं जत्थ ठाणरूवाइं ।**

**सद्दा य ण सुव्वंती, तावि अ तेसिं न पिच्छंति ॥ ७२० ॥**

**वृत्तिः**- '**स्त्रीवर्जितां विजानीत, स्त्रीणां यत्र स्थानरूपे**', न दृश्येते इति वाक्यशेषः, '**शब्दाश्च न श्रूयन्ते**' यत्र, '**ता अपि च**'-स्त्रिय'**स्तेषां**'-पुरुषाणां '**न पश्यन्ति**' स्थानरूपे न श्रृण्वन्ति च शब्दानिति गाथार्थः ॥ ७२० ॥

વસતિ સ્ત્રી આદિથી રહિત જોઈએ એ વિષે જણાવતા ગ્રન્થકાર કહે છે–

જ્યાં સ્ત્રીઓનાં સ્થાન અને રૂપ ન દેખાય, શબ્દો ન સંભળાય, તથા સ્ત્રીઓ પણ પુરુષોનાં સ્થાન અને રૂપ ન જોઈ શકે અને શબ્દો ન સાંભળી શકે, તે વસતિ સ્ત્રીવર્જિત જાણવી. [૭૨૦]

एतदेव व्याचष्टे-

**ठाणं चिट्ठंति जहिं, मिहोकहाईहिं नवरमित्थीओ ।**

**ठाणे निअमा रूवं, सिअ सद्दो जेण तो वज्जं ॥ ७२१ ॥**

**वृत्तिः**- '**स्थानं यत्र तिष्ठन्ति मिथः-कथादिभिर्नवरं स्त्रियः**', मिथःकथा-रहस्याः, आदिशब्दात् शारीरस्थित्यादिपरिग्रहः, '**स्थाने नियमाद्रूपं, स्याच्छब्दः**' कदाचिन्न भवत्यपि विप्रकृष्टे, '**येन**' एतदेवं '**ततो वर्ज्यं**' स्थानमिति गाथार्थः ॥ ७२१ ॥

આ જ વિષય કહે છે–

સ્ત્રીઓ જ્યાં બેસીને ગુપ્ત વાતો કરે તથા સૂવું-બેસવું વગેરે શરીર કાર્યો વગેરે કરે તે તેઓનું સ્થાન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. જ્યાં સ્થાન હોય ત્યાં નિયમા રૂપ હોય = રૂપ દેખાય, સ્થાન દૂર હોય તો કદાચ શબ્દ ન પણ સંભળાય, પણ રૂપ અવશ્ય દેખાય. આથી સ્થાન દેખાય તેવી વસતિનો ત્યાગ કરવો જોઈએ. [૭૨૧]

अत्रैव दोषमाह-

**बंभवयस्स अगुत्ती, लज्जाणासो अ पीइवुड्ढी अ ।**

**साहु तवो वणवासो, निवारणं तित्थपरिहाणी ॥ ७२२ ॥**

**वृत्तिः**- तत्र हि **'ब्रह्मव्रतस्यागुप्ति'**र्भवति, प्रतिषिद्धवसतिनिवासात्, **'लज्जानाशश्च'** भवति, आसक्तदर्शनेन **'प्रीतिवृद्धिश्च'** भवति, जीवस्वाभाव्यात्, **'साधु तपो वनवास'** इति लोके गर्हा, **'निवारणं'** तद्द्रव्यान्यद्रव्याणां, **'तीर्थपरिहाणि'**र्लोकाप्रवृत्त्येति गाथार्थः ॥ ७२२ ॥

**સ્થાન દેખાય તેવી વસતિમાં રહેવાથી થતા દોષો કહે છે–**

પ્રતિષિદ્ધ વસતિમાં રહેવાથી બ્રહ્મચર્યનો ભંગ થાય, પરસ્પર લજ્જાનો નાશ થાય, આસક્તિપૂર્વક વારંવાર જોવાથી પ્રેમ વધે, કારણ કે જીવનો તેવો સ્વભાવ છે, લોકો 'અહો ! આ સાધુઓ તપોવનમાં રહે છે' એમ મશ્કરી-નિંદા કરે, લોકો વસતિ અને બીજી વસ્તુઓ સાધુઓને ન આપે, લોકો સાધુ પાસે આવતા બંધ થાય એથી (નવા જીવો ધર્મમાં ન જોડાવાથી) તીર્થનો વિચ્છેદ થાય. [૭૨૨]

विशेषतः स्थानादिदोषानाह-

**चंकमिअं ठिअमुट्ठिअं च विप्पेक्खिअं च सविलासं।**

**सिंगारे अ बहुविहे, दट्ठुं भुत्तेअरे दोसा ॥ ७२३ ॥**

**वृत्तिः**- **'परिष्वष्कितं स्थितमोहायितं च विप्रेक्षितं च सविलासं'** सविभ्रमं **'शृङ्गारांश्च बहुविधान्'**-विशिष्टचेष्टा(वेषा)दीन् **'दृष्ट्वा भुक्तेतरयोर्दोषाः'**-स्मृत्यादय इति गाथार्थः ॥ ७२३ ॥

**સ્થાનાદિથી થતા દોષોને વિશેષથી કહે છે–**

સ્ત્રીઓની લીલાપૂર્વકની ચાલ, ઊભા રહેવું, અંગો મરડવા, અર્ધી આંખ કે કટાક્ષ વગેરેથી જોવું, ભવાં ચઢાવવાં, હસતું મોઢું, શણગારો વગેરે અનેક પ્રકારની સ્ત્રીઓની વિશિષ્ટ ચેષ્ટાઓ જોઈને ભુક્તભોગી સાધુઓને સ્મૃતિ વગેરે અને અભુક્તયોગી સાધુઓને કૌતુક વગેરે દોષો થાય. [૭૨૩]

तद्गतानाह-

**जल्लमलपंकिआणवि, लावन्नसिरी उ जह सि देहाणं ।**

**सामन्नेऽवि सुरूवा, सयगुणिआ आसि गिहवासे ॥ ७२४ ॥**

**वृत्तिः**- **'जल्लमलपङ्क्तितानामपि'** बहुलमलस्निग्धाङ्गानामपीति भावः, **'लावण्यश्रीर्यथैषां'** साधु **'देहानां श्रामण्येऽपि सरूपा'** तथैवमहं मन्ये **'शतगुणा आसीद् गृहवास'** इति गाथार्थः ॥ ७२४ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રૂપદર્શનથી સ્ત્રીઓમાં થતા દોષો કહે છે—

(રૂપાળા સાધુઓને જોઈને સ્ત્રી વિચારે કે) સાધુઓના શરીરના અંગો અતિશય [1]મળથી ખરડાયેલા હોય છે, અભ્યંગ, ઉદ્વર્તન, સ્નાન વગેરેથી રહિત હોય છે, છતાં સાધુપણામાં પણ શરીરની લાવણ્ય શોભા અત્યંત રૂપાળી દેખાય છે. આથી હું માનું છું કે ખરેખર આ સાધુઓની લાવણ્ય શોભા ગૃહવાસમાં શતગણી હતી. [૭૨૪]

शब्ददोषानाह–

**गीयाणि अ पढिआणि अ, हसिआणि य मंजुला य उल्लावा ।**

**भूसणसद्दे राहस्सिए अ सोऊण जे दोसा ॥ ७२५ ॥**

**वृत्तिः-** '**गीतानि च पठितानि च हसितानि च मञ्जुलांश्च**' मधुराँ **श्चोल्लापान् भूषणशब्दान्**' [2]'**राहस्यांश्च श्रुत्वा**' तथा तेन भुक्तेतरप्रकारेण '**ये दोषा**' इति गाथार्थः ॥ ७२५ ॥

શબ્દ શ્રવણથી થતા દોષો કહે છે—

સ્ત્રીઓનાં ગીતો, વચનો, હાસ્યો, મધુર સંભાષણો, અલંકારના શબ્દો અને રાહસ્યોને સાંભળીને ભુક્તભોગી સાધુને સ્મૃતિ વગેરે અને અભુક્તભોગીને કૌતુક વગેરે દોષો થાય. [૭૨૫]

तद्गतानाह–

**गंभीरमहुरफुडविसयगाहगा सुस्सरो सरो जेसिं ।**

**सज्झायस्स मणहरो, गीअस्स णु केरिसो होइ ? ॥ ७२६॥**

**वृत्तिः-** '**गम्भीरो मधुरस्फुटो विशदः ग्राहकः सुस्वरः स्वरो यथैषां**' साधूनां '**स्वाध्यायस्य मनोहारी, गीतस्य तु कीदृशः भवति ?**', शोभनतर इति गाथार्थः ॥ ७२६ ॥

શબ્દશ્રવણથી સ્ત્રીઓમાં થતા દોષો કહે છે—

(સાધુના મધુર શબ્દો સાંભળીને સ્ત્રી વિચારે કે) સાધુઓના સ્વાધ્યાયનો પણ સ્વર ગંભીર, મધુર, સ્પષ્ટ, મોટો, આકર્ષક અને સુંદર રાગવાળો છે, આથી જ મનોહર છે, તો પછી તેમના ગીતનો તો સ્વર કેવો હશે ? અત્યંત સુંદર હશે. [૭૨૬]

**एवं परोप्परं मोहणिज्जदुव्विजयकम्मदोसेणं ।**

**होइ दढं पडिबंधो, तम्हा तं वज्जए ठाणं ॥ ७२७ ॥**

**वृत्तिः-** '**एवम्**' उक्तेन प्रकारेण '**परस्परं मोहनीयदुर्विजयकर्म्मदोषेण भवति दृढं प्रतिबन्धः**', यस्मादेवं '**तस्मात्**' स्त्रीप्रतिबद्धं '**वर्जयेत्स्थानमि**'ति गाथार्थः ॥ ७२७ ॥

१. जल्लः कठिनीभूतः, मलः पुनरुद्वर्तितः सन्नपगच्छति । બૃ. ક. ઉ. ૧. ગા. ૨૫૯૯.

२. राहसिकाः- पुरुषेण परिभुज्यमानायाः स्त्रिया स्तनितादयः शब्दा इत्यर्थः । બૃ. ક. ઉ. ૧. ગા. ૨૬૦૦.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**पसुपंडगेसुवि इहं, मोहाणलदीविआण जं होइ ।**

**पायमसुहा पवित्ती, पुव्वभवऽब्भासओ तहय ॥ ७२८ ॥**

**वृत्तिः**- '**पशुपण्डकेष्वपि इह**' लोके '**मोहानलदीपितानां**' सत्त्वानां '**यद्**' यस्मात् '**भवति प्रायोऽशुभा प्रवृत्तिः, पूर्वभवाभ्यासतः तथा**' भवतीति गाथार्थः ॥ ७२८ ॥

**तम्हा जहुत्तदोसेहिँ वज्जिअं निम्ममो निरासंसो ।**

**वसहिं सेविज्ज जई, विवज्जए आणमाईणि ॥ ७२९ ॥ दारं ॥**

**वृत्तिः**- यस्मादेवं '**तस्माद्यथोक्तदोषैर्वर्जितां**' वसतिं '**निर्ममो**' ममत्वशून्यः '**निराशंसः**' इहलोकादिषु '**वसतिं सेवेत यतिः**' साधुः, '**विपर्यये आज्ञादयो**' दोषा इति गाथार्थः ॥ ७२९ ॥

આ પ્રમાણે દુર્જેય મોહનીયકર્મના દોષથી પરસ્પર ગાઢ રાગ થાય, આથી સ્ત્રી-પ્રતિબદ્ધ વસતિનો ત્યાગ કરવો. લોકમાં મોહાગ્નિથી બળેલા જીવોની પશુ અને નપુંસકોના નિમિત્તથી પણ પૂર્વભવના અભ્યાસથી અશુભપ્રવૃત્તિ થાય છે. આથી મમત્વથી રહિત અને આ લોક (= આ લોકના સુખ) આદિમાં નિરાશંસ સાધુ ઉપર્યુક્ત દોષોથી રહિત વસતિમાં રહે, દોષિત વસતિમાં રહેવાથી આજ્ઞાભંગ વગેરે દોષો લાગે. [૭૨૭ થી ૭૨૯]

જૈન સાઈટ JAINSITE.com જ્ઞાન જ્યોત શાસનમ્

संसर्गद्वार

संसर्गदोषमाह-

**वज्जिज्ज य संसग्गं, पासत्थाईहिं पावमित्तेहिं ।**

**कुज्जा य अप्पमत्तो, सुद्धचरित्तेहिं धीरेहिं ॥ ७३० ॥**

**वृत्तिः**- '**वर्जयेच्च** '**संसर्गं**'सम्बन्धमित्यर्थः, कैरित्याह-'**पार्श्वस्थादिभिः** '**पापमित्रैः**' अकल्याणमित्रैः सह, '**कुर्याच्च**' संसर्गं '**अप्रमत्तः**' सन् '**शुद्धचारित्रैर्धीरैः**' साधुभिः सहेति गाथार्थः ॥ ७३० ॥

સંસર્ગથી થતા દોષો કહે છે-

સાધુ અપ્રમત્ત બનીને અકલ્યાણમિત્ર પાસત્થા આદિની સાથે સંબંધ ન રાખે અને ધીર અને શુદ્ધચારિત્રી સાધુઓની સાથે સંબંધ રાખે. [૭૩૦]

किमित्येतदेवमिति ?, अत्राह-

**जो जारिसेण मित्तिं, करेइ अचिरेण तारिसो होइ ।**

**कुसुमेहिँ सह वसंता तिलावि तग्गंधिया हुंति ॥ ७३१ ॥**

**वृत्तिः**-'**यः**' कश्चित्'**यादृशेन**' येन केनचित् सह'**मैत्रीं**' संसर्गरूपां'**करोति**' सोऽचिरेण **तादृशो भवति**', अत्र निदर्शनमाह-'**कुसुमैः सह वसन्तः**' सन्त'**स्तिला अपि तद्गन्धिनो भवन्ति**'-कुसुमगन्धिन एवेति गाथार्थः ॥ ७३१ ॥

www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

આ કરવાનું શું કારણ ? એ જણાવે છે–

જે જેવાની સાથે મૈત્રી=સંબંધ કરે છે તે જલદી તેના જેવો થાય છે. ફૂલોની સાથે રહેલા તલ પણ પુષ્પના ગંધવાળાં જ બની જાય છે. [૭૩૧]

अत्राह–

**सुचिरंपि अच्छमाणो, वेरुलिओ कायमणिअउम्मीसो ।**

**न उवेइ कायभावं, पाहण्णगुणेण निअएणं ॥ ७३२ ॥**

**वृत्तिः**– '**सुचिरमपि**' प्रभूतमपि कालं '**तिष्ठन्**' '**वैडूर्यो**' मणिविशेषः काचाश्च ते मणयश्च काचमणयः कुत्सिताः काचमणयः काचमणिकाः तैः उत–प्राबल्येन मिश्रः '**काचमणिकोन्मिश्रः**' '**नोपैति**' न याति '**काचभावं**' काचधर्म्मं '**प्राधान्यगुणेन**' वैमल्यगुणेन '**निजेन**' आत्मीयेन, एवं सुसाधुरपि पार्श्वस्थादिभिर्न यास्यतीति गाथार्थः ॥ ७३२ ॥

તથા–

**सुचिरंपि अच्छमाणो, नलथंभो उच्छुवाडमज्झम्मि ।**

**कीस न जायइ महुरो ?, जइ संसग्गी पमाणं ते ॥ ७३३ ॥**

**वृत्तिः**– '**सुचिरमपि**' प्रभूतमपि कालं '**तिष्ठन्**' '**नलस्तम्बो**' वृक्षविशेषः '**इक्षुवाटमध्ये**' इक्षुसंसर्गात् '**किमिति न जायते मधुरः ?, यदि संसर्गी प्रमाणं तवेति**' गाथार्थः ॥ ७३३ ॥

અહીં પ્રશ્નકાર પ્રશ્ન કરે છે–

વૈડૂર્યમણિ ખરાબ કાચમણિની (= હલકા મણિની) સાથે લાંબા કાળ સુધી રહે છે, છતાં પોતાના નિર્મળગુણના પ્રભાવથી કાચ જેવો બની જતો નથી, એ પ્રમાણે સુસાધુ પણ પાસત્થા આદિની સાથે સંબંધ રાખવા છતાં તેમના જેવો નહિ બને. તથા જો તમે સંગને (સંગની અસર થાય છે એ નિયમને) પ્રમાણ માનો છો તો નલસ્તંબ વૃક્ષ શેરડીના વાડામાં શેરડીની સાથે રહેતો હોવાથી શેરડીના સંગથી મધુર કેમ બનતો [1]નથી ? [૭૩૨-૭૩૩]

अत्रोत्तरमाह–

**भावुग अभावुगाणि अ, लोए दुविहाणि होंति दव्वाणि ।**

**वेरुलिओ तत्थ मणी, अभावुगो अन्नदव्वेहिं ॥ ७३४ ॥**

**वृत्तिः**– भाव्यन्ते–प्रतियोगिना स्वगुणैरात्मभावमापाद्यन्त इति भाव्यानि–वेल्लुकादीनि प्राकृतशैल्या भावुकान्युच्यन्ते, अथवा प्रतियोगिनि सति तद्गुणापेक्षया तथाभवनशीलानि '**भावुकानि**', 'लषपतपदस्थाभूवृषे' त्यादावुकञ् ताच्छीलिकत्वादिति, तद्विपरीतानि '**अभाव्यानि**'–

१. ઓઘનિર્યુક્તિ ગાથા ૭૭૨ વગેરે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

वलनादीनि **'लोके द्विप्रकाराणि भवन्ति 'द्रव्याणि'** वस्तूनि, **'वैडूर्यस्तत्र मणिः अभाव्यो-ऽन्यद्रव्यैः'**-काचादिभिरिति गाथार्थः ॥ ७३४ ॥

स्यान्मतिः-

**जीवो अणाइनिहणो, तब्भावणभाविओ अ संसारे ।**

**खिप्पं सो भाविज्जइ, मेलणदोसाणुभावेण ॥ ७३५ ॥**

**वृत्तिः**- **'जीवो'**ऽप्येवंभूत एव भविष्यति, न पार्श्वस्थादिसंसर्गेण तद्भावं यास्यतीति, एतच्च असद्, यतः-'जीवः' प्राग्निरूपितशब्दार्थः, स हि **'अनादिनिधनः'**, अनाद्यपर्यन्त इत्यर्थः, **'तद्भावनाभावितश्च'** पार्श्वस्थाद्याचरितप्रमादादिभावनाभावित**श्च 'संसारे'** तिर्यग्नरनारकामर-भवानुभूतिलक्षणे, ततश्च तद्भावनाभावितत्वात् **'क्षिप्रं'** शीघ्रं **'स 'भाव्यते'** प्रमादादिभावनया आत्मीक्रियते **'मीलनदोषानुभावेन'** संसर्गदोषानुभावेनेति गाथार्थः ॥ ७३५ ॥

**अंबस्स य निंबस्स य, दोण्हंपि समागयाइं मूलाइं ।**

**संसग्गीएँ विणट्ठो, अंबो निंबत्तणं पत्तो ॥ ७३६ ॥**

**वृत्तिः**- अथ भवतो दृष्टान्तमात्रेण परितोषः ततो मद्विवक्षितार्थप्रतिपादकोऽपि दृष्टान्तोऽस्त्येव, श्रृणु, तिक्तनिम्बोदकवासितायां भूमावाम्रवृक्षः समुत्पन्नः, पुनस्तत्र **'आम्रस्य च निम्बस्य च द्वयोरपि 'समागते'** एकीभूते **'मूले'**, ततश्च **'संसक्त्या'** सङ्गत्या **'विनष्टः आम्रो निम्बत्वं प्राप्तः'**, तिक्तफलः संवृत्त इति गाथार्थः ॥ ७३६ ॥

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्

અહીં ઉત્તર આપે છે–

દ્રવ્યો ભાવુક અને અભાવુક એમ બે પ્રકારના છે. અન્યના સંગથી અન્ય જેવા બની જાય તે ભાવુક (-ભાવ્ય). અન્યનો સંગ થવા છતાં અન્ય જેવા ન બને તે અભાવુક (-અભાવ્ય). આમ્રવૃક્ષ વગેરે ભાવુક દ્રવ્યો છે. નલસ્તંબવૃક્ષ વગેરે અભાવુક દ્રવ્યો છે. વૈડૂર્યમણિ અન્ય કાચ વગેરેથી ભાવિત ન કરી શકાય તેવો અભાવુક દ્રવ્ય છે.

કદાચ કોઈને વિચાર આવે કે જીવ પણ અભાવુક જ હશે, જેથી પાસત્થા આદિના સંગથી પાસત્થા આદિ જેવો નહિ બની જાય, પણ તેમ નથી. કારણ કે જીવ અનાદિ અનંત છે, અને સંસારમાં રહેલ જીવ પાસત્થા આદિના સંગથી પાસત્થા આદિએ આચરેલ પ્રમાદાદિ ભાવોથી ભાવિત બને છે, આથી તે સંસર્ગદોષના પ્રભાવથી જલદી પ્રમાદાદિ ભાવોથી ભાવિત કરાય છે. હવે બીજી વાત. તમને માત્ર દૃષ્ટાંતથી સંતોષ થાય છે. એથી જેમ તમારા વિવક્ષિત અર્થનો સાધક દૃષ્ટાંત તમારી પાસે છે, તેમ અમારા વિવક્ષિત અર્થનો સાધક દૃષ્ટાંત પણ અમારી પાસે છે જ. તે દૃષ્ટાંત તમે સાંભળો. કડવા લીમડાના પાણીથી વાસિતભૂમિમાં આમ્રવૃક્ષ ઉત્પન્ન થયું, એ બંને વૃક્ષનાં મૂળિયાં ભેગાં થયાં. તેથી આંબો લીમડાના સંગથી કડવો = કડવા ફલવાળો થયો. [૭૩૪-૭૩૫-૭૩૬]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

दोषान्तरोपदर्शनेन प्रकृतमेव समर्थयन्नाह-

**संसग्गीए दोसा, निअमादेवेह होइ अक्किरिया ।**

**लोए गरिहा पावे, अणुमइमो तह य आणाई ॥ ७३७ ॥**

**वृत्तिः**- '**संसर्गात्**' संसक्तेर्वा, पार्श्वस्थादिभिः सहेति गम्यते, '**दोषा**' इमे '**नियमादेवेह**', या च यावती च '**भवत्यक्रिया**' तदुपरोधेन, तथा '**लोके गर्हा**' भवति-सर्व एवैते एवम्भूता इति, तथा '**पापेऽनुमति**'र्भवति पार्श्वस्थादिसम्बन्धिनी(नि), तत्सङ्गमात्रनिमित्तत्वादनुमतेः, '**तथा आज्ञादयश्च**' दोषा भवन्तीति गाथार्थः ॥ ७३७ ॥

**અન્ય દોષો બતાવવા પૂર્વક પ્રસ્તુત વિષયનું જ સમર્થન કરે છે–**

પાસત્થા આદિના સંગથી અહીં અવશ્ય આ (આ ગાથામાં જણાવ્યા છે તે) દોષો લાગે- (૧) પાસત્થા આદિના આગ્રહથી જે અને જેટલા પ્રમાણમાં અસદાચરણ થાય તે અને તેટલા પ્રમાણમાં દોષ લાગે. (૨) લોકમાં ટીકા-નિંદા થાય કે આ બધા જ આવા (અનુચિતવર્તનવાળા) છે. (૩) પાસત્થા આદિના પાપની અનુમોદના થાય. પાસત્થા આદિનો માત્ર સંગ પણ અનુમોદનાનું નિમિત્ત છે, અર્થાત્ મુખ આદિ દ્વારા તેમના પાપની પ્રશંસા વગેરે ન કરે તો પણ સંગ કરવા માત્રથી તેમના પાપની અનુમતિ થઈ જાય. (૪) આજ્ઞાભંગ વગેરે (ચાર) દોષો લાગે. [૭૩૭]

साम्प्रतं भक्तविधिमाह-

**भत्तंपि हु भोत्तव्वं, सम्मं बायालदोसपरिसुद्धं ।**

**उग्गममाई दोसा, ते अ इमे हुंति नायव्वा ॥ ७३८ ॥**

**वृत्तिः**- '**भक्तमपि**' ओदनादि '**भोक्तव्यं**' '**सम्यग्**' आशंसारहितेन '**द्विचत्वारिंशद्दोषपरिशुद्धं**' कल्पनीयम्, '**उद्गमादयो दोषा**' अत्र गृह्यन्ते '**ते चामी**'-वक्ष्यमाणलक्षणा '**भवन्ति ज्ञातव्या**' इति गाथार्थः ॥ ७३८ ॥

**सोलस उग्गमदोसा, सोलस उप्पायणाएँ दोसा उ ।**

**दस एसणाएँ दोसा, बायालीसं इइ भवंती ॥ ७३९ ॥**

**वृत्तिः**- '**षोडश उद्गमे दोषाः**'- आधाकर्म्मप्रभृतयः, '**षोडश उत्पादनायां दोषाः**'-धात्र्यादयः, '**दश पिण्डैषणायां दोषाः**'-शङ्कितादयः, '**द्विचत्वारिंशदेवं भवन्ति**' समुदिता इति गाथार्थः ॥ ७३९ ॥

ભક્તદ્વાર

**હવે ભક્તનો (= આહારનો) વિધિ કહે છે–**

સાધુએ ભાત વગેરે આહાર પણ આશંસાથી રહિત બનીને બેતાલીશ દોષોથી પરિશુદ્ધ વાપરવો જોઈએ. તે દોષો આ (હવે કહેવાશે તે) છે. આધાકર્મ વગેરે સોળ ઉદ્ગમના, ધાત્રી વગેરે સોળ ઉત્પાદનના અને શંકિત વગેરે દશ એષણાના એમ કુલ બેતાલીશ દોષો છે. [૭૩૮-૭૩૯]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

एतदेव भावयति-

**तत्थुग्गमो पसूई, पभवो एमाई हुंति एगट्ठा ।**
**सो पिंडस्साहिगओ, तस्स य भेया इमे होंति ॥ ७४० ॥**

वृत्तिः- '**तत्रोद्गमः प्रसूतिः प्रभव एवमादयो भवन्त्येकार्थाः**' शब्दाः, '**सः**'-उद्गमः '**पिण्डस्याधिकृतः तस्य च भेदा एते भवन्ति**' वक्ष्यमाणा इति गाथार्थः ॥ ७४० ॥

આ જ વિષયનો (= દોષોનો) વિચાર કરે છે–

ઉદ્ગમ, પ્રસૂતિ, પ્રભવ (ઉત્પત્તિ) વગેરે શબ્દો એકાર્થક છે, અર્થાત્ આ બધા શબ્દોનો 'ઉત્પન્ન થવું' એવો એક જ અર્થ છે. (ઉત્પત્તિ અનેક વસ્તુઓની થાય છે. પણ તે બધી વસ્તુઓની ઉત્પત્તિ અહીં વિવક્ષિત નથી. અહીં પિંડની ઉત્પત્તિમાં થતાં દોષોનું વર્ણન હોવાથી) પિંડની ઉત્પત્તિ વિવક્ષિત છે. તેના (ઉદ્ગમના) ભેદો આ (હવે કહેવાશે તે) છે. [૭૪૦]

**आहाकम्मुद्देसिअ, पूईकम्मे अ मीसजाए अ ।**
**ठवणा पाहुडिआए, पाउअरण कीअ पामिच्चे ॥ ७४१ ॥**

जैनम् जयति शासनम् JAINSITE.com

वृत्तिः- '**आधाकर्म्म औद्देशिकं पूतिकर्म्म मिश्रजातं च तथा स्थापना प्राभृतिका च प्रादुष्करणं क्रीतं प्रामित्यम्**' ॥ ७४१ ॥

**परिअट्टिए अभिहडुब्भिन्ने मालोहडे अ अच्छिज्जे ।**
**अणिसिट्ठे अज्झोअर, सोलस पिंडुग्गमे दोसा ॥ ७४२ ॥**

वृत्तिः- '**परावर्त्तितं अभ्याहृतं उद्भिन्नं मालापहृतं च तथा आच्छेद्यं अनिसृष्टमध्यवपूरकश्च षोडश**' इति गाथाद्वयपदोपन्यासार्थः ॥ ७४२ ॥

આધાકર્મ, ઔદ્દેશિક, પૂતિકર્મ, મિશ્રજાત, સ્થાપના, પ્રાભૃતિકા, પ્રાદુષ્કરણ, ક્રીત પ્રામિત્યક, પરાવર્તિત, અભ્યાહૃત, ઉદ્ભિન્ન, માલાપહૃત, આચ્છેદ્ય, અનિસૃષ્ટ અને અધ્યવપૂરક એ સોળ ઉદ્ગમના દોષો છે. [૭૪૧-૭૪૨]

**सच्चित्तं जमचित्तं, साहूणऽट्ठाइ कीरई जं च ।**
**अच्चित्तमेव पच्चइ, आहाकम्मं तयं भणिअं ॥ ७४३ ॥**

वृत्तिः- '**सचित्तं**' सत् फलादि '**यदचित्तं साधूनामर्थे क्रियते**', तथा '**यच्च अचित्तमेव**' तन्दुलादि '**पच्यते**' साधूनामर्थे, '**आधाकर्म्म तद् ब्रुवते**' तीर्थकरादय इति गाथार्थः ॥ ७४३ ॥

**(આધાકર્મ દોષનું સ્વરૂપ કહે છે–)**

સાધુઓ માટે સચિત્ત ફલ વગેરેને અચિત્ત કરવામાં આવે અને અચિત્ત ચોખા વગેરેને પકાવવામાં આવે તેને તીર્થંકરો વગેરે આધાકર્મ દોષ કહે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

¹[આધાકર્મ દોષની સ્પષ્ટતા માટે શાસ્ત્રમાં બતાવેલા કૃત અને નિષ્ઠિતના ચાર ભાંગા સમજવાની જરૂર છે. તે આ પ્રમાણે છે-

(૧) સાધુ માટે કૃત અને સાધુ માટે નિષ્ઠિત. (૨) સાધુ માટે કૃત અને ગૃહસ્થ માટે નિષ્ઠિત. (૩) ગૃહસ્થ માટે કૃત અને સાધુ માટે નિષ્ઠિત. (૪) ગૃહસ્થ માટે કૃત અને ગૃહસ્થ માટે નિષ્ઠિત.

**કૃત**- આરંભનો પ્રારંભ કરે, એટલે કે સચિત્તને અચિત્ત બનાવવાનો કે અચિત્તને પકાવવાનો પ્રારંભ કરે, ત્યારથી આરંભ પૂર્ણ ન થાય ત્યાં સુધી, એટલે કે સચિત્ત વસ્તુ અચિત્ત ન થાય કે અચિત્ત વસ્તુ રંધાઈ ન જાય ત્યાં સુધી, કૃત કહેવાય. અર્થાત્ આરંભની શરૂઆત તે કૃત.

**નિષ્ઠિત**- સચિત્ત વસ્તુ સંપૂર્ણ અચિત્ત બની જાય કે રંધાતી વસ્તુ સંપૂર્ણ રંધાઈ જાય તે નિષ્ઠિત કહેવાય.

(૧) સાધુ માટે કૃત અને સાધુ માટે નિષ્ઠિત- સાધુના (સાધુને આપવાના) સંકલ્પથી આરંભનો પ્રારંભ કર્યો હોય અને નિષ્ઠિત બને ત્યારે પણ સાધુનો સંકલ્પ હોય.

(૨) સાધુ માટે કૃત અને ગૃહસ્થ માટે નિષ્ઠિત- સાધુના સંકલ્પથી આરંભનો પ્રારંભ કર્યો હોય, પણ નિષ્ઠિત બને ત્યારે ગૃહસ્થનો (ગૃહસ્થના ઉપયોગમાં લેવાનો) સંકલ્પ હોય. જેમકે- સાધુ માટે દૂધ ઉકાળવાની શરૂઆત કરે, પણ તે દરમિયાન મહેમાનોનું આગમન વગેરે કારણે એ દૂધ ઉકળતું હોય ત્યારથી સંપૂર્ણ ઉકળી રહે ત્યાં સુધીમાં કે ગમે ત્યારે સંપૂર્ણ ઉકળી ગયું તે વખતે ગૃહસ્થના ઉપયોગમાં લેવાનો સંકલ્પ કરે.

(૩) ગૃહસ્થ માટે કૃત સાધુ નિષ્ઠિત- ગૃહસ્થના સંકલ્પથી આરંભનો આરંભ કર્યો હોય પણ નિષ્ઠિત બને ત્યારે સાધુનો સંકલ્પ હોય. જેમકે- ઘરના માણસો માટે દૂધ ઉકાળવાની શરૂઆત કરી હોય, પણ દૂધ ઉકળતું હોય ત્યારે કે સંપૂર્ણ ઉકળી ગયું હોય તે જ વખતે સાધુ મહારાજ વહોરવા આવવાથી સાધુના સંકલ્પથી ચૂલા ઉપરથી નીચે ઉતારે. ખીચડી વગેરે બરોબર રંધાઈ ગયા પછી એમ જ ચૂલા ઉપર પડી રહેલ હોય અને સાધુ આવે ત્યારે ચૂલા ઉપરથી ઉતારે તો સાધુ માટે નિષ્ઠિત ન કહેવાય.

(૪) ગૃહસ્થ માટે કૃત અને ગૃહસ્થ માટે નિષ્ઠિત- ગૃહસ્થના સંકલ્પથી આરંભનો પ્રારંભ કરે અને નિષ્ઠિત બને ત્યારે પણ ગૃહસ્થનો સંકલ્પ હોય.

આ ચાર ભાંગાઓમાં પહેલો અને ત્રીજો ભાંગો અશુદ્ધ છે, અર્થાત્ તેવો આહાર સાધુને ન કલ્પે. બીજો અને ચોથો ભાંગો શુદ્ધ છે, અર્થાત્ તેવો આહાર સાધુને કલ્પે.

(૨) કોના માટે બનાવેલો આહાર આધાકર્મ કહેવાય એ વિશે સ્પષ્ટતા કરતાં શાસ્ત્રમાં કહ્યું છે કે- જે પ્રવચનથી અને લિંગથી સાધર્મિક હોય તેના માટે બનાવેલો આહાર આધાકર્મ ગણાય. પ્રવચન એટલે ચતુર્વિધ સંઘ. લિંગ એટલે સાધુવેશ. જે ચતુર્વિધ સંઘમાં હોય અને સાધુનો

૧. [ ] આવા કાઉંસમાં આપેલું લખાણ પંચવસ્તુકની આ ગાથાની ટીકામાં નથી, પણ ઉપયોગી હોવાથી પિંડવિશુદ્ધિ વગેરે ગ્રંથોના આધારે આપ્યું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વેશ પહેર્યો હોય તેના માટે બનાવેલો આહાર આધાકર્મ ગણાય. ભગવાનની આજ્ઞા મુજબ ચારિત્રનું પાલન કરનાર અને સાધુવેશ ધારણ કરનાર સાધુઓ (અને અગિયારમી પ્રતિમા વહન કરનાર શ્રાવક) પરસ્પર સાધર્મિક ગણાય. આથી ભગવાનની આજ્ઞા મુજબ ચારિત્રનું પાલન ન કરતા હોય અને સાધુવેશ ધારણ ન કરતા હોય તેવા સાધુઓ પ્રવચનથી અને લિંગથી સાધર્મિક ન હોવાથી તેમના માટે બનાવેલો આહાર આધાકર્મ ન ગણાય=તેમના માટે બનાવેલો આહાર ઉક્ત પ્રકારના સાધુઓને કલ્પી શકે.

(૩) શાસ્ત્રમાં આધાકર્મિક આહારની દુષ્ટતા જણાવતાં કહ્યું છે કે આધાકર્મિક આહાર વિષ્ઠા, દારુ અને માંસ તુલ્ય છે. આથી તેવા આહારનું ભક્ષણ તો ન કરવું, કિંતુ તેવા આહારથી ખરડાયેલ પાત્ર પણ રાખ વગેરેથી ઘસીને સાફ કર્યા પછી ત્રણ વાર પાણીથી ધોવું, અને સુકાઈ જાય પછી જ તેમાં શુદ્ધ આહાર લેવો કલ્પે.

તથા જે ઘરે આધાકર્મિક આહાર બન્યો હોય તે ઘરે ચાર દિવસ સુધી સાધુને ગોચરી જવું ન કલ્પે. જે ઘરમાં આધાકર્મિક આહાર બન્યો હોય તે ઘર પ્રથમ દિવસે (= આધાકર્મિક આહાર બન્યો હોય તે દિવસે) આધાકર્મિક ગણાય અને પછીના ત્રણ દિવસ પૂતિ ગણાય, આમ ચાર દિવસ સુધી તે ઘરમાં ગોચરી જવું ન કલ્પે.

(૪) આધાકર્મિક આહારની ઈચ્છા વગેરેમાં કયા કયા દોષો લાગે તે વિશે શાસ્ત્રમાં અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર અને અનાચાર એ ચાર દોષો કહ્યા છે. (૧) આધાકર્મિક આહાર લેવાની ગૃહસ્થ વિનંતિ કરે ત્યારે સાધુ વિનંતિને સ્વીકારે ત્યારથી ઉપયોગ કરે ત્યાં સુધી અતિક્રમ દોષ લાગે. અર્થાત્ વિનંતિ સ્વીકારે, પછી લેવા જવા માટે ઊભો થાય, પાત્રાં લે, પાત્રાં લઈને ગુરુ પાસે આવીને ઉપયોગ કરે ત્યાં સુધી અતિક્રમ લાગે. તેવો આહાર લેવા જવા માટે પગ ઉપાડે ત્યારથી માંડીને ગૃહસ્થને ત્યાંથી આધાકર્મિક આહાર લે નહિ ત્યાં સુધી વ્યતિક્રમ દોષ લાગે. આહાર ગ્રહણ કરે ત્યારથી મુખમાં ન નાખે ત્યાં સુધી અતિચાર દોષ લાગે. મોઢામાં નાખે એટલે અનાચાર દોષ લાગે. (વ્ય૦ ભા૦ ૪૩)

(૫) આધાકર્મિક આહારના સેવનથી લાગતા દોષો અંગે શાસ્ત્રમાં કહ્યું છે કે આધાકર્મિક આહારના સેવનથી આજ્ઞાભંગ, અનવસ્થા, મિથ્યાત્વ અને વિરાધના એ ચાર દોષો લાગે છે (૧) આધાકર્મિક આહાર ન લેવાની જિનાજ્ઞા હોવાથી, આધાકર્મિક આહાર લેવાથી જિનાજ્ઞાનો ભંગ થાય. (૨) એક સાધુને આધાકર્મિકનું સેવન કરતો જોઈને બીજો સાધુ તેમ કરે, તેને જોઈને ત્રીજો સાધુ તેમ કરે, આમ અનવસ્થા થાય. (૩) આધાકર્મિકનું સેવન સ્વીકારેલ પાંચ મહાવ્રતના પાલનની પ્રતિજ્ઞાથી વિરુદ્ધ વર્તન હોવાથી આધાકર્મિક આહાર લેનાર સાધુ ગૃહસ્થોને "આ સાધુઓ અસત્યવાદી છે, કેમ કે પ્રતિજ્ઞાથી વિરુદ્ધ વર્તન કરે છે." ઈત્યાદિ શંકા ઉત્પન્ન કરાવીને મિથ્યાત્વ પમાડે છે. (૪) વિરાધનાના આત્મ, સંયમ અને પ્રવચન એમ ત્રણ પ્રકાર છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) આત્મવિરાધના એટલે જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ સંયમવાળા આત્માની વિરાધના. આધાકર્મિક આહાર પ્રાયઃ સ્વાદિષ્ટ અને સ્નિગ્ધ હોવાથી અધિક ખાવાથી માંદગી થાય. તેથી સ્વાધ્યાય ન થવાથી જ્ઞાનનો નાશ થાય, શરીરની અસ્વસ્થતાના કારણે ચારિત્રની શ્રદ્ધામાં ખામી આવવાથી દર્શનનો નાશ થાય, અને પ્રતિલેખનાદિ ન કરવાથી ચારિત્રનો નાશ થાય, આમ જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ સંયમી આત્માની વિરાધના થાય. (૨) રોગની ચિકિત્સામાં છ કાયના જીવોની હિંસારૂપ અને વેયાવચ્ચ કરનાર સાધુના જ્ઞાનની હાનિરૂપ સંયમવિરાધના થાય. (૩) લાંબા કાળ સુધી માંદગી રહે, ઘણા સાધુઓ વારંવાર બિમાર થાય વગેરે કારણે વૈદ્ય વગેરે લોકમાં આ સાધુઓ બહુ ખાનારા છે, પોતાના પેટને પણ જાણતા નથી વગેરે રીતે શાસનની હીલનારૂપ પ્રવચનવિરાધના થાય.

(૬) ગૃહસ્થોને દાનનો વિધિ જણાવતાં કહ્યું છે કે- ગૃહસ્થોને આધાકર્મિક આહારના દાનનો ઉત્સર્ગથી નિષેધ છે. ગ્લાન, વિશિષ્ટ તપસ્વી કે વિશિષ્ટ જ્ઞાની વગેરેને તેવા પુષ્ટ કારણસર અપવાદથી જ અશુદ્ધ આહારના દાનની છૂટ છે. શુદ્ધ આહારથી સાધુનો નિર્વાહ થઈ શકતો હોય ત્યારે આધાકર્મિક આહાર આપનાર અને લેનાર બંનેને અહિતકારી છે, અને તે જ આહાર ગ્લાનાદિના કારણે આપનાર અને લેનાર બંનેને હિતકારી છે. જેમ જ્વર રોગવાળા દર્દીને વૈદ્ય ઘેબર આપે તો આપનાર-લેનાર બંનેનું અહિત થાય છે, અને ભસ્મક રોગવાળાને વૈદ્ય ઘેબર આપે તો આપનાર-લેનાર બંનેનું હિત થાય છે. તેમ અહીં પણ સમજવું.

(૭) સાધુએ આહારની શુદ્ધિ માટે કેવી કાળજી રાખવી જોઈએ તે અંગે શાસ્ત્રમાં કહ્યું છે કે- જેમ રાજાની આજ્ઞાના ભંગથી આ લોકમાં દંડ થાય છે, તેમ જિનાજ્ઞાના ભંગથી પરલોકમાં દુર્ગતિનાં દુઃખો રૂપ દંડ થાય છે. આધાકર્મિક આહારના સેવનથી જિનાજ્ઞાનો ભંગ થાય છે. માટે સાધુએ ગોચરી લેતાં આધાકર્મિક આહાર ન આવી જાય તેની અત્યંત કાળજી રાખવી જોઈએ. એ માટે જેમ અત્યંત ભૂખ્યો વાછરડો પોતાના માટે ઘાસ-પાણી લાવનાર અલંકૃત રૂપવતી સ્ત્રી તરફ નહિ જોતાં કેવલ ઘાસ અને પાણી તરફ જ ધ્યાન રાખે છે, તેમ સાધુએ ગોચરી વહોરતાં ગોચરીના દોષો તરફ જ લક્ષ્ય રાખવું જોઈએ, અશનાદિમાં લુબ્ધ ન થવું જોઈએ. આધાકર્મિક આહાર નહિ વાપરવાના પરિણામવાળો સાધુ ઉપયોગપૂર્વક ભિક્ષા ગ્રહણ કરે છતાં આધાકર્મિક આહાર આવી જાય અને વાપરે તો પણ કર્મથી બંધાતો નથી.

(૮) **પ્રશ્ન**- આધાકર્મ વાપરવામાં દોષ કેવી રીતે લાગે ? સાધુ આધાકર્મનો આરંભ કરે નહિ, કરાવે નહિ, આરંભ કરનારની પ્રશંસા પણ કરે નહિ, ગૃહસ્થ પોતાની ઈચ્છાથી બનાવે અને સાધુ લે તેમાં દોષ કેવી રીતે લાગે ?

**ઉત્તર**- સાધુને સાવદ્ય મન-વચન-કાયાથી ન કરવું, ન કરાવવું અને ન અનુમોદવું એમ પ્રતિજ્ઞા છે. આધાકર્મ લેવામાં સાવદ્ય (= પાપવાળા) કાર્યની અનુમોદના થાય છે. અનુમોદના ત્રણ પ્રકારે છે. તે આ પ્રમાણે-અનિષેધ, ઉપભોગ અને સંવાસ. (૧) પોતે અધિકારી હોવા છતાં પોતાની નિશ્રામાં રહેલાઓને પાપકાર્યોનો નિષેધ ન કરે તો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનિષેધઅનુમોદના. અધિકાર હોવા છતાં નિષેધ ન કરે એનું શું કારણ ? એનું કારણ છે કે ઊંડે ઊંડે પણ તે એને ગમતું હોય છે. આથી જ अनिषिद्धमनुमतम् = "જેનો નિષેધ ન થાય તે સંમત છે" એવી લોકોક્તિ પ્રસિદ્ધ છે. આને શાસ્ત્રમાં પ્રતિશ્રવણાનુમતિ કહેવામાં આવે છે. સાંભળે છે એનાથી સિદ્ધિ થાય છે કે તેનો નિષેધ નથી. જે પાપકાર્યનો નિષેધ કરે તે પાપકાર્યો સાંભળે શું કામ ? સાંભળે છે એટલે અર્થાપત્તિથી સિદ્ધ થાય છે કે તે એને સંમત છે. (૨) પાપકાર્યોનો નિષેધ કરે, પણ પોતાના માટે પાપકાર્યથી બનેલી વસ્તુનો ઉપયોગ કરે તે ઉપભોગઅનુમોદના. જેમ કોઈ સ્વયં ચોરી ન કરે તો પણ દાણચોરીનો માલ વાપરે તો તે ગુનેગાર ગણાય, તેમ પોતે સાવદ્ય કાર્ય ન કરે, તો પણ બીજાએ પોતાના માટે સાવદ્ય કાર્યોથી તૈયાર કરેલ વસ્તુનો ઉપયોગ કરે તો ઉપભોગ અનુમોદના રૂપ દોષ લાગે. આને શાસ્ત્રમાં પ્રતિસેવનાનુમતિ કહેવામાં આવે છે. (૩) આશ્રિતોને પાપકાર્યોનો નિષેધ કરે, પોતાના માટે પાપથી બનાવેલ વસ્તુનો ઉપયોગ ન કરે, છતાં પાપ કરનારાઓ સાથે રહે-તેમના ઉપર મમત્વભાવ રાખે તો સંવાસાનુમતિ દોષ લાગે. જેમ કોઈ ચોરી ન કરે, ચોરીનો માલ ન વાપરે, છતાં ચોરોના ટોળામાં રહે તો તે ગુનેગાર ગણાય, તેમ પાપ કરનારાઓ સાથે રહે તો સંવાસાનુમતિ દોષ લાગે. (જુઓ કર્મપ્રકૃતિ ઉપશમનાકરણ ગાથા ૧૯ની ટીકા.)

આ ત્રણ પ્રકારની અનુમોદનાને પિંડવિશુદ્ધિ વગેરે ગ્રંથોમાં અનુક્રમે પ્રતિશ્રવણા, પ્રતિસેવના અને સંવાસ એ ત્રણ નામોથી જણાવી છે. જે સાધુ પોતાને અધિકાર હોવા છતાં પોતાના આશ્રિતોને આધાકર્મિક આહારનો નિષેધ ન કરે તેને પ્રતિશ્રવણાનુમતિ દોષ લાગે. આધાકર્મિક આહાર પોતે વાપરે તો પ્રતિસેવનાનુમતિ દોષ લાગે. આધાકર્મિક આહાર વાપરનારા સાધુઓની સાથે રહે તો સંવાસાનુમતિ દોષ લાગે.

આથી એ સિદ્ધ થયું કે સાધુ આધાકર્મિક આહાર વાપરે તો ઉપભોગ કે પ્રતિસેવનારૂપ અનુમોદનાનો દોષ લાગે. તથા સાધુ આધાકર્મિક આહાર લે તો ગૃહસ્થ વારંવાર આધાકર્મિક આહાર બનાવે. (એટલે આડકતરી રીતે કરાવવાનો પણ દોષ લાગે.) એક વાર આધાકર્મિક આહાર લેવાથી બીજી વાર લેવાનું મન થાય છે, બીજી વાર લીધા પછી ત્રીજી વાર લેવાનું મન થાય છે, અને પછી વારંવાર આધાકર્મિક આહાર લેવાની પ્રવૃત્તિ થાય છે. આમ થતાં પરિણામ નિષ્ઠુર બની જાય છે-દોષની સૂગ જતી રહે છે. શાસ્ત્રમાં ત્યાં સુધી કહ્યું છે કે,- વારંવાર આધાકર્મિક આહાર વાપરીને તેમાં લોલુપી અને નિર્દય બનેલો સાધુ પ્રાસુક ન મળે તો અપ્રાસુક (= સચિત્ત) આહાર પણ લે. તથા આધાકર્મના પરિણામવાળો સાધુ શુદ્ધ વાપરવા છતાં કર્મથી બંધાય છે.] [૭૪૩]

**उद्देसिअ साहुमाई, उमच्चाए भिक्खविअरणं जं च ।**
**उद्धरिअं मीसेउं, तविअं उद्देसिअं तं तु ॥ ७४४ ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

वृत्तिः- '**उद्दिश्य**' च '**साध्वादीन्**' निर्ग्रन्थशाक्यादीन् '**ओमात्यये**' दुर्भिक्षापगमे '**भिक्षावतरणं**' प्राभृतकादीनां यत् (तत्) उद्दिष्टौद्देशिकं, '**यच्चोद्धरित**' मोदनादि '**मिश्रयित्वा**' व्यञ्जनादिना वितरणं तत्कृतौद्देशिकं, '**यच्च तप्त्वा**' गुडादिना मोदकचूरीबन्धवितरणं '**तत्कर्म्मौद्देशिकमि**' ति, एवं चेतसि निधाय सामान्येनोपसंहरति-औद्देशिकं तत्, तुशब्दः स्वगतभेदविशेषणार्थं इति गाथार्थः ॥ ७४४ ॥

[1][ઔદ્દેશિકના ઓઘ અને વિભાગ એમ બે ભેદ છે. પોતાના માટે ભાત વગેરે પકાવવાની શરૂઆત કરે [2]ત્યારે તેમાં ભિક્ષા માટે જે કોઈ આવે તેને ભિક્ષા આપવા માટે “આટલું પોતાના માટે અને આટલું ભિક્ષા આપવા માટે” એવો વિભાગ કર્યા વિના ભાત વગેરે અધિક નાખે તે **ઓઘઔદ્દેશિક** છે.

વિવાહ વગેરે પ્રસંગે ભોજનાદિ કર્યા પછી વધેલા આહારાદિને દાન આપવાની બુદ્ધિથી અલગ મૂકી રાખવામાં આવે તે **વિભાગઔદ્દેશિક** છે.

ઓઘઔદ્દેશિકમાં ઓઘથી=વિભાગ કર્યા વિના અધિક નાખવામાં આવતું હોવાથી તેનું ‘ઓઘ’ એવું નામ સાર્થક છે. વિભાગઔદ્દેશિકમાં વધેલા આહારાદિનો આટલું દાન માટે એમ વિભાગ કરવામાં આવતો હોવાથી તેનું ‘વિભાગ’ એવું નામ સાર્થક છે.

વિભાગઔદ્દેશિકના ઉદ્દિષ્ટ, કૃત અને કર્મ એમ ત્રણ ભેદ છે. વિવાહાદિના પ્રસંગે વધેલા ભોજનને દાન આપવાના ઉદ્દેશથી (= સંકલ્પથી) તેમાં કોઈ જાતનો સંસ્કાર કર્યા વિના જેવા હોય તેવા જ સ્વરૂપમાં મૂકી રાખવામાં આવે તે ઉદ્દિષ્ટવિભાગઔદ્દેશિક છે. વધેલા ભાત આદિમાં દહીં વગેરે નાખીને આપવામાં આવે તે કૃતવિભાગઔદ્દેશિક છે. મોદકચૂર્ણ આદિને અગ્નિમાં તપાવીને ગોળ વગેરે ભેળવીને મોદક આદિ બનાવીને આપવામાં આવે તે કર્મવિભાગઔદ્દેશિક છે. કૃતવિભાગઔદ્દેશિકમાં અગ્નિ આદિના આરંભ વિના અચિત્ત વસ્તુથી મૂળવસ્તુમાં અવસ્થાંતર કરવામાં આવે છે, જ્યારે કર્મવિભાગઔદ્દેશિકમાં અગ્નિ આદિના આરંભથી કે સચિત્ત વસ્તુનો પ્રક્ષેપ આદિ આરંભથી મૂળ વસ્તુમાં અવસ્થાંતર કરવામાં આવે છે.

ઉદ્દિષ્ટવિભાગઔદ્દેશિકમાં આટલું દાન માટે છે એવો માત્ર ઉદ્દેશ-સંકલ્પ કરવામાં આવ્યો હોવાથી તેનું ‘ઉદ્દિષ્ટ’ એવું નામ સાર્થક છે. કૃતવિભાગઔદ્દેશિકમાં અવસ્થાંતર (ભિન્ન અવસ્થા) કર્યું હોવાથી તેનું ‘કૃત’ (-અવસ્થાંતર કરેલું) એવું નામ સાર્થક છે. કર્મવિભાગઔદ્દેશિકમાં અગ્નિ આદિનો આરંભ હોવાથી આધાકર્મરૂપ ઉદ્દેશ હોવાથી તેનું ‘કર્મ’ એવું નામ સાર્થક છે.

ઉદ્દિષ્ટ, કૃત અને કર્મ એ ત્રણ ભેદોના પ્રત્યેકના ઉદ્દેશ, સમુદ્દેશ, આદેશ અને સમાદેશ એમ ચાર ભેદ છે. જે કોઈ (ગૃહસ્થ કે સાધુ-સંત) ભિક્ષા માટે આવે તે સર્વને આપવાનો સંકલ્પ તે **ઉદ્દેશ**.

૧. પ્રસ્તુત ગાથામાં પિંડનિર્યુક્તિ આદિ ગ્રંથોની અપેક્ષાએ થોડો ફેર હોવાથી ઔદ્દેશિકના બધા પેટા ભેદો સમજાવ્યા પછી આ ગાથાનો ભાવાર્થ સમજવામાં સરળતા રહે એ દૃષ્ટિએ અહીં ગાથાનો ભાવાર્થ લખતાં પહેલાં પિંડનિર્યુક્તિ આદિ ગ્રંથોના આધારે કાઉંસમાં ઔદ્દેશિકના બધા પેટા ભેદો જણાવ્યા છે.

૨. અધ્યવપૂરકમાં પકાવવાની શરૂઆત કર્યા પછી પાછળથી ઉમેરવામાં આવે છે. ઓઘઔદ્દેશિકમાં પકાવવાની શરૂઆત કરતી વખતે જ અધિક નાખવામાં આવે છે. આમ ઓઘઔદ્દેશિકમાં અને અધ્યવપૂરકમાં ભેદ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાખંડીને (સંન્યાસી વિશેષને) જ આપવાનો સંકલ્પ તે **સમુદેશ**. નિર્ગ્રંથ (જૈન સાધુ), શાક્ય (-બૌદ્ધ સાધુ), તાપસ (-જટાધારી વનવાસી પાખંડી), ગૈરુક (-ગેરુથી રંગેલાં વસ્ત્રો પહેરનાર ત્રિદંડી), અને આજીવક (ગોશાળાના મતને અનુસરનાર) એ પાંચ શ્રમણોને જ આપવાનો સંકલ્પ તે **આદેશ**. નિર્ગ્રંથોને (જૈન મુનિઓને) જ આપવાનો સંકલ્પ તે **સમાદેશ**.

આમ વિભાગઔદ્દેશિકના કુલ (૩ x ૪ =) ૧૨ ભેદ છે. ઓઘઔદ્દેશિક સહિત કુલ ૧૩ ભેદ ઔદ્દેશિક દોષના છે.

ગૃહસ્થ આપણે સાધુ વગેરેને નિત્ય ભિક્ષા આપવી એમ શા માટે કહે અને ઉદ્દિષ્ટ ઔદ્દેશિકનું સ્વરૂપ શું છે તે વિષે પિંડનિર્યુક્તિમાં આ પ્રમાણે કહ્યું છે-

**जीयामु किहवि ओमे, निययं भिक्खावि ता कइवि देमो ।**
**हंदि हु नत्थि अदिन्नं, भुज्जइ अकयं न य फलेइ ॥ २२० ॥**
**सा उ अविसेसिए च्चिय, नियंमि भत्तंमि तंडुले छुहइ ।**
**पासंडीण गिहीण व, जो एही तस्स भिक्खट्ठा ॥ २२१ ॥**

"આપણે દુષ્કાળમાં ઘણા કષ્ટથી જીવ્યા છીએ. આથી આપણે નિત્ય પાંચ કે છ ભિક્ષા આપીએ. કારણ કે જે આ જન્મમાં ન આપ્યું હોય તે ભવાંતરમાં ન ભોગવાય, અને આ ભવમાં જે શુભ કર્મ ન કર્યું હોય તેનું ફળ પરલોકમાં મળતું નથી. આ પ્રમાણે ગૃહસ્થ પોતાની સ્ત્રીને (કે ઘરની મુખ્ય સ્ત્રીને) કહે. (૨૨૦) અને તે (ગૃહસ્થની સ્ત્રી) દરરોજ જેટલું ભોજન રંધાતું હોય તેટલું ભોજન રાંધવાની શરૂઆત કરે ત્યારે તેમાં ગૃહસ્થ કે સાધુ-સંત જે કોઈ આવે તેને ભિક્ષા આપવા આટલું આપણા માટે અને આટલું ભિક્ષા માટે એવો વિભાગ કર્યા વિના ચોખા (વગેરે) અધિક નાખે તે (ઓઘ) ઔદ્દેશિક છે." (૨૨૧)

**પ્રશ્ન**- મિશ્રજાત દોષમાં પણ સાધુ આદિને આપવા રાંધતી વખતે ચોખા વગેરે અધિક નાખે છે. આથી તેમાં અને આ દોષમાં કોઈ ભેદ રહેતો નથી.

**ઉત્તર**- આ દોષમાં નિત્ય પાંચ કે છ વગેરે ભિક્ષા આપવાની સૂચના કરે છે અને એથી નિત્ય પાંચ-છ વગેરે નિયત કરેલી ભિક્ષા આપવામાં આવે છે. મિશ્રજાતમાં તેમ નથી. અર્થાત્ આ દોષમાં આટલું આપણા માટે આટલું યાચકો માટે એમ વિભાગ કરવામાં આવે છે. મિશ્રજાતમાં તેવો વિભાગ નથી. આથી જ પાંચ-છ વગેરે નિયત કરેલી ભિક્ષા અપાઈ ગયા પછી અથવા જુદી કરી લીધા પછી બાકીની ભિક્ષા કલ્પે છે. જ્યારે મિશ્રજાતથી દૂષિત ભિક્ષા કોઈ પણ રીતે કલ્પતી જ નથી.]

દુષ્કાળ વીતી જતાં નિર્ગ્રંથ, શાક્ય વગેરેને ઉદ્દેશીને [=આપવા માટે રસોઈ વધારે બનાવીને] જે [1]ભિક્ષા આપવામાં આવે તે ઉદ્દિષ્ટઔદ્દેશિક છે. વિવાહાદિના પ્રસંગે વધેલા ભાત વગેરેને શાક

---

૧. ટીકામાં **भिक्षावितरणं** પદનો **प्राभृतिकादानं** એવો અર્થ કર્યો છે. પ્રાભૃતિકા એટલે ભેટ આપવા યોગ્ય વસ્તુ. આથી **प्राभृतिकादानं** એટલે સારી વસ્તુનું દાન કરવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વગેરેથી મિશ્રિત કરીને જે ભિક્ષા આપવામાં આવે તે કૃતઔદેશિક છે. મોદકચૂર્ણ (આદિને) અગ્નિમાં તપાવીને ગોળ વગેરે ભેળવીને મોદક (આદિ) બનાવીને આપવામાં આવે તે કર્મઔદેશિક છે. અહીં તુ શબ્દનો ઉલ્લેખ ઉક્ત કૃત વગેરે ત્રણના પ્રત્યેકના પેટાભેદોનું સૂચન કરવા માટે છે.

[ઉદ્દિષ્ટઔદેશિક દોષને પિંડનિર્યુક્તિમાં ઓઘઔદેશિક દોષ કહ્યો છે. અર્થાત્ પિંડનિર્યુક્તિમાં જેનું ઓઘઔદેશિક એવું નામ છે તેનું જ અહીં ઉદ્દિષ્ટઔદેશિક એવું નામ છે. પિંડનિર્યુક્તિમાં જેનું ઉદ્દિષ્ટઔદેશિક નામ છે તે દોષનું અહીં વર્ણન કર્યું નથી. પિંડનિર્યુક્તિમાં તેનું સ્વરૂપ આ પ્રમાણે છે-

**महईइ संखडीए, उव्वरियं कूरवंजणाइयं ।**

**पउरं दट्ठूण गिही, भणइ इमं देहि पुण्णट्ठा ॥ २२८ ॥**

"મોટી સંખડીમાં=વિવાહાદિના જમણમાં બધા જમી રહ્યા પછી ભાત, શાક વગેરે ઘણું વધેલું જોઈને ગૃહસ્થ પોતાની સ્ત્રી વગેરેને કહે કે, આ ભોજન પુણ્ય માટે ભિક્ષાચરોને આપ. આથી તે સ્ત્રી વગેરે તે ભોજન સાધુ આદિને આપવા રાખી મૂકે તે ઉદ્દિષ્ટઔદેશિક દોષ છે." (૨૨૮)

સાધુ આદિ માટે રાખી મૂકવામાં (ખુલ્લું રહે, ઢોળાઈ જાય, કીડીઓ ચઢે વગેરે રીતે) જીવહિંસાનો સંભવ હોવાથી ઉદ્દિષ્ટઔદેશિક આહાર સાધુઓને ન કલ્પે.

**પ્રશ્ન-** ઉદ્દિષ્ટઔદેશિક અને સ્થાપના એ બંનેમાં સાધુ આદિને આપવા આહારાદિ રાખી મૂકવામાં આવે છે. આથી તે બેમાં ભેદ શો છે?

**ઉત્તર-** પ્રસ્તુત પંચ વસ્તુકની ૭૪૬મી ગાથામાં જણાવ્યા પ્રમાણે "સાધુના માગવાથી" ગૃહસ્થ સાધુ માટે રાખી મૂકે તે સ્થાપના દોષ છે. આથી સ્થાપનામાં સાધુના માગવાથી રાખી મૂકે છે, અને ઉદ્દિષ્ટઔદેશિકમાં સાધુના માગ્યા વિના રાખી મૂકે છે એ ભેદ છે.

**પ્રશ્ન-** અહીં પિંડનિર્યુક્તિમાં જણાવેલા ઉદ્દિષ્ટઔદેશિકનું વર્ણન કર્યું નથી, તથા પિંડનિર્યુક્તિમાં જેનું ઓઘઔદેશિક નામ છે તેનું વર્ણન કર્યું, અને તેનું ઉદ્દિષ્ટઔદેશિક નામ આપ્યું. આમ કરવાનું શું કારણ?

ઉત્તર- પિંડનિર્યુક્તિમાં જેનું ઉદ્દિષ્ટઔદેશિક નામ છે તે દોષમાં અને સ્થાપના દોષમાં "બહુ ભેદ નથી" એવી વિવક્ષાથી એનું વર્ણન ન કર્યું અને ઓઘઔદેશિકને જ ઉદ્દિષ્ટઔદેશિક નામ આપ્યું.] [૭૪૪]

**कम्मावयवसमेअं, संभाविज्जइ जयं तु तं पूई ।**

**पढमं चिअ गिहिसंजममीसुवक्खडाइमीसं तु ॥ ७४५ ॥**

**वृत्तिः-** **'कर्म्मावयवसमेतं'** आधाकर्म्मावयवसमन्वितं **'सम्भाव्यते यत्तत् पूति'** उपकरणभक्तपानपूतिभेदभिन्नं । **'प्रथममेव'** आरम्भादारभ्य **'गृहिसंयतयोः मिश्रं'** साधारणं **'उपस्कृतादि 'मिश्रं तु'** मिश्रजातमिति गाथार्थः ॥ ७४५ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(પૂતિ અને મિશ્ર દોષનું સ્વરૂપ-)

આધાકર્મિક આહારના એક અંશથી પણ યુક્ત કરાય તે આહાર પૂતિ થાય છે- પૂતિ દોષવાળો બને છે. પૂતિના ઉપકરણ અને ભક્તપાન એમ બે પ્રકાર છે. [આધાકર્મિક ચૂલો, થાળી, કડછી વગેરે ઉપકરણોના સંયોગવાળો શુદ્ધ પણ આહાર ઉપકરણ પૂતિ દોષવાળો બને છે. અર્થાત્ ગૃહસ્થે પોતાના માટે જ આહાર બનાવ્યો હોય, પણ આધાકર્મિક ચૂલા ઉપર બનાવ્યો હોય કે મૂક્યો હોય, અથવા આધાકર્મિક થાળી, કડછી આદિમાં લીધો હોય, તો તે આહાર ઉપકરણ પૂતિ દોષવાળો બને છે. આધાકર્મિક આહાર-પાણીથી મિશ્રિત બનેલ આહાર-પાણી ભક્ત-પાન પૂતિદોષવાળાં છે.

અહીં આધાકર્મિકના ઉપલક્ષણથી અવિશુદ્ધિ કોટિના ઉદ્‌ગમ દોષો સમજવા. અર્થાત્ અવિશુદ્ધિકોટિના ઉદ્‌ગમ દોષોથી દૂષિત આહારના એક અંશથી પણ યુક્ત શુદ્ધ આહાર પણ પૂતિદોષવાળો બને છે. અવિશુદ્ધિકોટિના દોષો પિંડનિર્યુક્તિમાં આ પ્રમાણે છે-

**आहाकम्मुद्देसियचरिमतियं पुइ-मीसजाए य ।**

**बायरपाहुडियावि य, अज्झोयरए य चरिमदुए ॥ २४८ ॥**

"આધાકર્મ, વિભાગ ઔદ્દેસિકના સમુદ્દેશકર્મ, આદેશ કર્મ અને સમાદેશકર્મ એ છેલ્લા ત્રણ ભેદ, મિશ્રજાતના પાખંડિમિશ્ર અને યતિમિશ્ર એ છેલ્લા બે ભેદ, અધ્યવપૂરકના પાખંડિઅધ્યવપૂરક અને યતિઅધ્યવપૂરક એ છેલ્લા બે ભેદ, બાદર ભક્તપાનપૂતિ અને બાદરપ્રાભૃતિકા એમ મૂળ છ ભેદના કુલ દશ ભેદો અવિશુદ્ધિ કોટિના છે."

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

આ દશમાંથી કોઈ એક પણ દોષથી દૂષિત આહારના એક અંશનો પણ સંયોગ થવાથી શુદ્ધ પણ આહાર અશુદ્ધ બને છે=પૂતિ દોષવાળો બને છે.]

પહેલેથી જ ગૃહસ્થ અને સાધુ એ બંનેનું ભેગું બનાવ્યું હોય, અર્થાત્ ગૃહસ્થે પોતાના માટે અને સાધુઓ માટે એમ બંને માટે ભેગું બનાવ્યું હોય, તે મિશ્રજાત દોષ છે. [આદિ શબ્દથી મિશ્રજાતના ગૃહિ-યાવદર્થિકમિશ્ર અને ગૃહિ-પાખંડમિશ્ર એ બે દોષો જાણવા. ગૃહસ્થ માટે અને જે કોઈ યાચક આવે તેને આપવા માટે પ્રારંભથી જ ભેગું બનાવ્યું હોય તે ગૃહિ-યાવદર્થિક મિશ્ર છે. ગૃહસ્થ માટે અને પાખંડી માટે ભેગું બનાવ્યું હોય તે ગૃહિ-પાખંડિ મિશ્ર છે.] [૭૪૫]

**साहोभासिअखीराइठावणं ठवण साहुणट्ठाए ।**

**सुहुमेअरमुस्सक्कणमवसक्कणमो य पाहुडिआ ॥ ७४६ ॥**

**वृत्तिः**- **'साध्ववभाषितक्षीरादिस्थापनं स्थापना साध्वर्थे'**, साधुना याचिते सति तन्निमित्तं क्षीरादेः स्थापनं स्थापनोच्यत इति। **'सूक्ष्मेतरे'**ति सूक्ष्मा बादरा च, **'उत्सर्पणमवसर्प्पणं'** चाङ्गीकृत्य **'प्राभृतिका'** भवति, सूक्ष्मा-अर्द्धकर्त्तिते दारकेन भोजनं याचिता सती साधावागते दास्यामीत्युत्सर्प्पणं करोति, साध्वर्थाय चोत्थिता पुत्रक ! तवापि ददामीत्यवसर्प्पणं, बादरा तु समवसरणादौ विवाहादेरेव च (उत्सर्प्पणादि) कुर्व्वतः, कुगतेः प्राभृतकल्पा प्राभृतिका इति गाथार्थः ॥ ७४६ ॥

(સ્થાપના અને પ્રાભૂતિકા દોષનું સ્વરૂપ–)

સાધુના માગવાથી સાધુ માટે દૂધ, દહીં વગેરે રાખી મૂકવામાં આવે તે સ્થાપના દોષ છે.

પ્રાભૃતિકા દોષના ઉત્ષ્વષ્કણ અને અવષ્વષ્કણ એમ બે ભેદ છે. તે બંનેના સૂક્ષ્મ અને બાદર એમ બે બે ભેદ છે. આથી પ્રાભૃતિકાના સૂક્ષ્મ ઉત્ષ્વષ્કણ, સૂક્ષ્મ અવષ્વષ્કણ, બાદર ઉત્ષ્વષ્કણ, બાદર અવષ્વષ્કણ એમ ચાર ભેદ છે. ઉત્ષ્વષ્કણ એટલે ધારેલું કાર્ય જ્યારે કરવાનું હોય તેનાથી મોડું કરવું. અવષ્વષ્કણ એટલે ધારેલું કાર્ય જ્યારે કરવાનું હોય તેના કરતાં વહેલું કરવું. સૂક્ષ્મ એટલે થોડું. બાદર એટલે ઘણું. થોડું મોડું કરવું તે સૂક્ષ્મ ઉત્ષ્વષ્કણ. થોડું વહેલું કરવું તે સૂક્ષ્મ અવષ્વષ્કણ. ઘણું મોડું કરવું તે બાદર ઉત્ષ્વષ્કણ. ઘણું વહેલું કરવું તે બાદર અવષ્વષ્કણ.

(૧) **સૂક્ષ્મ ઉત્ષ્વષ્કણ**- સૂતર કાંતતી સ્ત્રી બાળક ખાવાનું માગે ત્યારે બાજુમાં સાધુને વહોરવા આવેલા જોઈને બાળકને સાધુ આવશે ત્યારે આપીશ એમ કહે અને સાધુ આવે ત્યારે આપે. અહીં બાળકને આપવાનું કાર્ય સાધુ નિમિત્તે થોડું મોડું કરવાથી સૂક્ષ્મ ઉત્ષ્વષ્કણ દોષ લાગે.

(૨) **સૂક્ષ્મ અવષ્વષ્કણ**- સૂતર કાંતતી સ્ત્રી સાધુ વહોરવા આવવાથી ઊભી થઈને સાધુને વહોરાવે અને ફરી ન ઉઠવું પડે એ માટે બાળકને પણ ખાવાનું આપે. અહીં બાળકને આપવાનું કાર્ય સાધુ નિમિત્તે થોડું વહેલું કરવાથી સૂક્ષ્મ અવષ્વષ્કણ દોષ લાગે.

(૩) **બાદલ ઉત્ષ્વષ્કણ**- [1]સમવસરણ વગેરેમાં (સાધુઓ આવવાના હોવાથી) સુપાત્ર દાનનો લાભ મળે એ દૃષ્ટિએ વિવાહાદિનો પ્રસંગ ધારેલા સમયથી મોડો કરે.

(૪) **બાદર અવષ્વષ્કણ**- સાધુઓ વિહાર કરી જશે એમ જાણીને સુપાત્રદાનનો લાભ મળે એ દૃષ્ટિએ વિવાહાદિનો પ્રસંગ ધારેલા સમયથી વહેલો કરે. [2]પ્રાભૃત એટલે ભેટણું. આ દોષ કુગતિની ભેટ સમાન હોવાથી તેનું પ્રાભૃતિક એવું નામ છે. [૭૪૬]

**नीअदुवारंधारे, गवक्खकरणाइ पाउकरणं तु ।**

**दव्वाइएहिँ किणणं, साहूणट्ठाएँ कीअं तु ॥ ७४७ ॥**

**वृत्तिः**- '**नीचद्वारान्धकारे**' गृहे भिक्षाग्रहणाय '**गवाक्षकरणादि**', आदिशब्दात्प्रदीपमण्यादिपरिग्रहः, '**प्रादुष्करण**'मिति प्रकाशकरणं । '**द्रव्यादिभिः**' द्रव्यभावैः '**क्रयणं साध्वर्थे**'- साधुनिमित्तं '**क्रीतमे**'तदिति गाथार्थः ॥ ७४७ ॥

(પ્રાદુષ્કરણ અને ક્રીત દોષનું સ્વરૂપ–)

ઘરનું બારણું નીચું હોય વગેરે કારણે ઘરમાં અંધારું હોય તો સાધુઓ અંધારામાં ભિક્ષા ન

૧. ઉત્સવ વગેરે પ્રસંગે અનેક સાધુઓ એકઠા થાય તેને શાસ્ત્રની ભાષામાં સમવસરણ કહેવામાં આવે છે.

૨. સૂક્ષ્મપ્રાભૃતિકામાં બાળકને આપ્યા પછી સચિત્ત પાણીથી હાથ ધોવા વગેરેમાં જીવહિંસા વગેરે દોષો છે. મોડું આપવામાં બાળકને અંતરાય, સંતાપ વગેરે થાય.

બાદરપ્રાભૃતિકામાં વિવાહાદિ પ્રસંગ વહેલો-મોડો કરવામાં પ્રસંગમાં જોઈતા સાધનો લાવવાની વ્યવસ્થા વહેલી-મોડી કરવી પડે, તેમાં અધિક જીવ હિંસાદિ થાય, ઘરના બધા માણસોને તે ઈષ્ટ ન હોય, વિવાહાદિમાં સામો પક્ષ તેમ કરવામાં રાજી ન હોય છતાં કરવું પડે વગેરે અનેક દોષો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લે એથી બારી મૂકવી, દીવો કરવો, મણિ મૂકવો વગેરે રીતે પ્રકાશ કરવો તે પ્રાદુષ્કરણ છે. [બારી આદિ કરવાથી અને દીપક આદિ કરવાથી એમ બે રીતે પ્રાદુષ્કરણ થાય છે. બંને રીતે જીવહિંસા થતી હોવાથી દોષરૂપ છે. વહોરાવવાની વસ્તુ અંધારાવાળા સ્થાનમાંથી પ્રકાશવાળા સ્થાનમાં લાવવી તે પણ પ્રાદુષ્કરણ છે. અંધકારવાળા સ્થાનમાં ગૃહસ્થે પોતાના માટે દીવા વગેરેથી પ્રકાશ કર્યો હોય તો પણ ત્યાં વહોરવું ન કલ્પે. કારણ કે તેઉકાયની વિરાધના થાય.]

સાધુ માટે દ્રવ્ય અને ભાવથી વેચાતું લેવું તે ક્રીત દોષ છે.

ક્રીતના સ્વદ્રવ્ય, પરદ્રવ્ય, સ્વભાવ અને પરભાવ એમ ચાર ભેદ છે.

(૧) **સ્વદ્રવ્ય ક્રીત**- સાધુના પોતાના દ્રવ્યથી=વસ્તુઓથી લીધેલું સ્વદ્રવ્ય ક્રીત છે. તીર્થની શેષ, સુગંધી ચૂર્ણ, રૂપપરાવર્તન કરવાની ગુટિકા (તથા મંત્રેલ વાસક્ષેપ, ઔષધ) વગેરે આપીને આહારાદિ લે તે સ્વદ્રવ્ય ક્રીત.

(૨) **પરદ્રવ્ય ક્રીત**- ગૃહસ્થ સાધુ માટે ધન વગેરે દ્રવ્ય આપીને ખરીદે તે પરદ્રવ્ય ક્રીત છે.

(૩) **સ્વભાવ ક્રીત**- સાધુના પોતાના ભાવથી લીધેલું સ્વભાવ ક્રીત છે. સારા આહારાદિ મેળવવાના આશયથી ધર્મકથા વગેરે કરીને લોકોને આકર્ષીને આહારાદિ મેળવે તે સ્વભાવ ક્રીત છે.

(૪) **પરભાવ ક્રીત**- સાધુનો ભક્ત મંખ (= લોકોને ચિત્રપટો બતાવીને નિર્વાહ કરનાર ભિક્ષુવિશેષ) વગેરે પોતાની કલાના પ્રદર્શન વગેરેથી લોકોને ખુશ કરીને સાધુ માટે આહારાદિ મેળવે તે પરભાવ ક્રીત છે.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

સ્વદ્રવ્યક્રીતમાં તીર્થની શેષ વગેરે આપ્યા પછી ઓચિંતી બિમારી થાય તો સાધુએ બિમાર કર્યો એવી વાત લોકમાં ફેલાવાથી શાસનની હીલના થાય, અથવા માંદો માણસ સાજો થાય તો ઘરનાં કાર્યો, વેપાર વગેરે પાપપ્રવૃત્તિમાં જોડાય વગેરે દોષો છે. સ્વભાવ ક્રીતમાં પોતાનાં નિર્મલ અનુષ્ઠાનોને નિષ્ફલ કરવાં વગેરે દોષો છે. પરદ્રવ્ય ક્રીતમાં ખરીદવા વગેરેમાં જીવહિંસા વગેરે દોષો થાય છે. પરભાવ ક્રીતમાં મંખ વગેરે કળાનું પ્રદર્શન કરે વગેરેમાં જીવહિંસાદિ લાગે.] [૭૪૭]

**पामिच्चं जं साहूणऽट्ठा उच्छिंदिउं दिआवेइ ।**

**पल्लट्टिउं च गोरसमाई परिअट्टिअं भणिअं ॥ ७४८ ॥**

**वृत्तिः**- '**प्रामित्यं**' नाम '**यत् साधूनामर्थे उच्छिद्यान्यतः** '**दियावेइ**'त्ति ददाति । '**परावर्त्तितुं च गौरवादिभिः**' कोद्रवौदनादिना शाल्योदनादि यद् ददाति तत् '**परावर्त्तितं भणित**'-मिति गाथार्थः ॥ ७४८ ॥

(પ્રામિત્ય અને પરાવર્તિત દોષનું સ્વરૂપ–)

સાધુને આપવા બીજા પાસેથી ઉછીનું લઈને સાધુને આપે તે પ્રામિત્ય દોષ છે.

[પ્રામિત્યના લૌકિક અને લોકોત્તર એમ બે પ્રકાર છે. ગૃહસ્થ બીજા પાસેથી ઉછીનું લઈને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાધુને આપે તે લૌકિક પ્રામિત્ય છે. સાધુઓ પરસ્પર ઉછીની વસ્તુ આપે તે લોકોત્તર પ્રામિત્ય છે. તેના બે પ્રકાર છે. તે આ પ્રમાણે-

(૧) વસ્ત્ર (વગેરે) થોડા દિવસ વાપરીને તમને પાછું આપીશ એવી શરતથી લે.

(૨) આટલા દિવસ પછી આવું વસ્ત્ર (વગેરે) તમને બીજું આપીશ એમ કહીને લે.

લૌકિક પ્રામિત્યમાં ઉછીનું લાવેલું પાછું ન આપી શકે વગેરે કારણે ક્લેશ-કંકાસ યાવત્ પ્રાણનાશ વગેરે દોષો સંભવિત છે. લોકોત્તર પ્રામિત્યના પહેલા પ્રકારમાં વસ્ત્ર મલિન થઈ જાય, ખોવાઈ જાય, ફાટી જાય વગેરે કારણે પરસ્પર ક્લેશ વગેરે થાય. બીજા પ્રકારમાં બીજું વસ્ત્ર તેવું ન મળે, કહેલા સમયે ન મળે, જેની પાસેથી લીધું હોય તેને બીજું આપેલું વસ્ત્ર પસંદ ન પડે વગેરે કારણે ક્લેશાદિ દોષો થાય. આથી લોકોત્તર પ્રામિત્ય પણ ત્યાજય છે. કોઈ કારણસર સાધુને પરસ્પર આપ-લે કરવી પડે તો કોઈ શરત વિના અને ગુરુને જણાવીને કરવી જોઈએ.]

સાધુઓનું ગૌરવ-બહુમાન થાય વગેરે કારણે પોતાની કોદરા વગેરે હલકી વસ્તુ બીજાને આપીને તેની પાસેથી ઉત્તમ ચોખાથી બનાવેલ ભાત વગેરે લાવીને સાધુને આપે તે પરાવર્તિત દોષ છે.

[પરાવર્તિતના લૌકિક અને લોકોત્તર એમ બે ભેદ છે. ગૃહસ્થો પરસ્પર અદલાબદલી કરે તે લૌકિક. સાધુઓ પરસ્પર અદલાબદલી કરે તે લોકોત્તર. લૌકિક અને લોકોત્તર બંનેમાં પ્રામિત્યમાં જણાવ્યા મુજબ દોષોનો સંભવ હોવાથી ત્યાજય છે. સાધુઓને કારણસર વસ્ત્રાદિની અદલા-બદલી કરવી પડે તો ગુરુને કહીને ગુરુ સમક્ષ કરવી. જેથી ક્લેશાદિ દોષો ન થાય. [૭૪૮]

**सग्गामपरग्गामा, जमाणिउं आहडंति तं होइ ।**
**छगणाइणोवलित्तं, उब्भिदिअ जं तमुब्भिण्णं ॥ ७४९ ॥**

**वृत्तिः**– '**स्वग्रामपरग्रामात्**' यदुद्ग्राहिमकादि '**आनेतुं**', ददातीति वर्त्तते, '**अभ्याहृतं**' तु '**तदे**'**वंभूतं**' **भवति**'। तथा'**छगणमृत्तिकादिनोपलिप्तमुद्भिद्य यद्**' ददाति' **तदुद्भिन्नम**'भिधीयत इति **गाथार्थः** ॥ ७४९ ॥

**(અભ્યાહૃત અને ઉદ્ભિન્ન દોષનું સ્વરૂપ–**

સ્વગામ (=સાધુ જે ગામમાં હોય તે ગામ), પરગામ (=સાધુ જે ગામમાં હોય તે સિવાય બીજું ગામ), દેશ, શેરી, ઘર વગેરે સ્થળેથી સાધુના સ્થાને લાવીને આહારાદિ આપે તે અભ્યાહૃત દોષ છે.

[અભ્યાહૃતના આચીર્ણ અને અનાચીર્ણ એમ બે ભેદ છે. પૂર્વપુરુષોએ જે અભ્યાહૃત લેવાની આચરણા કરી હોય તે આચીર્ણ. તેના ક્ષેત્ર અને ઘરની અપેક્ષાએ બે પ્રકાર છે.

(૧) ક્ષેત્રની અપેક્ષાએ જ્યારે આગળના ભાગમાં જમનારાઓની પંગત બેઠી હોય અને બીજા છેડે આહાર વગેરે હોય, તથા સ્ત્રીસંઘટ્ટ વગેરે કારણે સાધુથી ત્યાં જવાય તેમ ન હોય, ત્યારે સો હાથની અંદરથી લાવેલ કલ્પી શકે. ઘરની અપેક્ષાએ સંઘાટક બે સાધુઓમાંથી એક સાધુ જે ઘરની ભિક્ષા લેતો હોય તે ઘર, અને બીજો સાધુ દાતારની સાધુને ભિક્ષા આપવાની બધી ક્રિયા બરોબર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જોઈ શકે તેવા પાસેના બીજા બે ઘરો એમ ત્રણ ઘર સુધીનું અભ્યાહૃત કલ્પી શકે, તેથી આગળના ઘરનું ન કલ્પે.]

છાણ વગેરેથી લીંપેલી કોઠી વગેરેના લીંપણને ઉખેડીને [કે દરરોજ ન ખુલતા હોય તેવા કબાટ વગેરેને ખોલીને] આહારાદિ આપે તે ઉદ્ભિન્ન દોષ છે.

[આમાં સાધુને આપ્યા પછી ફરી લીંપણ વગેરેથી બંધ કરવામાં અપ્કાય આદિની વિરાધના, બંધ કરવાનું ભૂલી જાય કે મોડું થાય તો તેમાં ઉંદર વગેરે પેસી જાય તો પંચેંદ્રિય જીવોની વિરાધના, સાધુ નિમિત્તે ઉઘાડ્યા પછી તેમાં રહેલી ઘી વગેરે વસ્તુ પુત્ર વગેરેને આપે, અથવા તેનો ક્રય-વિક્રય કરે, ઈત્યાદિ અનેક દોષો થાય. જે કબાટ દરરોજ ન ખૂલતો હોય તેને ખોલવામાં આજુ-બાજુ કે પોલાણ વગેરેમાં રહેલા કરોળિયા, કીડી, ગરોળી વગેરે જીવોનો નાશ વગેરે દોષો લાગે.

પણ જો જીવવિરાધના ન થાય એ હેતુથી બરણી વગેરેને સામાન્ય કપડું બાંધ્યું હોય અને ગૃહસ્થો પોતાના માટે તેને વારંવાર ખોલતા હોય તો, બરણી ઉપર બાંધેલ કપડું વગેરે સાધુના માટે છોડીને તેમાં રહેલી વસ્તુ આપે તો કલ્પી શકે. તે જ પ્રમાણે કબાટ દરરોજ ગૃહસ્થો પોતાના માટે ખોલતા હોય તો તેને ઉઘાડીને તેમાં રહેલ વસ્તુ આપે તો કલ્પી શકે. આમ છતાં ગૃહસ્થ બરણી, કબાટ વગેરે ઉઘાડે ત્યારે સાધુએ ત્યાં બરોબર દૃષ્ટિ રાખવી જોઈએ. જેથી કીડી વગેરે હોય તો ઉચિત કરી શકાય. કબાટ વગેરે ઉપર કીડી વગેરે જીવો ફરતા હોય તો કબાટ વગેરે ખોલવામાં અને બંધ કરવામાં તે જીવો ચગદાઈ જવાની ઘણી શક્યતા છે.] [૭૪૯]

**मालोहडं तु भणिअं, जं मालाईहिं देइ घेत्तूणं ।**
**अच्छिज्जं च अछिंदिअ, जं सामी भिच्चमाईणं ॥ ७५० ॥**

**वृत्तिः-** '**मालापहृतं तु भणितं**' तीर्थकरगणधरैः यन्मण्डकादि '**मालादिभ्यो ददाति गृहीत्वा**', आदिशब्दादधोमालादिपरिग्रहः । '**आच्छेद्यं चाच्छिद्य यत्स्वामी भृत्यादीनां**' सम्बन्धि ददाति तद् भणितमिति, आदिशब्दात्कर्म्मकरादिपरिग्रह इति गाथार्थः ॥ ७५० ॥

**(માલાપાહૃત અને આચ્છેદ્ય દોષનું સ્વરૂપ–)**

માળ, ભોંયરુ વગેરે સ્થાનમાંથી લઈને ખાખરો વગેરે આપે તેને તીર્થંકરોએ અને ગણધરોએ માલાપહૃત દોષ કહ્યો છે. [માલાપહૃતના ઊર્ધ્વ, અધો, ઉભય અને તિર્યગ્ એમ ચાર પ્રકાર છે. માળ, શીકું, ખીંટી વગેરે ઉપરના સ્થાનમાંથી લઈને આપે તે ઊર્ધ્વ માલાપહૃત છે. ભોંયરું વગેરે નીચેના સ્થાનમાંથી લઈને આપે તે અધોમાલાપહૃત છે. જેમાંથી લેતાં પ્રથમ પગ વગેરેથી ઊંચા થવું પડે અને પછી મસ્તક, હાથ વગેરે અંગો નમાવવા પડે તે કોઠી, કોઠાર (= મોટી કોઠી) વગેરેમાંથી લઈને આપે તે ઉભય માલાપહૃત છે. હાથ લાંબા કરીને કષ્ટપૂર્વક લઈ શકાય તેવા ગોખલા વગેરેમાંથી લઈને આપે તે તિર્યગ્ માલાપહૃત છે.

આમાં તે તે સ્થાનમાંથી લેવામાં પડવા વગેરેનો ભય, પડવાથી નીચે રહેલા કીડી વગેરે જીવોની વિરાધના, પડનારના હાથ વગેરે અંગો ભાંગી જાય કે પ્રાણ પણ ચાલ્યા જાય, પરિણામે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રવચનહીલના થાય, શીકા વગેરેમાંથી લેવામાં સર્પદંશ આદિની સંભાવના, ઊંચે-નીચે થવામાં શારીરિક કષ્ટ થાય, વગેરે અનેક દોષો હોવાથી માલાપહૃત સાધુને ન કલ્પે.

પણ શીકા વગેરેમાં રહેલી વસ્તુ દેખાતી હોય, પડવાનો ભય ન હોય, શારીરિક કષ્ટ વગેરે દોષોની સંભાવના ન હોય તો કલ્પી શકે. તથા દાદરાના પગથિયાં સુખેથી ચઢી-ઉતરી શકાય તેવા હોય તો માળ ઉપરથી લાવેલું પણ કલ્પે. ઉત્સર્ગ માર્ગે તો માળ ઉપર રહેલી વસ્તુ લેવાની હોય તો એષણાશુદ્ધિ થાય તે માટે ગૃહસ્થ સાથે સાધુ પણ માળ ઉપર જાય. અપવાદથી ગૃહસ્થ માળ ઉપરથી લાવીને આપે તે કલ્પે.]

માલિક પોતાના દાસ, નોકર, વગેરેની વસ્તુ તેની પાસેથી બળાત્કારે ઝુંટવીને આપે તે આચ્છેદ્ય દોષ છે. [તેના નાયક, નૃપ અને ચોર એમ ત્રણ ભેદ છે. ઘરનો માલિક તે નાયક. ગામ આદિનો માલિક તે નૃપ. ઘરનો માલિક પોતાના નોકર, પુત્ર વગેરે પાસેથી બળાત્કારે ઝુંટવીને આપે તે નાયક આચ્છેદ્ય. નૃપ પોતાના આશ્રિતોની માલિકીની વસ્તુ તેમની પાસેથી બળાત્કારે ઝુંટવીને આપે તે નૃપ આચ્છેદ્ય. ચોરો સાર્થવાહના માણસો આદિ પાસેથી લૂંટીને આપે તે ચોર આચ્છેદ્ય. આમાં જેની પાસેથી ઝુંટવી લેવામાં આવે તેને આર્તધ્યાન, આહારાદિનો અંતરાય, સાધુ પ્રત્યે દ્વેષભાવ વગેરે દોષો થાય. તથા સાધુને અદત્તાદાનનો દોષ લાગે.] [૭૫૦]

**अणिसिट्ठं सामन्नं, गोट्ठिअभत्ताइ ददउ एगस्स ।**
**सट्ठा मूलादहणे, अज्झोअर होइ पक्खेवो ॥ ७५१ ॥**

**वृत्तिः-** '**अनिसृष्टं**' '**सामान्यम्**' अनेकसाधारणं '**गोष्ठिकभक्तादि**', आदिशब्दाच्छ्रेणिभक्तादि, '**ददत एकस्या**'ननुज्ञातस्य । '**स्वार्थम्**' आत्मनिमित्तं '**मूलाद्रहणे**' कृते सति साधुनिमित्तं मुद्गादिसेतिकादेः '**प्रक्षेपोऽध्यवपूरको भवती**'ति गाथार्थः ॥ ७५१ ॥

(અનિસૃષ્ટ અને અધ્યવપૂરક દોષનું સ્વરૂપ–)

અનેકની માલિકીવાળું મંડળભોજન, જાતિભોજન આદિ સામુદાયિક ભોજન બધા માલિકોની રજા વિના કોઈ એક આપે તે અનિસૃષ્ટ દોષ છે. [આમાં પરસ્પર ક્લેશ વગેરે તથા સાધુ પ્રત્યે દ્વેષ વગેરે થાય.]

પોતાના માટે રાંધવા વગેરેની શરૂઆત કર્યા પછી પાછળથી સાધુ નિમિત્તે અધિક ઉમેરવું તે અધ્યવપૂરક દોષ છે. [આના યાવદર્થિક, પાખંડી અને યતિ એમ ત્રણ ભેદ છે. આ ત્રણનો અર્થ મિશ્રદોષમાં જણાવ્યા મુજબ છે. અધ્યવપૂરકમાં પાછળથી સાધુ નિમિત્તે ઉમેરવામાં અપ્કાય, વનસ્પતિકાય વગેરે જીવોની વિરાધના થાય.] [૭૫૧]

अत्र विशोध्यविशोधिकोटिभेदमाह–

**कम्मुद्देसिअचरिमतिग पूइअं मीस चरिमपाहुडिआ ।**
**अज्झोअर अविसोहिअ, विसोहिकोडी भवे सेसा ॥ ७५२ ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**- '**कर्म्मे**'त्याधाकर्म्म तथा '**औद्देशिकचरमत्रिक**'मिति कर्म्मौद्देशिकस्य मोदकचूरीपुनः-करणादौ यच्चरमं त्रिकं पाखण्डिश्रमणनिर्ग्रन्थविषयं समुद्देशादि तथा '**पूतिं**' भक्तपानलक्षणां तथा '**मिश्र**'जातं उक्तलक्षणं तथा '**चरमप्राभृतिका**' बादरप्राभृतिका तथा '**ऽध्यवपूरक**' उक्तलक्षणः '**अविशोधि**'रिति अविशोधिकोटी-उद्धरणाद्यनर्हा, '**विशोधिकोटिर्भवेच्छेषा**', औद्देशिकादिरूपा उद्धरणार्हेति गाथार्थः ॥ ७५२ ॥

અહીં વિશુદ્ધકોટિ-અવિશુદ્ધકોટિરૂપ બે ભેદ કહે છે—

[1]આધાકર્મ, કર્મ ઔદ્દેશિકના સમુદ્દેશકર્મ, આદેશકર્મ અને સમાદેશકર્મ એ છેલ્લા ત્રણ ભેદ, મિશ્રજાત અને અધ્યવપૂરકના પાખંડી અને યતિ એ છેલ્લા બે ભેદ, બાદર ભક્તપાન પૂતિ અને બાદર પ્રાભૃતિકા એમ કુલ દશ ભેદ અવિશુદ્ધિકોટિ છે. બાકીના ઔદ્દેશિક વગેરે બધા દોષો વિશુદ્ધિ કોટિ છે.

मोदकचूरीपुनःकरणादौ આ પદનો અર્થ ૭૪૪મી ગાથામાં આવી ગયો છે.

જે દોષોથી દૂષિત આહાર શુદ્ધ આહારમાં પડ્યા પછી શુદ્ધ આહારમાંથી સંપૂર્ણ કાઢી લેવા છતાં બાકીનો શુદ્ધ આહાર પણ અશુદ્ધ જ રહે=શુદ્ધ ન બને તે દોષો અવિશુદ્ધિ કોટિ છે. જે દોષોથી દૂષિત આહાર શુદ્ધ આહારમાં પડ્યા પછી શુદ્ધ આહારમાંથી સંપૂર્ણ લઈ લીધા પછી બાકીનો શુદ્ધ આહાર શુદ્ધ બને તે દોષો વિશુદ્ધિ કોટિ છે.

[કોટિ એટલે ઉદ્ગમ દોષોનો વિભાગ=પ્રકાર. અવિશુદ્ધિ કોટિ દોષવાળા આહારથી ખરડાયેલ પાત્ર પણ છાણથી (છાણાના ભુકાથી કે રાખ વગેરેથી) બરોબર સાફ કર્યા પછી ત્રણ વાર ધોઈને બરોબર સુકાઈ ગયા પછી જ શુદ્ધ બને અને તેમાં શુદ્ધ આહાર લઈ શકાય.] [૭૫૨]

उक्ता उद्गमदोषाः, उत्पादनादोषानाह--

**उप्पायण संपायण, निव्वत्तणमो अ हुंति एगट्ठा ।**
**आहारम्मिह पगया, तीएँ य दोसा इमे होंति ॥ ७५३ ॥**

**वृत्तिः**- '**उत्पादने**'ति उत्पादनमुत्पादना, एवं '**सम्पादना निर्वर्त्तना चे**'ति '**भवन्त्येकार्था**' एते शब्दा इति, सा '**चाहारस्येह**'-अधिकारे '**प्रकृता, तस्याश्चो**'त्पादनायाः सम्बधिनो '**दोषाः एते भवन्ति**'वक्ष्यमाणलक्षणा इति गाथार्थः ॥ ७५३ ॥

ઉદ્ગમ દોષો કહ્યા, હવે ઉત્પાદનના દોષો કહે છે—

ઉત્પાદન, સંપાદન, નિર્વર્તના એ શબ્દો એકાર્થક છે, અર્થાત્ આ ત્રણે શબ્દોનો 'મેળવવું' અર્થ છે. તેના દોષો આ (નીચેની ગાથામાં કહેવાશે તે) પ્રમાણે છે. [૭૫૩]

**धाई दूइ निमित्ते, आजीवे वणिमगे तिगिच्छा य ।**
**कोहे माणे माया, लोहे अ हवंति दस एए ॥ ७५४ ॥**

१. અહીં ધારણા કરવામાં સરળતા રહે એ દૃષ્ટિએ પિંડવિશુદ્ધિમાં બતાવેલા ક્રમથી દોષોનાં નામ લખ્યા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**- '**धात्री दूती निमित्तमाजीवः वनीपकश्चिकित्सा च क्रोधो मानो माया लोभश्च भवन्ति दशैते**' उत्पादनादोषा इति गाथासमासार्थः ॥ ७५४ ॥

**पुव्विं पच्छा संथव, विज्जा मंते अ चुण्णजोगे अ ।**
**उप्पायणाएँ दोसा, सोलसमे मूलकम्मे अ ॥ ७५५ ॥**

**वृत्तिः**- पूर्वं पश्चात्संस्तवो विद्या मन्त्रश्च चूर्णयोगश्च उत्पादनायाः सम्बन्धिन एते दोषाः षोडशमो दोषो मूलकर्म्म चेति गाथासमासार्थः ॥ ७५५ ॥

(ઉત્પાદનાના સોળ દોષોનાં નામો–)

૧ ધાત્રી, ૨ દૂતી, ૩ નિમિત્ત, ૪ આજીવ, ૫ વનીપક, ૬ ચિકિત્સા, ૭ ક્રોધ, ૮ માન, ૯ માયા, ૧૦ લોભ, ૧૧ પૂર્વ-પશ્ચાત્સંસ્તવ, ૧૨ વિદ્યા, ૧૩ મંત્ર, ૧૪ ચૂર્ણ, ૧૫ યોગ, ૧૬ મૂલકર્મ એમ સોળ દોષો ઉત્પાદનના છે. ગાથાનો આ સંક્ષેપથી અર્થ છે. [૭૫૪-૭૫૫]

व्यासार्थं त्वाह–

**धाइत्तणं करेई, पिंडत्थाए तहेव दूइत्तं ।**
**तीआइनिमित्तं वा, कहेइ जायाइ वाऽऽजीवे ॥ ७५६ ॥**

**वृत्तिः**- '**धात्रीत्व**'मिति बालमधिकृत्य मज्जनादिधात्रीभावं '**करोति**' कश्चित्साधुः, '**पिण्डार्थं**'भोजननिमित्तं, '**तथैव**' '**दूतीत्वं**' दुहित्रादिसंदेशनयनलक्षणं, '**तीतादिनिमित्तं वा कथयति**'पिण्डनिमित्तमेव, '**जात्यादि वाऽऽजीवति**' तत्कर्म्मप्रशंसादिना, आदिशब्दाच्छिल्पादिपरिग्रह इति गाथार्थः ॥ ७५६ ॥

હવે વિસ્તારથી અર્થ કહે છે–

(૧) **ધાત્રી**- ધાત્રી એટલે બાલપાલિકા (= બાળકનું રક્ષણ કરનારી) સ્ત્રી. ધાત્રીના દૂધ પીવડાવનારી, સ્નાન કરાવનારી, વસ્ત્રાલંકાર પહેરાવનારી, રમાડનારી અને ખોળામાં બેસાડનારી એમ પાંચ પ્રકાર છે. આ પાંચ પ્રકારમાંથી કોઈ પણ ધાત્રીનું (બાળકને રમાડવું વગેરે) કાર્ય કરીને સાધુ ભિક્ષા મેળવે તે ધાત્રીદોષ છે.

[આમાં બાળકને રમાડવાદિથી તેની માતા વગેરે આકર્ષાઈને સાધુ માટે આધાકર્મ આહાર બનાવે, સાધુ અને બાળકની માતા વગેરેનો પરસ્પર પરિચય વધે, રાગ-ભાવ થાય વગેરે અનેક દોષો છે.]

(૨) **દૂતી**- દૂતી એટલે પરસ્પરનો સંદેશો કહેનારી સ્ત્રી. સાધુ ગૃહસ્થોને પરસ્પરના સંદેશા=સમાચારો કહીને ભિક્ષા મેળવે તે દૂતી દોષ છે. [આમાં ગૃહસ્થો સંદેશા પ્રમાણે પ્રવૃત્તિ કરે એથી જીવહિંસા વગેરે દોષો લાગે.]

(૩) **નિમિત્ત**- ભૂત, વર્તમાન અને ભવિષ્યના સુખ-દુઃખાદિ સંબંધી નિમિત્તો કહીને ભિક્ષા મેળવવી તે નિમિત્ત દોષ છે. [આમાં નિમિત્ત સાચું પડે તો ગૃહસ્થ આકર્ષાઈને આધાકર્મ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આહાર વગેરે દોષો કરે, નિમિત્ત પ્રમાણે પ્રવૃત્તિ કરીને જીવહિંસાદિ પાપો કરે, યાવત્ મનુષ્ય વગેરે પંચેંદ્રિય જીવોનો ઘાત પણ કરે, નિમિત્ત ખોટું પડે તો સાધુ પ્રત્યે દ્વેષ કરે, યાવત્ સાધુનો વધ કરે, શાસનની હીલના થાય વગેરે અનેક દોષો છે.]

(૪) **આજીવ**- આજીવ એટલે જીવન નિર્વાહ. સાધુ જાતિ, કુલ, ગણ, કર્મ અને શિલ્પ એ પાંચમાંથી કોઈની પ્રશંસા વગેરેથી ભિક્ષા મેળવીને જીવનનો નિર્વાહ કરે તે આજીવ દોષ.

[જાતિ=બ્રાહ્મણ, ક્ષત્રિય વગેરે. કુલ=ઉગ્ર, ભોગ વગેરે. ગણ=સમુદાય. જેમ કે મલ્લોનો સમુદાય, પંડિતોનો સમુદાય, નટોનો સમુદાય. કર્મ=ખેતી વગેરે. શિલ્પ=સીવવું વગેરે કળા. ગૃહસ્થ બ્રાહ્મણ જાતિનો હોય તો સાધુ બ્રાહ્મણજાતિની પ્રશંસા કરે, અગર પોતે બ્રાહ્મણ જાતિનો છે એમ કહે, અગર તેવાં વચનો બોલે જેથી ગૃહસ્થ જાતિની સમાનતાથી આકર્ષાઈને સારો આહાર આપે. એમ કુલ વિષે પણ સમજવું. મલ્લ વગેરેની પાસે મલ્લકુસ્તી સંબંધી વાતો એવી રીતે કરે કે જેથી મલ્લને લાગે કે આ સાધુ મલ્લ છે. ખેડૂત વગેરેની પાસે ખેતી સંબંધી વાતો એવી રીતે કરે કે જેથી તેને એમ લાગે કે આ સાધુ પૂર્વે ખેડૂત હતો, અથવા ખેતીનું સારું જ્ઞાન ધરાવે છે. એ પ્રમાણે શિલ્પમાં પણ સમજવું.

આમાં પ્રસન્ન બનેલ ગૃહસ્થ આધાકર્મ આદિ દોષો લગાડે, તથા સાધુને તે તે જાતિ આદિવાળા ગૃહસ્થ પાસે પોતે તે તે જાતિ આદિનો ન હોય તો પણ પોતે તે તે જાતિ આદિનો છે એમ બતાવવામાં મૃષાવાદ, માયા આદિ દોષોનું સેવન કરવું પડે, ખેતી આદિના વર્ણનમાં સાવદ્ય કાર્યોની પ્રશંસાથી અનુમોદના વગેરે દોષો લાગે.] [૭૫૬]

जैनम् जयति शासनम् JAINSITE.com

**जो जस्स कोइ भत्तो, वणेइ तं तप्पसंसणेणेव ।**

**आहारट्ठा कुणइ व, मूढो सुहुमेअरतिगिच्छं ॥ ७५७ ॥**

**वृत्तिः**- '**यो यस्य**' शाक्यभिक्ष्वादेः '**कश्चिद्भक्तः**' उपासकादिः '**वनति**' संभजते सेवते '**तं तत्प्रशंसनेनैव**', 'भुञ्जते चित्रकर्म्मस्थिता इवे'त्येवं शाक्यभिक्ष्वादि प्रशंसति वा । '**आहारार्थम्**' आहारनिमित्तं '**करोति वा मूढश्चा**'रित्रमोहेन '**सूक्ष्मेतरां चिकित्सां**', तत्र सूक्ष्मा वैद्यसूचनादि, बादरा प्रतीतेति गाथार्थः ॥ ७५७ ॥

(૫) **વનીપક**- વનીપક એટલે સેવા કરનાર. જે દાતા ગૃહસ્થ જે બૌદ્ધ સાધુ વગેરેનો ભક્ત હોય તે ગૃહસ્થ પાસે તે બૌદ્ધ સાધુ વગેરેની પ્રશંસા કરવા દ્વારા તે ગૃહસ્થની સેવા કરે, અથવા "ચિત્રકર્મમાં આલેખાયા હોય તેમ ભોજન કરે છે, અર્થાત્ રાગ-દ્વેષ રહિત ભોજન કરે છે," એમ (બૌદ્ધ ભક્ત વગેરેની સમક્ષ) બૌદ્ધ સાધુ વગેરેની પ્રશંસા કરે, તે વનીપક દોષ. [આમાં કુધર્મની અને કુપાત્રદાનની પ્રશંસાથી મૃષાવાદ અને મિથ્યાત્વની સ્થિરતા-વૃદ્ધિ, સાવદ્યમાં પ્રવૃત્તની પ્રશંસાથી જીવહિંસાદિ પાપોની અનુમોદના વગેરે દોષો લાગે.]

(૬) **ચિકિત્સા**- ચિકિત્સા એટલે રોગનો ઉપાય. ચારિત્રમોહથી મૂઢ બનેલ સાધુ આહાર મેળવવા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચિકિત્સા કરે તે ચિકિત્સા દોષ છે. ચિકિત્સા દોષના સૂક્ષ્મ અને બાદર એમ બે પ્રકાર છે. રોગની દવા બતાવવી, વૈદ્ય બતાવવો, વૈદ્યની પ્રશંસા કરવી, વગેરે સૂક્ષ્મ ચિકિત્સા છે. (જાતે રોગની દવા આપવી તે) બાદર (મોટી) ચિકિત્સા પ્રસિદ્ધ છે.

[આમાં દવા બતાવવા વગેરેથી અપ્કાય, વનસ્પતિકાય વગેરે જીવોની હિંસા, સારું થયા પછી પાપકાર્યમાં પ્રવૃત્તિ, કદાચ વધારે બિમારી થાય કે મૃત્યુ થાય તો સાધુ પ્રત્યે દ્વેષભાવ, શાસનહીલના વગેરે દોષો લાગે.] [૭૫૭]

**कोहप्फलसम्भावणपडुपण्णो होइ कोहपिंडो उ ।**

**गिहिणो कुणइऽभिमाणं, मायाएँ दवावए तहय ॥ ७५८ ॥**

**वृत्तिः**- '**क्रोधफलसम्भावनाप्रत्युत्पन्नः**' सन् ज्ञातो '**भवति क्रोधपिण्डस्तु**', क्षपकर्षेरिव, '**गृहिणः करोत्यभिमानं**' दानं प्रतीति मानपिण्डः, सेवतिकासाधोरिव, '**मायया दापयति तथा**' वेषपरावर्त्तादिनेति मायापिण्डः, चेल्लकस्येवेति गाथार्थः ॥ ७५८ ॥

(૭) **ક્રોધપિંડ**- ગુસ્સે થયેલો આ સાધુ અમુક અનર્થ કરશે એવા ભયથી ઉત્પન્ન થયેલો પિંડ-આહાર ક્રોધપિંડ છે. આ વિષયમાં ક્ષપકમુનિનું દૃષ્ટાંત [1] છે.

[ભાવાર્થ- કોઈ સાધુનો વિદ્યાથી ઉચ્ચાટન કરવું, કોઈને મારી નાખવો વગેરે વિદ્યાસંબંધી પ્રભાવ, શાપ આપવો વગેરે તપપ્રભાવ, હજારની સાથે એકલો લડી શકે વગેરે બલ, રાજપ્રેમ વગેરે જાણીને, અથવા કોઈ સાધુએ ગુસ્સામાં આવીને શાપ આપીને કોઈને મારી નાખ્યો હોય વગેરે અનર્થો જોઈને, પોતે ભિક્ષા નહિ આપે તો કદાચ અનર્થ થશે એવા ભયથી ભિક્ષા આપે, અથવા બ્રાહ્મણ વગેરે પાસેથી માગવા છતાં ભિક્ષા ન મળે તો સાધુ ગુસ્સે થાય, સાધુને ગુસ્સે થયેલો જોઈને ગુસ્સે થયેલો સાધુ અનર્થ કરશે એવા ભયથી ભિક્ષા આપે તે ક્રોધપિંડ છે.]

(૮) **માનપિંડ**- ગૃહસ્થને ["આ સાધુએ મારી પાસે માગણી કરી છે તેથી મારે એને નહિ આપવાની ઈચ્છાવાળા (મારા) પરિવાર વગેરેની અવગણના કરીને પણ આપવું" એવા] અભિમાનવાળો બનાવીને ભિક્ષા મેળવે તે માનપિંડ છે. આ વિષયમાં સેવતિકા સાધુનું દૃષ્ટાંત છે. [અથવા દાતાનો પરિવાર આ સાધુને અમારે કોઈ પણ રીતે આપવું નથી એવા અભિમાનવાળો બને, અને સાધુ પણ હું અવશ્ય લઈશ એવા અભિમાનવાળો બનીને દાતાના ઘરથી ભિક્ષા મેળવે તે માનપિંડ છે.

અથવા જો તમે અમુક અમુર આહાર અમને લાવી આપો તો તમે લબ્ધિવાળા છો એમ અમે માનીએ, એ પ્રમાણે બીજા સાધુઓના કહેવાથી ફુલાઈને સાધુઓએ કહેલો આહાર લાવે તે માનપિંડ છે. અથવા તમારામાં સારો આહાર લાવવાની જરાય શક્તિ (-લબ્ધિ)

૧. આ દૃષ્ટાંત અને માયાદિ ત્રણ કષાયનાં દૃષ્ટાંતોનો અહીં ટીકામાં માત્ર નામ નિર્દેશ કર્યો છે, દૃષ્ટાંતોનું વર્ણન નથી. તે દૃષ્ટાંતો જિજ્ઞાસુએ પિંડવિશુદ્ધિ વગેરે ગ્રંથોમાંથી જોઈ લેવાં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નથી એમ બીજા સાધુઓ અપમાન કરે એથી, "જુઓ, મારામાં સારો આહાર લાવવાની શક્તિ છે" એમ બતાવવા અહંકારથી સારો આહાર લાવે તે માનપિંડ છે. અથવા બીજા સાધુઓ પાસેથી પોતાની લબ્ધિની પ્રશંસા સાંભળીને ફુલાઈ જાય, એથી "અરે ! હું તો જ્યાં જાઉં ત્યાં બધું મેળવી શકું છું" એમ સાધુઓને કહીને ભિક્ષા માટે જાય, અને કોઈ ગૃહસ્થને એવી રીતે વાત કરે કે જેથી તે ગૃહસ્થને અહંકાર થાય (-આપવાનું પૌરુષ ચઢે) અને તેથી તે સાધુ જે આહાર માગે તે અને જેટલો માગે તેટલો આપે તે માનપિંડ છે.]

(૯) **માયાપિંડ**- લબ્ધિથી વેશપરિવર્તન આદિ કરીને માયાથી ગૃહસ્થને છેતરીને તેની પાસેથી ભિક્ષા મેળવે તે માયાપિંડ છે. આ વિષયમાં ચેલ્લક મુનિનું દૃષ્ટાંત છે. [૭૫૮]

**अतिलोभा परिअडई, आहारट्ठा य संथवं दुविहं ।**

**कुणइ पउंजइ विज्जं, मंतं चुण्णं च जोगं च ॥ ७५९ ॥**

**वृत्तिः– 'अतिलोभात् पर्यटत्याहारार्थ'**मिति लोभपिण्डः, सिंहकेसरकयतेरिव, आहारार्थमेव **'संस्तवं'** परिचयं **'द्विविधं करोति'**, पूर्वपश्चाद्भेदेन, एवमाहारार्थमेव **'प्रयुङ्क्ते विद्यां मन्त्रचूर्णे च योगं च'**, तत्र देवताधिष्ठितोऽक्षरविन्यासो विद्या, देवाधिष्ठितस्तु मन्त्रः, चूर्णः पादलेपादिः, योगो वशीकरणादीति गाथार्थः ॥ ७५९ ॥

(૧૦) **લોભપિંડ**- આહારની લાલસાથી આહાર માટે ઘણા ઘરોમાં ફરે તે લોભપિંડ. આ વિષયમાં સિંહકેસરિયા મુનિનું દૃષ્ટાંત છે.

[ક્રોધાદિ ચારે પ્રકારના પિંડમાં સાધુના ક્રોધાદિ કષાયનું પોષણ, એક-બીજાને દ્વેષભાવ, શાસનહીલના વગેરે દોષો છે.]

(૧૧) **પૂર્વ-પશ્ચાત્સંસ્તવ**- સંસ્તવ એટલે પરિચય. સંસ્તવના પૂર્વ અને પશ્ચાત્ એમ બે ભેદ છે. આહાર મેળવવા માટે માતા, પિતા વગેરે પક્ષનો સંબંધ બતાવવો તે પૂર્વસંસ્તવ, અને શ્વસુર પક્ષનો સંબંધ બતાવવો તે પશ્ચાત્સંસ્તવ. [જેમ કે દાન આપનારી સ્ત્રી વૃદ્ધ હોય તો તમારા જેવી જ મારી માતા હતી વગેરે કહે, પ્રૌઢ સ્ત્રી હોય તો તમારા જેવી જ મારી બહેન હતી વગેરે કહે, યુવતિ હોય તો તારા જેવી જ મારી પુત્રી હતી વગેરે કહે. આમાં માયામૃષાવાદ, પરસ્પર મમત્વભાવ, શાસનહીલના વગેરે દોષો થાય. આહાર મેળવવાના ઈરાદાથી ગૃહસ્થોની સાથે પોતાનો સંસારનો સાચો સંબંધ કાઢવો એ પણ પૂર્વ-પશ્ચાત્સંસ્તવ છે.] અથવા સંસ્તવ એટલે પ્રશંસા. દાતા આહાર આપે એ પહેલાં તેના સાચા-ખોટા ગુણોની પ્રશંસા (ખુશામત) કરવી તે પૂર્વસંસ્તવ, અને દાન આપ્યા પછી પ્રશંસા કરવી તે પશ્ચાત્સંસ્તવ. [આમાં માયા, મૃષાવાદ, અસંયતની ખુશામત દ્વારા પાપોની અનુમોદના વગેરે દોષો લાગે.]

(૧૨ થી ૧૫) **વિદ્યા-મંત્ર-ચૂર્ણ-યોગપ્રયોગ**- આહાર મેળવવા માટે વિદ્યા, મંત્ર, ચૂર્ણ અને યોગનો ઉપયોગ કરવો તે અનુક્રમે વિદ્યાપ્રયોગ, મંત્રપ્રયોગ, ચૂર્ણપ્રયોગ અને યોગપ્રયોગ દોષ છે.

JAINSITE.com जैनम् जयति शासनम्
www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

દેવીથી અધિષ્ઠિત અક્ષરવિન્યાસ એ વિદ્યા, અને દેવથી અધિષ્ઠિત અક્ષરવિન્યાસ એ મંત્ર. [અથવા હોમ, બલિ, જાપ વગેરે સાધનોથી સિદ્ધ થાય તે વિદ્યા, અને હોમ વગેરે સાધનો વિના (માત્ર પાઠથી) સિદ્ધ થાય તે મંત્ર.] પગમાં લેપ કરીને આકાશમાં ઉડી શકાય વગેરે જુદા જુદા પ્રયોગોથી જુદી જુદી શક્તિ જેમાં હોય તેવાં ચૂર્ણો. જેનાથી વશીકરણ (સ્તંભન) વગેરે થાય તે યોગ. [આમાં ગૃહસ્થની ઈચ્છા વિના આહારાદિ લેવાથી અદત્તાદાન, ગૃહસ્થોને ખબર પડતાં શાસનહીલના વગેરે દોષો છે.] [૭૫૯]

**गब्भपरिसाडणाइ व, पिंडत्थं कुणइ मूलकम्मं तु ।**

**साहुसमुत्था एए, भणिआ उप्पायणादोसा ॥ ७६० ॥**

**वृत्तिः-** **'गर्भपरिशातादि वा 'पिण्डार्थम्'** आहारनिमित्तं **'करोति मूलकर्म्मैव, साधुसमुत्था 'एते'** अनन्तरोदिता **'भणिता उत्पादनादोषा'** इति गाथार्थः ॥ ७६० ॥

(૧૬) મૂલકર્મ- [જેનાથી દીક્ષા પર્યાયનો મૂળથી છેદરૂપ આઠમું પ્રાયશ્ચિત્ત આવે તેવો] ગર્ભપાતાદિ વ્યાપાર આહાર માટે કરે તે મૂલકર્મ. [અથવા મૂળ એટલે વનસ્પતિનાં મૂળિયાં. વનસ્પતિનાં મૂળિયાંની ક્રિયા તે મૂલકર્મ. આહાર મેળવવાના ઈરાદાથી સૌભાગ્ય માટે મંગલ ગણાતાં વનસ્પતિનાં મૂળિયાંઓથી સ્ત્રીઓને સ્નાન કરાવવું, ગર્ભપાત (કે ગર્ભાધાન) વગેરે કરાવવું એ મૂળકર્મ દોષ છે. આમાં ગર્ભપાત આદિ કર્યા પછી બીજાઓને ખબર પડતાં સાધુ પ્રત્યે દ્વેષ, તેથી કદાચ સાધુનો વધ પણ થાય, વનસ્પતિકાય આદિની વિરાધના, પંચેંદ્રિય ગર્ભનો ઘાત વગેરે અનેક દોષો છે.]

અનંતરોક્ત સોળ દોષો સાધુથી ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે ઉત્પાદનાના દોષો કહ્યા. [૭૬૦]

उक्ता उत्पादनादोषाः, एषणादोषानाह-

**एसण गवेसणऽण्णेसणा य गहणं च होंति एगट्ठा ।**

**आहारम्मिह पगया तीएँ य दोसा इमे हुंति ॥ ७६१ ॥**

**वृत्तिः-** एषणं**'मेषणा'**, एवं **'गवेषणा अन्वेषणा च ग्रहणं चेति भवन्त्येकार्थाः'** एते शब्दा इति, सा **'चाहारस्येह प्रकृता, 'तस्याश्च'** एषणाया **'दोषाः दश भवन्ति'**, वक्ष्यमाणलक्षणा इति गाथार्थः ॥ ७६१ ॥

**ઉત્પાદનાના દોષો કહ્યા, હવે એષણાના દોષો કહે છે-**

એષણા, ગવેષણા, અન્વેષણા, ગ્રહણ આ શબ્દો એકાર્થક છે, અર્થાત્ આ બધા શબ્દોનો એષણા અર્થ છે. એષણા (= તપાસ) અનેક વસ્તુ સંબંધી હોય છે, તેમાં અહીં આહારની એષણા (= તપાસ) પ્રસ્તુત છે, દ્વિપદ પ્રાણી વગેરેની એષણા પ્રસ્તુત નથી. એષણાના દોષો (= આહાર)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગ્રહણ કરતી વખતે લાગતા દોષો)[1] નીચેની ગાથામાં કહેવાશે તે દશ છે. [૭૬૧]

**संकिअ मक्खिअ णिक्खित्त पिहिअ साहरिअ दायगुम्मीसे ।**

**अपरिणय लित्त छड्डिअ, एसणदोसा दस भवंति ॥ ७६२ ॥**

**वृत्तिः-** '**शङ्कितं म्रक्षितं निक्षिप्तं पिहितं संहृतं दायकम् उन्मिश्रं अपरिणतं लिप्तं छर्दितमि**'त्येते '**एषणादोषाः दश भवन्ती**'ति गाथासमासार्थः ॥ ७६२ ॥

(એષણાના દશ દોષોનાં નામ–)

શંકિત, મ્રક્ષિત, નિક્ષિપ્ત, પિહિત, સંહૃત, દાયક, ઉન્મિશ્ર, અપરિણત, લિપ્ત, છર્દિત આ દશ એષણાના દોષો છે=આહાર લેતાં તપાસવાના દોષો છે. ગાથાનો આ સંક્ષિપ્ત અર્થ છે. [૭૬૨]

व्यासार्थमाह-

**कम्माइ संकिइ ( संकइ ) तयं, मक्खिअमुदगाइणा उ जं जुत्तं ।**

**णिक्खित्तं सच्चित्ते, पिहिअं तु फलाइणा थइअं ॥ ७६३ ॥**

**वृत्तिः-** '**कर्म्मादि शङ्कितमेतत्**' (कर्मादि शङ्कते तत्), यदेव शङ्कितं तद् गृह्णतः तदेवापद्यत इत्यर्थः, '**म्रक्षितं उदकादिना तु यद्युक्तं**' मण्डकादि, '**निक्षिप्तं**' सजीवादौ '**सचित्ते**' मिश्रे च, '**पिहितं तु फलादिना स्थगितं**', पुष्पफलादिनेति गाथार्थः ॥ ७६३ ॥

**मत्तगगयं अजोग्गं, पुढवाइसु छोढु देइ साहरिअं ।**

**दायग बालाईआ, अजोग बीजाइ उम्मीसं ॥ ७६४ ॥**

**वृत्तिः-** '**मात्रकगतमयोग्यं**' कुथितरसादि '**पृथिव्यादिषु**' कायेषु '**क्षिप्त्वा**' ददातीत्येत-'**त्संहृतं, दायका '**बालादयो**' बालवृद्धादयः '**अयोग्या**' दानग्रहणं प्रति, '**बीजाद्युन्मिश्रं**' बीजकन्दादियुक्तमुन्मिश्र-मुच्यत इति गाथार्थः ॥ ७६४ ॥

**अपरिणयं दव्वं चिअ, भावो वा दोण्ह दाण एगस्स ।**

**लित्तं वसाइणा छड्डिअं तु परिसाडणावंतं ॥ ७६५ ॥**

**वृत्तिः-** '**अपरिणतं द्रव्यमेव**' सजीवमित्यर्थः, '**भावो वा द्वयोः**' सम्बन्धिनो '**दाने**

१. પિંડનિર્યુક્તિ વગેરે ગ્રંથોમાં એષણા શબ્દનો દોષોની તપાસ કરવી એવો અર્થ છે. એષણાના ગવેષણૈષણા, ગ્રહણૈષણા અને ગ્રાસૈષણા એમ ત્રણ ભેદ છે. ગવેષણા એટલે ઉદ્ગમ અને ઉત્પાદનના દોષો (પિં. વિ. ગા. ૭૬નું અવતરણ). આહાર લેતાં પહેલાં ગવેષણાની = ઉદ્ગમ અને ઉત્પાદનના દોષોની તપાસ કરવી તે ગવેષણૈષણા. ગ્રહણ એટલે આહાર ગ્રહણ કરવો. આહાર ગ્રહણ કરતી વખતે લાગતા દોષોની તપાસ તે ગ્રહણૈષણા. ગ્રાસ એટલે કોળિયો, અર્થાત્ ભોજન કરવું. ભોજન કરતાં લાગતા દોષોની તપાસ કરવી તે ગ્રાસૈષણા. પ્રસ્તુતમાં એષણા શબ્દનો શબ્દાર્થ તપાસ કરવી એવો છે, પણ ભાવાર્થ ગ્રહણૈષણા રૂપ છે. અપેક્ષાએ ગ્રહણૈષણા અને તપાસ કરવી એ બંનેનો એક જ અર્થ છે. કારણ કે ગ્રહણ એટલે આહાર ગ્રહણ કરવો. આહારનું ગ્રહણ દોષોની તપાસપૂર્વક કરવાનું છે. આથી જ અહીં એષણા (= તપાસ) અને ગ્રહણ એ બંનેનો શબ્દાર્થ ભિન્ન હોવા છતાં ભાવાર્થ એક હોવાથી અહીં તે બંનેનો એક અર્થ જણાવ્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**एकस्य'** दातुरपरिणतः, दानं समक्षयोरेवेत्यनिसृष्टाद् भेदः, **'लिप्तं वसादिना'** गर्हितद्रव्येण, **'छर्दितं तु परिशातनावद्दे'**यमिति गाथार्थः ॥ ७६५ ॥

હવે વિસ્તૃત અર્થ કહે છે–

(૧) **શંકિત-** શંકિત એટલે શંકાવાળું. જે આહારમાં (ઉદ્ગમના ૧૬ અને એષણાના શંકિત સિવાયના ૯ એમ ૨૫ દોષમાંથી) જે દોષની શંકા પડે તે આહાર લેવાથી (કે વાપરવાથી) તે જ દોષ લાગે.

[જેમ કે આહાર શુદ્ધ હોવા છતાં આધાકર્મની શંકા પડે છતાં તે આહાર લેવામાં આવે કે વાપરવામાં આવે તો આધાકર્મ દોષ લાગે, ઔદ્દેશિકની શંકા પડે તો ઔદ્દેશિક દોષ લાગે... જે જે દોષની શંકાપૂર્વક વહોરે કે વાપરે તે તે દોષ લાગે.

અહીં ગ્રહણ અને ભોજનને આશ્રયીને ચાર ભાંગા છે. તે આ પ્રમાણે- (૧) ગ્રહણ (= આહાર લેતી વખતે) અને ભોજન (= વાપરતી વખતે) એ બંનેમાં શંકિત. (૨) ગ્રહણમાં શંકિત, ભોજનમાં નિઃશંક. (૩) ગ્રહણમાં નિઃશંક, ભોજનમાં શંકિત. (૪) બંનેમાં નિઃશંક.

**પહેલા ભાંગાની ઘટના-** કોઈ સાધુને કોઈ ઘરે ઘણો આહાર જોતાં આટલો બધો આહાર કેમ છે ? કંઈક ગરબડ લાગે છે ! એવી શંકા થઈ, પણ લજ્જાળુ હોવાથી ગૃહસ્થને વધારે રસોઈ બનાવવાનું કારણ પૂછી શકે નહિ. શંકાપૂર્વક જ તે આહાર વહોરે અને શંકાપૂર્વક જ વાપરે.

**બીજા ભાંગાની ઘટના-** ઉપર કહ્યું તેમ શંકિત આહાર લાવ્યા પછી ભોજનની શરૂઆત કરતાં પહેલાં બીજા કોઈ સાધુ વગેરેના કહેવાથી ખબર પડી જાય કે હું જે ઘરેથી શંકિત આહાર લાવ્યો છું તે ઘરનો આહાર નિર્દોષ છે. આથી વાપરતી વખતે નિઃશંક છે.

**ત્રીજા ભાંગાની ઘટના-** કોઈ સાધુને કોઈના ઘરેથી નિઃશંક આહાર લાવ્યા પછી કોઈ કારણથી તેમાં શંકા પડે કે હું અમુક ઘરેથી જે આહાર લાવ્યો છું તે કદાચ દોષિત હશે. આવી શંકાપૂર્વક આહાર વાપરે.

**ચોથા ભાંગાની ઘટના-** શંકા વિના આહાર લે અને શંકા વિના વાપરે.

ગ્રહણ કરતી વખતે શંકિત હોવા છતાં વાપરતી વખતે નિઃશંક બની જાય તો તે આહાર શુદ્ધ ગણાય. આથી ચાર ભાંગામાં પહેલો અને ત્રીજો એ બે ભાંગા અશુદ્ધ છે, બીજો અને ચોથો એ બે ભાંગા શુદ્ધ છે.]

(૨) **મ્રક્ષિત-** મ્રક્ષિત એટલે યુક્ત (= ખરડાયેલ). સચિત્ત પાણી વગેરેથી યુક્ત હોય તે ખાખરો વગેરે આહાર લેવો તે મ્રક્ષિત દોષ છે.

[મ્રક્ષિતના સચિત્ત વસ્તુથી મ્રક્ષિત અને અચિત્ત વસ્તુથી મ્રક્ષિત એમ બે ભેદ છે. તેમાં સચિત્ત વસ્તુથી મ્રક્ષિત આહાર સર્વથા ન કલ્પે. આહાર, આહાર આપવાનું ભાજન અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આહાર આપનારના હાથ એ ત્રણમાંથી કોઈ એક પણ સચિત્તથી મ્રક્ષિત હોય તો ન કલ્પે, ત્રણે સચિત્તથી મ્રક્ષિત ન હોય તો જ કલ્પે.

અચિત્તથી મ્રક્ષિતમાં લોકનિંદ્ય ચરબી આદિ અચિત્તથી મ્રક્ષિત ન કલ્પે.

પૂર્વકર્મ અને પશ્ચાત્કર્મ એ બે દોષોનો પણ મ્રક્ષિત દોષમાં સમાવેશ થાય છે. સાધુને વહોરાવવા માટે હાથ અને ભાજન વગેરેને સચિત્ત પાણીથી સાફ કરે વગેરે પૂર્વકર્મ છે. સાધુને વહોરાવ્યા પછી સાધુને વહોરાવવાના નિમિત્તે ખરડાયેલા હાથ, અને ભાજન વગેરેને સચિત્ત પાણીથી સાફ કરે વગેરે પશ્ચાત્કર્મ છે.]

(૩) **નિક્ષિપ્ત**- નિક્ષિપ્ત એટલે મૂકેલું. સચિત્ત વસ્તુ ઉપર કે સચિત્તમિશ્ર વસ્તુ ઉપર મૂકેલો આહાર લેવો તે નિક્ષિપ્ત દોષ છે.

[નિક્ષિપ્તના અનંતર અને પરંપર એમ બે ભેદ છે. સાક્ષાત્ સચિત્ત વસ્તુ ઉપર મૂકેલું હોય તે અનંતર નિક્ષિપ્ત. સચિત્ત વસ્તુ ઉપર રહેલા ભાજન વગેરેમાં મૂકેલું હોય તે પરંપર નિક્ષિપ્ત. જેમ કે- ઘઉં ઉપર ખાખરા વગેરે પડેલું હોય તે અનંતર નિક્ષિપ્ત. ઘઉં ઉપર રહેલા ડબામાં ખાખરા હોય તે પરંપર નિક્ષિપ્ત. અનંતર નિક્ષિપ્ત સર્વથા ન કલ્પે. પરંપર નિક્ષિપ્ત સચિત્તની સાથે સંઘટ્ટો ન થાય તેમ યતનાથી (કારણે) લઈ પણ શકાય.]

(૪) **પિહિત**- પિહિત એટલે ઢંકાયેલું. જે આહાર સચિત્ત પુષ્પ, ફળ આદિથી ઢંકાયેલું હોય, અર્થાત્ જે આહાર ઉપર સચિત્ત ફળ વગેરે પડ્યું હોય, તે આહાર લેવાથી પિહિત દોષ લાગે.

[પિહિતના અનંતર અને પરંપર એમ બે ભેદ છે. જેમ કે- ખાખરા ઉપર સાક્ષાત્ લીંબુ વગેરે સચિત્ત વસ્તુ પડી હોય તો તે અનંતર પિહિત છે. ખાખરા વગેરે ઉપર છાબડી પડી હોય અને તેમાં લીંબુ વગેરે સચિત્ત વસ્તુ હોય તે પરંપર પિહિત છે. અનંતર પિહિત સર્વથા અકલ્પ્ય છે. પરંપરા પિહિત યતનાથી (કારણે) લઈ પણ શકાય.] [૭૬૩]

(૫) **સંહૃત**- સાધુને આપવા માટે યોગ્ય ન હોય તેવી ભાજનમાં રહેલી બેસ્વાદ વગેરે વસ્તુને સચિત્ત પૃથ્વી આદિ ઉપર નાખીને તે ભાજનથી સાધુને આહાર આપે તે સંહૃત દોષ છે.

[આમાં ચાર ભાંગા છે. તે આ પ્રમાણે : (૧) સચિત્તને સચિત્તમાં નાખે. (૨) સચિત્તને અચિત્તમાં નાખે. (૩) અચિત્તને સચિત્તમાં નાંખે. (૪) અચિત્તને અચિત્તમાં નાખે. આમાં ચોથા ભાંગાથી યતનાપૂર્વક લઈ શકાય.]

(૬) **દાયક**- ભિક્ષા આપવા માટે અયોગ્ય બાળક, વૃદ્ધ વગેરે ભિક્ષા આપે તો તે દાયક દોષ છે. [નીચે જણાવેલ જીવો ભિક્ષા આપવા અયોગ્ય છે.

**अव्वत्तमपहु थेरे, पंडे मत्ते य खित्तचित्ते य ।**
**दित्ते जक्खाइट्ठे, करचरणछिन्नंऽधणियले य ॥ ४६९ ॥**
**तद्दोस गुव्विणी बालवच्छ कंडंति पीसभज्जंती ।**
**कत्तंती पिंजंती, भइया दगमाइणो दोसा ॥ ४७० ॥** ઓ૦ નિ૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧ અવ્યક્ત, ૨ અપ્રભુ, ૩ સ્થવિર, ૪ નપુંસક, ૫ મત્ત, ૬ ક્ષિપ્તચિત્ત, ૭ દીપ્તચિત્ત, ૮ યક્ષાવિષ્ટ, ૯ કરછિન્ન, ૧૦ ચરણછિન્ન, ૧૧ અંધ, ૧૨ નિગડિત, ૧૩ કુષ્ઠી, ૧૪ ગર્ભિણી, ૧૫ બાલવત્સા, ૧૬ ખાંડતી, ૧૭ દળતી, ૧૮ સેકતી, ૧૯ કાંતતી, ૨૦ પિંજતી- આટલા દાયકોના હાથથી ભિક્ષા ન લેવી. આટલા દાયકોના હાથથી ભિક્ષા લેવામાં અપ્કાય વિરાધના વગેરે દોષોનો સંભવ છે. આમાં વિકલ્પ છે, અર્થાત્ સામાન્યથી તો આટલા દાયકોના હાથથી ભિક્ષા ન લેવાય, પણ ક્યારેક જીવવિરાધનાદિ દોષોનો સંભવ ન હોય તો લઈ પણ શકાય.

(૧) **અવ્યક્ત-** આઠ વર્ષથી ઓછી વયવાળું બાળક અવ્યક્ત કહેવાય. માતાદિની ગેરહાજરીમાં બાળક પાસેથી લેવાથી બાળક વધારે આપી દે તો તેની માતા આદિને સાધુ પ્રત્યે "બાળક પાસેથી વધારે લઈ ગયા" ઈત્યાદિ અરુચિભાવ થવાનો સંભવ છે. (માતાદિની હાજરીમાં પણ બાળક હોવાથી વહોરાવતાં નીચે પાડે, ઢોળે વગેરે દોષોની સંભાવનાથી વિશેષ કારણ વિના તેના હાથથી ન વહોરવું એ ઠીક છે.) પણ જો બાળક ઓછું વહોરાવે (અને ઢોળાવાદિનો સંભવ ન હોય) તો બાળક પાસેથી પણ લઈ [1]શકાય.

(૨) **અપ્રભુ-** અપ્રભુ એટલે જે ઘરનો માણસ ન ગણાય તે નોકર વગેરે. નોકર વગેરે પાસેથી ભિક્ષા લેવાથી બાળકમાં જણાવ્યા મુજબ નોકર અને સાધુ એ બેમાંથી એક ઉપર કે બંને ઉપર દ્વેષ થવાનો સંભવ છે.

(૩) **સ્થવિર-** જેની સિત્તેર વર્ષથી અધિક, મતાંતરે સાઠ વર્ષથી અધિક ઉંમર હોય તે સ્થવિર. સ્થવિરના હાથથી લેવાથી (૧) સ્થવિરના મુખમાંથી લાળ પડતી હોય તો આપવાના આહારમાં પણ લાળ પડે, તેથી (સાધુ અપવિત્ર છે એવી) લોકમાં જુગુપ્સા થાય. (૨) હાથ કંપતા હોય તો આહારાદિ નીચે પડે, આથી છકાયની વિરાધના થાય. (૩) સ્થવિર પોતે વહોરાવતાં પડી જાય, આથી તેના શરીર નીચે આવી જનારા જીવોની વિરાધના થાય, સ્થવિરને દુઃખ થાય, ઈત્યાદિ અનેક દોષો થાય.

(૪) **નપુંસક-** નપુંસક પાસેથી વારંવાર વહોરવાથી (૧) તેની સાથે અતિપરિચય થતાં સાધુને કે નપુંસકને, અથવા બંનેને, વેદનો ઉદય થાય, (જો કે શાસ્ત્રમાં 'વારંવાર' શબ્દનો પ્રયોગ કર્યો છે. છતાં એક વાર લેવાનું થાય એટલે વારંવાર લેવાનું પણ થાય. આથી તેની પાસેથી એક વાર પણ લેવાનું ટાળવું એ હિતાવહ છે.) (૨) આ સાધુઓ નપુંસકને ત્યાં વહોરવા જાય છે એમ લોકમાં નિંદા થાય, (૩) અથવા લોકોને આ સાધુઓ પણ નપુંસક હશે એવી શંકા પડે, ઈત્યાદિ અનેક દોષો છે.

---

૧. આ પ્રમાણે બીજા દાયકો વિષે પણ સમજવું, અર્થાત્ જે દાયકના હાથથી લેવાથી જે દોષોની સંભાવના શાસ્ત્રમાં જણાવી છે તે દાયકના હાથે લેવાથી તે દોષો લાગે તેમ ન હોય તો તે દાયકના હાથથી લઈ શકાય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૫) **મત્ત**- મદિરા પીને મત્ત બનેલાના હાથથી લેવાથી (૧) તે સાધુ સાથે આલિંગન કરે, (૨) પાત્રું ફોડી નાખે, (૩) અથવા ઊલટી કરે, (૪) આથી સાધુનું શરીર કે પાત્ર ખરડાવાથી લોકોમાં "આ સાધુઓ આવા મત્ત પાસેથી ભિક્ષા લેતા હોવાથી અપવિત્ર છે" એમ શાસનની હીલના થાય, (૫) કદાચ તે દારુના નશામાં સાધુને મારી પણ નાખે, (આપવાની વસ્તુ ઢોળે...) ઈત્યાદિ અનેક દોષો છે.

(૬) **ક્ષિપ્તચિત્ત**- ધનનાશ આદિથી ગાંડો બની ગયેલો.

(૭) **દીપ્તચિત્ત**- અનેક વાર શત્રુપરાજય વગેરે કઠીન કાર્યો કરવાથી મારા જેવો કોઈ નથી એમ માનીને છકી ગયેલો.

(૮) **યક્ષાવિષ્ટ**- પિશાચના વળગાડવાળો.

ક્ષિપ્તચિત્ત આદિ ત્રણના હાથથી વહોરવાથી 'મત્તમાં' જણાવ્યા મુજબ યથાસંભવ દોષો લાગે.

(૯) **કરછિન્ન**- જેના હાથ કપાઈ ગયા છે તે કરછિન્ન. કરછિન્ન મળ-મૂત્ર આદિની શંકા ટાળ્યા પછી પાણીથી શુદ્ધિ ન કરવાથી પ્રાયઃ અપવિત્ર હોય. આથી તેની પાસેથી લેવાથી (૧) લોકમાં "આ સાધુઓ આવા અપવિત્રની પાસેથી લેતા હોવાથી અપવિત્ર છે" એમ શાસનહીલના થાય, (૨) હાથ ન હોવાથી આપતાં આપવાની વસ્તુ કે ભાજન નીચે પડી જાય તો છકાયની વિરાધના થાય.

(૧૦) **ચરણછિન્ન**- જેના પગ કપાઈ ગયા હોય તે ચરણછિન્ન. તેના હાથથી વહોરવાથી કરછિન્નમાં જણાવ્યા મુજબ યથાસંભવ દોષો થાય. તથા પગ ન હોવાથી ભિક્ષા આપવા માટે ચાલવામાં પ્રાયઃ તે પડી જાય, તેથી છકાયની વિરાધના વગેરે થાય.

(૧૧) **અંધ**- અંધ દેખી ન શકવાથી વહોરાવવામાં છકાયની વિરાધના કરે. તે આ પ્રમાણે- (૧) ચાલવામાં પગ વડે, (૨) સ્ખલના થતાં પડી જવાથી, (૩) વહોરાવતાં આહારાદિ સાધુના પાત્રની બહાર નાખવાથી, (વહોરાવ્યા પછી ભાજન નીચે મૂકતાં...) એમ અનેક રીતે છ કાયની વિરાધના કરે.

(૧૨) **નિગડિત**- બે પગમાં કે બે હાથમાં બેડી આદિથી બંધાયેલ હોય તે નિગડિત. આવો દાયક (પ્રાયઃ) દેહની શુદ્ધિથી રહિત હોય, પડી જાય ઈત્યાદિ અનેક દોષો તેના હાથથી લેવાથી સંભવે.

(૧૩) **કુષ્ઠી**- કોઢિયાના હાથથી લેવાથી (૧) સાધુને પણ કોઢ રોગ થવાનો સંભવ છે, (૨) તેનું શરીર અશુચિવાળું હોય છે.

(૧૪) **ગર્ભિણી**- ગર્ભવતી બાઈના પાસેથી વહોરવાથી બેસવા-ઉઠવામાં ગર્ભને પીડા થાય.

(૧૫) **બાલવત્સા**- જે સ્ત્રી ધાવણા બાળકને ધવડાવતી હોય, ખોળામાં બેસાડ્યું હોય, હાથમાં

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેડીને રમાડતી હોય, તે સ્ત્રી પાસેથી વહોરવાથી નીચે મૂકેલા બાળકને ક્રૂર બિલાડી આદિનો ઉપદ્રવ થાય, અથવા બાળક રડે વગેરે અનેક દોષો છે.

(૧૬-૧૭-૧૮) **ખાંડતી-દળતી-સેકતી-** સચિત્ત ઘઉં વગેરે ખાંડતી, દળતી (અથવા ધાણા વગેરે વાટતી) અને સેકતી સ્ત્રીના હાથથી લેવાથી ઉઠવા-બેસવા વગેરેમાં સચિત્તનો સંઘટ્ટો, વહોરાવ્યા પહેલાં કે પછી હાથ ધોવાથી પૂર્વકર્મ કે પશ્ચાત્કર્મ વગેરે દોષો લાગે.

(૧૯-૨૦) **કાંતતી-પીંજતી-** રૂ કાંતતી અને પીંજતી સ્ત્રીના હાથથી લેવાથી થુંકવાળા હાથ ધુવે તો પૂર્વકર્મ, દાન આપ્યા પછી હાથ ધુવે તો પશ્ચાત્કર્મ, અને બેસવા-ઉઠવામાં ત્યાં પડેલા સચિત્ત કપાસિયા વગેરેનો સંઘટ્ટો થાય ઈત્યાદિ દોષો લાગે. આ પ્રમાણે દાયક દોષનું વર્ણન પૂર્ણ થયું.]

(૭) **ઉન્મિશ્ર-** સચિત્ત બીજ, કંદ વગેરેથી મિશ્ર આહાર આપે તે ઉન્મિશ્ર દોષ છે. [જેમ કે- ચેવડા વગેરેમાં કાચું મીઠું હોય, ફળના રસમાં કે ટુકડામાં બીજ હોય, ખાંડ વગેરેમાં સચિત્ત અનાજ વગેરેના કણિયા હોય.] [૭૬૪]

(૮) **અપરિણત-** આપવાનું દ્રવ્ય જ અપરિણત હોય=સચિત્ત હોય, અથવા આપવા માટે બેમાંથી એકનો ભાવ અપરિણત હોય, તે અપરિણત દોષ છે.

[**ભાવાર્થ-** અપરિણતના દ્રવ્ય અને ભાવ એમ બે ભેદ છે. સચિત્ત વસ્તુ દ્રવ્ય અપરિણત છે. દ્રવ્ય અપરિણત અકલ્પ્ય છે. ભાવ અપરિણતના દાતૃ સંબંધી અને ગ્રાહક (= લેનાર) સંબંધી એમ બે ભેદ છે. આપવાની વસ્તુના માલિક બે કે તેથી વધારે હોય, તેમાંથી એકને આપવાનો ભાવ હોય અને બીજાને ન હોય તો તે વસ્તુ દાતૃ અપરિણત છે. વસ્તુના ગ્રાહક (= લેનારા) બે સાધુમાંથી એકને તે વસ્તુ નિર્દોષ જણાય અને બીજાને સદોષ જણાય તો તે વસ્તુ ગ્રાહક અપરિણત છે. ભાવ અપરિણત વસ્તુ દોષથી શંકિત હોવાથી તથા તેમાં કલહ વગેરેનો સંભવ હોવાથી અકલ્પ્ય છે.]

**પ્રશ્ન-** બધા માલિકની રજા વિના આપે એ અનિસૃષ્ટ દોષ છે. ભાવ અપરિણતમાં પણ બધા માલિકની રજા=ભાવના નથી. આથી અનિસૃષ્ટ અને ભાવ અપરિણતમાં ભેદ શો રહ્યો ?

**ઉત્તર-** અનિસૃષ્ટમાં દાયક હાજર નથી, જ્યારે ભાવ અપરિણતમાં દાયક હાજર છે. આથી એ બેમાં હાજરી અને ગેરહાજરીનો ભેદ છે.

(૯) **લિપ્ત-** લિપ્ત એટલે ખરડાયેલ. ચરબી આદિ નિંદિત દ્રવ્યોથી ખરડાયેલ દ્રવ્ય લેવાથી લિપ્ત દોષ લાગે છે.

[પિંડનિર્યુક્તિ વગેરે ગ્રંથોમાં લિપ્ત શબ્દનો દૂધ, દહીં, છાશ, દાળ, કઢી, શાક વગેરે લેપવાળાં=ચીકાશવાળાં દ્રવ્યો એવો અર્થ કર્યો છે, અને કહ્યું છે કે- ઉત્સર્ગથી સાધુએ વાલ, ચણા, ભાત વગેરે અલેપવાળાં દ્રવ્યો લેવાં જોઈએ, દૂધ વગેરે લેપવાળાં દ્રવ્યો ન લેવાં જોઈએ. કારણ કે તેનાથી સાધુઓની રસગૃદ્ધિની વૃદ્ધિ થાય છે અને પશ્ચાત્કર્મ વગેરે દોષો

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

લાગે છે. આમ છતાં, તેવી શક્તિ ન હોય તો અને નિરંતર સ્વાધ્યાય આદિ યોગોનો નિર્વાહ થાય વગેરે પુષ્ટ કારણોથી લેપવાળાં દ્રવ્યો લેવાં પડે તો સાવશેષ લેવાં, અર્થાત્ ભાજન તદ્દન ખાલી ન થાય તેમ લેવું, થોડું પણ તેમાં રહેવા દેવું, જેથી ખાલી થયેલું વાસણ વગેરે ધોવાથી પશ્ચાત્કર્મ દોષ ન લાગે.]

(૧૦) **છર્દિત**- છર્દિત એટલે ઢોળેલું. આપવાની વસ્તુ નીચે ઢોળતાં ઢોળતાં આપે તે છર્દિત દોષ છે. [વહોરાવતાં દૂધ આદિ ઢોળાય કે તેના છાંટા પડે તો નીચે રહેલા જીવોની વિરાધના થાય, અથવા નીચે પડેલા છાંટાથી આકર્ષાઈને કીડી વગેરે જીવો આવે અને ગૃહસ્થના પગ નીચે ચગદાઈ જાય વગેરે રીતે મરી જાય.] [૭૬૫]

**एवं बायालीसं, गिहिसाहूभयसमुब्भवा दोसा ।**
**पंच पुण मंडलीए, णेआ संजोअणाईआ ॥ ७६६ ॥**

**वृत्तिः**- '**एवम्**' उक्तेन प्रकारेण '**द्विचत्वारिंशत्**'सङ्ख्या '**गृहिसाधूभयसमुद्भवा**'-एतत्प्रभवा '**दोषाः**' पिण्डस्य, '**पञ्च पुनर्मण्डल्यां**' उपविष्टस्य '**ज्ञेयाः**' दोषाः '**संयोजनाद्या**' इति गाथार्थः ॥ ७६६ ॥

ઉક્ત રીતે ગૃહસ્થથી, સાધુથી અને ગૃહસ્થ સાધુ ઉભયથી થનારા પિંડના દોષો બેંતાલીસ છે, અને માંડલીમાં બેઠેલા સાધુના સંયોજના વગેરે પાંચ દોષો (નીચે પ્રમાણે) જાણવા. [૭૬૬]

एतानेवाह-

**संजोअणा पमाणे, इंगाले धूम कारणे चेव ।**
**उवगरणभत्तपाणे, सबाहिरब्भंतरा पढमा ॥ ७६७ ॥**

**वृत्तिः**- '**संयोजना**'-मीलना १ '**प्रमाणं**' पिण्डस्य २ '**अङ्गारो**' भोजन एव रागः ३ '**धूमो**' द्वेषः ४ '**कारणं चैव**' वेदनादि, ५ '**उपकरणभक्तपान**' इत्युपकरणभक्तपानविषया '**सबाह्याभ्यन्तरा**' '**प्रथमा**' संयोजना, तत्रोपकरणबाह्यसंयोजना श्लक्ष्णचोलपट्टादिलाभे बहिरेव तदुचितकम्बल्याद्यन्वेषणम्, अभ्यन्तरसंयोजना तु वसतौ तत्परिभोगे, एवं भक्तपानेऽपि योज्यमिति गाथार्थः ॥ ७६७ ॥

**માંડલીના દોષોને કહે છે–**

સંયોજના, પ્રમાણ, અંગાર, ધૂમ અને કારણ (=કારણાભાવ) એ પાંચ માંડલીના દોષો છે. (૧) સંયોજના એટલે (આહારાદિને સ્વાદિષ્ટ બનાવવા કે વિભૂષા કરવા) અન્ય દ્રવ્યને મેળવવું. (૨) પ્રમાણ એટલે આહારના પરિમાણથી અધિક ભોજન કરવું. (૩) અંગાર એટલે ભોજનમાં રાગ કરવો. (૪) ધૂમ એટલે ભોજનમાં દ્વેષ કરવો. (૫) કારણ એટલે ક્ષુધાની વેદના વગેરે કારણ વિના ભોજન કરવું.

સંયોજનાના ઉપકરણ અને ભક્તપાન એમ બે ભેદ છે. તે બંનેના બાહ્ય અને અભ્યંતર એમ બે બે ભેદ છે. સુંવાળો ચોલપટ્ટો વગેરે મળતાં (વિભૂષા માટે) વસતિની બહાર જ તેને ઉચિત કાંબળી વગેરે શોધે (અથવા ઉપયોગ કરે) તે બાહ્ય ઉપકરણ સંયોજના છે, વસતિમાં તેનો ઉપયોગ કરે તે અભ્યંતર ઉપકરણ સંયોજના છે. એ પ્રમાણે ભક્તપાનમાં પણ જાણવું.

JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[અન્ય ગ્રંથોમાં ઉપકરણ સંયોજના અને આહાર સંયોજના આ પ્રમાણે કહી છે- (૧) ઉપકરણ સંયોજના- ઉપકરણની સંયોજના કરતો સાધુ (નવા) ચોલપટ્ટાની પ્રાપ્તિ થતાં વિભૂષા નિમિત્તે સુશોભિત (નવો) કપડો (કે પાંગરણી) માગીને બહાર પહેરે એ બાહ્ય ઉપકરણ સંયોજના, અને એ રીતે મકાનમાં પહેરે તે અભ્યંતર ઉપકરણ સંયોજના. (૨) આહાર સંયોજના- ભિક્ષામાં ફરતાં દૂધ, દહીં આદિ મળતાં સ્વાદિષ્ટ બનાવવા તેમાં ગોળ-સાકર વગેરે નંખાવે તે બાહ્ય આહાર સંયોજના અને મકાનમાં તે પ્રમાણે કરે તે અભ્યંતરઆહાર સંયોજના. આહારની અભ્યંતરસંયોજના પાત્રમાં અને મુખમાં એમ બે રીતે થાય છે. પાત્રામાં ખાખરો અને ગોળ, ઘી વગેરે ભેગું કરીને સ્વાદિષ્ટ બનાવીને વાપરે તે પાત્ર અભ્યંતર સંયોજના છે, અને મોઢામાં તે ભેગું કરે તે મુખ અભ્યંતર સંયોજના છે.] [૭૬૭]

**बत्तीसकवल माणं, रागद्दोसेहिं धूमइंगालं ।**

**वेआवच्चाईआ, कारणमविहिम्मि अइयारो ॥ ७६८ ॥**

**वृत्तिः- 'द्वात्रिंशत्कवला मानं'** आहारस्य, एतच्च पुंसः, स्त्रियाः पुनरष्टाविंशतिः, **'रागद्वेषाभ्यां धूमाङ्गारमि'**ति, रागेण परिभोगेऽङ्गारश्चारित्रदाहात्, द्वेषेण तु धूमः, चारित्रेन्धनप्रदीपनात्, **'वैयावृत्त्यादीनि कारणान्या'**हारपरिभोगे, आदिशब्दाद्वेदनादिपरिग्रहः, **'अविधावतिचार'** इति अत्राविधौ क्रियमाणे व्रतातिचारो भवतीति गाथार्थः ॥ ७६८ ॥

પુરુષ માટે ૩૨ કોળિયા અને સ્ત્રી માટે ૨૮ કોળિયા આહારનું પ્રમાણ છે. રાગથી આહાર કરવામાં ચારિત્ર (રૂપ કાષ્ઠને) બાળવાથી (અંગારા જેવું કરવાથી) અંગાર દોષ થાય, અને દ્વેષથી આહાર કરવામાં ચારિત્રરૂપ કાષ્ઠને બાળવાથી (ધૂમાડાવાળું કરવાથી) ધૂમ દોષ થાય. ભોજનના વેયાવચ્ચ, વેદના વગેરે કારણો છે. અહીં (પ્રમાણ વગેરેમાં) અવિધિ કરવામાં આવે તો વ્રતસંબંધી અતિચાર લાગે. [૭૬૮]

व्याख्यातं भक्तद्वारम्, अधुनोपकरणद्वारमाह-

**उवगरणंपि धरिज्जा, जेण न रागस्स होइ उप्पत्ती ।**

**लोगम्मि अ परिवाओ, विहिणा य पमाणजुत्तं तु ॥ ७६९ ॥ दारं ॥**

**वृत्तिः- 'उपकरणमपि'** वस्त्रपात्रादि **'धारयेत्'**, किंविशिष्टमित्याह-**'येन न रागस्य भवत्युत्पत्तिः'**, तदुत्कर्षादात्मन एव, **'लोके च परिवादः'**-खिसा येन न भवति, **'विधिना च'** यतनया प्रत्युपेक्षणादिना धारयेत् **'प्रमाणयुक्तं च'** न न्यूनाधिकमिति गाथार्थः ॥ ७६९ ॥

ઉપકરણદ્વાર

ભક્તદ્વારનું વ્યાખ્યાન કર્યું, હવે ઉપકરણદ્વાર કહે છે-

વસ્ત્ર-પાત્ર વગેરે ઉપકરણો પણ જેનાથી આત્માને રાગ ન થાય અને લોકમાં ટીકા-નિંદા

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ન થાય તેવાં તથા પ્રમાણોપેત રાખવા જોઈએ. પડિલેહણ આદિ યતનાપૂર્વક ઉપકરણોનો ઉપયોગ કરવો જોઈએ. ઉપકરણના ઉત્કર્ષથી પોતાનો જ ઉત્કર્ષ થાય. (એથી પોતાને ઉપકરણો ઉપર રાગ થાય. માટે અત્યંત ચળકાટ વગેરેથી ઉત્કર્ષવાળા ઉપકરણો ન વાપરવા જોઈએ.) [૭૬૯]

**दुविहं उवहिपमाणं, गणणपमाणं पमाणमाणं च ।**

**जिणमाइआण गणणापमाणमेअं सुए भणिअं ॥ ७७० ॥**

**वृत्तिः**- **'द्विविधमुपधिप्रमाणं'**, कथमित्याह–**'गणना'**प्रमाणं **'मान'**प्रमाणं **'च'**, सङ्ख्या स्वरूपमानमित्यर्थः, **'जिनादीनां'** जिनकल्पिकप्रभृतीनां **'गणनाप्रमाणम्' 'एतद्'**-वक्ष्यमाणलक्षणं श्रुते **'भणित'**मिति गाथार्थः ॥ ७७० ॥

(પ્રમાણના બે પ્રકાર–)

ઉપધિપ્રમાણના ગણનાપ્રમાણ અને માનપ્રમાણ એવા બે ભેદ છે. તેમાં એક, બે વગેરે સંખ્યાથી થતું પ્રમાણ ગણના પ્રમાણ છે. લંબાઈ-પહોળાઈ વગેરે સ્વરૂપથી થતું માપ એ માનપ્રમાણ છે. જિનકલ્પિક વગેરેને આશ્રયીને ઉપધિનું ગણનાપ્રમાણ શાસ્ત્રમાં આ (હવે કહેવાશે તે) કહ્યું છે. [૭૭૦]

**जिणा बारसरूवाणि, थेरा चोद्दसरूविणो ।**

**अज्जाणं पन्नवीसं तु, अओ उड्ढं उवग्गहो ॥ ७७१ ॥**

**वृत्तिः**- **'जिनाः'** जिनकल्पिका **'द्वादशरूपाणि'** मानमित्यर्थः, पात्रादीन्युपधिमुपभुञ्जत इति वाक्यशेषः, एवं **'स्थविराः'** स्थविरकल्पिका **'श्चतुर्दशरूपिणः'**, पात्रादिचतुर्दशोपधिरूपवन्तः, **'आर्याणां'** संयतीनां **'पञ्चविंशतिस्तु'** पञ्चविंशतिरेव **'रूपाणि'** पात्रादीन्युपधिरूत्सर्गतो भवन्ति, **'अत'** उक्ताद् उपधेः **'ऊर्ध्वमुपग्रह'** इति–यथासम्भवमौपग्रहिक उपधिर्भवतीति श्लोकसमुदायार्थः ॥ ७७१ ॥

ઉપધિની સંખ્યા

જિનકલ્પિકોને બાર પ્રકારની, સ્થવિર કલ્પિકોને ચૌદ પ્રકારની અને સાધ્વીઓને પચીસ પ્રકારની ઔઘિક ઉપધિ હોય. યથાસંભવ (= જરૂરિયાત પ્રમાણે) આનાથી વધારે ઉપધિ હોય તે ઔપગ્રહિક ઉપધિ છે. ગાથાનો આ સંક્ષેપથી અર્થ [1]છે. [૭૭૧]

अवयवार्थं त्वाह ग्रन्थकारः-

**पत्तं पत्ताबंधो, पायट्ठवणं च पायकेसरिआ ।**

**पडलाइँ रयत्ताणं, च गोच्छओ पायणिज्जोगो ॥ ७७२ ॥**

**वृत्तिः**- **'पात्रं पात्रबन्धः पात्रस्थापनं च पात्रकेसरिका पटलानि रजस्त्राणं च गोच्छकः पात्रनिर्योगः'**, एतेषां स्वरूपं प्रमाणाधिकारे वक्ष्याम इति गाथार्थः ॥ ७७२ ॥

૧. નિ. ભા. ગાથા ૧૩૮૭ વગેરે, બૃ. ક. ભા. ગા. ૩૯૬૨ વગેરે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**तिण्णेव य पच्छागा, रयहरणं चेव होइ मुहपोत्ती ।**

**एसो दुवालसविहो, उवही जिणकप्पियाणं तु ॥ ७७३ ॥**

**वृत्तिः**- '**त्रय एव प्रच्छादकाः**', कल्पा इत्यर्थः, '**रजोहरणं चैव भवति 'मुहपोत्ती'** मुखवस्त्रिका, '**एष द्वादशविध उपधिः**' अनन्तरोदितः '**जिनकल्पिकानां**' भवतीति गाथार्थः ॥ ७७३ ॥

**વિસ્તારથી અર્થ તો ગ્રંથકાર સ્વયં કહે છે–**

(૧) પાત્ર, (૨) પાત્રને બાંધવાનો વસ્ત્રનો ટુકડો (ઝોળી), (૩) પાત્રસ્થાપન = જેના ઉપર પાત્ર મૂકાય તે ગરમ વસ્ત્રનો ટુકડો (નીચેનો ગુચ્છો), (૪) પાત્રકેશરિકા જેનાથી પાત્રનું પડિલેહણ કરાય તે (પુંજણી), (૫) પડલા = ભિક્ષા જતી વખતે પાત્ર ઉપર ઢાંકવા માટે રખાતા વસ્ત્રના ટુકડા, (૬) રજસ્ત્રાણ = પાત્રને વીંટવાનો વસ્ત્રનો ટુકડો (૭) ગોચ્છક = પાત્રની ઉપર બંધાતો ગરમ વસ્ત્રનો ટુકડો (ઉપરનો ગુચ્છો), પાત્રસંબંધી આ સાત ઉપકરણોને પાત્રનિર્યોગ કહેવામાં આવે છે. આ સાત, ત્રણ કપડા (એક શરીરે પહેરવાનો સુતરાઉ કપડો, એક શરીરે ઓઢવાની ગરમ કામળી, એક કામળી ભેગો રાખવાનો સૂતરાઉ કપડો), રજોહરણ અને મુહપત્તિ આ બાર પ્રકારનો ઉપધિ જિનકલ્પિકોને હોય. [૭૭૨-૭૭૩]

**बारसविहोऽवि एसो, उक्कोस जिणाण न उण सव्वेसिं ।**

**एसेव होइ निअमा, पकप्पभासे जओ भणिअं ॥ ७७४ ॥**

**वृत्तिः**- '**द्वादशविधोऽप्येषः**'-अनन्तरोदितः '**उत्कृष्टो जिनानां**' भवति, सम्भव एषः, '**न पुनः सर्वेषामेष एव**'-द्वादशविधो भवति ('**नियमात्**'), कुत इत्याह-'**प्रकल्पभाष्ये**' निशीथभाष्ये '**यतो भणितमि**'ति गाथार्थः ॥ ७७४ ॥

આ બારે પ્રકારની ઉપધિ જિનકલ્પિકોને ઉત્કૃષ્ટથી હોય છે, અર્થાત્ જિનકલ્પિકોને વધારેમાં વધારે ઉપધિ હોય તો આ બાર ઉપકરણો હોય છે, પણ બધાને બાર જ હોય (બાર હોય જ) એવો નિયમ નથી. કારણ કે નિશીથભાષ્યમાં નીચે પ્રમાણે કહ્યું છે. [૭૭૪]

किं भणितमित्याह-

**बिअतिअचउक्कपणगं, नवदसएक्कारसेव बारसगं ।**

**एए अट्ठ विअप्पा, उवहिंमि उ होंति जिणकप्पे ॥ ७७५ ॥**

**वृत्तिः**- '**द्विकत्रिकचतुष्कपञ्चकनवदशैकादशद्वादशकम् एते**'ऽन्तरोदिताः '**अष्टौ विकल्पा उपधौ भवन्ति जिनकल्प**' इति गाथार्थः ॥ ७७५ ॥

एतानेव दर्शयति-

**रयहरणं मुहपोत्ती, दुविहो कप्पेक्कजुत्त तिविहो उ ।**

**रयहरणं मुहपोत्ती दुकप्प एसो चउद्धा उ ॥ ७७६ ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**- '**रजोहरणं मुहपोत्तीत्ययं द्विविधः, कल्पैकयुक्तः त्रिविधस्तु**' अयमेवानन्तरोदितः, तथा '**रजोहरणं मुखपोत्ती** '**द्विकल्प**' इति कल्पद्वयमेव '**चतुर्द्धे**'ति गाथार्थः ॥ ७७६ ॥

**तिण्णेव य पच्छागा, रयहरणं चेव होइ मुहपोत्ती ।**
**पाणिपडिग्गहिआणं, एसो उवही उ पंचविहो ॥ ७७७ ॥**

**वृत्तिः**- '**त्रयः प्रच्छादकाः**'-कल्पाः '**रजोहरणं चैव भवति मुखपोत्ती** '**पाणिप्रतिग्रहाणां**' हस्तभोजिनां'**मेष उपधिस्तु पञ्चविध**' इति गाथार्थः ॥ ७७७ ॥

**पत्तगधारीणं पुण, णवाइभेया हवंति नायव्वा ।**
**पुव्वुत्तोवहिजोगो, जिणाण जा बारसुक्कोसो ॥ ७७८ ॥**

**वृत्तिः**- '**पात्रकधारिणां पुनः** '**जिनानां**' जिनकल्पिकानामिति योगः, '**नवादिभेदाः**' नवदशैकादशद्वादशरूपा भवन्ति '**ज्ञातव्याः**', कथमित्याह-'**पूर्वोक्तोपधियोगात्**' द्विभेदादि-पूर्वोक्तोपधियोगेन, पात्रकोपधिः सप्तविधः द्विविधेन युक्तो नवविधः, एवं त्रिविधादिष्वपि योजनीयं, दशविध एकादशविधो द्वादशविध इति, आह च- '**यावत् द्वादशविधः उत्कृष्टो**' गणनाप्रमाणेनेति गाथार्थः ॥ ७७८ ॥

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

નિશીથભાષ્યમાં શું કહ્યું છે તે કહે છે-

જિનકલ્પિકોમાં ઉપધિને આશ્રયીને બે, ત્રણ, ચાર, પાંચ, નવ, દશ, અગિયાર અને બાર એમ આઠ વિકલ્પો થાય છે, અર્થાત્ કોઈને બે પ્રકારની, કોઈને ત્રણ પ્રકારની, યાવત્ કોઈને બાર પ્રકારની ઉપધિ હોય. તે આ પ્રમાણે-

[1]કરપાત્રી અને વસ્ત્રત્યાગી જિનકલ્પિકને રજોહરણ અને મુહપત્તિ એ બે જઘન્ય ઉપધિ હોય, કરપાત્રી અને વસ્ત્રધારીને એક કપડા સહિત ત્રણ, બે કપડા સહિત ચાર, ત્રણ કપડા સહિત પાંચ પ્રકારનો ઉપધિ હોય. કરપાત્રી ન હોવાના કારણે જે પાત્રધારી હોય પણ વસ્ત્રત્યાગી હોય તેને સાતપાત્રનિર્યોગ સહિત રજોહરણ અને મુહપત્તિ એમ નવ, કરપાત્રી હોય અને વસ્ત્રધારી હોય તેને એક કપડા સહિત દશ, બે કપડા સહિત અગિયાર, ત્રણ કપડા સહિત બાર પ્રકારનો ઉત્કૃષ્ટ ઉપધિ હોય. [૭૭૫ થી ૭૭૮]

स्थविरकल्पिकानधिकृत्याह-

**एए चेव दुवालस, मत्तग अइरेग चोलपट्टो अ ।**
**एसो अ चोद्दसविहो, उवही पुण थेरकप्पंमि ॥ ७७९ ॥**

**वृत्तिः**- '**एत एव**' अनन्तरोदिताः '**द्वादशो**'पधिभेदाः, के ते ?, पत्तं पत्ताबन्धो पायट्ठवणं

૧. કર=હાથ જ જેને પાત્ર છે તે કરપાત્રી. હાથમાં ગમે તેટલાં આહાર-પાણી લેવા છતાં એક પણ ટીપું નીચે ન પડે તેવી લબ્ધિવાળા જિનકલ્પી કરપાત્રી હોય છે.

च पायकेसरिया० भेदाः, '**मात्रकमतिरिक्तं चोलपट्टकश्च**', एतद्द्वययुक्तः '**एष एव चतुर्दशविध उपधिः पुनः स्थविरकल्पे**', स्थविरकल्पविषय इति गाथार्थः ॥ ७७९ ॥

**સ્થવિરકલ્પિકોને આશ્રયીને ઉપધિનું પ્રમાણ કહે છે–**

અનંતરોક્ત બાર પ્રકારની ઉપધિ ઉપરાંત માત્રક અને ચોલપટ્ટો એમ ચૌદ પ્રકારની ઉપધિ સ્થવિરકલ્પિકોને હોય છે. [૭૭૯]

आर्या अधिकृत्याह–

**पत्तं पत्ताबंधो, पायट्ठवणं च पायकेसरिआ ।**
**पडलाइँ रयत्ताणं, गोच्छओ पायणिज्जोगो ॥ ७८० ॥**

**वृत्तिः**- पूर्ववत् ॥ ७८० ॥

**एए चेव उ तेरस, अभिन्नरूवा हवंति विण्णेआ ।**
**उवहिविसेसा निअमा, चोद्दसमे कमढए चेव ॥ ७८१ ॥**

**वृत्तिः**- पूर्ववदेव, नवरं चतुर्दशं कमढगं चैवेति ॥ ७८१ ॥

**उग्गहऽणंतगपट्टो, अड्ढोरुअ चलणिआ य बोद्धव्वा ।**
**अब्भिंतरबाहिणिअंसणी अ तह कंचुए चेव ॥ ७८२ ॥**

**वृत्तिः**- अवग्रहानन्तकपट्टः, अर्द्धोरुकं चलनिका च बोद्धव्या, अभ्यन्तरनिवसनी बहिर्निवसनी च तथा कञ्चुकश्चैवेति गाथार्थः ॥ ७८२ ॥

**ओकच्छिअ वेकच्छिअ, संघाडी चेव खंधकरणी अ ।**
**ओहोवहिम्मि एए, अज्जाणं पण्णवीसं तु ॥ ७८३ ॥**

**वृत्तिः**- उत्कक्षिका वैकक्षिका सङ्घाटी चैव स्कन्धकरणी च ओघोपधौ एते आर्याणां सम्बन्धिनि पञ्चविंशतिस्तु भेदा इति गाथार्थः ॥ ७८३ ॥

**સાધ્વીઓને આશ્રયીને ઉપધિનું પ્રમાણ કહે છે–**

સાધુઓના ચૌદ ઉપકરણમાંથી ચોલપટ્ટા સિવાય તેર ઉપકરણો સાધ્વીઓને તે જ (જે સાધુઓને હોય તે જ) હોય, અને ચોલપટ્ટાના સ્થાને ચૌદમું ઉપકરણ કમઢક હોય તથા અવગ્રહાનન્તક, પટ્ટો, અર્ધોરુક, ચલનિકા, અંતર્નિવસની, બહિર્નિવસની, કંચુક, ઉત્કક્ષિકા, વૈકક્ષિકા, સંઘાટી અને સ્કંધકરણી એ અગિયાર સહિત કુલ પચીસ પ્રકારની ઓઘ ઉપધિ સાધ્વીઓને [1]હોય. [૭૮૦ થી ૭૮૩]

૧. બૃ. ક. ભા. ગા. ૪૦૮૦ વગેરે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**एसो पुण सव्वेसिं, जिणाइआणं तिहा भवे उवही ।**
**उक्कोसगाइभेओ, पच्छित्ताईण कज्जम्मि ॥ ७८४ ॥**

वृत्तिः- '**एष पुनः**' अनन्तरोदितः '**सर्वेषां**' **जिनादीनां**' पूर्वोपन्यस्तानां '**त्रिधा भवेदुपधिः**', कथमित्याह-'**उत्कृष्टादिभेदः**' उत्कृष्टो मध्यमो जघन्यश्च, अयं च '**प्रायश्चित्तादीनां कार्ये**'-प्रायश्चित्तपरिभोगनिमित्तमिति गाथार्थः ॥ ७८४ ॥

**उक्कोसओ चउद्धा, चउ छद्धा होइ मज्झिमो उवही ।**
**चउहा चेव जहण्णो, जिणथेराणं तयं वोच्छं ॥ ७८५ ॥**

वृत्तिः- '**उत्कृष्ट**' उपधिः '**चतुर्द्धा**' चतुष्प्रकारः '**चतुर्द्धा, षड्धा**' च भवति '**मध्यम उपधिः**', अवरो इतरो '**जघन्यः चतुर्विधः, खलु जिनस्थविराणां तकं वक्ष्य**' इति गाथार्थः ॥ ७८५ ॥

**तिन्नेव य पच्छागा, पडिग्गहो चेव होइ उक्कोसो ।**
**गोच्छय पत्तगठवणं, मुहणंतग केसरि जहण्णो ॥ ७८६ ॥**

वृत्तिः- '**त्रय एव प्रच्छादकाः प्रतिग्रहश्चैव भवत्युत्कृष्ट**' उपधिः, '**गोच्छकः पात्रस्थापनं मुखानन्तकं केसरी**'त्ययं '**जघन्य**' उपधिरिति गाथार्थः ॥ ७८६ ॥

जैनम् साईट JAINSITE.com जैनम् जयति शासनम्

**पडलाइँ रयत्ताणं, पत्ताबंधो जिणाण रयहरणं ।**
**मज्झो पट्टगमत्तगसहओ एसेव थेराणं ॥ ७८७ ॥**

वृत्तिः- '**पडलानि**' च '**रजस्त्राणं पात्रकबन्धो**' '**जिनानां**' जिनकल्पिकानां '**रजोहरणं मध्यमः, पट्टकमात्रकसहितः**' '**एष एव**' प्रागुक्तः '**स्थविराणां**' स्थविरकल्पिकानां मध्यम इति गाथार्थः ॥ ७८७ ॥

(ઉપધિના ઉત્કૃષ્ટ વગેરે ત્રણ ભેદો કહે છે—)

જિનકલ્પિક આદિ ત્રણની અનંતરોક્ત સર્વ ઉપધિના ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય એમ ત્રણ ભેદો છે. આ ભેદો પ્રાયશ્ચિત્ત આદિના કાર્યમાં ઉપયોગી છે. (જેમ કે- જઘન્ય ઉપધિ ખોવાય તો અમુક પ્રાયશ્ચિત્ત, મધ્યમ ઉપધિ ખોવાય તો અમુક પ્રાયશ્ચિત્ત, ઉત્કૃષ્ટ ઉપધિ ખોવાય તો અમુક પ્રાયશ્ચિત આવે.) [૭૮૪] જિનકલ્પી અને સ્થવિરકલ્પીઓની ઉત્કૃષ્ટ ઉપધિ ચાર પ્રકારની, મધ્યમ છ પ્રકારની અને જઘન્ય ચાર પ્રકારની છે. [૭૮૫] તેમાં ત્રણ કપડા અને પાત્ર એ ચાર ઉત્કૃષ્ટ ઉપધિ છે. બે ગુચ્છા, મુહપત્તિ અને પુંજણી એ ચાર જઘન્ય ઉપધિ છે. [૭૮૬] પડલા, રજસ્રાણ, ઝોળી અને રજોહરણ એ ચાર જિનકલ્પીઓની મધ્યમ ઉપધિ છે. આ જ ચાર તથા ચોલપટ્ટો અને માત્રક એમ છ સ્થવિરકલ્પીઓની મધ્યમ ઉપધિ છે. [૭૮૭]

आर्या अधिकृत्याह-

**उक्कोसो अट्ठविहो, मज्झिमओ होइ तेरसविहो उ ।**
**अवरो चउव्विहो खलु, अज्जाणं होइ विण्णेओ ॥ ७८८ ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**– '**उत्कृष्टोऽष्टविध**' उपधिः '**मध्यमो भवति त्रयोदशविध**'स्तु, तथा जघन्य' **श्चतुर्विधः खलु**', तत ऊर्ध्वमौपग्रहिकं जानीहिति गाथार्थः ॥ ७८८ ॥

**तिण्णेव य पच्छागा, अब्भिंतरबाहिणिवसणी चेव ।**

**संघाडि खंधकरणी, पत्तं उक्कोस उवहिम्मि ॥ ७८९ ॥**

**वृत्तिः**– '**त्रय एव प्रच्छादकाः अभ्यन्तरनिवसनी**' बहिर्निवसनी '**चैव सङ्घाटी स्कन्धकरणी पात्रं उत्कृष्टोपधावार्याणामि**'ति गाथार्थः ॥ ७८९ ॥

**पत्ताबंधो पडला, रयहरणं मत्त कमढ रयताणं ।**

**उग्गहपट्टो अड्ढोरु चलणि उक्कच्छि कंचु वेकच्छी ॥ ७९० ॥**

**वृत्तिः**– '**पात्रबन्धः पटलानि रजोहरणं मात्रकं कमढकं रजस्त्राणं अवग्रहा**'नन्तक' **पट्टः अर्द्धोरुकं चलनिरुक्कच्छिका कञ्चुकः वैकच्छिका**' मध्यमोपधावार्याणामिति गाथार्थः ॥ ७९० ॥

**मुहपोत्ती केसरिआ, पत्तट्ठवणं च गोच्छओ चेव ।**

**एसो चउव्विहो खलु, अज्जाण जहण्णओ उवही ॥ ७९१ ॥**

**वृत्तिः**– जघन्यमाह–'**मुखपोत्ती केसरिका पात्रस्थापनं च गोच्छकश्चैव एष चतुर्विधः खल्वार्याणां जघन्य उपधिरि**'ति गाथार्थः ॥ ७९१ ॥

સાધ્વીઓને આશ્રયીને ઉપધિના ભેદો કહે છે–

સાધ્વીઓની ઉત્કૃષ્ટ ઉપધિ આઠ પ્રકારની, મધ્યમ તેર પ્રકારની અને જઘન્ય ચાર પ્રકારની છે. એનાથી વધારે ઉપધિ ઔપગ્રહિક સમજવી. ત્રણ કપડા, અંતર્નિવસની, બહિર્નિવસની, સંઘાટી, સ્કંધકરણી અને પાત્ર એ આઠ ઉત્કૃષ્ટ ઉપધિ છે. ઝોળી, પડલા, રજોહરણ, માત્રક, કમઢક, રજસ્ત્રાણ, અવગ્રહાનંતક, પટ્ટો, અર્ધોરુક, ચલનિકા, ઉત્કક્ષિકા, કંચુક અને વૈકક્ષિકા એ તેર મધ્યમ ઉપધિ છે. મુહપત્તિ, પુંજણી અને બે ગુચ્છા એ ચાર જઘન્ય ઉપધિ છે. [૭૮૮ થી ૭૯૧]

उक्तमोघोपधेर्गणनाप्रमाणं, प्रमाणमानमाह–

**तिन्नि विहत्थी चउरंगुलं च भाणस्स मज्झिम पमाणं ।**

**एत्तो हीण जहन्नं, अइरेगयरं तु उक्कोसं ॥ ७९२ ॥**

**वृत्तिः**– '**तिस्रो वितस्तयः**' एता एव लोकप्रसिद्धाः '**चतुरङ्गुलं च**'–चत्वारि चाङ्गुलानि '**भाजनस्य**' पात्रस्य '**मध्यमप्रमाणम्**', एतच्च परिधिदवरकस्य गृह्यते, '**अतो**' माना' **द्धीनं**' पात्रं च '**जघन्यं**' भवति, '**अतिरेकतरं तु**' बृहत्तरं तूक्तमानाद' **प्युत्कृष्टं**' भवतीति गाथार्थः ॥ ७९२ ॥

**इणमन्नं तु पमाणं, णिअगाहाराओ होइ निप्फन्नं ।**

**कालप्पमाणसिद्धं, उअरपमाणेण य वयंति ॥ ७९३ ॥**

जैनम् जयति शासनम् JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः-** '**इदं पुनरन्यत् प्रमाणं**' पात्रस्य '**निजाहाराद् भवति निष्पन्नं कालप्रमाणसिद्धं उदरप्रमाणेन च वदन्त्ये**'तन्मानमिति गाथार्थः ॥ ७९३ ॥

**उक्कोसतिसामासे, दुगाउअद्धाणमागओ साहू ।**
**चउरंगुलूण भरिअं, जं पज्जत्तं तु साहुस्स ॥ ७९४ ॥**

**वृत्तिः-** '**उत्कृष्टतृड्मासे**'-ज्येष्ठादौ '**द्विगव्यूताध्वनः आगतः साधुः**', एवं कालाध्वभ्यां खिन्नः, तस्यास्य '**चतुरङ्गुलन्यूनं भृतं**' सत् सद्रवाहारस्य '**यत् पर्याप्तमेव साधो**'र्भवति भोजनम्, एतदेव मानमस्येति गाथार्थः ॥ ७९४ ॥

आह च-

**एवं ( यं ) चेव पमाणं, सविसेसयरं अणुग्गहपवत्तं ।**
**कंतारे दुब्भिक्खे, रोहगमाईसु भइअव्वं ॥ ७९५ ॥**

**वृत्तिः-** '**एतदेव**' अनन्तरोदितं '**प्रमाणं**' भाजनस्य '**सविशेषतरं**' प्रमाणं '**अनुग्रहप्रवृत्तं**'-द्वितीय-पदेनेत्यर्थः, आह च- '**कान्तारे दुर्भिक्षे** '**रोधकादिषु**' रोधकतदन्यभयेषु '**भजितव्यम्**' अधिकतरमपि भवतीति गाथार्थः ॥ ७९५ ॥

**वेआवच्चकरो वा, णंदीभाणं धरे उवग्गहिअं ।**
**सो खलु तस्स विसेसो, पमाणजुत्तं तु सेसाणं ॥ ७९६ ॥**

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

**वृत्तिः-** '**वैयावृत्त्यकरो वा**' विपुलनिर्ज्जरार्थं '**नान्दीभाजनं**' महाप्रमाणं '**धारयति औपग्रहिकं**', नौघिकं, '**स खलु** '**तस्य**' वैयावृत्त्यकरस्य '**विशेषः, प्रमाणयुक्तं तु शेषाणां**' साधूनामिति गाथार्थः ॥ ७९६ ॥

नान्दीभाजनप्रयोजनमाह-

**दिज्जाहि भाणपूरं, तु रिद्धिमं कोइ रोहमाईसु ।**
**तहियं तस्सुवओगो, सेसं कालं पडिक्कुट्ठो ॥ ७९७ ॥**

**वृत्तिः-** '**दद्याद्**' यस्माद् '**भजनपूरमेव ऋद्धिमान् कश्चित्**' नौवित्तकादिः '**रोधकादिषु**' आपद्विशेषेषु, '**तत्र**' रोधकादौ '**तस्य**' नान्दीभाजनस्य '**उपयोगः, शेषकालं प्रतिकृष्टः**' तस्योपयोग इति गाथार्थः ॥ ७९७ ॥

ઉપધિનું માપ

**(ઉપધિના પ્રમાણના ગણનાથી પ્રમાણ અને પ્રમાણથી પ્રમાણ એમ બે પ્રકાર છે. તેમાં એક, બે વગેરે સંખ્યાથી પ્રમાણ તે ગણનાથી પ્રમાણ, અને લંબાઈ-પહોળાઈ વગેરેથી નાનું-મોટું પ્રમાણ તે પ્રમાણથી પ્રમાણ છે. તેમાં) ઓઘ ઉપધિનું ગણનાથી પ્રમાણ કહ્યું, હવે પ્રમાણથી પ્રમાણ કહે છે–**

**(૧) પાત્રનું પ્રમાણ-** ત્રણ વેંત અને ચાર આંગળ પાત્રનું મધ્યમ પ્રમાણ છે. આ પ્રમાણ પરિધિના દોરાનું લેવું, અર્થાત્ પાત્રની પરિધિનું આ માપ ગણવું. આ માપથી નાનું પાત્ર જઘન્ય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને મોટું પાત્ર ઉત્કૃષ્ટ છે. [૭૯૨] અથવા પાત્રનું પોતાના આહારના માપ પ્રમાણે બીજું પણ પ્રમાણ છે. આ બીજા પ્રમાણવાળા પાત્રને કાલપ્રમાણસિદ્ધ અને ઉદરપ્રમાણ સિદ્ધ કહે છે. [૭૯૩] તે આ પ્રમાણે- સદ્રવ આહારથી ચાર આંગલ ન્યૂન પાત્ર ભરવામાં આવે અને તેટલું ભોજન જેઠ માસ વગેરે ઉષ્ણકાળમાં બે ગાઉ દૂરથી આવેલા અને એથી કાલ અને માર્ગથી થાકેલા સાધુને પુરું થાય, આ રીતે કાલપ્રમાણસિદ્ધ આ (આટલું) જ પ્રમાણ પાત્રનું છે. [૭૯૪] સાધુ સામાન્યથી આટલા પ્રમાણવાળું પાત્ર રાખે. અપવાદથી સ્વ-પરના અનુગ્રહ માટે આનાથી મોટા પ્રમાણવાળું પાત્ર પણ રાખે. જંગલમાં વિહાર કરવાનો હોય, ભિક્ષા મુશ્કેલીથી મળતી હોય, શત્રુએ નગરના કિલ્લાને ઘેરો ઘાલ્યો હોય, તથા અન્ય ભય ઉપસ્થિત થાય ત્યારે મોટું પણ પાત્ર રાખે. [૭૯૫] (આવા પ્રસંગે મોટા પાત્રમાં અધિક આહાર લાવીને બાલ, વૃદ્ધ આદિને આપવાથી સ્વ-પર ઉપર અનુગ્રહ થાય. ઓઘનિર્યુક્તિ ભાષ્યગાથા ૩૨૧ વગેરેમાં કહ્યું છે કે) વેયાવચ્ચ કરનાર સાધુ ઘણી કર્મનિર્જરા કરવા માટે મોટા પ્રમાણવાળું ઔપગ્રહિક નંદીપાત્ર રાખે, ઔઘિક નહિ. વેયાવચ્ચ કરનાર સાધુ માટે આ વિશેષ (= અપવાદ) છે. બાકીના સાધુઓને તો પ્રમાણયુક્ત (ઉદરપ્રમાણ) જ પાત્ર હોય. [૭૯૬] **નંદીપાત્રનું પ્રયોજન કહે છે–** શત્રુએ નગરના કિલ્લાને ઘેરો ઘાલ્યો હોય વગેરે વિશેષ પ્રકારની આપત્તિમાં કોઈ નાવિક વગેરે શ્રીમંત પાત્ર ભરાય તેટલું વહોરાવે ત્યારે નંદીપાત્રમાં વહોરી શકાય, માટે નંદીપાત્ર રાખવાનું છે. બાકીના કાળમાં નંદીપાત્રનો ઉપયોગ કરવાનો નિષેધ છે. [૭૯૭]

**पत्ताबंधपमाणं, भाणपमाणेण होइ कायव्वं ।**

**जह गंठिम्मि कयम्मी, कोणा चतुरंगुला होंति ॥ ७९८ ॥**

**वृत्तिः-** **'पात्रबन्धप्रमाणं'**, किमित्याह-**'भाजनप्रमाणेन'** करणभूतेन **'भवति कर्त्तव्यं'**, किंविशिष्टमित्याह-**'यावद् ग्रन्थौ कृते'** सति **'कोणौ चतुरङ्गुलौ भवतः'**, त्रिकालविषयत्वात् सूत्रस्यापवादिकमिदं, सदा (तदा) ग्रन्थ्यभावादिति गाथार्थः ॥ ७९८ ॥

**(૨) ઝોળીનું પ્રમાણ-** ઝોળીનું પ્રમાણ પાત્રના માપ પ્રમાણે કરવું, અર્થાત્ (ઝોળીમાં પાત્ર નાખીને) ગાંઠ વાળતાં ખૂણા ચાર આંગળ વધે તેટલું કરવું. સૂત્રનો વિષય ત્રણે કાળ હોવાથી આ સૂત્ર અપવાદિક સમજવું. કારણ કે ઝોળીને સદા ગાંઠ ન હોય. (પૂર્વે ઝોળીમાં ગાંઠ વાળવામાં આવતી ન હતી. આચરણાથી હમણાં ઝોળીને ગાંઠ વાળવામાં આવે છે.) [૭૯૮]

**पत्तगठवणं तह गोच्छओ अ पायपडिलेहणी चेव ।**

**तिण्हंपि ऊ पमाणं, विहत्थि चउरंगुलं चेव ॥ ७९९ ॥**

**वृत्तिः-** **'पात्रस्थापनम्'**र्णामयं **'तथा गोच्छकश्च पात्रप्रतिलेखनी चैव'**-मुहपोत्ती, एतेषां **'त्रयाणामपि'** प्रमाणं प्रस्तुतं **'वितस्तिश्चतुरङ्गुलं चैव'** षोडशाङ्गुलानीति गाथार्थः ॥ ७९९ ॥

બે ગુચ્છા અને પાત્રની મુહપત્તિ (ચરવળી) એ ત્રણેનું પ્રમાણ એક વેંત અને ચાર આંગળ (= સોળ આંગળ) છે. [૭૯૯]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

एतेषां प्रयोजनमाह-

**रयमाइरक्खणट्ठा, पत्ताबंधो अ पत्तठवणं च ।**
**होइ पमज्जणहेउं, तु गोच्छओ भाणवत्थाणं ॥ ८०० ॥**

**वृत्तिः**- '**रजःप्रभृतिरक्षणार्थं पात्रबन्धश्चो**'क्तलक्षणः, '**पात्रस्थापनं च भवति प्रमार्ज्जनहेतोः**', एतन्निमित्तमेव '**गोच्छकः भाजनवस्त्राणां**'-पटलादीनामिति गाथार्थः ॥ ८०० ॥

**पायपमज्जणहेउं, केसरिआ इत्थ होइ नायव्वा ।**
**पडलसरूवपमाणाइ संपयं संपवक्खामि ॥ ८०१ ॥**

**वृत्तिः**- '**पात्रप्रमार्ज्जनहेतोः**', किमित्याह-'**केसरिका अत्र भवति ज्ञातव्या, पटलस्वरूपप्रमाणादि**', आदिशब्दात् प्रयोजनं, '**साम्प्रतं प्रवक्ष्यामी**'ति गाथार्थः ॥ ८०१ ॥

ઉપધિનું પ્રયોજન

ઝોળી વગેરેનું પ્રયોજન કહે છે–

ઝોળી અને પાત્રસ્થાપન (નીચેનો ગુચ્છો) પાત્રનું રજ વગેરેથી રક્ષણ કરવા માટે છે. ગોચ્છક (ઉપરનો ગુચ્છો) પડલાનું પ્રમાર્જન કરવા માટે છે. પાત્રકેસરિકા (પુંજણી) પાત્રનું પ્રમાર્જન કરવા માટે છે. હવે પડલાઓનું સ્વરૂપ, પ્રમાણ અને પ્રયોજન કહીશ. [૮૦૦-૮૦૧]

**जेहिँ सविआ ण दीसइ, अंतरिओ तारिसा भवे पडला ।**
**तिण्णि व पंच व सत्त व, कयलीपत्तोवमा सुहुमा ( लहुया ) ॥ ८०२ ॥**

**वृत्तिः**- '**यैः**' '**सविता**' आदित्यः '**न दृश्यते अन्तरितः**' सामान्येन '**तादृशानि भवन्ति**' स्वरूपेण '**पटलानि**', तानि च '**त्रीणि वा पञ्च वा सप्त वा**' कालापेक्षया, '**कदलीगर्भोपमानि**' मसृणश्लक्ष्णानि लघूनि हुलुकानीति गाथार्थः ॥ ८०२ ॥

एतदेव स्पष्टयति-

**गिम्हासु तिन्नि पडला, चउरो हेमंत पंच वासासु ।**
**उक्कोसगा उ एए, एत्तो पुण मज्झिमे वोच्छं ॥ ८०३ ॥**

**वृत्तिः**- सामान्येन तादृशानि भवन्ति स्वरूपेण पटलानि, तानि च त्रीणि वा-'**ग्रीष्मेषु**' सर्वेष्वेव '**त्रीणि पटलानि**' भवन्ति, कालस्यात्यन्तरूक्षत्वात् द्रुतं पृथिवीरजःप्रभृतिपरिणतेः, तेन पटलभेदायोगादिति।'**चत्वारि**' पटलानि '**हेमन्ते**', कालस्य स्निग्धत्वात् विमर्द्देन पृथ्वीरजःप्रभृतिपरिणतेः, तेन पटलभेदसम्भवादिति, '**पञ्च वर्षासु**' सर्वास्वेव पटलानि भवन्ति, कालस्यात्यन्तस्निग्धत्वात् अतिचिरेण रजःप्रभृतिपरिणतेः, तेन पटलभेदयोगादिति, '**उत्कृष्टान्येतानि**' तत्स्वरूपापेक्षया चेहोत्कृष्टत्वपरिग्रहः, अत्यन्तशोभनानि पटलान्येवं भवन्ति, '**अतः पुनः**'-अतः ऊर्ध्वं '**मध्यमानि वक्ष्ये**' मध्यमानि स्वरूपेण पटलानि यावन्ति भवन्ति तावन्ति वक्ष्य इति **गाथार्थः** ॥ ८०३ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**गिम्हासु हुंति चउरो, पंच य हेमंति छच्च वासासु ।**
**एए खलु मज्झिमगा, एत्तो उ जहन्नए वोच्छं ॥ ८०४ ॥**

**वृत्तिः**- '**ग्रीष्मेषु भवन्ति चत्वारि**', प्रयोजनं पूर्ववत्, '**पञ्च हेमन्ते**', प्रयोजनं पूर्ववदेव, '**षट् च वर्षासु**', प्रयोजनं पूर्ववत्, '**एतानि खलु मध्यमानि**' पटलान्येवं भवन्ति, तेषां प्रभूततराणामेव स्वकार्यसाधनात्, '**अतस्तु**' अत ऊर्द्ध्वं '**जघन्यानि**' स्वरूपेण पटलानि यावन्ति भवन्ति तावन्ति '**वक्ष्य**' इति गाथार्थः ॥ ८०४ ॥

**गिम्हासु पंच पडला, छप्पुण हेमंति सत्त वासासु ।**
**तिविहम्मि कालछेए, पायावरणा भवे पडला ॥ ८०५ ॥**

**वृत्तिः**- '**ग्रीष्मेषु पञ्च पटलानि षट् पुनर्हेमन्ते सप्त वर्षासु**', त्रयाणामपि प्रयोजनं पूर्ववत्, एवं '**त्रिविधे कालच्छेदे पात्रावरणानि भवन्ति पटलानि**', समासप्रयोजनमेतदेतेषामिति गाथार्थः ॥ ८०५ ॥

પડલા ભેગા કર્યા પછી તેમના આંતરે સૂર્ય ન દેખાય તેવા (જાડા) પડલા જોઈએ, કેળાના ગર્ભ જેવા કોમળ, ચીકણા અને (વજનમાં) હલકા જોઈએ. સ્વરૂપથી પડલા આવા હોવા જોઈએ. કાલની અપેક્ષાએ પડલાની સંખ્યા ત્રણ, ચાર કે પાંચ છે. [૮૦૨] તેમાં બધી જ ગ્રીષ્મઋતુમાં ત્રણ, બધી જ હેમંતઋતુમાં (શિયાળામાં) ચાર અને બધી જ વર્ષાઋતુમાં પાંચ પડલા હોય. ગ્રીષ્મઋતુનો કાળ અત્યંત રૂક્ષ હોવાથી પૃથ્વીરજ વગેરેના સચિત્ત પુદ્ગલો જલદી અચિત્ત થઈ જતા હોવાથી રજ વગેરે પડલાને ભેદીને પાત્રમાં જાય તેવો સંભવ નથી. આથી ગ્રીષ્મમાં ત્રણ પડલા રાખવાના છે. હેમંતઋતુનો કાળ સ્નિગ્ધ હોવાથી પૃથ્વીરજ વગેરેના પુદ્ગલો દબાયા-ચોળાયા વિના અચિત્ત થતા ન હોવાથી વિલંબથી અચિત્ત થતા હોવાથી રજ વગેરે પડલાને ભેદીને પાત્રમાં જાય તેવો સંભવ છે. આથી હેમંતઋતુમાં ચાર પડલા રાખવાના છે. વર્ષાઋતુમાં કાળ અત્યંત સ્નિગ્ધ હોવાથી પૃથ્વીરજ વગેરેના પુદ્ગલો અતિવિલંબથી અચિત્ત થતા હોવાથી રજ વગેરે પડલાને ભેદીને પાત્રમાં જાય. આથી વર્ષાઋતુમાં પાંચ પડલા રાખવાના છે. પડલાની આ સંખ્યા ઉત્કૃષ્ટ એટલે કે અત્યંત સુંદર (ઘટ્ટ) પડલાની અપેક્ષાએ છે. [૮૦૩] જો પડલા ઉત્કૃષ્ટ ન હોય, મધ્યમ (અર્ધજીર્ણ) હોય, તો પડલાની સંખ્યા અનુક્રમે ચાર, પાંચ અને છ છે. કારણ કે તેવા પડલા (ઉત્કૃષ્ટ પડલાની અપેક્ષાએ) અધિક હોય તો જ સ્વકાર્ય કરી શકે. [૮૦૪] જો પડલા જઘન્ય (જીર્ણ) હોય તો પડલાની સંખ્યા અનુક્રમે પાંચ, છ અને સાત સમજવી. કારણ પૂર્વવત્ જાણવું. આ પ્રમાણે પાત્રને ઢાંકનારા પડલા (=પડલાની સંખ્યા) ત્રણ પ્રકારના કાલવિભાગને આશ્રયીને હોય છે, અને તેમનું સમુદિત પ્રયોજન છે, અર્થાત્ એક એક છૂટા પડલા કાર્ય સાધી શકતા નથી, ત્રણ વગેરે ભેગા જ કાર્ય સાધી શકે છે. [૮૦૫]

उद्दिष्टसङ्ख्याभेदभावात् सङ्ख्यामानमभिधायैतेषामेव प्रमाणमानमाह-

**अड्ढाइज्जा हत्था, दीहा बत्तीसअंगुला रुंदा ।**
**बिइअं पडिग्गहाओ, ससरीराओ उ निप्फन्नं ॥ ८०६ ॥**

**वृत्तिः**- '**अर्द्धतृतीया हस्ता दीर्घाणि**'-आयतानि '**षट्त्रिंशदङ्गुलानि** '**रुन्दानि**' विस्तीर्णानि, '**द्वितीयं**' पटलमानं '**प्रतिग्रहाद्**' भाजनात् '**स्वशरीराच्च निष्पन्नम्**', एतदुभयोचितमिति गाथार्थः ॥ ८०६ ॥

**શાસ્ત્રમાં કહેલ ભિન્ન ભિન્ન સંખ્યાને આશ્રયીને પડલાની સંખ્યા કહી, હવે તેમનું જ પ્રમાણમાન કહે છે–**

લાંબા અઢી હાથ અને પહોળા છત્રીસ આંગળ (ત્રણવેંત) એ પડલાનું માપ છે, અથવા પડલાનું બીજું માપ પાત્ર અને સ્વશરીરને આશ્રયીને છે, અર્થાત્ પાત્રના અને સ્વશરીરની ઊંચાઈ-જાડાઈના માપ પ્રમાણે પડલા નાના-મોટા રાખવા. [૮૦૬]

एतत्प्रयोजनमाह–

**पुप्फफलोदगरयरेणुसउणपरिहार एयरक्खट्ठा ।**

**लिंगस्स य संवरणे, वेओदयरक्खणे पडला ॥ ८०७ ॥**

**वृत्तिः**- '**पुष्पफलोदकरजोरेणुशकुनपरिहारः**'-काकादिपुरीषः '**एतद्रक्षार्थं, लिङ्गस्य च संवरणे**' संरक्षणे स्थगने' **वेदोदयरक्षणे**' स्त्रीपुंवेदोदयरक्षणविषये' **पटलान्यु**'पयोगीनीति गाथार्थः ॥ ८०७ ॥

**પડલાઓનું પ્રયોજન કહે છે–**

નહિ ઢાંકેલા પાત્રમાં પુષ્પ, ફલ, (સચિત્ત) પાણી, રજ (સચિત્તપૃથ્વીકાય), ધૂળ, કાગ વગેરે પક્ષીઓની વિષ્ઠા વગેરે પડવાનો સંભવ હોવાથી તે ન પડે એ માટે, [1]પુરુષચિહ્નને ઢાંકવા, તથા સ્ત્રીવેદ અને પુરુષવેદના રક્ષણ માટે (= પુરુષચિહ્ન જોઈને કોઈ સ્ત્રીને સ્ત્રીવેદનો અને પુરુષને પુરુષવેદનો ઉદય ન થાય એ માટે) પડલા રાખવાના છે. [૮૦૭]

જૈન સાઈટ JAINSITE.com જયતુ જૈનમ્ શાસનમ્

रजस्त्राणप्रमाणमाह–

**माणं तु रयत्ताणे, भाणपमाणेण होइ निप्फन्नं ।**

**पायाहिणं करिंति, मज्झे चउरंगुलं कमइ ॥ ८०८ ॥**

**वृत्तिः**- '**मानं तु** '**रजस्त्राणे**' रजस्त्राणविषयं '**भाजनप्रमाणेन भवति निष्पन्नं**', तच्चैवं वेदितव्यमित्याह-'**प्रादक्षिण्यं कुर्वत्**' पुष्पकादारभ्य पात्रस्य '**मध्ये**' **चतुरङ्गुल**'मिति मुखे चत्वार्यङ्गुलानि यावत् '**क्रमति**', अधिकं तिष्ठतीति गाथार्थः ॥ ८०८ ॥

**રજસ્ત્રાણનું પ્રમાણ કહે છે–**

રજસ્ત્રાણનું પ્રમાણ પાત્રના માપ પ્રમાણે છે. તે આ પ્રમાણે-

પાત્રને બહારથી ચારે બાજુ વીંટતાં પાત્રની અંદર કાંઠાથી ચાર આંગળ સુધી રહે તેટલું રાખવું. [૮૦૮]

---

૧. પૂર્વકાળે ચોલપટ્ટો ટૂંકો, કંદોરા વિના કોણીથી દબાવીને કારણે જ્યારે પહેરવામાં આવતો, ત્યારે ગોચરી જતાં સાધુને પડલાથી લજ્જાનું રક્ષણ થતું. વર્તમાનમાં વસતિમાં જ રહેવાનું હોવાથી ચોલપટ્ટો કાયમ પહેરી રાખવામાં આવે છે. આથી પડલા પણ પાત્રને ઢાંકવા પૂરતા ટૂંકા વપરાય છે. (ધ. સં. ભાષાં.)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

एतत्प्रयोजनमभिधत्ते-

**मूसगरयउक्केरे, वासे सिण्हा रए अ रक्खट्ठा ।**

**होंति गुणा रयताणे, एवं भणिआ जिणिंदेहिं ॥ ८०९ ॥**

**वृत्तिः**- '**मूषकरजउत्कर**' इति, षष्ठ्यर्थे सप्तमी, मूषकरजउत्करस्य ग्रीष्मादिषु '**वर्षायां** '**सिण्हायाः**' अवश्यायस्य '**रजसश्च रक्षार्थं**' क्रियमाणे '**भवन्ति** '**गुणाः**' चारित्रवृद्ध्यादयो '**रजस्त्राणे, एवं भणितं जिनेन्द्रैरि**'ति गाथार्थः ॥ ८०९ ॥

રજસ્રાણનું પ્રયોજન કહે છે–

ગ્રીષ્મ વગેરે ઋતુમાં ઉંદરે કરેલ રજના ઢગલાની રજ, વર્ષાઋતુમાં ઝાકળના બિંદુઓ, વર્ષાદનું પાણી અને રજ (સચિત્ત પૃથ્વીકાય) પાત્રમાં ન જાય એ માટે રજસ્રાણ રાખવાનું છે. રજસ્રાણ રાખવાથી ચારિત્રવૃદ્ધિ વગેરે લાભ થાય એમ જિનેશ્વરોએ કહ્યું છે. [૮૦૯]

इत्थं प्रयोजनवक्तव्यतावसानं पात्रनिर्योगमभिधाय पात्रप्रयोजनमाह-

**छक्कायरक्खणट्ठा, पायग्गहणं जिणेहिं पन्नत्तं ।**

**जे अ गुणा संभोगे, हवंति ते पायगहणेऽवि ॥ ८१० ॥**

**वृत्तिः**- '**षट्कायरक्षणार्थं पात्रग्रहणं जिनैः प्रज्ञप्तं**', रक्षणं चाधाकर्म्मपरिशातनादिपरिहारेण, '**ये च गुणाः** '**सम्भोगे**' मण्डल्यां '**भवन्ति ते पात्रग्रहणेऽपि**' गुणा इति गाथार्थः ॥ ८१० ॥

तानेवाह-

**अतरंतबालवुड्ढा, सेहाऽऽएसा गुरु असहुवग्गो ।**

**साहारणोग्गहालद्धिकारणा पायगहणं तु ॥ ८११ ॥**

**वृत्तिः**- '**अशक्नुवद्बालवृद्धाः**' ग्लानबालवृद्धा इत्यर्थः, तथा '**शिक्षकादेशौ**' अभिनवप्रव्रजितप्राघूर्णकौ, तथा '**गुरुः**' आचार्यादिः, तथा '**असहिष्णुवर्गः**' क्षुत्पिपासाद्यसहनशीलः, एतानाश्रित्य '**साधारणावग्रहकात्**' साधारणावग्रहनिमित्तं तथा '**अलब्धिकारणम्**' अविद्यमान-लब्धिनिमित्तं '**पात्रग्रहणं तु**' पात्रग्रहणमेव जिनैरभिहितमिति गाथार्थः ॥ ८११ ॥

આ પ્રમાણે પાત્રનિર્યોગનું પ્રયોજન સુધીનું (સંખ્યા-માપ-પ્રયોજનનું) વર્ણન કરીને હવે પાત્રનું પ્રયોજન કહે છે–

છ કાયની રક્ષા માટે પાત્ર રાખવાનું જિનેશ્વરોએ કહ્યું છે. પાત્ર રાખવાથી (કોઈ એક ઘરે ભોજન કરવાનું ન હોવાથી) આધાકર્મ દોષ ન લાગે. (હાથમાં ભોજન કરવાનું ન હોવાથી) આહાર નીચે ન ઢોળાય વગેરે રીતે છ કાયની રક્ષા થાય. માંડલીમાં સાથે બેસીને ભોજન કરવાથી જે લાભો થાય તે લાભો પાત્ર રાખવાથી પણ થાય. તે લાભોને જ કહે છે- સમુદાયમાં ગ્લાન, બાલ, વૃદ્ધ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નવદીક્ષિત, પ્રાઘૂર્ણક, આચાર્ય વગેરે વડિલ, અસહનશીલ અને આહાર મેળવવાની લબ્ધિથી રહિત એમ અનેક પ્રકારના સાધુઓ હોય. પાત્રમાં આહાર લાવીને આ બધાની યથાયોગ્ય ભક્તિ કરી શકાય અને એથી (साधारणावग्रहनिमित्तं) સર્વસાધારણ બધાને (अवग्रह =) ટેકો મળે એ માટે પાત્ર રાખવાનું જ જિનેશ્વરોએ કહ્યું છે. [૮૧૦-૮૧૧]

कल्पप्रमाणमाह-

**कप्पा आयपमाणा, अड्ढाइज्जा उ आयया हत्था ।**
**दो चेव सुत्तिआ उन्निओ अ तइओ मुणेयव्वो ॥ ८१२ ॥**

**वृत्तिः**- '**कल्पा आत्मप्रमाणाः**', सातिरेका अनतिरेकमाना वा स्थविराणाम्, '**अर्द्धतृतीयांस्तु**' '**आयता**' दीर्घा '**हस्तान्**' जिनकल्पिकानां, '**द्वावेव सौत्र ऊर्णामयश्च तृतीयः**', एतेषां '**मन्तव्य**' इति गाथार्थः ॥ ८१२ ॥

કપડાનું પ્રમાણ કહે છે–

કપડા સ્થવિરકલ્પીઓને સ્વશરીર પ્રમાણ કે તેનાથી કંઈક મોટા હોય, અને જિનકલ્પીઓને અઢી હાથ લાંબા [1]હોય. બે સૂતરાઉ અને એક ઊનનો એમ ત્રણ કપડા હોય. [૮૧૨]

एतत्प्रयोजनमाह-

**तणगहणानलसेवानिवारणा धम्मसुक्कझाणट्ठा ।**
**दिट्ठं कप्पग्गहणं, गिलाणमरणट्ठया चेव ॥ ८१३ ॥**

**वृत्तिः**- '**तृणग्रहणानलसेवानिवारणार्थं**' तथाविधसंहननिनां, तथा '**धर्म्मशुक्लध्यानार्थं**' समाध्यापादनेन, '**दृष्टं कल्पग्रहणं**' जिनैः, '**ग्लानमरणार्थं चैव**' ग्लानमृतप्रच्छादनार्थमिति गाथार्थः ॥ ८१३ ॥

કપડાનું પ્રયોજન કહે છે–

નબળા સંઘયણવાળા સાધુઓને ઠંડીમાં કપડા ઓઢી લેવાથી ઘાસ ન લેવું પડે અને અગ્નિનો ઉપયોગ ન કરવો પડે, તથા સમાધિ રહેવાથી ધર્મધ્યાન અને શુક્લધ્યાન થઈ શકે, ગ્લાનને ઓઢવામાં કામ લાગે, મૃતકને ઢાંકવામાં કામ લાગે એ માટે જિનેશ્વરોએ કપડા રાખવાનું કહ્યું છે. [૮૧૩]

अवसरप्राप्तं रजोहरणमानमाह-

**बत्तीसंगुलदीहं, चउवीसं अंगुलाइं दंडो से ।**
**सेस दसा पडिपुण्णं, रयहरणं होइ माणेणं ॥ ८१४ ॥**

૧. ઓઘનિર્યુક્તમાં કપડાનું માપ લંબાઈમાં શરીરે ઓઢીને તેનો છેડો ખભા ઉપર બરોબર રહે તેટલું અને પહોળાઈમાં (પનામાં) અઢી હાથ કહેલ છે. (ઓ. નિ. ગા. ૭૦૬) બૃહત્કલ્પમાં લંબાઈમાં સાડાત્રણ હાથ અને પહોળાઈમાં (પનામાં) અઢી હાથ માપ જણાવેલ છે. ગા. ૩૯૯૯.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः-** '**द्वात्रिंशदङ्गुलं दीर्घं**' रजोहरणं भवति सामान्येन, तत्र '**चतुर्विंशतिरङ्गुलानि दण्डः** '**से**' तस्य रजोहरणस्य '**शेषाः**' अष्टाङ्गुला '**दशाः, प्रतिपूर्णं**' सह पादपुञ्छननिषद्यया '**रजोहरणं भवति** '**मानेन**' प्रमाणेनेति गाथार्थः ॥ ८१४ ॥

**હવે અવસર પામીને રજોહરણનું માપ કહે છે–**

સામાન્યથી રજોહરણ ૩૨ આંગળ લાંબું હોય. તેમાં ચોવીસ આંગળ પ્રમાણ દાંડી, અને આઠ આંગળ પ્રમાણ દશીઓ, એમ સંપૂર્ણ રજોહરણ બત્રીશ આંગળ પ્રમાણ સમજવું. આ માપ નિષદ્યા (= ઓઘાના અંદરના બે વસ્ત્રો) સહિત સમજવું. ("જો દસિયો ટૂંકી હોય તો દાંડી લાંબી કરવી, જો દાંડી ટૂંકી હોય તો દસિયો લાંબી કરવી, એમ બંને મળીને બત્રીશ આંગળ લાંબો કરવો" એમ ઓઘનિર્યુક્તિ ગાથા ૭૦૮માં કહ્યું છે.) [૮૧૪]

प्रयोजनमाह-

**आयाणे निक्खेवे, ठाणनिसीअणतुअट्टसंकोए ।**

**पुव्विं पमज्जणट्ठा, लिंगट्ठा चेव रयहरणं ॥ ८१५ ॥**

**वृत्तिः-** '**आदाने**' ग्रहणे कस्यचित् '**निक्षेपे**' मोक्षे '**स्थाननिषीदनत्वग्वर्त्तनसङ्कोचनेषु** '**पूर्वम्**' आदौ '**प्रमार्जनार्थं**' भूम्यादेः '**लिङ्गार्थं चैव**' साधो '**रजोहरणं**' भवतीति गाथार्थः ॥ ८१५ ॥

**રજોહરણનું પ્રયોજન કહે છે–**

કોઈ વસ્તુ લેવી કે મૂકવી હોય, ભૂમિ ઉપર કાયોત્સર્ગ કરવો હોય, બેસવું હોય, શરીરનું પડખું ફેરવવું હોય, શરીરના અંગો સંકોચવા હોય વગેરે કાર્ય કરતાં પહેલાં ભૂમિ વગેરેનું પ્રમાર્જન કરવા અને સાધુનું ચિહ્ન (= સાધુને ઓળખાવનાર) હોવાથી રજોહરણ રાખવાનું છે. [૮૧૫]

मुहपोत्तिकाप्रमाणमाह-

**चउरंगुलं विहत्थी, एअं मुहणंतगस्स उ पमाणं ।**

**बीओवि अ आएसो, मुहप्पमाणाउ निप्फन्नं ॥ ८१६ ॥**

**वृत्तिः-** '**चतुरङ्गुलं वितस्तिः एतत्**' सम्पृक्तं सत् '**मुखानन्तकस्य तु**' '**प्रमाणं**' प्रमाणरूपं, '**द्वितीयोऽपि च आदेशः**' अत्रैव '**मुखप्रमाणान्निष्पन्नं**', यावता मुखं प्रच्छाद्यत इति गाथार्थः ॥ ८१६ ॥

**મુહપત્તિનું પ્રમાણ કહે છે–**

મુહપત્તિ એક વેંત અને ચાર આંગળ પ્રમાણ ચોરસ થાય તેટલું મુહપત્તિનું માપ છે. મતાંતરથી મુહપત્તિનું માપ મુખ પ્રમાણે છે, અર્થાત્ જેટલાથી મુખ ઢંકાઈ જાય તેટલું છે. [૮૧૬]

एतत्प्रयोजनमाह-

**संपातिमरयरेणूपमज्जणट्ठा वयंति मुहपोत्तीं ।**

**णासं मुहं च बंधइ, तीए वसही पमज्जंतो ॥ ८१७ ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**- '**सम्पातिमरजोरेणुप्रमार्जनार्थं**' इति-एतन्निमित्तं '**वदन्ति मुखपोत्तिं**' तीर्थकरादयः, तथा '**नासां मुखं च बध्नाति तया वसत्या**'दि '**प्रमार्जयन्**', आदिशब्दादुच्चारभूमौ नासिका-र्शोदोषपरिहारायेति गाथार्थः ॥ ८१७ ॥

મુહપત્તિનું પ્રયોજન કહે છે–

બોલતાં સંપાતિમ (= ઉડતા) જીવો મુખમાં પેસીને મરી ન જાય તે માટે બોલતી વખતે મુખ ઉપર મુહપત્તિ રાખી શકાય તે માટે, તથા રજની (= સચિત્ત પૃથ્વીકાયની) અને રેણુની પ્રમાર્જના માટે તીર્થંકરોએ મુહપત્તિ રાખવાનું કહ્યું છે. વસતિ આદિનું પ્રમાર્જન કરતી વખતે મુખ વગેરેમાં ધૂળ ન પેસે એ માટે, તથા સ્થંડિલભૂમિમાં નાસિકામાં [1]મસા ન થાય એ માટે સાધુ નાસિકા અને મુખ મુહપત્તિથી બાંધે છે. [૮૧૭]

मात्रकप्रमाणमाह-

**जो मागहओ पत्थो, सविसेसयरं तु मत्तगपमाणं ।**

**दोसुवि दव्वग्गहणं, वासावासे अहीगारो ॥ ८१८ ॥**

**वृत्तिः**- '**यो मागधः प्रस्थः**' 'दो असतीओ पसती' इत्यादिनिष्पन्नः, एतद् '**सविशेषतरं मात्रकप्रमाणं**' भवति, '**द्वयोरपि**' ऋतुबद्धवर्षाकालयोर्मात्रकग्रहणं वैयावृत्त्यकरसंघाटकं प्रति, तथा चाह- '**द्रव्यग्रहणं**' गुर्वादिप्रायोग्यग्रहणमिति, एतच्च ध्रुवलाभेऽसंसक्तदेशे चैवम्, अन्यदा तु सर्वसङ्घाटकानामेव तद्ग्रहणमिति, तेषामप्यध्रुवलाभादावेव नान्यदा, यत आह- '**वर्षावासेऽधिकारो**' मात्रकस्य, संसक्तादिसम्भवादिति गाथार्थः ॥ ८१८ ॥

માત્રકનું પ્રમાણ કહે છે–

મગધદેશમાં પ્રસિદ્ધ પ્રસ્થ નામના પ્રમાણથી કંઈક અધિક પ્રમાણ માત્રકનું છે. બે અસતિની (= હથેળીઓની) એક પસતિ (= પસલી), બે પસતિની એક સેતિકા (= ખોબો), અને ચાર સેતિકાનો મગધ દેશનો એક પ્રસ્થક થાય છે.

આચાર્ય આદિને પ્રાયોગ્ય દ્રવ્ય અલગ લઈ શકાય એ માટે, તથા કોઈ દેશમાં જીવોથી સંસક્ત આહાર મળતો હોય તો પહેલાં માત્રકમાં લઈને પછી તેમાંથી જીવો દૂર કરીને શુદ્ધ આહાર પાત્રમાં નાખી શકાય એ માટે, માત્રક રાખવાનું છે. આથી માત્રક કેટલા સાધુ રાખે એ માટે બે વિકલ્પ છે. જો આચાર્ય આદિને પ્રાયોગ્ય દ્રવ્યો અવશ્ય મળતાં (સુલભ) હોય અને સંસક્ત આહાર મળે તેવો દેશ ન હોય તો વેયાવચ્ચકારી દરેક સંઘાટક ગોચરીમાં માત્રક સાથે રાખે. જો આચાર્ય આદિને પ્રાયોગ્ય દ્રવ્યો અવશ્ય મળતાં ન હોય (= દુર્લભ હોય), અથવા સંસક્ત આહાર મળે તેવો દેશ હોય તો બધા જ સંઘાટકો માત્રક રાખે. આચાર્ય આદિને પ્રાયોગ્ય દ્રવ્ય નિશ્ચિત ન મળતાં હોય વગેરે કારણે જ બધા સંઘાટકો માત્રક રાખે, તે વિના નહિ. આથી જ અહીં ગ્રંથકાર કહે છે કે

૧. ઝાડાને સ્પર્શીને આવેલા પવનના પુદ્ગલો શ્વાસોશ્વાસ દ્વારા નાકમાં જાય તો નાસિકામાં મસા થાય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(वासावासे अहीगारो =) સામાન્યથી ચોમાસામાં માત્રક રાખવાની (= વાપરવાની) અનુજ્ઞા છે. કારણ કે ચોમાસામાં જીવસંસક્ત આહાર મળે વગેરે કારણોનો સંભવ છે. [૮૧૮]

आदेशान्तरमाह-

**सूवोदणस्स भरिओ, दुगाउअद्धाणमागओ साहू ।**

**भुंजइ एगट्ठाणे, एअं किर मत्तगपमाणं ॥ ८१९ ॥**

**वृत्तिः**- '**सूपौदनस्य भृतं**' श्लथस्येत्यर्थः, '**द्विगव्यूताध्वागतः साधुः**', एतावता श्रमेण, '**भुङ्क्ते एकस्थाने**' यदुपविष्टः सन्निति '**किल मात्रकप्रमाणम्**', अयमाप्तवाद इति गाथार्थः ॥ ८१९ ॥

માત્રકના માપમાં મતાંતર કહે છે—

બે ગાઉ જેટલો પંથ કાપીને = આટલો શ્રમ કરીને આવેલ સાધુ એક સ્થાને બેસીને ઢીલા ભાત-દાળથી ભરેલું પાત્ર વાપરી શકે તેટલું માત્રકનું પ્રમાણ છે એવો આપ્તવાદ છે. [૮૧૯]

प्रयोजनमाह-

**आयरिए अ गिलाणे, पाहुणए दुल्लभे असंथरणे ।**

**संसत्तभत्तपाणे, मत्तयभोगो अणुन्नाओ ॥ ८२० ॥**

**वृत्तिः**- '**आचार्य**' इत्याचार्ये सति मात्रकग्रहणं, तदर्थं तत्र प्रायोग्यग्रहणाद्, एवं '**ग्लाने च**', तथा '**प्राघूर्णके, दुर्लभे**' वा घृतादौ, '**असंस्तरणे**' वा अपर्याप्तलाभेऽप्यन्यार्थं ग्रहणात्, एवं '**संसक्त-भक्तपाने**' देशे काले च वर्षाकाले '**मात्रकभोगोऽनुज्ञातः**' साधूनां भगवद्भिरिति गाथार्थः ॥ ८२० ॥

માત્રકનું પ્રયોજન કહે છે—

આચાર્ય, ગ્લાન, પ્રાઘૂર્ણક વગેરેને પ્રાયોગ્ય દ્રવ્ય અલગ લઈ શકાય, ઘી વગેરે દુર્લભ દ્રવ્ય લઈ શકાય, બીજાઓને પર્યાપ્ત આહાર ન મળતો હોય તો તેમના માટે આહાર લઈ શકાય, કોઈ દેશમાં કે કાલમાં જીવસંસક્ત આહાર-પાણી મળતાં હોય તો માત્રકમાં લઈને જીવો દૂર કરીને પાત્રમાં લઈ શકાય એ માટે સાધુઓને ચોમાસામાં માત્રક રાખવાની ભગવાને અનુજ્ઞા આપી છે. [૮૨૦]

चोलपट्टकप्रमाणमाह-

**दुगुणो चउग्गुणो वा, हत्थो चउरस्स चोलपट्टो उ ।**

**थेरजुवाणाणऽट्ठा, सण्हे थुल्लम्मि अ विभासा ॥ ८२१ ॥**

**वृत्तिः**- '**द्विगुणश्चतुर्गुणो वा**' कृतः सन् '**हस्तश्चतुरस्रो**' भवति '**चोलपट्टस्तु**' अग्रसन्धारणाय, '**स्थविरयूनोरर्थाय**'-एतन्निमित्तं '**श्लक्ष्णे स्थूले च विभाषा**', चशब्दाद् द्विगुण-चतुर्गुणे च, एतदुक्तं भवति स्थविरस्य द्विगुणो भवति श्लक्ष्णश्च, तदिन्द्रियस्य प्रबलसामर्थ्याभावात्, अल्पेनाप्यावरणात्, स्पर्शनानुपघातात्, यूनि विपर्यय इति गाथार्थः ॥ ८२१ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચોલપટ્ટાનું પ્રમાણ કહે છે–

ડબલ (= બે પડ) કે ચાર પડ કરતાં એક હાથ ચોરસ થાય તેટલું પુરુષચિહ્નને ગુપ્ત રાખવા ચોલપટ્ટાનું પ્રમાણ છે. બે પડ કરતાં એક હાથ પહોળો (પનામાં) અને બે હાથ લાંબો, ચાર પડ કરતાં બે હાથ પહોળો-લાંબો ચોલપટ્ટો થાય. તેમાં યુવાન માટે ચાર હાથ પ્રમાણ અને વૃદ્ધો માટે બે હાથ પ્રમાણ છે. તથા પાતળો (= સુંવાળો) અને જાડો (= કર્કશ) એ બે જાતના ચોલપટ્ટાને આશ્રયીને પણ વિકલ્પ છે. વૃદ્ધો પાતળો અને યુવાનો જાડો ચોલપટ્ટો પહેરે. કારણ કે વૃદ્ધોની જનનેંદ્રિય પ્રબલ (વિકારના) સામર્થ્યથી રહિત હોય, ટૂંકા પણ ચોલપટ્ટાથી ઢંકાઈ જાય, અને સુંવાળા સ્પર્શથી વિકાર ન થાય. યુવાનોમાં આનાથી વિપરીત જાણવું. [૮૨૧]

एतत्प्रयोजनमाह-

**वेउव्वऽवावडे वाइए अ ही खद्धपजणणे चेव ।**
**तेसिं अणुग्गहट्ठा, लिंगुदयट्ठा य पट्टो उ ॥ ८२२ ॥**

**वृत्तिः**- '**वैक्रियाप्रावृत**' इत्यप्रावृतस्य वैक्रिये वेदोदयादिना, '**वातिके च**' वातोच्छूने '**ह्रीः**' लज्जा भवति, '**खद्धप्रजनने चैव**', स्वरूपेण महतीन्द्रिय इत्यर्थः, एते चार्यदेशोत्पन्नादि-गुणवन्तोऽप्यप्रव्राज्याः प्राप्नुवन्ति, अत **स्तेषामनुग्रहार्थम्**-अनुग्रहनिमित्तं, '**लिङ्गोदयार्थं च**' लिङ्गोदय-दर्शननिवारणार्थं चेति भावः, '**पट्टस्तु**' चोलपट्ट इति गाथार्थः ॥ ८२२ ॥

जैनम् जयति शासनम् JAINSITE.com

ચોલપટ્ટાનું પ્રયોજન કહે છે–

ચોલપટ્ટા વિના પુરુષવેદોદય વગેરેથી કોઈનું પુરુષચિહ્ન વિકૃત બને, અથવા વાયુપ્રકૃતિના કારણે કોઈનું પુરુષચિહ્ન ઉન્નત રહેતું હોય, અથવા કોઈનું પુરુષચિહ્ન સ્વાભાવિક રીતે જ મોટું હોય, એથી તેમને શરમ આવતી હોય, આવા પુરુષો આર્યદેશોત્પત્તિ વગેરે ગુણોથી યુક્ત હોવા છતાં (ચોલપટ્ટા વિના) દીક્ષાને અયોગ્ય બને, આથી તેમના અનુગ્રહ માટે ચોલપટ્ટો પહેરવાની અનુજ્ઞા છે. તથા બીજાઓ (ક્યારેક થઈ જતા) લિંગવિકારને ન જોઈ શકે એ માટે પણ [1]ચોલપટ્ટો પહેરવાની અનુજ્ઞા છે. [૮૨૨]

आर्यामधिकृत्याह-

**पत्ताईण पमाणं दुहावि जह वण्णिअं तु थेराणं ।**
**मोत्तूण चोलपट्टं तहेव अज्जाण दट्ठव्वं ॥ ८२३ ॥**

**वृत्तिः**- '**पात्रादीनां प्रमाणं**, '**द्विधापि**' गणनया स्वरूपेण च '**यथा वर्णितं स्थविराणां मुक्त्वा चोलपट्टं तथैवार्याणाम**'पि '**द्रष्टव्यं**', तेषां प्रमाणमिति गाथार्थः ॥ ८२३ ॥

સાધ્વીઓને આશ્રયીને ઉપધિનું પ્રમાણ કહે છે–

સંખ્યાથી અને [2]સ્વરૂપથી (= માપથી) પાત્રાદિનું પ્રમાણ સાધુઓને ઉદ્દેશીને જે પ્રમાણે કહ્યું,

૧. ચોલ એટલે પુરુષચિહ્ન, તેને ઢાંકવાનો પટ્ટો (વસ્ત્ર) તે ચોલપટ્ટો.
૨. અહીં સ્વરૂપ શબ્દ માપ અર્થમાં છે. આથી જ ૮૨૪મા શ્લોકની ટીકામાં कमठकमानं स्वरूपसम्बन्धि એવો પાઠ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે જ પ્રમાણે ચોલપટ્ટા સિવાય સાધ્વીઓને ઉદ્દેશીને પણ જાણવું. [૮૨૩]

**कमढपमाणं उदरप्पमाणओ संजईण विण्णेअं ।**

**सइगहणं पुण तस्सा, लहुसगदोसा इमासिं तु ॥ ८२४ ॥**

**वृत्तिः**– '**कमठगमानं**' स्वरूपसम्बन्धि '**उदरप्रमाणतो**' निजोदरप्रमाणेन '**संयतीनां विज्ञेयं, सदा ग्रहणं पुनस्तस्य**'–कमठकस्य '**लहुसकदोषा**'दिति अल्पत्वापराधाद् '**आसां**' संयतीनां, लम्बनग्रहणेऽप्रीत्या अकुशलपरिणामभावादिति गाथार्थः ॥ ८२४ ॥

સાધ્વીઓના કમઢકનું પ્રમાણ પોતાના ઉદર (= આહાર) પ્રમાણ જાણવું. આ કમઢક લેપ કરેલા તુંબડાનું અને કાંસાની મોટી કથરોટના આકારનું હોય છે. સાધ્વીઓને કમઢક રાખવાનું કારણ એ છે કે સ્ત્રીજાતિના લીધે અન્યના અલ્પ પણ અપરાધથી અપ્રીતિ થઈ જાય. આથી અલગ કમઢક ન હોય તો ભોજનમાં એક જ પાત્ર હોવાના કારણે બીજાનો આશ્રય (= સહયોગ) લેવો પડે, અને તેમાં અન્યનો અલ્પ પણ અપરાધ થતાં અપ્રીતિ થવાથી અશુભ પરિણામ થાય. આવું ન બને માટે દરેક સાધ્વીજીને અલગ અલગ એક કમઢક હોય. [૮૨૪]

**अह उग्गहणंतग णावसंठिअं गुज्झदेसरक्खट्ठा ।**

**तं पुण सरूवमाणे, घणमसिणं देहमासज्ज ॥ ८२५ ॥**

JAINSITE जैन साईट जैनम् जयति शासनम्

**वृत्तिः**– '**अथ अवग्रहानन्तकं नौसंस्थितम्**', एतच्च '**गुह्यदेशरक्षणार्थं**' भवति, रक्षा च दर्शनस्य मोहोदयहेतुत्वात्, '**तत्पुनः स्वरूपमानाभ्यां**' यथासङ्ख्यं '**घनमसृणं**' स्वरूपेण '**देहमाश्रित्य**' प्रमाणेन भवतीति गाथार्थः ॥ ८२५ ॥

**पट्टोवि होइ तासिं, देहपमाणेण चेव विण्णेओ ।**

**छायंतोगहणंतग, कडिबंधो मल्लकच्छा व ॥ ८२६ ॥**

**वृत्तिः**– '**पट्टोऽपि भवति** '**तासां**' संयतीनां, किंविशिष्ट इत्याह–'**देहप्रमाणेनैव**' भवति '**विज्ञेयः**', प्रमाणमानेन, स्वरूपतस्तु '**छादयन्नवग्रहानन्तकं, कटिबन्धो**'ऽसौ भवति '**मल्लकच्छेवे**'ति गाथार्थः ॥ ८२६ ॥

**अद्धोरुगोऽवि ते दोऽवि गिण्हिउं छायए कडीभागं ।**

**जाणुपमाणा चलणी, असीविआ लंखिआए व ॥ ८२७ ॥**

**वृत्तिः**– '**अर्द्धोरुकमपि** '**तौ द्वावपि**' अवग्रहानन्तकपट्टौ '**गृहीत्वा**' अवष्टभ्य '**छादयति कटिभागं**', तथा '**जानुप्रमाणा**'वलम्बनेन '**चलनी**' भवति, सा '**चासीविता**' स्वरूपतो '**लङ्खिकाया इवे**'ति गाथार्थः ॥ ८२७ ॥

**अंतोनिअंसणी पुण, लीणा कडि जाव अद्धजंघाओ ।**

**बाहिरिआ जा खलुगा, कडीइ दोरेण पडिबद्धा ॥ ८२८ ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**- '**अन्तर्निवसनी पुनर्ल्लीना**'-सुश्लिष्टा, सा च '**कटिं यावदर्द्धजङ्घाभ्यामार**'भ्य, तथा '**बाह्या**' निवसनी '**यावत् खलुकः**' तावत् '**कट्यां दवरकेण प्रतिबद्धा**' भवतीति गाथार्थः ॥ ८२८ ॥

**छाएइ अणुकुईए, गंडे पुण कंचुओ असीविअओ ।**
**एमेव य उक्कच्छिय, सा णवरं दाहिणे पासे ॥ ८२९ ॥**

**वृत्तिः**- '**छादयत्यनुकुचितौ**'-श्लथावित्यर्थः '**गण्डौ**' स्तनौ '**पुनः कञ्चुकः असीवित**' इति, तथा '**एवमेवोत्कच्छिका**' छादयति, '**सा नवरं दक्षिणे पार्श्वे**' भवतीति गाथार्थः ॥ ८२९ ॥

**वेकच्छिआ उ पट्टो, कंचुअमुक्कच्छिअं च छाइंती ।**
**संघाडीओ चउरो, तत्थ दुहत्था उवसयम्मि ॥ ८३० ॥**

**वृत्तिः**- '**वेकच्छिका तु पट्टो**' भवति, सा तु '**कञ्चुकमुत्कच्छिकां च छादयन्ती**' भवति, तथा '**संघाट्यश्चतस्रो**' भवन्ति, एका द्विहस्ता द्वे त्रिहस्ते एका चतुर्हस्ता, '**तत्र द्विहस्ता उपाश्रये**' भवति, न तां विहाय प्रकटदेहया कदाचिदासितव्यमिति गाथार्थः ॥ ८३० ॥

**दोन्नि तिहत्थायामा, भिक्खट्ठा एक्क एक्क उच्चारे ।**
**ओसरणे चउहत्था, निसण्णपच्छायणे मसिणा ॥ ८३१ ॥**

**वृत्तिः**- '**द्वे त्रिहस्तायामे**' भवतः, तयो**र्भिक्षार्थमेका एका उच्चारे**' भवति, भेदग्रहणं गोचराद्युपलब्धतुल्यवेषादिपरिहारार्थं, तथा '**समवसरणे**' व्याख्याने स्नात्रादौ '**चतुर्हस्ता**', सा हि '**अनिषण्णप्रच्छादनाय**' उपयुज्यते, यतो न तत्र संयतीभिरुपवेष्टव्यं, सा च '**मसृणा**' अशुषिरा भवतीति गाथार्थः ॥ ८३१ ॥

**खंधेगरणी, चउहत्थवित्थडा वायविहुयरक्खट्ठा । दारं ।**
**खुज्जकरणीवि कीरइ, रूववईए कुडहहेऊ ॥ ८३२ ॥**

**वृत्तिः**- स्कन्धकरणी चतुर्हस्तविस्तृता भवति, सा च वातविधूतरक्षार्थं, प्रयोजनान्तरमाह- कुब्जकरण्यपि क्रियते, सा रूपवत्याः संयत्याः कुट्टभनिमित्तमिति गाथार्थः ॥ ८३२ ॥

(અવગ્રહ એટલે યોનિપ્રદેશ, અનંતક એટલે વસ્ત્ર, અવગ્રહને ઢાંકવાનું વસ્ત્ર તે અવગ્રહાનંતક) અવગ્રહાનંતક નાવના આકારે મધ્યમાં પહોળું અને બે છેડે સાંકડું હોય. ગુહ્યપ્રદેશની રક્ષા (= ગુપ્તતા) કરવા માટે એનો ઉપયોગ કરવાનો છે. કારણ કે ગુહ્યપ્રદેશનું દર્શન મોહોદયનું કારણ છે. તે અવગ્રહાનંતક ઘટ્ટ અને સુંવાળા વસ્ત્રનું કરવું. તેનું માપ સ્વશરીર પ્રમાણે સમજવું. [૮૨૫] પટ્ટો પણ સ્વશરીર પ્રમાણ જ સમજવો. તે અવગ્રહાનંતક ઢંકાઈ જાય તે રીતે મલ્લના કચ્છની જેમ કેડે બાંધવો. [૮૨૬] (ઉરુ એટલે સાથળ. સાથળના અર્ધ ભાગને ઢાંકે તે અર્ધોરુક.) અર્ધોરુક અવગ્રહાનંતક અને પટ્ટો એ બંનેને દબાવીને કટિપ્રદેશ ઢંકાય તે રીતે બાંધવો. (બંને સાથળોની અંદરના પ્રદેશમાં કસોથી બંધાય છે.) ચલનિકા ઢીંચણ સુધી લાંબી, સીવ્યા વિનાની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને વાંસ ઉપર નાચતી નટડીના ચોળણા જેવી હોય. (અને કસોથી બંધાય છે.) [૮૨૭] અંતર્નિવસની અડધી જંઘા સુધી કેડમાં મજબૂત બાંધવાની હોય છે. (ચાલતાં ઉપરનાં વસ્ત્રો પવનાદિથી ખસી જાય તો પણ લોકહાંસી ન થાય એ માટે અંતર્નિવસની છે.) બાહ્યનિવસની ઘુંટી સુધી લાંબી કેડમાં કંદોરાથી બાંધવાની હોય છે. (આ છ ઉપકરણો કેડથી નીચેના ભાગમાં પહેરવાના છે.) [૮૨૮] કંચુક (અઢી હાથ લાંબો અને એક હાથ પહોળો) સીવ્યા વિનાનો સ્તનભાગને ઢાંકવા ઢીલો બાંધવાનો હોય છે. (મજબૂત બાંધવાથી સ્તનભાગ દેખાય માટે ઢીલો બાંધવો.) ઉત્કક્ષિકા પણ કંચુકની જેમ સમજવી. પણ તે જમણું પડખું (હૃદય અને પેટ) ઢંકાય તે રીતે બંધાય છે. [૮૨૯] વૈકક્ષિકા પાટાના આકારે હોય છે. તે કંચુક અને ઉપકક્ષિકા ઢંકાય તે રીતે બંધાય છે. સંઘાટી (ઉપર ઓઢવા) સંખ્યાથી ચાર હોય, તેમાં એક બે હાથ પ્રમાણ, બે ત્રણ હાથ પ્રમાણ અને એક ચાર હાથ પ્રમાણ રાખવી. તેમાં બે હાથ પ્રમાણ સંઘાટી ઉપાશ્રયમાં ઓઢવી, અર્થાત્ ક્યારે પણ સંઘાટી ઓઢ્યા વિનાના શરીરે ન રહેવું. [૮૩૦] ત્રણ હાથ લાંબી બે સંઘાટીમાંથી એક ભિક્ષા માટે જતાં અને એક સ્થંડિલભૂમિએ જતાં ઓઢવી. ભિક્ષાનો અને સ્થંડિલભૂમિનો વેષ સમાન ન દેખાય વગેરે કારણથી બંનેમાં અલગ અલગ સંઘાટી ઓઢવાની કહી છે. વ્યાખ્યાન, શાંતિસ્નાત્ર વગેરે પ્રસંગે ચાર હાથ પ્રમાણ સંઘાટિ ઓઢવી. સાધ્વીને સમવસરણમાં ઊભા ઊભા સાંભળવાનું હોવાથી અને વાચના પણ ઊભા ઊભા લેવાની હોવાથી સંપૂર્ણ શરીર ઢંકાઈ જાય એ માટે ચાર હાથની સંઘાટિ ઓઢવાની છે. સંઘાટી ઘટ્ટ હોવી જોઈએ. [૮૩૧] સ્કંધકરણી ચાર હાથ લાંબી-પહોળી હોય. તે પવનથી ઉડતી સંઘાટી વગેરેની રક્ષા માટે ખભા ઉપર નાખવા માટે છે. તથા રૂપવતી સાધ્વીને (ખભા નીચે પીઠના ભાગમાં નાખીને) ખુંધી વગેરે વિરૂપ કરવા માટે પણ ઉપયોગ થતો હોવાથી તેને કુબ્જકરણી પણ કહેવામાં આવે છે. [૮૩૨]

**संघाइमे परो वा, सव्वो वेसो समासओ उवही ।**
**पासगबद्धमझुसिरो, जं वाऽऽइण्णं तयं णेअं ॥ ८३३ ॥**

**वृत्तिः**- **'सङ्घात्य इतरो वा'**-एकाङ्गिकः यथालाभसम्भवात् **'सर्वोऽप्येष समासत उपधिः'** अनन्तरोदितः **'पाशकबद्धः अझुषिरो'** भवति, **'यद्वाऽऽचरितमत्र'** विधिसीवनादि **'तत् ज्ञेयं'** सुसाध्वा-चरणादित एवेति गाथार्थः ॥ ८३३ ॥

આ સર્વ પ્રકારની ઉપધિ જેવી મળે તેવી લેવાની હોવાથી સંક્ષેપથી સંઘાતિમ અને અસંઘાતિમ એમ બે પ્રકારની છે. બે, ત્રણ વગેરે કકડા જોડીને બનાવેલ હોય તે સંઘાતિમ, અને એક અખંડ હોય તે અસંઘાતિમ. સંઘાતિમ પાશકબદ્ધ હોય, અર્થાત્ દોરાથી સીવેલ હોય. અસંઘાતિમ અશુષિર હોય, એટલે કે દોરાથી સીવેલ ન હોય, અથવા થીગડાથી રહિત હોય. અથવા આ વિષે દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવને જોઈને સુસાધુઓની આચરણા વગેરેથી જ જે આચરેલું હોય તે વિધિથી સીવવું વગેરે ઉપાદેય [1]માનવું. [૮૩૩]

૧. બૃ. ક. ભા. ગા. ૪૦૯૨.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उक्त ओघोपधिरौपग्रहिकमाह-

**पीढग निसिज्ज दंडग, पमज्जणी घट्टए डगलमाई ।**

**पिप्पलग सूई नहरणि, सोहणगदुगं जहण्णो उ ॥ ८३४ ॥**

**वृत्तिः**- **'पीठकं'** काष्ठच्छगणात्मकं लोकसिद्धमानं, त्रेहवत्यां वसतौ वर्षाकाले वा ध्रियत इत्यौपग्रहिकं, संयतीनां त्वागताभ्यागतसाधुनिमित्तमिति, **'निषद्या'** पादपुञ्छणं प्रसिद्धप्रमाणं, जिनकल्पिकादीनां न भवति, निषीदनाभावात्, **'दण्डको'**ऽप्येवमेव, नवरं निवारणाभावात् एषः, **'प्रमार्जनी'** वसतेर्दण्डकपुञ्छनाभिधाना एव, **'घट्टकः'** पात्रमुखादिकरणाय लोहमयः, **'सूची'** सीवनादिनिमित्तं वेण्वादिमया, **'नखरदनी'** प्रतीता लोहमय्येव, **'शोधनकद्वयं'** कर्णशोधनकदन्तशोधनकाभिधानं लोहमयादि,**'जघन्यस्तु'** अयं जघन्यः औपग्रहिकः खलूपधिरिति गाथार्थः ॥ ८३४ ॥

ઓઘ ઉપધિ કહી, હવે ઔપગ્રહિક ઉપધિ કહે છે–

(૧) પીઠક=કાષ્ઠ કે છાણની બનાવેલી પીઠિકા. આનું માપ લોકમાં પ્રસિદ્ધ છે. સાધુઓ ભેજવાળી વસતિમાં કે ચોમાસામાં બેસવા માટે આનો ઉપયોગ કરે છે માટે આ ઔપગ્રહિક છે. અથવા સાધ્વીઓ પોતાના ઉપાશ્રયમાં આવેલ સાધુનો વિનય કરવા આસન માટે ઉપયોગ કરે છે. (૨) નિષદ્યા=બેસવાનું આસન. આને પાદપુંછન પણ કહેવામાં આવે છે. આનું પ્રમાણ પ્રસિદ્ધ છે. આ જિનકલ્પી વગેરેને ન હોય. કારણ કે તેમને બેસવાનું ન હોય. (૩) દંડક=દાંડો. આ પણ જિનકલ્પી વગેરેને ન હોય. કારણ કે તેમને ઉપદ્રવ કરનારને પણ રોકવાનું ન હોય. (૪) પ્રમાર્જની=વસતિને પ્રમાર્જવાનું સાધન. તેનું દંડકપુંછન (=દંડાસણ) એવું નામ છે. (૫) [1]ઘટ્ટક પાત્રની કિનારી વગેરે ઘસવામાં ઉપયોગી લોઢાનો ઘૂંટો. (૬) ડગલાદિ=શરીરશુદ્ધિ માટે ઉપયોગી ઈંટ-પથ્થર વગેરેના કકડા. (૭) પિપ્પલક=(મુંડન માટે ઉપયોગી) અસ્ત્રો. (૮) સૂચી=વસ્ત્ર સીવવા આદિ માટે વાંસ આદિની બનાવેલી સોય. (૯) નખરદની=લોઢાની બનાવેલી નખ કાપવાની નરણી. (૧૦) કર્ણશોધનક=કાનનો મેલ કાઢવાની લોઢા વગેરેની બનાવેલી સળી (કાનખોતરણી). (૧૧) દંતશોધનક=દાંતનો કચરો કાઢવાની સળી (દંતસળી). આ જઘન્ય ઔપગ્રહિક ઉપધિ છે. [૮૩૪]

एनमेव मध्यममभिधातुमाह-

**वासत्ताणे पणगं, चिलिमिणिपणगं दुगं च संथारे ।**

**दंडाईपणगं पुण, मत्तगतिग पायलेहणिआ ॥ ८३५ ॥**

**वृत्तिः**- **'वर्षात्राण'**विषयं **'पञ्चकं'**, तद्यथा-कम्बलमयं १ सूत्रमयं २ तालपत्रसूची ३ पलाशपत्रकुटशीषकं ४ छत्रकं ५ चेति, लोकसिद्धप्रमाणानीति, तथा **'चिलिमिलीपञ्चकं'**, तद्यथा-सूत्रमयी (ऊर्णामयी वाकमयी) दण्डमयी कटकमयीति, प्रमाणमस्याः गच्छापेक्षया,

૧. લેપ કરેલા પાત્રને ચિકણું કરવા તેના ઉપર ઘસવાનો એક જાતનો પથ્થર. બૃ. ક. ભા. ગા. ૪૦૯૬.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

सागारिकप्रच्छादनाय तदावरणात्मिकैवेयमिति, **'संस्तारद्धयं च'** शुषिराशुषिरभेदभिन्नं, शुषिरः तृणादिकृतः तदन्यकृतस्त्वशुषिर इति, तथा **'दण्डादिपञ्चकं पुनः'**, तद्यथा-दण्डको विदण्डकः यष्टिर्वियष्टिः नालिका चेति, **'मात्रकत्रितयं'**, तद्यथा-कायिकमात्रकं संज्ञामात्रकं खेलमात्रकमिति, तथा **'पादलेखनिका'** वटादिकाष्ठमयी कर्दमापनयनीति गाथार्थः ॥ ८३५ ॥

**चम्मतियं पट्टदुगं, नायव्वो मज्झिमो उवहि एसो ।**
**अज्जाण वारओ पुण, मज्झिमओ होइ अइरित्तो ॥ ८३६ ॥**

**वृत्तिः-** **'चर्म्मत्रिकं'** वर्ध्रतलिकाकृत्तिरूपं, तथा **'पट्टद्वयं'** संस्तारपट्टोत्तरलक्षणं **'ज्ञातव्यः मध्यम उपधिरेष'** औपग्रहिकः । **'आर्याणां वारकः पुनः'** सागारिकोदकनिमित्तं **'मध्यमो-**पधावुक्तलक्षणो **'भवत्यतिरिक्तः'**, नित्यं जनमध्य एव तासां वासादिति गाथार्थः ॥ ८३६ ॥

ઔપગ્રહિક મધ્યમ ઉપધિ કહે છે–

વર્ષાત્રાણપંચક=વર્ષાદથી રક્ષણ કરવાનાં પાંચ સાધનો. તે આ પ્રમાણે- (૧) કંબલમય=ઊનનું બનાવેલ. (૨) સૂત્રમય=સૂતરનું બનાવેલ. (૩) સૂચીમય=તાડપત્રની સોયોનું બનાવેલ. (૪) કુટશીર્ષક=પલાસપત્રનું બનાવેલ. (૫) છત્ર=વાંસનું બનાવેલ. આ પાંચેનું પ્રમાણ લોકમાં પ્રસિદ્ધ છે.

ચિલિમિલિપંચક=પાંચ પ્રકારના પડદા. તે આ પ્રમાણે- (૧) સૂત્રમય=સૂતરનો. (૨) ઊર્ણામય=ઊનનો. (૩) વાકમય=બગલાં વગેરેનાં પીછાંનો બનાવેલ. (૪) દંડમય=વાંસ વગેરેનો ગૂંથેલો. (૫) કટમય=વાંસની સાદડી વગેરેનો. આ પાંચનું પ્રમાણ ગચ્છ પ્રમાણે જાણવું, અર્થાત્ ગચ્છ મોટો હોય તો મોટું અને નાનો હોય તો નાનું પ્રમાણ જાણવું. (સાધુના આહાર વગેરેને) ગૃહસ્થો જોઈ ન શકે, ઈત્યાદિ માટે આડ કરવા પડદાનો ઉપયોગ કરવામાં આવે છે.

સંસ્તારદ્વિક=બે પ્રકારના સંથારા. શુષિર અને અશુષિર એ બે પ્રકારના સંથારા છે. શુષિર=પોલાણવાળો, ઘાસ વગેરેનો બનાવેલ. અશુષિર=પોલાણરહિત, લાકડા વગેરેનો બનાવેલ.

દંડાદિપંચક=પાંચ પ્રકારના દાંડા. દંડ=ખભા જેટલો લાંબો દંડ. વિદંડ=બગલ જેટલો લાંબો દંડ. યષ્ટિ=શરીર જેટલી લાંબી લાકડી. વિયષ્ટિ=યષ્ટિથી ચાર આંગળ ટૂંકી લાકડી. નલિકા=સ્વશરીરથી પણ ચાર આગળ વધારે લાંબી લાકડી.

માત્રકત્રિક=ત્રણ પ્રકારની કુંડી. એક પેશાબ કરવાની, એક ઝાડો કરવાની અને એક શ્લેષ્મ નાખવાની એમ ત્રણ કુંડીઓ હોય.

પાદલેખનિકા=પગમાંથી કાદવ દૂર કરવાની વડ વગેરેના લાકડામાંથી બનાવેલી પટ્ટી.

ચર્મત્રિક=ચામડામાંથી બનાવેલાં ત્રણ સાધનો. તે આ પ્રમાણે-

તલિકા=પગના તળિયે બાંધવાનું ચામડાનું તળિયું. વર્ધ્ર=વાધરી, ચામડાની દોરી. તલિકા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાંધવામાં કામ આવે. કૃત્તિ=દાવાનલનો ભય વગેરે પ્રસંગે જમીન ઉપર પાથરીને ઊભા રહેવામાં કામ [1]આવે.

પટ્ટદ્વિક=સંથારો અને ઉત્તરપટ્ટો.

આ બધી ઉપધિ મધ્યમ અને ઔપગ્રહિક છે. તદુપરાંત સાધ્વીઓને મધ્યમ ઉપધિમાં વારક પણ હોય છે. વારક એટલે પાણી રાખવાનું નાની ઘડી જેવું સાધન. તેમને આજુ-બાજુ વસતિવાળા જ ઉપાશ્રયમાં રહેવાની અનુજ્ઞા છે. આથી (આ લોકો અશુચિ છે એવી નિંદા થાય તેમ હોય ત્યારે) લઘુનીતિ કર્યા પછી શુદ્ધિ માટે પાણીનો ઉપયોગ કરવાનો હોય છે. વારકમાં પાણી રાખે. [૮૩૫-૮૩૬]

एनमेवोत्कृष्टमभिधातुमाह–

**अक्खग संथारो वा, एगमणेणंगिओ अ उक्कोसो ।**
**पोत्थगपणगं फलगं उक्कोसोवग्गहो सव्वो ॥ ८३७ ॥**

**वृत्तिः**- '**अक्षाः**'- चन्दनकादयः, '**संस्तारकश्च**' किंविशिष्ट इत्याह- '**एकाङ्गिकोऽनेकाङ्गिकश्च**'-फलककम्बिमयादिः, '**उत्कृष्टः**' स्वरूपेण, तथा '**पुस्तकपञ्चकं**', तद्यथा-गण्डिकापुस्तकः (? कं) छिवाटीपुस्तकः कच्छविपुस्तकः मुष्टिपुस्तकः सम्पुटकश्चेति, तथा '**फलकं**' पट्टिका समवसरणफलकं वा, '**उत्कृष्ट**' इति प्रक्रान्तापेक्षया '**औपग्रहिक**' उपधिः '**सर्व**' इत्यक्षादिः सर्व एवेति गाथार्थः ॥ ८३७ ॥

ઔપગ્રહિક ઉત્કૃષ્ટ ઉપધિને જ કહે છે–

અક્ષ=સ્થાપનાચાર્ય માટે ઉપયોગી ચંદનક (શંખ જેવા) જીવના કલેવરો. સંથારો=પાટ. તેના એકાંગિક અને અનેકાંગિક એમ બે ભેદ છે. એકાંગિક=નેતર વગેરેના એક જ પાટિયાથી બનાવેલ. અનેકાંગિક=અનેક પાટિયાને કે નાની નાની લાકડીઓ વગેરેને દોરી વગેરેથી બાંધીને બનાવેલ. પુસ્તકપંચક=પાંચ પ્રકારની આકૃતિવાળા પુસ્તકો. તે આ પ્રમાણે- (૧) ગંડિકા=જે જાડાઈ-પહોળાઈમાં સમાન અને લંબાઈમાં વધારે (=લંબચોરસ) હોય. (૨) કચ્છપી=જે બંને બાજુ છેડે પાતળું, વચ્ચે પહોળું અને જાડાઈમાં ઓછું હોય. (૩) મુષ્ટિકા=ચાર આંગળ લાંબું કે ગોળ હોય, અથવા ચારે ય બાજુ ચાર આંગળ પ્રમાણ (ચોરસ) હોય. (૪) સંપુટફલક=જેને ઉપર નીચે બંને બાજુ લાકડાની કે કાગળની પાટલીઓ હોય, અથવા જે વેપારીઓને ઉધાર વસ્તુ લખવા માટેની પાટી જેવું હોય. (૫) છીવાડી=છેદપાટી, જે થોડા પાનાં હોવાથી જાડાઈમાં અલ્પ હોય, અથવા લાંબું કે ટૂંકું અને પહોળું હોય. [2]એ પ્રમાણે પુસ્તકપંચક ઔપગ્રહિક ઉપધિરૂપ હોય છે.

ફલક=લખવાની પાટી, અથવા સાધુસમુદાયમાં વપરાતું તેવું પાટિયું. આ બધી જ ઉપધિ ઉત્કૃષ્ટ ઔપગ્રહિક છે. [૮૩૭]

૧. પ્રવચનસારોદ્ધાર વગેરે ગ્રંથોમાં આ ત્રણ ઉપરાંત ખલ્લગ અને કોષ એ બે મળીને પાંચ ચર્મ કહ્યા છે. ખલ્લગ=પગરખાં. પગના તળિયા ફાટેલા હોય વગેરે પ્રસંગે આનો ઉપયોગ કરવામાં આવે છે. કોષ=કોથળી. નરેણી વગેરે વસ્તુઓ રાખવા વગેરેમાં કામમાં આવે છે.

૨. પુસ્તકપંચકનું વર્ણન પ્ર. સા. ગા. ૬૬૪ થી ૬૬૮ના આધારે તથા ધ. સં. ભાગ બીજાના આધારે લખ્યું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

अनयोरौघिकौपग्रहिकयोरेवोपध्योर्द्वयोरपि विशेषलक्षणमभिधातुमाह–

**ओहेण जस्स गहणं, भोगो पुण कारणा स ओहोही ।**
**जस्स उ दुगंपि निअमा, कारणओ सो उवग्गहिओ ॥ ८३८ ॥**

**वृत्तिः**– '**ओघेन**' सामान्येन भोगे अभोगे वा '**यस्य**' पात्रादे**'ग्रहणम्**'–आदानं, '**भोगः पुनः**' '**कारणात्**' निमित्तेनैव भिक्षाटनादिना '**स ओघो**' पधिरभिधीयते, '**यस्य तु**' पीठकादे**'र्द्वयमपि**'– ग्रहणं भोगश्चेत्येत**'न्नियमात्कारणतो**'–निमित्तेन त्रेहादिना स पीठकादि '**औपग्रहिकः**', कादाचित्कप्रयोजननिर्वृत्त इति गाथार्थः ॥ ८३८ ॥

**ઔધિક અને ઔપગ્રહિક એ બંને પ્રકારની ઉપધિનું વિશેષ લક્ષણ કહે છે–**

જે સામાન્યથી (ઉપયોગ થાય કે ન થાય તો પણ) હમેશાં રાખવામાં આવે અને ભિક્ષાટન આદિ કારણથી જ ઉપયોગમાં લેવામાં આવે તે પાત્ર વગેરે ઓઘઉપધિ છે. જે ભેજ આદિ કારણથી રાખવામાં આવે અને કારણથી જ ઉપયોગમાં લેવામાં આવે તે પાટલો વગેરે ઔપગ્રહિક ઉપધિ છે, અર્થાત્ ક્યારેક કારણસર ઉપયોગ કરવામાં આવે તે ઔપગ્રહિક ઉપધિ છે. [૮૩૮]

जैन साइट JAINSITE.com जैनम् जयति शासनम्

अस्यैव गुणकारितामाह–

**मुच्छारहिआणेसो, सम्मं चरणस्स साहगो भणिओ ।**
**जुत्तीए इहरा पुण, दोसा इत्थंपि आणाई ॥ ८३९ ॥ दारं ॥**

**वृत्तिः**– '**मूर्च्छारहितानाम्**' अभिष्वङ्गवर्जितानां यतीनामेष द्विविधोऽपि पात्रपीठकादिरूप उपधिः '**सम्यग्**' अधिकरणरक्षाहेतुत्वेन '**चरणस्य साधको भणितः**', तीर्थकरगणधरैः, '**युक्त्ये**'ति मानभोगयतनया, '**इतरथा पुनः**'–अयुक्त्या यथोक्तमानभोगाभावे '**दोषा**' '**अत्रापि**' उपधौ गृह्यमाणे भुज्यमाने वा '**आज्ञादय**' इति गाथार्थः ॥ ८३९ ॥

**ઉપધિ લાભ કરનારી છે એ જણાવે છે–**

તીર્થંકરોએ અને ગણધરોએ આસક્તિરહિત સાધુઓની ઔધિક અને ઔપગ્રહિક એ બંને પ્રકારની ઉપધિને ચારિત્રની સમ્યગ્ સાધનારી કહી છે, કારણ કે યથોક્ત પ્રમાણથી તેનો ઉપયોગ કરવામાં આવે તો તે અસંયમથી (= પાપથી) બચાવે છે. જો યથોક્ત પ્રમાણથી તેનો ઉપયોગ કરવામાં ન આવે તો ઉપધિને રાખવામાં કે વાપરવામાં આજ્ઞાભંગ વગેરે દોષો લાગે. [૮૩૯]

### તપદ્વાર

उक्तमुपकरणद्वारं, तपोविधानद्वारमभिधित्सुराह–

**कायव्वं च मइमया, सत्तऽणुरूवं तवोवहाणंति ।**
**सुत्तभणिएण विहिणा, सुपसत्थं जिणवराइण्णं ॥ ८४० ॥**

**वृत्तिः**- '**कर्त्तव्यं** च '**मतिमता**' बुद्धिमता '**शक्त्यनुरूपं**' यथाशक्ति : किमित्याह- '**तपउपधानं**' तपोऽनुष्ठानमिति '**सूत्रभणितेन विधिना**' प्रकारेण '**सुप्रशस्तं**' माङ्गल्यं '**जिनवराचरितं**' च उपधानमिति गाथार्थः ॥ ८४० ॥

ઉપકરણદ્વાર કહ્યું, હવે તપોવિધાનદ્વાર કહે છે-

બુદ્ધિમાન પુરુષે મંગલરૂપ અને જિનેશ્વરોએ પણ જેનું સેવન કર્યું છે એવું તપ રૂપ અનુષ્ઠાન યથાશક્તિ વિધિપૂર્વક કરવું જોઈએ. [૮૪૦]

अस्यैव कर्त्तव्यतामाह-

**तित्थयरो चउनाणी, सुरमहिओ सिज्झिअव्वय धुवम्मि ।**
**अणिगूहिअबलविरिओ, तवोवहाणम्मि उज्जमइ ॥ ८४१ ॥**

**वृत्तिः**- '**तीर्थकरो**' भुवनगुरुः '**चतुर्ज्ञानी**', मत्यादिभिर्ज्ञानैः, '**सुरमहितो**' देवपूजितः '**सिद्धव्ये ध्रुवे**', तेनैव जन्मना, '**अनिगूहितबलवीर्यः**' सन् '**तपउपधाने**' अनशनादौ '**उद्यच्छते**' यत्नं करोतीति गाथार्थः ॥ ८४१ ॥

**किं पुण अवसेसेहिं, दुक्खक्खयकारणा सुविहिएहिं ।**
**होइ न उज्जमिअव्वं, सपच्चवायम्मि माणुस्से ? ॥ ८४२ ॥**

**वृत्तिः**- यत्र तीर्थकरोऽप्येवं तत्र '**किं पुनरवशेषैः**'- अतीर्थकरादिभिः '**दुःखक्षयकारणात्**' '**सुविहितैः**' साधुभि '**र्भवति नोद्यन्तव्यम् ?**', उद्यन्तव्यमेव, '**सप्रत्यपाये**' चापलादिधर्म्मके '**मानुष्य**' इति गाथार्थः ॥ ८४२ ॥

તપ કરવા જેવો છે એમ કહે છે-

દેવપૂજિત અને ચાર જ્ઞાનના ધણી એવા તીર્થંકરો પણ એ જ ભવમાં મોક્ષમાં નિશ્ચિત જવાના હોવા છતાં બલ-વીર્યને છુપાવ્યા વિના અનશન આદિ તપરૂપ અનુષ્ઠાનમાં ઉદ્યમ કરે છે, તો પછી વીજળીના ચમકારા જેવા અસ્થિર મનુષ્યભવમાં બીજા સાધુઓએ દુઃખક્ષય માટે તપમાં ઉદ્યમ કેમ ન કરવો જોઈએ ? કરવો જ જોઈએ. [૮૪૧-૮૪૨]

अस्यैव प्रकृतोपयोगितामाह-

**वयरक्खणं परं खलु, तवोवहाणम्मि जिणवरा बिंति ।**
**एत्तो उ गुणविवड्ढी, सम्मं निअमेण मोक्खफला ॥ ८४३ ॥**

**वृत्तिः**- '**व्रतरक्षणं** '**परं**' प्रधानं '**खलु**', किं तदित्याह-'**तपउपधानम्**', इह लोके काले व '**जिनवरा ब्रुवते**, '**अतश्च**' तपउपधानाद् '**गुणवृद्धिः**' '**सम्यक्**' प्रशस्ता '**नियमेन**' अवश्यन्तया, '**मोक्षफला**' गुणवृद्धिरिति गाथार्थः ॥ ८४३ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તપ પ્રસ્તુતમાં (= સંયમમાં) ઉપયોગી છે એમ કહે છે–

આ લોકમાં તપ રૂપ અનુષ્ઠાન મુખ્ય વ્રતરક્ષક છે, અને તપરૂપ અનુષ્ઠાનથી અવશ્ય મોક્ષફલવાળી પ્રશસ્ત ગુણવૃદ્ધિ થાય છે, એમ જિનેશ્વરો કહે છે. [૮૪૩]

तपउपधानस्वरूपमाह–

**सुहजोगवुड्ढिजणयं, सुहझाणसमन्निअं अणसणाई ।**
**जमणासंसं तं खलु, तवोवहाणं मुणेअव्वं ॥ ८४४ ॥**

**वृत्तिः**– '**शुभयोगवृद्धिजनकं**' शुभानुबन्धित्वेन '**शुभध्यानसमन्वित**'मासेवनाकाले– '**ऽनशनादि**' प्रवचनोक्तं '**यत्**' '**अनाशंसं**' निरभिसन्धि '**तत् खलु**'–अनशनादि '**तपउपधानं मन्तव्यं**', न तु स्वाग्रहप्रकाममिति गाथार्थः ॥ ८४४ ॥

**તપરૂપ અનુષ્ઠાનનું સ્વરૂપ કહે છે–**

આ લોકના સુખ આદિની આશંસાથી અને સ્વાગ્રહથી રહિત એવું જિનશાસનમાં જણાવેલ અનશનાદિ તપ રૂપ અનુષ્ઠાન સેવન કરતી વખતે શુભધ્યાનવાળું હોય છે, અને પછી પણ કુશલ કર્મનો અનુબંધ થતો હોવાથી શુભયોગોની વૃદ્ધિ કરનાર છે. [૮૪૪]

ओघत बाह्याभ्यन्तररूपं तप आह–

**अणसणमूणोअरिआ, वित्तीसंखेवणं रसच्चाओ ।**
**कायकिलेसो संलीणया य, बज्झो तवो होई ॥ ८४५ ॥**

**वृत्तिः**– '**अनशनम्**' इत्वरादिरूपम् '**ऊनोदरता**' अल्पाहारादिलक्षणा '**वृत्तिसङ्क्षेपः**' अटनगृहमानादिः '**रसपरित्यागः**' विकृतिपरिहारः '**कायक्लेशः**' ऊर्ध्वस्थानादिना '**संलीनता च**' इन्द्रियनोइन्द्रियगुप्तता, एतद् '**बाह्यं तपो भवति**', बाह्यमिव बाह्यं, सर्वलोकविदितत्वादेवेति गाथार्थः ॥ ८४५ ॥

**ઓઘથી (= સંક્ષેપથી) બાહ્ય-અભ્યંતર તપ કહે છે–**

બાહ્યતપના અનશન, ઊણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ અને સંલીનતા એમ છ ભેદ છે.

અનશનના ઈત્વર વગેરે ભેદો છે. ઊણોદરી એટલે (ભૂખ કરતાં) ઓછો આહાર લેવો વગેરે. ભિક્ષામાં ઘર (કે દ્રવ્ય) વગેરેનું પ્રમાણ કરવું તે વૃત્તિસંક્ષેપ છે. રસત્યાગ એટલે વિગઈઓનો ત્યાગ કરવો. કાયક્લેશ એટલે ઊભા રહેવું વગેરે રીતે કાયાને કષ્ટ આપવું. સંલીનતા એટલે ઇન્દ્રિય અને મન ઉપર સંયમ રાખવો (= ઈંદ્રિય અને મનને અશુભમાં ન પ્રવર્તવા દેવા.) આ તપ સઘળા લોકોમાં પ્રસિદ્ધ હોવાથી જ બાહ્ય કહેવાય છે.

[[1]**અનશન** એટલે ભોજન ન કરવું. તેના યાવત્કથિક અને ઈત્વરિક એમ બે ભેદ છે.

---

૧. ૮૪૫ અને ૮૪૬ એ બે ગાથાઓમાં [ ] આવા કાઉંસમાં આવેલું વિશેષ વર્ણન અન્ય ગ્રંથોના આધારે લખ્યું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જીવનપર્યંત આહારનો ત્યાગ કરવામાં આવે તે યાવત્કથિક અનશન. થોડા સમય સુધી આહારનો ત્યાગ કરવામાં આવે તે ઈત્વર અનશન. યાવત્કથિકના પાદપોગમન, ઈંગિની અને ભક્તપ્રત્યાખ્યાન એમ ત્રણ ભેદ છે. પાદપોપગમનમાં પરિસ્પંદ (= હલન-ચલન) વગેરે અને પ્રતિકર્મનો (= શરીરસેવાનો) સર્વથા અભાવ હોય છે, તથા ચારે આહારનો ત્યાગ હોય છે. ઈંગિનીઅનશનમાં પણ તે જ પ્રમાણે હોય. પણ નિયત કરેલા દેશમાં ફરવા આદિની છૂટ હોય છે. ભક્તપરિજ્ઞામાં (ફરવા આદિની છૂટ ઉપરાંત) પ્રતિકર્મ હોય છે તથા ત્રણ કે ચાર પ્રકારના આહારનો ત્યાગ હોય છે. ચોવિહાર વગેરે, નવકારશી વગેરે, તથા ઉપવાસથી આરંભી છ માસ સુધીનો તપ ઈત્વર અનશન છે.

**ઊણોદરી**- અલ્પ આહાર ખાવાથી પેટ પૂરું ન ભરવું તે ઊણોદરી. આના દ્રવ્ય અને ભાવ એમ બે ભેદ છે. ઓછું ખાવું એ દ્રવ્ય ઊણોદરી છે. બત્રીશ કોળિયા પૂર્ણ આહાર છે. આથી બત્રીશ કોળિયાથી એક વગેરે કોળિયા જેટલો આહાર ઓછો લેવાથી દ્રવ્ય ઊણોદરીના અનેક પ્રકાર છે. અમુક પ્રમાણમાં કષાયોનો ત્યાગ તે ભાવ ઊણોદરી છે.

**વૃત્તિસંક્ષેપ**- વૃત્તિ=ભિક્ષાચર્યા. સંક્ષેપ=અલ્પ કરવી. ભિક્ષાચર્યાને અલ્પ કરવી, અર્થાત્ દ્રવ્યાદિ અભિગ્રહો લેવા, તે વૃત્તિસંક્ષેપ છે. તે આ પ્રમાણે-

લેપવાળું કે લેપરહિત જ દ્રવ્ય લઈશ વગેરે દ્રવ્ય અભિગ્રહ છે. સ્વગામમાં જ, પરગામમાં જ, કે આટલા ઘરોમાં જ લઈશ વગેરે ક્ષેત્ર અભિગ્રહ છે. દિવસના પહેલા, મધ્ય કે પાછલા ભાગમાં જ લઈશ વગેરે કાલ અભિગ્રહ છે. મૂળ ભોજનમાંથી હાથ કે ચમચા વગેરેમાં લીધું હોય, કે થાળી વગેરેમાં મૂક્યું હોય તે જ લઈશ, ગાયન કરતાં કે રુદન કરતાં આપે તો જ લઈશ ઈત્યાદિ ભાવ અભિગ્રહ છે.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

**રસત્યાગ**- દૂધ, દહીં આદિ બધા કે અમુક રસનો ત્યાગ.

**કાયક્લેશ**- ઉચિત રીતે કાયાને કષ્ટ આપવું તે કાયક્લેશ. વીરાસન, ઉત્કટુકાસન, ગોદોહિકાસન વગેરે આસને રહેવું, શીત, પવન અને તાપ વગેરે સહન કરવું, મસ્તકનો લોચ કરવો વગેરે અનેક પ્રકારે કાયક્લેશ તપ છે.

**સંલીનતા**- સંલીનતા એટલે સંવર કરવો-રોકવું. તેના ઇંદ્રિય, કષાય, યોગ અને વિવિક્તચર્યા એમ ચાર પ્રકાર છે. એમાં પ્રથમના ત્રણનો અર્થ પ્રસિદ્ધ છે. સ્ત્રી, પશુ, નપુંસક અને કુશીલથી રહિત નિર્દોષ સ્થાનમાં રહેવું તે વિવિક્તચર્યા છે. આ તપ કરાતું હોય ત્યારે લોકોથી પણ જણાતું હોવાથી અને સ્થૂલદૃષ્ટિવાળા કુતીર્થિકોમાં પણ તપ તરીકે પ્રસિદ્ધ હોવાથી આ બાહ્ય તપ છે.] [૮૪૫]

**पायच्छित्तं विणओ, वेआवच्चं तहेव सज्झाओ ।**
**झाणं उस्सग्गोऽविअ, अब्भितरओ उ नायव्वो ॥ ८४६ ॥**

**वृत्ति:**- '**प्रायश्चित्तम्**' आलोचनादि '**विनयो**' ज्ञानादिगोचरः '**वैयावृत्त्यम्**' आचार्यादिविषयं, तथैव '**स्वाध्यायो**' वाचनादिलक्षणः, '**ध्यानं**' धर्म्मध्यानादि '**व्युत्सर्गोऽपि च**' कारणगृहीतस्य

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

मनागशुद्धस्यान्यलाभे सत्याहारादेः, एत'दभ्यन्तरं तु ज्ञातव्यं' तपः, अभ्यन्तरमिवाभ्यन्तरं सर्वलोकाविदितत्वादिति गाथार्थः ॥ ८४६ ॥

આલોચના વગેરે પ્રાયશ્ચિત્ત, જ્ઞાન વગેરેનો વિનય, આચાર્ય વગેરેની વેયાવચ્ચ, વાચના વગેરે સ્વાધ્યાય, ધર્મધ્યાન વગેરે ધ્યાન અને વ્યુત્સર્ગ એ છ અભ્યંતર તપના ભેદો છે. કારણસર લીધેલા કંઈક અશુદ્ધ આહાર વગેરેનો અન્ય આહારાદિની પ્રાપ્તિ થતાં ત્યાગ કરવો તે વ્યુત્સર્ગ છે. આ તપ સર્વ લોકોમાં પ્રસિદ્ધ ન હોવાથી અભ્યંતર કહેવાય છે.

[**પ્રાયશ્ચિત્ત**- પ્રાયશ્ચિત્ત શબ્દમાં પ્રાયઃ અને ચિત્ત એ બે શબ્દો છે. પ્રાયઃ એટલે અપરાધ. ચિત્ત એટલે શુદ્ધિ કરનાર. જે અપરાધની શુદ્ધિ કરે તે પ્રાયશ્ચિત્ત. પ્રાયશ્ચિત્તના આલોચના, પ્રતિક્રમણ, મિશ્ર, વિવેક, વ્યુત્સર્ગ, તપ, છેદ, મૂલ, અનવસ્થાપ્ય અને પારાંચિત એમ દશ પ્રકાર છે.

**આલોચના**- ગુરુને સ્વદોષો વિધિપૂર્વક કહેવા.

**પ્રતિક્રમણ**- પ્રતિ એટલે વિરુદ્ધ, ક્રમણ એટલે જવું, દોષોની વિરુદ્ધ જવું તે પ્રતિક્રમણ. દોષોથી પાછા ફરીને ગુણોમાં જવું, અર્થાત્ "મિચ્છામિ દુક્કડં" આપવું તે પ્રતિક્રમણ છે.

**મિશ્ર**- આલોચના અને પ્રતિક્રમણ એ બંને કરવા.

**વિવેક**- દોષિત ભોજનાદિનો ત્યાગ.

વ્યુત્સર્ગ- કાયોત્સર્ગ કરવો.

**તપ**- કર્મને બાળે તે નીવિ વગેરે તપ છે.

**છેદ**- તપથી અપરાધશુદ્ધિ ન થઈ શકે તેવા સાધુના "અહોરાત્ર પંચક" આદિ ક્રમથી દીક્ષાપર્યાયનો છેદ કરવો.

**મૂલ**- મૂળથી (બધા) દીક્ષાપર્યાયને છેદીને ફરીથી મહાવ્રતો આપવાં.

**અનવસ્થાપ્ય**- અધિક દુષ્ટ પરિણામવાળો સાધુ પ્રાયશ્ચિત્ત તરીકે આપેલો તપ પૂરો ન કરે ત્યાં સુધી તેને વ્રતો ન આપવાં.

**પારાંચિત**- પ્રાયશ્ચિત્તોના કે અપરાધોના પારને-અંતને પામે, અર્થાત્ જેનાથી અધિક કોઈ પ્રાયશ્ચિત્ત નથી તે પારાંચિત.

**વિનય**- જેનાથી કર્મો દૂર કરાય તે વિનય. તેના જ્ઞાન, દર્શન, ચારિત્ર, મન, વચન, કાયા અને ઉપચાર એમ સાત ભેદ છે.

મતિ આદિ જ્ઞાનની શ્રદ્ધા, ભક્તિ, બહુમાન, તેમાં જણાવેલા અર્થોનું ચિંતન, અને ગુરુ પાસે વિધિપૂર્વક પાઠ લઈને અભ્યાસ કરવો એમ પાંચ પ્રકારે જ્ઞાનવિનય છે.

જેઓ દર્શનગુણમાં અધિક (= વિશુદ્ધ શ્રદ્ધાવાળા) હોય તેમનો વિનય કરવો એ દર્શનવિનય છે. દર્શન વિનયના શુશ્રૂષા અને અનાશાતના એમ બે ભેદ છે. તેમાં શુશ્રૂષાના દશ ભેદ છે. તે આ પ્રમાણે-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) સત્કાર=સ્તુતિ કરવી વગેરે. (૨) અભ્યુત્થાન=આવે ત્યારે ઊભા થવું વગેરે. (૩) સન્માન=વસ્ત્રાદિ આપવું. (૪) આસનાભિગ્રહ=આવે ત્યારે કે ઊભા હોય ત્યારે આસન આપવું, આસન ઉપર બેસવાની વિનંતિ કરવી વગેરે. (૫) આસનાનુપ્રદાન=તેમની ઈચ્છાનુસાર તેમનું આસન એક સ્થાનેથી બીજા સ્થાને મૂકવું. (૬) કૃતિકર્મ=વંદન કરવું. (૭) અંજલિગ્રહ=દર્શન થતાં અંજલિ જોડીને બે હાથ મસ્તકે લગાડવા. (૮) આગચ્છદનુગમન=આવે ત્યારે સામા જવું. (૯) સ્થિતપર્યુપાસન=બેઠા હોય ત્યારે પગ દબાવવા વગેરે સેવા કરવી. (૧૦) ગચ્છદનુગમન=જાય ત્યારે થોડા માર્ગ સુધી તેમની સાથે વળાવવા જવું.

અનાશાતના વિનયના પંદર ભેદ છે. તે આ પ્રમાણે- તીર્થંકર, ધર્મ, આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, કુલ, ગણ, સંઘ, સાંભોગિક, ક્રિયા અને પાંચ જ્ઞાન એ પંદરનો આશાતનાત્યાગ, ભક્તિ, બહુમાન અને પ્રશંસા એ ચાર પ્રકારે વિનય કરવો. (ધર્મ = ચારિત્ર અથવા ક્ષમાદિ દશવિધ.) ક્રિયા એટલે આસ્તિક્ય.

ચારિત્ર વિનયના સામાયિક આદિ પાંચ ચારિત્રની મનથી **શ્રદ્ધા** કરવી, કાયાથી **સ્પર્શના**-પાલન કરવું અને વચનથી **પ્રરૂપણા** કરવી એમ ત્રણ પ્રકાર છે.

આચાર્યાદિ વિષે અપ્રશસ્ત મન-વચન-કાયાનો નિરોધ કરવો અને પ્રશસ્ત મન આદિ પ્રવર્તાવવા, અર્થાત્ મનથી દુષ્ટ વિચારનો, વચનથી અનુચિત વાણીનો, અને કાયાથી અયોગ્ય વર્તનનો ત્યાગ કરવો અને મનથી આદરભાવ રાખવો, વચનથી ગુણોની પ્રશંસા કરવી અને કાયાથી સેવા કરવી એ મન-વચન-કાયા રૂપ વિનય છે.

ઉપચાર એટલે સુખકારી ક્રિયાવિશેષ. એવી ક્રિયાથી થતો વિનય તે ઔપચારિક વિનય છે. ઔપચારિક વિનયના સાત પ્રકારો છે. તે આ પ્રમાણે-(૧) અભ્યાસાસન=આદેશના અર્થી બનીને. અર્થાત્ ક્યારે મને આદેશ કરે અને હું એ આદેશને પાળું એવી ભાવનાથી, સદા આચાર્યની પાસે બેસવું. (૨) છન્દોઽનુવર્તન=આચાર્યની ઈચ્છા પ્રમાણે વર્તવું. (૩) કૃતપ્રતિકૃતિ=આચાર્યની ભક્તિથી નિર્જરા થશે એટલું જ નહિ, પણ પ્રસન્ન થયેલા આચાર્ય મને શ્રુત ભણાવશે એવી ભાવનાથી આહારાદિ લાવી આપવો વગેરે સેવા કરવી. (૪) કારિતનિમિત્તકરણ=આ આચાર્યે મને શ્રુતજ્ઞાન આપ્યું છે ઈત્યાદિ ઉપકારોને નિમિત્ત બનાવીને તેમનો વિશેષ વિનય કરવો અને ભક્તિ કરવી. (૫) દુઃખાર્તગવેષણા- માંદગી આદિ દુઃખને દૂર કરવાના ઉપાયો કરવા. (૬) દેશકાલજ્ઞાન=દેશ અને કાળને જાણીને તે તે દેશ અને કાલ પ્રમાણે આચાર્યાદિની જરૂરિયાતોને સમજીને સેવા કરવી. (૭) સર્વત્રાનુમતિ=સર્વ કાર્યો તેમની અનુમતિથી-રજા લઈને [1]કરવા.

**(૩) વૈયાવૃત્ત્ય-** વ્યાવૃત્ત એટલે અંશનાદિ આપવાની પ્રવૃત્તિવાળો આત્મા. વ્યાવૃત્તનો=અશનાદિ

૧. અહીં જણાવેલા વિનયના આ ભેદો અને પેટાભેદો તપોવિધિ પંચાશકની ત્રીજી ગાથામાં અને દશવૈકાલિક નિર્યુક્તિની ૪૮મી ગાથાની ટીકામાં છે. તદુપરાંત દશવૈ. નિ. ગા૦ ૩૨૫-૩૨૬ (અ. ૯)માં તીર્થંકર, સિદ્ધ, કુલ, ગણ, સંઘ, ક્રિયા, ધર્મ, જ્ઞાન, જ્ઞાની, આચાર્ય, સ્થવિર, ઉપાધ્યાય, ગણી એ તેરનો આશાતનાત્યાગ, ભક્તિ, બહુમાન અને પ્રશંસા એ ચાર પ્રકારે વિનય કરવો. એમ વિનયના (૧૩ X ૪ =) બાવન ભેદો જણાવ્યા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આપવાની પ્રવૃત્તિવાળાનો ભાવ કે ક્રિયા તે વૈયાવૃત્ત્ય. આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, તપસ્વી, ગ્લાન, શૈક્ષ, સાધર્મિક, કુલ, ગણ અને સંઘ એ દશનું વૈયાવૃત્ત્ય કરવું એ વૈયાવૃત્ત્યના દશ ભેદો છે.

(૪) **સ્વાધ્યાય-** સુ=સારી રીતે. આ=મર્યાદાથી, અર્થાત્ કાળ વગેરે જ્ઞાનાચારના પાલનપૂર્વક. અધ્યાય એટલે ભણવું. સારી રીતે મર્યાદાથી ભણવું તે સ્વાધ્યાય. તેના વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા એમ પાંચ ભેદો છે.

(૫) **ધ્યાન-** અંતર્મુહૂર્ત સુધી ચિત્તની એકાગ્રતા તે ધ્યાન. તેના આર્ત, રૌદ્ર, ધર્મ અને શુક્લ એમ ચાર ભેદ છે. આમાં પહેલા બે ધ્યાન સંસારનાં અને છેલ્લા બે મોક્ષનાં કારણ છે. આથી છેલ્લા બે જ તપરૂપ છે.

(૬) **ઉત્સર્ગ-** ઉત્સર્ગ એટલે ત્યાગ કરવો. તેના દ્રવ્ય અને ભાવ એમ બે ભેદ છે. તે બંનેના ચાર ચાર ભેદ છે. દ્રવ્ય ઉત્સર્ગના ચાર ભેદ આ પ્રમાણે છે. ગણ(પ્રતિમાકલ્પ આદિ સ્વીકારવાના કાળે ગણનો ત્યાગ કરવો), દેહ(-સંલેખના કાળે દેહનો ત્યાગ કરવો), આહાર(-અશુદ્ધ આહારનો ત્યાગ કરવો), અને ઉપધિ(-અતિરિક્ત વસ્ત્રાદિનો ત્યાગ કરવો) એ ચાર દ્રવ્ય ઉત્સર્ગના ભેદો છે. ક્રોધાદિ ચાર કષાયોનો ત્યાગ એ ચાર પ્રકારનો ભાવ ઉત્સર્ગ છે. આ છ પ્રકારનો તપ લોકમાં પ્રાયઃ તપ તરીકે ઓળખાતો નથી, અન્યદર્શનીઓથી ભાવથી કરાતો નથી, અને મોક્ષપ્રાપ્તિનું અંતરંગ કારણ છે, આથી અભ્યંતર છે.] [૮૪૬]

केचिदनशनादि नेच्छन्त्येव, तान् प्रति तद्गुणमाह-

**नो अणसणाइविरहा, पाएण चएइ संपयं देहो ।**
**चिअमंससोणिअत्तं, तम्हा एअंपि कायव्वं ॥ ८४७ ॥**

**वृत्तिः-** '**न** '**अनशनादिविरहाद्**' अनशनाद्यभावेन '**प्रायेण**' बाहुल्येन '**त्यजति साम्प्रतं**' विशेषेण दुष्षमायां '**देहः**' कायः, किं न त्यजतीत्याह-'**चित्तमांसशोणितत्वं**', धातूद्रेकमित्यर्थः, यस्मादेवं '**तस्मादेतदपि**' अनशनादि '**कर्त्तव्यं**' व्रतार्थिनेति गाथार्थः ॥ ८४७ ॥

**કોઈક અનશનાદિ તપને માનતા જ નથી, આથી તેમને અનશનાદિ તપથી થતા લાભ કહે છે—**

પ્રાયઃ અનશનાદિ વિના શરીરની માંસ-લોહી આદિની પુષ્ટતા જતી નથી, તેમાં પણ હમણાં દુઃષમાકાલમાં તો ખાસ અનશનાદિ વિના શરીરની પુષ્ટતા જતી નથી, આથી વ્રતાર્થીએ અનશનાદિ તપ પણ કરવો જોઈએ. [૮૪૭]

चित्तमांसशोणितदोषमाह-

**चिअमंससोणिअस्स उ, असुहपवित्तीएँ कारणं परमं ।**
**संजायइ मोहुदओ, सहकारिविसेसजोएणं ॥ ८४८ ॥**

**वृत्तिः-** '**चित्तमांसशोणितस्य तु**' प्राणिनः, किमित्याह- '**अशुभप्रवृत्तेः**' कामविषयायाः

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'**कारणं** '**परमं**' प्रधानं '**सञ्जायते** '**मोहोदयः**' क्लिष्टश्चित्तपरिणामः, कुत इत्याह-'**सहकारि-विशेषयोगेन**', चितमांसशोणितत्वनिमित्तविशेषादिति गाथार्थः ॥ ८४८ ॥

**માંસ-લોહી આદિની પુષ્ટતાથી થતા દોષો કહે છે—**

માંસ-લોહીની પુષ્ટિવાળા જીવને માંસ-લોહીની પુષ્ટિના કારણે કામવાસના સંબંધી અશુભપ્રવૃત્તિનું મુખ્ય કારણ એવો મોહોદય=ક્લિષ્ટ ચિત્તપરિણામ થાય છે. [૮૪૮]

विवेकादसौ न भविष्यतीति केचिदित्यत्राह-

**सइ तम्मि विवेगीवि हु, साहेइ ण निअमओ निअं कज्जं ।**
**किं पुण तेण विहूणो, अदीहदरिसी अतस्सेवी ? ॥ ८४९ ॥**

**वृत्तिः**- '**सति** '**तस्मिन्**' मोहोदये '**विवेक्यपि**' सत्त्वः '**साधयति**' निर्वर्तयति '**न** '**नियमतः**' अवश्यन्तया '**निजं कार्यम्**'-अशुभप्रवृत्तिनिरोधरूपं, '**किं पुनः** '**तेन**' विवेकेन '**विहीनः**' साधयिष्यति ?, किम्भूतः ?-'**अदीर्घदर्शी**' अनालोचकः, क इत्याह- '**अतत्सेवी**'-अनागतमेवानशनाद्यसेवी जड इति गाथार्थः ॥ ८४९ ॥

**વિવેકના કારણે મોહોદય નહિ થાય એવી કોઈકની દલીલની સામે ઉત્તર આપે છે—**

મોહોદય થતાં વિવેકી પણ જીવ અશુભપ્રવૃત્તિને રોકવા રૂપ સ્વકાર્ય અવશ્ય કરી શકતો નથી, તો પછી દીર્ઘદષ્ટિથી રહિત અને (એથી જ) મૃત્યુ આવે તે પહેલાં જ અનશનાદિ તપ ન કરનાર વિવેકહીન જીવ શું સાધે ? અર્થાત્ કંઈ ન સાધે. [૮૪૯]

**तम्हा उ अणसणाइवि, पीडाजणगंपि ईसि देहस्स ।**
**बंभं व सेविअव्वं, तवोवहाणं सया जइणा ॥ ८५० ॥**

**वृत्तिः**- यस्मादेवं-'**तस्मादनशनाद्यपि**' सूत्रोक्तं'**पीडाजनकमपीषद्देहस्य**', न चेतसः, किमिवेत्याह-'**ब्रह्मवत्**' ब्रह्मचर्यवत्'**सेवितव्यं तपउपधानं सदा**' '**यतिना**' प्रव्रजितेनेति गाथार्थः ॥ ८५० ॥

આથી, અનશનાદિ શરીરને કંઈક પીડા ઉત્પન્ન કરતું હોવા છતાં, સાધુએ બ્રહ્મચર્યની જેમ શાસ્ત્રોક્ત અનશનાદિ રૂપ તપ અનુષ્ઠાનનું પણ સદા સેવન કરવું જોઈએ. તપ માત્ર શરીરને જ કંઈક પીડા ઉત્પન્ન કરે છે, મનને નહિ. [૮૫૦]

पराभिप्रायमाह-

**सिअ णो सुहासयाओ, सुओवउत्तस्स मुणिअतत्तस्स ।**
**बंभंमि होइ पीडा, संवेगाओ अ भिक्खुस्स ॥ ८५१ ॥**

**वृत्तिः**- '**स्यादे**'तत्-'**न शुभाशयात्**' कारणात् चारित्रलाभेन '**श्रुतोपयुक्तस्य**' सतः '**मुणिततत्त्वस्य**' ज्ञातपरमार्थस्य '**ब्रह्म**' इति ब्रह्मचर्ये '**भवति पीडा**', नेति वर्त्तते, तथा '**संवेगाच्च**' कारणात् मोक्षानुरागेण '**भिक्षो**'रिति गाथार्थः ॥ ८५१ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બીજાનો વિચાર જણાવે છે–

કદાચ કોઈ એમ કહે કે- શ્રુતમાં તલ્લીન રહેતા અને પરમાર્થના જાણકાર મુનિને ચારિત્રપ્રાપ્તિથી થયેલા શુભાશયથી અને મોક્ષાનુરાગ રૂપ સંવેગથી બ્રહ્મચર્યમાં પીડા ન થાય. (પૂર્વગાથામાં બ્રહ્મચર્યની જેમ તપ કરવો જોઈએ એમ જે કહ્યું છે તેનો આશય એ છે કે જેમ બ્રહ્મચર્યના પાલનમાં પીડા થવા છતાં બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ તેમ તપમાં પીડા થવા છતાં તપ કરવો જોઈએ. સુખાસક્ત જીવોને બ્રહ્મચર્ય અને તપ એ બંનેમાં પીડા થાય. પણ વાદીનું કહેવું છે કે મુનિઓને બ્રહ્મચર્યમાં પીડા ન થાય માટે સાધુઓએ બ્રહ્મચર્યનું પાલન કરવું એ બરોબર છે. પણ તપમાં તો મુનિઓને પણ પીડા થાય માટે તપ ન કરવો જોઈએ.) [૮૫૧]

अत्रोत्तरमाह-

**तुल्लमिअमणसणाओ, न य तं सुहझाणबाहगंपि इहं ।**
**कायव्वंति जिणाणा, किंतु ससत्तीएँ जइअव्वं ॥ ८५२ ॥**

**वृत्तिः**- '**तुल्यमिदं**'-शुभाशयादि '**अनशनादौ**' तपसि, '**न च** '**तद्**' अनशनादि '**शुभध्यानबाधकमपि** '**अत्र**' धर्म्मे '**कर्त्तव्यमिति** '**जिनाज्ञा**' जिनवचनं, '**किन्तु स्वशक्त्या यतितव्यमत्र**' जिनाज्ञेति गाथार्थः ॥ ८५२ ॥

**ता जह न देहपीडा, ण यावि चिअमंससोणिअत्तं तु ।**
**जह धम्मझाणवुड्डी, तहा इमं होइ कायव्वं ॥ ८५३ ॥**

**वृत्तिः**- यस्मादेवं **तस्माद् यथा न देहपीडा**' संयमोपघातिनी, '**न चापि चितमांसशोणितत्वं**' संयमोपघातकमेव, तथा' **यथा धर्म्मध्यानवृद्धि** 'देहस्वास्थ्येन' **तथेदम्**'-अनशनादि' **भवति कर्त्तव्यं**', यथोक्तम्-''**कायो न केवलमयं परितापनीयो, मृष्टै रसैर्बहुविधैर्न च लालनीयः । चित्तेन्द्रियाणि न चरन्ति यथोत्पथेषु वश्यानि येन च तथा चरितं जिनानाम्**'' ॥ १ ॥ इति गाथार्थः ॥ ८५३ ॥

વાદીના ઉક્ત કથનનો જવાબ આપે છે–

તમે શુભાશય વગેરેથી બ્રહ્મચર્યમાં સાધુઓને પીડા ન થાય એમ જે કહ્યું તે દલીલ તો તપમાં પણ સમાન છે, અર્થાત્ સાધુઓને શુભાશય વગેરેથી જેમ બ્રહ્મચર્યમાં પીડા ન થાય, તેમ તપમાં પણ પીડા ન થાય. કદાચ કોઈ એમ કહે કે તપ શુભધ્યાનમાં બાધક છે તો તે પણ બરાબર નથી. તપ શુભધ્યાનમાં બાધક નથી. હા, અત્યંત ખેંચીને શક્તિથી અધિક તપ કરવામાં આવે તો કોઈ જીવને તપ ધ્યાનમાં બાધક પણ બને. પણ તેવો તપ કરવાની જિનાજ્ઞા નથી. જેમ ધર્મ કરવો જોઈએ એવી જિનાજ્ઞા છે, એમ સાથે સાથે તપ વગેરે ધર્મ યથાશક્તિ કરવો જોઈએ એવી પણ જિનાજ્ઞા છે. [૮૫૨] આથી સંયમનો ઉપઘાત થાય તેવી દેહપીડા ન થાય, અને સંયમનો ઉપઘાત થાય તેવી જ માંસ-લોહીની પુષ્ટિ પણ ન થાય, તથા શરીરસ્વાસ્થ્યથી ધર્મધ્યાનની વૃદ્ધિ થાય તે રીતે અનશનાદિ તપ કરવો જોઈએ. કહ્યું છે કે- **"આ કાયાને કેવલ કષ્ટ જ ન આપવું જોઈએ, તેમ બહુ પ્રકારના રસો**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ખવડાવી-પીવડાવીને કાયાનું લાલન પણ ન કરવું જોઈએ, ચિત્ત અને ઈંદ્રિયો ઉન્માર્ગમાં ન જાય અને આત્માના વશમાં રહે તેમ તપ કરવો જોઈએ. જિનેશ્વરોએ તે પ્રમાણે તપ કર્યો છે.'' [૮૫૩]

उपचयमाह-

**पडिवज्जइ अ इमं खलु, आणाआराहणेण भव्वस्स ।**

**सुहभावहेउभावं, कम्मखयउवसमभावेण ॥ ८५४ ॥**

**वृत्तिः**- '**प्रतिपद्यते चेदम्**'-अनशनादि '**खल्वि**'त्यवधारणे, प्रतिपद्यत एव, '**आज्ञाराधनेन**' तीर्थकृतां भव्यस्य प्राणिनः, कं प्रतिपद्यत इत्याह- '**शुभभावहेतुभावं**' कल्याणांशनिमित्तत्वं, '**कर्म्मक्षयोपशमभावेन**' आज्ञाराधनफलेन हेतुनेति गाथार्थः ॥ ८५४ ॥

તપની જ પુષ્ટિ કરે છે–

અનશનાદિ તપ શુભભાવની હેતુતાને સ્વીકારે છે, અર્થાત્ અનશનાદિ તપ શુભભાવનું કારણ બને છે. તે આ પ્રમાણે- તપ કરનાર ભવ્ય પ્રાણીને તીર્થંકરોની આજ્ઞાની આરાધના થાય છે. તીર્થંકરોની આજ્ઞાથી કર્મનો ક્ષયોપશમભાવ થાય છે. કર્મના ક્ષયોપશમભાવથી આત્મામાં શુભ ભાવો પ્રગટે છે. આમ તપ શુભભાવનું કારણ છે. [૮૫૪]

अस्यैवानुभवसिद्धतामाह-

**एअं अणुभवसिद्धं, जइमाईणं विसुद्धभावाणं ।**

**भावेणऽण्णेसिंपि अ, रायाणिद्देसकारीणं ॥ ८५५ ॥**

**वृत्तिः**- '**एतद्**' अनन्तरोदितमाज्ञाराधनस्य शुभभावहेतुत्वम् '**अनुभवसिद्धं**' स्वसंवेदनप्रतिष्ठितं '**यत्यादीनां**' साधुश्रावकाणां '**विशुद्धभावानां**' लघुकर्म्मणाम्, आस्तां तावदेतदिति निदर्शनमाह- '**भावेन**' अन्तःकरणबहुमानेन '**अन्येषामपि च**' प्राणिनां '**राजादिनिर्देशकारिणाम्**', अनुभवसिद्धमेव निर्देशसम्पादनेषु, निर्देश आज्ञेति गाथार्थः ॥ ८५५ ॥

આ બીના અનુભવસિદ્ધ જ છે એ કહે છે–

''જિનાજ્ઞાની આરાધના શુભભાવનું કારણ છે'' એમ ઉપર જે કહ્યું તે વિશુદ્ધભાવવાળા લઘુકર્મી સાધુ-શ્રાવકોને અનુભવસિદ્ધ જ છે. અંતઃકરણના બહુમાનથી રાજા વગેરેની આજ્ઞાનું પાલન કરનારા બીજાઓને પણ ''આજ્ઞાપાલનથી શુભભાવ થાય છે'' એ બીના અનુભવસિદ્ધ જ છે. [૮૫૫]

**एएण जंपि केई, नाणसणाई दुहंति मोक्खंगं ।**

**कम्मविवागत्तणओ, भणंति एअंपि पडिसिद्धं ॥ ८५६ ॥**

**वृत्तिः**- '**एतेन**' अनन्तरोदितेन अनशनादेः शुभभावहेतुत्वेन '**यदपि केचन**' बाला भणन्तीति

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

योग:, किमित्याह-'**नानशनादि दु:खमि**'तिकृत्वा,'**मोक्षाङ्गं**'मोक्षकारणं, कुत इत्याह-'**कर्म्मविपाकत्वात्**' कारणमपि, कर्म्मवदिति, '**एतदपि** '**प्रतिषिद्धं**' निराकृतमेवावसेयमिति, गाथार्थ: ॥ ८५६ ॥

આનાથી એટલે કે અનશનાદિ શુભભાવનું કારણ હોવાથી, અનશનાદિ મોક્ષનું કારણ નથી એવી માન્યતાનું પણ નિરાકરણ કર્યું સમજવું. કોઈક અજ્ઞાન જીવો કહે છે કે- અનશનાદિ મોક્ષનું કારણ નથી, કારણ કે અનશનાદિ તપ કર્મનો વિપાક (= ફલ) છે, અર્થાત્ અશુભ કર્મના ઉદયથી અનશનાદિ થાય છે. કર્મનો વિપાક હોવાથી દુઃખરૂપ છે. અનશનાદિ તપ દુઃખરૂપ હોવા સાથે દુઃખનું કારણ પણ છે. કોની જેમ ? કર્મની જેમ. જેમ કર્મો દુઃખનું કારણ છે તેમ તપ પણ દુઃખનું કારણ છે. આમ અનશનાદિ તપ દુઃખરૂપ હોવા સાથે દુઃખનું કારણ પણ હોવાથી મોક્ષનું કારણ નથી. [૮૫૬]

एतदेव स्पष्टयति-

**जं इय इमं न दुक्खं, कम्मविवागोऽवि सव्वहा णेवं ।**
**खाओवसमिअभावे, एअंति जिणागमे भणिअं ॥ ८५७ ॥**

**वृत्ति:**- '**यद्**' यस्माद् '**इय**' एवमुक्तेन प्रकारेण '**इदम्**' अनशनादि '**न दु:खं**' न दु:खहेतु:, तथा '**कर्म्मविपाकफलमपि, सर्वथा**' साक्षात्कारित्वेन, '**नैवम**'नशनादि, कुत इत्याह-'**क्षायोपशमिकभावे**' जीवस्वरूपे '**एतदि**'ति भावतोऽनशनादि '**जिनागमे भणितं**' वीतरागवचने पठितमिति गाथार्थ: ॥ ८५७ ॥

जैनम् जयति शासनम्

આ જ વિષયને સ્પષ્ટ કરે છે–

તેમનું આ કથન બરોબર નથી. કારણ કે પૂર્વે કહ્યું તેમ અનશનાદિતપ દુઃખનું કારણ નથી, અને કર્મવિપાકનું ફલ પણ નથી. અનશનાદિ તપ કોઈ પણ રીતે દુઃખનું કારણ કે કર્મવિપાકનું ફલ નથી. કારણ કે તેવો અનુભવ થાય છે. (તપથી સુખનો અનુભવ થાય છે. જો તપ દુઃખનું કારણ કે કર્મવિપાકનું ફલ હોય તો સુખાનુભવ ન થાય.) તથા અનશનાદિ ભાવતપ જીવસ્વરૂપ એવા ક્ષાયોપશમિક ભાવમાં છે, (ઔદયિક ભાવમાં નથી,) એમ જિનાગમમાં કહ્યું છે. [૮૫૭]

एतदेव प्रकटयन्नाह-

**खंताइ साहुधम्मे, तवगहणं सो खओवसमिअम्मि ।**
**भावम्मि विनिद्दिट्ठो, दुक्खं चोदइअगे सव्वं ॥ ८५८ ॥**

**वृत्ति:**- '**क्षान्त्यादिसाधुधर्म्मे**' "खंती य मद्दवऽज्जव मुत्ती तव संजमे अ बोद्धव्वे । सच्चं सोयं आकिंचणं च बंभं च जइधम्मो ॥ १ ॥" त्ति तस्मिं**स्तपोग्रहणम**'स्ति, '**स**' च साधुधर्म्म: '**क्षायोपशमिके भावे निर्द्दिष्ट:**', चारित्रधर्म्मत्वात्, '**दु:खं चौदयिक**' एव '**सर्वं**' विनिर्दिष्टं भगवद्भि:, असातोदयात्मकत्वादिति गाथार्थ: ॥ ८५८ ॥

આ જ વિષયને પ્રગટ કરે છે–

ક્ષમા, નમ્રતા, સરળતા, સંતોષ, તપ, સંયમ, સત્ય, શૌચ, નિષ્પરિગ્રહતા અને બ્રહ્મચર્ય એમ દશ પ્રકારનો સાધુધર્મ છે. એ દશ પ્રકારમાં તપનો ઉલ્લેખ છે. તે સાધુધર્મને ક્ષાયોપશમિક ભાવમાં કહ્યો છે. કારણ કે સાધુધર્મ ચારિત્રધર્મ છે. તીર્થંકરોએ સર્વ પ્રકારના દુઃખને ઔદયિક ભાવમાં જ કહ્યું છે. કારણ કે દુઃખ અશાતાના ઉદય રૂપ છે. [૮૫૮]

कर्म्मविपाकत्वादिति च यदुक्तमत्राह-

**ण य कम्मविवागोऽविहु, सव्वोऽविहु सव्वहा ण मोक्खंगं ।**
**सुहसंबंधी जम्हा, इच्छिज्जइ एस समयम्मि ॥ ८५९ ॥**

**वृत्तिः-** '**न च कर्मविपाकोऽपि**' सामान्येन '**सर्व एव सर्वथा**' पारम्पर्यादिभेदेनापि '**न मोक्षाङ्गं**', किन्तु मोक्षाङ्गमपि, कथमित्याह-'**शुभसम्बन्धी**' कुशलानुबन्धिनिरनुबन्धकर्म्मसम्बन्धी '**यस्मादिष्यते** '**एषः**' कर्म्मविपाकः '**समये**' सिद्धान्ते मोक्षाङ्गमिति गाथार्थः ॥ ८५९ ॥

પૂર્વે (ગાથા ૮૫૬માં) "કર્મનો વિપાક હોવાથી" એમ જે કહ્યું એ વિષે અહીં કહે છે–

કર્મવિપાક પણ બધા જ પ્રકારનો કર્મવિપાક અને બધી જ રીતે મોક્ષનું કારણ નથી એમ નથી, અર્થાત્ અમુક કર્મવિપાક પણ અમુક રીતે મોક્ષનું કારણ છે. શાસ્ત્રમાં શુભાનુબંધી અથવા નિરનુબંધી કર્મવિપાકને પરંપરાએ મોક્ષનું કારણ માનેલ છે. [૮૫૯]

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

एतदेव स्पष्टयन्नाह-

**जे केइ महापुरिसा, धम्माराहणसहा इहं लोए ।**
**कुसलाणुबंधिकम्मोदयाइओ ते विनिद्दिट्ठा ॥ ८६० ॥**

**वृत्तिः-** '**ये केचन**' सामान्येन '**महापुरुषा**' बलदेवतीर्थकरादयः, किम्भूता इत्याह- '**धर्म्माराधनसहाः**' चारित्राराधनसमर्थाः '**इहलोके**' जम्बूद्वीपादौ, ते किमित्याह-'**कुशलानुबन्धिकर्मोदयादितः**' कुशलानुबन्धिनिरनुबन्धिकर्म्मोदयादित्यर्थः, '**ते विनिर्दिष्टाः**' समय इति गाथार्थः ॥ ८६० ॥

આ જ વિષયને સ્પષ્ટ કરે છે–

જંબૂદ્વીપ વગેરે ક્ષેત્રોમાં બલદેવ-તીર્થંકર વગેરે જે કોઈ મહાપુરુષો ચારિત્રની આરાધનામાં સમર્થ બન્યા તે બધા શુભાનુબંધી અને નિરનુબંધી કર્મના ઉદયથી ચારિત્રની આરાધનામાં સમર્થ બન્યા છે એમ શાસ્ત્રમાં કહ્યું છે. [૮૬૦]

एतदेव व्यतिरेकेणाह-

**न कयाइ खुद्दसत्ता, किलिट्ठकम्मोदयाओं संभूआ ।**
**विसकंटगाइतुल्ला, धम्मम्मि दढं पयट्टंति ॥ ८६१ ॥**

**वृत्तिः**- '**न कदाचित्** '**क्षुद्रसत्त्वाः**' द्रमकप्रायाः, किम्भूता इत्याह-'**क्लिष्टकर्म्मोदयात् सम्भूताः**', पापकर्म्मोदयोत्पन्ना इत्यर्थः । त एव विशेष्यन्ते '**विषकण्टकादितुल्याः**'-प्रकृत्या परापकारपराः '**धर्म्मे**' चारित्रे '**दृढम्**' अत्यर्थं '**प्रवर्त्तन्ते**', न कदाचिदिति गाथार्थः ॥ ८६१ ॥

આ જ વિષયને વ્યતિરેકથી (નકારાત્મથી) કહે છે–

હૈયાથી ભિખારી જેવા, પાપકર્મોના ઉદયથી જન્મેલા, વિષ-કંટકાદિ સમાન, અર્થાત્ સ્વભાવથી બીજાઓ પ્રત્યે અપકાર કરવામાં તત્પર જીવો ક્યારેય ચારિત્રમાં અતિશય પ્રવૃત્તિ કરી શકતા નથી. [૮૬૧]

अतोऽन्ये तु प्रवर्त्तन्त इति भङ्ग्याऽऽह-

**कुसलासयहेऊओ, विसिट्ठसुहहेउओ अ णिअमेणं ।**

**सुद्धं पुन्नफलं चिअ, जीवं पावा णिअत्तेइ ॥ ८६२ ॥**

**वृत्तिः**- '**कुशलाशयहेतुत्वात्**' कारणात् तथा '**विशिष्टसुखहेतुतश्च**' कारणात् '**नियमेन**', किमित्याह-'**शुद्धं पुण्यफलमेव**' हेतुशुद्धेः '**जीवं पापान्निवर्त्तयति**', तत्सङ्गेऽपि न एषः (अचारित्री) कुशलत्वादेः प्रकृष्टसुखसाधनत्वादिति गाथार्थः ॥ ८६२ ॥

આનાથી બીજા (= વિપરીત) જીવો તો ચારિત્રમાં પ્રવર્તે છે એવા ભાવનું કહે છે–

શુદ્ધ પુણ્યફલ (= પુણ્યોદય) જ શુભભાવ અને વિશિષ્ટસુખ એ બંનેનું કારણ હોવાથી જીવને શુદ્ધ હેતુથી પાપથી નિવૃત્તિ કરાવે છે. શુદ્ધ પુણ્યફલના યોગમાં પણ જીવ અચારિત્રી રહે એવું ન બને. કારણ કે શુભાનુબંધી વગેરે પુણ્યોદય પ્રકૃષ્ટસુખનું સાધન છે. [૮૬૨]

उपसंहरन्नाह-

**अलमित्थ पसंगेणं, बज्झंपि तवोवहाणमो एवं ।**

**कायव्वं बुद्धिमया, कम्मक्खयमिच्छमाणेणं ॥ ८६३ ॥**

**वृत्तिः**-'**अलमत्र**'-प्रक्रमे'**प्रसङ्गेन, बाह्यमप्य**'नशनादि'**तपउपधानमेवम्**'-उक्तेन न्यायेन '**कर्त्तव्यं, बुद्धिमता**' सत्त्वेन, किमधिकृत्येत्याह-'**कर्मक्षयमिच्छता**' सतेति गाथार्थः ॥ ८६३ ॥

**अब्भितरं तु पायं, सिद्धं सव्वेसिमेव उ जईणं ।**

**एअस्स अकरणं पुण, पडिसिद्धं सव्वभावेण ॥ ८६४ ॥ दारं ॥**

**वृत्तिः**- '**अभ्यन्तरं पुन**'स्तपः प्रायश्चित्तादि '**प्रायः सिद्धं सर्वेषामेव यतीनां**'-मोक्षवादिनां स्वरूपेण, '**एतस्य**' अभ्यन्तरस्य तपसः '**अकरणं पुन प्रतिषिद्धं सर्वभावेन**' सर्वेषामेव यतीनामिति गाथार्थः ॥ ८६४ ॥

ઉપસંહાર કરે છે–

પ્રસ્તુતમાં પ્રાસંગિક વર્ણનથી સર્યું. કર્મક્ષયની ઈચ્છાવાળા બુદ્ધિમાન જીવે ઉક્ત નિર્ણય મુજબ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાહ્ય પણ તપ અનુષ્ઠાન કરવું જોઈએ. પ્રાયશ્ચિત્તાદિ અભ્યંતર તપ તો પ્રાયઃ મોક્ષવાદી બધા જ [1]સાધુઓને સ્વરૂપથી સિદ્ધ છે = પ્રસિદ્ધ છે, બધાજ સાધુઓને અભ્યંતર તપ ન કરવાનો બધી રીતે નિષેધ છે. (અર્થાત્ અભ્યંતર તપ કરવાનું વિધાન છે. ન કરે તો દંડ થાય.) [૮૬૩-૮૬૪]

**વિચારદ્વાર**

उक्तं तपोद्वारं, विचारद्वारमधिकृत्याह-

**सम्मं विआरिअव्वं, अत्थपदं भावणापहाणेणं ।**
**विसए अ ठाविअव्वं, बहुस्सुअगुरुसयासाओ ॥ ८६५ ॥**

**वृत्तिः**- '**सम्यक्**' सूक्ष्मेण न्यायेन '**विचारयितव्यमर्थपदं भावनाप्रधानेन**' सता, तस्या एवेह प्रधानत्वात्, तथा '**विषये च स्थापयितव्यं**', तदर्थपदं, कुत इत्याह-'**बहुश्रुतगुरुसकाशात्**', न स्वमनीषिकयेति गाथार्थः ॥ ८६५ ॥

તપદ્વાર કહ્યું, હવે વિચારદ્વારને આશ્રયીને કહે છે–

ભાવનાજ્ઞાનની પ્રધાનતાવાળા બનીને, અર્થાત્ ભાવનાજ્ઞાનને પ્રધાન રાખીને, અર્થપદોની સૂક્ષ્મયુક્તિથી વિચારણા કરવી જોઈએ, અને બહુશ્રુતગુરુઓ પાસેથી જાણીને જે [2]અર્થપદનો જે અર્થ થતો હોય તે અર્થ કરવો જોઈએ, કોઈપણ અર્થપદનો અર્થ સ્વબુદ્ધિથી ન કરવો જોઈએ.

પ્રશ્ન- ભાવનાજ્ઞાનને પ્રધાન રાખવાનું શું કારણ ?

ઉત્તર- શ્રુતાદિ ત્રણે જ્ઞાનમાં ભાવનાજ્ઞાન જ મુખ્ય છે માટે ભાવનાજ્ઞાનને પ્રધાન રાખવાનું કહ્યું. [૮૬૫]

एतदेवाह-

**जइ सुहुमइआराणं, बंभीपमुहाइफलनिआणाणं ।**
**जं गरुअं फलमुत्तं, एअं कह घडइ जुत्तीए ? ॥ ८६६ ॥**

**वृत्तिः**- '**यथा**' '**सूक्ष्मातिचाराणां**' लघुचारित्रापराधानां, किंभूतानामित्याह-'**ब्राह्मीप्रमुखादिफलनिदानानां**'-कारणानां, प्रमुखशब्दात् सुन्दरीपरिग्रहः, आदिशब्दात्तपस्तपनप्रभृतीनां, '**यद् गुरुफलमुक्तं**' सूत्रे स्त्रीत्वकिल्बिषिकत्वादि '**एतत् कथं घटते ? युक्त्या**', कोऽस्य विषयः ? इति गाथार्थः ॥ ८६६ ॥

तथा-

**सइ एअम्मि अ एवं, कहं पमत्ताण धम्मचरणं तु ? ।**
**अइआरासयभूआण हंदि मोक्खस्स हेउत्ति ॥ ८६७ ॥**

---

૧. ગુણ કે દોષ હેતુ, સ્વરૂપ અને અનુબંધ એમ ત્રણ પ્રકારે હોય છે. તેમાં અહીં સર્વવાદીઓમાં સ્વરૂપથી અભ્યંતર તપ સિદ્ધ છે. હેતુ, સ્વરૂપ અને અનુબંધ એ ત્રણેથી તો અભ્યંતર તપ એક જૈનશાસનમાં જ સિદ્ધ છે.

૨. અર્થબોધક પદો તે અર્થપદો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**- '**सत्येतस्मिंश्चैव**' यथार्थ एव, '**कथं प्रमत्तानाम**'द्यतनसाधूनां '**धर्म्मचरणमेव हन्दि मोक्षस्य हेतुरिति**' योगः ?, नैवेत्यभिप्रायः किंभूतानामित्याह-'**अतिचाराश्रयभूतानां**' प्रभूतातिचारवतामिति गाथार्थः ॥ ८६७ ॥

આ જ વિષયને કહે છે–

જેમકે- બ્રાહ્મી, સુંદરી, તપસ્તપન મુનિ વગેરેને મળેલા મહાન કટુફલોનું કારણ ચારિત્રના નાના અતિચારો છે. ચારિત્રના નાના અતિચારોના શાસ્ત્રમાં સ્ત્રીપણું અને કિલ્બિષપણું વગેરે મહાન કટુફળો જણાવ્યાં છે તે યુક્તિથી કેવી રીતે ઘટે ? આનો વિષય શો છે ? અર્થાત્ નાના અતિચારનું મોટું ફળ મળવાનું કારણ શું છે ?

, તથા જો આ આ પ્રમાણે સત્ય જ હોય તો આજના ઘણા અતિચારવાળા પ્રમાદી સાધુઓનું ધર્માચરણ મોક્ષનું કારણ કેવી રીતે બને ? અર્થાત્ ન જ બને. [૮૬૬-૮૬૭]

मार्गानुसारिणं विकल्पमाह-

**एवं च घडइ एवं, पवज्जिउं जो तिगिच्छमइआरं ।**
**सुहुमंपि कुणइ सो खलु, तस्स विवागम्मि अइरोद्दो ॥ ८६८ ॥**

**वृत्तिः**- '**एवं च घटते एतद्**'-अनन्तरोदितं, '**प्रपद्य यश्चिकित्सां**' कुष्ठादे'**रतिचारं**'- तद्विरोधिनं, किमित्याह-'**सूक्ष्ममपि करोति स खलु तस्या**'तिचारः '**विपाकेऽतिरौद्रो**' भवति, दृष्टमेतद्, एवं दार्ष्टान्तिकेऽपि भविष्यतीति गाथार्थः ॥ ८६८ ॥

આ વિષે માર્ગાનુસારી (= સત્ય) વિકલ્પ કહે છે–

અનંતરોક્ત બીના આ રીતે ઘટે છે- જે કોઢ રોગ આદિની ચિકિત્સાનો સ્વીકાર કરે છે = ચિકિત્સા કરાવે છે, અને તેમાં અતિચાર કરે છે, એટલે કે ચિકિત્સાથી વિરુદ્ધ (ભોજન વગેરે) થોડું પણ કરે છે, તો તેનું એ થોડું પણ વિરુદ્ધ વર્તન વિપાકે અતિ રૌદ્ર થાય છે, અર્થાત્ પરિણામે એનું ફળ બહુ ભયંકર આવે છે, એમ લોકમાં જોવામાં આવે છે. આવું જ પ્રસ્તુત દૃષ્ટાંતમાં પણ ઘટશે. [૮૬૮]

अतिचारक्षपणहेतुमाह-

**पडिवक्खज्झवसाणं, पाएणं तस्स खवणहेऊवि ।**
**णालोअणाइमित्तं, तेसिं ओघेण तब्भावा ॥ ८६९ ॥**

**वृत्तिः**- '**प्रतिपक्षाध्यवसानं**' क्लिष्टाच्छुद्धं तुल्यगुणमधिकगुणं वा '**प्रायेण**' '**तस्य**' अतिचारस्य'**क्षपणहेतुरपि**', यदृच्छापि क्वचिदिति प्रायोग्रहणं,'**नालोचनामात्रं**' तथाविधभावशून्यं, कुत इत्याह-'**तेषामपि**' ब्राह्म्यादीनां प्राणिना'**मोघेन**'-सामान्येन '**तद्भावाद्**' आलोचनादिमात्र-भावादिति गाथार्थः ॥ ८६९ ॥

जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અતિચારને ખપાવવાનો ઉપાય કહે છે–**

ક્લિષ્ટ અધ્યવસાયની તુલ્ય અથવા ક્લિષ્ટ અધ્યવસાયથી અધિક શુભ અધ્યવસાય પ્રાયઃ અતિચારના નાશનો ઉપાય છે. અર્થાત્ જેટલા પ્રમાણના અશુભ અધ્યવસાયથી અતિચારનું સેવન થયું હોય તેના જેટલા અથવા તેનાથી અધિક પ્રમાણમાં શુભ અધ્યવસાય થાય તો પ્રાયઃ અતિચારનો નાશ થાય છે. તેવા (તુલ્ય કે અધિક) અધ્યવસાય વિના માત્ર આલોચનાથી અતિચારનો ક્ષય ન થાય. કારણ કે બ્રાહ્મી વગેરેએ પણ સામાન્યથી (પ્રતિક્રમણમાં) માત્ર આલોચના તો કરી જ હતી.

**પ્રશ્ન-** અહીં તુલ્ય કે અધિક શુભાધ્યવસાય પ્રાયઃ અતિચારના નાશનો ઉપાય છે એમ 'પ્રાયઃ' શા માટે કહ્યું ?

**ઉત્તર-** કોઈ જીવ વિશેષ માટે એવું પણ બને કે તેવા શુભ અધ્યવસાય વિના પણ એની મેળે અકામનિર્જરા વગેરેથી અતિચારનો ક્ષય થઈ જાય, માટે 'પ્રાયઃ' કહ્યું છે. [૮૬૯]

**एव पमत्ताणंपि हु, पइअइआरं विवक्खहेऊणं ।**
**आसेवणे ण दोसोत्ति धम्मचरणं जहाऽभिहिअं ॥ ८७० ॥**

**वृत्तिः**- **'एवं प्रमत्तानामपि'** साधूनां **'प्रत्यतिचारम्'** अतिचारं अतिचारं प्रति **'विपक्षहेतूनां'**-यथोक्ताध्यवसानानां **'आसेवने'** सति **'न दोषः'**, अतिचारक्षयात्, इत्येवं **'धर्म्मचरणं यथाभिहितं'** शुद्धत्वात् मोक्षस्य हेतुरिति गाथार्थः ॥ ८७० ॥

એ પ્રમાણે પ્રમત્ત સાધુઓના પણ પ્રત્યેક અતિચારે તુલ્ય કે અધિક શુભ અધ્યવસાયનું સેવન થાય તો અતિચારોનો ક્ષય થવાથી દોષ ન રહે. આમ થાય તો જિનેશ્વરોએ જે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે ધર્માચરણ થાય, અને એ ધર્માચરણ શુદ્ધ હોવાથી મોક્ષનું કારણ બને. [૮૭૦]

अत्रैवैदंपर्यमाह–

**सम्मं कयपडिआरं, बहुअंपि विसं न मारए जह उ ।**
**थेवंपि अ विवरीअं, मारि एसोवमा एत्थ ॥ ८७१ ॥**

**वृत्तिः**-**'सम्यक्कृतप्रतीकारम'**गदमन्त्रादिना **'बह्वपि विषं न मारयति यथा'** भक्षितं सत्, **'स्तोक-मपि च 'विपरीतम्'** अकृतप्रतीकारं **'मारयति एषोपमा अत्र'**-अतिचारविचार इति गाथार्थः ॥ ८७१ ॥

**અહીં જ રહસ્ય કહે છે–**

વિષ ઘણું ખાધું હોવા છતાં જો ઔષધ, મંત્ર વગેરેથી તેનો પ્રતિકાર કરવામાં આવે તો મારતું નથી, અને વિષ થોડું જ ખાધું હોવા છતાં તેનો પ્રતિકાર ન કરવામાં આવે તો મારે છે. અતિચારની વિચારણામાં પણ આ જ ઉપમા છે, અર્થાત્ મોટો પણ અતિચાર સેવવા છતાં જો આલોચના-પ્રાયશ્ચિત્ત વગેરેથી પ્રતિકાર કરવામાં આવે તો તેનું કટુફળ ન મળે, અને નાનો જ અતિચાર સેવવા છતાં તેનો પ્રતીકાર (પ્રાયશ્ચિત્ત) કરવામાં ન આવે તો તેનું ભયંકર કટુફળ મળે. [૮૭૧]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

विपक्षमाह-

**जे पडिआरविरहिआ, पमाइणो तेसि पुण तयं बिंति ।**

**दुग्गहिअसराहरणा, अणिट्ठफलयंपिमं भणिअं ॥ ८७२ ॥**

**वृत्तिः**- '**ये प्रतिकारविरहिताः**' अतिचारेषु '**प्रमादिनो**' द्रव्यसाधवः '**तेषां पुनस्तद्**'- धर्म्मचरणं 'यथोदितं' चिन्त्यं न भवतीत्यर्थः, एतदेव स्पष्टयति-'**दुर्गृहीतशरोदाहरणात्**', शरो यथा दुर्गृहीतो हस्तमेवावकृन्तति, 'श्रामण्यं दुष्परामृष्टं, नरकानुपकर्षती'त्यस्माद् '**अनिष्टफलमप्येतद्**'- धर्म्मचरणं द्रव्यरूपं '**भणितं**' मनीषिभिरिति गाथार्थः ॥ ८७२ ॥

**અતિચારનો પ્રતિકાર ન કરવાથી શું થાય એ કહે છે–**

જે પ્રમાદી દ્રવ્યસાધુઓ અતિચારોનો પ્રતિકાર કરતા નથી તેમનું ધર્માચરણ શુદ્ધ બનતું નથી. આ જ વિષયને સ્પષ્ટ કરે છે- જેમ બરોબર ન પકડેલું બાણ હાથને જ કાપી નાખે તેમ "વિરાધેલું સાધુપણું નરકમાં ખેંચી જાય છે" એ વચન પ્રમાણે દ્રવ્ય ધર્માચરણ અનિષ્ટ ફલ પણ આપે એમ વિદ્વાનોએ કહ્યું છે. [૮૭૨]

एतदेव सामान्येन द्रढयन्नाह-

**खुद्दइआराणं चिअ, मणुआइसु असुहमो फलं नेअं ।**

**इअरेसु अ निरयाइसु, गुरुअं तं अन्नहा कत्तो ? ॥ ८७३ ॥**

**वृत्तिः**- '**क्षुद्रातिचाराणामे**'वौघतो धर्म्मसम्बन्धिनां '**मनुष्यादिष्वशुभफलं ज्ञेयं**', स्त्रीत्व-दारिद्र्यादि, आदिशब्दात् तथाविधतिर्यक्परिग्रहः, '**इतरेषां पुनः**' महातिचाराणां '**नरकादिषु गुरुकं**' '**तद्**' अशुभफलं, कालाद्यशुभापेक्षया, आदिशब्दात् क्लिष्टतिर्यक्परिग्रहः, इत्थं चैतदङ्गीकर्त्तव्यं तद्, '**अन्यथा कस्त**'स्य हेतुः ?, महातिचारान् मुक्त्वेति गाथार्थः ॥ ८७३ ॥

**આ જ વિષયને સામાન્યથી દૃઢ કરે છે–**

ધર્મસંબંધી નાના અતિચારોનું જ મનુષ્ય ગતિમાં સ્ત્રીનો અવતાર, દરિદ્રતા વગેરે અને તેવી (અલ્પ દુઃખવાળી) તિર્યંચ ગતિમાં ક્ષુધા-તૃષા વગેરે રૂપ અશુભ ફળ જાણવું, મોટા અતિચારોનું તો નરકગતિમાં અને ક્લિષ્ટ તિર્યંચગતિમાં વિવિધ આકરાં કષ્ટોરૂપ મોટું અશુભફળ જાણવું. આ વિષયમાં આ રીતે માનવું જ જોઈએ. અન્યથા નરકાદિમાં મળતા અશુભફળનું મોટા અતિચારોને છોડીને બીજું કયું કારણ હોઈ શકે ? [૮૭૩]

उपसंहरन्नाह-

**एवं विआरणाए, सइ संवेगाओ चरणपरिवुड्ढी ।**

**इहरा संमुच्छिमपाणितुल्लया होइ दोसा य ॥ ८७४ ॥ दारं**

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

**वृत्तिः**- '**एवम्**' उक्तेन प्रकारेण '**विचारणायां**' सत्यां '**सदा संवेगाद्धे**'तोः किमित्याह- '**चरणपरिशुद्धिः**' शुद्धिनिकरणतया, '**इतरथा**' विचारणामन्तरेण '**सम्मूर्च्छनजप्राणितुल्यता**' जडतया कारणेन, असावत्यर्थं '**दोषाय भवति**' ज्ञातव्या प्रव्रज्यायामपीति **गाथार्थः** ॥ ८७४ ॥

ઉપસંહાર કરે છે–

ઉક્ત રીતે સદા વિચારણા કરવાથી સંવેગ થાય છે. સંવેગથી ચારિત્રની વિશુદ્ધિ થાય છે. કારણ કે સંવેગથી અવશ્ય શુદ્ધિ થાય છે. ઉક્ત રીતે વિચારણા ન કરવાથી જડતાના કારણે સંમૂર્છિમ-પ્રાણીની તુલ્યતા થાય છે, અર્થાત્ લાભાલાભના વિચાર વિના સંમૂર્છિમપ્રાણીની જેમ પ્રવૃત્તિ થાય છે, દીક્ષામાં પણ સંમૂર્છિમ પ્રાણીની તુલ્યતા ઘણા અનર્થ માટે થાય છે. [૮૭૪]

उक्तं विचारद्वारं, भावनाद्वारमभिधातुमाह-

**एवं पवट्टमाणस्स कम्मदोसा य होज्ज इत्थीसु ।**
**रागोऽहवा विणा तं, विहिआणुट्ठाणओ चेव ॥ ८७५ ॥**

**वृत्तिः**- '**एवम**'पि '**प्रवर्त्तमानस्य**' गुर्वाद्यपरित्यागेन, किमित्याह-'**कर्म्मदोषात्**' कारणाद् '**भवेत् स्त्रीषु रागः**', स्त्रीविषयोऽभिष्वङ्ग इत्यर्थः, तत्र 'सम्मं भावेयव्वाइं' इति वक्ष्यति, '**अथवा विना तं**' स्त्रीविषयं रागं '**विहितानुष्ठानत एव च**' कारणाद् यतीनामाचारत्वादेवेति **गाथार्थः** ॥ ८७५ ॥

किमित्याह-

**सम्मं भावेअव्वाइं असुहमणहत्थिअंकुससमाइं ।**
**विसयविसागयभूआइं, णवरं ठाणाइं एआइं ॥ ८७६ ॥**

**वृत्तिः**- '**सम्यग् भावयितव्यानि**' सूत्रानुसारत इत्यर्थः, '**अशुभमनोहस्त्यङ्कुशसमानि**' अकुशलपरिणामहस्त्यङ्कुशतुल्यानि, तथा '**विषयविषागदभूतानि**', अगदः- परमौषधरूपः, '**नवरं स्थानान्येतानि**' वक्ष्यमाणलक्षणानि भावयितव्यानीति **गाथार्थः** ॥ ८७६ ॥

### ભાવનાદ્વાર

વિચારદ્વાર કહ્યું, હવે ભાવનાદ્વાર કહે છે–

ગુરુકુલવાસ આદિના પાલનપૂર્વક પ્રવૃત્તિ કરવા છતાં કર્મદોષના કારણે સ્ત્રીવિષે રાગ થઈ જાય તો, અથવા સ્ત્રીસંબંધી રાગ ન થયો હોય તો પણ, સાધુઓનો આચાર હોવાથી જ, આ (= હવે કહેવાશે તે) સ્થાનો સમ્યગ્ ભાવવા જોઈએ = વિચારવા જોઈએ. સમ્યગ્ એટલે સૂત્રાનુસાર. આ સ્થાનો અશુભપરિણામરૂપ હાથીને અંકુશમાં લાવવા અંકુશ સમાન અને વિષયરૂપ વિષનો નાશ કરવા પરમ ઔષધરૂપ છે. [૮૭૫-૮૭૬]

**विजणम्मि मसाणाइसु ठिएण गीअत्थसाहुसहिएणं ।**
**भावेअव्वं पढमं अथिरत्तं जीवलोअस्स ॥ ८७७ ॥**

जैनम् जयति शासनम् JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**- '**विजने**' देशे '**श्मशानादिषु स्थितेन**', आदिशब्दादारामादिपरिग्रहः, '**गीतार्थ-साधुसहितेन**', नैकाकिना, '**भावयितव्यं**, '**प्रथमम्**' आदावेव '**अस्थिरत्वं जीवलोकस्य**' सर्वत्राऽऽस्थाविघातीति गाथार्थः ॥ ८७७ ॥

સ્મશાન, ઉદ્યાન વગેરે નિર્જન સ્થળે, એકલાએ નહિ, કિંતુ ગીતાર્થ સાધુની સાથે બેસીને, પહેલા સ્થાનમાં સર્વત્ર વિશ્વાસભંગ કરનારી સંસારની અનિત્યતા ભાવવી. [૮૭૭]

**जीअं जोवणमिड्ढी पिअसंजोगाइ अत्थिरं सव्वं ।**
**विसमखरमारुआहयकुसग्गजलबिंदुणा सरिसं ॥ ८७८ ॥**

**वृत्तिः**- '**जीवितं यौवनं ऋद्धिः**'- सम्पत् '**प्रियसंयोगादि**', आदिशब्दादप्रियत्वादिपरिग्रहः '**अस्थिरं सर्वमे**'तत्, किम्भूतमित्याह-'**विषमखरमारुताहतकुशाग्रजलबिन्दुना सदृशम्**', अतीवा-स्थिरमिति गाथार्थः ॥ ८७८ ॥

**અનિત્યભાવના**- જીવન, યૌવન, સંપત્તિ, પ્રિયસંયોગ, અપ્રિયસંયોગ વગેરે આ બધું વિષમ અને ઉગ્ર પવનના ઝપાટામાં આવેલા ઘાસના અગ્રભાગ ઉપર રહેલા જલબિંદુ સમાન અત્યંત અનિત્ય છે. [૮૭૮]

**विसया य दुक्खरूवा, चिंतायासबहुदुक्खसंजणणा ।**
**माइंदजालसरिसा, किंवागफलोवमा पावा ॥ ८७९ ॥**

**वृत्तिः**- '**विषयाश्च**' शब्दादयो '**दुःखरूपाः**' सम्मोहनाः विषयवतां, तथा '**चिन्ताऽऽया-सबहुदुःखसञ्जननाः**', तदन्वेव तथानुभवनात्, तथा '**मायेन्द्रजालसदृशाः**' तुच्छाः '**किम्पाक-फलोपमाः**' '**पापा**' विरसावसाना इति गाथार्थः ॥ ८७९ ॥

**વિષયોની ભયંકરતા**- શબ્દાદિ વિષયો દુઃખરૂપ છે, વિષયરાગી જીવોને મોહ પમાડનારા છે, ચિંતા, શ્રમ અને બહુ દુઃખ ઉત્પન્ન કરનારા છે, કારણ કે વિષયો ભોગવ્યા પછી તુરત જ તેવો (ચિંતા, શ્રમ અને બહુ દુઃખનો) અનુભવ થાય છે, તથા વિષયો માયાથી કરેલી ઈંદ્રજાલ સમાન તુચ્છ છે, કિંપાકફલ સમાન છે, અર્થાત્ પરિણામે દુઃખદાતા છે. [૮૭૯]

**तत्तो अ माइगामस्स निआणं रुहिरमाइ भाविज्जा ।**
**कलमलगमंससोणिअपुरीसपुण्णं च कंकालं ॥ ८८० ॥**

**वृत्तिः**- एवं भावनान्तरं '**ततश्च**' '**मातृग्रामस्य**' स्त्रीजनस्य '**निदानं**' निमित्तं '**रुधिरादि**', आदिशब्दाच्छुक्रादिपरिग्रहः रक्तोत्कटा स्त्रीत्येवमुपन्यासः, '**भावयेदि**'त्येतदभ्यस्येत्, तथा '**कलमलकमांसशोणितपुरीषपूर्णं च कङ्कालं**' भावयेदिति गाथार्थः ॥ ८८० ॥

**સ્ત્રીશરીરની અશુચિ**- ત્યારબાદ સ્ત્રીશરીરનું નિમિત્ત રુધિરાદિ છે એમ વિચારવું. શુક્ર અને શોણિત એ બેના મિશ્રણથી શરીર ઉત્પન્ન થાય છે, તે બેમાં લોહીનું પ્રમાણ વધારે હોય તો સ્ત્રીનું

જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શરીર બને છે. આથી અહીં રુધિર શબ્દનો સાક્ષાત્ ઉલ્લેખ કર્યો છે. તથા સ્ત્રીશરીર દુર્ગંધી માંસ, લોહી, વિષ્ઠા (વગેરે મલિન વસ્તુઓ)થી પરિપૂર્ણ છે એમ ચિંતવવું. [૮૮૦]

**तस्सेव य समरागाभावं सइ तम्मि तह विचिंतिज्जा ।**
**संझब्भगाण व सया, निसग्गचलरागयं चेव ॥ ८८१ ॥**

**वृत्तिः-** '**तस्यैव च**' मातृग्रामस्य '**समरागाभावं**', नहि प्रायेण समा प्रीतिर्भवतीति प्रतीतमेतत्, '**सति तस्मिन्**' समरागे '**तथा**' '**विचिन्तयेत्**' भावयेत्, किमित्याह- '**सन्ध्याभ्रकाणामिव**' '**सदा**' सर्वकालं '**निसर्गचलरागतां चैव**' प्रकृत्याऽस्थिररागतामिति गाथार्थः ॥ ८८१ ॥

**સ્ત્રીરાગની અનિત્યતા-** સ્ત્રીનો રાગ સાચો હોતો નથી એમ વિચારવું. પ્રાયઃ સ્ત્રીનો પ્રેમ સાચો ન હોય એ પ્રસિદ્ધ છે. કદાચ સ્ત્રીનો રાગ સાચો હોય તો પણ હંમેશા સંધ્યાકાલના મેઘની જેમ સ્વાભાવિકપણે અસ્થિર હોય છે એમ ચિંતવવું. [૮૮૧]

**असदारंभाण तहा, सव्वेसिं लोगगरहणिज्जाणं ।**
**परलोअवेरिआणं, कारणयं चेव जत्तेणं ॥ ८८२ ॥**

**वृत्तिः-** '**असदारम्भाणां तथा**'-प्राणवधादीनां '**सर्वेषां लोकगर्हणीयानां**', जघन्यानामित्यर्थः, '**परलोकवैरिणाम्**' अन्यजन्मशत्रूणां '**कारणतां चैव यत्नेन**' मातृग्रामस्य चिन्तयेदिति गाथार्थः ॥ ८८२ ॥

**સ્ત્રી અસત્કાર્યોનું કારણ છે-** સ્ત્રી લોકમાં નિંદનીય (= હલકાં) અને પરલોકના [1]વૈરી એવા હિંસા વગેરે સર્વ અસત્કાર્યોનું કારણ છે એમ પ્રયત્નપૂર્વક ચિંતવવું. [૮૮૨]

**तस्सेव यानिलानलभुअगेहिंतोऽवि पासओ सम्मं ।**
**पगई दुग्गिज्झस्स व, मणस्स दुग्गिज्झयं चेव ॥ ८८३ ॥**

**वृत्तिः-** '**तस्यैव च**' मातृग्रामस्य '**अनिलानलभुजङ्गेभ्योऽपि पार्श्वतः सम्यक् प्रकृतिदुर्ग्राह्यस्य च मनसो दुर्ग्राह्यतां चैव**' चिन्तयेदिति गाथार्थः ॥ ८८३ ॥

**સ્ત્રીમનની દુર્જ્ઞેયતા-** સ્વાભાવિકપણે જ બીજાનું મન દુર્ગ્રાહ્ય છે, તેમાં પણ સ્ત્રીનું મન તો અગ્નિ, પવન અને સર્પથી પણ અધિક દુર્ગ્રાહ્ય છે, અર્થાત્ સ્ત્રીના મનમાં શું છે તે જાણવું અત્યંત કપરું છે એમ ચિંતવવું. [૮૮૩]

तथा-

**जच्चाइगुणविभूसिअवरधवणिरविक्खयं च भाविज्जा ।**
**तस्सेव य अइनिअडीपहाणयं चेव पावस्स ॥ ८८४ ॥**

**वृत्तिः-** '**जात्यादिगुणविभूषितवरधवनिरपेक्षतां च भावयेत्**', धवो-भर्त्ता, '**तस्यैव चातिनिकृतिप्रधानतां चैव पापस्य**', निष्कृतिः-मायेति गाथार्थः ॥ ८८४ ॥

१. અસત્કાર્યોથી પરલોકમાં દુઃખ ભોગવવું પડે છે માટે અસત્કાર્યો પરલોકના વૈરી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

एतदेवाह–

**चिंतेइ कज्जमन्नं, अण्णं संठवइ भासए अन्नं ।**

**पाढवइ कुणइमन्नं, मायग्गामो निअडिसारो ॥ ८८५ ॥**

**वृत्तिः**– '**चिन्तयति कार्यमन्यत्**' चेतसा, '**अन्यत्संस्थापयते**' क्रियया, '**भाषतेऽन्यद्वा**'चा, प्रारभते '**करोत्यन्यत्**', मुहुः प्रारब्धत्यागेन, सर्वथा '**मातृग्रामो** '**निकृतिसारः**' मायाप्रधान इति गाथार्थः ॥ ८८५ ॥

**સ્ત્રીમાં વફાદારીનો અભાવ**- સ્ત્રી ઉચ્ચજાતિ વગેરે ગુણોથી વિભૂષિત એવા ઉત્તમ પતિ પ્રત્યે પણ વફાદાર રહેતી નથી, (સ્ત્રી ઉત્તમ પતિને પણ પોતાના સ્વાર્થ માટે દગો દે) એમ ચિંતવવું.

**સ્ત્રીમાં માયા**- પાપિણી સ્ત્રીમાં માયાની અતિશય પ્રધાનતા હોય છે, અર્થાત્ સ્ત્રીમાં માયા બહુ હોય છે, એમ ચિંતવવું. આ જ વિષયને કહે છે- સ્ત્રીઓ મનથી બીજું કાર્ય વિચારે છે, ક્રિયાથી બીજું કરે છે, વચનથી બીજું બોલે છે, શરૂ કંઈ કરે છે અને કરે છે કંઈ બીજું. કારણ કે શરૂ કરેલું વારંવાર છોડી દે છે. આમ સ્ત્રી બધી રીતે માયાપ્રધાન હોય છે, અર્થાત્ દરેક કાર્યમાં દુષ્ટ સ્ત્રીમાં માયાની મુખ્યતા હોય છે. [८८४-८८५]

जैन साईट JAINSITE

તથા–

**तस्सेव य झाएज्जा, भुज्जो पयईअ णीयगामित्तं ।**

**सइसोक्खमोक्खपावगसज्झाणरिवुत्तणं तहय ॥ ८८६ ॥**

**वृत्तिः**– '**तस्यैव च**' मातृग्रामस्य '**भूयः**' पुनः पुनः '**प्रकृत्या नीचगामित्वम**'नुत्तमत्वात्, '**सदासौख्यमोक्षप्रापकसद्ध्यानरिपुत्वं ध्यायेत्, तथेदं**' वक्ष्यमाणमिति गाथार्थः ॥ ८८६ ॥

**સ્ત્રીની હલકાઈ**- સ્ત્રીઓ સ્વાવાભિકપણે જ હલકી હોય છે, અને એથી વારંવાર હલકાં કાર્યો કરે છે, એમ ચિંતવવું. સ્ત્રી જેમાં સદા સુખ હોય છે એવા મોક્ષપદને પમાડનાર શુભધ્યાનનો શત્રુ છે, અર્થાત્ સ્ત્રીનો સંગ કરનાર જીવ શુભધ્યાન કરી શકતો નથી, એમ ચિંતવવું. [८८६]

**अच्चुग्गपरमसंतावजणगनिरयाणलेगहेउत्तं ।**

**तत्तो अ विरत्ताणं, इहेव पसमाइलाभगुणं ॥ ८८७ ॥**

**वृत्तिः**– तस्यै**वात्युग्रपरमसन्तापजनकनरकानलैकहेतुत्वं**' भावयेत्, '**ततश्च**' मातृग्रामा– '**द्विरक्तानामिहैव प्रशमादिलाभगुणान्**' भावयेदिति गाथार्थः ॥ ८८७ ॥

**परलोगम्मि अ सइ तव्विरागबीजाओँ चेव भाविज्जा ।**

**सारीरमाणसाणेगदुक्खमोक्खं सुसोक्खं च ॥ ८८८ ॥**

**वृत्तिः**–'**परलोके च**' आगामिजन्मादिरूपे'**सदा**' सर्वकालं'**तद्विरागबीजादेव**' मातृग्रामविराग–कारणादेव '**भावयेत्**', किमित्याह–'**शारीरमानसानेकदुःखमोक्षं**', सकलदुःखक्षयरूपमित्यर्थः, किमित्याह–'**सुमोक्षं ( सौख्यं ) च**' अभावरूपादिव्युदासेन निरूपमसुखरूपमिति गाथार्थः ॥ ८८८ ॥

**સ્ત્રી નરકનું કારણ છે-** સ્ત્રી અતિ ઉગ્ર પરમ સંતાપ ઉત્પન્ન કરનાર નરક રૂપ અગ્નિનું મુખ્ય કારણ છે, એમ ચિંતવવું.

**સ્ત્રીવિરાગથી લાભ-** સ્ત્રીથી વિરક્ત બનેલાઓને આ લોકમાં પ્રશમાદિ ગુણોની પ્રાપ્તિરૂપ લાભ થાય છે, અને આગામી ભવોમાં સ્ત્રીવિરાગના જ કારણે સર્વદુ:ખોના ક્ષયરૂપ અનુપમ સુખરૂપ મોક્ષની પ્રાપ્તિ થાય છે, એમ ચિંતવવું. કેટલાકો મોક્ષમાં સુખ-દુ:ખ ઉભયનો અભાવ હોય છે ઈત્યાદિ માને છે, તેના ખંડન માટે 'सुसौख्यं' એમ કહ્યું છે. [૮૮૭-૮૮૮]

भावनागुणमाह-

**भावेमाणस्स इमं, गाढं संवेगसुद्धजोगस्स ।**

**खिज्जइ किलिट्ठकम्मं, चरणविसुद्धी तओ निअमा ॥ ८८९ ॥**

**वृत्ति:-** '**भावयत** '**इदम्**' अनन्तरोदितं तत्त्वं '**गाढं संवेगशुद्धयोगस्य**' अत्यन्तं संवेगेन शुद्धव्यापारस्य, किमित्याह-'**क्षीयते क्लिष्टकर्म**', अशुभमित्यर्थः, '**चरणविशुद्धिस्ततः**'-क्लिष्टकर्म्मक्षयानन्तरं '**नियमात्**' नियमेनेति गाथार्थः ॥ ८८९ ॥

**ભાવનાથી થતા લાભને કહે છે–**

અનંતરોક્ત તત્ત્વનું ચિંતન કરતા (અને તેથી જ) અતિશય સંવેગથી શુદ્ધ વ્યાપારવાળા જીવનાં અશુભ કર્મો ક્ષય પામે છે, અશુભ કર્મોના ક્ષય પછી અવશ્ય ચારિત્રની વિશુદ્ધિ થાય છે. [૮૮૯]

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

इहैव व्यापकं विधिमाह-

**जो जेणं बाहिज्जइ, दोसेणं चेयणाइविसएणं ।**

**सो खलु तस्स विवक्खं तव्विसयं चेव भाविज्जा ॥ ८९० ॥**

**वृत्ति:-** '**यो येन बाध्यते** '**दोषेण**' रागादिना, किंभूतेन ?- '**चेतनादिविषयेण**' स्त्र्याद्यालम्बनेन, '**स खलु**'-भावकः '**तस्य**'-रागादेः '**विपक्षं**' तद्विपक्षीयं '**तद्विषयं**' चेतनादिविषयं '**मेव** '**भावयेत्**' चिन्तयेदिति गाथार्थः ॥ ८९० ॥

**ભાવનાદ્વારમાં જ સર્વ સાધારણ વિધિ કહે છે–**

જે જીવ જે સ્ત્રી આદિ ચેતન સંબંધી કે ધનાદિ જડ સંબંધી રાગ વગેરે દોષથી પીડાતો હોય તે જીવે રાગાદિ દોષથી વિપક્ષ (= વિરુદ્ધ) સ્ત્રી આદિ સંબંધી જ કે ધન આદિ સંબંધી જ ચિંતન કરવું જોઈએ. [૮૯૦]

एतदेव लेशतो दर्शयति-

**अत्थम्मि रागभावे, तस्सेव उवज्जणाइसंकेसं ।**

**भाविज्ज धम्महेउं, अभावमो तह य तस्सेव ॥ ८९१ ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**- '**अर्थ**' इत्यर्थविषये '**रागभावे**' रागोत्पादे '**तस्यैव तु**' अर्थस्य '**अर्ज्जनादिसङ्क्लेशम्**' अर्ज्जनरक्षणक्षयेषु चित्तदौष्ट्यं ?, धर्म्मार्थः तद्ग्रह इत्याशङ्क्याह-'**भावयेत्**' शास्त्रानुसारेण '**धर्म्महेतुं**' धर्म्मनिबन्धनं '**अभावमो**'त्ति अभावमेव '**तथा च तस्यैव**'-अर्थस्य तथा चोक्तमन्यैरपि-"**धर्म्मार्थं यस्य वित्तेहा, तस्यानीहा गरीयसी । प्रक्षालनाद्धि पङ्कस्य, दूरादस्पर्शनं वरम् ॥ १ ॥**" इति गाथार्थः ॥ ८९१ ॥

આ ચિંતન જ સંક્ષેપથી બતાવે છે–

જેમકે- ધનસંબંધી રાગ થતો હોય તો ધનને મેળવવામાં, ધનનું રક્ષણ કરવામાં અને ધનનો ક્ષય થાય ત્યારે ચિત્તમાં થતા સંક્લેશનું ચિંતન કરવું જોઈએ. તથા ધર્મ માટે પણ ધન ન જ રાખવું જોઈએ એ વિષે શાસ્ત્રાનુસારી ચિંતન કરવું જોઈએ. આ વિષે જૈનેતરોએ પણ કહ્યું છે કે- **"જે ધર્મ માટે ધનને ઈચ્છે (-મેળવે) છે તેનાં કરતાં તે ધન ન ઈચ્છે (-મેળવે) એ જ શ્રેષ્ઠ છે. પ્રથમ શરીરને કાદવથી ખરડવું, પછી પાણીથી ધોવું, એના કરતાં તો શરીરને કાદવથી ન ખરડવું એ જ શ્રેષ્ઠ છે."** [૮૯૧]

**दोसम्मि अ सइ मित्तिं, माइताई अ सव्वजीवाणं ।**
**मोहम्मि जहाथूरं, वत्थुसहावं सुपणिहाणं ॥ ८९२ ॥**

**वृत्तिः**- '**द्वेषे च सति**' चेतनविषये '**मैत्रीं**' भावयेत्, तथा '**मातृत्वादि च सर्वजीवानाम्**' 'उषितश्च गर्भवसतावनेकशस्त्वमिह सर्वसत्त्वाना'मित्यादिना प्रकारेण, एतच्चाजीवद्वेषोपलक्षणं, तत्रापि लोष्टादौ स्खलनादिभावे कर्म्मविपाकं भावयेत्, तथा '**मोहे**' च सति '**यथास्थूरं**' प्रतीत्यनुसारेण '**वस्तुस्वभावं**' चेतनाचेतनधर्म्मं '**सुप्रणिधानं**' चित्तदार्ढ्येन भावयेदिति गाथार्थः ॥ ८९२ ॥

જીવ ઉપર દ્વેષ થાયતો મૈત્રીભાવના ભાવવી જોઈએ, તથા "આ સંસારમાં તું સર્વ જીવોના ગર્ભમાં અનેકવાર રહ્યો છે" ઈત્યાદિ વચનથી સર્વ જીવો સાથે પોતાનો માતા વગેરે તરીકે સંબંધ થયો છે, એમ ચિંતવવું. જીવદ્વેષના ઉપલક્ષણથી અજીવદ્વેષ માટે પણ ચિંતન કરવું જોઈએ. ઢેફાં વગેરેના કારણે પતન આદિ થતાં ઢેફાં વગેરે ઉપર દ્વેષ થાય તો કર્મવિપાકનું ચિંતન કરવું જોઈએ. મોહ થાય તો બોધ પ્રમાણે ચેતન-જડના ધર્મનું દૃઢચિત્તે ચિંતન કરવું જોઈએ. [૮૯૨]

उक्ताधिकाराभिधाने प्रयोजनमाह–

**एत्थ उ वयाहिगारा, पायं तेसिं पडिवक्खमो विसया ।**
**थाणं च इत्थिआओ, तेसिंति विसेस उवएसो ॥ ८९३ ॥**

**वृत्तिः**- '**अत्र तु**' प्रकृते '**व्रताधिकारात्**' कारणात् '**प्रायस्तेषां**'-व्रतानां '**प्रतिपक्षः**' प्रत्यनीका '**विषया**' एव शब्दादयः, '**स्थानं च**' प्रधानं '**स्त्रियस्तेषां**'-विषयाणामित्यनेन हेतुना '**विशेषतो**' विशेषण '**उपदेशः**' स्त्रीविषय इति गाथार्थः ॥ ८९३ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અહીં 'ભાવના'નો અધિકાર કહેવાનું પ્રયોજન કહે છે–

અહીં વ્રતોનો અધિકાર હોવાથી ભાવનાનો અધિકાર કહ્યો છે. વ્રતોના શત્રુઓ પ્રાયઃ શબ્દાદિ વિષયો જ છે. તે વિષયોનું મુખ્ય સ્થાન સ્ત્રીઓ છે. આથી ભાવનાધિકારમાં સ્ત્રીસંબંધી ઉપદેશ વિશેષથી આપ્યો છે. [૮૯૩]

प्रतिपक्षभावनागुणमाह–

**जह चेव असुहपरिणामओ य दढ बंधओ हवइ जीवो ।**
**तह चेव विवक्खंमी, खवओ कम्माण विन्नेओ ॥ ८९४ ॥ दारं**

**वृत्तिः**- '**यथैव**' तावद् '**अशुभपरिणामतः**' सकाशात् तत्स्वाभाव्येन '**दृढम्**' अत्यर्थं '**बन्धको भवति जीवः**', कर्म्मणामिति योगः, '**तथैव**' तेनैव प्रकारेण '**विपक्षे**' शुभपरिणामे सति '**क्षपकः कर्म्मणां विज्ञेयः**', तत्स्वाभाव्यादेवेति गाथार्थः ॥ ८९४ ॥

રાગાદિ દોષથી વિરુદ્ધ ભાવના ભાવવાથી થતા લાભને કહે છે–

જેમ અશુભ પરિણામથી જીવના તેવા સ્વભાવથી જીવ ઘણાં કર્મોને બાંધે છે, તેમ શુભ પરિણામ થતાં જીવના તેવા સ્વભાવથી જ જીવ કર્મોને ખપાવે છે. [૮૯૪]

વિહારદ્વાર

व्याख्यातं भावनाद्वारम्, अधुना विहारद्वारव्याचिख्यासयाऽऽह–

**अप्पडिबद्धो अ सया, गुरुवएसेण सव्वभावेसु ।**
**मासाइविहारेणं, विहरिज्ज जहोचिअं नियमा ॥ ८९५ ॥**

**वृत्तिः**- '**अप्रतिबद्धश्च सदा**'-अभिष्वङ्गरहित इत्यर्थः, '**गुरूपदेशेन**' हेतुभूतेन, क्वेत्याह- '**सर्वभावेषु**' चेतनाचेतनेष्वप्रतिबद्धः, किमित्याह-'**मासादिविहारेण**' समयप्रसिद्धेन '**विहरेत्**, '**यथोचितं**' संहननाद्यौचित्येन '**नियमात्**' नियोगेन विहरेदिति गाथार्थः ॥ ८९५ ॥

ભાવનાદ્વારનું વ્યાખ્યાન કર્યું, હવે વિહારદ્વારનું વ્યાખ્યાન કરવાની ઈચ્છાથી ગ્રંથકાર કહે છે–

ત્રિભુવનગુરુના ઉપદેશથી સદા ચેતન-જડ સર્વ પદાર્થોમાં આસક્તિરહિત સાધુ શરીરનું બળ આદિ પ્રમાણે અવશ્ય માસકલ્પાદિ વિહારપૂર્વક વિચરે. [૮૯૫]

पराभिप्रायमाशङ्क्य परिहरति–

**मोत्तूण मासकप्पं, अन्नो सुत्तम्मि नत्थि उ विहारो ।**
**ता कहमाइग्गहणं ?, कज्जे ऊणाइभावाओ ॥ ८९६ ॥**

**वृत्तिः**- '**मुक्त्वा** '**मासकल्पं**' मासविहारं '**अन्यः** '**सूत्रे**' सिद्धान्ते '**नास्त्येव विहार :**', तथाऽश्रवणात्, '**तत्** '**कथं**' कस्मा'**दादिग्रहणम**'नन्तरगाथायाम्, एतदाशङ्क्याह-'**कार्ये**' तथाविधे सति '**न्यूनादिभावात्**' न्यूनाधिकभावात् कारणात् तदादिग्रहणमिति गाथार्थः ॥ ८९६ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અન્યના પ્રશ્નને મનમાં કલ્પીને તેનો ઉત્તર આપે છે–**

**પ્રશ્ન**- સિદ્ધાંતમાં માસકલ્પ સિવાય બીજો કોઈ વિહાર સાંભળવામાં = વાંચવામાં આવતો ન હોવાથી માસકલ્પ સિવાય બીજો કોઈ વિહાર નથી જ, તો અનંતર ગાથામાં मासाइ એમ 'આદિ' શબ્દનો ઉલ્લેખ કેમ કર્યો ?

**ઉત્તર**- તેવા પ્રકારનું પ્રયોજન ઉપસ્થિત થતાં માસકલ્પથી ન્યૂનાધિક પણ વિહાર થાય, માટે અનંતર ગાથામાં 'આદિ' શબ્દનો ઉલ્લેખ કર્યો છે. [૮૯૬]

**एअंपि गुरुविहाराओं विहारो सिद्ध एव एअस्स ।**

**भेएण कीस भणिओ ?, मोहजयट्ठा धुवो जेणं ॥ ८९७ ॥**

**वृत्तिः**- ननु **'एवमपि गुरुविहारात्'** सकाशाद् **'विहारः सिद्ध एव 'एतस्य'** उपस्थापितसाधोः **'भेदेन किमिति भणितो'** विहार इत्याशङ्क्याह- **'मोहजयार्थं'** चारित्रविघ्नजयाय **'ध्रुवो येन'** कारणेन तस्य विहार इति गाथार्थः ॥ ८९७ ॥

**પ્રશ્ન**- એમ પણ ઉપસ્થાપિત (= જેની વડી દીક્ષા થઈ ગઈ છે તે) સાધુનો ગુરુવિહારના કારણે (= ગુરુની સાથે જ તેને રહેવાનું હોવાથી ગુરુ વિહાર કરે ત્યારે તેને પણ વિહાર કરવાનો હોવાથી) વિહાર સિદ્ધ જ છે, તો પછી અહીં તેના વિહારનું અલગ વર્ણન કેમ કર્યું ?

**ઉત્તર**- ચારિત્રમાં વિઘ્ન કરનાર મોહના જય માટે ઉપસ્થાપિત દીક્ષિતે અવશ્ય વિહાર કરવો જોઈએ એમ સૂચવવા માટે તેના વિહારનું અલગ જ વર્ણન કર્યું છે. [૮૯૭]

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

एतद्भावनायैवाह–

**इयरेसि कारणेणं, नीआवासोऽवि दव्वओ हुज्जा ।**

**भावेण उ गीआणं, न कयाइ तओ विहिपराणं ॥ ८९८ ॥**

**वृत्तिः**- **'इतरेषां'** गुर्वादीनां **'कारणेन'** संयमवृद्धिहेतुना **'नित्यवासोऽपि'** एकत्र बहुकाललक्षणो **'द्रव्यतो भवेत्'** अपरमार्थावस्थानरूपेण, **'भावतस्तु'** परमार्थेनैव **'गीतानां'** गीतार्थभिक्षूणां **'न कदाचिदसौ'**-नित्यवासो भवति, किंभूतानां ?–**'विधिपराणां'** यतनाप्रधानानामिति गाथार्थः ॥ ८९८ ॥

**આ વિષયની વિચારણા માટે જ કહે છે–**

ગુરુ વગેરે બીજાઓ સંયમવૃદ્ધિ વગેરે કારણે એક સ્થળે ઘણા કાળ સુધી રહેવા રૂપ નિત્યવાસ પણ કરે. યતનાની પ્રધાનતાવાળા ગીતાર્થ સાધુઓનો નિત્યવાસ માત્ર દ્રવ્યથી હોય છે. ભાવથી=પરમાર્થથી તો (અનાસક્ત હોવાથી) તેમનો ક્યારેય નિત્યવાસ થતો નથી. [૮૯૮]

अत्रैव विधिमाह-

**गोअरमाईआणं, एत्थं परिअत्तणं तु मासाओ ।**

**जहसंभवं निओगो, संथारम्मी विही भणिओ ॥ ८९९ ॥**

**वृत्तिः**- '**गोचरादीना**'मिति गोचरबहिर्भूम्यादीनाम् '**अत्र**' विहाराधिकारे '**परावर्त्तनं तु**' केषांचित्कदाचिदौचित्येन '**मासादौ**' ऋतुबद्धे मासे वर्षासु च चतुर्षु '**यथासम्भवं**', सत्सु गोचरादिष्वित्यर्थः, '**नियोगो**' नियम एव '**संस्तारक**' इति संस्तारकपरावर्त्तने '**विधिर्भणितः**' इह तीर्थकरादिभिरिति गाथार्थः ॥ ८९९ ॥

નિત્યવાસમાં જ વિધિ કહે છે–

કેટલાક સાધુઓએ (જે સાધુઓ માટે શક્ય હોય તેમણે) ગોચરભૂમિ અને બહિર્ભૂમિ આદિનું શેષકાળમાં એક મહિને અને ચોમાસામાં ચાર મહિને બીજી ગોચરભૂમિ અને બહિર્ભૂમિ હોય તો પરિવર્તન કરવું જોઈએ. તેટલું પણ શક્ય ન હોય તો ક્યારેક ક્યારેક જેમ ઉચિત (શક્ય) હોય તેમ પરિવર્તન કરતા રહેવું જોઈએ, અને સંથારાનું પરિવર્તન તો અવશ્ય કરવું જોઈએ એમ તીર્થંકરો વગેરેએ કહ્યું છે. [૮૯૯]

प्रकृतोपयोगमाह-

**एअस्सवि पडिसेहो, निअमेणं दव्वओवि मोहुदए ।**
**जइणो विहारखावणफलमित्थ विहारगहणं तु ॥ ९०० ॥**

**वृत्तिः**-'**एतस्यापि**'-विधेः'**प्रतिषेधात्**'-प्रतिषेधेन'**नियमेन**''अवश्यन्तया'**द्रव्यतोऽपि**' कायविहारेणापि '**मोहोदये**' सति '**यतेः**' भिक्षोः '**विहारख्यापनफलं**' विहारख्यापनार्थम् '**अत्र**' अधिकारे '**विहारग्रहणं**' कृतमाचार्येणेति गाथार्थः ॥ ९०० ॥

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

પ્રસ્તુત વિષયમાં જે ઉપયોગી છે તે કહે છે–

સાધુને મોહનો ઉદય થાય તો આ (નિત્યવાસની) વિધિનો પણ નિષેધ છે, અને અવશ્ય દ્રવ્યથી પણ=કાયવિહારથી પણ સાધુએ વિહાર કરવો જોઈએ, એવું સૂચવવા માટે આચાર્યે પ્રસ્તુતમાં વિહારનું વર્ણન કર્યું છે. [૯૦૦]

प्रयोजनान्तरमाह-

**आईओच्चिअ पडिबंधवज्जणत्थं च हंदि सेहाणं ।**
**विहिफासणत्थमहवा सेहविसेसाइविसयं तु ॥ ९०१ ॥ दारं**

**वृत्तिः**- '**आदित एवा**'रभ्य '**प्रतिबन्धवर्जनार्थं**' स्वक्षेत्रादौ '**हन्दि शिक्षकाणां**' विहारग्रहणं, '**विधिस्पर्शनार्थं, अथवा**' प्रयोजनान्तरमेतत्, '**शिष्यकविशेषादिविषयमेव**', विशेषः-अपरिणामकादिर्विहरणशीलो वेति गाथार्थः ॥ ९०१ ॥

વિહારવર્ણનનું બીજું પ્રયોજન કહે છે–

નવદીક્ષિતોને પ્રારંભથી જ પોતાના ક્ષેત્ર વગેરેમાં પ્રતિબંધ ન થાય એ માટે અથવા વિધિના પાલન માટે વિહારનું વર્ણન કર્યું છે. અથવા વિશેષ પ્રકારના શિષ્યને આશ્રયીને વિહારનું વર્ણન

www.jainsite.com	For Private & Personal Use Only	info@jainsite.com

સમજવું. અપરિણત આદિ કે વિહાર કરવાના સ્વભાવવાળો (વિહારની વિશેષ રુચિવાળો) શિષ્ય વિશેષ પ્રકારનો શિષ્ય સમજવો. [૯૦૧]

યતિકથાદ્વાર

उक्तं विहारद्वारम्, यतिकथाद्वारमाह-

**सज्झायाईसंतो, तित्थयरकुलाणुरूवधम्माणं ।**
**कुज्जा कहं जईणं, संवेगविवड्ढणं विहिणा ॥ ९०२ ॥**

**वृत्ति:-** '**स्वाध्यायादिश्रान्तः**' सन् '**तीर्थकरकुलानुरूपधर्म्माणां**' महात्मनां किमित्याह- '**कुर्यात् कथां यतीनां संवेगविवर्द्धनीं** '**विधिना**' आसनाचलनादिनेति गाथार्थः ॥ ९०२ ॥

વિહારદ્વાર કહ્યું, હવે યતિકથાદ્વાર કહે છે–

સ્વાધ્યાય આદિથી શ્રાન્ત થયેલ સાધુ સ્થિર આસન આદિ વિધિપૂર્વક તીર્થંકરોના કુલને (=તીર્થંકરના સાધુઓની પરંપરાને) અનુરૂપ ધર્મ કરનારા મહાત્માઓની સાધુઓના સંવેગને વધારનારી કથા કરે. [૯૦૨]

एतदेवाह-

**जिणधम्मसुट्ठिआणं, सुणिज्ज चरिआइं पुव्वसाहूणं ।**
**साहिज्जइ अन्नेसिं, जहारिहं भावसाराइं ॥ ९०३ ॥**

**वृत्ति:-** '**जिनधर्मसुस्थितानां**' सम्बन्धीनि '**श्रृणुयाच्चरितानि**'-चेष्टितानि '**पूर्वसाधूनां**' महात्मनां, '**साधयेच्चान्येभ्यः**', कथयेदित्यर्थः, '**यथार्हं भावसाराणि**', विनयपरिणत्यनुरूपाणीति गाथार्थः ॥ ९०३ ॥

यथा-

**भयवं दसन्नभद्दो, सुदंसणो थूलभद्द वइरो अ ।**
**सफलीकयगिहचाया, साहू एवंविहा होंति ॥ ९०४ ॥**

**वृत्ति:-** '**भगवान् दशार्णभद्रो**' राजर्षिः '**सुदर्शनः स्थूलभद्रो वज्रश्च सफलीकृतगृहत्यागाः**' महापुरुषाः '**साधव एवंविधा भवन्तीति**' गाथार्थः । कथानकानि क्षुण्णत्वान्न लिखितानि ॥ ९०४ ॥

આ જ વિષય કહે છે–

જૈનધર્મમાં અત્યંત નિશ્ચલ રહેલા પૂર્વકાલીન સાધુમહાત્માઓના ચરિત્રો સાંભળે, અથવા યથાયોગ્ય બીજાઓને વિનયની પરિણતિ થાય તે પ્રમાણે કહે. જેમ કે- ભગવંત દશાર્ણભદ્ર રાજર્ષિ, શ્રી સુદર્શનશેઠ, આર્યશ્રી સ્થૂલભદ્રસ્વામી અને આર્યશ્રી વજસ્વામી. ગૃહત્યાગને સફલ કરનારા સાધુ મહાપુરુષો આવા (ઉત્તમ) હોય છે. દશાર્ણભદ્ર રાજર્ષિ વગેરેની કથાઓ પ્રસિદ્ધ હોવાથી અહીં લખી નથી. *[૯૦૩-૯૦૪]*

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

तथैतत्कर्त्तव्यम्-

**अणुमोएमो तेसिं, भगवंताण चरिअं निरइआरं ।**
**संवेगबहुलयाए, एव विसोहिज्ज अप्पाणं ॥ ९०५ ॥**

**वृत्तिः**-'**अनुमोदामहे**' '**तेषां**' दशार्णभद्रादीनां '**भगवतां चरितं निरतिचार**', यथोक्ताचारमित्यर्थः, '**संवेगबहुलतया**' '**एवम्**' उक्तेन प्रकारेण सर्वत्र '**विशोधयेदात्मानं**' कर्ममलादिति गाथार्थः ॥ ९०५ ॥

તથા આ પણ કરવું કે- શ્રીદશાર્ણભદ્ર આદિ ભગવંતોના નિરતિચાર ચારિત્રને અનુમોદીએ છીએ. ઉક્ત રીતે અતિશય સંવેગથી કર્મમલને દૂર કરીને આત્માને શુદ્ધ કરે. [૯૦૫]

अत्रैव गुणमाह-

**इअ अप्पणो थिरत्तं, तक्कुलवत्ती अहंति बहुमाणा ।**
**तद्धम्मसमायरणं, एवंपि इमं कुसलमेव ॥ ९०६ ॥**

**वृत्तिः**- '**एवं**' क्रियमाणे '**आत्मनः स्थिरत्वं**' भवति, तथा '**तत्कुलवर्ती**' दशार्णभद्रादिकुलवर्ती '**अहमित्य**'स्माद् '**बहुमानात् तद्धर्म्मसमाचरणं**'-दशार्णभद्रादिधर्म्मसेवनं भवति, '**एवमप्येतत्**' परोपाधिद्वारेण विशिष्टानुष्ठानं '**कुशलमेवा**'वस्थान्तर इति गाथार्थः ॥ ९०६ ॥

**अण्णेसिंपि अ एवं, थिरत्तमाईणि होंति निअमेणं ।**
**इह तो संताणो खलु, विकहामहणो मुणेअव्वो ॥ ९०७ ॥**

**वृत्तिः**- '**अन्येषामपि चैवम्**'-उक्तेन प्रकारेण '**स्थिरत्वादीनि भवन्ति, नियमेन**' श्रवणात् सकाशाद्, एवं शुभ '**सन्तान एव**', एवं तेभ्योऽपि तदन्येषां स्थिरत्वादिभावाद्, अयं च जन्मान्तरेऽपि '**विकथामथनो**' विकथाविनाशनो '**मुणितव्यः**', तदन्येषां तद्विनाशनेनेति गाथार्थः ॥ ९०७ ॥

**યતિકથા કરવામાં થતા લાભને કહે છે–**

આ પ્રમાણે (યતિકથા) કરવામાં આત્માની સ્થિરતા થાય, તથા "હું દશાર્ણભદ્ર આદિ જેવા મહાપુરુષોના કુલને પામ્યો છું" એવા બહુમાનથી દશાર્ણભદ્ર આદિના જેવું ધર્મસેવન કરવાનો ઉત્સાહ થાય. આ રીતે બીજાના આલંબનથી પણ વિશિષ્ટ અનુષ્ઠાન થાય તો તે [1]અવસ્થાંતરમાં સારું જ છે. (યતિકથાને) સાંભળવાથી બીજાઓને પણ આ રીતે સ્થિરતા વગેરે અવશ્ય લાભ થાય. તેમનાથી (=શ્રવણની સ્થિરતાદિને પામેલાઓથી) પણ બીજાઓને સ્થિરતાદિ લાભ થાય. એમ શુભનો પ્રવાહ જ ચાલે. આ પ્રવાહ જન્માંતરમાં પણ વિકથાનો નાશ કરનારો જાણવો. કારણ કે

૧. અન્ય અવસ્થા તે અવસ્થાંતર. નિરાલંબન અવસ્થાથી અન્ય જે સાલંબન અવસ્થા તે અવસ્થાંતર, તેમાં જીવ જ્યાં સુધી નિરાલંબન (=બીજાના આલંબન વિના સ્વયં જ વિશિષ્ટ ધર્મ કરે તેવી) અવસ્થા ન પામે ત્યાં સુધી આ રીતે આલંબનથી પણ વિશિષ્ટ ધર્મ કરે તે પણ ઉચિત જ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બીજાઓની વિકથાઓનો વિનાશ [1]કર્યો છે. [૯૦૬-૯૦૭]

अधिकृतद्वारगाथायां सर्वद्वाराणामेवैदम्पर्यमाह–

**विस्सोअसिगारहिओ, एव पयत्तेण चरणपरिणामं ।**
**रक्खिज्ज दुल्लहं खलु, लद्धमलद्धं व पाविज्जा ॥ ९०८ ॥**

**वृत्तिः**– '**विश्रोतसिकारहितः**' संयमानुसारिचेतोविघातवर्ज्जितः सन् '**एवम्**' उक्तेन प्रकारेण गुर्वासेवनादिना '**चरणपरिणामम**'चिन्त्यचिन्तामणिरूपं '**रक्षेत, दुर्लभं खलु लब्धं**' सन्तम्, '**अलब्धं वा प्राप्नुयाद्**' एवमेवेति गाथार्थः ॥ ९०८ ॥

**પ્રસ્તુત દ્વારની ગાથામાં સઘળાંય દ્વારોનો નિચોડ કહે છે–**

સાધુ સંયમાનુસારી ચિત્તના વિઘાતથી રહિત બનીને, અર્થાત્ સંયમાનુસારી ચિત્તવાળા બનીને, દુર્લભ અને અચિંત્યચિંતામણિરૂપ પ્રાપ્ત થયેલા ચારિત્રપરિણામની ઉક્ત રીતે ગુરુસેવા આદિથી રક્ષા કરે, અને જો ચારિત્રપરિણામ પ્રાપ્ત ન થયો હોય તો ગુરુસેવા આદિથી જ પ્રાપ્ત કરે છે. [૯૦૮]

एतदेव भावयन्नाह–

**णो उवठावणएच्चिअ, निअमा चरणंति दव्वओ जेण ।**
**साऽभव्वाणवि भणिआ, छउमत्थगुरूण सफला य ॥ ९०९ ॥**

**वृत्तिः**– '**नोपस्थापनायामेव**' कृतायां सत्यां '**नियमाच्चरणमिति**', कुत इत्याह–'**द्रव्यतो येन**' कारणेन '**सा अभव्यानामपि भणिता**' उपस्थापना अङ्गारमर्दकादीनां, '**छद्मस्थगुरूणां**' विधिकारकाणां '**सफला चा**'ज्ञाराधनादिति गाथार्थः ॥ ९०९ ॥

**આ જ વિષયને વિચારે છે–**

ઉપસ્થાપના થઈ જાય એટલા માત્રથી ચારિત્રપરિણામ થઈ જ જાય એવો નિયમ નથી. કારણ કે દ્રવ્યથી ઉપસ્થાપના અંગારમર્દક આચાર્ય વગેરે અભવ્ય જીવોની પણ કહી છે. (છતાં તેમનામાં ચારિત્રપરિણામ હોતા નથી.) છતાં ઉપસ્થાપનાની વિધિ કરાવનારા છદ્મસ્થ ગુરુઓનો પ્રયત્ન સફલ છે. કારણ કે તેમણે જિનાજ્ઞાની આરાધના કરી છે. [૯૦૯]

---

૧. આ જગતમાં આપણે જેવું બીજાને આપીએ તેવું આપણને મળે એ ત્રિકાલાબાધિત નિયમ છે. આથી જ કલિકાલસર્વજ્ઞ આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિ મહારાજે કહ્યું છે કે यादृग् वितीर्यते दानं तादृगासाद्यते फलम् = બીજાને જેવું આપવામાં આવે તેવું ફળ મળે છે. આ જગત પડઘા જેવું છે. કૂવા વગેરેમાં આપણે જે બોલીએ તેનો જ પડઘો પડે છે. આપણે મહાનુભાવ ! એમ બોલીએ તો મહાનુભાવ એવો જ પડઘો પડે છે. આપણે ગદ્ધો એમ બોલીએ તો ગદ્ધો એવો પડઘો પડે છે. જગત પડઘા જેવું હોવાથી આપણે બીજાને જે આપીએ છીએ તે જ પાછું આપણી પાસે આવે છે. આનાથી આપણને બે બોધપાઠ મળે છે. એક બોધપાઠ એ મળે છે કે વર્તમાનમાં આપણને જે કંઈ મળે છે તે આપણે બીજાઓને જે આપ્યું હતું તે જ મળે છે. માટે કોઈ દુઃખ આપે તો તેના ઉપર ક્રોધ ન કરવો જોઈએ. બીજો બોધપાઠ એ મળે છે કે ભવિષ્યમાં આપણને દુઃખ ન જોઈતુંહોય તો બીજાને દુઃખ આપવાનું બંધ કરી દેવું જોઈએ. એ માટે આપણાથી બીજાને દુઃખ ન થાય તે રીતે જીવન જીવવું જોઈએ.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उपस्थापनाविधेः फलवत्तामाह-

**पायं च तेण विहिणा, होइ इमंति निअमो कओ सुत्ते ।**

**इहरा सामाइअमित्तओऽवि सिद्धि गयाऽणंता ॥ ९१० ॥**

**वृत्तिः**- '**प्रायश्च तेन विधिनो**'पस्थापनागतेन '**भवत्येतत्**' छेदोपस्थाप्यं चारित्रमिति '**नियमः कृतः सूत्रे**', दशवैकालिकादिपाठाद्यनन्तरमुपस्थापनायाः, '**इतरथा**' अन्यथा '**सामायिकमात्रतोऽपि**' अवधेः प्राप्त्या '**सिद्धिं गताः अनन्ताः**' प्राणिन इति गाथार्थः ॥ ९१० ॥

**ઉપસ્થાપનાવિધિની સફલતા કહે છે–**

પ્રાયઃ ઉપસ્થાપના સંબંધી વિધિથી છેદોપસ્થાપનીય ચારિત્ર પ્રાપ્ત થાય છે. આથી શાસ્ત્રમાં દશવૈકાલિકાદિના પાઠ વગેરે પછી તુરત ઉપસ્થાપના કરવાનો નિયમ કર્યો છે. અન્યથા (= ઉપસ્થાપના સંબંધી વિધિથી છેદોપસ્થાપનીય ચારિત્ર પ્રાપ્ત થાય છે એમ ન માનવામાં આવે તો) માત્ર સામાયિક ચારિત્રને પણ થોડા સમય સુધી પામીને અનંતા જીવો મોક્ષમાં ગયા છે. (એથી ઉક્ત નિયમ વ્યર્થ બને. માટે રાજમાર્ગ તો એ છે કે સામાયિકચારિત્ર પછી ઉપસ્થાપનાની વિધિપૂર્વક છેદોપસ્થાપનીય ચારિત્રનો સ્વીકાર કરવો અને ગુરુકુલવાસ આદિનું સેવન કરીને ભાવચારિત્રને પ્રાપ્ત કરવું અને પ્રાપ્ત ભાવચારિત્રની રક્ષા કરવી.) [૯૧૦]

अनियममेव दर्शयति-

**पुव्विं असंतगंपि अ, विहिणा गुरुगच्छमाइसेवाए ।**

**जायमणेगेसि इमं, पच्छा गोविंदमाईणं ॥ ९११ ॥**

**वृत्तिः**- '**पूर्वं**' उपस्थापनाकाले '**असदपि**' चैतच्चरणं '**विधिना गुरुगच्छादिसेवया**' हेतुभूतया '**जातम्**' अभिव्यक्तम् '**अनेकेषामिदं पश्चाद् 'गोपेन्द्रादीनां**' गोपेन्द्रवाचककरोटकगणिप्रभृतीनामिति गाथार्थः ॥ ९११ ॥

**ઉપસ્થાપનાથી ભાવચારિત્રની પ્રાપ્તિમાં નિયમ નથી એ બતાવે છે–**

ઉપસ્થાપના વખતે ચારિત્ર (ચારિત્રપરિણામ) ન હોવા છતાં ગોપેન્દ્રવાચક, કરોટક ગણી વગેરે અનેક જીવોને પાછળથી વિધિપૂર્વક ગુરુ-ગચ્છસેવા વગેરેથી ચારિત્ર પ્રગટ થયું છે. [૯૧૧]

प्रक्रान्तसमर्थनायैवाह-

**एअं च उत्तमं खलु, निव्वाणपसाहणं जिणा बिंति ।**

**जं नाणदंसणाणवि, फलमेअं चेव निद्दिट्ठं ॥ ९१२ ॥**

**वृत्तिः**- '**एतत्**' चारित्रं '**उत्तमं खलु**' उत्तममेव '**निर्वाणप्रसाधनं**' मोक्षसाधनं '**जिना ब्रुवते**', अत एतदुपाये यत्नः कार्यः इत्यैदम्पर्यम्, उत्तमत्वे युक्तिमाह-'**यद्**' यस्मात् '**ज्ञानदर्शनयोरपि**' तत्त्वदृष्ट्या '**फलमेतदेव**'-चारित्रं '**निर्दिष्टं**', तत्साधकत्वादिति गाथार्थः ॥ ९१२ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રસ્તુત વિષયના સમર્થન માટે જ કહે છે—

ચારિત્ર મોક્ષનું અવશ્ય ઉત્તમ સાધન છે, આનું તાત્પર્ય એ છે કે આથી ચારિત્રના ઉપાયમાં (ચારિત્રની પ્રાપ્તિ-રક્ષા-વિશુદ્ધિ થાય તેવો) પ્રયત્ન કરવો જોઈએ. **ચારિત્રની ઉત્તમતામાં યુક્તિ કહે** છે- કારણ કે જ્ઞાન-દર્શનનું પણ ફલ તત્ત્વદૃષ્ટિથી ચારિત્ર જ કહ્યું છે. કારણ કે જ્ઞાન-દર્શન ચારિત્રના સાધક છે. [૯૧૨]

**एएण उ रहिआइं, निच्छयओ नेअ ताइं ताइंपि ।**

**सफलस्स साहगत्ता, पुव्वायरिआ तहा चाहु ॥ ९१३ ॥**

**वृत्तिः**- '**एतेन तु**' पुनः-चारित्रेण '**रहिते** '**निश्चयतः**' परमार्थेन '**नैव** '**ते**' ज्ञानदर्शने '**ते अपि**', कुत इत्याह- '**स्वफलस्यासाधकत्वात्**', चारित्राजननादित्यर्थः, '**पूर्वाचार्यास्तथा चाहुर**'धिकृतानुपात्येतदिति गाथार्थः ॥ ९१३ ॥

ચારિત્ર વિના પરમાર્થથી જ્ઞાન-દર્શન પણ ન હોય. કારણ કે તે બંને સ્વફલના સાધક બનતા નથી=ચારિત્ર ઉત્પન્ન કરતા નથી. (નિશ્ચયનય જે વસ્તુ પોતાનું કાર્ય કરે તેની જ સત્તા સ્વીકારે છે, જે વસ્તુ પોતાનું કાર્ય ન કરે તે હોવા છતાં વાસ્તવિક નથી.) પૂર્વાચાર્યો પ્રસ્તુત વિષયને અનુસારી (નીચે પ્રમાણે) કહે છે. [૯૧૩]

**निच्छयनअस्स चरणायविघाए नाणदंसणवहोऽवि ।**

**ववहारस्स उ चरणे, हयम्मि भयणा उ सेसाणं ॥ ९१४ ॥**

**वृत्तिः**- '**निश्चयनयस्य**' दर्शनं- यदुत '**चरणात्मविघाते**' सति '**ज्ञानदर्शनवधोऽपि**', स्वकार्यासाधनेन तत्त्वतस्तयोरसत्त्वात्, '**व्यवहारस्य तु**' दर्शनं-यदुत '**चरणे हते**' सति '**भजना** '**शेषयोः**' ज्ञानदर्शनयोः, स्यातां वा नवेति गाथार्थः ॥ ९१४ ॥

નિશ્ચયનય માને છે કે- ચારિત્રનો વિઘાત થતાં જ્ઞાન-દર્શનનો પણ વિઘાત થાય છે. કારણ કે સ્વકાર્ય ન કરવાથી તત્ત્વથી તે બે નથી. પણ વ્યવહારનય તો માને છે કે ચારિત્રનો વિઘાત થાય તો જ્ઞાન-દર્શન હોય કે ન પણ હોય. (જો અનંતાનુબંધી કષાયના ઉદયથી ચારિત્રનો વિઘાત થાય તો જ્ઞાન-દર્શનનો પણ વિઘાત (અભાવ) થાય. પણ જો અપ્રત્યાખ્યાની કષાયના ઉદયથી ચારિત્રનો વિઘાત થાય તો જ્ઞાન-દર્શનનો વિઘાત ન જ થાય. કારણ કે અપ્રત્યાખ્યાની કષાયનો ઉદય દર્શનનો વિઘાતક નથી.) [૯૧૪]

आह-

**णणु दंसणस्स सुत्ते, पाहन्नं जुत्तिओ जओ भणिअं ।**

**सिज्झंति चरणरहिआ, दंसणरहिआ न सिज्झंति ॥ ९१५ ॥**

**वृत्तिः**- '**ननु दर्शनस्य** '**सूत्रे**' आगमे '**प्राधान्यं युक्तितो**' गम्यते, '**यतो भणित**'मत्र,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

किमित्याह-'**सिध्यन्ति**' निर्वान्ति '**चरणरहिताः**' प्राणिनो दर्शनबलात्, '**दर्शनरहिता न सिद्ध्यन्ति**', मिथ्यादृष्टीनां सिद्ध्यभावादिति गाथार्थः ॥ ९१५ ॥

**અહીં વાદી પ્રશ્ન કરે છે–**

આગમમાં યુક્તિથી દર્શનની પ્રધાનતા જણાય છે. કારણ કે શાસ્ત્રમાં કહ્યું છે કે- ચારિત્રરહિત જીવો સમ્યગ્દર્શનના બળે સિદ્ધ થાય છે, પણ સમ્યગ્દર્શનથી રહિત જીવો સિદ્ધ થતા નથી. કારણ કે મિથ્યાદૃષ્ટિઓની સિદ્ધિ ન થાય. [૯૧૫]

एतदेव समर्थयन्नाह-

**एवं दंसणमेव उ निव्वाणपसाहगं इमं पत्तं ।**
**निअमेण जओ इमिणा, इमस्स तब्भावभावित्तं ॥ ९१६ ॥**

**वृत्तिः**- '**एवं**' सूत्रे श्रुते '**दर्शनमेव तु**' न्यायात् '**निर्वाणप्रसाधकमि**'ति '**एतत् प्राप्तं**' बलात्, कथमित्याह-'**नियमेन, यतोऽनेन**'-दर्शने'**नास्य**' निर्वाणस्य'**तद्भावभावित्वं**', न चरणेनेति गाथार्थः ॥ ९१६ ॥

**આ વિષયનું જ સમર્થન કરે છે–**

આ પ્રમાણે યુક્તિથી દર્શન જ મોક્ષપ્રસાધક છે એમ શાસ્ત્રમાં બલાત્કારે સિદ્ધ થયું. કારણ કે દર્શનથી મોક્ષ થાય છે, ચારિત્રથી નહિ. [૯૧૬]

जैन साईट JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

अत्रोत्तरमाह-

**एअस्स हेउभावो, जह दीणारस्स भूइभावम्मि ।**
**इअरेअरभावाओ, न केवलाणंतरत्तेणं ॥ ९१७ ॥**

**वृत्तिः**- '**एतस्य**' दर्शनस्य '**हेतुभावः**' सिद्धिं प्रति '**यथा** '**दीनारस्य**' रूपकविशेषस्य '**भूतिभावे**' विशिष्टसम्पदुत्पत्तौ '**इतरेतरभावात्**' ततो द्व्यादिभवनेन, '**न केवलादेव**' दीनारा'**दनन्तरभावेन**', तथापि लोके क्वचित् व्यपदेशो दीनारात् सम्पदिति गाथार्थः ॥ ९१७ ॥

**અહીં ઉત્તર કહે છે–**

જેવી રીતે દીનાર (= પૂર્વકાળમાં વપરાતું એક જાતનું નાણું) વિશેષ (= હજાર, લાખ વગેરે વિશેષ) સંપત્તિની ઉત્પત્તિનું કારણ છે, તેવી રીતે સમ્યગ્દર્શન મોક્ષનું કારણ છે. અર્થાત્ એક દીનારમાંથી બે દીનાર થાય, બે દીનારમાંથી ત્રણ દીનાર થાય એમ પરંપરાએ વિશેષ સંપત્તિ થાય, માત્ર એક દીનારમાંથી જ સીધી વિશેષ સંપત્તિ ન થાય, આથી દીનાર પરંપરાએ વિશેષ સંપત્તિનું કારણ છે. દીનાર પરંપરાએ વિશેષ સંપત્તિનું કારણ હોવા છતાં લોકમાં ક્યાંક "દીનારથી સંપત્તિ થાય" એમ કહેવામાં આવે છે. (આ કથન ઔપચારિક છે, તાત્ત્વિક નથી.) [૯૧૭]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

दार्ष्टान्तिकयोजनामाह–

**इअ दंसणऽप्पमाया, सुद्धीओ सावगाइसंपत्ती ।**
**नउ दंसणमित्ताओ मोक्खोत्ति जओ सुए भणियं ॥ ९१८ ॥**

**वृत्तिः**- '**इय**' एवं '**दर्शनाप्रमादात्**' सकाशात् '**शुद्धेः**' चारित्रमोहमलविगमेन '**श्रावकत्वादिसम्प्राप्ति**'र्भवति भावतः श्रेण्यवसाना, '**न तु दर्शनमात्रात्**' केवलादेव '**मोक्ष इति**, '**यतो**' यस्मात् '**सूत्रे भणितं**' भावमङ्गीकृत्य क्रमभवनममीषामिति गाथार्थः ॥ ९१८ ॥

દૃષ્ટાંતની ઘટના કરે છે–

એ પ્રમાણે પ્રમાદરહિત દર્શનથી ચારિત્રમોહરૂપ મલ દૂર થવાથી ભાવથી શ્રાવકપણાની પ્રાપ્તિથી આરંભી શ્રેણિ સુધીના ગુણોની (ક્રમશઃ) પ્રાપ્તિ થાય છે. પણ એકલા દર્શનથી જ મોક્ષની પ્રાપ્તિ થતી નથી. માટે જ શાસ્ત્રમાં ભાવની અપેક્ષાએ આ (શ્રાવકપણું વગેરે) ગુણો ક્રમશઃ પ્રગટે છે એમ કહ્યું છે. [૯૧૮]

एतदेवाह–

**सम्मत्तंमि उ लद्धे, पलिअपुहुत्तेण सावओ होज्जा ।**
**चरणोवसमखयाणं, सागर संखंतरा होंति ॥ ९१९ ॥**

**वृत्तिः**- '**सम्यक्त्वे लब्धे**' ग्रन्थिभेदेन भावरूपे '**पल्योपमपृथक्त्वेन**', तथाविधेन कर्म्मस्थितेरपगमेन, '**श्रावको भवति**', भावतो देशविरत इत्यर्थः, '**चारित्रोपशमक्षयाणां**' सर्वचारित्रोपशमश्रेणिक्षपकश्रेणीनां '**सागरोपमाणि सङ्ख्येयान्यन्तरं भवति**', प्राक्तन प्राक्तन कर्म्मस्थितेः सङ्ख्येयेषु सागरोपमेषु क्षीणेषु भावत उत्तरोत्तरलाभो भवतीति गाथार्थः ॥ ९१९ ॥

આ જ વિષય કહે છે–

ગ્રંથિભેદથી ભાવ સમ્યક્ત્વની પ્રાપ્તિ વખતે રહેલી (અંતઃકોડાકોડિ) કર્મ સ્થિતિમાંથી બેથી નવ પલ્યોપમ જેટલી કર્મસ્થિતિનો ક્ષય થાય ત્યારે દેશવિરતિની પ્રાપ્તિ થાય છે. તેમાંથી પણ સંખ્યાતા સાગરોપમ જેટલી કર્મસ્થિતિ ઘટે ત્યારે સર્વવિરતિની પ્રાપ્તિ થાય છે. તેમાંથી પણ સંખ્યાતા સાગરોપમ જેટલી કર્મસ્થિતિ ઘટે ત્યારે ઉપશમશ્રેણિની પ્રાપ્તિ થાય છે. તેમાંથી પણ સંખ્યાતા સાગરોપમ જેટલી કર્મસ્થિતિ ઘટે ત્યારે ક્ષપકશ્રેણિની પ્રાપ્તિ થાય છે. [૯૧૯]

**एवं अप्परिवडिए, सम्मत्ते देवमणुअजम्मेसुं ।**
**अन्नयरसेढिवज्जं, एगभवेणं व सव्वाइं ॥ ९२० ॥**

**वृत्तिः**- '**एवमप्रतिपतिते सम्यक्त्वे**' सति '**देवमनुजजन्मसु**' संसरतो भवति '**अन्यतरश्रेणिवर्जम्**', एकजन्मनि तदुभयाभावाद्, '**एकभवेन वा**' कर्म्मविगमापेक्षया, तथैव '**सर्वाणि**' सम्यक्त्वादीनीति गाथार्थः ॥ ९२० ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમ્યક્ત્વ ટકી રહે તો દેવ-મનુષ્યભવમાં ઉત્પત્તિ થાય. દેવ-મનુષ્યભવમાં ઉત્પન્ન થતા તે જીવને બીજા બીજા મનુષ્યભવમાં દેશવિરતિ આદિનો લાભ થાય, અર્થાત્ મનુષ્યભવમાં સમ્યક્ત્વ પામેલો જીવ દેવલોકનો ભવ કરીને મનુષ્યભવમાં પૂર્વે કહી તેટલી કર્મસ્થિતિ ઘટતાં દેશવિરતિ પામે. પછી દેવલોકનો ભવ કરીને મનુષ્યભવમાં પૂર્વે કહી તેટલી કર્મસ્થિતિ ઘટતાં સર્વવિરતિ પામે, આમ ક્રમશઃ અન્ય અન્ય મનુષ્યભવમાં સમ્યક્ત્વ આદિ પામે, અથવા એક જ ભવમાં બે શ્રેણિમાંથી કોઈ એક શ્રેણિ [1]સિવાય સમ્યકત્વ આદિ બધા (ચારે) ભાવો પામે. [૯૨૦]

प्रकृतयोजनामाह-

**नेवं चरणाभावे, मोक्खत्ति पडुच्च भावचरणं तु ।**
**दव्वचरणम्मि भयणा, सोमाईणं अभावाओ ॥ ९२१ ॥**

**वृत्तिः**- '**नैवम्**'-उक्तेन प्रकारेण '**चरणाभावे**' सति '**मोक्ष इति, प्रतीत्य भावचरणमेव**' यथोदितं, '**द्रव्यचरणे**' पुनः प्रव्रज्याप्रतिपत्त्यादिलक्षणे '**भजना**' कदाचिद् भवति कदाचिन्न, कथमित्याह '**सोमादीनां**' अन्तकृत्केवलिनां '**अभावात्**', सोमेश्वरकथानकं प्रकटमिति **गाथार्थः** ॥ ९२१ ॥

**પ્રસ્તુત વિષયમાં યોજના કરે છે–**

ઉક્ત રીતે ચારિત્ર વિના મોક્ષ ન થાય એમ જે કહ્યું તે ભાવચારિત્રની જ અપેક્ષાએ કહ્યું છે. મોક્ષ થાય ત્યારે દીક્ષાનો સ્વીકાર વગેરે રૂપ દ્રવ્યચારિત્ર ક્યારેક હોય અને ક્યારેક ન પણ હોય. કારણ કે સોમેશ્વર આદિ અંતકૃત્કેવલીઓને દ્રવ્યચારિત્ર ન હતું. સોમેશ્વરની કથા પ્રસિદ્ધ છે. [૯૨૧]

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

तेषामपि च तत्तत्पूर्वकमेवेत्येतदाह-

**तेसिंपि भावचरणं, तहाविहं दव्वचरणपुव्वं तु ।**
**अन्नभवाविक्खाए, विन्नेअं उत्तमत्तेणं ॥ ९२२ ॥**

**वृत्तिः**- '**तेषामपि**' सोमादीनां '**भावचरणं**' '**तथाविधं**' झटित्येवान्तकृत्केवलित्वफलदं '**द्रव्यचरणपूर्वं तु**' उपस्थापनादिद्रव्यचारित्रपूर्वमेव '**अन्यभवापेक्षया**' जन्मान्तराङ्गीकरणेन '**विज्ञेयम्, उत्तमत्वेन**' हेतुना, उत्तममिदं न यथाकथञ्चित्प्राप्यते इति **गाथार्थः** ॥ ९२२ ॥

**સોમેશ્વર વગેરેને પણ દ્રવ્યચારિત્રપૂર્વક જ ભાવચારિત્ર હતું એ કહે છે–**

સોમેશ્વર આદિને જલદી જ અંતકૃત્કેવલીપણારૂપ ફલને આપનાર ભાવચારિત્રની પ્રાપ્તિ અન્યભવોમાં સ્વીકારેલા ઉપસ્થાપનાદિ દ્રવ્યચારિત્રપૂર્વક જ થઈ હતી એમ સમજવું. કારણ કે ભાવચારિત્ર ઉત્તમ હોવાથી ગમે તે રીતે (એકાએક) પ્રાપ્ત ન થઈ જાય. [૯૨૨]

एतदेव स्पष्टयन्नाह-

**तह चरमसरीरत्तं, अणेगभवकुसलजोगओ निअमा ।**
**पाविज्जइ जं मोहो, अणाइमंतोत्ति दुव्विजओ ॥ ९२३ ॥**

---
૧. સૈદ્ધાંતિક મતે એક ભવમાં બે શ્રેણિ ન હોય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**- '**तथा**'ऽन्तकृत्केवलिफलदं '**चरमशरीरत्वमनेकभवकुशलयोगतः**'- अनेक-जन्मधर्म्माभ्यासेन '**नियमात्**' नियमेन '**प्राप्यते**', किमित्येवमित्याह-'**यद्**' यस्मात् '**मोहः**' असत्प्रवृत्तिहेतुः '**अनादिमानिति**'कृत्वाऽभ्यासतः सात्मीभूतत्वाद् '**दुर्विजयः**', नाल्पैरेव भवैर्जेतुं शक्यत इति गाथार्थः ॥ ९२३ ॥

**આ જ વિષયને સ્પષ્ટ કરે છે–**

અંતકૃત્કેવલિપણારૂપ ફલ આપનાર ચરમશરીર [1]નિયમા અનેક જન્મો સુધી કરેલા ધર્મના અભ્યાસથી પ્રાપ્ત થાય છે. કારણ કે અસત્પ્રવૃત્તિનો હેતુ મોહ અનાદિકાળથી છે, આથી ઘણા અભ્યાસથી આત્મા સાથે એકમેક થઈ ગયો હોવાથી મોહ અત્યંત દુર્જેય છે, અર્થાત્ થોડા જ ભવોથી જીતી શકાય તેવો નથી. [૯૨૩]

अत्राह-

**मरुदेविसामिणीए, ण एवमेअंति सुव्वए जेणं ।**
**सा खु किल वंदणिज्जा, अच्चंतं थावरा सिद्धा ॥ ९२४ ॥**

**वृत्तिः**-'**मरुदेवीस्वामिन्याः**' प्रथमतीर्थकरमातुः '**नैवमेतत्**' यदुतैवं, तथा चरमशरीरत्वमित्येवं, '**श्रूयते येन**' कारणेनागमे, '**सा किल वन्दनीया**', किलशब्दः परोक्षाप्तवादसंसूचकः, '**अत्यन्तं स्थावरा सिद्धा**', कदाचिदपि त्रसत्वाप्राप्तेस्तस्या इति गाथार्थः ॥ ९२४ ॥

**અહીં વાદી પ્રશ્ન કરે છે–**

મરુદેવીમાતાને અંતકૃત્કેવલિપણારૂપ ફલ આપનાર ચરમશરીર અનેક જન્મો સુધી ધર્મના અભ્યાસથી પ્રાપ્ત થયું ન હતું. કારણ કે આગમમાં સંભળાય છે કે વંદનીયા મરુદેવી માતા પૂર્વે ક્યારે પણ ત્રસપણાને પામ્યા વિના સ્થાવરપણામાંથી સીધા મનુષ્યભવમાં આવીને મોક્ષ પામ્યા. किल શબ્દ નહિ જોયેલ આપ્તવાદનો સૂચક છે. [૯૨૪]

अत्रोत्तरमाह-

**सच्चमिणं अच्छेरगभूअं पुण भासिअं इमं सुत्ते ।**
**अन्नेऽवि एवमाई, भणिया इह पुव्वसूरीहिं ॥ ९२५ ॥**

**वृत्तिः**- '**सत्यमिदम्**'- एवमेतत् '**आश्चर्यभूतं पुनः**', नौघविषयमेव, '**भाषितमिदं सूत्रे**' मरुदेवीचरितं, तथा च '**अन्येऽप्येवमादयो**' भावाः आश्चर्यरूपा एव '**भणिता**' '**इह**' प्रवचने '**पूर्वसूरिभिः**' पूर्वाचार्यैरिति गाथार्थः ॥ ९२५ ॥

---

૧. તીર્થંકર જેવા મહાપુરુષોને પણ અનેક ભવો સુધી વૈરાગ્યનો અભ્યાસ કર્યા પછી જ અંતિમભવમાં વૈરાગ્ય જન્મથી આત્મસાત્ થાય છે. આથી જ વીતરાગ સ્તોત્રમાં કહ્યું છે કે-

**यद्वभ्यासादरैः पूर्वं, तथा वैराग्यमाहरः ।**
**यथेह जन्मन्याजन्म, तत सात्मीभावमागमत् ॥ १० । १ ॥**

હે પ્રભુ! આપે પૂર્વભવોમાં વૈરાગ્યને સારી રીતે સતત સેવનથી એવી રીતે આત્મસાત્ કર્યો કે જેથી તીર્થંકરના ભવમાં તે વૈરાગ્ય જન્મથી જ આત્મસાત્ બની ગયો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અહીં ઉત્તર આપે છે–

તમારું કહેવું સાચું છે. પણ મરુદેવીમાતાના આ વૃત્તાંતને શાસ્ત્રમાં આશ્ચર્યરૂપ કહ્યો છે, સામાન્યથી જ બનનારો કહ્યો નથી. પૂર્વાચાર્યોએ બીજા પણ આવા આશ્ચર્યરૂપ ભાવો શાસ્ત્રમાં કહ્યા છે. [૯૨૫]

तानेवाह–

**उवसग्ग गब्भहरणं, इत्थीतित्थं अभाविआ परिसा ।**
**कण्हस्स अवरकंका, अवयरणं चंदसूराणं ॥ ९२६ ॥**

**वृत्तिः**– '**उपसर्गा**' भगवतोऽपश्चिमतीर्थकरस्य, '**गर्भहरणं**'–सङ्क्रामणमस्यैव, '**स्त्रीतीर्थं**' च' मल्लिस्वामितीर्थं च, '**अभाविता पर्षत्**' भगवत एव, '**कृष्णस्यापरकङ्कागमनम्, अवतरणं चंद्रसूर्ययोः**' सह विमानाभ्यां भगवत एव समवसरण इति गाथार्थः ॥ ९२६ ॥

**हरिवंसकुलुप्पत्ती, चमरुप्पाओ अ अट्ठसय सिद्धा ।**
**अस्संजयाण पूआ, दसवि अणंतेण कालेणं ॥ ९२७ ॥**

**वृत्तिः**– '**हरिवंशकुलोत्पत्तिः**' मिथुनापहारेण, '**चमरोत्पातश्च**' सौधर्म्मगमनं, '**अष्टशत-सिद्धिरे**'कसमयेन, '**असंयतानां पूजा**' धिग्वर्णादीनां, '**दशाप्येते भावा**' '**अनन्तेन कालेन**' भवन्तीति गाथार्थः ॥ ९२७ ॥

આશ્ચર્યરૂપ ભાવોને જ કહે છે–

૧ અંતિમ તીર્થંકર શ્રી મહાવીરસ્વામીને કેવલજ્ઞાનની પ્રાપ્તિ પછી ઉપસર્ગો આવ્યા, ૨ અંતિમ તીર્થંકર શ્રી મહાવીરસ્વામીનું ગર્ભસંક્રમણ થયું, ૩ શ્રી મલ્લિનાથસ્વામી સ્ત્રીપણે તીર્થંકર થયા, ૪ શ્રી મહાવીરસ્વામીની પહેલી દેશના નિષ્ફલ બની (= કોઈ જીવ વિરતિ ન પામ્યો), ૫ કૃષ્ણવાસુદેવને ધાતકી ખંડની અપરકંકા નગરીમાં જવાનું થયું, ૬ શ્રી મહાવીરસ્વામીના સમવસરણમાં ચંદ્ર અને સૂર્ય ઈંદ્રોનું મૂળ વિમાનસહિત આગમન થયું, ૭ યુગલિકના અપહરણથી હરિવંશકુલની ઉત્પત્તિ, ૮ ચમરેંદ્રનું સૌધર્મદેવલોકમાં ગમન, ૯ એક સમયમાં (ઉત્કૃષ્ટ અવગાહનાવાળા) એકસો આઠ જીવો સિદ્ધ થયા, ૧૦ (નવમા સુવિધિનાથથી આરંભી સોળમાં શાંતિનાથ ભગવાન સુધીના આંતરામાં તીર્થવિચ્છેદ થવાથી) બ્રાહ્મણ વગેરે અસંયતની પૂજા થઈ, - આ દશેય ભાવો અનંતકાળે થયા. [૯૨૬-૯૨૭]

**णणु नेअमिहं पढिअं, सच्चं उवलक्खणं तु एआइं ।**
**अच्छेरगभूअंपिअ, भणिअं नेअंपि अणवरयं ॥ ९२८ ॥**

**वृत्तिः**– '**ननु नेदं**'–मरुदेवीचरितं '**इमिह पठितम्**', अश्रवणाद्, एतदाशङ्क्याह–'**सत्यम्**' एवमेतद्, '**उपलक्षणं त्वेतान्या**'श्चर्याणि अतोऽन्यभावेऽप्यविरोधः, तथा च '**आश्चर्यभूतमिति च भणितं**' मया पूर्वं, किमुक्तं भवति ?–'**नैतदप्यनवरतम्**', अनन्तादेव कालादेतद्भवति, यदुतासंसारं वनस्पतिभ्य उद्धृत्य सिद्ध्यतीति गाथार्थः ॥ ९२८ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પ્રશ્ન-** મરુદેવીમાતાના વૃત્તાંતને શાસ્ત્રમાં આશ્ચર્યરૂપ કહ્યો નથી. કારણ કે આ દશ આશ્ચર્યોમાં તે વૃત્તાંત સાંભળવામાં આવતો નથી.

**ઉત્તર-** તમારું કહેવું બરોબર છે. પણ આ દશ આશ્ચર્યો ઉપલક્ષણ છે. આ દશ આશ્ચર્યના ઉપલક્ષણથી અન્ય આશ્ચર્યો હોવામાં પણ વિરોધ નથી.

મરુદેવી માતાનો વૃત્તાંત આશ્ચર્યરૂપ છે એમ જે પૂર્વે કહ્યું છે તેનો અર્થ એ છે કે આવો વૃત્તાંત સતત બનતો નથી, કિંતુ અનંતા કાળે જ થાય છે. સંપૂર્ણ સંસાર સુધી વનસ્પતિકાયમાં રહીને વનસ્પતિકાયમાંથી સીધા મનુષ્યભવમાં આવીને સિદ્ધ થાય એવું અનંતા કાળે જ બને છે. [૯૨૮]

किं न सर्वेषामेतदित्याह-

**तहभव्वत्ताऽभावा, पढममणुव्वट्टणादकालाओ ।**

**इत्तरगुणजोगा खलु, न सव्वसाहारणं एअं ॥ ९२९ ॥**

**वृत्तिः-** '**तथा**' मरुदेवीकल्पित '**भव्यत्वाभावात्**' सर्वेषां तथा '**प्रथममनुद्वर्त्तनात्**' तद्वदेव '**अकालाच्च**' तथाविधकालाभावाच्च तथा '**इत्वरगुणयोगाद्धेतोः**' अन्येषां '**न साधारणमेतत्**'-मरुदेव्युदाहरणमिति गाथार्थः ॥ ९२९ ॥

બધાઓની મુક્તિ આ રીતે કેમ થતી નથી ? એ પ્રશ્નનું સમાધાન કરે છે-

(૧) બધા જીવોનું મરુદેવીમાતા સમાન ભવ્યત્વ ન હોય, બધા જીવો વનસ્પતિકાયમાંથી સીધા મનુષ્યભવમાં ન આવે, બધા જીવોનો તેવો કાલ ન હોય, તથા બધા જીવોને (પહેલાં) ઇત્વર = અલ્પકાલીન (ક્ષાયોપશમિકાદિભાવોના) ગુણોનો યોગ થાય છે, (અલ્પકાલીનગુણોનો અનેકભવોમાં અભ્યાસ કર્યા પછી જ શાશ્વત (= ક્ષાયિક ભાવોના) ગુણોનો યોગ થાય છે.) આ કારણોથી મરુદેવી-માતાનું દૃષ્ટાંત સર્વસાધારણ નથી, અર્થાત્ બધા જીવોને મરુદેવીમાતાની જેમ મુક્તિ ન થાય. [૯૨૯]

प्रकृतयोजनामाह-

**इअ चरणमेव परमं, निव्वाणपसाहणंति सिद्धमिणं ।**

**तब्भावेऽहिगयं खलु, सेसंपि कयं पसंगेणं ॥ ९३० ॥**

**वृत्तिः-** '**इय**' एवं '**चरणमेव** '**परमं**' प्रधानं '**निर्वाणप्रसाधनम्** '**इति**' एवं '**सिद्ध-मेतदि**'ति, '**तद्भावे**' चरणप्राधान्यभावे **ऽधिकृतं खलु शेषमप्ये**'तदर्थमेव, गुरुगच्छाद्यासेवनाद्यपि सिद्धं, '**कृतं प्रसङ्गेन**' पर्याप्तमानुषङ्गिकेणेति गाथार्थः ॥ ९३० ॥

। तइअं दारं सम्मत्तं ।

પ્રસ્તુત વિષયની યોજના કરે છે-

આ પ્રમાણે ચારિત્ર જ મોક્ષનું મુખ્ય સાધન છે એ સિદ્ધ થયું. ચારિત્ર પ્રધાન હોવાથી પ્રસ્તુત ગુરુ-ગચ્છસેવા વગેરે પણ ચારિત્ર માટે જ છે એ સિદ્ધ થયું. આનુષંગિક વર્ણન આટલું બસ છે. [૯૩૦]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## (૪) અનુયોગ-ગણાનુજ્ઞા-દ્વાર

एतदुपसंहारेण द्वारान्तरसम्बन्धाभिधित्सयाऽऽह-

**एवं वएसु ठवणा, समणाणं वन्निआ समासेणं ।**
**अणुओगगणाणुन्नं, अओ परं संपवक्खामि ॥ ९३१ ॥**

**वृत्तिः**- 'एवम्' उक्तेन प्रकारेण व्रतेषु स्थापना 'श्रमणानां' साधूनां वर्णिता 'समासेन' सङ्क्षेपेण, अनुयोगगणानुज्ञां प्रागुद्दिष्टामतः परं, किमित्याह-'सम्प्रवक्ष्यामि' सूत्रानुसारतो ब्रवीमिति गाथार्थः ॥ ९३१ ॥

**પ્રસ્તુતદ્વારનો ઉપસંહાર અને અન્યદ્વારનો સંબંધ કહે છે–**

ઉક્ત રીતે સાધુઓની વ્રતોમાં સ્થાપના સંક્ષેપથી કહી. હવે પછી પહેલાં જણાવેલ અનુયોગ-ગણની અનુજ્ઞા શાસ્ત્ર પ્રમાણે કહીશ. [૯૩૧]

किमित्ययं प्रस्ताव इत्याह-

**जम्हा वयसंपन्ना, कालोचिअगहिअसयलसुत्तत्था ।**
**अणुओगाणुन्नाए, जोगा भणिआ जिणिंदेहिं ॥ ९३२ ॥**

**वृत्तिः**- यस्माद्व्रतसम्पन्नाः साधवः कालोचितगृहीतसकलसूत्रार्थाः, तदात्वानुयोगवन्त इत्यर्थः, 'अनुयोगाज्ञायाः' आचार्यस्थापनारूपायाः योग्या भणिता जिनेन्द्रैः, नान्य इति गाथार्थः ॥ ९३२ ॥

जैनम् जयति शासनम्

**વ્રતમાં ઉપસ્થાપના પછી અનુયોગ-ગણની અનુજ્ઞા કહેવાનો હેતુ કહે છે–**

કારણ કે જિનેશ્વરોએ વ્રતયુક્ત અને તે કાલને ઉચિત સકલ સૂત્રાર્થોના અભ્યાસવાળા સાધુઓને અનુયોગની અનુજ્ઞાને (= આચાર્યપદે સ્થાપવાને) યોગ્ય કહ્યા છે, બીજાઓને નહિ. [૯૩૨]

कस्मादित्याह-

**इहरा उ मुसावाओ, पवयणखिंसा य होइ लोगम्मि ।**
**सेसाणवि गुणहाणी, तित्थुच्छेओ अ भावेणं ॥ ९३३ ॥ दारगाहा ॥**

**वृत्तिः**- 'इतरथा' अनीदृशानुयोगानुज्ञायां मृषावादो गुरोस्तमनुजानतः, प्रवचनखिंसा च भवति लोके, तथाभूतप्ररूपकात्, शेषाणामपि च गुणहानिः सन्नायकाभावात्, तीर्थोच्छेदश्च भावेन ततः सम्यग्ज्ञानाद्यप्रवृत्तेरिति द्वारगाथार्थः ॥ ९३३ ॥

**આવા સાધુઓને અનુજ્ઞાને યોગ્ય કેમ કહ્યા છે એ જણાવે છે–**

ઉક્તયોગ્યતાથી રહિતની અનુયોગાનુજ્ઞા કરવાથી (= આચાર્યપદે સ્થાપવાથી) અનુજ્ઞા કરનાર ગુરુને મૃષાવાદ દોષ લાગે, તેવા (= ગુણહીન) પ્રરૂપકથી લોકમાં શાસનની નિંદા થાય,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સારો નાયક ન મળવાના કારણે આશ્રિત બીજાઓના પણ ગુણોની હાનિ થાય, તેવા નાયકથી સમ્યગ્જ્ઞાનાદિની પ્રવૃત્તિ ન થવાથી પરમાર્થથી તીર્થનો વિચ્છેદ થાય. [૯૩૩]

(૧) મૃષાવાદ દ્વાર

व्यासार्थं त्वाह-

**अणुओगो वक्खाणं, जिणवरवयणस्स तस्सऽणुण्णाओ ।**

**कायव्वमिणं भवया, विहिणा सइ अप्पमत्तेणं ॥ ९३४ ॥ द्वारम् ॥**

**वृत्तिः**- '**अनुयोगो व्याख्यानमु**'च्यते '**जिनवरवचनस्य**' आगमस्य, '**तस्यानुज्ञा**' पुनरियं, यदुत '**कर्त्तव्यमिदं**' व्याख्यानं '**भवता विधिना**', न यथाकथञ्चित्, '**सदाऽप्रमत्तेन**' सर्वत्र समवसरणादाविति गाथार्थः ॥ ९३४ ॥

**कालोचिअतयभावे, वयणं निव्विसयमेवमेअंति ।**

**दुग्गयसुअंमि जहिमं, दिज्जाहि इमाइं रयणाइं ॥ ९३५ ॥**

**वृत्तिः**- '**कालोचिततदभावे**'-अनुयोगाभावे '**वचनं निर्विषयमेवैतदिति**'-तदनुज्ञावचनं, दृष्टान्तमाह-'**दुर्गतसुते**' दरिद्रपुत्रे '**यथेदं**' वचनं, यदुत '**दद्या**'**स्त्वमेतानि**' '**रत्नानि**', रत्नाभावान्निर्विषयं, यथेदमप्यनुयोगाभावादिति गाथार्थः ॥ ९३५ ॥

ઉક્ત દ્વારગાથાનો વિસ્તારથી અર્થ કહે છે-

અનુયોગ એટલે આગમનું વ્યાખ્યાન. તેની (અનુયોગની) અનુજ્ઞા એટલે "તમારે સદા અપ્રમત્તપણે સમવસરણ વગેરે સર્વસ્થળે, વિધિપૂર્વક, નહિ કે ગમે તેમ, આગમનું વ્યાખ્યાન કરવું" એવી આજ્ઞા. હવે જો કાલને અનુરૂપ સૂત્રાર્થોનું જ્ઞાન ન હોય તો ગુરુનું અનુજ્ઞાવચન ફોગટ જાય. જેમ કે બાપ દરિદ્રપુત્રને કહે કે- તું આ રત્નો આપ. પુત્ર પાસે રત્નો ન હોવાથી બાપનું દાનવચન ફોગટ થાય. તે રીતે સૂત્રાર્થોના જ્ઞાનથી રહિતને અનુયોગની અનુજ્ઞા કરવાથી ગુરુનું અનુજ્ઞાવચન ફોગટ થાય. [૯૩૪-૯૩૫]

असत्प्रवृत्तिनिमित्तापोहायाह-

**किंपिअ अहिअंपि इमं, णालंबणमो गुणेहिं गरुआणं ।**

**एत्थं कुसाइतुल्लं, अइप्पसंगा मुसावाओ ॥ ९३६ ॥**

**वृत्तिः**- '**किमपि**' यावत्तावद् '**अधीतमित्येतदालम्बनं न**' तत्त्वतो भवति '**गुणैर्गुरूणामत्र**'-व्यतिकरे, '**कुशादितुल्यम्**', अनालम्बनमित्यर्थः, कस्माद् ?-'**अतिप्रसङ्गात्**', स्वल्पस्य श्रावकादिभिरप्यधीतत्वात्, अतो '**मृषावादो**' गुरोस्तदनुजानत इति गाथार्थः ॥ ९३६ ॥

અસત્પ્રવૃત્તિના નિમિત્તને દૂર કરવા માટે કહે છે-

પ્રસ્તુતમાં ગુણોથી મહાન પુરુષો "જરા-તરા પણ ભણેલું તો છે ને ?" એવું આલંબન લેતા નથી,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અર્થાત્ થોડું ભણેલાને ભણેલો છે એમ માનીને અનુયોગની અનુજ્ઞા કરતા નથી, જરા-તરા પણ ભણેલું છે ને? એ આલંબન પડતો માણસ ઘાસનું આલંબન લે તેના જેવું છે, અર્થાત્ એ પરમાર્થથી આલંબન જ નથી. કારણ કે શ્રાવકો પણ થોડું ભણેલા હોવાથી [1]અતિપ્રસંગ દોષ આવે=શ્રાવકો પણ અનુયોગની અનુજ્ઞાને યોગ્ય બને. આથી થોડું ભણેલાને અનુયોગની અનુજ્ઞા કરનારને મૃષાવાદ દોષ લાગે. [૯૩૬]

(૨) લોકનિંદા દ્વાર

**अणुओगी लोगाणं, किल संसयणासओ दढं होइ ।**

**तं अल्लिअंति तो ते, पायं कुसलाभिगमहेउं ॥ ९३७ ॥ द्वारम् ॥**

**वृत्तिः**- '**अनुयोगी**' आचार्यः '**लोकानां किल संशयनाशको** '**दृढम्**' अत्यर्थं '**भवति**, तं '**अल्लियन्ति**' उपयान्ति '**ततस्ते**' लोकाः '**प्रायः**', किमर्थमित्याह-'**कुशलाधिगमहेतोः**' धर्म्म-परिज्ञानायेति गाथार्थः ॥ ९३७ ॥

ततः किमित्याह-

**सो थेवओ वराओ, गंभीरपयत्थभणिइमग्गंमि ।**

**एगंतेणाकुसलो, किं तेसि कहेइ सुहुमपयं ? ॥ ९३८ ॥**

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**वृत्तिः**- '**स स्तोको वराकश्च**', अल्पश्रुत इत्यर्थः, '**गम्भीरपदार्थभणितिमार्गे**' बन्धमोक्ष-स्वतत्त्वलक्षणे '**एकान्तेनाकुशलः**'-अनभिज्ञः '**किं तेभ्यः कथयति**'-लोकेभ्यः '**सूक्ष्मपदं**' बन्धादिगोचरमिति गाथार्थः ॥ ९३८ ॥

**जंकिंचिभासगं तं दट्ठूण बुहाण होअवण्णत्ति ।**

**पवयणधरो उ तम्मी, इअ पवयणखिंसमो णेआ ॥ ९३९ ॥**

**वृत्तिः**- ततश्च- '**यत्किञ्चिद्भाषकं तम्**', असम्बद्धप्रलापिनमित्यर्थः, '**दृष्ट्वा** '**बुधानां**' विदुषां '**भवत्यवज्ञेति**', कथं क्वेत्यत्राह-'**प्रवचनधरो**'ऽयमितिकृत्वा '**तस्मिन्**' प्रवचने, '**इय**' एवं '**प्रवचनखिंसा**' इह '**ज्ञेया**', अहो असारमेतद् यदयमेतदभिज्ञः सन्नेवमाहेति गाथार्थः ॥ ९३९ ॥

આચાર્ય લોકોના સંશયોનો અત્યંત નાશ કરે છે. આથી (ધર્મજિજ્ઞાસુ) લોકો ધર્મના વિશેષજ્ઞાન માટે તેમની પાસે પ્રાયઃ આવે છે. પણ જો બિચારો આચાર્ય થોડું ભણેલો હોય, બંધ-મોક્ષ વગેરે તત્ત્વોને બિલકુલ જાણતો ન હોય, તો તે લોકોને બંધ-મોક્ષ વગેરે સૂક્ષ્મપદાર્થો શી રીતે કહે=સમજાવે ? તેથી આ આચાર્ય (પૂછવા આવનારાઓને) ગમે તેમ અસંગત કહે છે એમ જાણીને વિદ્વાનો કહે કે- અહો ! આ જિનશાસન અસાર છે. કારણ કે આ પ્રવચનકાર =

1. અતિપ્રસંગ એટલે અલક્ષ્યમાં લક્ષણનું જવું. શ્રાવકો અનુયોગની અનુજ્ઞાને યોગ્ય નથી. થોડું ભણેલાને પણ અનુયોગની અનુજ્ઞા આપવામાં આવે તો શ્રાવકો પણ અનુયોગને યોગ્ય બને. એથી અતિપ્રસંગદોષ આવે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રવચનનો જાણકાર હોવા છતાં આ પ્રમાણે ગમે તેમ બોલે છે. આમ જિનશાસનની અપભ્રાજના [1]થાય. [૯૩૭-૯૩૮-૯૩૯]

**सीसाण कुणइ कह सो, तहाविहो हंदि नाणमाईणं ।**
**अहिआहिअसंपत्तिं, संसारुच्छेअणिं परमं ? ॥ ९४० ॥ द्वारम् ॥**

**वृत्तिः**– '**शिष्याणा**'मिति शिष्येषु '**करोति कथमसौ तथाविधः**' अज्ञः सन् '**हन्दी**'-त्युपप्रदर्शने '**ज्ञानादीनां**' गुणानां-ज्ञानादिगुणानां '**अधिकाधिकसंप्राप्तिं**', वृद्धिमित्यर्थः, किम्भूतामित्याह '**संसारोच्छेदिनीं**' सम्प्राप्तिं '**परमां**' प्रधानामिति गाथार्थः ॥ ९४० ॥

**अप्पत्तणओ पायं, हेआइविवेगविरहओ वावि ।**
**नहु अन्नओवि सो तं, कुणइ अ मिच्छाभिमाणाओ ॥ ९४१ ॥**

**वृत्तिः**– तथा– '**अल्पत्वात्**' तुच्छत्वात् कारणात् '**प्रायो**' बाहुल्येन, न हि तुच्छोऽसतीं गुणसम्पदमारोपयति, तथा '**हेयादिविवेकविरहतो वाऽपि**', हेयोपादेयपरिज्ञानाभावत इत्यर्थः, न '**ह्यन्यतोऽपि**' बहुश्रुता'**दसौ**'ऽज्ञ'**स्तां**' प्राप्तिं '**करोति**' तेषु, कुत इत्याह– '**मिथ्याभिमानाद्**' अहमप्याचार्य एव कथं मच्छिष्या अन्यसमीपे श्रृण्वन्तीत्येवंरूपादिति गाथार्थः ॥ ९४१ ॥

**तो तेऽवि तहाभूआ, कालेणवि होंति नियमओ चेव ।**
**सेसाणवि गुणहाणी, इअ संताणेण विन्नेआ ॥ ९४२ ॥**

**वृत्तिः**– '**ततस्तेऽपि**' शिष्याः '**तथाभूता**'-मूर्खा एव '**कालेन**' बहुनापि '**भवन्ति नियमत एव**', विशिष्टसम्पर्काभावात्, '**शेषाणामपि**'-अगीतार्थशिष्यसत्त्वानां '**गुणहानिः**, '**इय**' एवं '**सन्तानेन**' प्रवाहेन '**विज्ञेयेति**' गाथार्थः ॥ ९४२ ॥

(૩) ગુણહાનિ દ્વાર

અજ્ઞાની તે આચાર્ય શિષ્યોના સંસારનાશક અને પ્રધાન જ્ઞાનાદિગુણોની વૃદ્ધિ કેવી રીતે કરે ? કારણ કે તે તુચ્છ છે. તુચ્છ (= જ્ઞાનાદિગુણોથી રહિત) પુરુષ પ્રાયઃ પોતાની પાસે ન હોય તે ગુણસંપત્તિનું બીજામાં આરોપણ ન કરી શકે. (પોતાની પાસે જ જે વસ્તુ ન હોય તે વસ્તુ બીજાને કેવી રીતે આપી શકે ? દરિદ્ર બીજાને શ્રીમંત કેવી રીતે બનાવી શકે ?) અથવા હેયોપાદેયનું જ્ઞાન ન હોવાના કારણે શિષ્યોના જ્ઞાનાદિ ગુણોની વૃદ્ધિ ન કરે. તથા અજ્ઞાની તે બીજા બહુશ્રુત દ્વારા પણ શિષ્યોના જ્ઞાનાદિગુણોની વૃદ્ધિ ન કરે. કારણ કે મિથ્યા અભિમાનના કારણે એ માને કે હું પણ આચાર્ય જ છું, તો મારા શિષ્યો બીજા પાસે કેમ ભણે ? તેથી તેના

૧. આચાર્યને ગમે તેવા ઉત્તરો આપતા જાણીને વિદ્વાનો વિચારે કે- આ આચાર્ય હોવા છતાં ઉત્તર આપી શકતો નથી, તેથી ખરેખર ! તેમના તીર્થંકરે જ બરોબર તત્ત્વ જાણ્યું નથી. અન્યથા આ આચાર્ય આવા સામાન્ય પ્રશ્નોમાં પણ કેમ મૂંઝાય ? તથા એમ પણ વિચારે કે- આ જિનશાસન અસાર છે. કારણ કે આવા અજ્ઞાનને આચાર્ય બનાવવામાં આવે છે. આમ જિનશાસનની લોકમાં ટીકા-નિંદા થાય. આ વિષે પુદ્ગલાચાર્યનું દૃષ્ટાંત પ્રસિદ્ધ છે.

JAINSITE.com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શિષ્યો પણ ઘણા કાળ સુધી પણ અવશ્ય મૂર્ખા જ રહે. કારણ કે શિષ્યોને વિશિષ્ટ (જ્ઞાની આદિ) પુરુષો સાથે સંપર્ક ન થાય. તેના શિષ્યોના શિષ્યોની પણ ગુણહાનિ થાય. આમ પરંપરાએ ગુણહાનિ થાય. [૯૪૦-૯૪૧-૯૪૨]

**नाणाईणमभावे, होइ विसिट्ठाणऽणत्थगं सव्वं ।**

**सिरतुंडमुंडणाइवि, विवज्जयाओ जहऽन्नेसिं ॥ ९४३ ॥ द्वारम् ॥**

**वृत्तिः**- '**ज्ञानादीनामभावे**' सति '**भवति विशिष्टानां**', किमित्याह-'**अनर्थकं** '**सर्वं**' निरवशेषं '**शिरस्तुण्डमुण्डनाद्यपि**', आदिशब्दाद्भिक्षाटनादिपरिग्रहः, कथमनर्थकमित्याह- '**विपर्ययात्**' कारणाद् '**यथाऽन्येषां**'-चरकादीनामिति गाथार्थः ॥ ९४३ ॥

**ण य समइविगप्पेणं, जहा तहा कयमिणं फलं देइ ।**

**अवि आगमाणुवाया, रोगचिगिच्छाविहाणं व ॥ ९४४ ॥**

**वृत्तिः**- '**न च स्वमतिविकल्पेन**' आगमशून्येन '**यथा तथा कृतमिदं**'-शिरस्तुण्डमुण्डनादि '**फलं ददाति**' स्वर्गापवर्गलक्षणम्, '**अपिच** '**आगमानुपाताद्**' आगमानुसारेण कृतं ददाति, किमिवेत्याह- '**रोगचिकित्साविधानवत्**', तदेकप्रमाणत्वात् परलोकस्येति गाथार्थः ॥ ९४४ ॥

**इय दव्वलिंगमित्तं, पायमगीआओ जं अणत्थफलं ।**

**जायइ ता विण्णेओ, तित्थुच्छेओ अ भावेणं ॥ ९४५ ॥**

**वृत्तिः**- '**इय**' एवं '**द्रव्यलिङ्गमात्रं**' भिक्षाटनादिफलं '**प्रायोऽगीतार्थाद्**' गुरोः सकाशाद् '**यद्**' यस्मा **दनर्थफलं**' विपाके '**जायते** '**तत्**' तस्मा **द्विज्ञेयः तीर्थोच्छेद एव** '**भावेन**' परमार्थेन मोक्षलक्षण-तीर्थफलाभावादिति गाथार्थः ॥ ९४५ ॥

(૪) तीर्थोच्छेद દ્વાર

વિશિષ્ટ જ્ઞાનાદિગુણોના અભાવમાં મસ્તક-દાઢીનું મુંડન, ભિક્ષાટન વગેરે બધાં અનુષ્ઠાનો ચરક વગેરે અન્યધર્મીના અનુષ્ઠાનોની જેમ નિરર્થક થાય. કારણ કે જ્ઞાનાદિ ગુણોના અભાવમાં બધાં અનુષ્ઠાનો જિનાજ્ઞાથી વિરુદ્ધ થાય. આગમ વિના કેવળ સ્વમતિકલ્પનાથી જેમ તેમ કરેલાં મસ્તક-દાઢી મુંડન વગેરે અનુષ્ઠાનો સ્વર્ગ-મોક્ષરૂપ ફલ આપતાં નથી, કિંતુ આગમાનુસારે કરવામાં આવે તો ફલ આપે છે. જેમ અજ્ઞાન રોગી પોતાની મતિકલ્પના પ્રમાણે ચિકિત્સા કરે તો આરોગ્ય ન મેળવે, પણ જો અનુભવી વૈદ્યના કહેવા પ્રમાણે ચિકિત્સા કરે તો આરોગ્ય મેળવે, તેમ પરલોકમાં આગમ જ પ્રમાણ હોવાથી આગમ પ્રમાણે કરેલાં અનુષ્ઠાનો સ્વર્ગ-મોક્ષરૂપ ફલ આપે છે. આ પ્રમાણે અગીતાર્થ ગુરુથી પ્રાયઃ ભિક્ષાટનાદિ ફલવાળા માત્ર દ્રવ્યલિંગની પ્રાપ્તિ થાય છે. એ દ્રવ્યલિંગથી પરિણામે અનર્થ થાય છે. માટે પરમાર્થથી તો તીર્થનો વિચ્છેદ જ થાય. કારણ કે તીર્થનું ફલ મોક્ષ છે. તે ફળ દ્રવ્યલિંગથી મળતું નથી. [૯૪૩-૯૪૪-૯૪૫]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**कालोचिअसुत्तत्थे, तम्हा सुविणिच्छियस्स अणुओगो ।**

**नियमाऽणुजाणिअव्वो, न सवणओ चेव जह भणिअं ॥ ९४६ ॥**

**वृत्तिः-** '**कालोचितसूत्रार्थे**'ऽस्मिन् विषये '**तस्मात्** '**सुविनिश्चितस्य**' ज्ञाततत्त्वस्य '**अनुयोगः**'- उक्तलक्षणः '**नियमाद्**' एकान्तेन '**अनुज्ञातव्यो**' गुरुणा, '**न श्रवणत एव**'- श्रवणमात्रेणैव, कथमित्याह-यतो भणितं सम्मत्यां सिद्धसेनाचार्येणेति गाथार्थः ॥ ९४६ ॥

માટે ગુરુએ કાલને અનુરૂપ સૂત્રાર્થસંબંધી તત્ત્વના (= રહસ્યના) જ્ઞાતાને જ અનુયોગની અનુજ્ઞા કરવી, પણ જેણે માત્ર સૂત્રાર્થ સાંભળ્યા હોય-વાંચ્યા હોય તેને અનુયોગની અનુજ્ઞા ન કરવી. કારણ કે શ્રીસિદ્ધસેનસૂરિએ સંમતિતર્કગ્રંથમાં (નીચે પ્રમાણે) કહ્યું છે. [૯૪૬]

**जह जह बहुस्सुओ सम्मओ अ सीसगणसंपरिवुडो अ ।**

**अविणिच्छिओ अ समए, तह तह सिद्धंतपडिणीओ ॥ ९४७ ॥**

**वृत्तिः-** '**यथा यथा बहुश्रुतः**' श्रवणमात्रेण '**सम्मतश्च**' तथाविधलोकस्य '**शिष्यगणसम्परिवृतश्च**' किमित्याह- बहुमूढपरिवारश्च, अमूढानां तथाविधापरिग्रहणाद्, '**अविनिश्चितश्च**' अज्ञाततत्त्वश्च '**समये**' सिद्धान्ते '**तथा तथा**'ऽसौ वस्तुस्थित्या '**सिद्धान्तप्रत्यनीकः**' सिद्धान्तविनाशकः, तल्लाघवापादनादिति गाथार्थः ॥ ९४७ ॥

સાધુ જેમ જેમ માત્ર સાંભળીને બહુશ્રુત બનતો જાય, જેમ જેમ તેવા [1](ભોળા) લોકોને સંમત થતો જાય, જેમ જેમ અતિશય [2]મૂઢ શિષ્યોનો પરિવાર વધતો જાય, અને સિદ્ધાંતસંબંધી તત્ત્વોનો (રહસ્યોનો) જ્ઞાતા ન હોય, તેમ તેમ તે પરમાર્થથી સિદ્ધાંતનો વિનાશક બને. કારણ કે તે સિદ્ધાંતની લઘુતા કરે. [૯૪૭]

एतदेव भावयति-

**सव्वण्णूहिँ पणीयं, सो उत्तममइसएण गंभीरं ।**

**तुच्छकहणाए हिट्ठा, सेसाणवि कुणइ सिद्धंतं ॥ ९४८ ॥**

**वृत्तिः-** '**सर्वज्ञैः प्रणीतं** '**सः**' अविनिश्चितः '**उत्तमं**' प्रधानं **मतिशयेन** '**गम्भीरं**' भावार्थसारं '**तुच्छकथनया**' अपरिणतदेशनया **ऽधः शेषाणामपि**' सिद्धान्तानां '**करोति**', तथाविधलोकं प्रति '**सिद्धान्तमि**'ति गाथार्थः ॥ ९४८ ॥

**अविणिच्छिओ ण सम्मं, उस्सग्गववायजाणओ होइ ।**

**अविसयपओगओ सिं, सो सपरविणासओ निअमा ॥ ९४९ ॥**

---

१. સમજુ જીવો તેવાને માને નહિ.
२. વિવેકી જીવો તેવાને ગુરુ તરીકે સ્વીકારે નહિ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्ति:**- तथा- '**अविनिश्चित:**' समये '**न सम्यगुत्सर्गापवादज्ञो भवति**' सर्वत्रैव, तत- '**श्चाविषयप्रयोगतोऽनयो:**'-उत्सर्गापवादयोस्तथाविध: '**स्वपरविनाशको नियमात्**', कूटवैद्यवदिति गाथार्थ: ॥ ९४९ ॥

આ વિષયને જ વિચારે છે–

તે અત્યંત પ્રધાન અને ભાવાર્થથી સારભૂત એવા સર્વજ્ઞપ્રાણીત સિદ્ધાંતને અપરિણત દેશનાથી તેવા પ્રકારના લોકોની આગળ જૈનેતર સિદ્ધાંતોથી પણ હલકો કરે, અર્થાત્ એવી દેશના આપે કે જેથી લોકો જૈનદર્શનને અન્યદર્શનોથી ઉતરતું છે એમ સમજે. તથા સિદ્ધાંતના રહસ્યોનો અજ્ઞાતા તે બધા જ પ્રસંગોમાં ઉત્સર્ગ-અપવાદને બરોબર જાણે નહિ, એથી તે બંનેનો અસ્થાને ઉપયોગ કરે, અર્થાત્ ઉત્સર્ગના સ્થાને અપવાદનો અને અપવાદના સ્થાને ઉત્સર્ગનો ઉપયોગ કરવો વગેરે રીતે ઉત્સર્ગ-અપવાદનો અસ્થાને ઉપયોગ કરે. આમ કરીને તે નિયમા મૂર્ખ વૈદ્યની (ઊંટવૈદ્યની) જેમ સ્વ-પરના આત્માનો વિનાશ કરે. [૯૪૮-૯૪૯]

**ता तस्सेव हिअट्ठा, तस्सीसाणमणुमोअगाणं च ।**
**तह अप्पणो अ धीरो, जोगस्सऽणुजाणई एवं ॥ ९५० ॥**

**वृत्ति:**-'**तत्**' तस्मात् '**तस्यैव**'-अधिकृतानुयोगधारिणो '**हितार्थं**' परलोके तथा '**तच्छिष्याणां**' भाविनाम् '**अनुमोदकानां च**' तथाविधाज्ञप्राणिनां '**तथाऽऽत्मनश्च**' हितार्थं आज्ञाराधनेन '**धीरो**' गुरु: '**योग्याय**' विनेयाय '**अनुजानाति**' '**एवं**' वक्ष्यमाणेन विधिनाऽनुयोगमिति गाथार्थ: ॥ ९५० ॥

માટે પ્રસ્તુત અનુયોગધરનું (= જેને આચાર્યપદ આપવાનું છે તેનું) પરલોકમાં હિત થાય એ માટે, તેના શિષ્યોના હિત માટે, તેની અનુમોદના-પ્રશંસા કરનારા તેવા અજ્ઞાન જીવોના હિત માટે, અને જિનાજ્ઞાની આરાધનાથી પોતાનું પણ હિત થાય એ માટે, ધીરગુરુ હવે કહેવાશે તે વિધિથી યોગ્ય શિષ્યને અનુયોગની અનુજ્ઞા કરે. [૯૫૦]

**तिहिजोगम्मि पसत्थे, गहिए काले निवेइए चेव ।**
**ओसरणमह णिसिज्जारयणं संघट्टणं चेव ॥ ९५१ ॥**

**वृत्ति:**- '**तिथियोगे प्रशस्ते**' सम्पूर्णशुभादौ '**गृहीते काले**' विधिना '**निवेदिते चैव**' गुरो: '**समवसरणम्**', अथ '**निषद्यारचनम्**', उचितभूमावक्षगुरुनिषद्याकरणमित्यर्थ:, '**सङ्घट्टनं चैव**' अक्षनिक्षेप इति गाथार्थ: ॥ ९५१ ॥

તિથિ વગેરે સંપૂર્ણ શુભ હોય ત્યારે અનુયોગની અનુજ્ઞા કરવી. વિધિથી કાલગ્રહણ લેવું. ગુરુને કાલનું પ્રવેદન કરવું. ગુરુનું આસન પાથરવું. યોગ્યભૂમિમાં સ્થાપનાચાર્ય માટે આસન પાથરવું અને સ્થાપનાચાર્ય મૂકવા. [૯૫૧]

**तत्तो पवेइआए, उवविसइ गुरू उ णिअनिसिज्जाए ।**
**पुरओ अ ठाइ सीसो, सम्ममहाजायउवकरणो ॥ ९५२ ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**– '**ततः**' तदनन्तरं रचकेन साधुना '**प्रवेदितायां**' कथितायां वसत्यां '**उपविशति गुरुः**'-आचार्य एव, न शेषसाधवः, क्वेत्याह-'**निजनिषद्यायां**', या तदर्थमेव रचितेति, '**पुरतश्च शिष्यः तिष्ठति**' प्रकान्तः '**सम्यग्**'-असम्भ्रान्तः '**यथाजातोपकरणो**' रजोहरणमुखवस्त्रिकादिधर इति गाथार्थः ॥ ९५२ ॥

ત્યાર બાદ આસન પાથરનાર સાધુ વસતિનું પ્રવેદન કરે, પછી શેષ સાધુઓ નહિ, કિંતુ આચાર્ય જ પોતાના માટે પૂર્વે પાથરેલ આસન ઉપર બેસે. આચાર્યની આગળ જેને અનુયોગની અનુજ્ઞા કરવાની છે તે શિષ્ય સ્થિરચિત્તે (यथाजातोपकरणो =) જન્મ વખતે બે હાથ લલાટે જોડેલા હોય છે તે રીતે બે હાથ લલાટે જોડીને, ચોલપટ્ટા સિવાય અન્ય કોઈ વસ્ત્ર પહેર્યા વિના, રજોહરણ અને મુખવસ્ત્રિકાને લઈને ઊભો રહે. [૯૫૨]

**पेहिंति तओ पोत्तिं, तीए अ ससीसगं पुणो कायं ।**
**बारस वंदण संदिस, सज्झायं पट्ठवामोत्ति ॥ ९५३ ॥**

**वृत्तिः**– '**प्रत्युपेक्षते तदनन्तरं मुखवस्त्रिकां**' द्वावपि, तथा '**च मुखवस्त्रिकया सशिरः पुनः कायं**' प्रत्युपेक्षते इति, ततः शिष्यः '**द्वादशावर्त्तवन्दन**'पुरस्सरमाह- '**सन्दिशत**' यूयं '**स्वाध्यायं** '**प्रस्थापयामः**' प्रकर्षेण वर्त्तयाम इति गाथार्थः ॥ ९५३ ॥

ત્યાર બાદ ગુરુ-શિષ્ય બંને મુહપત્તિનું પડિલેહણ કરે, મુહપત્તિથી મસ્તકસહિત કાયાનું પડિલેહણ કરે. ત્યાર બાદ શિષ્ય દ્વાદશાવર્ત વંદન કરીને ગુરુને કહે કે- संदिसह सज्झायं पट्ठवामो = "આપ આજ્ઞા આપો કે જેથી અમે સ્વાધ્યાય શરૂ કરીએ." [૯૫૩]

**पट्ठवसु अणुण्णाए, तत्तो दुअगावि पट्ठवेइंत्ति ।**
**तत्तो गुरु निसीअइ, इअरोऽवि णिवेअइ तयंति ॥ ९५४ ॥**

**वृत्तिः**– '**प्रस्थापय**' इत्य'**नुज्ञाते**' सति गुरुणा '**ततो** '**द्वावपि**' गुरुशिष्यौ '**प्रस्थापयत**' इति, '**ततः**' तदनन्तरं '**गुरुर्निषीदति**' स्वनिषद्यायां, '**इतरोऽपि**' शिष्यः '**निवेदयति**' तं स्वाध्यायमिति गाथार्थः ॥ ९५४ ॥

પછી ગુરુ पट्ठवसु = 'શરૂ કરો' એમ આજ્ઞા આપે, પછી ગુરુ-શિષ્ય બંને સજ્ઝાય પઠવે, પછી ગુરુ પોતાના આસને બેસે, અને શિષ્ય સજ્ઝાય પવેવે=ગુરુને સ્વાધ્યાયનું નિવેદન કરે. [૯૫૪]

**तत्तोऽवि दोऽवि विहिणा, अणुओगं पट्ठविंति उवउत्ता ।**
**वंदित्तु तओ सीसो, अणुजाणावेइ अणुओगो ॥ ९५५ ॥**

**वृत्तिः**– '**ततश्च** '**द्वावपि**' गुरुशिष्यौ '**विधिना**' प्रवचनोक्तेन '**अनुयोगं प्रस्थापयतः उपयुक्तौ**' सन्तौ, '**वन्दित्वा** '**ततः**' तदनन्तरं '**शिष्यः**', किमित्याह-'**अनुज्ञापयत्यनुयोगं**' गुरुणेति गाथार्थः ॥ ९५५ ॥

ત્યારબાદ ગુરુ-શિષ્ય બંને ઉપયોગપૂર્વક શાસ્ત્રોક્ત વિધિથી અનુયોગ પઠવે, પછી શિષ્ય ગુરુ પાસે અનુયોગની અનુજ્ઞા કરાવે. [૯૫૫]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**अभिमंतिऊण अक्खे, वंदइ देवे तओ गुरू विहिणा ।**

**ठिअ एव नमोक्कारं, कड्ढइ नंदिं च संपुन्नं ॥ ९५६ ॥**

**वृत्तिः**- '**अभिमन्त्र्य**' चाचार्यमन्त्रे**णाक्षान्**'-चन्दनकान् '**वन्दते** '**देवान्**' चैत्यानि '**ततो गुरुर्विधिना**' प्रवचनोक्तेन, ततः किमित्याह-'**स्थित एवो**'र्ध्वस्थानेन '**नमस्कारं**' पञ्चमङ्गल-कमाकर्पयति-३ '**पठति, नन्दीं च सम्पूर्ण**'ग्रन्थपद्धतिमिति गाथार्थः ॥ ९५६ ॥

પછી ગુરુ સૂરિમંત્રથી સ્થાપનાચાર્ય માટે ઉપયોગમાં આવતા અક્ષોને મંત્રિત કરે. પછી [1]ગુરુ શાસ્ત્રોક્ત વિધિથી દેવવંદન કરે. પછી ગુરુ ઊભા થઈને ત્રણ નમસ્કારમંત્ર ગણીને સંપૂર્ણ નંદીસૂત્ર કહે. [૯૫૬]

**इअरोऽवि ठिओ संतो, सुणेइ पोत्तीइ ठइअमुहकमलो ।**

**संविग्गो उवउत्तो अच्चंतं सुद्धपरिणामो ॥ ९५७ ॥**

**वृत्तिः**- '**इतरोऽपि**' शिष्यः '**स्थित**' सन्नूर्ध्वस्थानेन '**श्रृणोति, मुखवस्त्रिकया**' विधिगृहीतया '**स्थगितमुखकमलः**' सन्निति, स एव विशेष्यते-'**संविग्नो**' मोक्षार्थी '**उपयुक्त**'स्तत्रैकाग्रतया, अनेन प्रकारे**णात्यन्तं** '**शुद्धपरिणामः**' शुद्धाशय इति गाथार्थः ॥ ९५७ ॥

મોક્ષાર્થી અને એથી જ અત્યંત શુદ્ધ આશયવાળો શિષ્ય પણ ઊભો રહીને વિધિપૂર્વક ટચલી અંગુલિથી પકડેલી મુહપત્તિથી મુખકમલ ઢાંકીને એકાગ્રચિત્તે નંદીસૂત્ર સાંભળે. [૯૫૭]

**तो कड्ढिऊण नंदिं, भणइ गुरू अह इमस्स साहुस्स ।**

**अणुओगं अणुजाणे, खमासमणाण हत्थेणं ॥ ९५८ ॥**

**वृत्तिः**- 'तत '**आकृष्य**' पठित्वा '**नन्दीं भणति** '**गुरुः**' आचार्यः- '**अहमस्य साधो**'-रुपस्थितस्य '**अनुयोगम्**'-उक्तलक्षणं '**अनुजानामि** '**क्षमाश्रमणानां**' प्राक्तनऋषीणां '**हस्तेन**', न स्वमनीषिकयेति गाथार्थः ॥ ९५८ ॥

कथमित्याह-

**दव्वगुणपज्जवेहि अ, एस अणुन्नाउ वंदिउं सीसो ।**

**संदिसह किं भणामो ?, इच्चाइ जहेव सामइए ॥ ९५९ ॥**

**वृत्तिः**- '**द्रव्यगुणपर्यायैः**' व्याख्याङ्गरूपैः '**एषोऽनुज्ञात**' इति, अत्रान्तरे '**वन्दित्वा शिष्यः सन्दिशत**' यूयं '**किं भणामीत्यादि**' वचनजातं '**यथैव सामायिके**' तथैव द्रष्टव्यमिति गाथार्थः ॥ ९५९ ॥

પછી ગુરુ હું આ સાધુને સ્વમતિથી નહિ, કિંતુ પૂર્વકાલીન ઋષિઓના હસ્તે વ્યાખ્યાનના અંગરૂપ દ્રવ્યગુણપર્યાયોથી અનુયોગની અનુજ્ઞા કરું છું એમ કહે. આ વખતે અનુયોગની અનુજ્ઞા

૧. ગુરુ-શિષ્ય બંને દેવ વાંદે, એમ સમજાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પામેલો શિષ્ય ગુરુને વંદન કરીને संदिसह किं भणामि વગેરે સામાયિકમાં કહેલ વિધિ મુજબ જ કહે. [૯૫૮-૯૫૯]

यदत्र नानात्वं तदभिधातुमाह–

**नवरं सम्मं धारय, अन्नेसिं तह पवेअह भणाइ ।**

**इच्छामणुसट्ठीए, सीसेण कयाइ आयरिओ ॥ ९६० ॥**

**वृत्तिः**– '**नवरं**' अत्र '**सम्यग् धारय**', आचारासेवनेनेत्यर्थः, '**अन्येभ्यस्तथा प्रवेदय**' सम्यगेवेति '**भणति**', कदेत्याह–'**इच्छाम्यनुशास्तौ शिष्येण कृतायां**' सत्यां '**आचार्य**' इति गाथार्थः ॥ ९६० ॥

**અહીં સામાયિકના વિધિથી જે ફેરફાર છે તે કહે છે–**

પણ શિષ્ય इच्छामि अणुसट्ठिं (= હું હિતશિક્ષાને ઈચ્છું છું) એમ કહે ત્યારે ગુરુ કહે કે- सम्मं धारय अन्नेसिं तह पवेअह = તું આચારોનું પાલન કરવા વડે અનુયોગને બરોબર ધારણ કરજે અને બીજાઓને અનુયોગ બરોબર કહેજે. [૯૬૦]

**तिपयक्खिणीकए तो, उवविसए गुरु कए अ उस्सग्गे ।**

**सणिसेज्जत्तिपयक्खिण, वंदण सीसस्स वावारो ॥ ९६१ ॥**

**वृत्तिः**– '**त्रिप्रदक्षिणीकृते**' सति शिष्येण '**तत उपविशति गुरुः**', अत्रान्तरेऽनुज्ञाकायोत्सर्गः, '**कृते च कायोत्सर्गे**' तदनु '**सनिषद्ये**' गुरौ '**त्रिप्रदक्षिणं वन्दनं**' भावसारं '**शिष्यस्य व्यापारो**'ऽयमिति गाथार्थः ॥ ९६१ ॥

શિષ્ય સ્થાપનાચાર્યને ત્રણ પ્રદક્ષિણા આપી દે એટલે ગુરુ પોતાના આસને બેસે. આ વખતે ગુરુ અનુજ્ઞાનો કાયોત્સર્ગ કરે. ગુરુ અનુજ્ઞાનો કાયોત્સર્ગ કરી લે એટલે શિષ્ય આસને બેઠેલા ગુરુને ત્રણ પ્રદક્ષિણા આપીને ભાવપૂર્વક વંદન કરે. [૯૬૧]

**उववसिइ गुरुसमीवे, सो साहइ तस्स तिन्नि वाराओ ।**

**आयरियपरंपरएण आगए तत्थ मंतपए ॥ ९६२ ॥**

**वृत्तिः**– '**उपविशति गुरुसमीपे**' तन्निषद्यायामेव दक्षिणपार्श्वे शिष्यः, '**सः**' गुरुः '**कथयति तस्य त्रीन् वारान्**', किमित्याह–'**आचार्यपारम्पर्येणागतानि**' पुस्तकादिष्वलिखितानि '**तत्र मन्त्रपदानि**' विधिना सर्वार्थसाधकानीति गाथार्थः ॥ ९६२ ॥

પછી શિષ્ય ગુરુના જ આસન ઉપર ગુરુની જમણી બાજુ ગુરુની પાસે બેસે. પછી ગુરુ પુસ્તકોમાં નહિ લખેલા કિંતુ આચાર્ય પરંપરાથી આવેલા અને સર્વકાર્યસાધક એવા મંત્રપદો (= સૂરિમંત્ર) શિષ્યને વિધિપૂર્વક ત્રણ વાર કહે. [૯૬૨]

तथा–

**देइ तओ मुट्ठीओ, अक्खाणं सुरभिगंधसहिआणं ।**

**वड्ढंतिआओ सोऽवि अ, उवउत्तो गिण्हई विहिणा ॥ ९६३ ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः-** '**ददाति त्रीन् मुष्टीना**'**चार्यो ऽक्षाणां**'-चन्दनकानां'**सुरभिगन्धसहितानां वर्द्धमानान्**' प्रतिमुष्टिं, '**सोऽपि च**' शिष्यः '**उपयुक्तः**' सन् '**गृह्णाति विधिने**'ति गाथार्थः ॥ ९६३ ॥

તથા વર્ધમાન ત્રણ મુઠી સુગંધી અક્ષો (=સ્થાપનાચાર્ય) આપે. વર્ધમાન એટલે પહેલી મુઠીથી બીજી મુઠીમાં વધારે, બીજીથી ત્રીજીમાં વધારે અક્ષ હોય તેવી. શિષ્ય પણ એકાગ્રચિત્તવાળો બનીને વિધિપૂર્વક લે. [૯૬૩]

**उट्ठेति निसिज्जाओ, आयरिओ तत्थउवविसइ सीसो ।**

**तो वंदई गुरू तं, सहिओ सेसेहिँ साहूहिं ॥ ९६४ ॥**

**वृत्तिः-** एवं व्याख्याङ्गरूपानक्षान् दत्त्वा '**उत्तिष्ठति निषद्यायाः आचार्य**' अत्रान्तरे '**तत्रोपविशति शिष्योऽ**'नुयोगी, '**ततो वन्दते गुरुस्तं शिष्यसहितः, शेषसाधुभिः**' सन्निहितैरिति गाथार्थः ॥ ९६४ ॥

આ પ્રમાણે વ્યાખ્યાનના અંગરૂપ અક્ષોને આપીને ગુરુ આસન ઉપરથી ઊભા થઈ જાય, અને અનુયોગી (આચાર્ય બનેલ) શિષ્ય ગુરુના આસન ઉપર બેસે. પછી ગુરુ ત્યાં પાસે રહેલા બીજા સાધુઓ સહિત નૂતન આચાર્યને વંદન કરે. [૯૬૪]

**भणइ अ कुण वक्खाणं, तत्थ ठिओ चेव तो तओ कुणइ ।**

**णंदाइ जहासत्ती, परिसं नाऊण वा जोग्गं ॥ ९६५ ॥**

**वृत्तिः-** '**भणति च कुरु व्याख्यानमि**'ति तमभिनवाचार्यं, '**तत्र स्थित एव ततोऽसौ करोति**' तद्व्याख्यानमिति, '**नन्द्यादि यथाशक्त्येति**', तद्विषयमित्यर्थः, '**पर्षदं वा ज्ञात्वा योग्यम**'न्यदपीति गाथार्थः ॥ ९६५ ॥

પછી ગુરુ નવા આચાર્યને વ્યાખ્યાન કરવાનું કહે. નૂતન આચાર્ય ગુરુના આસન ઉપર જ બેસીને સ્વશક્તિ પ્રમાણે નંદી આદિ સૂત્રનું વ્યાખ્યાન કરે, અથવા પર્ષદાને ઓળખીને બીજું પણ પર્ષદાને અનુરૂપ વ્યાખ્યાન કરે. [૯૬૫]

**आयरियनिसिज्जाए, उवविसणं वंदणं च तह गुरुणो ।**

**तुल्लगुणखावणट्ठा, न तया दुट्ठं दुविण्हंपि ॥ ९६६ ॥**

**वृत्तिः-** '**आचार्यनिषद्यायामुपविशनम**'भिनवाचार्यस्य, '**वन्दनं च तथा गुरोः**' प्रथम-मेवाचार्यस्य, '**तुल्यगुणख्यापनार्थं**' लोकानां '**न तदा दुष्टं**' '**द्वयोरपि**' शिष्याचार्ययोः, जीतमेतदिति गाथार्थः ॥ ९६६ ॥

નૂતન આચાર્ય (પૂર્વકાલીન) આચાર્યના આસન ઉપર બેસે, અને (પૂર્વકાલીન) આચાર્ય નૂતન આચાર્યને પહેલાં જ વંદન કરે એ લોકોને બંને આચાર્યો તુલ્યગુણવાળા (સમાન) છે એ જણાવવા માટે હોવાથી અયોગ્ય નથી, એમ કરવું એ શિષ્ય અને આચાર્યનો જીત=આચાર છે. [૯૬૬]

जैन साईट JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वंदंति तओ साहू, उट्ठइ अ तओ पुणो णिसिज्जाओ ।**
**तत्थ निसिअई गुरू, उववूहण पढममन्ने उ ॥ ९६७ ॥**

**वृत्तिः**- '**वन्दन्ते ततः साधवः**' व्याख्यानसमनन्तरं, '**उत्तिष्ठति च ततः पुनर्निषद्यायाः**' अभिनवाचार्यः, '**तत्र**' निषद्यायां '**निषीदति च गुरु**'र्मौलः, '**उपबृंहण**'मत्रान्तरे, '**प्रथममन्ये**' तु-व्याख्यानादाविति गाथार्थः ॥ ९६७ ॥

પછી સાધુઓ નૂતનસૂરિને વંદન કરે. પછી નૂતનસૂરિ આસન ઉપરથી ઉઠી જાય અને મૂલ ગુરુ તે આસન ઉપર બેસે. આ વખતે પૂર્વકાલીન આચાર્ય નૂતનસૂરિને ઉપબૃંહણા (= ઉત્સાહવર્ધક પ્રેરણા) કરે. બીજાઓ કહે છે કે નૂતનસૂરિ વ્યાખ્યાન કરે તે પહેલાં પૂર્વકાલીન આચાર્ય નૂતનસૂરિને ઉપબૃંહણા કરે. [૯૬૭]

**धण्णो सि तुमं णायं, जिणवयणं जेण सव्वदुक्खहरं ।**
**ता सम्ममिअं भवया, पउंजियव्वं सया कालं ॥ ९६८ ॥**

**वृत्तिः**- '**धन्योऽसि त्वं**' सम्यग् '**ज्ञातं जिनवचनं येन**' भवता '**सर्वदुःखहरं**' मोक्षहेतुः, '**तत्सम्यगिदं भवता**'-प्रवचननीत्या '**प्रयोक्तव्यं**' '**सदा**' '**सर्वकाल**'मनवरतमिति गाथार्थः ॥ ९६८ ॥

**इहरा उ रिणं परमं, असम्मजोगो अजोगओ अवरो ।**
**ता तह इह जइअव्वं, जह एत्तो केवलं होइ ॥ ९६९ ॥**

**वृत्तिः**- '**इतरथा ऋणं परम**'मेतत्, सदाऽप्रयोगे सुखशीलतया, '**असम्यग्योगश्चायोग-तोऽप्यपरः**'- पापीयान् द्रष्टव्यः, '**तत् तथेह यतितव्य**'मुपयोगतो '**यथाऽतः केवलं भवति**'-परमज्ञानमिति गाथार्थः ॥ ९६९ ॥

**परमो अ एस हेऊ, केवलनाणस्स अन्नपाणीणं ।**
**मोहावणयणओ तह, संवेगाइसयभावेण ॥ ९७० ॥**

**वृत्तिः**- '**परमश्चैषः**'- जिनवचनप्रयोगः '**हेतुः केवलज्ञानस्य**', अवन्ध्य इत्यर्थः, कुत इत्याह- '**अन्यप्राणिनां मोहापनयनात्**' परार्थकरणात् '**तथा संवेगातिशयभावेन**' उभयोरपीति गाथार्थः ॥ ९७० ॥

(કેવી ઉપબૃંહણા કરે તે સામાન્યથી જણાવે છે–)

સર્વદુઃખહર=મોક્ષહેતુ જિનવચનને સમ્યગ્ જાણનાર તમે ધન્ય છો ! આથી તમારે શાસ્ત્રોક્ત વિધિથી સદા જિનવચનનો પ્રયોગ કરવો જોઈએ=બીજાને આપવું જોઈએ. જો સુખશીલતાથી સદા જિનવચનનો પ્રયોગ ન કરવામાં આવે તો માથે મોટું ઋણ રહે. જિનવચનના અપ્રયોગથી જિનવચનનો અસમ્યગ્ પ્રયોગ વધારે પાપી છે, અર્થાત્ જિનવચનના અપ્રયોગથી જિનવચનના અસમ્યગ્ પ્રયોગમાં વધારે પાપ લાગે. (અસમ્યગ્ પ્રયોગ એટલે અયોગ્યને જિનવચન આપવું, અથવા જે પદનો જે અર્થ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થતો હોય તેનાથી વિપરીત અર્થ જણાવવો વગેરે.) આથી અહીં (= જિનવચનના પ્રયોગમાં) [1]ઉપયોગપૂર્વક તેવી રીતે યત્ન કરવો કે જેથી જિનવચન પ્રયોગથી કેવલજ્ઞાન થાય. જિનવચનપ્રયોગ (= જિનવચન અન્યને આપવું એ) કેવલજ્ઞાનનો અવંધ્ય હેતુ છે. કારણ કે જિનવચનપ્રયોગથી અન્ય (જિનવચન લેનારા) જીવનો મોહ દૂર થાય, (જિનવચન આપનારને) પરોપકાર થાય, તથા બંનેને (લેનાર-દેનારને) અતિશય સંવેગ થાય. [૯૬૮-૯૬૯-૯૭૦]

**एवं उववूहेउं, अणुओगविसज्जणट्ठ उस्सग्गो ।**
**कालस्स पडिक्कमणं, पवेअणं संघविहिदाणं ॥ ९७१ ॥**

**वृत्तिः-** '**एवमुपबृंह्य**' तमाचार्यं '**अनुयोगविसर्ज्जनार्थमुत्सर्गः**' क्रियते, '**कालस्य प्रतिक्रमणं**' तदन्वेव, '**प्रवेदनं**' निरुद्धस्य, '**सङ्घविधिदानं**' यथाशक्ति नियोगत इति गाथार्थः ॥ ९७१ ॥

આ પ્રમાણે ઉપબૃંહણા કર્યા પછી નૂતન આચાર્યને અનુયોગની અનુજ્ઞા આપવા નિમિત્તે કાઉસ્સગ્ગ કરવામાં [2]આવે છે. ત્યારપછી જ કાલનું [3]પ્રતિક્રમણ કરે. પછી તપનું પ્રવેદન કરે-તપ જણાવે, અર્થાત્ ગુરુ પાસે તપનું પ્રત્યાખ્યાન લે, પછી અવશ્ય યથાશક્તિ સંઘની મર્યાદાઓ સમજાવે. [૯૭૧]

**पच्छा य सोऽणुओगी, पवयणकज्जम्मि निच्चमुज्जत्तो ।**
**जोगाणं वक्खाणं, करिज्ज सिद्धंतविहिणा उ ॥ ९७२ ॥**

**वृत्तिः-** '**पश्चाच्चासावनुयोगी**'- आचार्यः '**प्रवचनकार्ये नित्यमुद्युक्तः**' सन् '**योग्येभ्यो**' विनेयेभ्यो '**व्याख्यानं कुर्यादि**'त्याज्ञा '**सिद्धान्तविधिनैवे**'ति गाथार्थः ॥ ९७२ ॥

પછી તે આચાર્ય શાસનકાર્યોમાં નિત્ય પ્રયત્નશીલ બનીને યોગ્ય શિષ્યોને શાસ્ત્રોક્ત વિધિથી શાસ્ત્રના અર્થો સમજાવે = અર્થવાચના આપે એવી જિનાજ્ઞા છે. [૯૭૨]

योग्यानाह-

**मज्झत्था बुद्धिजुआ, धम्मत्थी ओघओ इमे जोगा ।**
**तह चेव य पत्ताई, सुत्तविसेसं समासज्ज ॥ ९७३ ॥**

**वृत्तिः-** '**मध्यस्थाः**' सर्वत्रारक्तद्विष्टाः '**बुद्धियुक्ताः**' प्राज्ञाः '**धर्म्मार्थिनः**' परलोकभीरवः '**ओघतः**' सामान्येन '**एते योग्याः**' सिद्धान्तश्रवणस्य, '**तथैव प्राप्तादयो**' योग्याः, आदिशब्दात्परिणामकादिपरिग्रहः, '**सूत्रविशेषम्**' अङ्गचूडादिरूपं '**समाश्रित्येति**' गाथार्थः ॥ ९७३ ॥

---

૧. उपयोगतः એ પદનો જિનવચનનો ઉપયોગ એ અર્થ પણ થઈ શકે. તે આ પ્રમાણે- જિનવચનના ઉપયોગને આશ્રયીને તેવી રીતે યત્ન કરવો, અર્થાત્ જિનવચનનો તેવી રીતે ઉપયોગ કરવો કે જેથી જિનવચનના ઉપયોગથી કેવલજ્ઞાન થાય.

૨. જોગમાંથી નીકળવાના દિવસે પરિમિત વિગઈના વિસર્જન (છૂટ) માટે કાઉસ્સગ્ગ કરવામાં આવે છે તેમ.

૩. કાલગ્રહણની બીજી પાટલીમાં અંતે इच्छा. सं. भ. पाभाइकाल पडिक्कमुं વગેરે વિધિની જેમ.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

કેવા શિષ્યો યોગ્ય છે તે કહે છે—

સર્વત્ર રાગ-દ્વેષથી રહિત, બુદ્ધિમાન અને ધર્માર્થી (પરલોકભીરુ) શિષ્યો સામાન્યતયા સિદ્ધાંત સાંભળવાને = ભણવાને યોગ્ય છે. તે જ પ્રમાણે (વિશેષથી) અંગચૂલા વગેરે શાસ્ત્રોને આશ્રયીને પ્રાપ્ત અને પરિણત વગેરે પ્રકારના શિષ્યો યોગ્ય છે. [૯૭૩]

मध्यस्थादिपदानां गुणानाह–

**मज्झत्थाऽसग्गाहं, एत्तोच्चिअ कत्थई न कुव्वंति ।**
**सुद्धासया य पायं, होंति तहाऽऽसन्नभव्वा य ॥ ९७४ ॥**

**वृत्तिः**– '**मध्यस्थाः**' प्राणिनः '**असद्ग्राहं**', तत्त्वावबोधशत्रुम्, '**अत एव**'–माध्यस्थ्यात् '**क्वचिद्व**'स्तुनि '**न कुर्वन्ति**', अपि तु मार्गानुसारिमतय एव भवन्ति, तथा '**शुद्धाशयाश्च**' मायादि–दोषरहिताः '**प्रायो भवन्ति**' मध्यस्थाः, तथाऽऽसन्नभव्याश्च, अतस्तेषु सफलः परिश्रम इति गाथार्थः ॥ ९७४ ॥

મધ્યસ્થ આદિથી થતા લાભો કહે છે—

મધ્યસ્થ જીવો માધ્યસ્થ્યગુણના જ કારણે કોઈ વિષયમાં તત્ત્વબોધ માટે શત્રુસમાન કદાગ્રહ કરતા નથી, કિંતુ માર્ગાનુસારિમતિવાળા જ હોય છે, તથા મધ્યસ્થ જીવો પ્રાયઃ માયાદિ દોષોથી રહિત અને આસન્નભવ્ય હોય છે. આથી તેમને સમજાવવામાં કરેલો પરિશ્રમ સફલ બને છે. [૯૭૪]

**बुद्धिजुआ गुणदोसे, सुहुमे तह बायरे य सव्वत्थ ।**
**सम्मत्तकोडिसुद्धे, तत्तट्ठिइए पवज्जंति ॥ ९७५ ॥**

**वृत्तिः**– '**बुद्धियुक्ताः**' प्राज्ञा '**गुणदोषान्**' वस्तुगतान् '**सूक्ष्मांस्तथा बादरांश्च सर्वत्र**'– विध्यादौ '**सम्यक्त्वकोटिशुद्धान्**'–कषच्छेदतापशुद्धान् '**तत्त्वस्थित्या**'–अतिगम्भीरतया '**प्रपद्यन्ते**' साध्विति गाथार्थः ॥ ९७५ ॥

બુદ્ધિમાન જીવ વસ્તુમાં રહેલા સૂક્ષ્મ અને બાદર ગુણ-દોષોને જાણીને વિધિ આદિ દરેક વિષયમાં કષ-છેદ-તાપથી પરિશુદ્ધ હોય અને એથી પરમાર્થથી શુદ્ધ હોય તેનો સ્વીકાર કરે. [૯૭૫]

**धम्मत्थी दिट्ठत्थे, हढोव्व पंकम्मि अपडिबंधाउ ।**
**उत्तारिज्जंति सुहं, धन्ना अन्नाणसलिलाओ ॥ ९७६ ॥**

**वृत्तिः**– '**धर्म्मार्थिनः**' प्राणिनः '**दृष्टार्थे**' ऐहिके '**हढ एव**'–वनस्पतिविशेषः '**पङ्के अप्रतिबन्धात्**' कारणाद् '**उत्तार्यन्ते**' पृथक् क्रियन्ते '**सुखं**' '**धन्याः**' पुण्यभाजः, कुतः ?– '**अज्ञानसलिलात्**'–मोहादिति गाथार्थः ॥ ९७६ ॥

જેમ આ લોકમાં હડ નામની વનસ્પતિ કાદવમાં લેપાતી ન હોવાથી કાદવથી અલગ કરી શકાય છે. તેમ ધન્ય એવા ધર્માર્થી જીવોને મોહથી સુખપૂર્વક અલગ કરી શકાય છે. [૯૭૬]

जैन साईट JAINSITE जैनग्रंथसंग्रहम्

**पत्तो अ कप्पिओ इह, सो पुण आवस्सगाइसुत्तस्स ।**

**जा सूअगडं ता जं, जेणाधीअंति तस्सेव ॥ ९७७ ॥**

**वृत्तिः**- **'प्राप्तश्च कल्पिकोऽत्र'** भण्यते, **'स पुनरावश्यकादिसूत्रस्य यावत्सूत्रकृतं'**-द्वितीयमङ्गं **'तावद् यद् येनाधीतमि'**ति-पठितमित्यर्थः **'तस्यैव'**, नान्यस्येति गाथार्थः ॥ ९७७ ॥

પ્રાપ્તને શાસ્ત્રોમાં કલ્પિક કહેવાય છે, અર્થાત્ પ્રાપ્ત એટલે કલ્પિક (= યોગ્ય). આવશ્યક સૂત્રથી આરંભી સૂત્રકૃતાંગ સુધી જે સાધુએ જે સૂત્ર ભણ્યું હોય તે સાધુ તે સૂત્રને પ્રાપ્ત (= યોગ્ય) છે, (અહીં ભણવું એટલે સૂત્રથી ભણવું = સૂત્રથી મોઢે કરવું,) અર્થાત્ જે સાધુએ જે સૂત્ર ભણ્યું (= મોઢે કર્યું) હોય તે સાધુ તે સૂત્રનો જ અર્થ સમજવાને માટે પ્રાપ્ત (= યોગ્ય) છે, અન્ય સૂત્રનો અર્થ સમજવા માટે પ્રાપ્ત [1]નથી. [૯૭૭]

**छेअसुआईएसु अ, ससमयभावेऽवि भावजुत्तो जो ।**

**पिअधम्मऽवज्जभीरू, सो पुण परिणामगो णेओ ॥ ९७८ ॥**

**वृत्तिः**- **'छेदसूत्रादिषु च'** निशीथादिषु **'स्वसमयभावेऽपि'** स्वकालभावेऽपि **'भावयुक्तो यः'** विशिष्टान्तःकरणवान् **'प्रियधर्म्मः'** तीव्ररुचिः **'अवद्यभीरुः'** पापभीरुः **'स पुनर'**यमेवम्भूतः **'परिणामको ज्ञेयः'** उत्सर्गापवादविषयप्रतिपत्तेरिति गाथार्थः ॥ ९७८ ॥

નિશીથ વગેરે છેદસૂત્રો ભણવાનો શાસ્ત્રોક્ત દીક્ષાપર્યાય પૂર્ણ થઈ ગયો હોય તો પણ જે પરિણત હોય તેને જ છેદસૂત્રો ભણાવવા. કારણ કે પરિણત જ શિષ્ય ઉત્સર્ગ અને અપવાદનો યથાયોગ્ય સ્વીકાર કરે. શુભ અંતઃકરણવાળો, તીવ્ર ધર્મરુચિવાળો અને પાપભીરુ શિષ્ય પરિણત જાણવો. [૯૭૮]

एतदेवाह-

**सो उस्सग्गाईणं, विसयविभागं जहट्ठिअं चेव ।**

**परिणामेइ हिअं ता, तस्स इमं होइ वक्खाणं ॥ ९७९ ॥**

**वृत्तिः**- **'सः'** परिणामकः **'उत्सर्गापवादयोर्विषयविभाग'**मौचित्येन **'यथावस्थितमेव'** सम्यक् **'परिणमयति'** एवमेवमित्येवं **'हितं 'ततः'** तस्मात्कारणा**'त्तस्येदं भवति'** व्याख्यानं, सम्यग्बोधादिहेतुत्वेनेति गाथार्थः ॥ ९७९ ॥

**આ જ વિષયને કહે છે–**

પરિણત શિષ્ય ઉત્સર્ગ-અપવાદનો વિષયવિભાગ જે પ્રમાણે હોય તે જ પ્રમાણે ઉચિત રીતે બરોબર પરિણમાવે, અર્થાત્ ઉત્સર્ગના વિષયમાં ઉત્સર્ગને અને અપવાદના વિષયમાં અપવાદને હિતકર માને, આથી તે છેદસૂત્રો ભણાવવાને યોગ્ય છે. તેને છેદસૂત્રો ભણાવવાથી સુંદરબોધ વગેરે લાભ થાય. [૯૭૯]

---

૧. બૃ. ક. ગા. ૪૦૮.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**अइपरिणामगऽपरिणामगाण पुण चित्तकम्मदोसेणं ।**

**अहियं चिअ विण्णेयं, दोसुदए ओसहसमाणं ॥ ९८० ॥**

**वृत्तिः-** '**अतिपरिणामकापरिणामकयोः पुनः**' शिष्ययो**श्चित्रकर्म्मदोषेण**' हेतुना' **ऽहितमेव विज्ञेयं**' व्याख्यानं, '**दोषोदये औषधसमानं**', विपर्ययकारीति गाथार्थः ॥ ९८० ॥

कथमित्याह-

**तेसि तओच्चिय जायइ, जओ अणत्थो तओ ण तं मइमं ।**

**तेसिं चेव हियट्ठा, करिज्ज पुज्जा तहा चाहु ॥ ९८१ ॥**

**वृत्तिः-** '**तयोः**' अतिपरिणामकापरिणामकयोः '**तत एव**' व्याख्यानात् '**जायते**' यतो' **ऽनर्थः**', विपर्यययोगात्, '**ततो न**' '**तद्**' व्याख्यानं '**मतिमान्**' गुरु'**स्तयोरेव**'-अतिपरिणामकापरिणामकयो'**र्हिताय**' अनर्थप्रतिघातेन '**कुर्यात्**', नेति वर्त्तते, '**पूज्याः**' पूर्वगुरवः '**तथा चाहुरि**'ति गाथार्थः ॥ ९८१ ॥

અતિપરિણત અને અપરિણત શિષ્યોને છેદસૂત્રોનું વ્યાખ્યાન તેમના વિચિત્ર (પાપ) કર્મોદયરૂપ દોષના કારણે અહિતકર જ જાણવું, શરીરમાં કફ વગેરે દોષો કાચા હોય ત્યારે (રોગને દૂર કરવાની કે પુષ્ટિની) ઔષધિઓ અહિતકર બને છે તેમ. કારણ કે તેમને છેદસૂત્રોનું વ્યાખ્યાન વિપરીત પરિણમવાના કારણે છેદસૂત્રના વ્યાખ્યાનથી જ અનર્થ થાય છે. માટે બુદ્ધિમાન ગુરુ તેમના જ હિત માટે તેમને છેદસૂત્રોનું વ્યાખ્યાન ન કરે = છેદસૂત્રો ન ભણાવે. છેદસૂત્રો ભણાવવાથી થતા અનર્થને છેદસૂત્રો ન ભણાવીને રોકવાથી તેમનું હિત થાય. પૂર્વકાલીન ગુરુઓ તે પ્રમાણે (નીચે કહેવાશે તે પ્રમાણે) કહે છે. [૯૮૦-૯૮૧]

**आमे घडे निहत्तं, जहा जलं तं घडं विणासेइ ।**

**इअ सिद्धंतरहस्सं, अप्पाहारं विणासेइ ॥ ९८२ ॥**

**वृत्तिः-** '**आमे घटे निषिक्तं**' सत् '**यथा जलं**' तं '**घटमा**'मं '**विनाशयति, 'इय**' एवं '**सिद्धान्तरहस्यमप्यल्पाधारं**' प्राणिनं '**विनाशयती**'ति गाथार्थः ॥ ९८२ ॥

જેમ (માટીના) કાચા ઘડામાં નાખેલું પાણી કાચા ઘડાનો નાશ કરે છે, તેમ અયોગ્યને આપેલું સિદ્ધાંતોનું રહસ્ય તેના આત્માનો નાશ કરે છે. [૯૮૨]

**न परंपरयावि तओ, मिच्छभिनिवेसभाविअमईओ ।**

**अन्नेसिंऽपिअ जायइ, पुरिसत्थो सुद्धरूवो अ ॥ ९८३ ॥**

**वृत्तिः-** '**न परम्परयापि**' '**ततः**' अतिपरिणामकादेः' **मिथ्याभिनिवेशभावितमतेः**' सकाशाद् '**अन्येषामपि**' श्रोतॄणां '**जायते पुरुषार्थः शुद्धरूप एव**', मिथ्याप्ररूपणादिति गाथार्थः ॥ ९८३ ॥

પ્રશ્ન- અતિપરિણત અને અપરિણતને પોતાને સિદ્ધાંતથી ભલે નુકશાન થાય, પણ તેના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપદેશને સાંભળનારા બીજાઓને તો લાભ થાય ને ? બીજાઓને લાભ થાય તો તેનાથી પરંપરાએ તો લાભ થાય ને ?

**ઉત્તર-** તેનાથી પરંપરાએ બીજાઓને પણ લાભ ન થાય.

**પ્રશ્ન-** આનું શું કારણ ?

**ઉત્તર-** અસદાગ્રહથી ભાવિતમિતિવાળા અતિપરિણત અને અપરિણત ઉપદેશકો દ્વારા શ્રોતાઓનો પણ શુદ્ધ પુરુષાર્થ થતો નથી. કારણ કે અતિપરિણત અને અપરિણત ઉપદેશકો શ્રોતાઓ આગળ મિથ્યા પ્રરૂપણા કરે. [૯૮૩]

एतदेवाह–

**अविअ तओ चिअ पायं, तब्भावोऽणाइमंति जीवाणं ।**
**इअ मुणिऊण तयत्थं, जोगाण करिज्ज वक्खाणं ॥ ९८४ ॥**

**वृत्तिः**– '**अपि च** '**तक एव**' अतिपरिणामादिक एव '**प्रायो**' मिथ्याभिनिवेशभावितमतेः सकाशात्, तस्य च भावः '**तद्भावो**'-मिथ्याभिनिवेशभावो**ऽनादिमानि**'ति कृत्वा '**जीवानां**' भावनासहकारिविशेषाद्, '**इय**' एवं '**मत्वा** '**तदर्थं**' तद्धितायैव '**योग्येभ्यो**' विनेयेभ्यः '**कुर्याद् व्याख्यानं**' विधिनेति गाथार्थः ॥ ९८४ ॥

આ જ વિષયને કહે છે–

વળી જીવોમાં અનાદિકાળથી અસદાગ્રહનો ભાવ રહેલો છે, એથી જીવોની મતિ અસદ્ આગ્રહથી ભાવિત હોવાના કારણે જીવોમાં પ્રાયઃ અતિપરિણામાદિ રૂપ જ ભાવ રહેલો છે.

**ભાવાર્થ-** અતિપરિણત અને અપરિણત સાધુઓ મિથ્યાપ્રરૂપણા કરે છે અને પ્રાયઃ જીવો પણ મિથ્યા આગ્રહના સ્વભાવવાળા જ છે. એક તો જીવોનો મિથ્યા આગ્રહનો સ્વભાવ છે, અને તેમાં વળી અતિપરિણત અને અપરિણત સાધુઓની મિથ્યા પ્રરૂપણાનો સહકાર મળે એટલે શ્રોતાઓનો શુદ્ધ પુરુષાર્થ ન થાય.

આમ જાણીને ગુરુ તેમના (અયોગ્ય શિષ્યોના, શ્રોતાઓના અને યોગ્ય શિષ્યોના) હિત માટે જ યોગ્ય શિષ્યોને વિધિપૂર્વક વાચના આપે. [૯૮૪]

**उवसंपण्णाण जहाविहाणओ एव गुणजुआणंपि ।**
**सुत्तत्थाइकमेणं, सुविणिच्छिअमप्पणा सम्मं ॥ ९८५ ॥**

**वृत्तिः**– '**उपसम्पन्नानां**' सतां '**यथाविधानतः**' सूत्रनीत्या '**एवं गुणयुक्तानामपि**', नान्यथा, तदपरिणत्यादिदोषात्, कथं कर्त्तव्यमित्याह–'**सूत्रार्थादिक्रमेण**' यथाबोधं '**सुविनिश्चित-मात्मना सम्यग्**', न शुकप्रलापप्रायमिति गाथार्थः ॥ ९८५ ॥

ઉપર્યુક્ત ગુણોથી યુક્ત જે સાધુઓ ઉપસંપન્ન (= ભણવા આવેલા) હોય તેમને પણ, પહેલાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સૂત્ર પછી અર્થ ઈત્યાદિ ક્રમથી, પોપટના પ્રલાપની જેમ નહિ, કિન્તુ પોતાને બોધ હોય તે પ્રમાણે પોતે અર્થનો સારી રીતે નિર્ણય કરીને, સૂત્રોક્ત વિધિથી વાચના આપે. સૂત્રોક્ત વિધિથી બીજી રીતે વાચના આપવાથી શિષ્યને શાસ્ત્રના અર્થો પરિણમે નહિ વગેરે દોષો લાગે. [૯૮૫]

तद्भावनायैवाह-

**उवसंपयाय कप्पो, सुगुरुसगासे गहिअसुत्तत्थो ।**

**तदहिगगहणसमत्थोऽणुन्नाओ तेण संपज्जे ॥ ९८६ ॥**

**वृत्तिः**- '**उपसम्पन्नानां**' स '**कल्पो**'-व्यवस्था '**स्वगुरुसकाशे**' यथासम्भवं '**गृहीतसूत्रार्थः**' सन् तत्प्रथमतया, '**तदधिकग्रहणसमर्थः**', प्राज्ञः '**सन्ननुज्ञातस्तेन**'-गुरु'**णोपसम्पद्यते**' विवक्षित-समीप इति गाथार्थः ॥ ९८६ ॥

तत्रापि-

**अप्परिणयपरिवारं, अप्परिवारं च णाणुजाणावे ।**

**गुरुमेसोऽवि संय विअ, एतदभावे ण धारिज्जा ॥ ९८७ ॥**

**वृत्तिः**- '**अपरिणतपरिवारं**' शिक्षकप्रायपरिवारम्, '**अपरिवारं च**' एकाकिप्रायं '**नानुज्ञापयेत् गुरुं**' शिष्यः, अनेकदोषप्रङ्गाद्, '**एषोऽपि**' गुरुः '**स्वयमेवैतदभावे**'-परिणतपरिवाराद्यभावे '**न धारयेद्**', विसर्ज्जयेदिति गाथार्थः ॥ ९८७ ॥

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

ઉપસંપદાની વિચારણા કરે છે—

ઉપસંપદા સંબંધી વ્યવસ્થા આ પ્રમાણે છે- પહેલાં સ્વગુરુની પાસે જેટલું શ્રુત હોય તેટલું ભણી લે. પછી અધિક ભણવા માટે સમર્થ હોય તો ગુરુની રજાથી અન્ય કોઈ આચાર્યની પાસે ઉપસંપદા સ્વીકારે. તેમાં પણ ગુરુનો શિષ્ય પરિવાર લગભગ નવો હોય, અથવા ગુરુ એકલા હોય તો શિષ્ય ઉપસંપદા માટે ગુરુની અનુજ્ઞા ન માગે. કારણ કે આવા સંજોગોમાં અન્ય સ્થળે જવામાં અનેક દોષો થાય. તથા આવા સંયોગોમાં જેની પાસે ઉપસંપદા માટે જાય તે આચાર્ય પણ તેને ન રાખે = રજા ન આપે. [૯૮૬-૯૮૭]

तत्र-

**संदिट्ठो संदिट्ठुस्स अंतिए तत्थ मिह परिच्छा उ ।**

**साहुअमग्गे चोअण, तिगुवरि गुरुसम्मए चागो ॥ ९८८ ॥**

**वृत्तिः**- '**सन्दिष्टः**' सन् गुरुणा '**सन्दिष्टस्य**' गुरोः '**समीपे**', उपसम्पद्येतेति वाक्यशेषः, '**तत्र**' '**मिथः**' परस्परं '**परीक्षा**' भवति तयोः, '**साधूनाममार्गे चोदनं**' करोत्यागन्तुकः, मिथ्यादुष्कृतादाने '**त्रयाणां**' वाराणां '**उपरि गुरु**'कथनं, तत्'**सम्मते**' शीतलतया '**त्यागः**', असम्मते निवासः, तेषामपि तं प्रति अयमेव न्याय इति गाथार्थः ॥ ९८८ ॥

**गुरुफरुसाहिगकहणे, सुजोगओ अह निवेअणं विहिणा ।**
**सुअखंधादो निअमो, आहव्वऽणुपालणा चेव ॥ ९८९ ॥**

**वृत्तिः**- '**गुरो**'रपि तं प्रति '**परुषाधिककथनं**' जीतं वर्त्तते, '**सुयोगतः**' प्रतिपत्तिशुद्धौ सत्याम्, '**अथ**' अनन्तरं '**निवेदनं**' गुरवे '**विधिना**' प्रवचनोक्तेन, उपसम्पदित्यर्थः, तत्र '**श्रुतस्कन्धादौ नियमः**'-एतावन्तं कालं यावदित्येवमर्हदादिसाक्षिकी स्थापना, कायोत्सर्गपूर्विकेत्यन्ये, उभयनियमश्चायम् '**आभाव्यानुपालना चैव**' शिष्येण नालबद्धवल्लिव्यतिरिक्तं देयं, गुरुणाऽपि स सम्यक् पालनीय इति गाथार्थः ॥ ९८९ ॥

તથા ગુરુની રજાથી જાય, અને ગુરુએ જે ગુરુ (આચાર્ય) પાસે જવાનું કહ્યું હોય તેની જ પાસે જાય. તેમાં બંને (આગંતુક અને રાખનાર) પરસ્પર એક બીજાની પરીક્ષા કરે. તે આ પ્રમાણે- વાસ્તવ્ય સાધુઓ માર્ગવિરુદ્ધ પ્રવૃત્તિ કરતા હોય તો આગંતુક તેમને તેમ ન કરવા પ્રેરણા કરે, છતાં સાધુઓ 'મિચ્છામિ દુક્કડં' ન આપે અને પૂર્વ મુજબ જ વર્તે તો બીજી વાર પ્રેરણા કરે, આમ ત્રણ વાર પ્રેરણા કરવા છતાં સાધુઓ 'મિચ્છામિ દુક્કડં' ન આપે તો એ અંગે ગુરુને કહે, જો ગુરુ તેમાં (= સાધુઓ માર્ગવિરુદ્ધ પ્રવૃત્તિ કરતા હોય તેમાં) સમ્મત છે એમ જણાય તો શિથિલ છે એમ માનીને તેનો ત્યાગ કરે. જો ગુરુ એમાં સમ્મત નથી એમ જણાય તો ત્યાં રહે.

વાસ્તવ્ય સાધુઓ પણ આગંતુકની આવી જ રીતે પરીક્ષા કરે. વાસ્તવ્ય ગુરુ પણ તેને કઠોર વચન કહે એ ગુરુનો આચાર છે. (કઠોર વચન કહેવા છતાં રીસાય નહિ વગેરે રીતે યોગ્ય જણાય તો રાખે.) આ પ્રમાણે સ્વીકારમાં શુદ્ધિ હોય તો (રહેનાર = રાખનાર બંનેમાં શુદ્ધિ જણાય તો) આગંતુક શાસ્ત્રોક્ત વિધિથી ગુરુને નિવેદન કરે = આત્મસમર્પણપૂર્વક તેની નિશ્રા સ્વીકારે. તેમાં હું અમુક શ્રુત, સ્કંધ વગેરે આટલા કાળ સુધી ભણવા આવ્યો છું એવો (= ઈત્યાદિ) નિયમ અરિહંત આદિની સાક્ષીએ કરે. બીજાઓ કહે છે કે- કાયોત્સર્ગ પૂર્વક નિયમ કરે. આ નિયમ રહેનાર-રાખનાર બંને કરે. આભાવ્યનું પાલન કરવું જોઈએ, અર્થાત્ નાલબદ્ધવલ્લિ સિવાય બધું શિષ્યે ગુરુને આપવું જોઈએ. ગુરુએ પણ આગંતુકનું બરોબર પાલન કરવું જોઈએ, અર્થાત્ તેની પાસેથી બિન અધિકારનું ન લેવું વગેરે રીતે તેનું પાલન કરવું જોઈએ. [૯૮૮-૯૮૯]

इह प्रयोजनमाह-

**अस्सामित्तं पूआ इअराविक्खाए जीअ सुहभावा ।**
**परिणमइ सुअं आहव्वदाणगहणं अओ चेव ॥ ९९० ॥**

**वृत्तिः**- '**अस्वामित्वं**' भवति, निःसङ्गतेत्यर्थः, तथा '**पूजा**' गुरोः कृता भवति, '**इतरापेक्षया**' अनालबद्धवल्लिनिवेदनेन इतरगुर्वपेक्षयेति भावः, तथा '**जीत**'मिति कल्पोऽयमेव, एवं भगवता दृष्ट इति '**शुभभावा**'दित्यनेन प्रकारेण शुभाशयोपपत्तेः '**परिणमति श्रुतं**', यथार्थतया चारित्रशुद्धिहेतुत्वेन शिष्यस्य, नान्यथे'**त्याभाव्यदानं**' शिष्येण कर्त्तव्यं, '**ग्रहणमत एव**' तस्य गुरुणापि कर्त्तव्यं, तदनुग्रहधिया, न लोभादिति गाथार्थः ॥ ९९० ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આભાવ્ય પાલનનું પ્રયોજન કહે છે–

(૧) આગંતુક પાસેથી બિન અધિકારનું ન લેવાથી ગુરુની પોતાની નિઃસંગતાનું પાલન થાય છે. (૨) નાલબદ્ધ સિવાય બધું ઉપસંપન્ન ગુરુને આપવાથી શિષ્યની ઉપસંપન્નગુરુ સંબંધી પૂજા થાય છે. (ઈતરગુરુ એટલે મૂલગુરુથી ઈતર ઉપસંપન્નગુરુ.) (૩) આપવું-લેવું એ કલ્પ=આચાર છે એમ ભગવાને જ્ઞાનથી જોયું છે. (૪) આ કલ્પના પાલનથી બંનેને શુભાશય પ્રગટે છે. (૫) શુભાશય પ્રગટવાથી શિષ્યને શ્રુત યથાર્થપણે પરિણમે છે, એટલે કે એ શ્રુત શિષ્યની ચારિત્રશુદ્ધિનું કારણ બને છે, આભાવ્યનું પાલન કર્યા વિના શ્રુત યથાર્થ પરિણમતું નથી. આથી શિષ્યે ગુરુને આભાવ્યનું દાન કરવું જોઈએ, અને એથી જ ગુરુએ પણ લોભથી નહિ, કિંતુ શિષ્ય પ્રત્યે અનુગ્રહ બુદ્ધિથી તેનો સ્વીકાર કરવો જોઈએ. [૯૯૦]

**अह वक्खाणेअव्वं जहा जहा तस्स अवगमो होइ ।**
**आगमिअमागमेणं, जुत्तीगम्मं तु जुत्तीए ॥ ९९१ ॥**

**वृत्तिः**- '**अथ व्याख्यानयितव्यं**' किमपि श्रुतं, कथमित्याह- '**यथा यथा**' श्रोतुः '**अवगमो भवति**', परिज्ञेत्यर्थः, तत्रापि स्थितिमाह-'**आगमिकं**' वस्तु '**आगमेन**', यथा 'स्वर्गेऽप्सरसः, उत्तराः कुरव' इत्यादि, '**युक्तिगम्यं पुनर्युक्त्यै**'व, यथा देहमात्रपरिणाम्यात्मेत्यादीति गाथार्थः ॥ ९९१ ॥

હવે કોઈ પણ શ્રુતનું વ્યાખ્યાન કેવી રીતે કરવું એ કહે છે–

જે જે રીતે શ્રોતાને બોધ થાય તે તે રીતે વ્યાખ્યાન કરવું. તેમાં પણ "સ્વર્ગમાં અપ્સરાઓ હોય છે, કુરુ દેશ ઉત્તરમાં છે" ઈત્યાદિ શ્રદ્ધાગમ્ય પદાર્થોને આગમના આધારે અને "આત્મા દેહપરિણામી છે" ઈત્યાદિ યુક્તિગમ્ય પદાર્થો યુક્તિથી જ સમજાવવા. [૯૯૧]

किमित्येतदेवमित्याह-

**जम्हा उ दोण्हवि इहं भणिअं पन्नवगकहणभावाणं ।**
**लक्खणमणघमईहिं, पुव्वायरिएहिं आगमओ ॥ ९९२ ॥**

**वृत्तिः**- '**यस्मात् द्वयोरपि**' '**अत्र**' प्रवचने '**भणितं प्रज्ञापककथनभावयोः**', पदार्थयोरित्यर्थः, '**लक्षणं**' स्वरूपं, कैरित्याह-'**अनघमतिभिः**' अवदातबुद्धिभिः '**पूर्वाचार्यैः**', कुत इत्याह- '**आगमात्**', न तु स्वमनीषिकयैवेति गाथार्थः ॥ ९९२ ॥

આવા બે વિભાગનું કારણ કહે છે–

કારણ કે પ્રરૂપકે જેની પ્રરૂપણા કરવાની છે તે બે (આગમગમ્ય અને યુક્તિગમ્ય) પ્રકારના પદાર્થોનું સ્વરૂપ પ્રવચનમાં નિર્મળ બુદ્ધિવાળા પૂર્વાચાર્યોએ સ્વમતિથી જ નહિ, કિંતુ આગમના આધારે કહેલું છે. [૯૯૨]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

किंभूतं तदित्याह-

**जो हेउवायपक्खम्मि हेउओ आगमे अ आगमिओ ।**
**सो ससमयपण्णवओ, सिद्धंतविराहओ अन्नो ॥ ९९३ ॥**

**वृत्तिः**- '**यो** '**हेतुवादपक्षे**' युक्तिगम्ये वस्तुनि '**हेतुको**' हेतुना चरति, '**आगमे चागमिको**', न तत्रापि मतिमोहनीं युक्तिमाह, '**स**' एवंभूतः '**स्वसमयप्रज्ञापको**' भगवदनुमतः, '**सिद्धान्तविराधकोऽन्यः**', तल्लाघवापादनादिति गाथार्थः ॥ ९९३ ॥

तथा-

**आणागिज्झो अत्थो, आणाए चेव सो कहेयव्वो ।**
**दिट्ठंतिअ दिट्ठंता, कहणविहि विराहणा इहरा ॥ ९९४ ॥**

**वृत्तिः**-'**आज्ञाग्राह्योऽर्थः**' आगमग्राह्यः '**आज्ञयैवासौ कथयितव्यः**', आगमेनैवेत्यर्थः '**दार्ष्टान्तिको**' '**दृष्टान्ताद्**' दृष्टान्तेन, '**कथनविधिरे**'ष सूत्रार्थे, '**विराधनेतरथा**' कथनस्येति गाथार्थः ॥ ९९४ ॥

તે સ્વરૂપ કેવું છે એ જણાવે છે–

જે યુક્તિગમ્ય પદાર્થોને યુક્તિથી અને આગમગમ્ય પદાર્થોને આગમથી સમજાવે છે તે સ્વસિદ્ધાંતપ્રજ્ઞાપક ભગવાનને સંમત છે, અન્ય, એટલે કે યુક્તિગમ્ય પદાર્થોને યુક્તિથી ન સમજાવનાર અને આગમગમ્ય પદાર્થોમાં મતિને મુંઝવનારી યુક્તિ લગાડનાર સિદ્ધાંતનો વિરાધક છે. કારણ કે તે સિદ્ધાંતની લઘુતા કરે છે. તથા આગમગ્રાહ્ય અર્થને જિનેશ્વર ભગવાને આમ કહ્યું છે એમ આજ્ઞાથી=આજ્ઞા બતાવીને જ કહેવો જોઈએ. દૃષ્ટાંતગમ્ય (= યુક્તિગમ્ય) અર્થને દૃષ્ટાંતથી (= યુક્તિથી) કહેવો જોઈએ. સૂત્રાર્થને કહેવાનો આ વિધિ છે. બીજી રીતે એટલે કે આગમગ્રાહ્ય અર્થને યુક્તિથી અને યુક્તિગ્રાહ્ય અર્થને યુક્તિ વિના માત્ર આગમના આધારે કહેવાથી વિરાધના થાય. [૯૯૩-૯૯૪]

**तो आगमहेउगयं, सुअम्मि तह गोरवं जणंतेणं ।**
**उत्तमनिदंसणजुअं, विचित्तणयगब्भसारं च ॥ ९९५ ॥**

**वृत्तिः**- '**तत्**' तस्माद् '**आगमहेतुगतं**' यथाविषयमुभयोपयोगेन व्याख्यानं कर्त्तव्यमिति योगः, '**श्रुते तथा गौरवं जनयता**', न यथा तथाभिधानं, न हेयबुद्धि प्रकुर्वता, तथा '**उत्तमनिदर्शनयुतं**' अहीनोदाहरणवत्, तथा '**विचित्रनयगर्भसारं च**' निश्चयाद्यनेकनयार्थप्रधानमिति गाथार्थः ॥ ९९५ ॥

**भगवंते तप्पच्चयकारि ( य ) गंभीरसारभणिईहिं ।**
**संवेगकरं निअमा, वक्खाणं होइ कायव्वं ॥ ९९६ ॥**

**वृत्तिः**-'**भगवति**' सर्वज्ञे '**तत्प्रत्ययकारिता**' सर्वज्ञ एवमाहेत्येवं, '**गम्भीरसारभणितिभिः**', न तुच्छग्राम्योक्तिभिरिति, '**संवेगकरं नियमाच्छ्रो**'तृणामौचित्येन '**व्याख्यानं भवति कर्त्तव्यं**', नान्यथेति गाथार्थः ॥ ९९६ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આથી (૧) આગમ અને યુક્તિ એ બેનો યથાયોગ્ય ઉપયોગ કરવાપૂર્વક વ્યાખ્યાન કરવું. (૨) શ્રોતાને શ્રુત પ્રત્યે હેય બુદ્ધિ (અનાદર ભાવ) થાય તે રીતે જેમ તેમ ન કહેતાં બહુમાન પ્રગટે તેમ કહેવું. (૩) ઉત્તમ દૃષ્ટાંતો કહેવા. (૪) નિશ્ચય વગેરે નયોના અર્થની પ્રધાનતાવાળું વ્યાખ્યાન કરવું. (૫) 'આ સર્વજ્ઞે કહ્યું છે' એમ શ્રોતાને સર્વજ્ઞ ભગવાન ઉપર વિશ્વાસ થાય તેમ કહેવું. (૬) તુચ્છ ગામડીયા વચનોથી નહિ, કિંતુ ગંભીર અને સારભૂત વચનોથી સમજાવવું. (૭) શ્રોતામાં નિયમા સંવેગ ઉત્પન્ન થાય તેમ ઉચિત રીતે વ્યાખ્યાન કરવું. આનાથી વિપરીત વ્યાખ્યાન ન કરવું. [૯૯૫-૯૯૬]

एतदेवाह-

**होंति उ विवज्जयम्मी, दोसा एत्थं विवज्जयादेव ।**
**ता उवसंपन्नाणं, एवं चिअ बुद्धिमं कुज्जा ॥ ९९७ ॥**

**वृत्तिः-** '**भवन्ति तु** '**विपर्यये**' अन्यथाकरणे '**दोषा अत्र**', कुत इत्याह-एतद् '**विपर्ययादेव**'कारणात्'**तत्**' तस्माद्'**उपसम्पन्नानां**' सतां शिष्याणां'**मेव**' (? शिष्याणां'**मेवमेव**') यथोक्तं'**बुद्धिमान् कुर्यात्**' व्याख्यानमिति गाथार्थः ॥ ९९७ ॥

ઉક્ત પદ્ધતિથી વિપરીત રીતે વ્યાખ્યાન ન કરવું એ વિષે જ કહે છે–

ઉક્તપદ્ધતિથી વિપરીત રીતે વ્યાખ્યાન કરવામાં વિપરીત કરવાના કારણે જ દોષો થાય. આથી પૂર્વે કહ્યું તેવા બુદ્ધિમાન ગુરુ ઉપસંપન્ન થયેલા શિષ્યોને ઉક્ત રીતે જ વ્યાખ્યાન કરે. [૯૯૭]

कालादन्यथाकरणे अदोषाशङ्कां परिहरन्नाह-

**कालोऽवि वितहकरणे, णेगंतेणेह होइ सरणं तु ।**
**णहि एअम्मिवि काले, विसाइ सुहयं अमंतजुअं ॥ ९९८ ॥**

**वृत्तिः-** '**कालोऽपि**'**वितथकरणे**' विपरीतकरणे'**नैकान्तेनेह**'-प्रक्रमे भवति'**शरणमेव**', कुत इत्याह-'**नह्येतस्मिन्नपि काले**'-दुष्षमालक्षणे '**विषादि**' प्रकृतिदुष्टं सत् '**सुखदममन्त्रयुतं**' तु भवतीति गाथार्थः ॥ ९९८ ॥

**હમણાં પડતો કાલ હોવાથી વિપરીત કરવામાં દોષ નથી એવી અનિષ્ટ વિચારણાને દૂર કરવા કહે છે–**

પ્રસ્તુતમાં વિપરીત કરવામાં કાલ પણ એકાંતે શરણ નથી, અર્થાત્ હમણાં કાલ પડતો હોવાથી વિપરીત વ્યાખ્યાન કરવામાં દોષ નહિ લાગે એમ ન માનવું. સ્વભાવથી દુષ્ટ વિષ વગેરે [1]વસ્તુ મંત્ર રહિત હોય તો દુષ્ષમા વગેરે કાલમાં પણ સુખ આપનારી બની જતી નથી. [૯૯૮]

**एत्थं च वितहकरणं, नेअं आउट्टिआउ सव्वंपि ।**
**पावं विसाइतुल्लं, आणाजोगो अ मंतसमो ॥ ९९९ ॥**

**वृत्तिः-** '**अत्र च**' प्रक्रमे '**वितथकरणं ज्ञेयं आकुट्टिकया**' उपेत्यकरणेन'**सर्वमपि**'**पापं**'

१. વિષ વગેરે મંત્ર સહિત હોય તો સુખ આપનાર બને=દુઃખ ન આપે, માટે અહીં "મંત્ર રહિત હોય તો" એમ કહ્યું છે.

जैनम् जयति शासनम्

निन्द्यं '**विषादितुल्यं**', विपाकदारुणत्वाद्, '**आज्ञायोगश्च**' सूत्रव्यापारश्च अत्र '**मन्त्रसमः**', तद्दोषापयनादिति सूत्रार्थः ॥ ९९९ ॥

પ્રસ્તુતમાં ઈરાદાપૂર્વક જે કંઈ વિપરીત કરવામાં આવે તે બધું જ પાપ છે=નિંદ્ય છે અને વિષાદિ તુલ્ય છે. કારણ કે તેનો વિપાક (=ફળ) મહાદુઃખદાયી થાય છે. આજ્ઞાનું પાલન મંત્ર સમાન છે.કારણ કે તે વિપરીત કરવાના કારણે થતા દોષોને દૂર કરે છે. [૯૯૯]

उपसंहरन्नाह–

**ता एअम्मिवि काले, आणाकरणे अमूढलक्खेहिं ।**
**सत्तीए जइअव्वं, एत्थ विहि हंदि एसो अ ॥ १००० ॥**

**वृत्तिः**- यस्मादेवं '**तस्मादेतस्मिन्नपि काले**' दुष्षमारूपे '**आज्ञाकरणे**' सौत्रविधिसम्पादने '**अमूढलक्षैः**' सद्भिः '**शक्त्या यतितव्यं**' उपसम्पदादौ, '**अत्र विधिरे**'ष व्याख्यानकरणे, '**हन्दी**'त्युपदर्शने, '**एष च**' वक्ष्यमाणलक्षण इति गाथार्थः ॥ १००० ॥

ઉપસંહાર કરે છે–

માટે દુષ્ષમ કાલમાં પણ સજ્જન પુરુષોએ ઉપયોગવાલા બનીને ઉપસંપદા આદિ ધર્મકાર્યોમાં સૂત્રોક્ત વિધિનું પાલન કરવામાં યથાશક્તિ પ્રયત્ન કરવો જોઈએ, વ્યાખ્યાન કરવામાં વિધિ આ (=હવે કહેવાશે તે) છે. [૧૦૦૦]

**मज्जण निसिज्ज अक्खा, किइकम्मुस्सग्ग वंदणं जिट्ठे ।**
**भासंतो होइ जिट्ठो, न उ पज्जाएण तो वंदे ॥ १००१ ॥**

**वृत्तिः**- '**मार्जनं**' व्याख्यास्थानस्य, '**निषद्या**' गुर्वादेः, '**अक्षाः**'-चन्दनका उपनीयन्ते, '**कृतिकर्म्म**' वन्दनमाचार्याय, '**कायोत्सर्गो**'ऽनुयोगार्थः, '**वन्दनं ज्येष्ठ**'विषयम्, इह '**भाषमाणो भवति ज्येष्ठः न तु पर्यायेण, ततो वन्देत**' तमेवेति गाथार्थः ॥ १००१ ॥

(૧) વાચનાના સ્થળને પ્રમાર્જવું, (૨) ગુરુ આદિનું આસન પાથરવું, (૩) સ્થાપનાચાર્ય પધરાવવા, (૪) આચાર્યને વંદન કરવું, (૫) અનુયોગ (= વ્યાખ્યાન) માટે કાયોત્સર્ગ કરવો, (૬) મોટાને વંદન કરવું, અહીં દીક્ષાપર્યાયથી નહિ પણ જે વાચના આપે તે મોટો સમજવો, તેથી જે વાચના આપે તેને જ (દીક્ષાપર્યાયથી મોટાએ પણ) વંદન કરવું. [૧૦૦૧]

व्यासार्थं त्वाह–

**ठाणं पमज्जिऊणं, दोन्नि निसिज्जाउ होंति कायव्वा ।**
**एक्का गुरुणो भणिआ, बीआ पुण होइ अक्खाणं ॥ १००२ ॥**

**वृत्तिः**- '**स्थानं प्रमृज्य**', व्याख्यास्थानं, '**द्वे निषद्ये भवतः कर्त्तव्ये**' सम्यगुचितकल्पैः, त'**त्रैका गुरोर्भणिता**' निषीदननिमित्तं, '**द्वितीया पुनर्भवति**' मनागुच्चतरा '**अक्षाणां**', समवसरणोपलक्षणमेतदिति गाथार्थः ॥ १००२ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉક્ત ગાથાનો વિસ્તારથી અર્થ કહે છે—

વાચનાના સ્થળને પ્રમાર્જીને=વાચનાના સ્થળે કાજો લઈને સુંદર અને ઉચિત કપડાઓના બનાવેલાં બે આસનો પાથરવાં, તેમાં એક ગુરુને બેસવા માટે પાથરવું, બીજું કંઈક ઊંચા સ્થાને સ્થાપનાચાર્ય માટે પાથરવું, આ સમવસરણનું ઉપલક્ષણ છે, અર્થાત્ સમવસરણની સ્મૃતિ નિમિત્તે સમવસરણના પ્રતીક રૂપે આસન ઉપર સ્થાપનાચાર્ય રાખવામાં આવે છે. (કારણ કે ઉત્સર્ગ માર્ગે સમવસરણ કર્યા વિના વાચના [1]કરવાનો નિષેધ છે.) [૧૦૦૨]

विधिविशेषमाह–

**दो चेव मत्तगाइं, खेले काइअ सदोसगस्सुचिए ।**
**एवंविहोऽवि णिच्चं, वक्खाणिज्जत्ति भावत्थो ॥ १००३ ॥**

**वृत्तिः**- '**द्वे एव मात्रके**' भवतः- '**श्लेष्ममात्रकं कायिकमात्रकं**' च, '**सदोषकस्य**' गुरोः, न सर्वस्य, '**उचिते**' भूभागे भवतः, एदंपर्यमाह-'**एवंविधोऽपि**' सदोषः सन् '**नित्यं व्याख्यानयेदिति**' प्रस्तुत**'भावार्थ**' इति गाथार्थः ॥ १००३ ॥

**जावइआ उ सुणिंती, सव्वेवि हु ते तओ अ उवउत्ता ।**
**पडिलेहिऊण पोत्तिं, जुगवं वंदंति भावणया ॥ १००४ ॥**

**वृत्तिः**- '**यावन्तः श्रुण्वन्ति**' व्याख्यानं '**सर्वेऽपि**' साधवः '**ते**' '**ततश्च**' तदनन्तरं '**उपयुक्ताः**' सन्तः '**प्रत्युपेक्ष्य पोत्तिं**' तया कायं च '**युगपद्वन्दन्ते**' गुरुं, न विषमं, '**भावनताः**' सन्त इति गाथार्थः ॥ १००४ ॥

जैनम् जयति शासनम्

વિશેષ વિધિ કહે છે—

ગુરુ કફ આદિની તકલીફવાળા હોય તો તેમના માટે એક શ્લેષ્મ માટે અને એક લઘુનીતિ માટે એમ બે કુંડી યોગ્ય સ્થળે મૂકવી, પણ બધા ગુરુ માટે આ નિયમ નથી. આનો ભાવાર્થ એ છે કે ગુરુ કફ આદિની તકલીફવાળા હોય તો પણ સદા વાચના [2]કરે. [૧૦૦૩] ત્યારબાદ જેટલા સાધુઓ

૧. न चाकृतसमवसरणेन व्याख्या कार्येत्युत्सर्गः (ધર્મસંગ્રહ દશધા સામાચારી-ઉપસંપદા સામાચારીના વર્ણનમાં.)

૨. વાચના માટે અધિકારી એવા જ્ઞાનીએ માંદગી છતાં જ્યાં સુધી શક્તિ પહોંચે, ત્યાં સુધી વાચનાનું (વ્યાખ્યાનનું) દાન કરવાનું કહ્યું, તેથી અધિકારી એવા સશક્ત નિરોગીને તો અવશ્ય વાચના આપવી જોઈએ એ સિદ્ધ થાય છે. એથી અધિકારી છતાં શિષ્યાદિને ભણાવવામાં પ્રમાદ કરનાર વિરાધક સમજવો, કારણકે- શ્રી જિનશાસનની (પ્રવચનની) વિદ્યમાનતા (પ્રવાહ) ટકાવવા માટે જ્ઞાનદાન મુખ્ય સાધન છે. તેનો પ્રવાહ અટકે તેટલી શાસનની કુસેવા થાય છે. વીતરાગવચનને જગતમાં પ્રચારવું અને આચરવું એ સાધુ જીવનનું મુખ્ય કર્તવ્ય છે. જો શિષ્યાદિ અજ્ઞાન રહે, તો પરિણામે ક્રિયા પણ અજ્ઞાનક્રિયા રૂપ જ રહે અને જ્ઞાન (સમજણ) વિનાની તેવી ક્રિયા પણ આખરે નાશ પામે. જ્યાં જ્યાં ક્રિયા પ્રત્યે અનાદર દેખાય છે, ત્યાં ત્યાં ક્રિયાના લાભોનું અજ્ઞાન મુખ્ય હેતુ હોય છે. વરદત્તના જીવે પૂર્વભવમાં અધિકારી છતાં જ્ઞાનદાન પ્રત્યે કરેલા અનાદરથી ગાઢ જ્ઞાનાવરણીય કર્મ ઉપાર્જન કર્યું હતું. એ વાત જૈનશાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે. આઠ પ્રભાવકોમાં પણ પ્રાવચની અને ધર્મકથીનો નંબર મુખ્ય છે, તેમાં પણ આ હેતુ છે. જો કે એનો અર્થ એવો નથી કે અનધિકારીએ પણ સૂત્રદાન કરવું જ જોઈએ. શાસ્ત્રનાં રહસ્યોને તથાવિધ ક્ષયોપશમના બળે વિનયપૂર્વક ગુરુકૃપાથી મેળવ્યાં હોય અને જે શિષ્યાદિનું આવર્જન કરવાની લબ્ધિવાળો (પુણ્યશાળી) હોય, તેણે જિનશાસનના પ્રવાહને છેડા સુધી પહોંચાડવાના અને શિષ્યાદિ પોતાના આશ્રિતોનો અનુગ્રહ કરવાના નિર્મળ ધ્યેયથી અવશ્ય વાચના આપવી જોઈએ, બીમાર પણ વાચનાદાતાએ પોતાની વાચના આપવાની શક્તિને ગોપવી બીજી આરાધના કરવી તે ઉચિત નથી, કારણકે-''શક્તિ ગોપવ્યા વિના જે યત્ન કરે, તે યતિ'' કહેવાય છે. (ધ. સં. ભાષાંતર.)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વાચના લે તે બધાય એકાગ્રચિત્તે મુહપત્તિનું અને મુહપત્તિથી કાયાનું પડિલેહણ કરીને ભાવથી નમ્ર બનીને બધા સાથે ગુરુને (= વાચનાચાર્યને) વંદન કરે, છૂટા છૂટા વંદન ન કરે. [૧૦૦૩-૧૦૦૪]

**सव्वेऽवि उ उस्सग्गं, करिंति सव्वे पुणोऽवि वंदंति ।**

**नासन्ने नाइदूरे, गुरुवयणपडिच्छगा होंति ॥ १००५ ॥**

**वृत्तिः**- '**सर्वेऽपि च**' भूयः '**कायोत्सर्गं कुर्वन्ति**' अनुयोगप्रारम्भार्थं, तत्समाप्तौ च '**सर्वे पुनरपि वन्दन्ते**' गुरुमेव, ज्येष्ठार्यमित्यन्ये, तदनु '**नासन्ने नातिदूरे**' गुर्ववग्रहं विहाय '**गुरुवचन-प्रतीच्छका**' भवन्त्युपयुक्ता इति गाथार्थः ॥ १००५ ॥

**(ચાર દ્વારો કહ્યા, હવે કાયોત્સર્ગ દ્વારને કહે છે–)**

પછી બધાય સાધુઓ અનુયોગના પ્રારંભ નિમિત્તે કાયોત્સર્ગ કરે, કાયોત્સર્ગ પૂર્ણ થયા પછી ફરી બધા સાધુઓ વાચનાચાર્યને જ વંદન કરે. બીજાઓ કહે છે- વાચનાચાર્ય રત્નાધિક હોય તો કરે. ત્યારબાદ ગુરુના અવગ્રહ (સાડા ત્રણ હાથ)ને છોડીને બહુ દૂર નહિ, તેમજ બહુ નજીક નહિ એવા સ્થળે બેસીને એક ચિત્તે ગુરુવચનને સાંભળે. [૧૦૦૫]

जैन साईट JAINSITE .com

श्रवणविधिमाह-

**निद्दाविगहापरिवज्जिएहिँ गुत्तेहिँ पंजलिउडेहिं ।**

**भत्तिबहुमाणपुव्वं, उवउत्तेहिं सुणेअव्वं ॥ १००६ ॥**

**वृत्तिः**- '**निद्राविकथापरिवर्जितैः**' सद्भिः बाह्यचेष्टया, तथा '**गुप्तैः**'-संवृतैः बाह्यचेष्टयैव, कृत-'**प्राञ्जलिभिः**', अनेन प्रकारेण '**भक्तिबहुमानपूर्वं**' गुरौ '**उपयुक्तैः**' सूत्रार्थे '**श्रोतव्यमि**'ति गाथार्थः ॥ १००६ ॥

तथा-

**अहिकंखंतेहिँ सुभासिआइँ वयणाइँ अत्थमहुराइं ।**

**विम्हिअमुहेहिँ हरिसागएहिँ हरिसं जणंतेहिं ॥ १००७ ॥**

**वृत्तिः**- '**अभिकाङ्क्षद्भिः**'-अभिलषद्भिः '**सुभाषितानि**' गुरोः सम्बन्धीनि '**वचनानि**' '**अर्थमधुराणि**' परलोकानुगुणार्थानि '**विस्मितमुखैः**' शोभनार्थोपल'**ब्ध्यागतहर्षैः**' रोमोद्गमादिना '**हर्षं जनयद्भिरु**'पयुक्ततया गुरोरिति गाथार्थः ॥ १००७ ॥

**વ્યાખ્યાનશ્રવણનો (= વાચના લેવાનો) વિધિ કહે છે–**

નિદ્રા-વિકથાનો ત્યાગ કરી, (गुत्तेहिं=) વાચનાશ્રવણ સિવાયની સઘળી પ્રવૃત્તિનો ત્યાગ કરી, અંજલિ જોડી, વાચના સાંભળવામાં એકાગ્ર બનીને, ગુરુપ્રત્યે ભક્તિ બહુમાનપૂર્વક, ગુરુના પરલોકમાં અનુકૂળ (= હિતકર) અર્થોવાળા સુભાષિત વચનોને સાંભળવાની ઈચ્છાવાળા, વિસ્મિત મુખવાળા, સુંદર અર્થોની પ્રાપ્તિથી થયેલા હર્ષવાળા, શરીરમાં વિકસ્વર થયેલી રોમરાજી આદિથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રગટ થતા હર્ષવાળા, ઉપયોગપૂર્વક શ્રવણ કરવાથી ગુરુને હર્ષ ઉત્પન્ન કરનારા બનીને વ્યાખ્યાન (= વાચના) સાંભળવું જોઈએ. [૧૦૦૬-૧૦૦૭]

अत्र फलमाह-

**गुरुपरिओसगएणं, गुरुभत्तीए तहेव विणएणं ।**
**इच्छिअसुत्तत्थाणं, खिप्पं पारं समुवयंति ॥ १००८ ॥**

**वृत्तिः**- '**गुरुपरितोषगतेन**' गुरुपरितोषजातेनेत्यर्थः, '**गुरुभक्त्या तथैव विनयेन**', भक्तिः-उपचारः विनयो-भावप्रतिबन्धः, '**ईप्सितसूत्रार्थानां**' विचित्राणां '**क्षिप्रं पारं समुपयान्ति**', अनेनैव विधिना कर्म्मक्षयोपपत्तेरिति गाथार्थः ॥ १००८ ॥

**વિધિપૂર્વક શ્રવણનું ફલ કહે છે–**

ગુરુને થયેલા સંતોષથી, ગુરુભક્તિથી અને ગુરુવિનયથી શિષ્ય વિવિધ ઈચ્છિત સૂત્ર-અર્થનો પાર જલદી પામે છે. કારણ કે આ જ વિધિથી (જ્ઞાનાવરણીય) કર્મોનો ક્ષય થાય છે. ભક્તિ એટલે બાહ્ય સેવા. વિનય એટલે આંતરિક રાગ. [૧૦૦૮]

**वक्खाणसमत्तीए, जोगं काऊण काइआईणं ।**
**वंदंति तओ जिट्ठं, अण्णे पुव्वच्चिअ भणंति ॥ १००९ ॥**

**वृत्तिः**- '**व्याख्यानसमाप्तौ**' सत्यां, किमित्याह-'**योगं कृत्वा कायिकादीनाम्**', आदि-शब्दाद् गुरुविश्रामणादिपरिग्रहः, '**वन्दन्ते ततो ज्येष्ठं**'-प्रत्युच्चारकं श्रवणाय, '**अन्ये पूर्वमेव भणन्ति**'-यदुतादावेव ज्येष्ठं वन्दन्ते इति गाथार्थः ॥ १००९ ॥

વાચના પૂર્ણ થતાં લઘુનીતિ, ગુરુવિશ્રામણા આદિ કાર્યો કરીને વાચનાદાતા જયેષ્ઠને (પર્યાયથી વાચનાદાતા લઘુ હોય તો પણ જ્ઞાનથી જયેષ્ઠ હોવાથી) વંદન કરે. અન્ય આચાર્યો કહે છે કે- [1]પહેલાં જ જયેષ્ઠને વંદન કરે. [૧૦૦૯]

**चोएइ जई जिट्ठो, कहिंचि सुत्तत्थधारणाविकलो ।**
**वक्खाणलद्धिहीणो, निरत्थयं वंदणं तम्मि ॥ १०१० ॥**

**वृत्तिः**- '**चोदयति**' कश्चिद् '**यदि**' तु '**ज्येष्ठः**' पर्यायवृद्धः '**कथञ्चित् सूत्रार्थधारणाविकलो**' जडतया कर्म्मदोषात्, ततश्च '**व्याख्यानलब्धिहीनो**'ऽसौ वर्त्तते, एवं च '**निरर्थकं वन्दनं तस्मिन्निति**' गाथार्थः ॥ १०१० ॥

**अह वयपरिआएहिं, लहुओऽविहु भासगो इहं जिट्ठो ।**
**रायणिअवंदणे पुण, तस्सऽवि आसायणा भंते ॥ १०११ ॥**

१. અહીં પહેલાં જ એટલે વાચનાના પ્રારંભમાં જ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**- '**अथ वयःपर्यायाभ्यां लघुरपि**' कश्चिद् '**भाषक इह ज्येष्ठो**' गृह्यते, '**रत्नाधिकवन्दने पुनस्तस्यापि**' लघोः '**अशातना भदन्त !**' भवतीति गाथार्थः ॥ १०११ ॥

**અહીં કોઈ પ્રશ્ન કરે છે–**

જો દીક્ષાપર્યાયથી વૃદ્ધ વાચનાદાતા કર્મદોષના કારણે જડ હોવાથી સૂત્રાર્થને ધારવામાં અસમર્થ હોય તો વ્યાખ્યાનલબ્ધિથી રહિત એવા તેને વંદન કરવું નિરર્થક છે. હવે જો વય અને પર્યાયથી લઘુ હોવા છતાં જે વાચનાદાતા હોય તેને અહીં જયેષ્ઠ તરીકે સ્વીકારવામાં આવે તો, રત્નાધિક તેને વંદન કરે તો પર્યાયથી નાના એવા વાચનાદાતાને પણ (મોટાનું વંદન સ્વીકારવાથી) આશાતનાનો દોષ લાગે. [૧૦૧૦-૧૦૧૧]

अत्राह–

**जइऽवि वयमाइएहिं, लहुओ सुत्तत्थधारणापडुओ ।**

**वक्खाणलद्धिमं जो, सो च्चिअ इह घिप्पई जिट्ठो ॥ १०१२ ॥**

**वृत्तिः**- '**यद्यपि**' '**वयआदिभिः**' वयसा पर्यायेण च '**लघुकः**' सन् '**सूत्रार्थधारणापटुः**' दक्षः '**व्याख्यानलब्धिमान् यः**' कश्चित् '**स एवेह**' प्रक्रमे '**गृह्यते ज्येष्ठः**', न तु वयसा पर्यायेण वेति गाथार्थः ॥ १०१२ ॥

**आसायणावि नेवं, पडुच्च जिणवयणभासगं जम्हा ।**

**वंदणगं रायणिओ, तेण गुणेणंपि सो चेव ॥ १०१३ ॥**

**वृत्तिः**- '**आशातनापि नैवं**' भवति '**प्रतीत्य जिनवचनभाषकं, यस्माद् वन्दनकं तद्रत्नाधिकस्तेन गुणेनापि**'-भाषणलक्षणेन '**स एवेति**' गाथार्थः ॥ १०१३ ॥

**અહીં ઉત્તર આપે છે–**

જો કે વય અને પર્યાયથી લઘુ હોવા છતાં જે કોઈ સૂત્ર-અર્થને ધારવામાં પટુ હોય અને વાચનાની શક્તિવાળો હોય તેને જ અહીં જયેષ્ઠ માનવામાં આવે છે, નહિ કે વય અને પર્યાયથી. તથા જિનવચનપ્રરૂપક હોવાથી વંદન કરવામાં આશાતના દોષ પણ લાગતો નથી. કારણ કે જે રત્નાધિક હોય = ગુણથી મોટો હોય તેને વંદન કરવાનો નિયમ છે, વાચનાદાન રૂપ જ્ઞાન ગુણના કારણે રત્નાધિકથી પણ વાચનાદાતા જ રત્નાધિક છે. [૧૦૧૨-૧૦૧૩]

एतदेव भावयति–

**ण वयो एत्थ पमाणं, ण य परिआओ उ निच्छयणएणं ।**

**ववहारओ उ जुज्जइ, उभयणयभयं पुण पमाणं ॥ १०१४ ॥**

**वृत्तिः**- '**न वयोऽत्र**'-प्रक्रमे सामान्यगुणचिन्तायां वा '**प्रमाणं, न च**' '**पर्यायोऽपि**'

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प्रव्रज्यालक्षण: **'निश्चयनयेन, व्यवहारतस्तु युज्यते'** वय: पर्यायश्च, **'उभयनयमतं पुन: प्रमाणं'** सर्वत्रैवेति गाथार्थ: ॥ १०१४ ॥

यत:-

**निच्छयओ दुन्नेअं, को भावे कम्मि वट्टई समणो ? ।**
**ववहारओ उ कीरइ, जो पुव्वठिओ चरित्तम्मि ॥ १०१५ ॥**

**वृत्ति:-** **'निश्चयतो दुर्विज्ञेयमे'**तत्-**'को भावे कस्मिन्'** शुभाशुभतरादौ **'वर्त्तते श्रमण:'** ततश्चाकर्त्तव्यमेवैतत्प्राप्रोति, **'व्यवहारतस्तु क्रियत'** एवैतद् **'य: पूर्वम्'**-आदौ **'स्थितश्चारित्रे'**, आदौ प्रव्रजित इति गाथार्थ: ॥ १०१५ ॥

**આ જ વિષયની વિચારણા કરે છે–**

અહીં એટલે કે પ્રસ્તુત વિષયમાં અથવા સામાન્યથી ગુણવિચારણામાં, નિશ્ચયનયને ઉંમર અને દીક્ષાપર્યાય સંમત નથી, વ્યવહારનયને તો વય અને દીક્ષાપર્યાય સંમત છે. પણ નિશ્ચય અને વ્યવહાર એ બંને નયોને જે સંમત હોય તે બધા જ સ્થળે પ્રમાણ છે. કારણ કે પરમાર્થથી કયો સાધુ શુભ-અશુભ વગેરે કયા ભાવમાં વર્તે છે એ જાણવું મુશ્કેલ છે. એથી વંદન કરવાનું બંધ જ કરવું પડે. પણ વ્યવહારથી જેણે ચારિત્ર પહેલાં લીધું હોય તેને વંદન કરાય છે. (આમાં એવું પણ બને કે વંદન કરનાર ભાવથી મોટો હોય, આમ છતાં વ્યવહારનું સામ્રાજ્ય હોવાથી વંદન કરવું જોઈએ. વ્યવહારનય પણ બલવાન છે.) [૧૦૧૪-૧૦૧૫]

JAINSITE.com जैनम् जयति शासनम्

युक्तं चैतदित्याह-

**ववहारोऽवि हु बलवं, जं छउमत्थंपि वंदई अरहा ।**
**जा होइ अणाभिन्नो, जाणंतो धम्मयं एयं ॥ १०१६ ॥**

**वृत्ति:-** **'व्यवहारोऽपि बलवान्'** वर्त्तते, **'यत् छद्मस्थमपि'** सन्तं चिरप्रव्रजितं **'वन्दते' 'अर्हन्'** केवली **'यावद् भवत्यनभिज्ञ:'** स चिरप्रव्रजित:, **'जानानो धर्मतामेनां'**-व्यवहार-गोचरामिति गाथार्थ: ॥ १०१६ ॥

**આ યોગ્ય છે એમ કહે છે–**

વ્યવહારનય પણ બલવાન છે=વ્યવહારનું પણ ઉલ્લંઘન કરી શકાય નહિ. આથી જ વ્યવહારના ધર્મને=વ્યવહારના અતિશય બળને જાણનાર કેવલી પણ કેવલી તરીકે અજ્ઞાત હોય=જાહેર ન થાય ત્યાં સુધી છદ્મસ્થ પણ રત્નાધિક (ગુરુ વગેરે)ને વંદન કરે [1]છે. [૧૦૧૬]

यद्येवं क: प्रकृतोपयोग इत्याह-

**एत्थ उ जिणवयणाओ, सुत्तासायणबहुत्तदोसाउ ।**
**भासंतजिट्ठगस्स उ, कायव्वं होइ किइकम्मं ॥ १०१७ ॥**

१. ગુ. ત. વિ. ઉલ્લાસ ૧ ગા. ૭૧ વગેરે, બૃહત્કલ્પ ગા. ૪૫૦૬-૭, આવ. ગા. ૭૧૬, આવ. ભાષ્ય ગા. ૧૨૩.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**– '**अत्र तु**' '**जिनवचनाद्**' 'भासन्तो होती'त्यादेः सूत्रात् '**सूत्राशातनायां दोषबहुलत्वात्**' कारणाद् '**भाषमाणज्येष्ठस्यैव कर्त्तव्यं भवति** '**कृतिकर्म्म**' वन्दनं नेतरस्येति गाथार्थः ॥ १०१७ ॥

**જો આ પ્રમાણે છે તો પ્રસ્તુતમાં શો ઉપયોગ (= સંબંધ) છે એ કહે છે–**

'भासंतो होति' ઈત્યાદિ શાસ્ત્રવચનના આધારે સૂત્રની આશાતનામાં વધારે દોષ હોવાના કારણે વાચનાદાતા જયેષ્ઠને જ વંદન કરવું જોઈએ, અન્યને નહિ. [૧૦૧૭]

व्याख्येयमाह–

**वक्खाणेअव्वं पुण, जिणवयणं णंदिमाइ सुपसत्थं ।**
**जं जम्मि जम्मि काले, जावइअं भावसंजुत्तं ॥ १०१८ ॥**

**वृत्तिः**– '**व्याख्यानयितव्यं पुन**'स्तेन '**जिनवचनं**', नान्यत्, '**नन्द्यादि सुप्रशस्तं**'–संवेगकारि '**यत् यस्मिन् यस्मिन् काले यावत्**' प्रचरति '**भावसंयुक्तं**' भावार्थसारमिति गाथार्थः ॥ १०१८ ॥

**सिस्से वा णाऊणं, जोग्गयरे केइ दिट्ठिवायाई ।**
**तत्तो वा निज्जूढं, सेसं ते चेव विअरंति ॥ १०१९ ॥**

**वृत्तिः**– '**शिष्यान् वा ज्ञात्वा योग्यतरान् कांश्चन दृष्टिवादादि**' व्याख्यानयितव्यम्, '**ततो वा**'दृष्टिवादादेः '**निर्व्यूढम्**' आकृष्टं '**शेषं**' नन्द्यादि, '**त एव**' योग्याः '**वितरन्ति**'–तदन्येभ्यो ददतीति गाथार्थः ॥ १०१९ ॥

**કોનું વ્યાખ્યાન કરવું એ કહે છે–**

અનુયોગાચાર્યે સંવેગકારી નંદીસૂત્ર આદિ જિનવચનનું વ્યાખ્યાન કરવું જોઈએ, જિનવચન સિવાય અન્યનું વ્યાખ્યાન ન કરવું. જે જે કાળે જેટલું જેટલું જિનવચન વિદ્યમાન હોય તે તે કાળે તેટલા તેટલા જિનવચનનું ભાવાર્થથી સારભૂત વ્યાખ્યાન કરવું. અથવા કેટલાક શિષ્યોને અધિક યોગ્ય જાણીને દૃષ્ટિવાદ આદિનું વ્યાખ્યાન કરવું. અથવા યોગ્ય અનુયોગાચાર્યો જ દૃષ્ટિવાદ આદિમાંથી ઉદ્ધરેલ શેષ નંદી આદિ ગ્રંથો બીજાઓને આપે. [૧૦૧૮-૧૦૧૯]

निर्व्यूढलक्षणमाह–

**सम्मं धम्मविसेसो, जहिअं कसछेअतावपरिसुद्धो ।**
**वण्णिज्जइ निज्जूढं, एवंविहमुत्तमसुआइ ॥ १०२० ॥**

**वृत्तिः**– '**सम्यग् धर्मविशेषः**' पारमार्थिकः '**यत्र**' ग्रन्थरूपे '**कषच्छेदतापपरिशुद्धः**'–त्रिकोटिदोषवर्जितः '**वर्ण्यते**', सम्यक् '**निर्व्यूढमेवंविधं**' भवति ग्रन्थरूपं, तच्च '**उत्तमश्रुतादि**', उत्तमश्रुतं–स्तवपरिज्ञा इत्येवमादीति गाथार्थः ॥ १०२० ॥

**ઉદ્ધૃત ગ્રંથનું લક્ષણ કહે છે–**

જે ગ્રંથોમાં કષ-છેદ-તાપથી શુદ્ધ=ત્રિકોટિ દોષથી રહિત સત્ય ધર્મનું વર્ણન હોય તે 'સ્તવપરિજ્ઞા' વગેરે ઉત્તમ ગ્રંથો ઉદ્ધૃત સમજવા. [૧૦૨૦]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

कषादिस्वरूपमाह–

**पाणवहाईआणं, पावट्ठाणाण जो उ पडिसेहो ।**

**झाणज्झयणाईणं, जो अ विही एस धम्मकसो ॥ १०२१ ॥**

**वृत्तिः**– '**प्राणवधादीनां पापस्थानानां**' सकललोकसम्मतानां '**यस्तु प्रतिषेधः**' शास्त्रे, '**ध्यानाध्ययनादीनां यश्च विधि**'स्तत्रैव, '**एष धर्मकषो**' वर्त्तत इति गाथार्थः ॥ १०२१ ॥

**बज्झाणुट्ठाणेणं, जेण न बाहिज्जई तयं नियमा ।**

**संभवइ अ परिसुद्धं, सो उण धम्मम्मि छेउत्ति ॥ १०२२ ॥**

**वृत्तिः**– '**बाह्यानुष्ठानेन**' इतिकर्त्तव्यतारूपेण '**येन न बाध्यते 'तद्**' विधिप्रतिषेधद्वयं '**नियमात्, सम्भवति**' चैतत् '**परिशुद्धं**'-निरतिचारं, '**स पुन**'स्तादृशः प्रक्रमादुपदेशोऽर्थो वा '**धर्मच्छेद**' इति गाथार्थः ॥ १०२२ ॥

**जीवाईभाववाओ, बंधाइपसाहगो इहं तावो ।**

**एएहिँ सुपरिसुद्धो, धम्मो धम्मत्तणमुवेइ ॥ १०२३ ॥**

**वृत्तिः**– '**जीवादिभाववादः**'-पदार्थवादः '**बन्धादिप्रसाधकः**' बन्धमोक्षादिगुणः '**इह ताप**' उच्यते, '**एभिः**' कषादिभिः '**सुपरिशुद्धः**' सन् '**धर्मः**' श्रुतानुष्ठानरूपः '**धर्मत्वमुपैति**', सम्यग्भवतीति गाथार्थः ॥ १०२३ ॥

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

કષ વગેરેનું સ્વરૂપ કહે છે–

શાસ્ત્રમાં સર્વ (આસ્તિક) લોકોને સમ્મત હિંસા આદિનો નિષેધ કરવામાં આવ્યો હોય અને ધ્યાન, શાસ્ત્રનું અધ્યયન આદિનું વિધાન કરવામાં આવ્યું હોય એ ધર્મકષ છે = ધર્મશુદ્ધિની પરીક્ષા માટે કષ છે. (જે શાસ્ત્રમાં ઉક્ત રીતે વિધિ-નિષેધનું વર્ણન હોય તે શાસ્ત્ર કષથી (= કસોટીથી) શુદ્ધ છે.

વિધિ-નિષેધને બાધ ન જ આવે અને નિરતિચારપણે વિધિ-નિષેધનું પાલન થઈ શકે તેવાં બાહ્ય અનુષ્ઠાનોનો ઉપદેશ એ ધર્મછેદ છે=ધર્મશુદ્ધિની પરીક્ષા માટે છેદ છે. (જે શાસ્ત્રમાં આવાં અનુષ્ઠાનોનું વર્ણન હોય તે શાસ્ત્ર છેદથી શુદ્ધ છે.) જીવાદિ પદાર્થોનું નિરૂપણ બંધ-મોક્ષ આદિનું સાધક હોય, અર્થાત્ બંધ-મોક્ષ આદિ ઘટી શકે તેવું હોય એ તાપ કહેવાય છે. (પદાર્થોનું આવું વર્ણન જે શાસ્ત્રમાં હોય તે શાસ્ત્ર તાપથી શુદ્ધ છે.) આ કષ આદિ ત્રણથી સુપરિશુદ્ધ શ્રુતઅનુષ્ઠાન (= જ્ઞાનક્રિયા) રૂપ ધર્મ સુધર્મ બને [1]છે. [૧૦૨૧ થી ૧૦૨૩]

---

૧. દરેક દર્શનમાં શાસ્ત્રો ભિન્ન ભિન્ન છે. તેમાંથી કયાં શાસ્ત્રો સાચાં છે અને કયાં શાસ્ત્રો ખોટાં છે એ જાણવું જોઈએ. જેમ સોનું બહારથી પીળું-સોના જેવું દેખાતું હોવા છતાં શુદ્ધ જ હોય એવો નિયમ નહિ, અશુદ્ધ પણ હોય. આથી જ બુદ્ધિમાન પુરુષો સોનાની કષ, છેદ અને તાપથી પરીક્ષા કરીને સોનું લે છે. કષ એટલે સોનાને કસોટી ઉપર ઘસવું. છેદ એટલે છીણી આદિથી કાપવું. તાપ એટલે અગ્નિમાં તપાવવું. પહેલાં સોનાને કસોટી ઉપર ઘસવાથી શુદ્ધ દેખાય તો પણ બુદ્ધિમાન પુરુષ વિશેષ ખાતરી કરવા સોનાને છીણીથી છેદે છે. છીણીથી છેદવાથી શુદ્ધ દેખાય તો પણ હજી વિશેષ ખાતરી કરવા બુદ્ધિમાન પુરુષ તેને અગ્નિમાં તાપે-ગાળે છે. આ રીતે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**एएहिँ जो न सुद्धो, अन्नयरंमि उ ण सुट्ठु निव्वडिओ ।**
**सो तारिसओ धम्मो, नियमेण फले विसंवयइ ॥ १०२४ ॥**

**वृत्तिः**- '**एभिः**' कषादिभिर्**यो न परिशुद्ध**'स्त्रिभिरपि '**अन्यतरस्मिन् वा**' कषादौ '**न सुष्ठु निर्घ( र्व्व ) टितः**', न व्यक्त इत्यर्थः '**स तादृशो धर्म्मः**'-श्रुतादिः '**नियमाद्**' अवश्यन्तया '**फले**' स्वसाध्ये '**विसंवदति**'-न तत्साधयतीति गाथार्थः ॥ १०२४ ॥

આ કષાદિ ત્રણેયથી પરિશુદ્ધ ન હોય, અથવા કષાદિ કોઈ એકમાં બરોબર ઘટતો ન હોય તેવો શ્રુતાદિ ધર્મ અવશ્ય સ્વસાધ્યને સાધી શકતો નથી. [૧૦૨૪]

**एसो उ उत्तमो जं, पुरिसत्थो इत्थ वंचिओ नियमा ।**
**वंचिज्जइ सयलेसुं, कल्लाणेसुं न संदेहो ॥ १०२५ ॥**

**वृत्तिः**- '**एष चोत्तमो** '**यद्**' यस्मात् '**पुरुषार्थो**' वर्त्तते, '**अत्र**' धर्मे '**वञ्चितः**' स '**नियमाद् वञ्च्यते**' लोकः '**सकलेषु कल्याणेषु**' वक्ष्यमाणेषु , '**न सन्देहः**', इत्थमेवैतदिति गाथार्थः ॥ १०२५ ॥

**एत्थ य अवंचिए ण हि, वंचिज्जइ तेसु जेण तेणेसो ।**
**सम्मं परिक्खिअव्वो, बुहेहिं मइनिउणदिट्ठीए ॥ १०२६ ॥**

**वृत्तिः**- '**अत्र चावञ्चितः**' सन् '**न हि वञ्च्यते तेषु**' कल्याणेषु '**येन**' हेतुना '**तेनैष सम्यग् परीक्षितव्यः**' श्रुतादिधर्म्मः '**बुधैर्मतिनिपुणदृष्ट्या**'-सूक्ष्मबुद्ध्येति गाथार्थः ॥ १०२६ ॥

ધર્મ એ ઉત્તમ પુરુષાર્થ છે. આથી ધર્મમાં છેતરાયેલ લોક હવે કહેવાશે તે સર્વ કલ્યાણોમાં અવશ્ય છેતરાય છે. આમાં કોઈ સંદેહ નથી. ધર્મમાં ન છેતરાયેલ સર્વ કલ્યાણોમાં છેતરાતો નથી. આથી નિપુણ પુરુષોએ સૂક્ષ્મબુદ્ધિથી શ્રુતાદિ ધર્મની પરીક્ષા કરવી જોઈએ. [૧૦૨૫-૧૦૨૬]

**कल्लाणाणि अ इहइं, जाइं संपत्तमोक्खबीअस्स ।**
**सुरमणुएसु सुहाइं, नियमेण सुहाणुबंधीणि ॥ १०२७ ॥**

---

કષ-છેદ-તાપ એ ત્રણે પરીક્ષાથી સોનું શુદ્ધ જણાય તો સોનું શુદ્ધ છે એવો નિર્ણય થાય. એ જ પ્રમાણે શાસ્ત્ર પણ કષ-છેદ-તાપ એ ત્રણે પરીક્ષાથી શુદ્ધ જણાય તો શુદ્ધ છે એવો નિર્ણય થાય. જે શાસ્ત્ર કષની પરીક્ષાથી શુદ્ધ સાબિત થવા છતાં છેદ પરીક્ષાથી શુદ્ધ ન જણાય તે શાસ્ત્ર અશુદ્ધ છે. એ જ રીતે જે શાસ્ત્ર કષ અને છેદ એ બંનેથી શુદ્ધ જણાય છતાં તાપ પરીક્ષાથી અશુદ્ધ જણાય તે શાસ્ત્ર પણ અશુદ્ધ છે. આથી શાસ્ત્રની કષાદિ ત્રણેથી પરીક્ષા કરવી જોઈએ. શાસ્ત્રની પરીક્ષા માટે કષ વગેરેની વ્યાખ્યા ધર્મબિંદુ ગ્રંથમાં નીચે મુજબ જણાવી છે : **विधिनिषेधौ कषः** = શાસ્ત્રમાં શાસ્ત્રાભ્યાસ, ધ્યાન વગેરે કરવું એમ વિધિવાક્યો હોય અને હિંસા આદિ ન કરવું એમ નિષેધવાક્યો હોય એ કષ છે. આથી જે શાસ્ત્રમાં આ રીતે વિધિ-નિષેધ હોય તે શાસ્ત્ર કષપરીક્ષાથી શુદ્ધ છે. **तत्संभवपालनाचेष्टोक्तिश्छेदः** = વિધિ-નિષેધને બાધ ન આવે = વિધિ-નિષેધ ઘટી શકે અને તે બેનું નિરતિચારપણે પાલન થઈ શકે તેવાં બાહ્ય અનુષ્ઠાનોનો ઉપદેશ છેદ છે. આથી આવાં અનુષ્ઠાનો જે શાસ્ત્રમાં બતાવ્યાં હોય તે શાસ્ત્ર છેદ પરીક્ષાથી શુદ્ધ છે. **उभयनिबन्धनभाववादस्तापः** = કષમાં જણાવેલ વિધિ-નિષેધ અને છેદમાં જણાવેલાં અનુષ્ઠાનો એ બે જેમાં ઘટી શકે તેવા (પરિણામી) જીવાદિ પદાર્થોનું યથાર્થ નિરૂપણ શાસ્ત્રમાં હોય તે તાપ છે. આથી જે શાસ્ત્રમાં આવા પદાર્થોનું નિરૂપણ હોય તે શાસ્ત્ર તાપ પરીક્ષાથી શુદ્ધ છે. (વિશેષ સમજ માટે જુઓ ધર્મસંગ્રહ ભાગ પહેલામાં ધર્મદેશના આપવાનો વિધિ.)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**- '**कल्याणानि चात्र**'-विचारे '**यानि सम्प्राप्तमोक्षबीजस्य**' प्राणिनः '**सुरमनुष्येषु सुखानि**' विचित्राणि '**नियमेन शुभानुबन्धीनि**', न्याय्यत्वादिति गाथार्थः ॥ १०२७ ॥

(કલ્યાણોની વ્યાખ્યા કહે છે–)

પ્રસ્તુતમાં કલ્યાણો એટલે મોક્ષબીજને પામેલા જીવને દેવલોક અને મનુષ્યલોકમાં પ્રાપ્ત થતાં નિયમો શુભનો અનુબંધ કરે તેવાં વિવિધ સુખો. કારણ કે તે સુખો ન્યાયથી યુક્ત છે.

(**ભાવાર્થ**- ભૌતિક સુખની આશંસા વિના કરેલા ધર્મથી મળેલાં સુખો ન્યાયથી યુક્ત છે, જ્યારે ભૌતિક સુખની આશંસાથી કરેલા ધર્મથી મળેલાં સુખો અન્યાયથી યુક્ત છે. આથી જ યોગબિંદુમાં ગા. ૧૪૫માં ભૌતિક સુખની આશંસાથી લીધેલા ચારિત્રથી મળેલાં નવગ્રૈવેયકોનાં સુખોને અનીતિથી મેળવેલા ધનની જેમ અહિતકર કહ્યાં છે. મોક્ષબીજને પામેલ જીવ ધર્મ મોક્ષ માટે કરે છે. એથી એનો ધર્મ ભૌતિક આશંસાથી રહિત હોય છે. આથી તેને મળેલાં શુભાનુબંધી સુખો પરંપરાએ મોક્ષપ્રાપક હોવાથી ન્યાયથી યુક્ત છે.) [१०२७]

**सम्मं च मोक्खबीअं, तं पुण भूअत्थसद्दहणरूवं ।**
**पसमाइलिंगगम्मं, सुहायपरिणामरूवं तु ॥ १०२८ ॥**

**वृत्तिः**- '**सम्यक्त्वं च मोक्षबीजं**' वर्त्तते, '**तत्पुनः**' स्वरूपेण '**भूतार्थश्रद्धानरूपं**' तथा '**प्रशमादिलिङ्गगम्यमे**'तत् '**शुभात्मपरिणामरूपं**', जीवधर्म्म इति गाथार्थः ॥ १०२८ ॥

**तम्मि सइ सुहं नेअं, अकलुसभावस्स हंदि जीवस्स ।**
**अणुबंधो अ सुहो खलु, धम्मपवत्तस्स भावेण ॥ १०२९ ॥**

**वृत्तिः**- '**तस्मिन् सति सुखं ज्ञेयं**'-सम्यक्त्वे '**अकलुषभावस्य हन्दि जीवस्य**'- शुद्धाशयस्य, '**अनुबन्धश्च शुभः खलु**' तस्मिन् सति '**धर्म्मप्रवृत्तस्य**' '**भावेन**' परमार्थेनेति गाथार्थः ॥ १०२९ ॥

(સમ્યક્ત્વનું વર્ણન કરે છે–)

સમ્યક્ત્વ મોક્ષનું બીજ છે. તે સમ્યક્ત્વ સ્વરૂપથી સત્ય જીવાદિ તત્ત્વોની શ્રદ્ધાસ્વરૂપ અને આત્માના [1]શુભપરિણામ સ્વરૂપ છે, અર્થાત્ જીવનો ધર્મ છે. આવું સમ્યક્ત્વ પ્રશમાદિ લિંગોથી જાણી શકાય છે. સમ્યક્ત્વ પ્રગટ થતાં (૧) જીવ શુદ્ધાશયવાળો બને છે, (૨) (એથી) જીવને પારમાર્થિક સુખની પ્રાપ્તિ થાય છે, (૩) જીવ પરમાર્થથી ધર્મમાં પ્રવૃત્તિ કરે છે અને (૪) પારમાર્થિક શુભનો અનુબંધ થાય છે. [१०२८-१०२९]

**भूअत्थसद्दहाणं, च होइ भूअत्थवायगा पायं ।**
**सुअधम्माओ सो पुण, पहीणदोसस्स वयणं तु ॥ १०३० ॥**

---

૧. સત્ય જીવાદિ પદાર્થોની શ્રદ્ધા એ દ્રવ્ય સમ્યક્ત્વ છે, અને દર્શન મોહનીય કર્મના ક્ષયોપશમાદિથી થતો આત્માનો શુભ પરિણામ એ ભાવસમ્યક્ત્વ છે.

जैनम् जयति शासनम् JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

वृत्तिः- 'भूतार्थश्रद्धानं च' सम्यक्त्वं 'भवति, भूतार्थवाचकात् प्राय' इति 'श्रुतधर्म्माद्' आगमात् 'स पुनः प्रक्षीणदोषस्य वचनमेवे'ति गाथार्थः ॥ १०३० ॥

किमित्यत्राह-

**जम्हा अपोरिसेअं, नेगंतेणेह विज्जई वयणं ।**
**भूअत्थवायगं न य, सव्वं अपहीणदोसस्स ॥ १०३१ ॥**

वृत्तिः- '**यस्मादपौरुषेयं नैकान्तेनेह विद्यते वचनं**', पुरुषव्यापाराभावेऽनुपलब्धेः, '**भूतार्थवाचकं न च सर्वमप्रक्षीणदोषस्य**' वचनमिति, तस्माद्यथोक्त एव श्रुतधर्म इति गाथार्थः ॥ १०३१ ॥

સત્ય જીવાદિ તત્ત્વોની શ્રદ્ધા સ્વરૂપ સમ્યક્ત્વ પ્રાયઃ સત્ય જીવાદિ તત્ત્વોના પ્રરૂપક શ્રુતધર્મથી = આગમથી થાય છે. સર્વદોષોથી રહિત પુરુષનું વચન જ આગમ છે. કારણ કે પુરુષના પ્રયત્ન વિના વચન દેખાતું ન હોવાથી અપૌરુષેય વચન આ જગતમાં છે જ નહિ. જે સર્વ દોષોથી રહિત નથી એનાં સર્વ વચનો સત્ય જીવાદિ તત્ત્વોના પ્રરૂપક ન હોય. માટે યથોક્ત (= સર્વ દોષોથી રહિત પુરુષનું વચન) જ આગમ છે. [૧૦૩૦-૧૦૩૧]

**आह तओऽवि ण नियमा, जायइ भूअत्थसद्दहाणं तु ।**
**जं सोऽवि पत्तपुव्वो, अणंतसो सव्वजीवेहिं ॥ १०३२ ॥**

वृत्तिः- '**आह- ततोऽपि**' श्रुतधर्मात् '**न नियमात्** '**जायते**' भवति '**भूतार्थश्रद्धानं तु**'- सम्यक्त्वं, कुत इत्याह-'**यदसावपि**' श्रुतधर्म्मः '**प्राप्तपूर्वोऽनन्तशः सर्वजीवैः**' द्रव्यलिङ्गग्रहेण इति गाथार्थः ॥ १०३२ ॥

**ण य अत्थि कोइ अन्नो, एत्थं हेऊ अपत्तपुव्वोत्ति ।**
**जमणादौ संसारे, केण समं णप्पडि ( णं सद्धिं ण पडि ) जोगो ॥ १०३३ ॥**

वृत्तिः- '**न चास्ति कश्चिदन्योऽत्र हेतुः**' सम्यक्त्वस्य '**अप्राप्तपूर्व इति**', कथमित्याह- '**यदनादौ संसारे**' संसरतः '**केन सार्द्धं न घटितो योगः ?**', सर्वेण घटित इति गाथार्थः ॥ १०३३ ॥

(વાદી પૂર્વપક્ષ કરે છે–)

પ્રશ્ન- [1]શ્રુતધર્મથી સમ્યક્ત્વ થાય જ એવો નિયમ નથી. કારણ કે ભૂતકાળમાં સર્વ જીવોએ અનંતવાર દ્રવ્યલિંગ લીધું હોવાથી સર્વજીવો અનંતવાર શ્રુતધર્મ પામ્યા છે. શ્રુતધર્મ સિવાય બીજો પણ સમ્યક્ત્વનો કોઈ હેતુ એવો નથી કે જેને જીવ ભૂતકાળમાં પામ્યો નથી. કારણ કે અનાદિકાળથી સંસારમાં પરિભ્રમણ કરતા જીવને કોની સાથે સંબંધ થયો નથી ? અર્થાત્ બધાની જ સાથે સંબંધ થયો છે. [૧૦૩૨-૧૦૩૩]

---

૧. અહીંથી આરંભી ૧૦૩૬મી ગાથા સુધી પૂર્વપક્ષ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**पच्छावि तस्स घडणे, किं कारणमह अकारणं तं तु ।**
**निच्चं तब्भावाई, कारणभावे अ णाहेऊ ॥ १०३४ ॥**

**वृत्तिः**- **'पश्चादपि तस्य'**-हेतोरपरस्य **'घटने किं कारणम् ?, अथाकारणं तद'**परहेतुघटनं **'नित्यं तद्भावाभावौ'**, तदविशेषात्, **'कारणभावे चा'**परहेतुघटनस्य **'नाहेतुः'** कश्चिदपर इति गाथार्थः ॥ १०३४ ॥

(કદાચ પ્રતિવાદી એમ કહે કે સમ્યક્ત્વમાં શ્રુતધર્મ સિવાય બીજો પણ હેતુ છે, એથી શ્રુતધર્મનો યોગ થવા છતાં બીજા હેતુનો યોગ ન થવાના કારણે સમ્યક્ત્વની પ્રાપ્તિ ન થઈ, પાછળથી જ્યારે બીજા હેતુનો યોગ થાય ત્યારે સમ્યક્ત્વ પ્રગટે. આના ઉત્તરમાં વાદી કહે છે કે-) બીજા હેતુનો યોગ થવામાં કયું કારણ છે ? અર્થાત્ બીજા હેતુનો યોગ અમુક સમયે જ થાય છે તેનું કયું કારણ છે ? બીજા હેતુનો યોગ થવામાં કોઈ કારણ ન હોય = કારણ વિના જ બીજા હેતુનો યોગ થતો હોય, તો તે બીજા હેતુનો યોગ કાં તો સદા હોય, કાં તો ક્યારેય ન હોય. કારણ કે એવો નિયમ છે કે જેનું કોઈ કારણ ન હોય તે કાંતો સદા હોય. કાંતો સદા ન હોય. જેનું કારણ ન હોય તેમાં અમુક સમયે હોવું અને અમુક સમયે ન હોવું એવો ભેદ ન હોય. હવે જો બીજા હેતુના યોગનું કોઈ કારણ હોય તો એ કારણ પણ અહેતુ નથી, અર્થાત્ એનું (બીજા હેતુના યોગના કારણનું) પણ બીજું કોઈ કારણ હોવું જોઈએ. [૧૦૩૪]

एतदेवाह-

**तस्सवि एवमजोगा, कम्मायत्ता य सव्वसंजोगा ।**
**तंपुक्कोसट्ठिइओ, गंठिं जाऽणंतसो पत्तं ॥ १०३५ ॥**

**वृत्तिः**- **'तस्यापि'**-हेतुघटनहेतोः **'एवमयोगाद्'**, अकारणसकारणत्वेनोक्तदोषानिवृत्त्या, उपचयमाह-**'कर्म्मायत्ताश्च'** कर्म्मपरिणतिहेतुकाश्च **'सर्वसंयोगा'** बाह्याभ्यन्तराः, **'तदपि कर्म्मोत्कृष्टस्थिते'**रारभ्य **'ग्रन्थिं यावत्'** कर्म्मग्रन्थिं **'अनन्तशः'**- अनन्तां वारां **'प्राप्तम्'**, आगमोऽयमिति गाथार्थः ॥ १०३५ ॥

**ण य एयभेयओ तं, अन्नं कम्मं अणेण चरियत्थं ।**
**सइभावाऽणाइमया, कह सम्मं कालभेएणं ॥ १०३६ ॥**

**वृत्तिः**- **'न चैतद्भेदत'** इति-जातावेकवचनं न चैतद्भेदेभ्यः- उत्कृष्टस्थितिग्रन्थ्यपान्तरालवर्त्तिभ्यः **'तदन्यत्कर्म्म'** ततश्चैतदन्तर्गतेनैवानेन भाव्यम्, एतच्च अत्र व्यतिकरे **'चरितार्थं'**-निष्ठितप्रयोजनं इत्यर्थः । कुत इत्याह-**'सकृद्भावाद् अनादिमता'** कालेन बहुधाऽप्राप्तेः, एवं सति **'सम्यक्त्वं कथं कालभेदेन'**-अतीतादिना ?, उक्तवत्तत्त्वतो हेत्वविशेषादिति गाथार्थः ॥ १०३६ ॥

આ જ કહે છે- આ પ્રમાણે બીજા હેતુના યોગનું કોઈ કારણ ઘટતું નથી. કારણ કે બીજા હેતુના યોગનું કારણ ન હોય કે હોય એ બંને રીતે ઉક્ત દોષો દૂર થતા નથી. હવે **વિશેષ** (= કર્મ પણ સમ્યક્ત્વનું કારણ નથી એ) કહે છે- બાહ્ય અને અભ્યંતર એ સર્વસંયોગો કર્મ પ્રમાણે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થાય છે. તે કર્મ પણ ઉત્કૃષ્ટ સ્થિતિથી આરંભી કર્મગ્રંથિ સુધીમાં અનંતવાર પ્રાપ્ત થયું છે, એમ આગમમાં કહ્યું છે. [૧૦૩૫] ઉત્કૃષ્ટ સ્થિતિથી આરંભી કર્મગ્રંથિ સુધીમાં રહેલ કર્મ સિવાય બીજું કોઈ કર્મ નથી. તેથી (જેનાથી સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય) એ કર્મ આની (ઉત્કૃષ્ટ સ્થિતિથી કર્મગ્રંથિ સુધીની સ્થિતિની) અંતર્ગત જ હોવું જોઈએ. (एतच्च अत्र व्यतिकरे चरितार्थ-निष्ठितप्रयोजनम् =) એ કર્મ પ્રસ્તુત પ્રસંગમાં (જીવને ગ્રંથિદેશે લાવીને) કૃતકૃત્ય થઈ ગયું છે.

**ભાવાર્થ-** જો કર્મ સમ્યક્ત્વનું કારણ હોત તો આજ સુધીમાં અનંતવાર પ્રાપ્ત થયેલી ઉત્કૃષ્ટ સ્થિતિથી આરંભીને કર્મગ્રંથિ સુધીની સ્થિતિમાંથી કોઈક સ્થિતિથી ક્યારેક તો સમ્યક્ત્વ પ્રાપ્ત થયું હોત. પણ ક્યારેય સમ્યક્ત્વ પ્રાપ્ત થયું નથી. એટલે માનવું પડે કે કર્મ જીવને ગ્રંથિદેશ સુધી લાવે છે, પણ સમ્યક્ત્વ પમાડતું નથી. આથી કર્મ પણ સમ્યક્ત્વનું કારણ નથી. [૧૦૩૬]

अत्रोत्तरमाह-

**किं अन्नेण तओ च्चिअ, पायमिअं जं च कालभेएणं ।**
**एत्थवि तओऽवि हेऊ, णणु सो पत्तो पुरा बहुहा ॥ १०३७ ॥**

**वृत्तिः-** '**किमन्येन**' हेतुनाऽत्र ?, '**तत एव**'-श्रुतधर्म्मात्, '**प्राय**' '**इदं**' सम्यक्त्वं भवति, औपशमिकव्यवच्छेदार्थं प्रायोग्रहणं, '**यच्च कालभेदेन**' तदतीतादिना भवति '**अत्रापि**' कालभेदेन भवने '**तक एव**' श्रुतधर्म्म एव '**हेतुः**', अत्राह-'**नन्वसौ**'-श्रुतधर्म्मः '**प्राप्तः पुरा**' '**बहुधा**' अनेकश इति गाथार्थः ॥ १०३७ ॥

JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

અહીં પ્રતિવાદી ઉત્તર આપે છે–

ઉત્તર- સમ્યક્ત્વનો શ્રુતધર્મ સિવાય બીજો કોઈ હેતુ નથી, પ્રાયઃ શ્રુતધર્મથી જ સમ્યક્ત્વ પ્રગટે છે. અહીં ઔપશમિક સમ્યક્ત્વ સિવાય અન્ય સમ્યક્ત્વ શ્રુતધર્મથી પ્રગટે છે એ જણાવવા પ્રાયઃ શબ્દનો ઉલ્લેખ કર્યો છે. અતીત આદિ કાળના ભેદથી સમ્યક્ત્વ પ્રગટે છે તેમાં પણ શ્રુતધર્મ જ હેતુ છે.

અહીં વાદી પૂર્વપક્ષ કહે છે–

પ્રશ્ન- [1]પૂર્વે અનેકવાર શ્રુતધર્મ પ્રાપ્ત થયો છે. (છતાં સમ્યક્ત્વની પ્રાપ્તિ ન થઈ.) [૧૦૩૭]

एतदेव स्पष्टयन्नाह-

**सव्वजिआणं चिअ जं, सुत्ते गेविज्जगेसु उववाओ ।**
**भणिओ ण य सो एअं, लिंगं मोत्तुं जओ भणियं ॥ १०३८ ॥**

**वृत्तिः-** '**सर्वजीवानामेव**' सांव्यवहारिकराश्यन्तर्गतानां '**यद्**' यस्मात् '**सूत्रे**' प्रज्ञापनादौ '**ग्रैवेयकेषु**' नवस्व'**प्युपपातो भणितः**' तन्मुक्तशरीराणामानन्त्याभिधानात्, '**न चासौ**'-उपपातः '**एतल्लिङ्गं**' जिनप्रणीतं '**मुक्त्वा, यतो भणितमा**'गमज्ञैः पूर्वसूरिभिरिति गाथार्थः ॥ १०३८ ॥

૧. અહીંથી આરંભી ૧૦૪૧મી ગાથા સુધી પૂર્વપક્ષ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ જ વિષયની સ્પષ્ટતા કરે છે–

કારણ કે વ્યવહારરાશિમાં આવેલા બધા જ જીવોની નવેય ગ્રૈવેયકોમાં (અનંતવાર) ઉત્પત્તિ 'પ્રજ્ઞાપના' વગેરે સૂત્રોમાં કહી છે. કારણ કે તેમાં વ્યવહારરાશિમાં આવેલા દરેક જીવે નવ ગ્રૈવેયક સંબંધી અનંત શરીરો મૂક્યાં છે એમ કહ્યું છે. જિનોક્ત લિંગના (દીક્ષાના) સ્વીકાર વિના નવગ્રૈવેયકમાં ઉત્પત્તિ ન થાય. કારણ કે આગમજ્ઞ પૂર્વસૂરિઓએ (નીચે પ્રમાણે) કહ્યું છે. [૧૦૩૮]

किं तदित्याह–

**जे दंसणवावन्ना, लिंगग्गहणं करिंति सामण्णे ।**

**तेसिं पिअ उववाओ, उक्कोसो जाव गेविज्जा ॥ १०३९ ॥**

**वृत्तिः**– '**ये** '**व्यापन्नदर्शना**' निह्नवादयः '**लिङ्गग्रहणं कुर्वन्ति**' प्रतिदिनं रजोहरणादिधारणमनुतिष्ठन्ति, न क्रीडया, अपि तु '**श्रामण्ये**' श्रमणभावविषयं स्वबुद्ध्या, '**तेषामपि च**', अपिशब्दादनादिमिथ्यादृष्टीनामपि च '**उपपात** '**उत्कृष्टः**' सर्वोत्तमो '**यावद् ग्रैवेयकाणि**', क्रियामात्रफलमेतन्निरनुबन्धित्वात्तुच्छमिति गाथार्थः ॥ १०३९ ॥

પૂર્વસૂરિઓએ શું કહ્યું છે તે કહે છે–

જે નિહ્નવ વગેરે વ્યાપન્નદર્શન જીવો અને અનાદિમિથ્યાદષ્ટિ જીવો પણ પ્રતિદિન રજોહરણ વગેરે રાખે છે, રજોહરણ વગેરે રમત માટે નથી રાખતા, કિંતુ તેનાથી સ્વબુદ્ધિ પ્રમાણે સંયમ સંબંધી અનુષ્ઠાનો કરે છે, તેમની પણ ઉત્કૃષ્ટ ઉત્પત્તિ નવગ્રૈવેયક સુધી કહી છે. આ ફલ માત્ર બાહ્યક્રિયાનું છે અને નિરનુબંધી હોવાથી તુચ્છ = અસાર છે. [૧૦૩૯]

यदि नामैवं ततः किमित्याह–

**लिंगे अ जहाजोग्गं, होइ इमं सुत्तपोरिसाइअं ।**

**जं तत्थ निच्चकम्मं, पन्नत्तं वीअरागेहिं ॥ १०४० ॥**

**वृत्तिः**– '**लिङ्गे च**' यथोदिते सति '**यथायोगं**' यथासम्भवं '**भवति** '**अदः**' श्रुतधर्म्मः प्राणिनाम्, उपपत्तिमाह–'**सूत्रपौरुष्यादि** '**यद्**' यस्मात् '**तत्र**' लिङ्गे '**नित्यकर्म्म**' नित्यकरणीयं '**प्रज्ञप्तं वीतरागै**'र्भगवद्भिरिति गाथार्थः ॥ १०४० ॥

આ વિગતનો પ્રસ્તુતમાં શો સંબંધ છે તે કહે છે–

જીવોને યથોક્ત લિંગની પ્રાપ્તિ થતાં યથાસંભવ શ્રુતધર્મની પ્રાપ્તિ (અવશ્ય) થાય છે. કારણ કે ભગવાને લિંગમાં = સંયમમાં સૂત્રપોરિસી આદિ નિત્ય કર્તવ્ય કહ્યું છે, અર્થાત્ દરરોજ શ્રુતનો અભ્યાસ કરવાનું વિધાન કર્યું છે. [૧૦૪૦]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

निगमयन्नाह-

**एवं पत्तोऽयं खलु, न य सम्मत्तं कहं तओ एअं ? ।**
**कह वेसोच्चिअ एअस्स कालभेएण हेउत्ति ॥ १०४१ ॥**

**वृत्तिः**- '**एवम्**' उक्तेन प्रकारेण '**प्राप्तोऽयं खलु**'-श्रुतधर्म्मः '**न च सम्यक्त्वम्**', इयता कालेन सिद्धिप्रसङ्गात्, तत् '**कथं**' केन प्रकारेण '**ततः**' श्रुतधर्म्माद् '**एतत्**' सम्यक्त्वं ?, '**कथं वा एष, एव**' श्रुतधर्म्मः एतस्य-सम्यक्त्वस्य '**कालभेदेन भवतः**' सतो हेतुः ?, नैव, तद्भाव-भावित्वाभावादिति गाथार्थः ॥ १०४१ ॥

ઉપસંહાર કરે છે-

ઉક્ત રીતે ભૂતકાળમાં અનેકવાર શ્રુતધર્મ પ્રાપ્ત થયો છે, પણ સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ નથી. કારણ કે સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ હોત તો આટલા કાળ સુધીમાં મોક્ષ થઈ ગયો હોત. તેથી શ્રુતધર્મથી સમ્યક્ત્વની પ્રાપ્તિ કેવી રીતે ઘટે ? અથવા શ્રુતધર્મ જ કાલભેદથી થતા સમ્યક્ત્વનો હેતુ કેવી રીતે ઘટે ? ન જ ઘટે. કારણ કે શ્રુતધર્મની પ્રાપ્તિ થવા છતાં (तद्भावभावित्वाभावात् =) સમ્યક્ત્વનો ભાવ થયો નથી. [૧૦૪૧]

जैन साईट JAINSITE

अत्रोत्तरमाह-

**भण्णइ पत्तो सो ण उ, उल्लसिअं जीववीरिअं कहवि ।**
**होउल्लसिए अ तयं, तंपि अ पायं तओ चेव ॥ १०४२ ॥**

**वृत्तिः**- '**भण्यते प्राप्तोऽसौ**' श्रुतधर्म्मः पुरा बहुधैव, '**न तूल्लसितं**' कर्म्मविजयाय '**जीववीर्यम्**' आत्मसामर्थ्यं '**कथमपि**', तथास्वभावत्वात्, '**भवत्युल्लसिते च**' जीववीर्ये '**तत्**' सम्यक्त्वं, '**तदपि च**' जीववीर्योल्लसनं '**प्रायस्तत एव**'-श्रुतधर्म्मादिति गाथार्थः ॥ १०४२ ॥

અહીં પ્રતિવાદી ઉત્તર આપે છે-

**ઉત્તર**- પૂર્વે અવશ્ય ઘણીવાર શ્રુતધર્મ પ્રાપ્ત થયો, પણ કર્મવિજય માટે કોઈ પણ રીતે જીવનો વીર્યોલ્લાસ થયો નહિ=જીવનું આત્મબળ-સત્ત્વ પ્રગટ્યું નહિ.

**પ્રશ્ન**- અનેકવાર શ્રુતધર્મ પ્રાપ્ત થવા છતાં જીવનો વીર્યોલ્લાસ કેમ થયો નહિ ?

**ઉત્તર**- આમાં જીવનો તેવો સ્વભાવજ કારણ છે. (અનેકવાર શ્રુતધર્મને પામવા છતાં વીર્યોલ્લાસ ન થાય એવો જીવનો સ્વભાવ છે.)

જીવનો વીર્યોલ્લાસ થતાં સમ્યક્ત્વ પ્રગટે છે. જીવનો વીર્યોલ્લાસ પણ પ્રાયઃ શ્રુતધર્મથી જ થાય છે. [૧૦૪૨]

कथमेतदेवमित्याह-

**जह खाराईहिंतो, असइंपि अपत्तवेहपरिणामो ।**
**विज्झइ तेहिंतो च्चिअ, जच्चमणी सुज्झइ तओ उ ॥ १०४३ ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**- **'यथा 'क्षारादिभ्यः'** क्षारमृत्पुटपाकादिभ्यः **'असकृदपि'** तथास्वभावतया **'अप्राप्तवेधपरिणामः'** अनासादितशुद्धिपूर्वरूप इत्यर्थः 'जात्यमणिः' पद्मरागादिरिति योगः **'विध्यति'** शुद्धिपूर्वरूपमासादयति **'तेभ्य एव'** क्षारमृत्पुटपाकादिभ्यो **'जात्यमणिः 'शुद्ध्यति'** एकान्तनिर्म्मलीभवति, **'तत एव'**क्षारादेरिति गाथार्थः ॥ १०४३ ॥

આ બીના આ પ્રમાણે કેવી રીતે થાય છે એ (દૃષ્ટાંતથી) કહે છે–

જેમ પદ્મરાગ વગેરે ઉત્તમ મણિને ક્ષાર, મૃત્પુટપાક આદિથી શુદ્ધ કરવાનો અનેક વાર પ્રયત્ન કરવા છતાં તેના તેવા સ્વભાવથી તે મણિ જરાપણ શુદ્ધ થતું નથી. આમ છતાં તે મણિ જ્યારે શુદ્ધ થાય છે ત્યારે પણ ક્ષાર, મૃત્પુટપાક આદિથી જ શુદ્ધ થાય છે, અર્થાત્ જ્યારે ત્યારે પણ ક્ષાર, મૃત્પુટપાક આદિથી જ શુદ્ધ થાય છે. મણી જ્યારે ત્યારે પણ ક્ષાર, મૃત્પુટપાક આદિથી પહેલાં થોડું શુદ્ધ થાય છે, પછી ક્રમશઃ અધિક અધિક શુદ્ધ થતાં તદ્દન નિર્મલ બની જાય છે. [૧૦૪૩]

दृष्टान्तमभिधाय दार्ष्टान्तिकयोजनामाह-

**तह सुअधम्माओ च्चिय, असइंपि अपत्तविरिअपरिणामो ।**
**उल्लसई तत्तो च्चिअ, भव्वो जीवो विसुज्झइ अ ॥ १०४४ ॥**

**वृत्तिः**- **'तथा श्रुतधर्म्मादेव'** यथोक्तलक्षणात् सकाशाद् **'असकृदप्यप्राप्तवीर्यपरिणामः'**- अनासादिततथाविधकुशलभावः **'समुल्लसति'**, स्ववीर्यस्फुरणेन, **'तत एव'** स्ववीर्योल्लासात् श्रुतधर्म्माद्वा पारम्पर्येण **'भव्यो जीवो 'विशुद्ध्यति च'** सम्यग्दर्शनादिक्रमेण सिद्ध्यतीति गाथार्थः ॥ १०४४ ॥

દૃષ્ટાંત કહીને દૃષ્ટાંતની ઘટના કરે છે–

તે પ્રમાણે શ્રુતધર્મ અનેકવાર મળવા છતાં તેવા શુભભાવ પ્રાપ્ત ન થાય તો પણ જ્યારે ત્યારે પણ યથોક્ત સ્વરૂપવાળા શ્રુતધર્મથી જ જીવનો વીર્યોલ્લાસ થાય છે. ભવ્યજીવ પોતાના એ વીર્યોલ્લાસથી અથવા પરંપરાએ શ્રુતધર્મથી સમ્યગ્દર્શનાદિના ક્રમે સિદ્ધ થાય છે. [૧૦૪૪]

इहैव भावार्थमाह-

**तस्सेवेस सहावो, जं तावइएसु तह अईएसु ।**
**सुअसंजोएसु तओ, तहाविहं वीरिअं लहइ ॥ १०४५ ॥**

**वृत्तिः**- **'तस्यैवैषः स्वभावो'** जीवस्य **'यत्तावत्सु'**, तस्य यावन्तस्ते, **'तथाऽतीतेषु'** तेन प्रकारेणतदाचार्यसन्निधानादिना व्यपगतेषु **'श्रुतसंयोगेषु'** द्रव्यश्रुतसम्बन्धिषु **'ततः'** तदनन्तरं ततः स्व-भावाद्वा **'तथाविधं वीर्यं लभते'**, यथाविधेन ग्रन्थिं भित्त्वा दर्शनाद्यवाप्य सिद्ध्यतीति गाथार्थः ॥ १०४५ ॥

અહીં જ આ વિષયનો ભાવાર્થ કહે છે–

જીવનો જ એ સ્વભાવ છે કે- તે તે આચાર્યની પાસે તે તે શ્રુતના અભ્યાસ આદિથી તેટલા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દ્રવ્ય શ્રુતના સંયોગો (સંબંધો) થઈ ગયા પછી જીવ તેવા વીર્યોલ્લાસને પામે છે કે જેથી ગ્રંથિભેદ કરીને સમ્યક્ત્વ આદિ પામીને સિદ્ધ [1]થાય છે. [૧૦૪૫]

**आहेवं परिचत्तो, भवया णिअगोऽत्थ कम्मवाओ उ ।**
**भणिअपगाराओ खलु, सहाववायब्भुवगमेणं ॥ १०४६ ॥**

**वृत्तिः**- '**आह-एवं**' सति '**परित्यक्तो भवता**' जैनेन '**निजोऽत्र**'-अधिकारे '**कर्म्मवाद एव**', कथमित्याह-'**भणितप्रकारात् खल्वि**'त्यवधारणे '**स्वभाववादाभ्युपगमेन**' हेतुनेति गाथार्थः ॥ १०४६ ॥

અહીં વાદી કહે છે કે- આ પ્રમાણે તો તમે (= જૈનોએ) પ્રસ્તુતમાં કર્મવાદનો જ ત્યાગ કર્યો. કારણ કે ઉક્ત રીતે જ સ્વભાવવાદનો સ્વીકાર કર્યો છે, અર્થાત્ ઉક્ત રીતે સ્વભાવવાદનો સ્વીકાર કરવાથી કર્મવાદનો ત્યાગ કર્યો. [૧૦૪૬]

**भण्णई एगंतेणं, अम्हाणं कम्मवाय नो इट्ठो ।**
**ण य णो सहाववाओ, सुअकेवलिणा जओ भणिअं ॥ १०४७ ॥**

**वृत्तिः**- '**भण्यते**'ऽत्र '**नैकान्तेनास्माकं**'- જૈનોનાં '**कर्म्मवाद एवेष्टः, न च न स्वभाववाद**' इष्टः, '**श्रुतकेवलिना यतो भणितं**' वक्ष्यमाणमिति गाथार्थः ॥ १०४७ ॥

केनेत्याह-

**आयरियसिद्धसेणेण सम्मईए पइट्ठिअजसेणं ।**
**दूसमणिसादिवागरकप्पत्तणओ तदक्खेणं ॥ १०४८ ॥**

**वृत्तिः**- '**आचार्यसिद्धसेनेन सम्मत्यां**' भणितं वक्ष्यमाणं, सम्मत्यां वा '**प्रतिष्ठितयशसा**' तेन, तथा '**दुष्षमानिशादिवाकरकल्पत्वात्**' कारणात् '**तदाख्येन**' दिवाकरनाम्नेति गाथार्थः ॥ १०४८ ॥

પ્રતિવાદી ઉત્તર આપે છે કે- અમને (= જૈનોને) કેવળ કર્મવાદ ઈષ્ટ (= માન્ય) નથી, ત્યારે સ્વભાવવાદ ઈષ્ટ (= માન્ય) નથી એવું પણ નથી. કારણ કે શ્રુતકેવલી, પ્રતિષ્ઠિતયશવાળા અને દુષ્પમાકાલરૂપરાત્રિ માટે દિવાકર સમાન હોવાથી દિવાકર બિરુદવાળા આચાર્યશ્રી સિદ્ધસેનદિવાકર-સૂરિજીએ સમ્મતિતર્ક ગ્રંથમાં (નીચે પ્રમાણે) કહ્યું છે. [૧૦૪૭-૧૦૪૮]

यद् भणितं तदाह-

**कालो सहाव निअई, पुव्वकयं पुरिसकारणेगंता ।**
**मिच्छत्तं ते चेव उ, समासओ होंति सम्मत्तं ॥ १०४९ ॥**

**वृत्तिः**- '**कालः स्वभावो नियतिः पूर्वकृतं पुरुषकारणं 'एकान्ता**' एते कालादय एव कारणं विश्वस्येत्येवम्भूताः '**मिथ्यात्वं, त एव समासतो भवन्ति सम्यक्त्वं**', सर्व एव समुदिताः सन्तः फलजनकत्वेनेति गाथार्थः ॥ १०४९ ॥

---

૧. ત્તત્તઃ પદનો બીજો અર્થ વાક્યસંક્લિષ્ટ ન બને એ માટે કર્યો નથી, સરળ હોવાથી સ્વયં સમજી લેવો.

જૈન સાઈટ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આચાર્યશ્રી સિદ્ધસેનસૂરિજીએ જે કહ્યું છે તે કહે છે–

કાલ, સ્વભાવ, નિયતિ (= ભવિતવ્યતા), કર્મ અને પુરુષાર્થ એ પાંચને દરેક કાર્યમાં પ્રત્યેકને અલગ અલગ કારણ માનવામાં મિથ્યાત્વ છે, અને સમુદિત = પાંચે ભેગા કારણ માનવામાં સમ્યક્ત્વ છે. કારણ કે બધા જ ભેગા મળે તો કાર્ય કરી શકે [1]છે. [૧૦૪૯]

एतदेव स्पष्टयति-

**सव्वेऽवि अ कालाई, इअ समुदाएण साहगा भणिआ ।**
**जुज्जंति अ एमेव य, सम्मं सव्वस्स कज्जस्स ॥ १०५० ॥**

**वृत्तिः**- '**सर्वेऽपि च कालादयः**'- अनन्तरोपन्यस्ताः '**इय**' इति '**समुदायेन**' इतरेतरापेक्षाः '**साधकाः भणिताः**' प्रवचनज्ञैः, '**युज्यन्ते चैवमेव सम्यक्**' साधकाः '**सर्वस्य कार्यस्य**'- रन्धनादेः, अन्यथा साधकत्वायोगादिति गाथार्थः ॥ १०५० ॥

આ જ વિષયને સ્પષ્ટ કરે છે–

અનંતરોક્ત કાલાદિ બધાય ભેગા મળીને એક-બીજાની અપેક્ષાવાળા હોય તો કાર્યસાધક બને છે એમ પ્રવચનજ્ઞોએ કહ્યું છે, અને એ પ્રમાણે જ તે બધા રાંધવું વગેરે સર્વ કાર્યોના સમ્યક્ સાધક તરીકે ઘટી શકે છે, અન્યથા કાર્યસાધક બની શકતા નથી. [૧૦૫૦]

एतदेवाह-

**नवि कालाईहिंतो, केवलएहिं तु जायए किंचि ।**
**इह मोग्गरंधणाइवि, ता सव्वे समुदिया हेऊ ॥ १०५१ ॥**

**वृत्तिः**- '**नहि कालादिभ्यः**'- अनन्तरोदितेभ्यः '**केवलेभ्य एव जायते किञ्चित्**' कार्यजातं '**इह**'-लोके '**मुद्गरन्धनाद्यपि**' बाह्यम्, आस्तां तावदन्यद्, यत एवं '**ततः सर्वे**'- कालादयः '**समुदिता**' एव '**हेतवः**', सर्वस्य कार्यस्येति गाथार्थः ॥ १०५१ ॥

આ જ વિષયને કહે છે–

લોકમાં મગ રાંધવા વગેરે કોઈ બાહ્ય કાર્ય પણ કાલાદિ પ્રત્યેકથી જ થતું નથી. તો પછી બીજાં

૧. તંતુ સ્વભાવે પટ ઉપજાવે, કાલક્રમે રે વણાએ;
ભવિતવ્યતા હોય તો નિપજે, નહિ તો વિઘ્ન ઘણાએ. રે પ્રાણી સ૦ ૪
તંતુવાય ઉદ્યમ ભોક્તાદિક ભાગ્ય સકલ સહકારી;
ઈમ પાંચે મલી સકલ પદારથ, ઉત્પત્તિ જુઓ વિચારી. રે પ્રાણી સ૦ ૫
નિયતિ વશે હલુ કરમો થઈને, નિગોદ થકી નિકલિઓ;
પુણ્યે મનુજ ભવાદિક પામી, સદ્ગુરુને જઈ મલિયો. રે પ્રાણી સ૦ ૬
ભવસ્થિતિનો પરિપાક થયો, તવ પંડિત વીર્ય ઉલ્લસિઓ;
ભવ્ય સ્વભાવે શિવગતિ પામી, શિવપુર જઈને વસિઓ. રે પ્રાણી સ૦ ૭
(મહોપાધ્યાય શ્રી વિનયવિજયજી ગણિવર વિરચિત પાંચ કારણવાદ સ્તવનની ઢાલ છઠ્ઠી.)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(આધ્યાત્મિક) કાર્યો કાલાદિ પ્રત્યેકથી થાય એ વાત જ ક્યાં રહી ? આથી કાલાદિ ભેગા મળીને સર્વ કાર્યોના હેતુ છે. [૧૦૫૧]

**एत्थंपि ता सहावो, इट्ठो एवं तओ ण दोसो णं ।**
**सो पुण इह विन्नेओ, भव्वत्तं चेव चित्तं तु ॥ १०५२ ॥**

**वृत्ति:**- '**अत्रापि**'-प्रक्रमे '**तावत् स्वभाव इष्ट एवम्**'-उक्तेन प्रकारेण, '**ततो न दोषो**' '**नः**' अस्माकं, कर्मवादत्यागस्वभावाभ्युपगमरूपः, '**स पुनः**' स्वभावो'**ऽत्र**'-प्रकान्ते '**विज्ञेयः**' किम्भूत इत्याह-'**भव्यत्वमेव**'-अनादिपारिणामिकभावलक्षणं '**चित्रं तु**', तदा तथापाकादियोग्यतयेति **गाथार्थः** ॥ १०५२ ॥

પ્રસ્તુતમાં પણ અમને ઉક્ત રીતે (સમુદિત કાર્યસાધક તરીકે) સ્વભાવ ઈષ્ટ જ છે. તેથી અમને કર્મવાદનો ત્યાગ કરીને સ્વાભાવવાદ સ્વીકારવાનો દોષ લાગતો નથી. પ્રસ્તુતમાં અનાદિ પારિણામિક ભાવરૂપ ભવ્યત્વને જ સ્વભાવ જાણવો. આ ભવ્યત્વ વિચિત્ર છે, અર્થાત્ દરેક જીવનું ભવ્યત્વ અલગ અલગ છે. કારણ કે તે તે (= ભિન્ન ભિન્ન) રીતે પરિપાકને યોગ્ય છે, અર્થાત્ દરેક જીવના ભવ્યત્વનો પરિપાક ભિન્ન ભિન્ન રીતે થતો હોવાથી દરેક જીવનું ભવ્યત્વ અલગ અલગ [1]છે. [૧૦૫૨]

'तुल्यमेवैत'दित्याशङ्कापनोदायाह-

**एअं एगंतेणं तुल्लं, चिअ जइ उ सव्वजीवाणं ।**
**ता मोक्खोऽवि हु तुल्लो, पावइ कालादभेएणं ॥ १०५३ ॥**

**वृत्ति:**- '**एतदपि**'-भव्यत्वं '**एकान्तेन**'-सर्वथा '**तुल्यमेव**'-अविशिष्टमेव '**यदि तु सर्वजीवानां**'-भव्यानामिष्यते '**ततो मोक्षोऽपि**'-तद्योग्यताफलरूपः '**तुल्यः प्राप्नोति**' सदृश एवापद्यते, कथ-मित्याह-'**कालाद्यभेदेन**' काललिङ्गक्षेत्राद्यभेदेनेति **गाथार्थः** ॥ १०५३ ॥

ભવ્યત્વ તુલ્ય જ છે એવા અન્યના ખોટા વિચારને દૂર કરવા કહે છે–

જો બધા જ જીવોનું ભવ્યત્વ એકાંતે તુલ્ય જ માનવામાં આવે તો ભવ્યત્વની યોગ્યતાના ફલરૂપ મોક્ષ પણ કાલ, લિંગ, ક્ષેત્ર આદિના ભેદ વિના સમાનપણે જ થવાની આપત્તિ આવે. [૧૦૫૩]

**ण य तस्सेगंतेणं, तहासहावस्स कम्ममाईहिं ।**
**जुज्जइ फले विसेसोऽभव्वाणवि मोक्खसंगं च ॥ १०५४ ॥**

**वृत्ति:**- '**न च** '**तस्य**' भव्यत्वस्य '**एकान्तेन**'-सर्वथा '**तथास्वभावस्य**' तुल्यस्वभावस्य सतः '**कर्म्मादिभ्यः**' कर्म्मकालपुरुषकारेभ्यो '**युज्यते**' घटते '**फले विशेषः**'- मोक्षाख्ये कालादिभेदलक्षणः, कुत इत्याह-'**अभव्यानामपि मोक्षसङ्गात्**', तेषामेतत्स्वभावत्वेऽपि देशनादिभ्यः तद्विशेषापत्तेरिति **गाथार्थः** ॥ १०५४ ॥

---

१. 'पाकादियोग्यतया' એ પદમાં રહેલ 'आदि' શબ્દથી ફલભેદ સમજવો. કાલાદિના ભેદથી થનાર ફલ પણ અલગ અલગ હોવાથી ભવ્યત્વ વિચિત્ર છે. (विचित्तमेअं तहाफलभेएण पंचसूत्र-५, सू. १२.)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પ્રશ્ન-** સર્વજીવોનું ભવ્યત્વ એકાંતે તુલ્ય સ્વભાવ (સમાન) હોવા છતાં કર્મ, કાળ અને પુરુષાર્થથી મોક્ષરૂપ ફલમાં કાળ, લિંગ, ક્ષેત્રાદિનો ભેદ ઘટી શકે છે.

**ઉત્તર-** એમ માનતાં તો અભવ્યોનો પણ મોક્ષ થવાનો પ્રસંગ આવે ! કારણ કે અભવ્યોનો અભવ્યત્વ સ્વભાવ હોવા છતાં 'દેશના' આદિથી તેમાં (= અભવ્યત્વમાં) વિશેષતા આવે. (જેમ કર્મ આદિથી ભવ્યત્વમાં વિશેષતા આવે તેમ દેશના આદિથી અભવ્યત્વમાં પણ વિશેષતા આવે = મોક્ષ થાય તેવી વિશેષતા આવે, અને એથી અભવ્યોનો પણ મોક્ષ થાય.) [૧૦૫૪]

तत्तुल्यतायामपि कर्म्मादेस्तत्स्वभावत्वात् स फलभेद इति मोहनिराकरणायाह-

**कम्माइ तस्सभावत्तणंपि नो तस्स तस्सभावत्ते ।**

**फलभेअसाहगं हंदि चिंतिअव्वं सुबुद्धीए ॥ १०५५ ॥**

**वृत्तिः-** '**कर्म्मादेः**' कर्म्मकालपुरुषकारव्रातस्य '**तत्स्वभावत्वं**' भव्यत्वोपक्रमणादिस्वभावत्वं यथोक्तफलहेतुर्भविष्यति, अत्राह-'**एतदपि**' कर्म्मादि तत्स्वभावत्वमपि कल्प्यमानं '**न** '**तस्य**' भव्यत्वस्य '**अतत्स्वभावत्वे**' कर्म्मादिभिस्तथोपक्रमणाद्यस्वभावत्वे किञ्चिदित्याह-'**फलभेदसाधकं**' काललिङ्गक्षेत्रादिभेदेन मोक्षसाधकमित्यर्थः । '**हन्दी**'त्युपदर्शने '**चिन्तयितव्यमे**'तत् '**सुबुद्ध्या**' निपुणबुद्ध्या अभव्यमोक्षप्रसङ्गादिद्वारेणेति गाथार्थः ॥ १०५५ ॥

**ભવ્યત્વ તુલ્ય હોવા છતાં કર્મ વગેરેનો ભવ્યત્વમાં ઉપક્રમણ (= સંસ્કાર) કરવાનો સ્વભાવ હોવાથી ફલભેદ થાય છે એવા મોહને દૂર કરવા કહે છે—**

**પ્રશ્ન-** કર્મ, કાલ અને પુરુષાર્થનો ભવ્યત્વમાં ઉપક્રમણ (= સંસ્કાર) આદિ કરવાનો સ્વભાવ યથોક્ત (કાલાદિથી ભિન્ન મોક્ષરૂપ) ફલનો હેતુ થશે.

**ઉત્તર-** કર્માદિનો ભવ્યત્વમાં ઉપક્રમણ કરવાનો સ્વભાવ કલ્પવા છતાં જો ભવ્યત્વનો પણ કર્માદિથી તે તે રીતે ઉપક્રમિત (સંસ્કારિત) થવાનો સ્વભાવ ન હોય તો કંઈ ન થાય, અર્થાત્ ભવ્યત્વ કાલ, લિંગ, ક્ષેત્ર આદિના ભેદથી મોક્ષસાધક ન બને. આ વિષયને "અભવ્યનો પણ મોક્ષ થવાનો પ્રસંગ આવે" ઈત્યાદિ રીતે સૂક્ષ્મબુદ્ધિથી વિચારવો. [૧૦૫૫]

**अह देसणाइ णेवंसहावओ( मो ) जं तओ अभव्वाणं ।**

**नो खलु मोक्खपसंगो, कहं तु अन्नत्थ तं एवं ? ॥ १०५६ ॥**

**वृत्तिः-** '**अथ देशनादि**'-देशनानुष्ठानादि '**नैवंस्वभावं**' न मोक्षजननस्वभावं, '**यद्**' यस्मा **त्ततोऽभव्यानां**' प्राणिनां '**नो खलु मोक्षप्रसङ्ग**' इति दोषाभाव इति, अत्राह- '**कथं त्वन्यत्र**'-मोक्षगामिनी सत्त्वे '**तद्**' देशनादि '**एवं**' मोक्षजननस्वभावमिति गाथार्थः ॥ १०५६ ॥

**પ્રશ્ન-** ધર્મદેશના, અનુષ્ઠાન વગેરેનો મોક્ષને પમાડવાનો સ્વભાવ નથી, એથી અભવ્યજીવોનો મોક્ષ થવાનો પ્રસંગ આવતો નથી, એથી આમાં કોઈ દોષ નથી.

जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ઉત્તર**- જો ધર્મદેશના, અનુષ્ઠાન વગેરેનો મોક્ષને પમાડવાનો સ્વભાવ નથી તો મોક્ષમાં જનાર જીવને આશ્રયીને તેમનો મોક્ષ પમાડવાનો સ્વભાવ કેમ છે ? અર્થાત્ તો મોક્ષમાં જનાર જીવ દેશના, અનુષ્ઠાન આદિથી મોક્ષમાં કેમ જાય છે ? [૧૦૫૬]

इहैवाक्षेपपरिहारशेषमाह–

**भव्वत्ते सइ एवं, तुल्ले एअंमि कम्ममाईण ।**

**तमभव्वदेसणासममित्थं निअमेण दट्ठव्वं ॥ १०५७ ॥**

**वृत्तिः**- **'भव्यत्वे सत्येवं'**-देशनादिमोक्षजननस्वभावमित्याशङ्क्याह-**'तुल्ये'** सर्वथा सदृश एव **'एतस्मिन्'** भव्यत्वे सर्वजीवानां **'कर्म्मादीनां'** कर्म्मकालपुरुषकाराणां **'तत्'** तत्सभावत्वं भव्य-त्वोपक्रमणादिरूपं **'अभव्यदेशनासमं'**, तत्त्वतो न तत्स्वभावत्वमभव्यभव्यत्ववत्सदृशस्या-सादृश्यकारणानुपपत्तेः **'अत्र'** व्यतिकरे **'नियमेन द्रष्टव्यम्'**-अवश्यन्तयैतदेवं भावनीयम्, एवमपि तथाभ्युपगमे सत्यभव्यमोक्षप्रसङ्गोऽनिवृत्त एवेति गाथार्थः ॥ १०५७ ॥

**અહીં જ શેષ પ્રશ્નોત્તરી કહે છે–**

ભવ્યત્વને આશ્રયીને દેશના આદિનો મોક્ષ પમાડવાનો સ્વભાવ છે એવા વાદીના ઉત્તરને મનમાં કલ્પીને કહે છે કે- સર્વ જીવોનું ભવ્યત્વ સર્વથા તુલ્ય જ હોય તો કર્મ, કાલ અને પુરુષાર્થનું ભવ્યત્વમાં ઉપક્રમણરૂપ સ્વભાવ અભવ્યદેશના સમાન છે, અર્થાત્ કર્માદિનો ભવ્યત્વમાં ઉપક્રમણ આદિ કરવાનો સ્વભાવ નથી. કારણ કે જેમ ધર્મદેશના અભવ્યને ભવ્ય બનાવી શકતી નથી, તેમ કર્માદિ સમાનને અસમાન બનાવે એ સંગત થતું નથી. પ્રસ્તુતમાં આ વિષય આ પ્રમાણે અવશ્ય વિચારવો. છતાં તે પ્રમાણે (= કર્માદિનો ભવ્યત્વમાં ઉપક્રમણ કરવાનો સ્વભાવ છે એમ) સ્વીકારવામાં આવે તો અભવ્યનો મોક્ષ થવાની આપત્તિ રહેલી જ છે. [૧૦૫૭]

**अह एअद्दोसभया, ण मयं सइ तस्स तस्सभावत्तं ।**

**एवं च अत्थओ णणु, इट्ठो अ मईअपक्खोत्ति ॥ १०५८ ॥**

**वृत्तिः**- **'अथैतद्दोषभयात्'** कारणात् **'न मतं सदा 'तस्य'** भव्यत्वस्य **'तत्स्वभावत्वम्'** अनुपक्रमणादिस्वभावत्वम्, अत्राह-**'एवं चार्थतो'**ऽनूपक्रमणादिरूपत्वाभ्युपगमात् **'इष्ट एव'**-अभ्युपगत एव **'मदीयः पक्ष इति'** गाथार्थः ॥ १०५८ ॥

હવે જો આ (= અભવ્યોનો મોક્ષ થવાના પ્રસંગ રૂપ) દોષના ભયના કારણે જો તમને સદા કર્માદિથી ભવ્યત્વમાં ઉપક્રમણાદિ સ્વભાવ (= કર્માદિથી ભવ્યત્વ સંસ્કારિત થાય છે એ) ઈષ્ટ નથી, તો આ પ્રમાણે પરમાર્થથી તો તમોએ (अनूपक्रमणादिरूपत्वाभ्युपगमात्) પાછળથી ઉપક્રમણાદિનો સ્વીકાર કરવાથી અમારો જ મત સ્વીકાર્યો. [૧૦૫૮]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ततश्च एतदेव भावयति–

**जं तमणाइसरूवं, एक्कंपि हु तं अणाइमं चेव ।**

**सो तस्स तहाभावोऽवि अप्पभूओत्ति काऊण ॥ १०५९ ॥**

**वृत्तिः**- '**यत्तद्**' भव्यत्वं '**अनादिस्वरूपं**' वर्त्तते, '**एकमपि**' च '**तद्, अनादिमये च**', न तु प्रकारवद्, अतः '**स** '**तस्य**' भव्यत्वस्य '**तथाभावोऽपि**' न्यायसाधित उपक्रमणादिरूपः '**आत्मभूतः**', स्वो भावः स्वभाव '**इतिकृत्वेष्ट**' एव मदीयः पक्ष इति गाथार्थः ॥ १०५९ ॥

**તેથી આ જ વિષયને વિચારે છે–**

જે તે ભવ્યત્વ અનાદિસ્વરૂપ છે,તે ભવ્યત્વ અનાદિમય હોવા સાથે એક પણ છે, પ્રકારવાળું નથી. આથી ભવ્યત્વનો ન્યાયથી સિદ્ધ કરેલ ઉપક્રમણાદિરૂપ તથાભાવ (= તેવો ભાવ) પણ આત્મરૂપ છે. કારણ કે પોતાનો ભાવ તે સ્વભાવ એમ સ્વભાવનો અર્થ ઘટે છે. આમ તમોએ અમારો જ પક્ષ સ્વીકાર્યો. [૧૦૫૯]

स्वभाववाद एव तर्हि तत्त्ववादः, अनङ्गं शेषाः कर्म्मादय इत्याशङ्कयाह–

**ण य सेसाणवि एवं, कम्माईणं अणंगया एत्थं ।**

**तं चिअ तहासहावं, जं तेऽवि अविक्खइ तहेव ॥ १०६० ॥**

**वृत्तिः**- '**न च शेषाणामप्येवं**'-स्वभावस्थापने '**कर्म्मादीनामनङ्गताऽत्र**'-विचारे, कुत इत्याह-'**तदेव**'-भव्यत्वं '**तथास्वभावं यत् तानपि**'-कर्म्मादीन् '**अपेक्षते**' जीववीर्योल्लसनं प्रति, '**तथैव**' चित्रतया भवतीति गाथार्थः ॥ १०६० ॥

ततश्च–

**तस्समुदायाओ चिअ, तत्तेण तहा विचित्तरूवाओ ।**

**इअ सो सिअवाएणं, तहाविहं वीरिअं लहइ ॥ १०६१ ॥**

**वृत्तिः**- '**तत्समुदायादेव**'-स्वभावादिसमुदायादेव '**तत्त्वेन**' परमार्थेन '**तथा**' तेन प्रकारेण '**विचित्ररूपात्**' समुदायात् '**इय**' एवं '**स**' प्रकान्तो जीवः '**स्याद्वादेन**' अन्योऽन्यापेक्षया '**तथाविधं वीर्यं लभते**', यत उल्लसत्यपूर्वकरणेनेति गाथार्थः ॥ १०६१ ॥

**આમ તો સ્વભાવ જ તત્ત્વ (= કાર્યસિદ્ધિનો ઉપાય) છે, બાકીના કર્મ વગેરે કાર્યસિદ્ધિના ઉપાયો નથી એવા વાદીના વિચારને મનમાં કલ્પીને કહે છે–**

પ્રસ્તુત વિચારણામાં આ પ્રમાણે સ્વભાવની સ્થાપના કરી એથી કર્મ વગેરે કાર્યસિદ્ધિના ઉપાયો નથી એમ ન માનવું. કારણ કે ભવ્યત્વ જીવનો વીર્યોલ્લાસ થવામાં કર્મ વગેરેની અપેક્ષા રાખવાના સ્વભાવવાળું છે. સર્વ જીવોનું ભવ્યત્વ તે તે કર્માદિની અપેક્ષા પ્રમાણે વિચિત્ર છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેથી પરમાર્થથી તે તે રીતે વિચિત્ર પ્રકારના અને પરસ્પરની અપેક્ષાવાળા સ્વભાવાદિ સમુદાયથી જીવ તેવા પ્રકારના વીર્યને (આત્મબળને) પામે છે. કારણ કે (શાસ્ત્રમાં કહ્યું છે કે) અપૂર્વકરણથી આત્મબળ પ્રગટે છે. [૧૦૬૦-૧૦૬૧]

**तत्तो अ दव्वसम्मं, तओ अ से होइ भावसम्मं तु ।**

**तत्तो चरणकमेणं, केवलनाणाइसंपत्ती ॥ १०६२ ॥**

**वृत्तिः**- '**ततश्च** '**द्रव्यसम्यक्त्वं**' वक्ष्यमाणस्वरूपं, '**ततश्च**' द्रव्यसम्यक्त्वात् '**से**' तस्य '**भवति** '**भावसम्यक्त्वमेव**' वक्ष्यमाणलक्षणं, '**ततश्चरणक्रमेण**'-चरणोपशमलक्षणेन '**केवलज्ञानादिसम्प्राप्ति**'र्भवति, आदिशब्दात् सिद्धिपरिग्रह इति गाथार्थः ॥ १०६२ ॥

તેનાથી (= તેવા વીર્યોલ્લાસથી) જીવને જેનું સ્વરૂપ હવે કહેવાશે તે દ્રવ્ય સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. દ્રવ્યસમ્યક્ત્વથી જેનું સ્વરૂપ હવે કહેવાશે તે ભાવસમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. તેનાથી ચારિત્રની પ્રાપ્તિ થાય છે. તેનાથી ઉપશમની=ઉત્કૃષ્ટ સમતાની પ્રાપ્તિ થાય છે. તેનાથી કેવલજ્ઞાન અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. [૧૦૬૨]

द्रव्यसम्यक्त्वादिस्वरूपमाह-

**जिणवयणमेव तत्तं, एत्थ रुई होइ दव्वसम्मत्तं ।**

**जहभावा णाणसद्धा, परिसुद्धं तस्स सम्मत्तं ॥ १०६३ ॥**

**वृत्तिः**- '**जिनवचनमेव तत्त्वं**' नान्यदि'**त्यत्र रुचिर्भवति द्रव्यसम्यक्त्वम्**', अनाभोगवद्रुचिमात्रं, '**यथाभावाद्**' यथावस्थितवस्तुग्राहिणः '**ज्ञानाच्छ्रद्धापरिशुद्धं**' स्वकार्यकारितया भाव'**सम्यक्त्वं**'नैश्चयिकमिति गाथार्थः ॥ १०६३ ॥

દ્રવ્યસમ્યક્ત્વ વગેરેનું સ્વરૂપ કહે છે—

"જિનવચન જ તત્ત્વ=સત્ય છે, જિનવચન સિવાય કોઈ વચન તત્ત્વ નથી." એવી રુચિ એ દ્રવ્યસમ્યક્ત્વ છે. માત્ર રુચિરૂપ આ સમ્યક્ત્વ વિશિષ્ટજ્ઞાન રહિત જીવને હોય છે. વસ્તુને યથાવસ્થિત જણાવનારા (નય-નિક્ષેપ-પ્રમાણાદિથી વિશુદ્ધ) જ્ઞાનપૂર્વકની શ્રદ્ધાથી વિશુદ્ધ સમ્યક્ત્વ ભાવ=નૈશ્ચયિક સમ્યક્ત્વ છે. કારણ કે તે સમ્યક્ત્વ સ્વકાર્ય (= પ્રશમ વગેરે) કરે છે. [૧૦૬૩]

एतदेव भावयति-

**सम्मं अन्नायगुणे, सुंदररयणम्मि होइ जा सद्धा ।**

**तत्तोऽणंतगुणा खलु, विन्नायगुणम्मि बोद्धव्वा ॥ १०६४ ॥**

**वृत्तिः**- '**सम्यगज्ञातगुणे**' मनाग्ज्ञातगुण इत्यर्थः '**सुन्दररत्ने**' चिन्तामण्यादौ '**भवति या** '**श्रद्धा**' उपादेयविषया '**ततः**' श्रद्धाया '**अनन्तगुणैव**' तीव्रतया '**विज्ञातगुणे**' तस्मिन् '**बोद्धव्ये**'ति गाथार्थः ॥ १०६४ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**तम्हा उ भावसम्मं, एवंविहमेव होइ नायव्वं ।**

**पसमाइलिंगजणयं, निअमा एवंविहं चेव ॥ १०६५ ॥**

**वृत्तिः**- यस्मादेवं '**तस्माद् भावसम्यक्त्वमेवंविधमेव**' यथोक्तलक्षणं '**भवति ज्ञातव्यं प्रशमादिलिङ्गजनकं**', स्वकार्यकृदित्यर्थः, '**नियमादेवंविधमेव**', नान्यदिति गाथार्थः ॥ १०६५ ॥

**तत्तो अ तिव्वभावा, परिसुद्धो होइ चरणपरिणामो ।**

**तत्तो दुक्खविमोक्खो, सासयसोक्खो तओ मोक्खो ॥ १०६६ ॥**

**वृत्तिः**- '**ततश्च**' यथोदितात् सम्यक्त्वात् '**तीव्रो भावः**' शुभः तीव्रभावात् '**परिशुद्धो भवति**' निष्कलङ्कः '**श्चरणपरिणामो**' भावरूप इत्यर्थः, '**ततः**' चरणपरिणामात् सकाशाद् '**दुःखविमोक्षः**'- घातिकर्म्मभवोपग्राहिकर्म्मविमोक्षः '**शाश्वतसौख्यस्ततो मोक्ष**' इति गाथार्थः ॥ १०६६ ॥

**આ જ વિષયને વિચારે છે–**

જયારે ચિંતામણી વગેરે કોઈ રત્નનું થોડુંક [1]જ્ઞાન હોય ત્યારે તેમાં જેટલી (આ ઉપાદેય છે એવી) શ્રદ્ધા હોય, તે જ રત્નનું વિશેષજ્ઞાન થાય છે, ત્યારે તેમાં પૂર્વ કરતાં અનંતગણી શ્રદ્ધા થાય છે. માટે પૂર્વોક્ત ભાવસમ્યક્ત્વનું લક્ષણ જેમાં હોય તે જ ભાવસમ્યક્ત્વ જાણવું. આવું જ સમ્યક્ત્વ પ્રશમાદિ લિંગનું જનક છે, અર્થાત્ સ્વકાર્ય (પ્રશમ વગેરે) કરે છે. અન્ય (= દ્રવ્ય) સમ્યક્ત્વ પ્રશમાદિજનક નથી. યથોક્ત (= ભાવ) સમ્યક્ત્વથી તીવ્ર શુભ ભાવ થાય છે. તીવ્ર શુભ ભાવથી વિશુદ્ધ ચારિત્રના પરિણામ થાય છે. વિશુદ્ધ ચારિત્રના પરિણામથી ઘાતીકર્મો અને ભવોપગ્રાહી કર્મોનો ક્ષય થાય છે. ઘાતીકર્મો અને ભવોપગ્રાહી કર્મોના ક્ષયથી શાશ્વત સુખવાળો મોક્ષ થાય છે. [૧૦૬૪ થી ૧૦૬૬]

प्रासङ्गिकमभिधाय प्रकृते मीलयति-

**सुअधम्मस्स परिक्खा, तओ कसाईहिँ होइ कायव्वा ।**

**तत्तो चरित्तधम्मो पायं होइ त्ति काऊणं ॥ १०६७ ॥**

---

૧. કોઈ વસ્તુનું જયારે અજ્ઞાન હોય છે-તેના ગુણોનું વિશેષ જ્ઞાન હોતું નથી ત્યારે તેના ઉપર સામાન્ય શ્રદ્ધા હોયછે. તે જ વસ્તુ જ્ઞાત બને છે = તેના ગુણોનું વિશેષ જ્ઞાન થાય છે ત્યારે તેના વિષે પૂર્વે જે શ્રદ્ધા હતી તેના કરતાં અનંતગણી શ્રદ્ધા વધી જાય છે.

આ હકીકતને આપણે દૃષ્ટાંતથી વિચારીએ. રોગીને રોગ દૂર કરનારા ઔષધનું નામ સાંભળતાં એ ઔષધ પ્રત્યે શ્રદ્ધા જાગે છે, પણ જયારે એ ઔષધનું વિશેષજ્ઞાન મેળવે છે, તેમાં રહેલી અદ્ભુત શક્તિનું ચોક્કસ જ્ઞાન થાય છે, આના સેવન વિના મારો રોગ નહિ જાય એવી ચોક્કસ ખાત્રી થાય છે, ત્યારે તેની શ્રદ્ધા કઈગુણી વધી જાય છે. હીરાના હાર પ્રત્યે બાળકને જે શ્રદ્ધા હોય છે તેનાથી અનંતગણી શ્રદ્ધા મોટા માણસને હોય છે. એકાએક રત્નની પ્રાપ્તિ થતાં એ રત્ન પ્રત્યે શ્રદ્ધા જાગે છે. પણ તેની પરીક્ષા કરતાં તેના ગુણોનું જ્ઞાન થતાં આ તો જીવનપર્યંત દરિદ્રતાને ફેડનાર ચિંતામણી રત્ન છે એવી ખબર પડતાં તેના પ્રત્યે અનંતગણી શ્રદ્ધા પ્રગટે છે. બાળપોથીમાં ભણતા વિદ્યાર્થીને અભ્યાસ પ્રત્યે જે શ્રદ્ધા હોય છે, તેનાથી કઈગુણી શ્રદ્ધા કોલેજના વિદ્યાર્થીને હોય છે.

એ જ પ્રમાણે દ્રવ્ય સમ્યગ્દર્શનમાં જેટલી શ્રદ્ધા હોય છે, તેના કરતાં અનંતગુણી શ્રદ્ધા ભાવ સમ્યગ્દર્શનમાં હોય છે. ભાવસમ્યક્ત્વ જ તાત્ત્વિક છે. ભાવસમ્યક્ત્વની પ્રાપ્તિ માટે પદાર્થોના યથાર્થ જ્ઞાનની જરૂર છે. આથી અપેક્ષાએ જ્ઞાનની મહત્તા વધારે છે.

(ઉ. ૨૯. ગાથા ૧૧૦ની ટીકા, ઉ. પ. ગા. ૬૮૮)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**- '**श्रुतधर्मस्य**' चारित्रधर्मव्यवस्थाकारिणः '**परीक्षा**' विचारणा '**ततः** '**कषादिभिः**' कषच्छेदतापैः **र्भवति कर्त्तव्या**', किमित्यत्राह-'**ततः**' श्रुतधर्म्मात् '**चरित्रधर्म्मः** '**प्रायो**' बाहुल्येन '**भवतीति कृत्वा**', तस्मिन् परीक्षिते स परीक्षित एवेति गाथार्थः ॥ १०६७ ॥

પ્રાસંગિક કહીને પ્રસ્તુત વિષય સાથે જોડે છે–

તેથી ચારિત્રધર્મની વ્યવસ્થા કરનાર શ્રુતધર્મની (= શાસ્ત્રની) કષ-છેદ-તાપથી પરીક્ષા કરવી જોઈએ. કારણ કે પ્રાયઃ શ્રુતધર્મથી ચારિત્રધર્મ થાય છે, અર્થાત્ ચારિત્ર ધર્મ કેવો હોવો જોઈએ એનો નિર્ણય શ્રુતધર્મથી થાય છે, એથી શ્રુતધર્મની પરીક્ષા કરી લેવાથી ચારિત્રધર્મની પરીક્ષા થઈ જ જાય છે. [૧૦૬૭]

**सुहुमो असेसविसओ, सावज्जे जत्थ अत्थि पडिसेहो ।**
**रागाइविअडणसहं, झाणाइ अ एस कससुद्धो ॥ १०६८ ॥**

**वृत्तिः**- '**सूक्ष्मो**' निपुणो '**ऽशेषविषयः**', व्याप्त्येत्यर्थः, '**सावद्ये**' सपापे '**यत्रास्ति प्रतिषेधः**' श्रुतधर्म्मे, तथा '**रागादिविकुट्टनसहं**'-समर्थं '**ध्यानादि च, एष कषशुद्धः**', श्रुतधर्म्म इति गाथार्थः ॥ १०६८ ॥

જે શ્રુતધર્મમાં સર્વ પાપકાર્યોનો સૂક્ષ્મપણે નિષેધ કરવામાં આવ્યો હોય, તથા રાગાદિનો નાશ કરવામાં સમર્થ એવા ધ્યાન વગેરેનું વિધાન કરવામાં આવ્યું હોય, એ શ્રુતધર્મ કષ પરીક્ષાથી શુદ્ધ છે. [૧૦૬૮]

इत्थं लक्षणमभिधायोदाहरणमाह-

**जह मणवयकाएहिं, परस्स पीडा दढं न कायव्वा ।**
**झाएअव्वं च सया, रागाइविवक्खजालं तु ॥ १०६९ ॥**

**वृत्तिः**- '**यथा मनोवाक्कायैः**' करणभूतैः '**परस्य पीडा दृढं न कर्त्तव्या**', क्षान्त्यादिभेदेन, तथा '**ध्यातव्यं च सदा**' विधिना '**रागादिविपक्षजालं तु**' यथोचितमिति गाथार्थः ॥ १०६९ ॥

આ પ્રમાણે લક્ષણ કહીને ઉદાહરણ કહે છે–

જેમકે ક્ષાન્ત્યાદિ ધર્મના પાલનપૂર્વક બીજા જીવને [1]કરણરૂપ એવા મન-વચન-કાયાથી જરા પણ પીડા ન કરવી. તથા સદા વિધિપૂર્વક રાગાદિના વિપક્ષસમૂહનું ઉચિત રીતે ધ્યાન કરવું. (આ રીતે નિષેધ-વિધિ જેમાં હોય તે શાસ્ત્ર કષથી શુદ્ધ છે.) [૧૦૬૯]

व्यतिरेकतः कषशुद्धमाह-

**थूलो ण सव्वविसओ, सावज्जे जत्थ होइ पडिसेहो ।**
**रागाइविअडणसहं, न य झाणाईवि तयसुद्धो ॥ १०७० ॥**

૧. साधकतमं करणम् (સિ.હે.શ. ૨/૨/૨૮) ક્રિયા કરવામાં જે વધારેમાં વધારે સહાયક હોય તેને 'કરણ' કહેવામાં આવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**- '**स्थूलः**'-अनिपुणः '**न सर्वविषयः**'-अव्यापकः '**सावद्ये**' वस्तुनि '**यत्र भवति प्रतिषेधः**' आगमे, '**रागादिविकुट्टनसमर्थं न च ध्यानाद्यपि**' यत्र, स '**तदशुद्धः**' कषाशुद्ध इति गाथार्थः ॥ १०७० ॥

વ્યતિરેકથી (= નિષેધથી) કષશુદ્ધ આગમ કહે છે–

જે આગમમાં સર્વ પાપ કાર્યોનો સૂક્ષ્મ રીતે નિષેધ ન કરવામાં આવ્યો હોય, તથા રાગાદિનો નાશ કરવામાં સમર્થ એવા ધ્યાનાદિનું વિધાન ન કરવામાં આવ્યું હોય એ આગમ કષ પરીક્ષાથી અશુદ્ધ છે. [૧૦૭૦]

अत्रैवोदाहरणमाह–

**जह पंचहिँ बहुएहि व, एगा हिंसा मुसं विसंवाए ।**
**इच्चाओ झाणम्मि अ, झाएअव्वं अगाराइं ॥ १०७१ ॥**

**वृत्तिः**- '**यथा पञ्चभिः**' कारणैः-प्राण्यादिभिः '**बहुभिश्च**'-एकेन्द्रियादिभि'**रेका हिंसा**', यथोक्तं-**प्राणी प्राणिज्ञानं घातकचित्तं च तद्गता चेष्टा । प्राणैश्च विप्रयोगः पञ्चभिरापद्यते हिंसा** ॥ १ ॥ तथा '**अनस्थिमतां शकटभरेणैको घात**' इति, तथा '**मृषा विसंवादे**' वास्तव इति, आह- '**असन्तोऽपि स्वका दोषाः, पापशुद्ध्यर्थमीरिताः । न मृषायै विसंवादविरहात्तस्य कस्यचित्** ॥ १ ॥'' '**इत्यादौ**' विचारे, तथा '**ध्याने च ध्यातव्यमकारादि**', यथोक्तम्-''**ब्रह्मो-कारोऽत्र विज्ञेयः, अकारो विष्णुरुच्यते, । महेश्वरो मकारस्तु, त्रयमेकत्र तत्त्वतः** ॥ १ ॥'' इति गाथार्थः ॥ १०७१ ॥

અહીં (= કષથી અશુદ્ધમાં) ઉદાહરણ કહે છે–

જેમકે, પ્રાણી વગેરે પાંચ કારણોથી હિંસા થાય. તથા ઘણા એકેંદ્રિય વગેરે જીવોના ઘાતથી એક જ હિંસા થાય. કહ્યું છે કે-''**પ્રાણી, પ્રાણીજ્ઞાન, ઘાતકચિત્ત (=હિંસાના પરિણામ), હિંસા કરનારમાં હિંસા કરવાની ચેષ્ટા અને પ્રાણનો વિયોગ એ પાંચથી હિંસા થાય છે.**'' તથા ''**હાડકાં વિનાના (એકેંદ્રિય વગેરે) જીવો એક ગાડું ભરાય તેટલા મરે તો પણ એક ઘાત થાય.**'' તથા વિસંવાદ થાય તો વાસ્તવિક મૃષાવાદ ગણાય. કહ્યું છે કે- ''**પોતાનામાં દોષ ન હોય તો પણ પાપશુદ્ધિ માટે કહેવામાં આવે તો મૃષાવાદ થતો નથી. કારણ કે આવું બોલવામાં કોઈનો વિસંવાદ થતો નથી.**'' તથા ધ્યાન અંગે અકાર વગેરેનું ધ્યાન કરવું જોઈએ. કહ્યું છે કે- ''**અહીં (ૐકારમાં) ઉકાર બ્રહ્મા જાણવો. અકાર વિષ્ણુ કહેવાય છે. મકાર મહેશ છે. પરમાર્થથી બ્રહ્મા-વિષ્ણુ-મહેશ એક સ્થાનમાં (= ૐકારમાં) રહેલા છે.**'' [૧૦૭૧]

छेदमधिकृत्याह–

**सइ अप्पमत्तयाए, संजमजोएसु विविहभेएसु ।**
***जा धम्मिअस्स वित्ती, एअं बज्झं अणुट्ठाणं ॥ १०७२ ॥***

**वृत्तिः**- '**सदाऽप्रमत्ततया**' हेतुभूतया '**संयमयोगेषु**' कुशलव्यापारेषु '**विविधभेदेषु**'

जैनम् जयति शासनम् JAINSITE.com

अनेकप्रकारेषु 'या 'धार्म्मिकस्य' साधोः 'वृत्तिः' वर्त्तना 'एतद्बाह्यमनुष्ठानमि'हाधिकृतमिति गाथार्थः ॥ १०७२ ॥

**एएण न बाहिज्जइ, संभवइ अ तं दुगंपि निअमेण ।**
**एअवयणेण सुद्धो, जो सो छेएणं सुद्धोत्ति ॥ १०७३ ॥**

**वृत्तिः**- '**एतेन**' अनुष्ठानेन '**न बाध्यते, सम्भवति च**' वृद्धिं याति '**तद् द्वितयमपि**' विधिप्रतिषेधरूपं '**नियमेन**, '**एतद्वचनेन**' यथोदितानुष्ठानोक्त्या '**शुद्धो य**' आगमः '**स छेदेन शुद्ध इति**' गाथार्थः ॥ १०७३ ॥

છેદને આશ્રયીને કહે છે–

વિવિધ પ્રકારની શુભ ક્રિયાઓમાં સાધુની સદા અપ્રમત્તપણે પ્રવૃત્તિ એ પ્રસ્તુતમાં બાહ્ય અનુષ્ઠાન છે. આ બાહ્ય અનુષ્ઠાનોથી વિધિ-નિષેધને બાધ ન આવે, અર્થાત્ વિધિ નિષેધનું પાલન થાય અને વિધિ-નિષેધ વૃદ્ધિ પામે, અર્થાત્ જે વિધિ-નિષેધો પ્રગટ રૂપે શાસ્ત્રમાં ન મળતા હોય તેવા પણ વિધિ-નિષેધો તે અનુષ્ઠાનો દ્વારા સમજાય, એવા અનુષ્ઠાનો કહેવા દ્વારા જે આગમ શુદ્ધ છે તે આગમ છેદથી શુદ્ધ છે, અર્થાત્ વિધિ-નિષેધનું પાલન અને વૃદ્ધિ થાય તેવાં અનુષ્ઠાનો જે આગમમાં કહ્યાં હોય તે આગમ છેદ પરીક્ષાથી શુદ્ધ છે. [૧૦૭૨-૧૦૭૩]

इहैवोदाहरणमाह-

**जह पंचसु समिईसुं, तीसु अ गुत्तीसु अप्पमत्तेणं ।**
**सव्वं चिअ कायव्वं, जइणा सइ काइगाईवि ॥ १०७४ ॥**

**वृत्तिः**- '**यथा पञ्चसु समितिषु**'-ईर्यासमित्यादिरूपासु '**तिसृषु च गुप्तिषु**'-मनोगुप्त्यादिषु '**अप्रमत्तेन**' सता '**सर्वमे**'वानुष्ठानं '**कर्त्तव्यं** '**यतिना**' साधुना, '**सदा कायिकाद्यपि**', आस्तां तावदन्यदिति गाथार्थः ॥ १०७४ ॥

तथा-

**जे खलु पमायजणगा, वसहाई तेवि वज्जणिज्जाउ ।**
**महुअरवित्तीअ तहा, पालेअव्वो अ अप्पाणो ॥ १०७५ ॥**

**वृत्तिः**- '**ये खलु प्रमादजनकाः**' परम्परया '**वसत्यादयः**' आदिशब्दात् स्थानदेशपरिग्रहः '**तेऽपि वर्जनीया एव**' सर्वथा, '**मधुकरवृत्त्या**' गृहिकुसुमपीडापरिहारेण '**तथा पालनीय एवात्मा**', नाकाले त्याज्य इति गाथार्थः ॥ १०७५ ॥

અહીં (છેદમાં) જ ઉદાહરણ કહે છે–

જેમકે ઈર્યાસમિતિ આદિ પાંચ સમિતિ અને મનોગુપ્તિ આદિ ત્રણ ગુપ્તિઓમાં અપ્રમત્ત બનીને, અર્થાત્ સમિતિ-ગુપ્તિના સંપૂર્ણ પાલનપૂર્વક સાધુએ સદા બધાં જ અનુષ્ઠાનો કરવાં જોઈએ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લઘુનીતિ-વડીનીતિ જેવાં (નાનાં) અનુષ્ઠાનો પણ સમિતિગુપ્તિનાં પાલનપૂર્વક કરવાં જોઈએ. તો પછી બીજાં મોટાં અનુષ્ઠાનો તો સુતરાં સમિતિ-ગુપ્તિના પાલનપૂર્વક જ કરવા જોઈએ. તથા પરંપરાએ પણ પ્રમાદજનક હોય તેવા વસતિ, સ્થાન, દેશ આદિનો સર્વથા ત્યાગ કરવો જોઈએ. તથા મધુકરવૃત્તિથી આત્માનું પાલન કરવું જ, અર્થાત્ ગૃહસ્થ રૂપ પુષ્પને પીડા ન થાય તે રીતે જુદા જુદા ઘરમાંથી આહાર મેળવીને શરીરનું રક્ષણ કરવું, અકાલે શરીરનો ત્યાગ ન કરવો. [૧૦૭૪-૧૦૭૫]

अत्र व्यतिरेकमाह-

**जत्थ उ पमत्तयाए, संजमजोएसु विविहभेएसु ।**

**नो धम्मिअस्स वित्ती, अणणुट्ठाणं तयं होइ ॥ १०७६ ॥**

**वृत्तिः**- '**यत्र तु प्रमत्ततया**' हेतुभूतया '**संयमयोगेषु**' संयमव्यापारेषु '**विविधभेदेषु**' विचित्रेष्वित्यर्थः '**नो** '**धार्मिकस्य**' तथाविधयतेः '**वृत्तिः**' वर्त्तना '**अननुष्ठानं**' वस्तुस्थित्या '**तद् भवति**', तत्कार्यासाधकत्वादिति गाथार्थः ॥ १०७६ ॥

**एएणं बाहिज्जइ, संभवइ अ तद्दुगं न णिअमेण ।**

**एअवयणोववेओ, जो सो छेएण नो सुद्धो ॥ १०७७ ॥**

**वृत्तिः**- '**एतेन**'-अनुष्ठानेन '**बाध्यते सम्भवति च**' वृद्धिमुपगच्छति च '**तद्द्वयं**' विधि-प्रतिषेधरूपं '**न नियमेन**, '**एतद्वचनोपेतः**' इत्थंविधानुष्ठानवचनेन (युक्त) '**यः**' आगमः '**स छेदेन**'-प्रस्तुतेन '**न शुद्ध**' इति गाथार्थः ॥ १०७७ ॥

અહીં (છેદશુદ્ધિમાં) વ્યતિરેક (નિષેધ) કહે છે–

જ્યાં પ્રમાદના કારણે વિવિધ પ્રકારની સંયમક્રિયાઓમાં તેવા પ્રકારના સાધુની પ્રવૃત્તિ ન થાય તે પરમાર્થથી અનનુષ્ઠાન છે = અનુષ્ઠાન નથી. કારણ કે સાધુ અનુષ્ઠાનથી તેના (= અનુષ્ઠાનના) કાર્યને સિદ્ધ કરતો નથી. આ અનુષ્ઠાનથી નિયમા વિધિ-નિષેધ બાધિત થાય છે અને વિધિ-નિષેધની વૃદ્ધિ થતી નથી, આથી આવાં અનુષ્ઠાનો બતાવનારાં વચનોથી યુક્ત આગમ છેદથી અશુદ્ધ છે. [૧૦૭૬-૧૦૭૭]

अत्रैवोदाहरणमाह-

**जह देवाणं संगीअगाइकज्जम्मि उज्जमो जइणो ।**

**कंदप्पाईकरणं, असब्भवयणाभिहाणं च ॥ १०७८ ॥**

**वृत्तिः**- '**यथा देवानां सङ्गीतकादिनिमित्तमुद्यमो** '**यतेः**' प्रव्रजितस्य, यथोक्तम्- "सङ्गीतकेन देवस्य, प्रीती रावणवाद्यतः । तत्प्रीत्यर्थमतो यत्नः, तत्र कार्यो विशेषतः ॥ १ ॥" तथा '**कन्दर्पादिकरणं**' भ्रूत्क्षेपादिना, तथा '**ऽसभ्यवचनाभिधानं च**'-ब्रह्मघातकोऽहमित्यादि, एवं किल तद्वेदनीयकर्म्मक्षय इति गाथार्थः ॥ १०७८ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**तह अन्नधम्मिआणं, उच्छेओ भोअणं गिहेगऽण्णं ।**
**असिधाराइ अ एअं, पावं बज्झं अणुट्ठाणं ॥ १०७९ ॥**

**वृत्तिः**- '**तथा** '**अन्यधार्मिकाणां**' तीर्थान्तरीयाणां '**उच्छेदो**'-विनाशः, यथोक्तम्- "अन्यधर्मस्थिताः सत्त्वा, असुरा इव विष्णुना । उच्छेदनीयास्तेषां हि, वधे दोषो न विद्यते" ॥ १ ॥ इति । तथा '**भोजनं गृह एवैकान्नं**' तदनुग्रहाय, तथा '**असिधारादि चैतत्**' प्रकृष्टेन्द्रियजयाय, एतत् '**पापं**' पापहेतुत्वाद्-'**बाह्यमनुष्ठानम**'शोभनमिति गाथार्थः ॥ १०७९ ॥

અહીં (છેદ અશુદ્ધિમાં) જ ઉદાહરણ કહે છે–

જેમકે સાધુએ દેવોને પ્રસન્ન કરવા સંગીત આદિ માટે ઉદ્યમ કરવો. કહ્યું છે કે- "**રાવણને પ્રિય એવા વાજિંત્ર સાથે સંગીત ગાવાથી દેવ પ્રસન્ન બને છે, માટે દેવને પ્રસન્ન કરવા તેમાં (સંગીતમાં) વિશેષ પ્રયત્ન કરવો.**" તથા આંખના ભ્રમર ચઢાવવા આદિપૂર્વક કંદર્પ વગેરે કરવું. (હસવું, કામવર્ધક ચેષ્ટા કરવી, કામકથા કરવી વગેરે કંદર્પ છે.) તથા અસભ્ય વચનો કહેવાં. જેમકે હું બ્રહ્મણઘાતક છું. આ પ્રમાણે બોલવાથી તેના (શાતા) વેદનીયકર્મનો ક્ષય થાય. તથા અન્ય ધર્મીઓનો વિનાશ કરવો. કહ્યું છે કે- "**જેમ વિષ્ણુએ અસુરોનો વિનાશ કર્યો, તેમ અન્યધર્મમાં રહેલાઓનો વિનાશ કરવો જોઈએ. તેમના વધમાં દોષ નથી.**' તથા ગૃહસ્થના અનુગ્રહ માટે તેના ઘરે જ એક અન્નનું ભોજન કરવું. અતિશય ઈંદ્રિય જય માટે તલવારની ધાર ઉપર ચાલવું વગેરે. આ અનુચિત બાહ્ય અનુષ્ઠાનો પાપનું કારણ હોવાથી પાપરૂપ છે. [૧૦૭૮-૧૦૭૯]

જૈનમ્ જયતિ શાસનમ્

इहैव तापविधिमाह-

**जीवाइभाववाओ, जो दिट्ठेट्ठाहिं णो खलु विरुद्धो ।**
**बंधाइसाहगो तह, एत्थ इमो होइ तावोत्ति ॥ १०८० ॥**

**वृत्तिः**- '**जीवादिभाववादः**' जीवाजीवादिपदार्थवादः '**यः**' कश्चित् '**दृष्टेष्टाभ्यां**'- वक्ष्यमाणाभ्यां '**न खलु विरुद्धः**', अपि तु युक्त एव, '**बन्धादिसाधकः तथा**' निरुपचरित-बन्धमोक्षव्यञ्जकः '**अत्र**' श्रुतधर्म्मे '**एष भवति ताप इति**' गाथार्थः ॥ १०८० ॥

**एएण जो विसुद्धो, सो खलु तावेण होइ सुद्धोत्ति ।**
**एएण वा असुद्धो, सेसेहिवि तारिसो नेओ ॥ १०८१ ॥**

**वृत्तिः**- '**एतेन यो विशुद्धः**'-जीवादिभाववादेन '**स खलु तापेन भवति शुद्धः**', स एव नान्य इति । '**एतेन वाऽशुद्धः**' सन् '**शेषयोरपि**' कषच्छेदयो**स्तादृशो ज्ञेयः**'-न तत्त्वतः शुद्ध इति गाथार्थः ॥ १०८१ ॥

અહીં જ તાપવિધિ કહે છે–

જીવ, અજીવ વગેરે પદાર્થો જેનું સ્વરૂપ હવે કહેવાશે તે દૃષ્ટ-ઈષ્ટથી વિરુદ્ધ ન હોય, કિંતુ દૃષ્ટ-ઈષ્ટને સંગત જ હોય, તથા ઉપચારરહિત બંધ-મોક્ષના સાધક હોય. આવા જીવાદિ પદાર્થોનું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વર્ણન એ શ્રુતધર્મમાં તાપ છે. જે આગમ જીવાદિ પદાર્થોના વર્ણનથી શુદ્ધ હોય તે જ આગમ તાપથી શુદ્ધ છે, અન્ય નહિ. જે આગમ તાપથી અશુદ્ધ હોય તે પરમાર્થથી કષ અને છેદથી પણ અશુદ્ધ જાણવું. [૧૦૮૦-૧૦૮૧]

इहैवोदाहरणमाह–

**संतासंते जीवे, णिच्चाणिच्चायणेगधम्मे अ ।**

**जह सुहबंधाईआ, जुज्जंति न अण्णहा निअमा ॥ १०८२ ॥**

**वृत्तिः**– **'सदसद्रूपे जीवे'**, स्वरूपपररूपाभ्यां, **'नित्यानित्याद्यनेकधर्म्मिणि च'**, द्रव्यपर्यायाभिधेयपरिणामाद्यपेक्षया, **'यथा' 'सुखबन्धादयः'** सुखादयोऽनुभूयमानरूपा बन्धादयोऽभ्युपगताः **'युज्यन्ते'** घटन्ते, **'न' 'अन्यथा'** अन्येन प्रकारेण **'नियमाद्'** युज्यन्त इति गाथार्थः ॥ १०८२ ॥

અહીં (તાપ પરીક્ષામાં) જ ઉદાહરણ કહે છે–

અનુભવાતા સુખ વગેરે ભાવો અને સ્વીકૃત બંધ વગેરે ભાવો સ્વરૂપથી સત્ અને પરરૂપથી અસત્ એમ સત્-અસત્ સ્વરૂપવાળા તથા દ્રવ્ય, પર્યાય, અભિધેય, પરિણામ આદિની અપેક્ષાએ નિત્ય-અનિત્ય વગેરે અનેક ધર્મવાળા જીવમાં ઘટે છે, અન્ય રીતે (= કોઈ એક ધર્મવાળા જીવમાં) અવશ્ય ન ઘટે. [૧૦૮૨]

एतदेवाह–

**संतस्स सरूवेणं, पररूवेणं तहा असंतस्स ।**

**हंदि विसिट्ठत्तणओ, होंति विसिट्ठा सुहाईआ ॥ १०८३ ॥**

**वृत्तिः**– **'सतो'** विद्यमानस्य **'स्वरूपेण'** आत्मनियतेन, **'पररूपेण'** अन्यसम्बन्धिना **'तथाऽसतः'** स्वरूपेणैवाविद्यमानस्य, न च स्वसत्त्वमेवान्यासत्त्वम्, अभिन्ननिमित्तत्वे सदसत्त्वयोर्विरोधात्, तथाहि–सत्त्वमेवासत्त्वमिति व्याहतं, न च तत्तत्र नास्ति, स्वसत्त्ववदसत्त्वे तत्सत्त्वप्रसङ्गादिति पररूपासत्त्वधर्म्मकं स्वरूपसत्त्वं विशिष्टं भवति, अन्यथा वैशिष्ट्यायोगात्, तदाह–**'हन्दि विशिष्टत्वादु'**क्तेन प्रकारेण **'भवन्ति विशिष्टाः'**–स्वसंवेद्याः **'सुखादयः'**, आदिशब्दाद्दुःखबन्धादिपरिग्रह इति गाथार्थः ॥ १०८३ ॥

આ જ વિષયને કહે છે–

જીવ સ્વરૂપથી (= સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવથી) સત્ છે, પરરૂપથી (= પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી) અસત્ છે, અર્થાત્ અન્ય (ઘટાદિ)ની અપેક્ષાએ સ્વરૂપથી (= જીવત્વથી) જ અસત્ છે.

સ્વનું સત્ત્વ એ જ પરનું અસત્ત્વ છે એમ ન માની શકાય. કારણ કે સ્વનું સત્ત્વ એ જ પરનું અસત્ત્વ છે એનો અર્થ એ થયો કે જેમ સ્વદ્રવ્યાદિથી સ્વનું સત્ત્વ છે તેમ સ્વદ્રવ્યાદિથી જ પરનું અસત્ત્વ પણ છે. આથી સત્ત્વ અને અસત્ત્વ એ બંનેનું નિમિત્ત અભિન્ન=એક જ થયું. અભિન્ન નિમિત્તમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(એક નિમિત્તમાં) બેની પ્રતીતિ ન થાય. આથી અભિન્ન નિમિત્તમાં સત્ત્વ અને અસત્ત્વનો વિરોધ હોવાથી સ્વસત્ત્વ એ જ અન્યાસત્ત્વ એમ ન માની શકાય. તે આ પ્રમાણે-

સત્ત્વ એ જ અસત્ત્વ એવી માન્યતા [1]વ્યાઘાતવાળી (= વાંધાવાળી) છે (न च तत् तत्र नास्ति =) વસ્તુમાં અસત્ત્વ નથી એમ નથી, અર્થાત્ વસ્તુમાં અસત્ત્વ છે. હવે જો વસ્તુમાં અલગ અસત્ત્વ નથી કિંતુ સત્ત્વ એ જ અસત્ત્વ છે એમ માનવામાં આવે તો અસત્ત્વનો અભાવ થઈ જાય. જયારે વસ્તુમાં (પરદ્રવ્યાદિથી) અસત્ત્વ છે. (स्वसत्त्ववदसत्त्वे तत्सत्त्वप्रसङ्गाद् =) કદાચ તમે એમ કહેશો કે જે રીતે વસ્તુમાં સત્ત્વ છે તે રીતે અસત્ત્વ પણ છે, તો (तत्सत्त्वप्रसङ्गात् =) વસ્તુમાં અસત્ત્વના સત્ત્વનો પણ પ્રસંગ આવે, અર્થાત્ વસ્તુમાં જેમ સ્વદ્રવ્યાદિથી સત્ત્વ છે તેમ સ્વદ્રવ્યાદિથી જ અસત્ત્વ પણ રહે. પૂર્વે કહ્યું તેમ આમાં વિરોધ છે. અથવા स्वसत्त्ववदसत्त्वे तत्सत्त्वप्रसङ्गात् એ પંક્તિનો અર્થ આ પ્રમાણે છે- स्वसत्त्ववति वस्तुनि (असत्त्वस्य) असत्त्वे = अविद्यमाने तत्सत्त्वप्रसङ्गात् = तस्य वस्तुनः केवलसद्रूपताप्रसङ्गात् = કદાચ તમે એમ કહેશો કે સ્વસત્ત્વવાળી વસ્તુમાં અસત્ત્વ નથી, તો એનો અર્થ એ થયો કે વસ્તુમાં કેવલ સદ્રૂપતા છે, અર્થાત્ વસ્તુ કેવલ સત્ છે, અસત્ નથી. કેવલ સત્ વસ્તુમાં પૂર્વે કહ્યું તેમ સુખ વગેરે અને બંધ વગેરે ભાવો ન ઘટે.

(इति पररूपासत्त्वधर्मकं... =) આથી પરરૂપથી (પરદ્રવ્યાદિથી) જે અસત્ત્વધર્મ, તે અસત્ત્વધર્મથી વિશિષ્ટ જે સ્વરૂપસત્ત્વ, તે સ્વરૂપસત્ત્વ વિશિષ્ટ બને છે, અર્થાત્ પરદ્રવ્યાદિથી રહેલા અસત્ત્વથી વિશિષ્ટ જે સ્વરૂપસત્ત્વ એ વસ્તુમાં વિશિષ્ટતા છે. અન્યથા = પરદ્રવ્યાદિથી રહેલા અસત્ત્વથી વિશિષ્ટ સ્વરૂપસત્ત્વ વિના, વસ્તુમાં વિશિષ્ટતા આવતી નથી.

जैन साइट JAINSITE.com जैनम् जयति शासनम्

(विशिष्टत्वादुक्तेन... =) સ્વસંવેદ્ય સુખ-દુઃખાદિ અને બંધ વગેરે ભાવો ઉક્ત રીતે વિશિષ્ટતાથી (= વિશેષતાથી) વિશિષ્ટ બને છે. [૧૦૮૩]

विपक्षे बाधामाह-

**इहरा सत्तामित्ताइभावओ कह विसिट्ठया एसिं ? ।**
**तयभावम्मि तयत्थे, हन्त पयत्तो महामोहो ॥ १०८४ ॥**

**वृत्तिः**- '**इतरथा**' यथा स्वरूपेण सत् तथा पररूपेणापि भावे '**सत्तामात्रादिभावाद्**', आदिशब्दादसत्त्वमात्रादिग्रह इति, '**कथं विशिष्टता**' प्रत्यात्मवेद्यतया '**तेषां**' सुखादीनां ?, '**तदभावे**' विशिष्टसुखाद्यभावे '**तदर्थो**' विशिष्टसुखार्थो '**हन्त** '**प्रयत्नः**' क्रियाविशेषो '**महामोहो**'-ऽसम्भवप्रवृत्त्येति गाथार्थः ॥ १०८४ ॥

---

१. यद् यथा साधितं केनाऽप्यपरेण तदन्यथा ।
तथैव यद् विधीयेत, स व्याघात इति स्मृतः ॥ (કાવ્યપ્રકાશ)
ભાવાર્થ- કોઈએ કોઈ સિદ્ધાંતનો યુક્તિઓથી સિદ્ધ કર્યો હોય, બીજો પુરુષ તે જ સિદ્ધાંતને યુક્તિઓથી બીજી રીતે સિદ્ધ કરે તેને વ્યાઘાત કહેવામાં આવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિરુદ્ધપક્ષમાં (પરરૂપથી પણ સત્ત્વમાં) વાંધો કહે છે–**

જેમ સ્વરૂપથી સત્ છે તેમ પરરૂપથી પણ સત્ હોય તો માત્ર સત્ત્વ જ રહે, અથવા માત્ર અસત્ત્વ જ રહે. (દા.ત. ઘટ સ્વરૂપથી સત્ છે તેમ પરરૂપથી પણ સત્ હોય તો વિશ્વમાં ઘટની જ સર્વ પદાર્થરૂપે સત્તા થાય. એથી ભિન્ન ભિન્ન પદાર્થો દ્વારા સાધ્ય એવી સર્વ અર્થક્રિયાઓ ઘટથી જ થઈ જાય, એથી ઘટ સિવાય અન્ય પદાર્થોને માનવાની આવશ્યકતા ન રહે. હવે જો ઘટ પરરૂપથી પણ સત્ હોય તો સ્વરૂપથી પણ અસત્ હોવો જોઈએ. એમ થાય તો ઘટનો સર્વથા અભાવ થાય. એથી બધી જ વસ્તુઓનો અભાવ થાય. આથી વિશ્વ સર્વશૂન્ય થાય.)

તથા દરેક આત્મામાં સુખનો જે રીતે અનુભવ થાય છે તે રીતે સુખાદિની વિશિષ્ટતા પણ કેવી રીતે થાય ? (સુખ પરરૂપથી=દુઃખરૂપથી પણ સત્ છે એટલે સુખ વખતે દુઃખ પણ હોય, આથી દુઃખથી તદ્દન રહિત એવા વિશિષ્ટ સુખનો અભાવ થાય.) વિશિષ્ટ સુખાદિનો અભાવ હોય તો વિશિષ્ટ સુખ મેળવવા માટે થતો પ્રયત્ન મહા મોહરૂપ સિદ્ધ થાય. કારણ કે અસંભવમાં પ્રવૃત્તિ છે = જે વસ્તુ નથી તેને મેળવવાની પ્રવૃત્તિ છે. (જે નથી તેને મેળવવાનો પ્રયત્ન કરવો એ મહામોહ જ ગણાય.) [૧૦૮૪]

जैन साईट JAINSITE .com

**निच्चो वेगसहावो, सहावभूअम्मि कह णु सो दुक्खे ? ।**

**तस्सुच्छेअनिमित्तं, असंभवाओ पयट्टिज्जा ॥ १०८५ ॥**

**वृत्तिः**- '**नित्योऽप्येकस्वभावः**' स्थिरतया, '**स्वभावभूते**' आत्मभूते '**कथं न्वसौ**' नित्यः सन् '**दुःखे**', किमित्याह-'**तस्य**' दुखस्य '**उच्छेदनिमित्तं**'-विनाशाय '**असम्भवाद्धे**'तोः '**प्रवर्त्तेत**' कथं ?, नैवेति गाथार्थः ॥ १०८५ ॥

જો આત્મા સ્થિર હોવાના કારણે એક સ્વભાવવાળો (= અવિચલિત સ્વભાવવાળો) હોય તો નિત્ય આત્મા દુઃખસ્વભાવભૂત હોવાથી તેના વિનાશ માટે પ્રવૃત્તિ શા માટે કરે ? અર્થાત્ ન જ કરે. કારણ કે દુઃખનો નાશ અસંભવ છે. (દુઃખનો નાશ થાય તો આત્મા એક સ્વભાવવાળો (નિત્ય) ન રહે.) [૧૦૮૫]

**एगंतानिच्चोऽवि अ, संभवसमणंतरं अभावाओ ।**

**परिणामहेउविरहा, असंभवाओ उ तस्स त्ति ॥ १०८६ ॥**

**वृत्तिः**- '**एकान्तेनानित्योऽपि च**'-निरन्वयनश्वरः '**सम्भवसमनन्तरम्**' उत्पत्त्यनन्तरम् '**अभावाद्**' अविद्यमानत्वात् '**पारिणामिकहेतुविरहात्**' तथाभाविकारणाभावेन '**असम्भवाच्च**' कारणात् '**तस्ये**'त्येकान्तानित्यस्य स कथं प्रवर्त्तेत ?, नैवेति गाथार्थः ॥ १०८६ ॥

આત્મા એકાંતે અનિત્ય હોય=નિરન્વય નશ્વર હોય તો પારિણામિક હેતુ ન હોવાના કારણે (तथाभाविकारणाभावेन = તથા એટલે તે પ્રમાણે = કાર્ય રૂપે થનાર કારણનો અભાવ હોવાથી)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉત્પત્તિ થયા પછી તુરત અભાવ થાય. આથી જીવ અનિત્ય (સુખાદિ)ને મેળવવા માટે પ્રવૃત્તિ શા માટે કરે ? અર્થાત્ ન જ કરે. [૧૦૮૬]

एतदेव समर्थयन्नाह–

**ण विसिट्ठकज्जभावो, अणईअविसिट्ठकारणत्ताओ ।**
**एगंतऽभेअपक्खे, निअमा तह भेअपक्खे अ ॥ १०८७ ॥**

**वृत्तिः**– '**न विशिष्टकार्यभावो**' न घटादिकार्योत्पादो न्याय्यः '**अनतीतविशिष्टकारणत्वात्**' अनतिक्रान्तनियतकारणत्वादित्यर्थः '**एकान्ताभेदपक्षे**' कार्यकारणयोर्नित्यत्वपक्ष इत्यर्थः, '**नियमाद्**' अवश्यमेव नेति, '**तथा** '**भेदपक्षे च**' कार्यकारणयोरेकान्तानित्यत्वपक्ष इत्यर्थः, नियमादवश्यमेव नेति गाथार्थः ॥ १०८७ ॥

આ (= વસ્તુ નિત્યાનિત્ય છે એ) જ વિષયનું સમર્થન કરે છે–

એકાંત અભેદ પક્ષમાં એટલે કે કાર્ય-કારણ એકાંતે નિત્ય છે એ પક્ષમાં ઘટાદિ કાર્યોની ઉત્પત્તિ અવશ્ય ઘટતી નથી. अनतीतविशिष्टकारणत्वाद् = કારણ કે વિશિષ્ટ કારણ પોતાના સ્વભાવનો ત્યાગ કરતો નથી. વિશિષ્ટ કારણ પોતાના સ્વભાવનો ત્યાગ કરે તો નિત્યત્વનો અભાવ થાય, અર્થાત્ કારણ કાર્યોત્પત્તિની પહેલાં જેવા સ્વરૂપે હતું તેવા જ સ્વરૂપે રહે તો કાર્ય ન કરી શકે. એકાંત અભેદપક્ષમાં કારણ કાર્યોત્પત્તિની પહેલાં જેવા સ્વરૂપે હતું તેવા જ સ્વરૂપે રહે છે.

JAINSITE.com जैनम् जयति शासनम्

તથા એકાંત ભેદપક્ષમાં પણ, એટલે કે કાર્ય-કારણ એકાંતે અનિત્ય છે એ પક્ષમાં પણ, ઘટાદિ કાર્યોની ઉત્પત્તિ અવશ્ય ઘટતી નથી. [૧૦૮૭]

उभयत्र निदर्शनमाह–

**पिंडो पडोव्व ण घडो, तप्फलमणईअपिंडभावाओ ।**
**तयईअत्ते तस्स उ, तहभावा अन्नयाइत्तं ॥ १०८८ ॥**

**वृत्तिः**– '**पिण्डवत् पटवदि**'ति च दृष्टान्तौ, '**न घटस्तत्फलं**'–पिण्डफलमिति प्रतिज्ञा, '**अनतीतपिण्डभावत्वाद्**' अभेदपक्षे, पिण्डवद्धेतोः समानत्वाद्, भेदपक्षे पटवत्, '**तदतीतत्वे**' घटस्य पिण्डातीततायां '**तस्यैव तथाभावात्**' पिण्डस्यैव घटरूपेण भावाद् '**अन्वयादित्वम्**' अन्वयव्यतिरेकित्वं वस्तुन इति गाथार्थः ॥ १०८८ ॥

ઉભયપક્ષમાં દૃષ્ટાંત કહે છે–

બંને પક્ષમાં અનુક્રમે પિંડ અને પટ દૃષ્ટાંત છે. તે આ પ્રમાણે- ઘટ એ પિંડનું ફલ=કાર્ય નથી. કારણ કે અભેદપક્ષમાં પિંડ પોતાના સ્વરૂપને છોડતું ન હોવાથી કાર્ય ન કરી શકે. (પિંડ પોતાના સ્વરૂપને છોડીને ઘટરૂપે બને તો જ કાર્ય કરી શકે. પિંડ પોતાના સ્વભાવનો ત્યાગ કરે તો નિત્ય ન રહે.)

એકાંત ભેદપક્ષમાં જો કે પિંડ પોતાના સ્વરૂપનો ત્યાગ કરે છે, અને ઘટ રૂપે બની જાય છે, તો પણ કાર્ય-કારણ ભિન્ન હોવાના કારણે જેમ ઘટ પિંડથી ભિન્ન છે તેમ પટ પણ પિંડથી ભિન્ન છે, એથી પિંડથી જેમ ઘટ થાય છે તેમ પટ પણ કેમ ન થાય ? પટ પણ થવો જોઈએ એમ થાય તો પિંડથી ઘટ જ થાય, પટ ન થાય એ નિયમ ન રહે.

(अन्वयव्यतिरेकित्वं वस्तुनः =) કાર્ય-કારણ સ્વરૂપ વસ્તુમાં અન્વય-વ્યતિરેકિભાવ હોય છે. પણ એકાંતઅભેદપક્ષમાં અને એકાંતભેદપક્ષમાં આ ભાવ ઘટતો નથી. અભેદપક્ષમાં पिण्डसत्त्वे घटसत्त्वम् એમ અન્વય નથી. કારણ કે પિંડ પોતાના સ્વરૂપમાં જ રહે તો ઘટ બને જ નહિ. ભેદપક્ષમાં **पिण्डाभावे घटाभावः** એમ વ્યતિરેક નથી. પિંડ પોતાના સ્વરૂપનો ત્યાગ કરીને ઘટરૂપે બને છે, એથી પિંડનો અભાવ થાય છે પણ ઘટનો અભાવ થતો નથી. [૧૦૮૮]

अतः सदसन्नित्यानित्यादिरूपमेव वस्तु, तथा चाह-

**एवंविहो उ अप्पा, मिच्छत्ताईहिँ बंधई कम्मं ।**

**सम्मत्ताईएहि उ, मुच्चइ परिणामभावाओ ॥ १०८९ ॥**

**वृत्तिः**- '**एवंविध एवात्मा**'-सदसन्नित्यादिरूपः '**मिथ्यात्वादिभिः**' करणभूतैर्**बध्नाति** '**कर्म्म**' ज्ञानावरणादि, '**सम्यक्त्वादिभिस्तु**' करणभूतैर्**मुच्यते**', कुत इत्याह-'**परिणामभावात्**' परिणामत्वादिति गाथार्थः ॥ १०८९ ॥

આથી દરેક વસ્તુ સત્-અસત્, નિત્ય-અનિત્ય ઈત્યાદિ રૂપ જ છે. ગ્રંથકાર તે પ્રમાણે જ કહે છે–

આવો (= સત્-અસત્, નિત્ય-અનિત્ય ઈત્યાદિ રૂપ) જ આત્મા મિથ્યાત્વાદિ [1]અસાધારણ કારણોથી જ્ઞાનાવરણીય વગેરે કર્મ બાંધે છે, અને સમ્યક્ત્વ વગેરે અસાધારણ કારણોથી કર્મોથી મુક્ત થાય છે. કારણ કે આત્મા પરિણામી છે=દ્રવ્યથી નિત્ય (એક સ્વરૂપવાળો) હોવા છતાં પર્યાયથી ભિન્ન ભિન્ન અવસ્થાને પામે છે. [૧૦૮૯]

**सकडुवभोगोऽवेवं, कहंचि एगाहिकरणभावाओ ।**

**इहरा कत्ता भोत्ता, उभयं वा पावइ सयावि ॥ १०९० ॥**

**वृत्तिः**- '**स्वकृतोपभोगोऽप्येवं**'-परिणामित्वादात्मनि '**कथञ्चिदेकाधिकरणभावात्**' चित्रस्वभावतया युज्यते, '**इतरथा**' नित्याद्येकस्वभावतायां '**कर्त्ता भोक्ता उभयं वा**', वाशब्दादनुभयं वा, '**प्राप्नोति सदापि**', कर्त्राद्येकस्वभावत्वादिति गाथार्थः ॥ १०९० ॥

આત્મામાં સ્વકૃતકર્મનો ઉપભોગ પણ આત્મા પરિણામી હોવાથી ભિન્ન ભિન્ન સ્વરૂપવાળો હોવાના કારણે ઘટી શકે છે. કારણ કે પરિણામી હોવાના કારણે કર્મ અને ઉપભોગનું અધિકરણ (સ્થાન) કથંચિત્ એક છે. અન્યથા આત્મા નિત્ય વગેરે કોઈ એક સ્વરૂપવાળો માનવામાં આવે તો

૧. **असाधारणं कारणं करणम्** = અસાધારણ (મુખ્ય) કારણને કરણ કહેવામાં આવે છે. જેના વિના કાર્ય ન જ થાય તે કારણ અસાધારણ કારણ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આત્મા સદા ય કર્તા જ રહે, અથવા સદા ય ભોક્તા જ રહે, અથવા સદા ય કર્તા-ભોક્તા રહે, અથવા સદા ય અકર્તા-અભોક્તા રહે. કારણ કે કર્તા વગેરે કોઈ એક જ સ્વરૂપવાળો માન્યો છે. [૧૦૯૦]

एतदेव भावयति–

**वेएइ जुवाणकयं, वुड्ढो चोराइफलमिहं कोई ।**

**ण य सो तओ ण अन्नो, पच्चक्खाईपसिद्धीओ ॥ १०९१ ॥**

**वृत्तिः**– '**वेदयते**' अनुभवति '**युवकृतं**' तरुणकृतमित्यर्थः '**वृद्धश्चौर्यादिफलं**'–बन्धनादि इह '**कश्चित्**', लोकसिद्धमेतत्, '**न चासौ**'–वृद्ध **स्ततो**'–यूनो '**नान्यः**', किन्त्वन्यः, '**प्रत्यक्षादि-प्रसिद्धेः**' कारणादिति गाथार्थः ॥ १०९१ ॥

**ण य णाणण्णो सोऽहं, किं पत्तो ? पावपरिणइवसेणं ।**

**अणुहवसंधाणाओ, लोगागमसिद्धिओ चेव ॥ १०९२ ॥**

**वृत्तिः**– '**न च नानन्यः**', किन्त्वनन्योऽपि, कथमित्याह–'**सोऽहं किं प्राप्तो**' बन्धनादि ? '**पापपरिणतिवशेन**' चौर्यप्रभवेन '**अनुभवसन्धानात्**' सोऽहमित्यनेन प्रकारेण, '**लोकागम-सिद्धितश्चैव**' सोऽयमिति लोकसिद्धिः, तत्पापफलमित्यागमसिद्धिरिति गाथार्थः ॥ १०९२ ॥

**આ જ વિષયને વિચારે છે–**

ચોરી આદિ કાર્ય યુવાન કરે છે, અને તેનું બંધનાદિ ફલ કોઈ વૃદ્ધ અનુભવે છે. આ બિના લોકમાં પ્રસિદ્ધ છે. વૃદ્ધ યુવાનથી અન્ય નથી એવું નથી, અર્થાત્ અન્ય છે. કારણ કે આ (= યુવાનથી વૃદ્ધ અન્ય છે એ) પ્રત્યક્ષાદિથી પ્રસિદ્ધ છે. [૧૦૯૧] તથા વૃદ્ધ અને યુવાન એક નથી એમ પણ નથી, અર્થાત્ એક પણ છે. કારણ કે યુવાવસ્થામાં કરેલી ચોરીની સજા વૃદ્ધાવસ્થામાં પામનારને એમ થાય છે કે 'તે હું' બંધનાદિ કેમ પામ્યો ? ચોરીના કારણે થયેલ પાપફળના કારણે 'તે હું' બંધનાદિ પામ્યો એમ અનુભવનો અનુસંધાન થાય છે. લોકો પણ તેના માટે કહે છે કે તે આ (= જેણે પૂર્વે ચોરી કરી હતી તે આ) છે. તેણે જુવાનીમાં કરેલી ચોરીનું આ ફલ છે એમ આગમ (= શાસ્ત્ર) કહે છે. આમ વૃદ્ધ અને યુવાન એક છે એ અનુભવથી, લોકથી અને આગમથી સિદ્ધ છે. [૧૦૯૨]

**इअ मणुआइभवकयं, वेअइ देवाइभवगओ अप्पा ।**

**तस्सेव तहाभावा, सव्वमिणं होइ उववण्णं ॥ १०९३ ॥**

**वृत्तिः**– '**एवं**' वृद्धवद् '**मनुष्यादिभवकृतं**' पुण्यादि '**वेदयते**' अनुभवति '**देवादिभवगतः**' सन् '**आत्मा**' जीव इति, '**तस्यैव**' मनुष्यादेः '**तथाभावाद्**' देवादित्वेन भावात्, '**सर्वमिदं**' निरुपचरितं स्वकृतभोगादि '**भवत्युपपन्नं**', नान्यथेति गाथार्थः ॥ १०९३ ॥

**एगंतेण उ निच्चोऽणिच्चो वा कह णु वेअई सकडं ? ।**

**एगसहावत्तणओ, तयणंतरनासओ चेव ॥ १०९४ ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**- एकान्तेन तु नित्योऽविकारी अनित्यो वा निरन्वयी कथं नु वेदयते स्वकृतं ?, नैवेत्यर्थः, कथमित्याह-एकस्वभावत्वान्नित्यस्य, तदनन्तरनाशतश्चैवानित्यस्येति गाथार्थः ॥ १०९४ ॥

જેમ યુવાને કરેલી ચોરીનું ફળ વૃદ્ધ ભોગવે છે તેમ જીવ મનુષ્યાદિ ભવમાં કરેલ પુણ્યાદિનું ફળ દેવાદિભવમાં જઈને અનુભવે છે. કારણ કે મનુષ્ય વગેરે જ દેવ આદિ બને છે. આમ આત્મા પરિણામી હોય તો સ્વકૃત ભોગ વગેરે બધું ય ઉપચાર વિના બરોબર ઘટે છે. આત્મા નિત્ય વગેરે કોઈ એક સ્વરૂપવાળો હોય તો ન ઘટે. [૧૦૯૩] જો આત્મા એકાંતે નિત્ય=અવિકારી હોય અથવા એકાંતે અનિત્ય=નિરન્વય વિનાશી હોય તો સ્વકૃત કર્મનું ફળ કેવી રીતે ભોગવે ? ન જ ભોગવે. કારણ કે એકાંતે નિત્ય આત્મા એક જ સ્વરૂપવાળો છે. (ફળ ભોગવે તો એક જ સ્વરૂપવાળો ન રહે.) એકાંતે અનિત્ય આત્મા કર્મ કર્યા પછી તુરત નાશ પામે છે. તો ફળ કોણ ભોગવે ? [૧૦૯૪]

**जीवसरीराणंपि हु, भेआभेओ तहोवलंभाओ ।**
**मुत्तामुत्तत्तणओ, छिक्कम्मि पवेअणाओ अ ॥ १०९५ ॥**

**वृत्तिः**- '**जीवशरीरयोरपि भेदाभेदः**', कथञ्चिद् भेदः कथञ्चिदभेद इत्यर्थः, '**तथोपलम्भात्**' कारणात्, '**मूर्त्तामूर्त्तत्वात्**' तयोः अन्यथा योगाभावात्, '**स्पृष्टे**' शरीरे '**प्रवेदनाच्च**', न चामूर्त्तस्यैव स्पर्श इति गाथार्थः ॥ १०९५ ॥

જીવ અને શરીરમાં પણ ભેદાભેદ છે, અર્થાત્ જીવ અને શરીર કથંચિત્ ભિન્ન=જુદા છે, અને કથંચિત્ અભિન્ન=એક પણ છે. કારણ કે તે પ્રમાણે અનુભવ થાય છે. શરીર મૂર્ત છે અને જીવ અમૂર્ત છે. હવે જો બંને સર્વથા જુદા હોય તો વિરોધી એ બેનો યોગ કેવી રીતે થાય ? ન થાય. તથા શરીરને સ્પર્શ થતાં તેનો અનુભવ આત્માને થાય છે. જો શરીર અને આત્મા તદ્દન જુદા જ હોય તો શરીરને સ્પર્શ થતાં આત્માને તેનો અનુભવ ન થાય. કેવળ અમૂર્ત આત્માને સ્પર્શ થઈ શકે નહિ. એથી સિદ્ધ થાય છે કે શરીર અને આત્મા કથંચિત્ અભિન્ન છે = એક છે. [૧૦૯૫]

**उभयकडोभयभोगा, तयभावाओ अ होइ नायव्वो ।**
**बंधाइविसयभावा, इहरा तयसंभवाओ अ ॥ १०९६ ॥**

**वृत्तिः**- '**उभयकृतोभययोगात्**' कारणात् '**तदभावाच्च**' भोगाभावाच्च '**भवति ज्ञातव्यः**' जीव-शरीरयोर्भेदाभेदः, '**बन्धादिविषयभावात्**' कारणाद्, '**इतरथा**' एकान्तभेदादौ '**तदसम्भवाच्च**' बन्धाद्यसम्भवाच्चेति गाथार्थः ॥ १०९६ ॥

ઉભયકૃત ઉભયભોગ અને બંધાદિ વિષયભાવ એ બે કારણોથી શરીર અને આત્મા કથંચિત્ ભિન્ન=જુદા છે અને કથંચિત્ અભિન્ન=એક છે. ઉભયકૃત ઉભયભોગ એટલે આત્માએ કરેલું શરીર ભોગવે છે અને શરીરે કરેલું આત્મા ભોગવે છે. બંધાદિવિષયભાવ એટલે બંધાદિનું થવું=જો શરીર અને આત્મા સર્વથા ભિન્ન હોય તો ઉભયકૃત ઉભયભોગ અને બંધાદિવિષયભાવ થઈ શકે નહિ=ઘટી શકે નહિ. [૧૦૯૬]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

एतदेव प्रकटयन्नाह-

**एत्थ सरीरेण कडं, पाणवहासेवणाएँ जं कम्मं ।**
**तं खलु चित्तविवागं, वेएइ भवंतरे जीवो ॥ १०९७ ॥**

**वृत्तिः**- '**अत्र शरीरेण कृतं**', कथमित्याह-'**प्राणवधासेवनया**' हेतुभूतया '**यत् कर्म्म तत् खलु चित्रविपाकं**' सद् '**वेदयते** '**भवान्तरे**' अन्यजन्मान्तरे '**जीव**' इति गाथार्थः ॥ १०९७ ॥

**न उ तं चेव सरीरं, णरगाइसु तस्स तह अभावाओ ।**
**भिन्नकडवेअणम्मि अ, अइप्पसंगो बला होइ ॥ १०९८ ॥**

**वृत्तिः**- '**न तु तदेव शरीरं**' येन कृतमिति, कुत इत्याह-'**नरकादिषु** '**तस्य**' शरीरस्य '**तथाऽभावादिति, भिन्नकृतवेदने चा**'भ्युपगम्यमानें **ऽतिप्रसङ्गो**'ऽनवस्थारूपः' **बलाद् भवती**'ति गाथार्थः ॥ १०९८ ॥

**एवं जीवेण कडं, कूरमणपयट्टएण जं कम्मं ।**
**तं पइ रोद्दविवागं, वेएइ भवंतरसरीरं ॥ १०९९ ॥**

**वृत्तिः**- '**एवं जीवेन कृतं**' तत्प्राधान्यं '**क्रूरमनःप्रवृत्तेन यत् कर्म्म**'-पापादि '**तत्प्रति**' तन्निमित्तं '**रौद्रविपाकं**' तीव्रवेदनाकारित्वेन '**वेदयति भवान्तरशरीरं**' तथाऽनुभवादिति गाथार्थः ॥ १०९९ ॥

**ण उ केवलओ जीवो, तेण विमुक्कस्स वेयणाभावो ।**
**ण य सो चेव तयं खलु लोगाइविरोहभावाओ ॥ ११०० ॥**

**वृत्तिः**- '**न तु केवलो जीवो**' वेदयते, '**तेन**' शरीरेण '**विमुक्तस्य**' सतः '**वेदनाऽभावात्**' कारणात्, '**न च स एव**' जीवं '**स्त्**' च्छरीरमिति, '**लोकादिविरोधभावाद्**', आदिशब्दात्समयग्रह इति गाथार्थः ॥ ११०० ॥

**આ જ વિષયને પ્રગટ (= સ્પષ્ટ) કરે છે–**

શરીરે આ ભવમાં હિંસાથી કરેલા વિચિત્ર વિપાકવાળા કર્મને જીવ ભવાંતરમાં અનુભવે છે=ભોગવે છે. [૧૦૯૭] જેણે કર્મ કર્યું છે તે જ શરીર ભોગવે છે એમ માની શકાય નહિ. કારણ કે નરકાદિમાં તે શરીર હોતું નથી. જો બીજાએ કરેલા કર્મને બીજો ભોગવે છે. (=શરીરે કરેલા કર્મને શરીરથી ભિન્ન આત્મા ભોગવે છે) એમ માનવામાં આવે તો બલાત્કારે અનવસ્થા દોષ થાય, અર્થાત્ રમેશ હિંસા કરે અને તેનું ફળ મહેશ ભોગવે, મહેશ શુભ કર્મ કરે અને તેનું ફળ હરેશ ભોગવે, એમ કોઈ વ્યવસ્થા ન રહે. [૧૦૯૮] એ પ્રમાણે જીવની પ્રધાનતાવાળા ક્રૂર મનથી પ્રેરાયેલા જીવે કરેલા પાપ નિમિત્તે ભવાંતરનું શરીર રૌદ્ર (=તીવ્ર વેદનાકારી) ફળને ભોગવે છે. કારણ કે તેવો અનુભવ થાય છે. [૧૦૯૯] કર્મફળને એકલો જીવ ભોગવતો નથી. કારણ કે શરીરથી રહિત આત્માને કર્મફળનો અનુભવ થતો નથી. શરીર એ જ જીવ છે એમ ન માની શકાય. કારણ કે તેમાં લોક અને શાસ્ત્રનો વિરોધ છે. [૧૧૦૦]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**एवं चिअ देहवहे, उवयारे वावि पुण्णपावाइं ।**

**इहरा घडाइभंगाइनायओ नेव जुज्जंति ॥ ११०१ ॥**

**वृत्तिः**- '**एवमेव**' जीवशरीरयोर्भेदाभेद एव '**देहवधे**' सति '**उपकारे वा**' देहस्य '**पुण्यपापे**' भवतः, '**इतरथा**' एकान्तभेदादौ '**घटादिभङ्गादिज्ञाततः**' घटादिविनाशकरणोदाहरणेन '**नैव युज्यते**' पुण्यपापे इति गाथार्थः ॥ ११०१ ॥

એ જ પ્રમાણે દેહનો નાશ કે દેહને ઉપકાર થતાં પુણ્ય-પાપ થાય છે એ જીવ-શરીરમાં ભેદાભેદ હોય તો જ ઘટી શકે, અર્થાત્ એક જીવ બીજા જીવના શરીરનો નાશ કરે છે, આત્માનો નાશ કરી શકતો નથી. એ રીતે એક જીવ બીજા જીવના શરીરને ઉપકાર કરે છે, આત્માને ઉપકાર કરી શકતો નથી. છતાં અન્યના શરીરનો નાશ કરવાથી પાપ થાય છે અને અન્યના શરીરને ઉપકાર કરવાથી જીવને પુણ્ય થાય છે. જો આત્મા અને શરીર ભિન્નાભિન્ન હોય તો જ આ ઘટી શકે. ઘટ અને આત્મા તદ્દન ભિન્ન હોવાથી ઘટ વગેરેનો વિનાશ કરવામાં પાપ લાગતું નથી અને ઘટ બનાવવામાં પુણ્ય થતું નથી. એ રીતે આત્મા અને શરીર તદ્દન ભિન્ન હોય તો શરીરના નાશથી પાપ અને શરીરને ઉપકાર કરવાથી પુણ્ય ન ઘટી શકે. [૧૧૦૧]

अभ्युपचयमाह-

**तयभेअम्मि अ निअमा, तन्नासे तस्स पावई नासो ।**

**इअ परलोआभावा, बंधाईणं अभाओ ॥ ११०२ ॥**

**वृत्तिः**- '**तदभेदे च**' जीवशरीराभेदे च '**नियमात्**' '**तन्नाशे**' देहनाशे '**तस्य**' जीवस्य '**प्राप्नोति नाशः**, '**इय**' एवं '**परलोकाभावात्**' कारणात् '**बन्धादीनामपि**' प्रस्तुतानां '**अभाव**' एवेति गाथार्थः ॥ ११०२ ॥

આ વિષયમાં જ વિશેષ કહે છે–

જીવ-શરીર એકાંતે અભિન્ન=એક જ હોય તો દેહનો નાશ થતાં અવશ્ય જીવનો નાશ થાય. એમ થાય તો પરલોકનો અભાવ થવાના કારણે પ્રસ્તુત બંધાદિનો અભાવ જ થાય. [૧૧૦૨]

**देहेणं देहम्मि अ, उवधायाणुग्गहेहिं बंधाई ।**

**ण पुण अमुत्तोऽमुत्तस्स अप्पणो कुणइ किंचिदवि ॥ ११०३ ॥**

**वृत्तिः**- '**देहेन**' कर्त्रा '**देह एव**' विषये '**उपघातानुग्रहाभ्यां**' हेतुभूताभ्यां '**बन्धादयः**' प्राप्ताः, '**न पुनरमूर्त्त**' आत्मा ऽमूर्त्तस्यात्मनो ऽपरस्य '**करोति किञ्चिदपि**', मुक्तकल्पत्वादिति गाथार्थः ॥ ११०३ ॥

**अकरिंतो अ ण बज्झइ, अइप्पसंगा सदेव बंधाओ ।**

**तम्हा भेआभेए, जीवसरीराण बंधाई ॥ ११०४ ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**- '**अकुर्वंश्च न बध्यते**' न्यायतः, कुत इत्याह- '**अतिप्रसङ्गात्**', मुक्ते '**सदैव**' भावाद् '**बन्धस्य**', अकर्तृत्वाविशेषाद्, यत एवं '**तस्माद् भेदाभेदे**' जात्यन्तरात्मके '**जीव-शरीरयोर्बन्धादयो**', नान्यथेति गाथार्थः ॥ ११०४ ॥

દેહ દેહમાં જ ઉપઘાત અને અનુગ્રહ કરે છે, અર્થાત્ એક શરીર બીજા શરીર ઉપર હિંસાદિ રૂપ ઉપઘાત અને ચંદનવિલેપનાદિ રૂપ અનુગ્રહ કરે છે, એથી જ બંધ વગેરે થાય છે. અમૂર્ત આત્મા અન્ય અમૂર્ત આત્માને (ઉપઘાત વગેરે) કંઈ પણ કરતો નથી. કારણ કે આત્મા મુક્ત જીવ સમાન છે, અર્થાત્ શરીરની સહાય વિનાનો એકલો સંસારી પણ આત્મા મુક્ત આત્મા સમાન છે. [૧૧૦૩] જે કંઈ કરે નહિ તે ન્યાયની રીતે ન બંધાય. જે કંઈ કરે નહિ તે બંધાય તો અતિપ્રસંગ દોષ થાય. કારણ કે મુક્ત આત્માને પણ સદા ય બંધ થાય. કારણ કે અકર્તૃત્વ (સંસારી અને મુક્ત એ) બંનેમાં સમાન છે. માટે જીવ અને શરીરમાં જાત્યંતરરૂપ ભેદાભેદ હોય તો બંધ વગેરે ઘટે, અન્યથા ન ઘટે. જીવ-શરીરમાં ભેદાભેદ હોય તો શરીર ઉપઘાત-અનુગ્રહ કરે છે એટલે આત્મા ઉપઘાત-અનુગ્રહ કરે છે, અને એથી આત્માને બંધ વગેરે થાય છે.

(**પ્રશ્ન**- જાત્યંતરરૂપ ભેદાભેદ એ સ્થળે જાત્યંતર એટલે શું ?

**ઉત્તર**- ભેદાભેદ એટલે ભેદ અને અભેદનો સરવાળો નથી, કિંતુ એ બેના યોગથી ભેદાભેદ રૂપ નવી જ જાતિ ઉત્પન્ન થાય છે. જો ભેદાભેદ એ ભેદ અને અભેદના સરવાળા રૂપ હોય તો એ બંનેથી થતા દોષો તેમાં લાગે. જ્યારે બને છે ઉલટું. ભેદાભેદમાં એકાંતે ભેદ અને એકાંતે અભેદ એ બંનેના દોષો દૂર થાય છે, અને નવા ગુણો પ્રગટે છે. જેમ મગ અને ચોખાના મિશ્રણથી ખીચડીરૂપ એક સ્વતંત્ર અન્ય દ્રવ્ય ઉત્પન્ન થાય છે. તેથી એકલા મગથી અને એકલા ચોખાથી થતા દોષો ખીચડીમાં રહેતા નથી, અને નવા ગુણો પ્રગટે છે. તેવું જ ભેદાભેદમાં બને છે. આમ ભેદાભેદ એક સ્વતંત્ર અન્ય જાતિ હોવાથી અહીં "જાત્યંતર રૂપ ભેદાભેદ" એમ કહ્યું છે.) [૧૧૦૪]

**मोक्खोऽवि अ बद्धस्सा, तयभावे स कइ कीस वा ण सया ? ।**

**किं वा हेऊहि तहा कहं च सो होइ पुरिसत्थो ? ॥ ११०५ ॥**

**वृत्तिः**- '**मोक्षोऽपि च बद्धस्य**' सतो भवति '**तदभावे**' बन्धाभावे '**स**' कथं मोक्षः ?, नैव, '**किमि**'ति '**वा न सदाऽसौ ?**', बन्धाभावाविशेषात्, '**किं वा हेतुभिस्तथा ?**', यथाऽऽदिभिः, '**कथं चासौ भवति पुरुषार्थः ?**', अयत्नसिद्धत्वादिति गाथार्थः ॥ ११०५ ॥

મોક્ષ પણ બંધાયેલાનો થાય. બંધ જ ન હોય તો મોક્ષ કેવી રીતે હોય ? ન જ હોય. હવે જો બંધ વિના પણ મોક્ષ થાય તો મોક્ષ સદા કેમ થતો નથી ? અર્થાત્ પ્રત્યેક સમયે મોક્ષ કેમ થતો નથી ? કારણ કે જેમ અમુક સમયે મોક્ષ પામનાર જીવમાં બંધનો અભાવ છે તેમ અન્ય જીવોમાં પણ બંધનો અભાવ છે. બંનેમાં બંધાભાવ સમાન છે. તથા બંધ વિના પણ મોક્ષ થતો હોય તો મોક્ષના યથાપ્રવૃત્તિકરણ વગેરે હેતુઓની પણ શી જરૂર છે ? તથા પ્રયત્ન વિના જ મોક્ષ થવાથી મોક્ષપ્રાપ્તિનો પુરુષાર્થ પણ કેવી રીતે થાય ? અર્થાત્ ન થાય. [૧૧૦૫]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

यत एवम्-

**तम्हा बद्धस्स तओ, बंधोऽवि अणाइमं पवाहेण ।**
**इहरा तयभावम्मी, पुव्वं चिअ मोक्खसंसिद्धी ॥ ११०६ ॥**

**वृत्तिः**- '**तस्माद्बद्धस्यैव असौ**'-मोक्षः, '**बन्धोऽप्यनादिमान्** '**प्रवाहेण**' सन्तत्या, '**इतरथा**' एवमनङ्गीकरणेन '**तदभावे**' बन्धाभावे सति '**पूर्वमेव**' आदावेव '**मोक्षसंसिद्धिः**', तद्रूपत्वात्तस्येति गाथार्थः ॥ ११०६ ॥

આથી બંધાયેલાનો જ મોક્ષ થાય છે. બંધ પણ પ્રવાહ (પરંપરા)થી અનાદિ છે. જો એમ (= બંધ અનાદિ છે એમ) ન માનવામાં આવે તો ક્યારેક બંધ ન હતો એમ સિદ્ધ થાય. એમ સિદ્ધ થાય તો પહેલાં જ મોક્ષ થઈ જાય. કારણ કે આત્મા (બંધાયેલો ન હોવાથી) મોક્ષ સ્વરૂપ છે. [૧૧૦૬]

अत्राह-

**अणुभूअवत्तमाणो बंधो, कयगोत्तिऽणाइमं कह णु ? ।**
**जह उ अईओ कालो, तहाविहो तह पवाहेण ॥ ११०७ ॥**

**वृत्तिः**- '**अनुभूतवर्त्तमान**' इति अनुभूतवर्त्तमानभावो '**बन्धः कृतक इति**'कृत्वा स एवम्भूतो**'ऽनादिमान् कथं नु ?**', प्रवाहतोऽपीतिभावः, अत्रोत्तरम्- '**यथैवातीतः कालः** '**तथाविधः**'अनुभूतवर्त्तमानभावोऽप्यनादिमान्' **तथा प्रवाहेण**' बन्धोऽप्यनादिमानिति गाथार्थः ॥ ११०७ ॥

**પ્રશ્ન**- જે બંધે વર્તમાનભાવનો અનુભવ કરી લીધો છે તે બંધ કૃતક કહેવાય. તો આવો બંધ પ્રવાહથી પણ અનાદિ કેવી રીતે હોય ?

**ઉત્તર**- જેમ ભૂતકાળ અનુભૂત વર્તમાન ભાવવાળો હોવા છતાં પ્રવાહથી અનાદિ છે, તેમ બંધ પણ પ્રવાહથી અનાદિ છે.

**ભાવાર્થ**- બંધના ક્રિયમાણ અને કૃતક એમ બે ભેદ છે. વર્તમાનમાં જે બંધ થઈ રહ્યો છે તે ક્રિયમાણ બંધ છે. (क्रियमाण = કરાતું) અને જે બંધ થઈ ગયો છે તે કૃતક બંધ છે. (कृत = કરેલું. कृत એ જ कृतक) આ બે ભેદમાં ક્રિયમાણ કર્મની આદિ છે. કેમકે વર્તમાનમાં થઈ રહ્યું છે. પણ કૃતક કર્મ પ્રવાહથી અનાદિથી છે, એટલે કે ક્યારથી જીવને આ બંધ શરૂ થયો તેનો આદિ કાળ નથી. **અહીં વાદી પ્રશ્ન કરે છે કે**- કૃતક બંધને અનાદિ કેમ કહેવાય ? કારણ કે કૃતકબંધની "જે બંધે વર્તમાન ભાવનો અનુભવ કરી લીધો છે તે બંધ કૃતક" એવી વ્યાખ્યા છે. આ વ્યાખ્યામાં વર્તમાનભાવ=વર્તમાનપણું છે.તો વર્તમાનપણું અને અનાદિકાળ એ બેનો મેળ કેવી રીતે બેસે ? વર્તમાનભાવ (= વર્તમાનપણું) શબ્દ જ આદિનો સૂચક છે.

**આ પ્રશ્નના સમાધાનમાં સિદ્ધાંતવાદી કહે છે કે**- જેમ કાળના દરેક સમયમાં વર્તમાનપણું હોવા છતાં પોતપોતાના ઉત્તર સમયોની અપેક્ષાએ તે બધામાં ભૂતકાળપણું છે, અર્થાત્ તેમનામાં

જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે તે કાળે વર્તમાનતા તો હતી, છતાં વર્તમાનની અપેક્ષાએ તે બધાય ભૂતકાળ છે. અને તેમની આદિ નથી, તેમ અહીં પ્રત્યેક સમયે બંધાતા બંધમાં વર્તમાનતા હોવા છતાં ઉત્તર સમયોમાં બંધાતા કર્મની અપેક્ષાએ ભૂતકાલીનતા (= કૃતકતા) છે, અને તેની આદિ નથી. આથી બંધ પ્રવાહની અપેક્ષાએ અનાદિ છે. [૧૧૦૭]

मोक्षोपपत्तिमाह–

**दीसइ कम्मावचओ, संभवई तेण तस्स विगमोऽवि ।**
**कणगमलस्स व तेण उ, मुक्को मुक्कोत्ति नायव्वो ॥ ११०८ ॥**

**वृत्तिः**- '**दृश्यते कर्म्मापचयः**' कार्यद्वारेण '**सम्भवति तेन**' कारणेन '**तस्य**' कर्म्मणो '**विगमोऽपि**' सर्वथा, '**कनकमलस्ये**'ति निदर्शनं, '**तेन**' कर्म्मणा '**मुक्तः**' सर्वथा '**मुक्तो ज्ञातव्य इति**' गाथार्थः ॥ ११०८ ॥

**एमाइभाववाओ, जत्थ तओ होइ तावसुद्धोत्ति ।**
**एस उवाएओ खलु, बुद्धिमया धीरपुरिसेण ॥ ११०९ ॥**

**वृत्तिः**- '**एवमादिभाववादः**'-पदार्थवादो '**यत्रागमे ऽसौ भवति तापशुद्धः**'-तृतीयस्थानसुन्दर '**इति, एष उपादेयः खलु**'-एष एव, नान्यः, '**बुद्धिमता**' प्राज्ञेन '**धीरपुरुषेण**' स्थिरेणेति गाथार्थः ॥ ११०९ ॥

મોક્ષની સંગતિ (= સિદ્ધિ) કરે છે–

કર્મનો હ્રાસ થાય છે એ કાર્ય દ્વારા દેખાય છે, તેથી (હ્રાસ થતો હોવાથી) કર્મનો સર્વથા નાશ પણ થાય. આમાં સુવર્ણમલનું દૃષ્ટાંત છે. જેમ સુવર્ણમાંથી થોડા મેલનો હ્રાસ થાય છે તો સર્વથા નાશ પણ થાય છે. તેમ કર્મનો થોડો હ્રાસ થાય છે તો સર્વથા નાશ પણ થાય. કર્મથી સર્વથા મુક્ત બનેલો આત્મા મુક્ત જાણવો. [૧૧૦૮] ઈત્યાદિ પદાર્થો જે આગમમાં કહ્યા હોય તે આગમ તાપથી શુદ્ધ=ત્રીજાસ્થાનથી પણ સુંદર છે. ધીર બુદ્ધિમાન પુરુષે આ (= તાપથી શુદ્ધ) જ આગમનો સ્વીકાર કરવો જોઈએ, અન્ય આગમનો સ્વીકાર ન કરવો જોઈએ. [૧૧૦૯]

## સ્તવપરિજ્ઞા

**एअमिहमुत्तमसुअं, आईसद्दाओ थयपरिण्णाई ।**
**वण्णिज्जइ जीए थउ, दुविहोऽवि गुणाइभावेण ॥ १११० ॥**

**वृत्तिः**-'**एतदिहोत्तमश्रुतमु**'त्तमार्थाभिधानात्, '**आदिशब्दाद्**' द्वारगाथोक्ताः '**स्तवपरिज्ञादयः**' प्राभृतविशेषा गृह्यन्ते, केयं स्तवपरिज्ञेत्याह-'**वर्ण्यते यस्यां**' ग्रन्थपद्धतौ '**स्तवः द्विविधोऽपि**' द्रव्यभावरूपः '**गुणादिभावेन**' गुणप्रधानरूपतयेति गाथार्थः ॥ १११० ॥

અહીં આ (= કષ-છેદ-તાપથી શુદ્ધ) શ્રુત ઉત્તમશ્રુત છે. કારણ કે એમાં ઉત્તમ અર્થો કહેવામાં આવ્યા છે. ઉપરની ગાથામાં કહેલા આદિ શબ્દથી દ્વાર ગાથામાં કહેલ સ્તવપરિજ્ઞા વગેરે પ્રાભૃતવિશેષો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમજવા. આ સ્તવપરિજ્ઞા શું છે ? એ પ્રશ્નના ઉત્તરમાં કહે છે કે- જે ગ્રંથરચનામાં દ્રવ્ય અને ભાવ એ બંને પ્રકારનો સ્તવ ગૌણ-પ્રધાન રૂપે વર્ણવવામાં આવ્યો હોય તે સ્તવપરિજ્ઞા છે. [૧૧૧૦]

एतदेवाह-

**दव्वे भावे अ थओ, दव्वे भावथयरागओ विहिणा ।**

**जिणभवणाइविहाणं, भावथओ संजमो सुद्धो ॥ ११११ ॥**

**वृत्तिः**- '**द्रव्य**' इति द्रव्यविषयो '**भाव**' इति भावविषयः '**स्तवो**' भवति, तत्र '**द्रव्ये**' द्रव्यविषयः '**भावस्तवरागतो**' वक्ष्यमाणभावस्तवानुरागेण '**विधिना**' वक्ष्यमाणेन '**जिनभवनादि-विधानं**', 'विधान'मिति यथासम्भवं करणम्, आदिशब्दाज्जिनबिम्बपूजापरिग्रहः, '**भावस्तवः**' पुनः '**संयमः**' साधुक्रियारूपः '**शुद्धो**' निरतिचार इति गाथार्थः ॥ ११११ ॥

આને (= દ્રવ્ય-ભાવસ્તવને) જ કહે છે–

દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ એમ બે પ્રકારનો સ્તવ છે. ભાવસ્તવના અનુરાગથી (= ભાવસ્તવની મને પ્રાપ્તિ થાય એવી ઈચ્છાથી) જિનભવન, જિનબિંબ અને જિનપૂજા (વગેરે) યથાસંભવ વિધિપૂર્વક કરવાં તે દ્રવ્યસ્તવ છે. નિરતિચાર સાધુક્રિયા રૂપ સંયમ એ [1]ભાવસ્તવ છે. [૧૧૧૧]

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

तत्र-

**जिणभवणकारणविही, सुद्धा भूमी दलं च कट्ठाई ।**

**भिअगाणऽतिसंधाणं, सासयवुड्ढी समासेणं ॥ १११२ ॥**

**वृत्तिः**- '**जिनभवनकारणविधि**'रयं द्रष्टव्यः, यदुत '**शुद्धा भूमि**'र्वक्ष्यमाणया शुद्ध्या, तथा '**दलं च काष्ठादि**' शुद्धमेव, तथा '**भृतकानतिसन्धानं**' कर्म्मकराव्यंसनं, तथा '**स्वाशयवृद्धिः**' शुभभाव-वर्द्धनं, '**समासेनैष**' विधिरिति द्वारगाथासमासार्थः ॥ १११२ ॥

તેમાં જિનભવન કરાવવાનો વિધિ આ જાણવો- ૧ હવે કહેવાશે તે શુદ્ધિથી ભૂમિ શુદ્ધ કરવી, ૨ કાષ્ઠ વગેરે દલશુદ્ધ જ લેવું, ૩ નોકરોને છેતરવા નહિ અને ૪ પોતાના શુભભાવની વૃદ્ધિ કરવી. આ સંક્ષેપથી વિધિ છે. આ પ્રમાણે દ્વાર ગાથાનો સંક્ષિપ્ત [2]અર્થ છે. [૧૧૧૨]

व्यासार्थं त्वाह ग्रन्थकारः-

**दव्वे भावे अ तहा, सुद्धा भूमी पएसऽकीला य ।**

**दव्वेऽपत्तिगरहिआ, अन्नेसिं होइ भावे उ ॥ १११३ ॥**

---

૧. પંચાશક ૬, ગાથા ૨.

૨. ૧૧૧૨થી ૧૧૨૮ સુધીની ગાથાઓ સાતમા પંચાશકમાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**- '**द्रव्ये भावे च तथा शुद्धा भूमिः**', यथासङ्ख्यं स्वरूपमाह-'**प्रदेशे**' तपस्विजनोचिते, '**अकीला वा**' अस्थ्यादिरहिता '**द्रव्य**' इति द्रव्यशुद्धा, '**अप्रीतिरहिता-अन्येषां**' प्राणिनामसमाधिरहिता आसन्नानां '**भवति**' '**भावे तु**' भावशुद्धेति गाथार्थः ॥ ११११३ ॥

(૧) ભૂમિશુદ્ધિ દ્વાર

વિસ્તૃત અર્થ તો ગ્રંથકાર કહે છે–

દ્રવ્ય અને ભાવથી શુદ્ધ એમ બે પ્રકારે શુદ્ધ ભૂમિ છે. તે બેનું યથાસંખ્ય સ્વરૂપ કહે છે- તપસ્વી લોકોને વસવા લાયક સ્થાનમાં નીચે ખીલો, હાડકાં વગેરે અશુભ પદાર્થોથી રહિત ભૂમિ એ દ્રવ્યથી શુદ્ધ છે. જિનમંદિરની નજીકમાં રહેલા (= વસનારા) બીજા જીવોને અપ્રીતિ ન થાય તેવી ભૂમિ ભાવથી શુદ્ધ છે. [૧૧૧૩]

एतदेव समर्थयते-

**धम्मत्थमुज्जएणं, सव्वस्स अपत्तिअं न कायव्वं ।**
**इअ संजमोऽवि सेओ, एत्थ य भयवं उदाहरणं ॥ १११४ ॥**

**वृत्तिः**- '**धर्मार्थमुद्यतेन**' प्राणिना '**सर्वस्य**' जन्तोः '**अप्रीतिर्न**' कार्या सर्वथा, '**इय**' एवं पराप्रीत्यकरणेन '**संयमोऽपि श्रेयान्**', नान्यथा, '**अत्र चा**'र्थे '**भगवानुदाहरणं**'-स्वयमेव च वर्द्धमानस्वामीति गाथार्थः ॥ १११४ ॥

આનું (= અન્યને અપ્રીતિ ન થાય તેનું) જ સમર્થન કરે છે–

જિનભવનનિર્માણ દ્વારા કર્મક્ષય રૂપ ધર્મ માટે તત્પર બનેલા પ્રાણીએ કોઈ પણ જીવને અપ્રીતિ ન કરવી જોઈએ. સંયમ પણ અન્યને અપ્રીતિ ન કરવાથી શ્રેયસ્કર બને છે, અન્યથા નહિ. આ વિષયમાં ખુદ શ્રી વર્દ્ધમાનસ્વામી દૃષ્ટાંતરૂપ છે. [૧૧૧૪]

कथमित्याह-

**सो तावसासमाओ, तेसिं अप्पत्तिअं मुणेऊणं ।**
**परमं अबोहिबीअं, तओ गओ हंतऽकालेऽवि ॥ १११५ ॥**

**वृत्तिः**- '**स**' भगवां '**स्तापसाश्रमात्**', पितृव्यमित्रकुलपतिसम्बन्धिनः, '**तेषां**' तापसानाम् '**अप्रीतिम्**' अप्रणिधानं '**मत्वा**' मनःपर्यायेण, किंभूतम् ?-'**परमं**' प्रधानं '**अबोधिबीजं**' गुणद्वेषेण, '**ततः**' तापसाश्रमाद् '**गतो**' भगवान्, '**हन्ते**'त्युपदर्शने '**ऽकालेऽपि**'-प्रावृष्यपीति गाथार्थः । कथानकम् आवश्यकादवसेयम् ॥ १११५ ॥

શ્રી મહાવીરસ્વામી કેવી રીતે દૃષ્ટાંતરૂપ છે તે કહે છે–

તાપસોને મારાથી અપ્રીતિ થાય છે, અને એ અપ્રીતિ ગુણદ્વેષના કારણે સમ્યગ્દર્શનના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અભાવનું મુખ્ય કારણ છે એમ મનઃપર્યવજ્ઞાનથી જાણીને શ્રી ભગવાન મહાવીરે પોતાના પિતાના મિત્ર કુલપતિના તાપસાશ્રમમાંથી ચોમાસામાં પણ વિહાર કર્યો. આ કથા આવશ્યકસૂત્રમાંથી જાણી લેવી. [૧૧૧૫]

**इय सव्वेणऽवि सम्मं, सक्कं अप्पत्तिअं सइ जणस्स ।**

**नियमा परिहरिअव्वं, इअरम्मि सतत्तचिंता उ ॥ ११९६ ॥ दारं**

**वृत्तिः**- '**इय**' एवं '**सर्वेणापि**' परलोकार्थिना '**सम्यग्**' उपायतः '**शक्यमप्रणिधानं**' '**सदा**' सर्वकालं '**जनस्य**' प्राणिनिवहस्य '**नियमाद्**' अवश्यन्तया '**परिहर्त्तव्यं**'-न कार्यम्, '**इतरस्मिन्**' अशक्ये ह्यप्रणिधाने स्वतत्त्वचिन्तैव कर्त्तव्या, ममैवायं दोष इति गाथार्थः ॥ ११९६ ॥

શ્રી મહાવીર ભગવાનની જેમ પરલોકના અર્થી બધાય જીવોએ સમ્યગ્ ઉપાય કરીને સદા જીવસમૂહની શક્ય (= જેનો ત્યાગ થઈ શકે તેવી) અપ્રીતિનો ત્યાગ અવશ્ય કરવો જોઈએ.

**પ્રશ્ન**- આપણે અપ્રીતિ થાય તેવું ન કરીએ તો પણ લોક અજ્ઞાનતા આદિના કારણે અપ્રીતિ કરે તો શું કરવું ?

**ઉત્તર**- લોકની અજ્ઞાનતા આદિના કારણે અપ્રીતિનો ત્યાગ કરી શકાય તેમ ન હોય ત્યારે પોતાના સ્વભાવની વિચારણા કરવી, તે આ પ્રમાણે-

ममैवायं दोषो यदपरभवे नार्जितमहो,
शुभं यस्माल्लोको भवति मयि कुप्रीतिहृदयः ।
अपापस्यैवं मे कथमपरथा मत्सरमय,
जनो याति स्वार्थं प्रति विमुखतामेत्य सहसा ॥ १ ॥

"આ મારો જ દોષ છે. કેમ કે મેં ગતભવમાં પુણ્યનું ઉપાર્જન કર્યું નથી, જેથી લોકો મારા વિષે અપ્રીતિવાળા થાય છે. અન્યથા આ લોકો સ્વાર્થ પ્રત્યે વિમુખ બનીને (અર્થાત્ દ્વેષ કરવાથી કર્મબંધ કરવા દ્વારા પોતાના હિત પ્રત્યે વિમુખ બનીને) નિર્દોષ એવા મારા ઉપર દ્વેષ કેમ કરે ?" [૧૧૧૬]

उक्ता भूमिशुद्धिः, काष्ठादिशुद्धिमाह-

**कट्ठाईवि दलं इह, सुद्धं जं देवयाइ भ ( याउव ) वणाओ ।**

**नो अविहिणोवणीअं, सयं च काराविअं जं नो ॥ ११९७ ॥**

**वृत्तिः**- '**काष्ठाद्यपि दलं**' कारणं '**अत्र**'-विधाने '**शुद्धं यद्देवताद्युपवनाद्**', आदिशब्दाच्छ्मशानग्रहः '**नाविधिना**' बलीवर्द्दादिमारणे'**नोपनीतम्**'-आनीतं, '**स्वयं च कारितं यन्न**'ेष्टिकादि, तच्छुद्धमिति गाथार्थः ॥ ११९७ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨ દલશુદ્ધિ દ્વાર

ભૂમિશુદ્ધિ કહી. હવે કાષ્ઠાદિ (દલ) શુદ્ધિ કહે છે–

જિનમંદિર બંધાવવામાં ઉપયોગી કાષ્ઠ વગેરે વસ્તુઓ તે શુદ્ધ છે કે જે વ્યંતરાધિષ્ઠિત જંગલ, સ્મશાન વગેરે સ્થળેથી ન લાવેલી હોય, (કારણ કે ત્યાંથી લાવવામાં વ્યંતરો ગુસ્સે થઈને જિનમંદિરને અને તેના કરાવનાર વગેરેને હાનિ પહોંચાડે.) બળદ વગેરેને મારીને (= શારીરિક કષ્ટ કે માનસિક સંતાપ પમાડીને) લાવેલી ન હોય, અને ઈંટ વગેરે વસ્તુઓ સ્વયં તૈયાર કરાવેલી ન હોય. [૧૧૧૭]

**तस्सवि अ इमो नेओ, सुद्धासुद्धपरिजाणणोवाओ ।**
**तक्कहगहणाओ जो, सउणेअरसन्निवाओ उ ॥ १११८ ॥**

**वृत्तिः**- '**तस्यापि चायं**'-वक्ष्यमाणो '**ज्ञेयः शुद्धाशुद्धपरिज्ञानोपायः**' काष्ठादेः, क इत्याह-'**तत्कथाग्रहणादौ**' प्रस्तुते '**यः शकुनेतरसन्निपात एव**', तत्र नान्दीशब्दादयः शकुनाः, इतरे अशकुना इति गाथार्थः ॥ १११८ ॥

(દલ અને ભૂમિની શુદ્ધિ-અશુદ્ધિને જાણવાનો ઉપાય–)

કાષ્ઠાદિ દલ (અને ભૂમિ)ને ખરીદવાની વાત ચાલતી હોય કે તેની ખરીદી થતી હોય વગેરે પ્રસંગે શુકન કે અપશુકન જે થાય તે જ કાષ્ઠાદિ દલ (અને ભૂમિ)ની શુદ્ધિ-અશુદ્ધિ જાણવાનો ઉપાય છે, અર્થાત્ શુકન થાય તો (દલ-ભૂમિ) શુદ્ધ છે, અને અપશુકન થાય તો અશુદ્ધ છે. તેમાં નંદી વગેરેના શબ્દો શુકન છે, અન્ય અપશુકન છે. [૧૧૧૮]

जैन साईट JAINSITE.com जैनम् જયતિ શાસનમ્

एतदेवाह-

**नंदाइ सुहो सद्दो, भरिओ कलसोऽथ सुंदरा पुरिसा ।**
**सुहजोगाइ अ सउणो, कंदिअसद्दाइ इअरो उ ॥ १११९ ॥**

**वृत्तिः**- '**नान्द्यादिः शुभः शब्दः**' आनन्दकृत्, तथा '**भृतः कलशः**' शुभोदकादेः, अथ '**सुन्दराः पुरुषाः**' धर्म्मचारिणः, '**शुभयोगादिश्च**' व्यवहारलग्नादिः, '**शकुनो**' वर्त्तते, '**आक्रन्दित-शब्दादिस्त्वितरः**'- अपशकुन इति गाथार्थः ॥ १११९ ॥

આ (= શુકન-અપશુકન) જ કહે છે–

બાર પ્રકારના વાજિંત્ર રૂપ નંદી વગેરેના શુભ=આનંદકારી શબ્દો, શુભ=પાણી વગેરેથી ભરેલો કળશ, સુંદર=ધર્મચારી પુરુષો અને વ્યાવહારિક મેષાદિ શુભ લગ્ન વગેરે શુકન (= ઈષ્ટકાર્યની સિદ્ધિ થશે એમ જણાવનારાં નિમિત્તો) છે. આક્રંદનનો અવાજ વગેરે અપશુકન છે. [૧૧૧૯]

उक्ता दलशुद्धिः, विधिशेषमाह-

**सुद्धस्सऽवि गहिअस्सा, पसत्थदिअहम्मि सुहमुहुत्तेणं ।**
**संकामणम्मिवि पुणो, विन्नेआ सउणमाईआ ॥ ११२० ॥ दारं ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**- '**शुद्धस्यापि गृहीतस्य**' काष्ठादेः '**प्रशस्ते दिवसे**' शुक्लपञ्चम्यादौ '**शुभमुहूर्त्तेन**' केनचित्, किमित्याह-'**सङ्क्रामणेऽपि पुन**'**स्तस्य काष्ठादे**' **विज्ञेयाः शकुनादय**' इति गाथार्थः ॥ ११२० ॥

દલશુદ્ધિ કહી. હવે બાકીનો વિધિ કહે છે–

સુદ પાંચમ વગેરે શુભ દિવસે સારા મુહૂર્તે લીધેલા (અને શુકન થવાથી શુદ્ધ છે એવી ખાતરીવાળા) શુદ્ધ પણ કાષ્ઠ વગેરે દલને બીજા સ્થળે લઈ જતી વખતે પણ ફરી શુકન (અને શુભ દિવસ) વગેરે જોવું જોઈએ. [૧૧૨૦]

**कारवणेऽवि अ तस्सिह, भिअगाणऽइसंधणं न कायव्वं ।**

**अवियाहिगप्पयाणं, दिट्ठादिट्ठप्फलं एअं ॥ ११२१ ॥**

**वृत्तिः**- '**कारणेऽपि च तस्य**' जिनभवनस्य '**इह**' '**भृतकानां**' कर्म्मकराणां '**अतिसन्धानं न कर्त्तव्यम्, अपि च अधिकप्रदानं**' कर्त्तव्यं, '**दृष्टादृष्टफलमेतद्**'-अधिकदानमिति गाथार्थः ॥ ११२१ ॥

૩ મૃતકાનતિ સંધાન દ્વાર

(દલને લાવવા વગેરેમાં અને) જિનમંદિર બંધાવવામાં પણ નોકરોને ઓછા પૈસા આપીને ઠગવા ન જોઈએ. બલ્કે વધારે પૈસા આપવા જોઈએ. કારણ કે અધિક પૈસાનું પ્રદાન આ લોક અને પરલોક સંબંધી સુંદર ફળ આપનારું બને છે. [૧૧૨૧]

कथमित्याह-

**ते तुच्छगा वराया, अहिएण दढं उविंति परितोसं ।**

**तुट्ठा य तत्थ कम्मं, तत्तो अहियं पकुव्वंति ॥ ११२२ ॥**

**वृत्तिः**- '**ते**' भृतका'**स्तुच्छ वराकाः**', अल्पा इत्यर्थः, '**अधिकेन**' प्रदत्तेन '**दृढमुपयान्ति परितोषं**', तथास्वभावत्वात्, '**तुष्टाश्च**' '**तत्र**' प्रक्रान्ते '**कर्म्मणि**' '**ततः**' प्राक्तनात् कर्म्मणो दत्ताद्वा '**अधिकं प्रकुर्वन्ति**', दृष्टं फलमेतदिति गाथार्थः ॥ ११२२ ॥

નોકરોને અધિક આપવાથી સુંદર ફળ કેવી રીતે મળે છે તે કહે છે–

નોકરો ગરીબ અને બિચારા હોવાથી નક્કી કરેલા ધનથી અધિકધન આપવાથી અત્યંત ખુશ થાય છે. કારણ કે તેમનો તેવો સ્વભાવ છે. ખુશ થયેલા નોકરો જિનભવનનું કામ પહેલાં કરતાં અધિક કરે છે, અથવા આપેલા ધનથી અધિક કામ કરે છે. આ આ લોક સંબંધી ફળ છે. [૧૧૨૨]

**धम्मपसंसाए तह, केइ निबंधंति बोहिबीआइं ।**

**अन्ने उ लहुअकम्मा, एत्तो च्चिअ संपबुज्झंति ॥ ११२३ ॥**

**वृत्तिः**- '**धर्म्मप्रशंसया तथा**' उर्जिताचारत्वेन '**केचन**' भृतका '**निबध्नन्ति बोधिबीजानि**', कुशलभावाद्, '**अन्ये तु लघुकर्म्माणो**' भृतका '**अत एव**'-औदार्यपक्षपातात् '**सम्प्रबुध्यन्ति**' मार्गमेव प्रतिपद्यन्त इति गाथार्थः ॥ ११२३ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**लोए अ साहुवाओ, अतुच्छभावेण सोहणो धम्मो ।**

**पुरिसोत्तमप्पणीओ, पभावणा एव तित्थस्स ॥ ११२४ ॥ दारं**

**वृत्तिः**- '**लोके च साधुवादो**' भवति '**अतुच्छभावेन**' अकार्पण्येन '**शोभनो धर्म्म**' इत्येवं-भूतः, तथा '**पुरषोत्तमप्रणीतः**' सर्वत्र दयाप्रवृत्तेः, '**प्रभावनैवं तीर्थस्य**' भवतीति गाथार्थः ॥ ११२४ ॥

(પરલોક સંબંધી સુંદર ફળ જણાવે છે–)

ધન અધિક આપવાથી નોકરો જૈનધર્મની પ્રશંસા કરે છે. જૈનધર્મની પ્રશંસાથી તે રીતે (= પોતાની કક્ષા પ્રમાણે)[1] આચારનીવૃદ્ધિ થાય છે. આચારની વૃદ્ધિથી શુભભાવ ઉત્પન્ન થાય છે. શુભભાવથી કેટલાક નોકરો બોધિબીજને (= સમ્યગ્દર્શનનાં કારણોને) પામે છે. લઘુકર્મી બીજા કેટલાક નોકરો તો ઉદારતાના પક્ષપાતથી જ માર્ગને (= જૈનશાસનને) જ સ્વીકારે છે. તથા જિનભવન કરાવનારની ઉદારતાથી શિષ્ટ લોકમાં જૈનધર્મ ઉત્તમ છે, ઉત્તમ પુરુષે કહેલો છે, કારણ કે સર્વત્ર (= સર્વકાર્યોમાં) દયાનું પાલન થાય છે, ઈત્યાદિ પ્રશંસા થાય છે અને એ રીતે જૈનશાસનની પ્રભાવના થાય છે. [૧૧૨૩-૧૧૨૪]

उक्तं फलं भृतकानतिसन्धानं, स्वाशयवृद्धिमाह-

**सासयवुड्ढीवि इहं, भुवणगुरुजिणिंदगुणपरिन्नाए ।**

**तब्बिंबठावणत्थं, सुद्धपवित्तीउ नियमेण ॥ ११२५ ॥**

**वृत्तिः**- '**स्वाशयवृद्धिरप्यत्र**' प्रक्रमे '**भुवनगुरुजिनेन्द्रगुणपरिज्ञया**' हेतुभूतया- भवाम्भो-धिनिमग्नसत्त्वालम्बनभूतोऽयमित्येवं, '**तद्बिम्बस्थापनार्थं**' जिनबिम्बस्थापनायैव '**शुद्धप्रवृत्तेः**' कारणात्, '**नियमेन**' अवश्यन्तया स्वाशयवृद्धिरिति गाथार्थः ॥ ११२५ ॥

૪ સ્વાશયવૃદ્ધિ દ્વાર

**નોકરને નહિ છેતરવાનું ફલ કહ્યું. હવે સ્વાશયની વૃદ્ધિ કહે છે–**

પ્રસ્તુતમાં (જિનભવન નિર્માણમાં) ભુવનગુરુ શ્રી જિનેન્દ્ર સંબંધી "આ ભગવાન ભવરૂપ સમુદ્રમાં ડૂબેલા જીવોને આલંબન રૂપ છે" એવા ગુણના (યથાર્થ) જ્ઞાનથી જિનબિંબની પ્રતિષ્ઠા નિમિત્તે જ થતી શુદ્ધ પ્રવૃત્તિથી પોતાના આશયની (= શુભ પરિણામની) વૃદ્ધિ [2]પણ અવશ્ય થાય છે. (અહીં શુભપરિણામની વૃદ્ધિમાં જિનગુણોનું યથાર્થજ્ઞાન અને શુદ્ધ પ્રવૃત્તિ એ બે કારણો જણાવ્યાં છે. તેમાં જિનગુણોનું યથાર્થજ્ઞાન મુખ્ય કારણ છે.) [૧૧૨૫]

तथा-

**पिच्छिस्सं एत्थं इह, वंदणगनिमित्तमागए साहू ।**

**कयपुन्ने भगवंते, गुणरयणणिही महासत्ते ॥ ११२६ ॥**

---

૧. સમ્યગ્દર્શનના ઉપબૃંહણા રૂપ આચારની.

૨. न केवलं भृतकानतिसंधानमित्यपिशब्दार्थः (પંચાશક ૭ ગા. ૨૫ની ટીકા.)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**- '**द्रक्ष्याम्यत्र**'-भवनेऽहं '**वन्दननिमित्तमागतान् साधून्**'-मोक्षसाधकान् भगवतः, किम्भूतानित्याह-'**कृतपुण्यान् भगवतः**' तानेव, तथा '**गुणरत्ननिधीन्**' तानेव, '**महासत्त्वान्**' द्रष्टव्यानिति **गाथार्थः** ॥ ११२६ ॥

तथा-

**पडिबुज्झिस्संति इहं, दट्ठूण जिणिंदबिंबमकलंकं ।**
**अण्णेऽवि भव्वसत्ता, काहिंति तओ परं धम्मं ॥ ११२७ ॥**

**वृत्तिः**- '**प्रतिभोत्स्यन्ते**' प्रतिबोधं यास्यन्ति '**इह**' जिनभवने '**दृष्ट्वा जिनेन्द्रबिम्बं**' मोहतिमिरापगमहेतु**मकलङ्कमन्येऽपि** '**भव्यसत्त्वा**' लघुकर्म्माणः '**करिष्यन्ति ततः परं** '**धर्म्मं**' संयमरूपमिति **गाथार्थः** ॥ ११२७ ॥

**ता एअमेव वित्तं, जमित्थमुवओगमेइ अणवरयं ।**
**इअ चिंताऽपरिवडिआ, सासयवुड्ढी उ मोक्खफला ॥ ११२८ ॥**

**वृत्तिः**- '**तत्**' तस्माद् '**एतदेव** '**वित्तं**' धनं '**यदत्र**'-जिनभवने '**उपयोगमेति**'-गच्छति '**अनवरतं**'-सदा, '**इय**' एवं '**चिन्ताऽप्रतिपतिता**' सती '**स्वाशयवृद्धि**'रुच्यते, '**मोक्षफले**'यमिति **गाथार्थः** ॥ ११२८ ॥

(સ્વાશયવૃદ્ધિનું સ્વરૂપ જણાવે છે-)

જિનમંદિરમાં વંદન માટે આવેલા કૃતપુણ્ય, જ્ઞાનાદિગુણરૂપ રત્નોના નિધાન, મહાસત્ત્વવંત એવા મોક્ષસાધક સાધુ ભગવંતોનાં દર્શન હું કરીશ. [૧૧૨૬] જિનમંદિરમાં મોહરૂપ અંધકારને દૂર કરવાનો હેતુ અને (શસ્ત્ર-સ્ત્રી વગેરે) કલંકથી રહિત એવા જિનબિંબનાં દર્શન કરીને બીજા પણ લઘુકર્મી જીવો પ્રતિબોધ (= સમ્યગ્દર્શન) પામશે અને પછી સંયમરૂપ ધર્મ કરશે. [૧૧૨૭] આથી જે ધન જિનમંદિરમાં વપરાય છે એ જ (વાસ્તવિક) ધન [1]છે, (બાકીનું ધન ધૂળ છે.) આવી (૧૧૨૫ થી ૧૧૨૮ એ ત્રણ ગાથામાં કહેલી) સતત અવિચ્છિન્ન શુભ વિચારણા એ સ્વાશયવૃદ્ધિ = પોતાના શુભ પરિણામની વૃદ્ધિ છે, અને એનાથી મોક્ષરૂપ ફળ મળે છે. [૧૧૨૫ થી ૧૧૨૮]

व्याख्याताऽधिकृतद्वारगाथा, एष तावत्समासतो जिनभवनकारणविधिः, अत्रान्तरकरणीयमाह-

**णिप्फाइअ जयणाए, जिणभवणं सुंदरं तहिं बिंबं ।**
**विहिकारिअमह विहिणा, पइट्ठविज्जा असंभंतो ॥ ११२९ ॥**

**वृत्तिः**- '**निष्पाद्य** '**यतनया**' परिणतोदकादिग्रहणरूपया '**जिनभवनं**' जिनायतनं '**सुन्दरं** '**तत्र**' भवने '**बिम्बं**' भगवतः '**विधिकारितं**' सद् '**अथ विधिना**' वक्ष्यमाणेन '**प्रतिष्ठापयेद्** '**असम्भ्रान्तः**' अनाकुलः सन्निति **गाथार्थः** ॥ ११२९ ॥

१. પંચાશક સૂત્રમાં અહીં "જે ધન જિનમંદિરમાં વપરાય તે જ મારું છે તે સિવાયનું ધન પારકું છે" એવો અર્થ કર્યો છે.

जैनम् जयति शासनम् JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રસ્તુત (૧૧૧૨મી) દ્વાર ગાથાનું વ્યાખ્યાન કર્યું. આ સંક્ષેપથી જિનભવન કરાવવાનો વિધિ છે, હવે જિનમંદિર બનાવ્યા પછીનું કર્તવ્ય કહે છે–

પ્રાસુકપાણી આદિનો ઉપયોગ કરવારૂપ જયણાથી સુંદર જિનમંદિર તૈયાર કરાવીને તે જિનમંદિરમાં વિધિપૂર્વક કરાવેલા જિનબિંબની હવે કહેવાશે તે વિધિથી એકાગ્રચિત્તવાળા બનીને પ્રતિષ્ઠા [1]કરાવવી. [૧૧૨૯]

'विधिकारित'मित्युक्तं, तमाह–

**जिणबिंबकारणविही, काले संपूइऊण कत्तारं ।**

**विहवोचिअमुल्लप्पणमणहस्स सुहेण भावेण ॥ ११३० ॥**

**वृत्तिः**– '**जिनबिम्बकारणविधि**'रयं द्रष्टव्यः, यदुत '**काले**' शुभे '**सम्पूज्य कर्त्तारं**' वासचन्दनादिभिः '**विभवोचितमूल्यार्प्पणं**' सगौरवमस्य '**अनघस्ये**'ति–अपापस्य '**शुभेन**' '**भावेन**' मनःप्रणिधानेनेति गाथार्थः ॥ ११३० ॥

"વિધિથી કરાવેલ" એમ કહ્યું, આથી વિધિ કહે છે–

જિનબિંબ કરાવવાનો વિધિ આ પ્રમાણે જાણવો- શુભકાળમાં (શુભમુહૂર્તે) નિર્દોષ શિલ્પીની સુગંધી ચંદન વગેરેથી પૂજા કરવી, પછી તેનું ગૌરવ થાય તે રીતે સ્વસંપત્તિ અનુસાર શુભભાવથી મૂલ્ય (ભેટણું) આપવું. (પરસ્ત્રી, દારુ, જુગાર આદિ વ્યસનવાળો શિલ્પી દોષિત છે, અને વ્યસનથી રહિત શિલ્પી [2]નિર્દોષ છે.) [૧૧૩૦]

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

अपवादमाह–

**तारिसयस्साभावे, तस्सेव हिअत्थमुज्जओ णवरं ।**

**णिअमेइ बिंबमोल्लं, जं उचिअं कालमासज्ज ॥ ११३१ ॥**

**वृत्तिः**– '**तादृशस्य**' अनघस्य कर्तुः '**अभावे तस्यैव**' कर्तुं **हितार्थमुद्यतो**'ऽनर्थपरिजिहीर्षया, '**नवरं नियमयति**' सङ्ख्यादिना '**बिम्बमूल्यं**' द्रम्मादि '**यदुचितं कालमाश्रित्य**', न परं व्यंसयति नात्मानमिति गाथार्थः ॥ ११३१ ॥

અપવાદ કહે છે–

નિર્દોષ શિલ્પી ન મળવાથી દોષિત શિલ્પી પાસે બિંબ ઘડાવવા પડે તો તે શિલ્પીના જ (બિંબ માટે કલ્પેલા દ્રવ્યના ભક્ષણથી સંસારરૂપ ખાડામાં પડવારૂપ) અનર્થનો ત્યાગ કરવાની ભાવનાથી તેના જ હિત માટે તત્પર બનેલ જિનમંદિરકારક તે કાળ પ્રમાણે પ્રતિમા ઘડવાનું [3]દ્રમ વગેરે જે

---

૧. પંચાશક ૭ ગા. ૪૩.

૨. ૧૧૩૦-૧૧૩૧ એ બે ગાથાઓ આઠમા પંચા. માં ૭-૮મી ગાથાઓ છે.

૩. દ્રમ પૂર્વકાળનું ચલણી નાણું છે. તેનું માપ આ પ્રમાણે છે- ૨૦ કોડીની એક કાકિણી, ચાર કાકિણીનો એક પણ, સોળ પણનો એક દ્રમ, સોળ દ્રમની એક સોનામહોર.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યોગ્ય મૂલ્ય થતું હોય તે સંખ્યા વગેરેથી નક્કી કરે, પણ કારીગરને કે પોતાને છેતરે નહિ.

(ભાવાર્થ- [1]દોષિત શિલ્પી બિંબ ઘડવાથી મળેલા પૈસાનો પરસ્ત્રી, દારુ, જુગાર આદિ વ્યસનમાં ઉપયોગ કરે. આથી જો તેને મૂલ્ય ઠરાવ્યા વિના એની મહેનત પ્રમાણે થયેલા પૈસાથી વધારે પૈસા આપવામાં આવે તો તે પૈસાનો ઉપયોગ વ્યસનમાં કરે. પૈસા આપનારે આ પૈસા જિનબિંબ ઘડવા માટેના છે એમ કલ્પીને આપ્યા હોવાથી તે પૈસા દેવદ્રવ્ય કહેવાય. દેવદ્રવ્યનો વ્યસનમાં ઉપયોગ કરનારને દેવદ્રવ્યના ભક્ષણનો દોષ લાગે છે. તેનાં કટુફળો આવે છે. આથી શિલ્પીના હિત માટે તેને મહેનતથી વધારે પૈસા ન આપવા. નક્કી કરેલા પૈસા પણ જેમ જેમ કામ થતું જાય તેમ તેમ ટુકડે ટુકડે આપવા. કારણ કે એકી સાથે પૈસા આપવામાં આવે તો તેનો ઉપયોગ વ્યસનમાં કરે. ટુકડે ટુકડે આપવામાં તેટલા પૈસા પોતાની જીવનજરૂરિયાતમાં વપરાઈ જવાથી વ્યસનમાં ઉપયોગ ન કરી શકે. તથા વ્યસનવાળા કારીગરોને પહેલાથી પૈસા આપી દેવાથી પછી કામ ન કરે અથવા અમુક સમયમાં જેટલું થવું જોઈએ તેટલું કામ ન કરે, એટલે કામ કર્યા વિના પૈસા લેવાથી તેને દેવદ્રવ્યના ભક્ષણનો દોષ લાગે.) [૧૧૩૧]

**णिप्फण्णस्स य सम्मं, तस्स पइट्ठावणे विही एसो ।**

**सट्ठाणे सुहजोगे, अभिवासणमुचिअपूजाए ॥ ११३२ ॥**

**वृत्तिः**- '**निष्पन्नस्य च** '**सम्यक्**' शुभभाववृद्ध्या '**तस्य प्रतिष्ठापने विधिरेषः**'- वक्ष्यमाणलक्षणः, '**स्वस्थाने**' यत्र तद् भविष्यति, '**शुभयोगे**' कालमधिकृत्य, '**अभिवासना**' क्रियते '**उचितपूजया**' विभवानुसारत इति गाथार्थः ॥ ११३२ ॥

ઘડાઈને તૈયાર થઈ ગયેલા જિનબિંબની શુભભાવની વૃદ્ધિપૂર્વક પ્રતિષ્ઠા કરાવવાનો વિધિ આ પ્રમાણે છે- જ્યાં જિનબિંબની સ્થાપના કરવાની હોય ત્યાં સારા મુહૂર્તે વૈભવ પ્રમાણે પૂજા કરવાપૂર્વક અધિવાસન કરવું. (અધિવાસન એટલે જિનબિંબને તેના મંત્ર વડે મંત્રવું.) [૧૧૩૨]

**चिइवंदण थुइवुड्ढी, उस्सग्गो साहु सासणसुराए ।**

**थयसरण पूअकाले, ठवणा मंगलगपुव्वा उ ॥ ११३३ ॥ दारगाहा ॥**

**वृत्तिः**- '**चैत्यवन्दना**' सम्यक्, '**स्तुतिवृद्धिः**', तत्र '**कायोत्सर्गः** '**साधु**'रित्यसम्मूढः '**शासनदेवतायाः**' श्रुतदेवतायाः, तत्र '**स्तवस्मरणं**' चतुर्विंशतिस्तवस्य, '**पूजा**' जातिपुष्पादिना, '**स्थापना उचितसमये** '**मङ्गलपूर्वा**' नमस्कारपूर्वेति गाथार्थः ॥ ११३३ ॥

વિધિપૂર્વક ચૈત્યવંદન કરવું, પછી વર્ધમાન સ્તુતિ બોલવી, પછી શાસનદેવતાની આરાધના

૧. કાઉંસમાં જે ભાવાર્થ લખ્યો છે તે માટે ટીકામાં કોઈ સ્પષ્ટ ઉલ્લેખ નથી. પણ આઠમા પંચાશકની સાતમી, આઠમી અને નવમી ગાથાનો સંબંધ જોવાથી મને જે ભાવ જણાયો છે તે ભાવ અહીં કાઉંસમાં આપ્યો છે. આમાં મારી ગેરસમજ થતી હોય તો વાચકો મને જણાવે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નિમિત્તે એકાગ્રચિત્તે કાઉસ્સગ્ગ કરવો, કાઉસ્સગ્ગમાં લોગસ્સનું ચિંતન કરવું, પછી જાઈના પુષ્પો વગેરેથી પૂજા કરવી, પછી મુહૂર્તનો સમય થતાં નમસ્કારમંત્ર બોલવાપૂર્વક જિનબિંબની પ્રતિષ્ઠા [1]કરવી. [૧૧૩૩]

**सत्तीएँ संघपूआ, विसेसपूआउ बहुगुणा एसा ।**
**जं एस सुए भणिओ, तित्थयराणंतरो संघो ॥ ११३४ ॥**

**वृत्तिः**- **'शक्त्या सङ्घपूजा'** विभवोचितया, किमित्यत आह- **'विशेषपूजायाः'**- दिगादिगतायाः सकाशाद् **'बहुगुणा 'एषा'** सङ्घपूजा, विषयमहत्त्वाद्, एतदाह-**'यदेष श्रुते भणितः'**-आगम उक्तः **'तीर्थकरानन्तरः सङ्घ'** इत्यतो महानेष इति गाथार्थः ॥ ११३४ ॥

**(સંઘપૂજા અને સંઘની મહત્તા જણાવે છે—)**

પ્રતિષ્ઠા થયા પછી વૈભવ પ્રમાણે ચતુર્વિધસંઘનું પૂજન કરવું. કારણ કે ધર્માચાર્ય આદિની પૂજાથી સંઘપૂજા અધિક ફળવાળી છે. કારણ કે ધર્માચાર્ય આદિથી સંઘનો વિષય મહાન છે. (સંઘમાં સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચારેનો સમાવેશ છે, જ્યારે ધર્માચાર્ય વગેરે સંઘના એક ભાગરૂપ છે.) **આ જ વિષયને ગ્રંથકાર કહે છે-** કારણ કે શાસ્ત્રમાં કહ્યું છે કે તીર્થંકર પછી પૂજ્ય તરીકે સંઘનું સ્થાન છે, અર્થાત્ પહેલા નંબરે તીર્થંકર અને બીજા નંબરે સંઘ પૂજ્ય છે, ત્યારબાદ ધર્માચાર્ય આદિ પૂજ્ય [2]છે. [૧૧૩૪]

एतदेवाह-

**गुणसमुदाओ संघो, पवयण तित्थंति होंति एगट्ठा ।**
**तित्थयरोऽविअ एअं, णमए गुरुभावओ चेव ॥ ११३५ ॥**

**वृत्तिः**- **'गुणसमुदायः सङ्घः'** अनेकप्राणिस्थसम्यग्दर्शनाद्यात्मकत्वात्, **'प्रवचनं तीर्थमि'**ति **'भवन्त्येकार्थिकाः'** एवमादयोऽस्य शब्दा इति, **'तीर्थकरोऽपि चैनं'**-सङ्घं तीर्थसंज्ञिनं **'नमति'** धर्म्मकथादौ **'गुरुभावत एव'**, 'नमस्तीर्थाये'ति वचनादेतदेवमिति गाथार्थः ॥ ११३५ ॥

**આ (= સંઘ પૂજ્ય છે એ) જ વિષયને કહે છે—**

ગુણોનો સમૂહ સંઘ છે. કારણ કે સંઘ અનેક જીવોમાં રહેલા સમ્યગ્દર્શનાદિ રૂપ છે. પ્રવચન અને તીર્થ એ બે શબ્દો એકાર્થક છે, અર્થાત્ પ્રવચન, તીર્થ વગેરે શબ્દો સંઘવાચક છે. તીર્થંકર પણ દેશના પહેલા સંઘ (ગુણ સ્વરૂપ હોવાથી) [3]મહાન છે એવા ભાવથી જ "નમસ્તીર્થાય = તીર્થને નમસ્કાર હો" એમ કહીને તીર્થનામવાળા સંઘને નમસ્કાર કરે છે. [૧૧૩૫]

---

૧. અહીં પ્રતિષ્ઠાનો વિધિ સંક્ષેપથી જણાવ્યો છે. આઠમા પંચાશકમાં વિસ્તારથી જણાવ્યો છે.
૨. ૧૧૩૪થી ૧૧૩૮ સુધીની ગાથાઓ આઠમા પંચાશકમાં છે. ત્યાં સંઘપૂજાનું વર્ણન વિસ્તારથી છે.
૩. गुरुभावतः = गुरुत्वं गुणात्मकत्वादित्येवंरूपो यो भावोऽध्यवसायः स गुरुभावस्तस्मात्, अथवा गुरुभावतो गुरुत्वाद् गौरवार्हत्वात् । પંચાશક ૮ ગા. ૩૯ની ટીકા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

अत्रैवोपपत्त्यन्तरमाह-

**तप्पुव्विआ अरहया, पूइअपूआ य विणयकम्मं च ।**

**कयकिच्चोऽवि जह कहं, कहेइ णमए तहा तित्थं ॥ ११३६ ॥**

**वृत्तिः**- '**तत्पूर्विका**' तीर्थपूर्विका '**अर्हत्ता**', तदुक्तानुष्ठानफलत्वात्, '**पूजितपूजा चे**'ति भगवता पूजितस्य पूजा भवति, पूजितपूजकत्वाल्लोकस्य, '**विनयकर्म्म च**' कृतज्ञताधर्म्मगर्भं कृतं भवति, यद्वा किमन्येन ?, '**कृतकृत्योऽपि**' स भगवान् '**यथा कथां कथयति**' धर्म्मसम्बद्धां '**नमति तथा तीर्थं**' तीर्थकरनामकर्मोदयादेवौचित्यप्रवृत्तेरिति गाथार्थः ॥ ११३६ ॥

અહીં (તીર્થંકર સંઘને પ્રણામ કરે છે એ વિષે) જ અન્ય કારણો કહે છે–

(૧) તીર્થંકરપણું તીર્થપૂર્વક છે, અર્થાત્ તીર્થંકરપણાની પ્રાપ્તિમાં તીર્થ નિમિત્ત છે. કારણ કે તીર્થંકરપણું તીર્થમાં કહેલાં અનુષ્ઠાનોનું (= અનુષ્ઠાનોના આચરણનું) ફલ છે. (૨) લોક (મોટા માણસોથી) પૂજાયેલાની પૂજા કરનારો છે. આથી તીર્થંકર તીર્થની પૂજા કરે એટલે "તીર્થંકરે પણ સંઘની પૂજા કરી છે." એમ વિચારીને લોક પણ તેની પૂજા કરે. (૩) તીર્થનમસ્કારથી કૃતજ્ઞતાધર્મથી ઉત્પન્ન થનારા વિનયનું પાલન થાય છે. (૪) અથવા બીજા કારણોથી શું ? તીર્થંકર કૃતકૃત્ય હોવા છતાં જેમ ધર્મદેશના આપે છે, તેમ તીર્થને=સંઘને નમસ્કાર પણ કરે છે. કારણ કે તીર્થંકરો (કૃતકૃત્ય હોવા છતાં) તીર્થંકર નામકર્મના ઉદયથી જ ઉચિત પ્રવૃત્તિ કરનારા હોય છે. (અર્થાત્ તીર્થંકર નામકર્મના ઉદયથી તીર્થંકર ઉચિત પ્રવૃત્તિ કરે છે અને એથી તીર્થને નમસ્કાર કરે છે. તીર્થ નમસ્કાર ઉક્ત ત્રણ કારણોથી ઉચિત પ્રવૃત્તિ છે. તીર્થ નમસ્કારમાં મુખ્ય કારણ તીર્થંકર નામકર્મ છે, અને અવાંતર કારણ આ ગાથામાં કહેલ तप्पुविया अरिहया વગેરે ત્રણ છે.) [૧૧૩૬]

**एअम्मि पूइअम्मी, णत्थि तयं जं न पूइअं होइ ।**

**भुवणेऽवि पूयणिज्जं, न गुणट्ठाणं तओ अण्णं ॥ ११३७ ॥**

**वृत्तिः**- '**एतस्मिन्**' सङ्घे '**पूजिते नास्ति 'तद्**' वस्तु '**यत् न 'पूजितम्**' अभिनन्दितं '**भवति**', किमित्यत आह- '**भुवनेऽपि**' सर्वत्र '**पूज्यं**' पूजनीयं '**न गुणस्थानं**' कल्याणतः '**ततः**' सङ्घा**दन्यदि**'ति गाथार्थः ॥ ११३७ ॥

**(સંઘપૂજાથી સર્વપૂજ્યોની પૂજા થઈ જાય છે–)**

સંઘની પૂજા થઈ એટલે જગતમાં એવું કોઈ પૂજ્ય નથી કે જેની પૂજા ન થઈ હોય, અર્થાત્ સંઘની પૂજા કરવાથી જગતમાં જે કોઈ પૂજ્ય છે તે સર્વની પૂજા થઈ જાય છે. કારણ કે સમસ્ત લોકમાં સંઘ સિવાય બીજો કોઈ ગુણી આત્મકલ્યાણની અપેક્ષાએ પૂજ્ય નથી. [૧૧૩૭]

**तप्पूआपरिणामो, हंदि महाविसयमो मुणेअव्वो ।**

**तद्देसपूअओऽवि हु, देवयपूआइणाएणं ॥ ११३८ ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः-** **'तत्पूजापरिणामः'** सङ्घपूजापरिणामः **'हन्दि महाविषय'** एव **'मन्तव्यः'** सङ्घस्य महत्त्वात्, **'तद्देशपूजातोऽपि'** एकत्वेन सर्वपूजाऽभावे, **'देवतापूजादिज्ञातेन'** देवता-देशपादादिपूजोदाहरणेनेति गाथार्थः ॥ ११३८ ॥

**(સંઘના એક દેશની પૂજાથી સંપૂર્ણ સંઘની પૂજા થઈ જાય છે–)**

**પ્રશ્ન-** ચતુર્વિધ સંઘ તો સકલ મનુષ્યલોકમાં (૧૫ કર્મભૂમિમાં) રહેલો છે. તો તે સમસ્ત સંઘની પૂજા શી રીતે થઈ શકે ?

**ઉત્તર-** સંઘના એક દેશની પૂજા કરવા છતાં "હું સંઘની પૂજા કરું છું" એવા પૂજાના પરિણામ સંપૂર્ણ સંઘસંબંધી છે, અર્થાત્ ભાવ સંપૂર્ણ સંઘની પૂજા કરવાના છે. આથી સંઘના એક દેશની પૂજાથી સકલ સંઘની પૂજા થાય છે. દેવના કે રાજાના મસ્તક કે પગ વગેરે કોઈ એક અંગની પૂજા કરવા છતાં દેવની કે રાજાની પૂજા કરવાના પરિણામ હોવાથી દેવની કે રાજાની પૂર્ણ પૂજા થાય [2]છે. [૧૧૩૮]

विधिशेषमाह-

**तत्तो अ पइदिणं सो, करिज्ज पूअं जिणिंदठवणाए ।**
**विहवाणुसारगुरुई, काले निअयं विहाणेणं ॥ ११३९ ॥**

**वृत्तिः-** **'ततश्च'** प्रतिष्ठानन्तरं **'प्रतिदिनमसौ'**-श्रावकः **'कुर्यात्'** **'पूजाम्'** अभ्यर्चनरूपां **'जिनेन्द्रस्थापनायाः'**-प्रतिमाया इत्यर्थः, **'विभवानुसारगुर्वीम्'** उचितवित्तत्यागेन **'काले'** उचित एव **'नियतां'** भोजनादिवद्, **'विधानेन'** शुचित्वादिनेति गाथार्थः ॥ ११३९ ॥

**બાકીનો વિધિ કહે છે–**

પ્રતિષ્ઠા થયા બાદ શ્રાવકે જિન પ્રતિમાની પૂજા ૧ દરરોજ, ૨ પોતાના વૈભવ પ્રમાણે એટલે કે ઉચિત ધનવ્યય કરીને ઉત્તમ, ૩ યોગ્ય કાલે, ૪ ભોજન વગેરેની જેમ નિયમિત રીતે અને ૫ શરીરશુચિ આદિ સાચવીને વિધિપૂર્વક કરવી. [૧૧૩૯]

एतदेवाह-

**जिणपूआएँ विहाणं, सुईभूओ तीइ चेव उवउत्तो ।**
**अण्णंगमच्छिवंतो, करेइ जं पवरवत्थूहिं ॥ ११४० ॥**

**वृत्तिः-** **'जिनपूजाया विधानमे'**तत्- **'शुचीभूतः'** सन् स्नानादिना **'तस्यामेव'** पूजायां **मुपयुक्तः'**- प्रणिधानवान् **'अन्यदङ्गं'**-शिरःप्रभृ**त्यस्पृशन् करोति यां'** पूजां **'प्रवरवस्तुभिः'**-सुगन्धिपुष्पादिभिरिति गाथार्थः ॥ ११४० ॥

---

૧. ટીકામાં एकत्वेन सर्वपूजाऽभावे એ પદોનો અર્થ આ પ્રમાણે છે- સમસ્ત સંઘ એક હોવાથી સંપૂર્ણ સંઘની પૂજાના અભાવમાં.
૨. આથી જ દેવના કે રાજાના એક અંગની પૂજા કરી એમ નથી કહેવાતું, કિંતુ દેવની કે રાજાની પૂજા કરી એમ કહેવાય છે. તે પ્રમાણે શક્તિ મુજબ કોઈ એક ગામના ચતુર્વિધ સંઘની, સાધુ-સાધ્વીની કે છેવટ શ્રાવક વગેરે એકાદ વ્યક્તિની પણ પૂજા કરવાથી સકલ સંઘની પૂજા થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ (= વિધિ) જ કહે છે–

જિનપૂજાનો વિધિ એ છે કે- સ્નાનાદિથી પવિત્ર થઈને, શરીરના મસ્તક વગેરે અંગોનો સ્પર્શ કર્યા વિના, સુગંધિ પુષ્પો આદિ ઉત્તમ વસ્તુઓથી (પુષ્પપૂજા વગેરે) જે પૂજા કરે તે પૂજામાં જ એકાગ્ર બને. [૧૧૪૦]

अत्रैव विधिशेषमाह–

**सुहगंधधूवपाणिअसव्वोसहिमाइएहिँ ता णवरं ।**

**कुंकुमगाइविलेवणमइसुरहिं मणहरं मल्लं ॥ ११४१ ॥**

**वृत्तिः**– '**शुभगन्धधूपपानीयसर्वौषध्यादिभिस्तावत्**' स्नपनं प्रथममेव, भूयः '**कुङ्कुमादिविलेपनं**', तद**न्वतिसुरभि**'गन्धेन '**मनोहारि**' दर्शनेन '**माल्यमि**'ति गाथार्थः ॥ ११४१ ॥

**विविहणिवेअणमारत्तिगाइ धूवथयवंदणं विहिणा ।**

**जहसत्ति गीअवाइअणच्चणदाणाइअं चेव ॥ ११४२ ॥**

**वृत्तिः**– '**विविधं निवेदनमि**'ति-चित्रं निवेद्यम्, '**आरत्रिकादि**', तदनु '**धूपः**', तथा '**स्तवः**', तदनु '**वन्दनं**, '**विधिना**' विश्रब्धादिना, तथा '**यथाशक्ति सङ्गीतवादित्रनर्त्तनदानादि चैव**', आदिशब्दादुचितस्मरणमिति गाथार्थः ॥ ११४२ ॥

અહીં (પૂજાવિધિમાં) જ બાકીનો વિધિ કહે છે–

પહેલાં તો સુગંધિધૂપથી ધૂપિત અને સર્વ ઔષધિ વગેરેથી મિશ્રિત પાણીથી પ્રતિમાજીને સ્નાન કરાવવું. પછી કેશર વગેરેથી વિલેપન (તથા નવ અંગે પૂજન) કરવું, પછી અતિસુગંધિ અને દેખાવમાં મનોહર હોય તેવી માળાઓ પહેરાવવી, પછી વિવિધ નૈવેદ્ય ધરવાં, પછી આરતિ વગેરે કરવું, પછી ધૂપ કરવો, પછી પ્રભુની સ્તુતિ કરવી, પછી શાંતિથી (= નિરાંતે) કરવું વગેરે વિધિથી ચૈત્યવંદન કરવું, તથા યથાશક્તિ સંગીત, વાજિંત્ર, નૃત્ય, દાન વગેરે કરવું. ગાથામાં રહેલા આદિ શબ્દથી મનમાં ઉચિત સ્મરણ કરવું. (જેમકે અવસ્થાઓનું ચિંતન કરવું.) [૧૧૪૧-૧૧૪૨]

**विहिआणुट्ठाणमिणंति एवमेअं सया करिंताणं ।**

**होइ चरणस्स हेऊ, णो इहलोगादविक्खाए ॥ ११४३ ॥**

**वृत्तिः**– '**विहितानुष्ठानमिदमित्येवं**' च चेतस्याधाय एतत् '**सदा कुर्वतां भवति चरणस्य हेतु**'रेतदेव, '**नेहलोकाद्यपेक्षया**', आदिशब्दात्कीर्त्यादिपरिग्रह इति गाथार्थः ॥ ११४३ ॥

આ "વિહિત અનુષ્ઠાન છે = આપ્તપ્રણીત શાસ્ત્રમાં કહેલ અનુષ્ઠાન છે" એવા ભાવથી સદા જિનભવન આદિ અનુષ્ઠાન કરનારાઓને એ અનુષ્ઠાન ચારિત્રનું કારણ બને છે. પણ આલોકનું સુખ, કીર્તિ વગેરે મેળવવાની ઈચ્છાથી કરવામાં આવે તો એ અનુષ્ઠાન ચારિત્રનું કારણ ન બને. (કારણ કે નિદાનથી તે દૂષિત બની જાય છે.) [૧૧૪૩]

JAINSITE.com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**एवं चिअ भावथए, आणाआराहणाउ राओऽवि ।**

**जं पुण इअविवरीअं, तं दव्वथओऽवि णो होइ ॥ ११४४ ॥**

**वृत्तिः-** '**एवमेव**' अनेनैव विधिना कुर्वतामेतद् '**भावस्तवे**'-वक्ष्यमाणलक्षणे '**आज्ञाऽऽराधनात्**' कारणाद् '**रागोऽपि**', तद्रागाच्च द्रव्यस्तवत्वं, '**यत्पुन**'र्जिनभवनकारणादि '**एवंविपरीतं**' याद्दच्छिकं '**तद् द्रव्यस्तवोऽपि न भवति**', उत्सूत्रत्वादिति गाथार्थः ॥ ११४४ ॥

આ (= અહીં જણાવેલ) જ વિધિથી જિનભવન આદિ અનુષ્ઠાનો કરનારાઓને જેનું લક્ષણ હવે કહેવામાં આવશે તે ભાવસ્તવમાં રાગ (= બહુમાન) પણ થાય છે. કારણ કે તેમાં જિનાજ્ઞાની આરાધના થાય છે. ભાવસ્તવમાં રાગ થવાથી જિનભવનાદિ અનુષ્ઠાનો દ્રવ્યસ્તવ બને છે. પણ જે જિનભવનાદિ અનુષ્ઠાનો (જિનાજ્ઞાથી ઉપેક્ષા કરીને) સ્વચ્છંદપણે કરવામાં આવે છે તે અનુષ્ઠાનો દ્રવ્યસ્તવ પણ બનતાં નથી. કારણ કે તેમાં જિનાજ્ઞાનું ઉલ્લંઘન છે. [૧૧૪૪]

अभ्युपगमे दोषमाह-

**भावे अइप्पसंगो, आणाविवरीएमेव जं किंचि ।**

**इह चित्ताणुट्ठाणं, तं दव्वथओ भवे सव्वं ॥ ११४५ ॥**

**वृत्तिः-** '**भावे**' द्रव्यस्तवभावे च तस्य '**अतिप्रसङ्गः**' अतिव्याप्तिः, कथमित्याह-'**आज्ञा-विपरीते**' आगमविपरीतमेव '**यत्किञ्चिदिह**'-लोके '**चित्रानुष्ठाने**' गृहकरणादि '**तद् द्रव्यस्तवो**' यथोक्तलक्षणः '**भवेत् सर्वं**', निमित्ताविशेषादिति गाथार्थः ॥ ११४५ ॥

जैन साईट JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

**સ્વચ્છંદપણે થતાં અનુષ્ઠાનોને દ્રવ્યસ્તવ તરીકે સ્વીકારવામાં દોષ કહે છે-**

(જિનાજ્ઞાની ઉપેક્ષા કરીને) સ્વચ્છંદપણે થતાં અનુષ્ઠાનો દ્રવ્યસ્તવ હોય તો[2]અતિવ્યાપ્તિ થાય. **કેવી રીતે અતિવ્યાપ્તિ થાય એ કહે છે-** આગમથી વિપરીતપણે થતાં અનુષ્ઠાનો દ્રવ્યસ્તવ હોય તો લોકમાં આગમથી વિપરીતપણે ઘર બનાવવું વગેરે (હિંસાદિ પાપની પણ) જે કોઈ જુદી જુદી ક્રિયા થાય તે બધી દ્રવ્યસ્તવ બને. કારણ કે આગમથી વિપરીત થતી ધાર્મિક અને લૌકિક ક્રિયાઓના નિમિત્તમાં કોઈ વિશેષતા = ભેદ નથી. [૧૧૪૫]

**जं वीअरागगामी, अह तं णणु सिट्ठणाइवि स एव ।**

**सिअ उचिअमेव जं तं, आणाआराहणा एवं ॥ ११४६ ॥**

**वृत्तिः-** 'यद् **वीतरागगाम्य**'नुष्ठानं '**अथ तद्**' द्रव्यस्व इति, अत्राह-'**ननु शिष्टनाद्यपि**' आक्रोशनाद्यपि वीतरागगामि '**सद्**' द्रव्यस्तव '**एव**', निमित्ताविशेषादिति भावः, '**स्यात्-उचितमेव यद्**' वीतराग-गाम्यनुष्ठानं '**तद्**' द्रव्यस्व इति, अत्राह- '**आज्ञाराधनं**' '**एवं**' तदुचितान्वेषणप्रवृत्त्येति गाथार्थः ॥ ११४६ ॥

१. ११४३ थी ११५६ સુધીની ગાથાઓ છઠ્ઠા પંચાશકમાં ચોથી ગાથાથી આરંભી ૨૩મી ગાથા સુધીની ગાથાઓમાં છે.

२. અતિવ્યાપ્તિ એટલે અલક્ષ્યમાં લક્ષણનું જવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પૂર્વપક્ષ**- જે જિનસંબંધી અનુષ્ઠાન હોય તે આજ્ઞાથી વિપરીત હોય તો પણ દ્રવ્યસ્તવ છે, એમ માનવાથી અતિ પ્રસંગ નહિ આવે, અર્થાત્ હિંસાદિ પાપની ક્રિયા દ્રવ્યસ્તવ નહિ બને. કારણ કે તે જિનસંબંધી નથી.

**ઉત્તરપક્ષ**- એમ માનવામાં તો જિન પ્રત્યે આક્રોશ કરવો વગેરે નિંદ્યક્રિયા પણ દ્રવ્યસ્તવ બનશે. કારણ કે તે જિનસંબંધી છે.

**પૂર્વપક્ષ**- આજ્ઞાવિપરીત પણ જિનસંબંધી અનુષ્ઠાન જો ઉચિત હોય તો જ દ્રવ્યસ્તવ છે, અર્થાત્ આજ્ઞાવિપરીત પણ જિનસંબંધી ઉચિત જ અનુષ્ઠાન દ્રવ્યસ્તવ છે. આથી જિન પ્રત્યે આક્રોશ કરવો વગેરે નિંદ્યક્રિયા દ્રવ્યસ્તવ નહિ બને. કારણ કે તે ઉચિત નથી.

**ઉત્તરપક્ષ**- આમ માનવાથી જિનસંબંધી ઉચિત શું છે? એની તપાસ કરવાની પ્રવૃત્તિ થવાથી તે આજ્ઞાની આરાધના જ છે-આપ્તના ઉપદેશનું પાલન જ છે. કારણ કે ઉચિત ક્રિયા આપ્તની આજ્ઞાના પાલનરૂપ છે. આપ્તની આજ્ઞાથી વિરુદ્ધ હોય તે ઉચિત ક્રિયા હોઈ શકે નહિ, અને જે ક્રિયા ઉચિત હોય તે આપ્તની આજ્ઞાથી વિરુદ્ધ હોઈ શકે નહિ. [૧૧૪૬]

भावार्थदर्शनेन प्रकृतयोजनामाह-

**जं पुण एअविउत्तं, एगंतेणेव भावसुण्णंति ।**

**तं विसअंमिवि ण तओ, भावथयाहेउओ निअमा ( उचिओ ) ॥ ११४७ ॥**

**वृत्तिः**- '**यत्पुन**'रनुष्ठानं '**एतद्वियुक्तम्**' औचित्यान्वेषणादिशून्यं '**एकान्तेनैव भावशून्यमित्या**'ज्ञा-निरपेक्षतया '**तद्**' अनुष्ठानं '**विषयेऽपि**' वीतरागादौ '**न तक**' इति न द्रव्यस्तवः कुत इत्याह-'**भावस्तवाहेतुत्वात्**' भावस्तवस्याकारणत्वेन, '**उचित**' इति यथाभूतो भावस्तवाङ्गं न, अप्रधानस्तु भवतीति गाथार्थः ॥ ११४७ ॥

**ભાવાર્થ બતાવવા પૂર્વક પ્રસ્તુતમાં યોજના કરે છે-**

જે અનુષ્ઠાન ઔચિત્યથી રહિત છે=ઉચિત શું છે? એવી વિચારણાથી રહિત છે અને સર્વથા જ ભાવથી (= બહુમાનથી) શૂન્ય છે તે અનુષ્ઠાન આજ્ઞાનિરપેક્ષ હોવાથી વીતરાગ વગેરે સંબંધી હોય તો પણ દ્રવ્યસ્તવ બનતું નથી. કારણ કે તેવું અનુષ્ઠાન ભાવસ્તવનું કારણ બનતું નથી. તેવું અનુષ્ઠાન ઉચિત દ્રવ્યસ્તવ નથી, એટલે કે ભાવસ્તવનું કારણ બને તેવું (**यथाभूतः** =) [1]પ્રધાનદ્રવ્યસ્તવ નથી, પણ અપ્રધાનદ્રવ્યસ્તવ છે. (દ્રવ્યસ્તવના પ્રધાન અને અપ્રધાન એવા બે ભેદ છે. જે અનુષ્ઠાન ભાવસ્તવનું કારણ બને તે પ્રધાનદ્રવ્યસ્તવ છે, અને જે અનુષ્ઠાન ભાવસ્તવનું કારણ ન બને તે અપ્રધાનદ્રવ્યસ્તવ છે. અહીં "દ્રવ્યસ્તવ બનતું નથી" એમ જે કહ્યું છે તેનો અર્થ "પ્રધાનદ્રવ્યસ્તવ બનતું નથી" એવો છે.) [૧૧૪૭]

૧. યથાભૂત એટલે વાસ્તવિક. જે ભાવસ્તવનું કારણ બને તે વાસ્તવિક છે. પ્રધાન દ્રવ્યસ્તવ ભાવસ્તવનું કારણ બને છે. આથી વાસ્તવિક શબ્દનો તાત્પર્યાર્થ પ્રધાન દ્રવ્યસ્તવ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**भोगाइफलविसेसो, उ अत्थि एत्तोऽवि विसयभेएणं ।**
**तुच्छो अ तओ जम्हा, हवइ पगारंतरेणावि ॥ ११४८ ॥**

**वृत्तिः**- '**भोगादिफलविशेषस्तु**' सांसारिक एव '**अस्त्यतोऽपि**'-द्रव्यस्तवात् सकाशाद् '**विषयभेदेन**' स्तूयमानविशेषेण; '**तुच्छस्त्वसौ**'-भोगादिफलविशेषः, '**कस्माद् ?, भवति प्रकारान्तरेणापि**' अकाम-निर्जरादिना यत इति गाथार्थः ॥ ११४८ ॥

(અપ્રધાન દ્રવ્યસ્તવથી ફળ બહુ અલ્પ મળે છે–)

મનોહર વિષયો વગેરે ફળ સાંસારિક છે અને તે ફળ તો અપ્રધાન દ્રવ્યસ્તવથી પણ મળે છે.

**પ્રશ્ન**- અપ્રધાન દ્રવ્યસ્તવ આમ આજ્ઞાથી બાહ્ય હોવા છતાં તેનાથી મનોહર વિષયાદિ ફળ કેમ મળે છે ?

**ઉત્તર**- (विसयभेदेन =) વિષયવિશેષથી તે ફળ મળે છે. દ્રવ્યસ્તવનો વિષય વીતરાગ ભગવાન છે. આથી દ્રવ્યસ્તવનો વિષય પ્રધાન છે. વીતરાગ ભગવાન સંબંધી કોઈ પણ અનુષ્ઠાન આજ્ઞાબાહ્ય હોય તો પણ સાવ નિષ્ફળ તો ન જ બને. અપ્રધાન દ્રવ્યસ્તવ વીતરાગ ભગવાન સંબંધી હોવાથી આજ્ઞાબાહ્ય હોવા છતાં તેનાથી મનોહર વિષયો વગેરે ફળ મળે છે. પણ તે ફળ તુચ્છ-અલ્પ છે. કારણ કે તે ફળ તો પ્રકારાંતરથી=દ્રવ્યસ્તવ સિવાય અકામનિર્જરા વગેરેથી પણ મળે છે. (જે બીજાં કારણોથી મળતું હોય તે જ જો વીતરાગ સંબંધી અનુષ્ઠાનથી પણ મળતું હોય તો એમાં વીતરાગ સંબંધી અનુષ્ઠાનની વિશેષતા શી ? વીતરાગસંબંધી અનુષ્ઠાનની વિશેષતા તો જ કહેવાય કે જો જે બીજાથી ન મળે તે મળતું હોય. એટલે અપ્રધાન દ્રવ્યસ્તવથી મનોહર વિષયો વગેરે ફળ મળે છે એમાં કોઈ વિશેષતા નથી. વિશેષતા નથી એટલુંજ નહિ, બલ્કે અપેક્ષાએ ન્યૂનતા છે. કારણ કે જેનાથી મોક્ષફળ મળી શકે તેનાથી માત્ર ભોગ ફળ જ મળે છે. જેમાંથી દારિદ્ર્યને દૂર કરનાર મણિ મળતા હોય તેવા સમુદ્રમાંથી માત્ર કાચનો ટુકડો મળે તો શું એ ન્યૂનતા ન કહેવાય ? કાચના ટુકડાની પ્રાપ્તિને સમુદ્રનું ફળ કહેવાય ? ન કહેવાય. જે પેઢીથી દરરોજ હજારોની આવક થઈ શકે તેમ હોય તે પેઢીથી માત્ર આજીવિકા ચાલે તેટલું જ રળે તો તે ન્યૂનતા ન કહેવાય ? આને શું કમાણી કહેવાય ? ન કહેવાય. તેમ મોક્ષ આપનાર વીતરાગ ભગવાન સંબંધી અનુષ્ઠાનથી માત્ર ભોગફળ જ મળે તો શું તેને વાસ્તવિક ફળ કહેવાય ? અવિવેકીઓને ભલે તે ફળ તરીકે દેખાય, પણ વિવેકીઓને તો તે વાસ્તવિક ફળ તરીકે દેખાય નહિ.) [૧૧૪૮]

**उचियाणुट्ठाणाओ, विचित्तजइजोगतुल्लमो एस ।**
**जं ता कह दव्वथओ ?, तद्दारेणऽप्पभावाओ ॥ ११४९ ॥**

**वृत्तिः**- '**अथोचितानुष्ठानकारणाद्विचित्रयतियोग्यतुल्य एवैषः**' विहितत्वात्, यद्-यस्मात् '**तत्**' तस्मात् **कथं द्रव्यस्तवः ?**', भावस्तव एवास्तु, अत्रोत्तरं-'**तद्द्वारेण**'-द्रव्यद्वारे'**णाल्पभावा**'त्स्तोकभावोपपत्तेरिति गाथार्थः ॥ ११४९ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(પ્રધાન દ્રવ્યસ્તવમાં દ્રવ્યપણાની સિદ્ધિ–)

પ્રશ્ન- ભાવસ્તવનું કારણ બનનારાં જિનભવનાદિ અનુષ્ઠાનો દ્રવ્યસ્તવ છે એ વાત મગજમાં ઠસી ગઈ. હવે ભાવસ્તવનું કારણ બનનારાં જિનભવનાદિ અનુષ્ઠાનો દ્રવ્યસ્તવ કેમ ? ભાવસ્તવ કેમ નહિ ? એ પ્રશ્ન થાય છે. કારણ કે સાધુઓના ગ્લાનસેવા, સ્વાધ્યાય વગેરે યોગો ભાવસ્તવ છે અને ભાવસ્તવના કારણ રૂપ બનનારાં જિનભવનાદિ અનુષ્ઠાનો પણ આપ્તકથિત હોવાના કારણે વિહિત ક્રિયારૂપ હોવાથી સાધુના યોગો જેવા જ છે. અર્થાત્ જેમ સાધુના યોગો આપ્તકથિત હોવાના કારણે વિહિત ક્રિયારૂપ હોવાથી શુભ છે, તેમ જિનભવનાદિ અનુષ્ઠાનો પણ આપ્તકથિત હોવાના કારણે વિહિતક્રિયા રૂપ હોવાથી શુભ છે. સાધુના યોગોની જેમ જિનભવનાદિ અનુષ્ઠાનો શુભ હોવાથી દ્રવ્યસ્તવ કેવી રીતે ? અર્થાત્ ભાવસ્તવ કેમ નહિ ?

ઉત્તર- સાધુના સ્વાધ્યાયાદિ યોગોથી થતા શુભ અધ્યવસાયની અપેક્ષાએ જિનભવનનિર્માણ વગેરે વિહિત અનુષ્ઠાનોથી શુભાધ્યવસાય અલ્પ થતો હોવાથી તે [1]દ્રવ્યસ્તવ છે. [૧૧૪૯]

एतदेव स्पष्टयति–

**जिणभवणाइविहाणद्दारेणं एस होइ सुहजोगो ।**
**उचियाणुट्ठाणं चिअ, तुच्छो जइजोगओ णवरं ॥ ११५० ॥**

**वृत्तिः-** '**जिनभवनादिविधानद्वारेण**'-द्रव्यानुष्ठानलक्षणेन '**एष भवति** '**शुभयोगः**' शुभव्यापारः, ततं **श्चोचितानुष्ठानमपि**' च सन्नेष '**तुच्छो यतियोगतः**' सकाशात् '**नवरमिति**' गाथार्थः ॥ ११५० ॥

जैनम् जयति शासनम्

આ જ વિષયને સ્પષ્ટ કરે છે–

યદ્યપિ જિનભવનનિર્માણ આદિ દ્વારા થતો દ્રવ્યસ્તવ સાધુના યોગોની જેમ શુભ વ્યાપાર છે અને આપ્ત કથિત હોવાના કારણે ઉચિત અનુષ્ઠાન રૂપ પણ છે, તો પણ સાધુના યોગોની અપેક્ષાએ તુચ્છ-અસાર છે. [૧૧૫૦]

तथा चाह–

**सव्वत्थ णिरभिसंगत्तणेण जइजोगमो महं होइ ।**
**एसो उ अभिस्संगा, कत्थऽवि तुच्छेऽवि तुच्छो उ ॥ ११५१ ॥**

**वृत्तिः-** '**सर्वत्र निरभिष्वङ्गत्वेन**' हेतुना '**यतियोग**' एव '**महान् भवति**' अतः सकाशाद्, '**एष** तु'द्रव्यस्तवो' **ऽभिष्वङ्गात्**' कारणात्'**क्वचित्तुच्छेऽपि**' वस्तुनि'**तुच्छएव**' भवतीति गाथार्थः ॥ ११५१॥

ભાવસ્તવની અપેક્ષાએ દ્રવ્યસ્તવની અસારતાનું કારણ કહે છે–

સાધુ દ્રવ્ય, ક્ષેત્ર આદિ બધામાં આસક્તિરહિત હોવાથી તેના યોગો દ્રવ્યસ્તવની અપેક્ષાએ મહાન-ઉત્તમ છે. દ્રવ્યસ્તવ કરનારાઓ અસાર પણ શરીર, સ્ત્રી, સંતાન, ઘર, મિત્ર આદિ ઉપર આસક્તિવાળા હોવાથી તેમનો દ્રવ્યસ્તવ સાધુના યોગોની અપેક્ષાએ અસાર જ છે. [૧૧૫૧]

---

૧. औचित्यप्रवृत्तिरूपत्वेऽप्यल्पभावत्वाद् द्रव्यस्तवः (લલિતવિસ્તરા અરિહંત ચેઈઆણં સૂત્રની વૃત્તિ.)

जम्हा उ अभिस्संगो, जीवं दूसेइ नियमओ चेव ।

तद्दूसिअस्स जोगो, विसघारिअजोगतुल्लोत्ति ॥ ११५२ ॥

**वृत्तिः**- '**यस्मात्त्वभिष्वङ्गः**' प्रकृत्यैव '**जीवं दूषयति नियमत एव**', तथाऽनुभूतेः, '**तथा दूषितस्य योगः**' सर्व एव तत्त्वतः '**विषघारितयोगतुल्यो**'ऽशुद्ध इति गाथार्थः ॥ ११५२ ॥

(આસક્તિના કારણે દ્રવ્યસ્તવ અસાર કેમ છે તેનું સ્પષ્ટીકરણ કરે છે–)

કારણ કે આસક્તિ પોતાના તેવા સ્વભાવથી જ (સ્ફટિક જેવા નિર્મલ પણ) જીવને અવશ્ય મલિન બનાવે છે. કારણ કે તેવો અનુભવ થાય છે. આસક્તિરૂપ મલથી મલિન બનેલા જીવનો સઘળોય વ્યાપાર ઝેરથી વ્યાપ્ત પુરુષના વ્યાપાર સમાન હોય છે, અર્થાત્ જેમ ઝેરથી વ્યાપ્ત પુરુષમાં ચેતના-શુદ્ધિ અસ્પષ્ટ હોવાથી તેનો વ્યાપાર અલ્પ શુદ્ધ હોય છે, તેમ આસક્તિવાળા જીવનો શુભ વ્યાપાર પણ અલ્પ શુદ્ધ હોય છે. [૧૧૫૨]

जइणो अदूसिअस्सा, हेआओ सव्वहा णिअत्तस्स ।

सुद्धो अ उवादेए, अकलंको सव्वहा सो उ ॥ ११५३ ॥

**वृत्तिः**- '**यतेरदूषितस्य**', सामायिकभावेन, '**हेयात् सर्वथा निवृत्तस्य**', तत्स्वभावतया, '**शुद्धश्च उपादेये**' वस्तुनि आज्ञाप्रवृत्त्याऽतो '**ऽकलङ्कः सर्वथा स एव**'-यतियोग इति गाथार्थः ॥ ११५३ ॥

(સર્વથા શુદ્ધ વ્યાપાર સાધુનો જ હોય–)

સમભાવના કારણે આસક્તિથી અકલુષિત અને સ્વભાવથી જ હિંસાદિ પાપોથી સર્વથા (= જાવજ્જીવ ત્રિવિધ ત્રિવિધે) નિવૃત્ત સાધુનો (મહાવ્રતાદિ) ઉપાદેય વસ્તુમાં જિનાજ્ઞાપૂર્વક થતો વ્યાપાર શુદ્ધ છે. આથી સાધુનો વ્યાપાર જ સર્વથા [1]નિર્દોષ છે. [૧૧૫૩]

अनयोरेवोदाहरणेन स्वरूपमाह-

असुहतरंडुत्तरणप्पाओ दव्वत्थओऽसमत्थो अ ।

णइमाइसु इअरो पुण, समत्तबाहुत्तरणकप्पो ॥ ११५४ ॥

**वृत्तिः**- '**अशुभतरण्डोत्तरणप्रायः**' कण्टकानुगतसाल्मलीतरण्डोत्तरणतुल्यो '**द्रव्यस्तवः**', सापायत्वाद्, '**असमस्तश्च**', तत एव सिद्ध्यसिद्धेः, '**नद्यादिषु**' स्थानेषु, '**इतरः पुनः**' भावस्तवः '**समस्तबाहूत्तरणकल्पः**', तत एव मुक्तेरिति गाथार्थः ॥ ११५४ ॥

દ્રવ્યસ્તવ અને ભાવસ્તવનું સ્વરૂપ ઉદાહરણથી કહે છે–

દ્રવ્યસ્તવ કિંચિત્ સાવદ્ય હોવાથી નદી આદિમાં કાંટાવાળા ખરાબ કાષ્ઠ વગેરેથી તરવા સમાન છે, અને તેનાથી જ સિદ્ધિ ન થતી હોવાથી અપૂર્ણ છે. જ્યારે ભાવસ્તવ આત્મપરિણામ રૂપ હોવાના

૧. આનાથી આસક્તિ અને હિંસાદિ પાપ એ બે અશુદ્ધિના કારણો છે એમ ગર્ભિત રીતે સૂચન કર્યું છે. ગૃહસ્થના દ્રવ્યસ્તવમાં આસક્તિ અને કિંચિત્ હિંસા હોય છે માટે તે સર્વથા શુદ્ધ નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કારણે બાહ્ય દ્રવ્યની અપેક્ષાથી રહિત હોવાથી નદી આદિમાં બાહુથી તરવા સમાન છે, અને તેનાથી જ મુક્તિ થતી હોવાથી પૂર્ણ છે. [૧૧૫૪]

इदमेवोदाहरणान्तरेणाह-

**कडुगोसहाइजोगा, मंथररोगसमणण्णिहो वावि ।**

**पढमो विणोसहेणं, तक्खयतुल्लो उ बीओ उ ॥ ११५५ ॥**

**वृत्तिः**- '**कटुकौषधादियोगात्**' कटुकौषधादिसम्बन्धेन '**मन्थररोगशमसन्निभो वाऽपि**' विलम्बितरोगोपशमतुल्यो वापि '**प्रथमो**' द्रव्यस्तवः, '**विनौषधेन**' स्वत एव '**तत्क्षयतुल्यश्च**' रोगक्षयकल्पश्च '**द्वितीयो**' भावस्तव इति गाथार्थः ॥ ११५५ ॥

આ જ વિષયને અન્ય ઉદાહરણથી કહે છે–

તથા દ્રવ્યસ્તવ બાહ્યદ્રવ્યોની અપેક્ષાવાળું હોવાથી શુંઠ આદિ ઔષધના યોગથી લાંબા કાળે થનાર રોગના ઉપશમ (દબાઈ જવા) સમાન છે. જ્યારે ભાવસ્તવ બાહ્યદ્રવ્યોની અપેક્ષા વિના આત્મપરિણામ રૂપ હોવાથી ઔષધ વિના નિર્મૂલ રોગક્ષય સમાન છે (અહીં દ્રવ્યસ્તવ ઔષધ તુલ્ય છે. કર્મશમ રોગશમ તુલ્ય છે. છતાં દ્રવ્યસ્તવને રોગશમ તુલ્ય કહ્યો છે, તે કાર્યમાં કારણના ઉપચારથી સમજવું. એ પ્રમાણે ભાવસ્તવ ઔષધાભાવ તુલ્ય છે, કર્મક્ષય રોગક્ષય તુલ્ય છે. છતાં અહીં ભાવસ્તવને કર્મક્ષય તુલ્ય કહ્યો છે તે કાર્યમાં કારણના ઉપચારથી સમજવું.) [૧૧૫૫]

अनयोरेव फलमाह-

**पढमाउ कुसलबंधो, तस्स विवागेण सुगइमाईआ ।**

**तत्तो परंपराए, बिइओऽवि हु होइ कालेणं ॥ ११५६ ॥**

**वृत्तिः**- '**प्रथमात्**' द्रव्यस्तवात् '**कुशलबन्धो**' भवति, '**तस्य**'-कुशलबन्धस्य '**विपाकेन**' हेतुना '**सुगत्यादयः**' सुगतिसम्पद्विवेकादयः, '**ततः**' द्रव्यस्तवा**त्परम्परया** '**द्वितीयोऽपि**' भाव-स्तवो '**भवति, कालेना**'भ्यासत इति गाथार्थः ॥ ११५६ ॥

દ્રવ્યસ્તવ અને ભાવસ્તવનું ફલ કહે છે–

દ્રવ્યસ્તવથી પુણ્યાનુબંધી પુણ્યનો બંધ થાય છે. તેના ઉદયથી સુગતિ, શુભ-સંપત્તિ, વિવેક વગેરે મળે છે. દ્રવ્યસ્તવથી વખત જતાં દ્રવ્યસ્તવના અભ્યાસથી પરંપરાએ ભાવસ્તવ પણ મળે છે. [૧૧૫૬]

एतदेव विशेषेणाह-

**जिणबिंबपइट्ठावणभावज्जिअकम्मपरिणइवसेणं ।**

**सुगईअ पइट्ठावणमणहं सइ अप्पणो जम्हा ॥ ११५७ ॥**

**वृत्तिः**- '**जिनबिम्बप्रतिष्ठापनभावार्जितकर्मपरिणतिवशेन**'-एतत्सामर्थ्येन '**सुगतौ प्रतिष्ठापनमनघं सदाऽऽत्मनो यस्मात्**' कारणादिति गाथार्थः ॥ ११५७ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ જ વિષયને વિસ્તારથી કહે છે—

૧૧૨૬મી ગાથામાં જણાવેલ "જિનબિંબની પ્રતિષ્ઠાના ભાવ"થી ઉપાર્જિત પુણ્યાનુબંધી પુણ્યના વિપાકના પ્રભાવથી પોતાનું જ સદા દેવલોક આદિ સુગતિમાં નિરવદ્ય સ્થાપન થાય છે, અર્થાત્ જિનબિંબની પ્રતિષ્ઠાની ભાવના ભાવનાર જીવ એ ભાવનાથી બંધાયેલા પુણ્યાનુબંધી પુણ્યકર્મના ઉદયથી મોક્ષમાં ન જાય ત્યાં સુધી દેવલોક કે મનુષ્યલોકમાં ઉત્પન્ન થાય છે.

(પ્રશ્ન- નિરવદ્ય સ્થાપન થાય છે, તેમાં નિરવદ્ય એટલે શું ?

ઉત્તર- દેવલોક કે મનુષ્યલોકમાં જન્મેલો એ જીવ સર્વથા દોષોથી રહિત નથી. તેનામાં રાગાદિ દોષો રહેલા છે. પણ એ રાગાદિ દોષો એવા નબળા હોય છે કે જેથી તેનો અનુબંધ ચાલતો નથી, અર્થાત્ તેનાથી ભવિષ્યમાં દોષો વધે એવો કર્મબંધ થતો નથી. દા.ત. ક્રોધ આવી ગયો. પણ તે ક્રોધથી તેવાં કર્મો (અનુબંધ) નહિ બંધાય કે જેથી ભવિષ્યમાં તેનો ક્રોધ વધે. એ પ્રમાણે રાગાદિ દોષો વિષે પણ સમજવું. આનું કારણ એ છે કે એનામાં એ દોષો પ્રત્યે હેયબુદ્ધિ=ત્યાજ્ય બુદ્ધિ રહેલી છે. આથી એ દોષોના સેવન વખતે તેમાં રસ હોતો નથી. આવા જીવના વર્તમાન કાલીન દોષોથી ભવિષ્યમાં દોષોની વૃદ્ધિ ન થતી હોવાથી એ જીવની દેવલોકાદિમાં [1]ઉત્પત્તિ નિરવદ્ય [2]કહેવાય.) [૧૧૫૭]

**तत्थवि अ साहुदंसणभावज्जिअकम्मओ उ गुणरागो ।**
**काले अ साहुदंसण, जहक्कमेणं गुणकरं तु ॥ ११५८ ॥**

**वृत्तिः-** '**तत्रापि च**' सुगतौ '**साधुदर्शनभावार्जितकर्मणस्तु**' सकाशाद् '**गुणरागो**' भवति, '**काले च साधुदर्शनं**' जायते '**यथाक्रमेण गुणकरं**' तत एवेति गाथार्थः ॥ ११५८ ॥

(સાધુદર્શનની ભાવનાનું ફળ કહે છે—)

૧૧૨૭મી ગાથામાં જણાવેલ "સાધુદર્શનના ભાવ"થી ઉપાર્જિત કર્મથી (तत्थविय =) સુગતિમાં [3]પણ સ્વાભાવિક ગુણાનુરાગ હોય છે, અને અવસરે સાધુનાં દર્શન થાય છે. સાધુનું દર્શન ગુણાનુરાગના કારણે જ ક્રમશઃ ગુણો કરવાના સ્વભાવવાળું છે, અર્થાત્ સાધુનાં દર્શનથી તેના આત્મામાં ગુણાનુરાગના કારણે જ ક્રમશઃ નવા નવા ગુણો પ્રગટે છે. [૧૧૫૮]

**पडिबुज्झिस्संतऽण्णे, भावज्जिअकम्मओ उ पडिवत्ती ।**
**भावचरणस्स जायइ, एअं चिअ संजमो सुद्धो ॥ ११५९ ॥**

**वृत्तिः-** '**प्रतिभोत्स्यन्तेऽन्ये**' प्राणिन इति '**भावार्ज्जितकर्मणस्तु**' सकाशात् '**प्रतिपत्तिः भाव-चरणस्य**' मोक्षैकहेतो**र्जायते, एतदेव**' भावचरणं '**संयमः शुद्ध**' इति गाथार्थः ॥ ११५९ ॥

---

१. अनघं-निरवद्यं तत्कालीनदोषाणामपिदोषागोचरत्वात् । પંચા. ૭ ગા. ૪૫.
૨. ૧૧૫૭ થી ૧૧૫૯ એ ત્રણ ગાથાઓ પંચા. ૭ માં અનુક્રમે ૪૫ થી ૪૭ છે.
३. पूर्वकाले गुणराग आसीदेवेत्यपिशब्दार्थः ।

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(અન્ય જીવોના પ્રતિબોધની ભાવનાનું ફળ જણાવે છે–)

૧૧૨૮મી ગાથામાં જણાવેલ "બીજા જીવો પણ પ્રતિબોધ પામશે એ ભાવ"થી ઉપાર્જિત કર્મથી મોક્ષનું અનન્ય કારણ એવા ભાવચારિત્રનો સ્વીકાર અવશ્ય થાય છે. આ ભાવચારિત્ર જ શુદ્ધ સંયમ છે. [૧૧૫૯]

**भावत्थओ अ एसो, थोअव्वोचिअपवित्तिओ णेओ ।**

**णिरवेक्खाणाकरणं, कयकिच्चे हंदि उचिअं तु ॥ ११६० ॥**

**वृत्तिः**– **'भावस्तवश्चैषः'** शुद्धः संयमः, कुत इत्याह– **'स्तोतव्योचितप्रवृत्तेः'** कारणात् **'विज्ञेय'** इति, तथा हि **'निरपेक्षाऽऽज्ञाकरणमे'**व **'कृतकृत्ये'** स्तोतव्ये **'हन्द्युचितं'**, नान्यत्, निरपेक्षत्वादिति गाथार्थः ॥ ११६० ॥

આ શુદ્ધ સંયમ સ્તોતવ્ય વીતરાગ ભગવાન સંબંધી ઉચિત પ્રવૃત્તિ હોવાથી ભાવસ્તવ જાણવો. (મુખ્યતયા) અપેક્ષા વિના આજ્ઞાનું પાલન જ કૃતકૃત્ય એવા સ્તોતવ્ય વીતરાગ સંબંધી ઉચિત પ્રવૃત્તિ છે, અન્ય નહિ. કારણ કે વીતરાગ ભગવાન અપેક્ષાથી રહિત છે. (જિનભવનનિર્માણ આદિમાં પણ આજ્ઞાનું પાલન છે, પણ તેમાં ધનાદિની અપેક્ષા રહે છે. ધનાદિ વિના જિનનિર્માણ આદિ ન થઈ શકે. શુદ્ધ સંયમમાં ધનાદિની અપેક્ષા=જરૂર નથી. આથી મુખ્યતયા શુદ્ધ સંયમ ઉચિત પ્રવૃત્તિ છે અને તેથી તે ભાવસ્તવ છે.) [૧૧૬૦][1]

**एअं च भावसाहू, विहाय णऽण्णो चएइ काउं जे ।**

**सम्मं तग्गुणणाणाभावा तह कम्मदोसा य ॥ ११६१ ॥**

**वृत्तिः**– **'एतच्च'** एवमाज्ञाकरणं **'भावसाधुं'** **'विहाय'** मुक्त्वा **'नान्यः'** क्षुद्रः **'शक्नोति कर्त्तुमिति'**, कुत इत्याह– **'सम्यक्तद्गुणज्ञानाभावात्'** इत्थमाज्ञाकरणगुणज्ञानाभावात् **'तथा 'कर्म्मदोषाच्च'** चारित्रमोहनीयकर्म्मापराधाच्चेति गाथार्थः ॥ ११६१ ॥

(ભાવસાધુ જ નિરપેક્ષ આજ્ઞાપાલન કરી શકે એ કહે છે–)

ભાવસાધુ સિવાય બીજો ક્ષુદ્ર જીવ આ પ્રમાણે (= અપેક્ષા વિના) આજ્ઞા પાલન કરવા સમર્થ નથી. કારણ કે બીજાઓને નિરપેક્ષ આજ્ઞાપાલનથી થતા લાભનું યથાર્થ જ્ઞાન નથી. જેમાં ભગવાનની આજ્ઞા વિસ્તારથી સમજાવવામાં આવી છે તે શાસ્ત્રના અભ્યાસ માટે ભાવસાધુ જ વિશેષ અધિકારી હોવાથી ભાવસાધુ જેવી રીતે નિરપેક્ષ આજ્ઞાપાલનના ગુણો જાણી શકે તેવી રીતે સમ્યગ્દૃષ્ટિ શ્રાવક વગેરે ન જાણી શકે. તથા બીજી વાત એ છે કે કદાચ નિરપેક્ષ આજ્ઞાપાલનના લાભનું થોડું જ્ઞાન થાય તો પણ ચારિત્રમોહનીય કર્મના ઉદય રૂપ દોષથી ભાવયતિ સિવાય બીજો કોઈ તેને તે રીતે અમલમાં ન મૂકી શકે. [૧૧૬૧]

૧. આ ગાથા છટ્ઠા પંચાશકમાં ૨૪મી છે. પણ ત્યાં શબ્દોમાં અને ભાવમાં પણ થોડો તફાવત છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

दुष्करत्वे कारणमाह-

**जं एअं अट्ठारससीलंगसहस्सपालणं णेअं ।**

**अच्चंतभावसारं, ताइं पुण होंति एआइं ॥ ११६२ ॥**

**वृत्तिः-** '**यद्**' यस्माद् '**एतद्**' अधिकृताज्ञाकरणं '**अष्टादशशीलाङ्गसहस्त्रपालनं ज्ञेय-मत्यन्तभावसारं, तानि पुनः**' शीलाङ्गानि '**भवन्त्येतानि**' वक्ष्यमाणानीति गाथार्थः ॥ ११६२ ॥

**આજ્ઞાપાલનની દુષ્કરતાનું કારણ જણાવે છે–**

(વીતરાગની આજ્ઞાનું પાલન દુષ્કર છે.) કારણ કે વીતરાગની આજ્ઞાનું પાલન અતિશય શુભભાવથી સારભૂત એવા અઢાર હજાર શીલાંગોના પાલનરૂપ છે. તે શીલાંગો આ (નીચેની ગાથામાં કહેવાશે તે) છે. [૧૧૬૨]

**जोए करणे सण्णा, इंदिअ भोमाइ समणधम्मे अ ।**

**सीलंगसहस्साणं, अट्ठारसगस्स णिप्फत्ती ॥ ११६३ ॥**

**वृत्तिः-** '**योगा**'- मनोव्यापारादयः '**करणानि**'-मनःप्रभृतीनि '**संज्ञा**'-आहारादिविषयाः '**इन्द्रियाणि**' स्पर्शादीनि '**भौम्यादयः**'-पृथिव्यादिजीवाजीवद्विपञ्चकं '**श्रमणधर्म्मश्च**' क्षान्त्यादि, अस्मात् कदम्बका'**च्छीलाङ्गसहस्त्राणा**'-चारित्रहेतुभेदानां '**अष्टादशकस्य निष्पत्ति**'र्भवतीति गाथार्थः ॥ ११६३ ॥

યોગ, કરણ, સંજ્ઞા, ઇંદ્રિય, પૃથ્વીકાયાદિ અને શ્રમણધર્મ એ બધાના સમૂહથી અઢાર હજાર શીલાંગો=ચારિત્રના કારણોના ભેદો થાય [1]છે.

યોગ=માનસિક વ્યાપાર વગેરે, અર્થાત્ અનુમોદનારૂપ માનસિક વ્યાપાર, કરાવવારૂપ વાચિક વ્યાપાર અને કરવારૂપ કાયિક વ્યાપાર એ ત્રણ યોગ છે. કરણ=મન વગેરે. સંજ્ઞા=આહાર વગેરેની સંજ્ઞા. ઈંદ્રિયો=સ્પર્શન વગેરે. પૃથ્વીકાયાદિ=પૃથ્વીકાય વગેરે નવ જીવ અને એક અજીવ એમ દશ પૃથ્વીકાયાદિ છે. શ્રમણધર્મ=ક્ષમા વગેરે. [૧૧૬૩]

व्यासार्थं त्वाह-

**करणाइ तिण्णि जोगा, मणमाइणि उ भवंति करणाइं ।**

**आहाराई सन्ना, चउ सोत्ताइंदिआ पंच ॥ ११६४ ॥**

**वृत्तिः-** '**करणादयः**' कृतकारितानुमतिरूपाः '**त्रयो योगाः**' प्रतिकरणं, '**मनआदीनि तु भवन्ति करणानि**'-मनोवाक्कायरूपाणि त्रीण्येव, '**आहारादिसंज्ञाश्चतस्त्रः**'-आहारभयमैथुन-परिग्रहविषयाः, '**श्रोत्रादीनि**' पश्चानुपूर्व्या इन्द्रियाणि '**पञ्च**', स्पर्शनरसनघ्राणचक्षुःश्रोत्राणि, उत्तरो-त्तरगुणावाप्तिसाध्यानि शीलाङ्गानीति ज्ञापनार्थमिन्द्रियेषु पश्चानुपूर्वीति गाथार्थः ॥ ११६४ ॥

---

१. ११६३ थी १२०४ सुधीनी ગાથાઓ ચૌદમા 'શીલાંગવિધિ' પંચાશકમાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યોગ વગેરેનો વિસ્તૃત અર્થ કહે છે–

**યોગ**- કરવું, કરાવવું અને અનુમોદવું એ ત્રણ. **કરણ**- મન, વચન અને કાયા એ ત્રણ. **સંજ્ઞા**- આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ એ ચાર. **ઇંદ્રિય**- શ્રોત્ર, ચક્ષુ, નાસિકા, રસના અને સ્પર્શ એ પાંચ. ઉપર ઉપરના ગુણોની પ્રાપ્તિથી શીલાંગો સાધ્ય છે=પાલન કરી શકાય છે એ જણાવવા અહીં ઇંદ્રિયોનું વર્ણન પશ્ચાનુપૂર્વીથી કર્યું છે. [૧૧૬૪]

**भोमाई णव जीवा, अजीवकाओ अ समणधम्मो अ ।**
**खंताइ दसपगारो, एव ठिए भावणा एसा ॥ ११६५ ॥**

**वृत्तिः**- **'भौम्यादयो नव जीवाः'**-पृथ्व्यपतेजोवायुवनस्पतिद्वीन्द्रियत्रीन्द्रियचतुरिन्द्रिय-पञ्चेन्द्रियाः, **'अजीवकायश्च'** पुस्तकचर्म्मतृणशुषिरपञ्चकरूपः, **'श्रमणधर्म्मस्तु क्षान्त्यादि-दशप्रकारः'**- क्षान्तिमार्दवार्जवमुक्तितपःसंयमसत्यशौचाकिञ्चन्यब्रह्मचर्यरूपः, **'एवं स्थिते'** यन्त्रे सति तत्र **'भावना एषा'**-वक्ष्यमाणा शीलाङ्गनिष्पत्तिविषया इति गाथार्थः ॥ ११६५ ॥

**પૃથ્વીકાયાદિ**- પૃથિવી, અપ્, તેઉ, વાયુ, વનસ્પતિ, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરિંદ્રિય અને પંચેંદ્રિય એ નવ જીવકાય અને અજીવકાય એમ દશ. પુસ્તકપંચક, ચર્મપંચક તૃણપંચક અને શુષિર (?)પંચક એ અજીવકાય છે. **શ્રમણધર્મ**- ક્ષમા, માર્દવ, આર્જવ, મુક્તિ (સંતોષ), તપ, સંયમ, સત્ય, શૌચ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય એ દશ. યોગ આદિની મૂળ સંખ્યાને પાટી આદિમાં ઉપર [૧]નીચે સ્થાપતાં (૩ x ૩ = ૯, ૯ x ૪ = ૩૬, ૩૬ x ૫ = ૧૮૦, ૧૮૦ x ૧૦ = ૧૮૦૦, ૧૮૦૦ x ૧૦ = ૧૮૦૦૦) અઢારહજાર શીલાંગો થાય છે. તેની ઘટના નીચે પ્રમાણે (૧૧૬૬થી ૧૧૬૯ એ ચાર ગાથાઓમાં કહ્યા પ્રમાણે) છે. [૧૧૬૫]

**ण करेइ मणेणाहारसन्नविप्पजढगो उ णियमेण ।**
**सोइंदियसंवुडो पुढविकायारंभ खंतिजुओ ॥ ११६६ ॥**

**वृत्तिः**- **'न करोति मनसा'**, किम्भूतः सन्-**'आहारसंज्ञाविप्रमुक्तस्तु नियमेन'**, तथा **'श्रोत्रेन्द्रियसंवृत्तः'**, किमित्याह-**'पृथ्वीकायारम्भं, क्षान्त्यादियुक्त'** इति गाथार्थः ॥ ११६६ ॥

**इय मद्दवाइजोगा, पुढविक्काये हवंति दस भेआ ।**
**आउक्कायाईसुवि, इअ एअं पिंडिअं तु सयं ॥ ११६७ ॥**

**वृत्तिः**- **'एवं मार्द्दवादियोगात्'**-मार्द्दवयुक्त आर्ज्जवादियुक्त इति श्रुत्या **'पृथिवीकाये भवन्ति दश भेदाः'**, यतो दश क्षान्त्यादिपदानि, **'अप्कायादिष्वप्येवं'** प्रत्येकं दशैव, **'एते'** सर्व **'एव पिण्डितं तु शतं'**, यतो दश पृथिव्यादय इति गाथार्थः ॥ ११६७ ॥

**सोइंदिएण एअं, सेसहिवि जं इमं तओ पंच ।**
**आहारसण्णजोगा, इअ सेसाहिं सहस्सदुगं ॥ ११६८ ॥**

૧. આ સ્થાપના મુદ્રિત આવશ્યક સૂત્ર પ્રતમાં અઢ્ઢાઈજ્જેસુ સૂત્રમાંથી જોઈ લેવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः-** श्रोत्रेन्द्रियेणैतल्लब्धं, शेषैरपीन्द्रियैर्यदिदं शतमेव लभ्यते ततः पञ्च शतानि, पञ्च-त्वादिन्द्रियाणाम्, आहारसंज्ञायोगादेतानि पञ्च, एवं शेषाभिरपि भयसंज्ञाद्याभिः पञ्च पञ्चेति सहस्रद्वयं निरवशेषं, यतश्चतस्रः संज्ञा इति गाथार्थः ॥ ११६८ ॥

**एवं मणेण वइमाइएसु एअंति छस्सहस्साइं ।**
**न करण सेसेहिंपि अ, एए सव्वेऽवि अट्ठारा ॥ ११६९ ॥**

**वृत्तिः-** '**एतन्मनसा**' सहस्रद्वयं लब्धं, '**वागादिनैत**'त्सहस्रद्वयमिति '**षट् सहस्राणि**', त्रीणि करणानीतिकृत्वा, '**न करोती**'त्यनेन योगेनैतानि, '**शेषेणापि**' योगेनैतानि षट् षडिति '**एतानि सर्वाण्यष्टादश**' भवन्ति, त्रयो योगाः इतिकृत्वेति गाथार्थः ॥ ११६९ ॥

(અઢારહજાર શીલાંગોની ઘટના–)

આહારસંજ્ઞા રહિત, શ્રોત્રેંદ્રિયના સંવરવાળો (શ્રોત્રેંદ્રિયની રાગાદિ દોષોવાળી પ્રવૃત્તિને રોકનાર), ક્ષમાયુક્ત, મનથી, પૃથ્વીકાયાદિની હિંસા ન કરે. આ પ્રમાણે શ્રમણધર્મનો પહેલો એક ભાંગો થયો. [૧૧૬૬] આ જ પ્રમાણે માર્દવ, આર્જવ વગેરેના સંયોગથી પૃથ્વીકાયને=પૃથ્વીકાયના સમારંભને આશ્રયીને દશ ભેદો થાય. એ રીતે અપ્કાય આદિને આશ્રયીને કુલ સો ભેદો થાય. [૧૧૬૭] આ સો ભેદો શ્રોત્રેંદ્રિયના યોગથી થયા. બાકીની ચક્ષુ વગેરે ચાર ઈંદ્રિયોના યોગથી પણ પ્રત્યેકના આ રીતે સો ભેદો થાય. આથી કુલ પાંચસો ભેદો થયા. આ પાંચસો ભેદો આહાર સંજ્ઞાના યોગથી થયા. બાકીની ત્રણ સંજ્ઞાના યોગથી પણ પ્રત્યેકના આ રીતે પાંચસો ભેદો થાય. આથી કુલ બે હજાર ભેદો થયા. [૧૧૬૮] આ બે હજાર ભેદો મનથી થયા. વચન અને કાયાથી પણ પ્રત્યેકના બે હજાર ભેદો થાય. આથી કુલ છ હજાર ભેદો થયા. આ છ હજાર ભેદો ન કરવાથી થયા. ન કરાવવાથી અને ન અનુમોદવાથી પણ પ્રત્યેકના છ હજાર ભેદો થાય. આથી કુલ અઢાર હજાર ભેદો થયા. [૧૧૬૯]

**एत्थ इमं विण्णेअं, अइअंपज्जं तु बुद्धिमंतेहिं ।**
**एक्कंपि सुपरिसुद्धं, सीलंगं सेससब्भावे ॥ ११७० ॥**

**वृत्तिः-** '**अत्र**' शीलाङ्गाधिकारे '**इदं विज्ञेयम्**' '**ऐदम्पर्यं**' भावार्थगर्भरूपं '**बुद्धिमद्भिः**' पुरुषैः, यदुत '**एकमपि सुपरिशुद्धं शीलाङ्गं**', यादृक् शीलाङ्गमुच्यते तादृगित्यर्थः, किमित्याह- '**शेषसद्भावे**' तदपरशीलाङ्गभाव एवेति गाथार्थः ॥ ११७० ॥

(પ્રશ્ન- એક જ યોગથી અઢાર હજાર ભાંગા થાય છે, પણ જો બે વગેરેના સંયોગથી થતા ભાંગા ઉમેરવામાં આવે તો ઘણા ભાંગા થાય. તે આ પ્રમાણે = યોગમાં ૭, કરણમાં ૭, સંજ્ઞામાં ૧૫, ઈંદ્રિયોમાં ૩૧, પૃથ્વીકાયાદિમાં ૧૦૨૩, શ્રમણધર્મમાં ૧૦૨૩ ભાંગા થાય. આ બધા ભાંગાઓની સંખ્યાને પરસ્પર ગુણવાથી બે હજાર ત્રણસો ચોરાશી ક્રોડ (૨૩ અબજ ૮૪ ક્રોડ), એકાવન લાખ, ત્રેસઠ હજાર, બસો ને પાંસઠ (૨૩,૮૪,૫૧,૬૩,૨૬૫) ભાંગા થાય. તો અહીં અઢાર હજાર જ ભાંગા કેમ કહ્યા ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ઉત્તર**- શ્રાવકધર્મની જેમ કોઈ અમુક ભાંગાથી સર્વવિરતિનો સ્વીકાર થતો હોય તો આ (સંયોગી) ભાંગા કહેવા જોઈએ, પણ તેમ છે નહિ. શીલાંગના કોઈ એક પણ ભાંગાની સત્તા બીજા બધા ભાંગા સાથે હોય તો જ હોય છે. જો અઢાર હજારમાંથી એક પણ ભાંગો ન હોય તો સર્વવિરતિ જ ન થાય, અર્થાત્ બધા ભાંગા હોય તો જ સર્વવિરતિ થાય. આ હકીકત ૧૧૭૦મી વગેરે ગાથાઓમાં જણાવે છે.)

બુદ્ધિમાન પુરુષોએ અઢાર હજાર ભાંગાઓમાં નીચે પ્રમાણે રહસ્ય જાણવું. વિવક્ષિત કોઈ એક શીલાંગ પણ તે સિવાયના બીજા બધા શીલાંગો=ભાંગા હોય તો જ સુપરિશુદ્ધ=નિરતિચાર હોય. (આ પ્રમાણે આ શીલાંગો સમુદિત જ હોય છે. આથી અહીં બે વગેરેના સંયોગથી થતા ભાંગા કહ્યા નથી, કિંતુ સર્વપદોના છેલ્લા ભાંગાના આ અઢાર હજાર ભાંગા કહ્યા છે. જેમ "ત્રિવિધ-ત્રિવિધે"=મન, વચન, કાયાથી ન કરવું, ન કરાવવું અને ન અનુમોદવું એના નવ ભાંગા થાય છે, તેમ યોગ વગેરે બધા પદોના "આહારાદિ ચાર સંજ્ઞાથી રહિત, પાંચ ઈંદ્રિયોના સંવર સહિત અને ક્ષમાદિ દશવિધ ધર્મસંપન્ન પૃથ્વીકાયાદિ દશસંબંધી હિંસાને મન-વચન-કાયાથી ન કરે, ન કરાવે અને ન અનુમોદે" એ છેલ્લા ભાંગાના ૧૮૦૦૦ ભેદો થાય છે. તે અહીં જણાવ્યા છે. કારણ કે ઉક્ત છેલ્લા ભાંગાથી જ સર્વવિરતિનો સ્વીકાર થાય છે, અને તેના ૧૮૦૦૦ ભેદો છે.

શીલાંગના સુપરિશુદ્ધ (=નિરતિચાર) એવા વિશેષણથી એ જણાવ્યું કે વ્યવહારથી સર્વવિરતિના પાલનમાં કોઈક શીલાંગ સુપરિશુદ્ધ ન હોય તો પણ અપરિશુદ્ધ શીલાંગો હોય છે. નિશ્ચયનયથી તો એકના પણ અભાવમાં=એકની પણ અપરિશુદ્ધિ હોય તો બધાનો અભાવ થાય છે. આ રીતે જ સંજ્વલન કષાયનો ઉદય ચરિતાર્થ થાય છે. કારણ કે તે ચારિત્રના એક દેશના ભંગનું કારણ છે. આથી જ જે સાધુ "હું લવણનું ભક્ષણ કરું" એવી ઈચ્છા કરે તેણે "આહારસંજ્ઞારહિત, રસનેંદ્રિયસંવૃત્ત, સંતોષસંપન્ન મનથી પૃથ્વીકાયની હિંસા ન કરે" એ ભાંગાનો=શીલાંગનો ભંગ કર્યો. તેની શુદ્ધિ પ્રતિક્રમણ વગેરે પ્રાયશ્ચિત્તથી થાય છે. અન્યથા જો કોઈ એક શીલાંગના અભાવમાં બીજા અપરિશુદ્ધ પણ શીલાંગો ન હોય=બધા જ શીલાંગોનો અભાવ થતો હોય, તો તે ભાંગાના ભંગની શુદ્ધિ મૂળ પ્રાયશ્ચિત્તથી જ થાય.) [૧૧૭૦]

निदर्शनमाह-

**एक्को वाऽऽयपएसो, संखेअपएससंगओ जह उ ।**
**एअंपि तहा णेअं, सतत्तचाओ इहरहा उ ॥ ११७१ ॥**

**वृत्तिः-** '**एकोऽप्यात्मप्रदेशो**'ऽत्यन्तसूक्ष्मो'**ऽसङ्ख्येयप्रदेशसङ्गतः**'-तदन्याविनाभूतो '**यथैव**', केवल-स्यासम्भवाद्, '**एतदपि**' शीलाङ्ग'**तथा ज्ञेयम्**'-अन्याविनाभूतमेव, '**स्वतत्त्वत्यागः**' '**इतरथा तु**' केवलत्वे, आत्मप्रदेशत्वशीलाङ्गत्वाभाव इति गाथार्थः ॥ ११७१ ॥

**આ વિષે દૃષ્ટાંત કહે છે–**

જેવી રીતે આત્માનો અત્યંત સૂક્ષ્મ એક પણ પ્રદેશ અસંખ્યાતપ્રદેશોથી યુક્ત જ હોય છે, એકલો હોતો નથી. તેવી જ રીતે આ શીલાંગ પણ અન્ય સઘળા શીલાંગોથી યુક્ત જ હોય છે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અન્ય સઘળા શીલાંગો વિના હોતો નથી. જેમ સ્વતંત્ર એક આત્મપ્રદેશ આત્મપ્રદેશ જ ન કહેવાય, તેમ સ્વતંત્ર એક શીલાંગ શીલાંગ જ ન કહેવાય. [૧૧૭૧]

एतद्भावनायाह–

**जम्हा समग्गमेअंपि सव्वसावज्जजोगविरईओ ।**

**तत्तेणेगसरूवं, ण खंडरूवत्तणमुवेइ ॥ ११७२ ॥**

**वृत्तिः**– '**यस्मात् समग्रमेतदपि**'–शीलाङ्गं '**सर्वसावद्ययोगविरति**'रखाखण्डा '**तत्त्वे-नैकस्वरूपं**' वर्त्तते, '**न खण्डरूपत्वमुपैति**', अतः केवलाङ्गाभाव इति गाथार्थः ॥ ११७२ ॥

**આ વિષયની (વિશેષ) પર્યાલોચના કરે છે–**

કારણ કે જેમ સઘળા (= અસંખ્ય) આત્મપ્રદેશો મળીને આત્મા છે તેમ શીલાંગો પણ સઘળા મળીને સર્વસાવદ્ય યોગવિરતિ છે, અને પરમાર્થથી તે બધા અખંડ એક સ્વરૂપ છે, ખંડ રૂપ બનતા નથી. આથી એક (વગેરે) શીલાંગ ન હોય. [૧૧૭૨]

**एअं च एत्थ एवं, विरईभावं पडुच्च दट्ठव्वं ।**

**ण उ बज्झंपि पवित्तिं, जं सा भावं विणावि भवे ॥ ११७३ ॥**

**वृत्तिः**– '**एतच्च**'–शीलं '**अत्रैवं**'–सर्वसावद्ययोगनिवृत्त्यात्मकं '**विरतिभावमा**'न्तरं '**प्रतीत्य द्रष्टव्यं, न तु बाह्यामपि प्रवृत्तिं**' प्रतीत्य, कुत इत्याह–'**यदसौ**'–प्रवृत्ति'**र्भावं विनापि भवति**' क्वचित्, माध्यस्थ्यादेवेति गाथार्थः ॥ ११७३ ॥

JAINSITE.com जैनम् જયતિ શાસનમ્

**(શીલની અખંડતા અંતરના પરિણામની અપેક્ષાએ છે–)**

પ્રસ્તુતમાં અખંડશીલ બાહ્ય વાચિક કે કાયિક પ્રવૃત્તિની અપેક્ષાએ નહિ, કિંતુ વિરતિના પરિણામની અપેક્ષાએ જાણવું. કારણ કે બાહ્યપ્રવૃત્તિ ક્યારેક ભાવ = પરિણામ વિના પણ કેવળ મધ્યસ્થભાવથી થાય. (અર્થાત્ અમુક વ્યક્તિમાં શીલ અખંડ છે કે ખંડિત છે તેનો નિર્ણય તેની બાહ્ય પ્રવૃત્તિ ઉપરથી ન થાય, કિંતુ આંતરિક પરિણામથી થાય. અંતરમાં વિરતિના પરિણામ ન હોય તો પણ શીલની બાહ્ય પ્રવૃત્તિ પૂર્ણ હોય એવું બને, તથા અંતરમાં વિરતિના પરિણામ હોવા છતાં બાહ્યપ્રવૃત્તિ પૂર્ણ ન હોય એવું પણ બને.) [૧૧૭૩]

निदर्शनमाह–

**जह उस्सग्गंमि ठिओ, खित्तो उदगम्मि केणवि तवस्सी ।**

**तव्वहपवित्तकाओ, अचलिअभावोऽपवत्तो अ ॥ ११७४ ॥**

**वृत्तिः**– '**यथा कायोत्सर्गे स्थितः**' सन् '**क्षिप्त उदके केनचित्तपस्वी**' मोहात्, स '**उदकवधप्रवृत्त-कायो**'ऽपि, तस्य क्षारतया, महात्मा'**ऽचलितभावोऽप्रवृत्त एव**', माध्यस्थ्यादिति गाथार्थः ॥ ११७४ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ વિષયમાં દૃષ્ટાંત કહે છે–

જેમકે કાઉસ્સગ્ગમાં રહેલા સાધુને કોઈએ મોહથી પાણીમાં નાખી દીધા. અહીં સાધુની કાયા પાણીના જીવોની હિંસામાં પ્રવૃત્તિ છે. કારણ કે (પાણીના જીવો માટે) કાયા ક્ષાર છે. છતાં તે મહાત્મા અવિચલિતભાવવાળા = સમભાવવાળા હોવાથી પાણીના જીવોની હિંસામાં પ્રવૃત્ત નથી. [૧૧૭૪]

दार्ष्टान्तिकयोजनामाह-

**एवं चिअ मज्झत्थो, आणाई कत्थई पयट्टंतो ।**

**सेहगिलाणादिऽट्ठा, अपवत्तो चेव नायव्वो ॥ ११७५ ॥**

**वृत्तिः**- **'एवमेव मध्यस्थः'** सन् **'आज्ञातः क्वचित् प्रवर्त्तमानः'**-वस्तुनि **'शिक्षकग्लानाद्यर्थमा'**लम्बनाद् **'अप्रवृत्त एव ज्ञातव्यः'** तत्त्वत इति **गाथार्थः** ॥ ११७५ ॥

ઉક્ત દૃષ્ટાંતની ઘટના કહે છે–

એ જ પ્રમાણે સમભાવમાં રહેલા સાધુ જિનાજ્ઞા પ્રમાણે નવદીક્ષિત, ગ્લાન આદિ માટે (પુષ્ટ) આલંબનથી ક્વચિત્ દ્રવ્યહિંસામાં પ્રવૃત્તિ કરતા હોવા છતાં પરમાર્થથી અપ્રવૃત્ત જ જાણવા. [૧૧૭૫]

**आणापरतंतो सो, सा पुण सव्वण्णुवयणओ चेव ।**

**एगंतहिआ विज्जग-णाएणं सव्वजीवाणं ॥ ११७६ ॥**

**वृत्तिः**- **'आज्ञापरतन्त्रोऽसौ'**-प्रवर्त्तकः, **'सा पुनः सर्वज्ञवचनत एव'** आज्ञा **'एकान्तहिता'** वर्त्तते, **'वैद्यकज्ञातेन'** हितम्, एतदपि यथाव**'त्सर्वजीवानां'**, दृष्टादृष्टोपकारादिति **गाथार्थः** ॥ ११७६ ॥

(આજ્ઞાથી હિંસાદિમાં પ્રવૃત્ત અપ્રવૃત્ત કેમ છે તે જણાવે છે–)

તે (દ્રવ્યહિંસાદિમાં પ્રવૃત્ત) સાધુ આજ્ઞાને આધીન છે અને તે આજ્ઞા સર્વજ્ઞનું વચન હોવાથી જ વૈદ્યના દૃષ્ટાંતથી સર્વજીવોને એકાંતે હિત કરનારી છે, અર્થાત્ જેમ વૈદ્યકશાસ્ત્ર કોઈકનું જ હિત કરતું નથી, કિંતુ એમાં કહ્યા મુજબ જે કોઈ વર્તે તે બધાનું હિત કરે [1]છે. તેમ સર્વજ્ઞની આજ્ઞા પણ કોઈ અમુકનું જ હિત કરતી નથી, કિંતુ આજ્ઞા પ્રમાણે જે કોઈ વર્તે તે સર્વનું હિત કરે છે. જિનાજ્ઞા પ્રમાણે વર્તવાથી આલોક અને પરલોકમાં લાભ થતો હોવાથી જિનાજ્ઞા હિતકર છે. (આ લોકમાં ધનાદિની પ્રાપ્તિ અને રાગાદિ દોષોની હાનિ વગેરે લાભ થાય છે. પરલોકમાં સ્વર્ગાદિની પ્રાપ્તિ અને વિરાગભાવ વગેરે લાભ થાય છે.) [૧૧૭૬]

**भावं विणावि एवं, होइ पवित्ती ण बाहए एसा ।**

**सव्वत्थ अणभिसंगा, विरईभावं सुसाहुस्स ॥ ११७७ ॥**

---

૧. एतदपि यथावत् એ સ્થળે एतदपि એટલે हितमपि, અને यथावत् એટલે યોગ્ય રીતે એવો અર્થ છે. વૈદ્યકશાસ્ત્ર અને જિનવચન हितम् = હિતકર છે, પણ તે यथावत् = યોગ્ય રીતે હિતકર છે, ગમે તે રીતે નહિ. યોગ્ય રીતે એટલે આજ્ઞા પ્રમાણે વર્તે તો. વૈદ્યકશાસ્ત્ર અને જિનવચન પણ આજ્ઞા પ્રમાણે વર્તવામાં આવે તો જ હિત કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

वृत्तिः- **'भावं विनाऽप्येवम्'**- उक्तवद् **'भवति प्रवृत्तिः'** क्वचित्, **'न बाधते चैषा सर्वत्रानभिष्वङ्गात्कारणाद्विरतिभावं सुसाधो'**रिति गाथार्थः ॥ ११७७ ॥

**(ભાવ વિના હિંસાદિમાં થતી પ્રવૃત્તિ વિરતિભાવને ખંડિત કરતી નથી એ કહે છે–)**

ઉક્ત રીતે અવિરતિના પરિણામ વિના પણ ક્યારેક (આજ્ઞા પરતંત્રતાથી) દ્રવ્યહિંસાદિમાં પ્રવૃત્તિ થાય છે. એ પ્રવૃત્તિ દ્રવ્ય, ક્ષેત્ર આદિમાં પ્રતિબંધ = રાગભાવ રહિત હોવાથી સુસાધુના સર્વસાવદ્યથી નિવૃત્તિ રૂપ વિરતિના પરિણામને ખંડિત કરતી નથી. [૧૧૭૭]

**उस्सुत्ता पुण बाहइ, समइविगप्पसुद्धावि णिअमेणं ।**
**गीअणिसिद्धपवज्जण-रूवा णवरं णिरणुबंधा ॥ ११७८ ॥**

वृत्तिः- **'उत्सूत्रा पुनः'** प्रवृत्तिं **'बाधते'** विरतिभावं **'स्वमतिविकल्पशुद्धाऽपि'**, तत्त्वतोऽशुद्धत्वात्, **'नियमेन'** बाधते **'गीतार्थनिषिद्धप्रतिपत्तिरूपा, नवरं'** प्रवृत्तिरनभिनिवेशाद्धेतो**'र्निरनुबन्धा'**-अनुबन्धकर्म्म रहितेति गाथार्थः ॥ ११७८ ॥

**इअरा उ अभिणिवेसा, इअरा ण य मूलछिज्जविरहेणं ।**
**होएसा एत्तोच्चिअ, पुव्वायरिआ इमं चाहु ॥ ११७९ ॥**

वृत्तिः- **'इतरा तु'** गीतार्थनिषिद्धप्रतिपत्तिरूपा प्रवृत्तिः **'अभिनिवेशात्'** मिथ्याभिनिवेशेन **'इतरा'** सानुबन्धा, **'न च मूलच्छेद्यविरहेण'**-चारित्राभावमन्तरेण **'भवत्येषा'**-सानुब्धा प्रवृत्तिः, **'अत एव'** कारणात् **'पूर्वाचार्याः'**-भद्रबाहुप्रभृतयः **'इदमाहु'**र्वक्ष्यमाणमिति गाथार्थः ॥ ११७९ ॥

**(આજ્ઞાવિરુદ્ધ પ્રવૃત્તિ વિરતિભાવને ખંડિત કરે છે એ જણાવે છે–)**

પણ સૂત્રવિરુદ્ધ પ્રવૃત્તિ પોતાની મતિકલ્પનાથી નિર્દોષ હોવા છતાં અવશ્ય વિરતિભાવને ખંડિત કરે છે. સૂત્રથી વિરુદ્ધ પ્રવૃત્તિ પ્રજ્ઞાપનીય અને અપ્રજ્ઞાપનીય એમ બે પ્રકારે છે. સૂત્રવિરુદ્ધ પ્રવૃત્તિ કરનારને અન્ય ગીતાર્થ સાધુ "આ પ્રવૃત્તિ સૂત્રવિરુદ્ધ છે માટે તમે ન કરો" એમ રોકે તો જે સાધુ "આપ કહો છો તે બરોબર છે" એમ સ્વીકાર કરે તો તે સાધુની સૂત્રવિરુદ્ધ પ્રવૃત્તિ પ્રજ્ઞાપનીય છે, તે સિવાયના સાધુની સૂત્રવિરુદ્ધ પ્રવૃત્તિ અપ્રજ્ઞાપનીય છે. તેમાં પ્રજ્ઞાપનીયની સૂત્રવિરુદ્ધ પ્રવૃત્તિ નિરનુબંધ છે = અશુભ કર્મના અનુબંધથી રહિત છે. કારણ કે વિરુદ્ધ પ્રવૃત્તિ કરનાર સાધુ અભિનિવેશ રહિત હોવાથી રોકનાર ગીતાર્થના વચનનો સ્વીકાર કરીને સૂત્રાનુસાર પ્રવૃત્તિ કરે છે. [૧૧૭૮] અપ્રજ્ઞાપનીય સૂત્રવિરુદ્ધ પ્રવૃત્તિ અભિનિવેશવાળી હોવાથી સાનુબંધ = અશુભ કર્મના અનુબંધવાળી છે. કારણ કે ગીતાર્થના રોકવા છતાં તેના વચનનો સ્વીકાર ન કરવાથી શાસ્ત્રીય પ્રવૃત્તિ ન કરે. આ અપ્રજ્ઞાપનીય સૂત્રવિરુદ્ધ પ્રવૃત્તિ મૂલથી ચારિત્રનો છેદ (= અભાવ) થયા વિના ન થાય. આથી જ પૂજયપાદ શ્રીભદ્રબાહુ સ્વામી વગેરેએ [1]નીચે પ્રમાણે કહ્યું છે. [૧૧૭૯]

૧. ઓઘનિ. ગા. ૧૨૨, પ્ર. સા. ગા. ૭૭૦, પંચા. ૧૨ ગા. ૩૨.

JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**गीअत्थो उ विहारो, बिइओ गीअत्थमीसिओ भणिओ ।**
**एत्तो तइअविहारो, णाणुण्णाओ जिणवरेहिं ॥ ११८० ॥**

**वृत्तिः**- **'गीतार्थश्च विहारः'**, तदभेदोपचारात्, **'द्वितीयो गीतार्थमिश्रो भणितो'**, विहार एव, **'अतो'** विहारद्वयात् **'तृतीयविहारः'**- साधुविहरणरूपः **'नानुज्ञातो जिनवरै'**र्भगवद्भिरिति गाथार्थः ॥ ११८० ॥

(શ્રીભદ્રબાહુ સ્વામીનું વચન જણાવે છે—)

જિનેશ્વરોએ એક ગીતાર્થવિહાર અને બીજો ગીતાર્થમિશ્ર વિહાર એમ બે વિહારો કહ્યા છે, ત્રીજો વિહાર કહ્યો નથી.

**પ્રશ્ન**- ગીતાર્થનો વિહાર એમ કહેવાના બદલે ગીતાર્થવિહાર એમ કેમ કહ્યું ?

**ઉત્તર**- ગીતાર્થ અને વિહારમાં અભેદના ઉપચારથી (ગીતાર્થ અને વિહાર અભિન્ન છે એવી વિવક્ષાથી) વિહારને જ ગીતાર્થ કહ્યો છે. [૧૧૮૦]

अस्य भावार्थमाह-

**गीअस्स ण उस्सुत्ता, तज्जुत्तस्सेयरस्सवि तहेव ।**
**णिअमेण चरणवं जं, न जाउ आणं विलंघेइ ॥ ११८१ ॥**

**वृत्तिः**- **'गीतार्थस्य नोत्सूत्रा'** प्रवृत्तिः, **'तद्युक्तस्य'** गीतार्थयुक्तस्य **'इतरस्यापि'**- अगीतार्थस्य **'तथैव'** नोत्सूत्रेति, कुत इत्याह- **'नियमेन'** अवश्यन्तया **'चरणवान् यद्'**-यस्मात् कारणात् **'न जातु'** न कदाचिद् **'आज्ञां विलङ्घयति'** उत्क्रामतीति गाथार्थः ॥ ११८१ ॥

**न य गीअत्थो अण्णं, ण णिवारइ जोग्गयं मुणेऊणं ।**
**एवं दोण्हवि चरणं, परिसुद्धं अण्णहा णेव ॥ ११८२ ॥**

**वृत्तिः**- न च गीतार्थः सन् अन्यमगीतार्थं न निवारयति अहितप्रवृत्तं, योग्यतां मत्वा निवारणीयस्य, 'एवं' द्वयोरपि-गीतार्थागीतार्थयोश्चरणं परिशुद्धं, वारणप्रतिपत्तिभ्याम्, अन्यथा नैवोभयोरपीति गाथार्थः ॥ ११८२ ॥

આનો (બે જ વિહાર કહેવાનો) ભાવાર્થ કહે છે—

ગીતાર્થની અને ગીતાર્થયુક્તની સૂત્રવિરુદ્ધ પ્રવૃત્તિ ન થાય. કારણ કે ગીતાર્થ ચારિત્રી અવશ્ય ક્યારે પણ આપ્તવચનનું ઉલ્લંઘન ન કરે. [૧૧૮૧] આજ્ઞાયુક્ત ચારિત્રી સૂત્રવિરુદ્ધ પ્રવૃત્તિ કરતા અગીતાર્થને યોગ્ય જાણીને રોકે. આથી ગીતાર્થયુક્તની પણ સૂત્રવિરુદ્ધ પ્રવૃત્તિ ન થાય. આ પ્રમાણે રોકવાથી અને સ્વીકારવાથી ગીતાર્થ અને અગીતાર્થનું ચારિત્ર નિર્દોષ હોય. અન્યથા, એટલે કે ગીતાર્થ સૂત્રવિરુદ્ધ પ્રવૃત્તિ કરતા અગીતાર્થને રોકે નહિ અને અગીતાર્થ તેનું માને નહિ તો બંનેનું ચારિત્ર નિર્દોષ ન જ થાય. [૧૧૮૨]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ता एव विरइभावो, संपुण्णो एत्थ होइ णायव्वो ।**
**णिअमेणं अट्ठारस-सीलंगसहस्सरूवो उ ॥ ११८३ ॥**

**वृत्तिः**- '**तत्**' तस्माद् '**एवम्**'-उक्तवद् '**विरतिभावः** '**सम्पूर्णः**' समग्रः '**अत्र**' व्यतिकरे '**भवति ज्ञातव्य**' इति, '**नियमेन**' अवश्यन्तया '**अष्टादशशीलाङ्गसहस्त्ररूप एव**', सर्वत्र पाप-विरतेरेकत्वादिति गाथार्थः ॥ ११८३ ॥

(હવે પ્રસ્તુત મુખ્ય વિષયને જણાવે છે–)

આથી (= આજ્ઞાપરતંત્રની બાહ્યપ્રવૃત્તિ વિરતિને ખંડિત કરતી નથી એથી) ઉક્ત રીતે પ્રસ્તુતમાં અવશ્ય અઢાર હજાર શીલાંગરૂપ જ વિરતિભાવ સંપૂર્ણ જાણવો. કારણ કે બધા શીલાંગોમાં વ્યાપ્ત પાપવિરતિ એક જ છે. [૧૧૮૩]

**ऊणत्तं ण कयाइवि, इमाण संखं इमं तु अहिगिच्च ।**
**जं एअधरा सुत्ते, णिद्दिट्ठा वंदणिज्जा उ ॥ ११८४ ॥**

**वृत्तिः**- '**ऊनत्वं न कदाचिदपि एतेषां**'-शीलाङ्गानां '**सङ्ख्यामेतोवाधिकृत्य**'-आश्रित्य, '**यद्**' यस्माद् '**एतद्धराः**' अष्टादशशीलाङ्गसहस्त्रधारिणः '**सूत्रे**' प्रतिक्रमणाख्ये '**निर्दिष्टा वन्दनीयाः**', नान्ये, '**अट्ठारससीलंगसहस्सधारा**' इत्यादिवचनप्रामाण्यादिति गाथार्थः ॥ ११८४ ॥

(શીલાંગો એકાદિ ન્યૂન ન હોય એનું આગમથી સમર્થન કરે છે–)

શીલાંગોની ૧૮૦૦૦ની સંખ્યામાંથી ક્યારે પણ એક વગેરે શીલાંગ ન્યૂન ન હોય. કારણ કે પ્રતિક્રમણ સૂત્રમાં (અઢાઈજ્જેસુ સૂત્રમાં) ૧૮૦૦૦ શીલાંગોને ધારણ કરનારાઓને જ વંદનીય કહ્યા છે, બીજાને નહિ. પ્રતિક્રમણ સૂત્રમાં [1]'अट्ठारससीलंगसहस्सधारा (= અઢાર હજાર શીલાંગોને ધારણ કરનારા) ઈત્યાદિ પાઠ છે. એ પાઠ પ્રમાણભૂત છે. [૧૧૮૪]

यस्मादेवं तस्मादेतत् महानेव कश्चित्कर्तुमलं न तु यः कश्चिदित्येतदाह-

**ता संसारविरत्तो, अणंतमरणाइरूवमेअं तु ।**
**णाउं एअविउत्तं, मोक्खं च गुरूवएसेणं ॥ ११८५ ॥**

**वृत्तिः**- यतो दुष्करमेतच्छीलं '**तत्**' तस्मात् '**संसाराद्विरक्तः**' सन्, कथमित्याह- '**अनन्तमरणादि रूपम्**', आदिशब्दाज्जन्मजरादिग्रहः, एनमेव संसारं '**ज्ञात्वा** '**एतद्वियुक्तं**' मरणादिवियुक्तं '**मोक्षं च**' ज्ञात्वा '**गुरूपदेशेन**' शास्त्रानुसारेणेति गाथार्थः ॥ ११८५ ॥

तथा-

**परमगुरुणो अ अणहे, आणाएँ गुणे तहेव दोसे अ ।**
**मोक्खत्थी पडिवज्जिअ, भावेण इमं विसुद्धेणं ॥ ११८६ ॥**

૧. મુદ્રિત આવશ્યક સૂત્રની પ્રતમાં (પ્રતિક્રમણ આવશ્યકમાં) "अट्ठारससहस्ससीलंगधारा" એવો પાઠ છે અને વર્તમાનમાં આ પાઠ પ્રસિદ્ધ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**- '**परमगुरोश्च**' भगवतोऽनघान् **आज्ञायाः गुणान्**' ज्ञात्वा '**तथैव दोषांश्च**' विराधनायाः '**मोक्षार्थी**' सन् '**प्रतिपद्य च भावेनेदं**'-शीलं '**विशुद्धेनेति**' गाथार्थः ॥ ११८६ ॥

**विहिआणुट्ठाणपरो, सत्तणुरूवमिअरंपि संधंतो ।**
**अण्णत्थ अणुवओगा, खवयंतो कम्मदोसेऽवि ॥ ११८७ ॥**

**वृत्तिः**- '**विहितानुष्ठानपरः** '**शक्त्यनुरूपं**' यथाशक्तीत्यर्थः, '**इतरदपि**' शक्त्यनुचितं '**सन्धयन्**' भावप्रतिपत्त्या, '**अन्यत्र**' विहितानुष्ठानाद्' **अनुपयोगा**'च्छक्तेः, '**क्षपयन् कर्म्मदोषानपि**'-प्रतिबन्धकानिति गाथार्थः ॥ ११८७ ॥

**सव्वत्थ निरभिसंगो, आणामित्तंमि सव्वहा जुत्तो ।**
**एगग्गमणो धणिअं, तम्मि तहाऽमूढलक्खो अ ॥ ११८८ ॥**

**वृत्तिः**- '**सर्वत्र**' वस्तुनि '**निरभिष्वङ्गो**' मध्यस्थः, '**आज्ञामात्रे**' भगवतः '**सर्वथा युक्तः**', वचनै-कनिष्ठ इत्यर्थः '**एकाग्रमना अत्यर्थं**' विस्रोतसिकारहितः '**तस्याम्**' आज्ञायां, '**तथाऽमूढलक्षश्च**' सत्प्रतिपत्त्येति गाथार्थः ॥ ११८८ ॥

**तह तिल्लपत्तिधारय-णायगयो राहवेहगगओ वा ।**
**एअं चएइ काउं, ण तु अण्णो खुद्दसत्तोत्ति ॥ ११८९ ॥**

**वृत्तिः**- '**तथा तैलपात्रधारकज्ञातगतो**'ऽपायावगमादप्रमत्तः, '**राधावेधकगतो वा**' अत एव, कथानके प्रतीते, '**एतत्**' शीलं '**शक्नोति** '**कर्त्तुं**' पालयितुं, '**न त्वन्यः क्षुद्रसत्त्व**' इति, अनधिका-रित्वादिति गाथार्थः ॥ ११८९ ॥

**શીલાંગોનું પાલન કઠીન હોવાથી મહાન જ કોઈક તેનું પાલન કરી શકે છે, નહિ કે ગમે તે. આ વિષય અહીં (પાંચ ગાથાઓથી) જણાવે છે–**

આવા શીલનું પાલન કઠીન હોવાથી, જે ગુરુના આજ્ઞાનુસારી ઉપદેશથી સંસારને અનંત જન્મ-જરા-મરણાદિ રૂપ જાણીને, અને મોક્ષને અનંત જન્મ-જરા-મરણાદિથી રહિત જાણીને, સંસારથી વિરક્ત બન્યો હોય, [૧૧૮૫] તથા જિનાજ્ઞાની આરાધનામાં [1]નિર્દોષ ઉપકાર અને વિરાધનામાં અપકાર થાય છે એમ જાણીને, મોક્ષાર્થી બનવા પૂર્વક (આલોક આદિની આશંસાથી રહિત) વિશુદ્ધ ભાવથી આ ચારિત્રનો સ્વીકાર કરીને, [૧૧૮૬] યથાશક્તિ આગમોક્ત અનુષ્ઠાનો કરવામાં તત્પર હોય, જે અનુષ્ઠાનોને કરવાની શક્તિ ન હોય તે અનુષ્ઠાનોને ભાવથી કરતો, અર્થાત્ તે અનુષ્ઠાનોને કરવાનો ભાવ રાખતો હોય, આગમમાં નહિ કહેલી ક્રિયાઓમાં શક્તિ ન વાપરવાથી (આગમમાં નહિ કહેલી ક્રિયાઓ ન કરવાથી) ગુણપ્રતિબંધક કર્મવિપાકોને (કર્મના રસને) ખપાવતો હોય,

૧. જેમ કેટલીક દવાઓ રોગનો નાશ કરે, પણ શરીરમાં રીએક્ષન કરીને નવી તકલીફ ઊભી કરે. તેથી તેવી દવા નિર્દોષ ન કહેવાય. જ્યારે કેટલીક દવાઓમાં રીએક્ષન ન કરવાથી નિર્દોષ છે. તેમ જિનાજ્ઞાની આરાધનામાં નિર્દોષ ઉપકાર-લાભ થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૧૧૮૭] દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવમાં પ્રતિબંધ રહિત હોય, દરેક પ્રકારે આજ્ઞામાં જ ઉદ્યત હોય, અર્થાત્ ભગવાનના વચનમાં જ શ્રદ્ધાવાન હોય, નિઃશંકપણે આજ્ઞામાં જ અત્યંત એકાગ્રમનવાળો હોય, આજ્ઞામાં અમૂઢલક્ષ હોય એટલે કે સત્યનો સ્વીકાર કરવા દ્વારા આજ્ઞા સંબંધી સુનિશ્ચિત બોધવાળો [1]હોય, [૧૧૮૮] પ્રમાદથી નુકશાન થશે એવું જાણવાથી તૈલપાત્રધારક અને રાધાવેધકની જેમ અતિશય અપ્રમત્તપણે રહે, તે આ ચારિત્ર પાળવાને સમર્થ બને, અન્ય ક્ષુદ્ર જીવ નહિ. કારણ કે ક્ષુદ્રજીવ ચારિત્ર માટે અયોગ્ય છે. તૈલપાત્રધર અને રાધાવેધકનું દૃષ્ટાંત પ્રસિદ્ધ છે. [૧૧૮૯]

उपचयमाह-

**एत्तोच्चिअ णिद्दिट्ठो, पुव्वायरिएहिँ भावसाहुत्ति ।**
**हंदि पमाणठिअत्थो, तं च पमाणं इमं होइ ॥ ११९० ॥**

**वृत्तिः**- '**अत एव**'-अस्य दुरनुचरत्वात् कारणात् '**निर्दिष्टः**' कथितः '**पूर्वाचार्यैः**' भद्रबाहुप्रभृतिभिः '**भावसाधु**'रिति पारमार्थिकयतिरित्यर्थः, '**हन्दीति**' पूर्ववत् '**प्रमाणस्थितार्थ**' इति प्रमाणेनैव, नान्यथा, '**तच्च प्रमाणं**' साधुव्यवस्थापकं '**इदं भवति**'-वक्ष्यमाणमिति गाथार्थः ॥ ११९० ॥

**सत्थुत्तगुणी साहू, ण सेस इह णो पइण्ण इह हेऊ ।**
**अगुणत्ता इति णेओ, दिट्ठंतो पुण सुवण्णं च ॥ ११९१ ॥**

**वृत्तिः**- '**शास्त्रोक्तगुणी साधुः**'-एवम्भूत एव, '**न शेषाः**'-शास्त्रबाह्याः, '**नः**' अस्माकं '**प्रतिज्ञा**' पक्ष इत्यर्थः, '**इह**' न शेषा इत्यत्र '**हेतुः**' साधकः '**अगुणत्वादिति ज्ञेयः**', तद्गुणरहितत्वादित्यर्थः, '**दृष्टान्तः पुनः सुवर्णमिवा**'त्र व्यतिरेकत इति गाथार्थः ॥ ११९१ ॥

**શીલની કઠીનતાનું સમર્થન કરે છે–**

શીલનું પાલન કઠીન હોવાથી ભદ્રબાહુસ્વામી વગેરે પૂર્વાચાર્યોએ ભાવસાધુનો નિર્ણય અનુમાન પ્રમાણથી થાય છે, એમ (દશવૈ. નિ. ગા. ૩૫૦માં) કહ્યું છે. ભાવ સાધુનો નિર્ણય કરનાર અનુમાન પ્રમાણ આ પ્રમાણે છે- [૧૧૯૦] "જે શાસ્ત્રોક્ત ગુણોથી સહિત છે તે સાધુ (ભાવ સાધુ) છે, જે શાસ્ત્રોક્ત ગુણોથી રહિત છે તે સાધુ નથી, અર્થાત્ દ્રવ્ય સાધુ છે." આ અમારી પ્રતિજ્ઞા=પક્ષ છે. "શાસ્ત્રોક્ત ગુણોથી રહિત હોવાથી" એ પક્ષમાં હેતુ છે. "સુવર્ણની જેમ" એ દૃષ્ટાંત છે. અર્થાત્ જેમ સુવર્ણના ગુણોથી રહિત સુવર્ણ તાત્ત્વિક સુવર્ણ નથી, તેમ સાધુના શાસ્ત્રોક્ત ગુણોથી રહિત સાધુ તાત્ત્વિક સાધુ નથી.

અહીં "સુવર્ણની જેમ" એ વ્યતિરેક દૃષ્ટાંત છે. (તેનો પ્રયોગ આ પ્રમાણે છે. દ્રવ્યસાધુ તાત્ત્વિક = ભાવ સાધુ નથી. કેમ કે તાત્ત્વિક સાધુના ગુણોથી રહિત છે. જે તાત્ત્વિક વસ્તુ હોય તે પોતાના ગુણોથી રહિત ન હોય. જેમ તાત્ત્વિક સુવર્ણ. દ્રવ્ય સાધુ તાત્ત્વિક સાધુના ગુણોથી રહિત છે. આથી તે તાત્ત્વિક સાધુ નથી. અહીં દ્રવ્ય સાધુ સાધુ નથી એ સિદ્ધ કરવા દ્વારા અર્થાપત્તિથી

૧. કારણ કે સમજપૂર્વક આજ્ઞાનો સ્વીકાર કર્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(દ્રવ્યસાધુ સાધુ નથી એનો અર્થ એ થયો કે ભાવસાધુ સાધુ છે. જે શાસ્ત્રોક્ત ગુણોથી યુક્ત હોય તે ભાવસાધુ છે. આમ અર્થાપત્તિથી) જે શાસ્ત્રોક્ત ગુણોથી સહિત છે તે સાધુ (= ભાવસાધુ) છે એમ સિદ્ધ કર્યું છે. [૧૧૯૧]

सुवर्णगुणानाह-

**विसघाइरसायणमंगलत्थविणए पयाहिणावत्ते ।**

**गुरुए अडज्झऽकुत्थे, अट्ठ सुवण्णे गुणा हुंति ॥ ११९२ ॥**

**वृत्तिः**- '**विषघाति**' सुवर्णं, तथा '**रसायनं**'-वयःस्तम्भनं, '**मङ्गलार्थं**' मङ्गलप्रयोजनं, '**विनीतं**' कटकादियोग्यतया, '**प्रदक्षिणावर्त्तमग्नितप्तं**' प्रकृत्या, '**गुरु**' सारतया, '**अदाह्यं**' सारतयैव, '**अकुथनीयं**' अत एव, एवं '**अष्टौ सुवर्णे गुणाः**' भवन्त्यसाधारणा इति गाथार्थः ॥ ११९२ ॥

સુવર્ણના ગુણો કહે છે−

સુવર્ણ વિષઘાતી, રસાયન, મંગલાર્થ, વિનીત, પ્રદક્ષિણાવર્ત, ગુરુ, અદાહ્ય અને અકુથનીય હોય છે. આ પ્રમાણે સુવર્ણમાં અસાધારણ એવા વિષઘાત વગેરે આઠ ગુણો છે.

વિષઘાતી=વિષનો નાશ કરનાર. રસાયન=વૃદ્ધાવસ્થાને અટકાવનાર, અર્થાત્ વૃદ્ધાવસ્થા થવા છતાં શક્તિ, કાંતિ આદિથી વૃદ્ધાવસ્થા ન જણાય. મંગલાર્થ=મંગલનું કારણ છે, માંગલિક કાર્યોમાં તેનો ઉપયોગ થાય છે. વિનીત=કડાં વગેરે આભૂષણોને યોગ્ય હોવાથી વિનીત છે. (સુવર્ણ જેમ વાળવું હોય તેમ વાળી શકાતું હોવાથી તેનાં કડાં વગેરે આભૂષણો થાય છે. વિનીત શિષ્ય પણ જેમ વાળવો હોય તેમ વાળી શકાય છે. આથી અહીં વિનીત શબ્દથી એ બંનેમાં "વાળી શકાય" એ સામ્યતા બતાવી છે. જે નમે=વળે તે જ વિનીત બની શકે.) પ્રદક્ષિણાવર્ત=અગ્નિના તાપથી સ્વભાવથી જમણી તરફથી ગોળ ગોળ ફરે છે. ગુરુ=સારયુક્ત છે. અદાહ્ય=સારયુક્ત હોવાથી જ અગ્નિથી ન બળે. અકુથનીય=સારયુક્ત હોવાથી જ તેમાં દુર્ગંધ=સડો ન [1]હોય. [૧૧૯૨]

दार्ष्टान्तिकमधिकृत्याह-

**इअ मोहविसं घायइ, सिवोवएसा रसायणं होइ ।**

**गुणओ अ मंगलत्थं, कुणइ विणीओ अ जोगत्ति ॥ ११९३ ॥**

**वृत्तिः**- '**इति मोहविषं घातयति**' केषाञ्चित् '**शिवोपदेशात्**', तथा '**रसायनं भवति**', अत एव, [2]परिणतान्मुख्यं, '**गुणतश्च मङ्गलार्थं करोति**', प्रकृत्या '**विनीतश्च योग्य इति**'कृत्वा एष गाथार्थः ॥ ११९३ ॥

**मग्गणुसारि पयाहिण, गंभीरो गुरुअओ तहा होइ ।**

**कोहग्गिणा अडज्झो, अकुत्थ सइ सीलभावेण ॥ ११९४ ॥**

---

૧. દશવૈ નિ. ગા. ૩૫૧.

૨. परिणतान् मुख्यं गुणतश्च એ પાઠના સ્થાને परिणतान्मुख्यगुणतश्च એવો પાઠ હોય તો અર્થ વધારે સંગત બને, અનુવાદમાં परिणतान्मुख्यगुणतश्च એ પાઠ સમજીને અર્થ કર્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**- '**मार्गानुसारित्वं**' सर्वत्र '**प्रदक्षिणा**'वर्त्तता, '**गम्भीर**'श्चेतसा '**गुरुः, तथा भवति क्रोधाग्निनाऽदाह्यो**', ज्ञेयोऽ**कुथनीयः सदो**'चितेन '**शीलभावेने**'ति गाथार्थः ॥ ११९४ ॥

[1]**દાર્ષ્ટાન્તિકને = સાધુને ઉદ્દેશીને કહે છે–**

સુવર્ણની જેમ સાધુ પણ વિષઘાતી, રસાયન, મંગલાર્થ, વિનીત, પ્રદક્ષિણાવર્ત, ગુરુ, અદાહ્ય અને અકુથનીય છે.

**વિષઘાતી** = મોક્ષનો ઉપદેશ આપીને અન્ય જીવોના મોહ રૂપ વિષનો નાશ કરે છે. **રસાયન** = મોક્ષનો ઉપદેશ આપીને અજર-અમર બનાવે છે. **મંગલાર્થ** = પરિણમેલા મુખ્ય ગુણોથી મંગલનું કાર્ય કરે છે, અર્થાત્ વિઘ્નોનો વિનાશ કરે છે. **વિનીત** = યોગ્ય હોવાથી સ્વભાવથી જ વિનયયુક્ત હોય છે. **પ્રદક્ષિણાવર્ત** = માર્ગાનુસારી (મોક્ષમાર્ગ રૂપ તાત્ત્વિક માર્ગને અનુસરનાર) છે. **ગુરુ** = ગંભીર (અતુચ્છ ચિત્તવાળો) હોય છે. **અદાહ્ય** = ક્રોધરૂપી અગ્નિથી ન બળે. **અકુથનીય** = સદા ઉચિત શીલરૂપ સુગંધ હોવાથી (દુર્ગુણો રૂપ) દુર્ગંધ ન હોય. [૧૧૯૩-૧૧૯૪]

**एवं दिट्ठंतगुणा, सज्झम्मिवि एत्थ होंति णायव्वा ।**
**ण हि साहम्माभावे, पायं जं होइ दिट्ठंतो ॥ ११९५ ॥**

**वृत्तिः**- '**एवं दृष्टान्तगुणा**'-विषघातित्वादयः '**साध्येऽप्यत्र**'-साधौ '**भवन्ति ज्ञातव्याः, न हि साधर्म्याभावे**' एकान्तेनैव '**प्रायो यद्**'-यस्माद् '**भवति दृष्टान्त**' इति गाथार्थः ॥ ११९५ ॥

**(ઉપર્યુક્ત વિષયની પ્રસ્તુતમાં યોજના કરે છે–)**

સુવર્ણ દૃષ્ટાંતના વિષઘાત વગેરે ગુણો તાત્ત્વિક સાધુરૂપ સાધ્યમાં પણ હોય છે. કારણ કે જેમાં (સાધ્યની સાથે) સર્વથ સમાનતા ન હોય તે પ્રાયઃ દૃષ્ટાંત ન બને. (વૈધર્મ્ય દૃષ્ટાંત પણ હોય છે એ જણાવવા અહીં 'પ્રાયઃ' શબ્દનો ઉલ્લેખ કર્યો છે. જેમકે-શાસ્ત્રોક્ત ગુણોથી રહિત સાધુ સાધુ નથી, નકલી સુવર્ણની જેમ. અહીં નકલી સુવર્ણ વૈધર્મ્ય દૃષ્ટાંત છે. ન્યાયની ભાષામાં यत्र यत्र वह्न्यभावस्तत्र तत्र धूमाभावः जलह्रदवत् અહીં जलह्रद વૈધર્મ્ય = વ્યતિરેકી દૃષ્ટાંત છે.) [૧૧૯૫]

**चउकारणपरिसुद्धं, कसछेअत्तावताडणाए अ ।**
**जं तं विसघाइरसायणाइगुणसंजुअं होइ ॥ ११९६ ॥**

**वृत्तिः**- '**चतुष्कारणपरिशुद्धं**' चैतद् भवति, '**कषेण छेदेन तापेन ताडनया चे**'ति, '**यदे**'-वम्भूतं '**तद्विषघातिरसायनादिगुणसंयुक्तं भवति**', नान्यत्, परीक्षेयमिति गाथार्थः ॥ ११९६ ॥

**કેવા સોનામાં ઉક્ત આઠ ગુણો હોય તે જણાવે છે–**

જે સોનું કષ, છેદ, તાપ અને તાડના રૂપ કારણોથી (= પરીક્ષાઓથી) નિર્દોષ સિદ્ધ થાય તે સોનું વિષઘાત, રસાયન વગેરે અસાધારણ આઠ ગુણોથી યુક્ત હોય, ઉક્ત પરીક્ષાઓથી જે

---

૧. દાર્ષ્ટાન્તિક એટલે જેને દૃષ્ટાંત લાગુ પડે તે.

जैनम् जयति शासनम् JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નિર્દોષ સિદ્ધ ન થાય, તેમાં ઉક્ત ગુણો ન હોય. કષ વગેરે સુવર્ણની પરીક્ષા (કસોટી) છે.

કષ = કસોટી ઉપર ઘસવું. છેદ = છીણી આદિથી કાપવું. તાપ = અગ્નિમાં તપાવવું. તાડના = કૂટવું. [૧૧૯૬]

**इअरम्मि कसाईआ, विसिट्ठलेसा तहेगसारत्तं ।**

**अवगारिणि अणुकंपा, वसणे अइनिच्चलं चित्तं ॥ ११९७ ॥**

**वृत्तिः**- '**इतरस्मिन्**' साधौ '**कषादयो**' यथासङ्ख्यमेते, यदुत-'**विशिष्टा लेश्या**' कषः, '**तथैकसारत्वं**' छेदः, '**अपकारिण्यनुकम्पा**' तापः, '**व्यसनेऽतिनिश्चलं चित्तं**' ताडना, एषा परीक्षेति गाथार्थः ॥ ११९७ ॥

(તાત્ત્વિક સાધુમાં કષ વગેરેની ઘટના કરે છે-)

(તાત્ત્વિક) સાધુમાં કષ વગેરે અનુક્રમે આ પ્રમાણે છે- તેજોલેશ્યા વગેરે વિશિષ્ટ લેશ્યા કષ છે. (કારણ કે નિર્મલતાની અપેક્ષાએ સુવર્ણ અને સાધુમાં સમાનતા છે. અર્થાત્ જેમ કષથી શુદ્ધ સોનું નિર્મલ હોય છે તેમ તેજોલેશ્યા આદિ શુભ લેશ્યાથી યુક્ત સાધુ નિર્મલ હોય છે.) શુદ્ધભાવની જ પ્રધાનતા એ છેદ છે. (જેમ છેદશુદ્ધિવાળા સુવર્ણમાં શુદ્ધિની પ્રધાનતા હોય છે, તેમ છેદશુદ્ધિવાળા સાધુમાં શુદ્ધભાવની જ પ્રધાનતા હોય છે.) અપકારી પ્રત્યે અનુકંપા એ તાપ છે. (કારણ કે વિકારાભાવની અપેક્ષાએ સુવર્ણ અને સાધુમાં સમાનતા છે, અર્થાત્ જેમ તાપશુદ્ધ સોનું અગ્નિમાં બળવા છતાં વિકાર ન પામે, તેમ તાપશુદ્ધ સાધુ અપકારી પ્રત્યે પણ ક્રોધાદિ વિકારને ન પામે.) રોગાદિમાં અત્યંત નિશ્ચલતા એ તાડના છે. (આમાં પ્રસ્તુત સ્વરૂપની પ્રધાનતા છે, અર્થાત્ જેમ તાડનાશુદ્ધ સુવર્ણમાં સુવર્ણના આઠ ગુણો હોય છે, તેમ તાડનાશુદ્ધ સાધુમાં શાસ્ત્રોક્ત સાધુના ગુણો હોય છે.) વિશિષ્ટ લેશ્યા વગેરે સાધુની પરીક્ષા છે. [૧૧૯૭]

**तं कसिणगुणोवेअं, होइ सुवण्णं न सेसयं जुत्ती ।**

**णवि णामरूवमित्तेण एवं अगुणो हवइ साहू ॥ ११९८ ॥**

**वृत्तिः**- '**तत्कृत्स्नगुणोपेतं**' सद्'**भवति सुवर्णं**' तात्त्विकं, '**न शेषकं**' '**युक्ति**'रिति युक्तिसुवर्णं, '**नापि नामरूपमात्रेण**' बाह्येन '**एवमगुणः**' सन् भावापेक्षया '**भवति साधु**'रिति गाथार्थः ॥ ११९८ ॥

(નામ અને રૂપમાત્રથી સાધુ ન બની શકાય તે કહે છે-)

જેમ પૂર્વોક્ત આઠ ગુણોથી યુક્ત સોનું તાત્ત્વિક સોનું છે, ગુણોથી રહિત સોનું તાત્ત્વિક સોનું નથી, કેમ કે તે યુક્તિ (= બનાવટી) સુવર્ણ છે. તેમ (શાસ્ત્રોક્ત) સાધુના ગુણોથી રહિત સાધુ નામમાત્રથી કે રૂપમાત્રથી તાત્ત્વિક સાધુ ન [1]કહેવાય. [૧૧૯૮]

**जुत्तीसुवण्णयं पुण, सुवण्णवण्णं तु जइवि कीरित्ता ( ज्जा ) ।**

**णहु होइ तं सुवण्णं, सेसेहिँ गुणेहिऽसंतेहिं ॥ ११९९ ॥**

૧. દશવૈ. નિ. ગા. ૩૫૩ થી ૩૫૭.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**- '**युक्तिसुवर्णकं पुनः**'-अतात्त्विकं '**सुवर्णवर्णमिव यद्यपि क्रियेत**' कथञ्चित् तथापि '**न भवति तत् सुवर्णं, शेषैर्गुणैः**'-विषघातित्वादिभि'**रसद्भिरि**'ति गाथार्थः ॥ ११९९ ॥

(સોનાના રંગમાત્રથી સોનું ન બને એ કહે છે–)

સુવર્ણ ન હોવા છતાં બીજાં દ્રવ્યોના સંયોગથી સુવર્ણ જેવું હોય તે યુક્તિ (= નકલી) સુવર્ણ છે. યુક્તિસુવર્ણ અસલી સુવર્ણ જેવું પીળું કરવામાં આવે તો પણ બાકીના વિષઘાત વગેરે ગુણો ન હોવાથી તાત્ત્વિક સુવર્ણ ન બને. [૧૧૯૯]

प्रस्तुतमधिकृत्याह-

**जे इह सुत्ते भणिआ, साहुगुणा तेहिं होइ सो साहू ।**
**वण्णेणं जच्चसुवण्णयं व संते गुणणिहिम्मि ॥ १२०० ॥**

**वृत्तिः**- '**य इह शास्त्रे भणिता**' मूलगुणादयः '**साधुगुणास्तैर्भवत्यसौ साधुः वर्णेन**' सता '**जात्य-सुवर्णवत् सति** '**गुणनिधौ**' विषघातित्वादिरूप इति गाथार्थः ॥ १२०० ॥

પ્રસ્તુત અધિકારને આશ્રયીને કહે છે–

જેમ પીળું સોનું તેમાં વિષઘાતાદિ ગુણો હોય તો શુદ્ધ (= તાત્ત્વિક) સુવર્ણ બને છે, તેમ શાસ્ત્રમાં કહેલા મૂલગુણો વગેરે સાધુગુણોથી તે તાત્ત્વિક સાધુ બને છે. [૧૨૦૦]

दार्ष्टान्तिकमधिकृत्याह-

**जो साहू गुणरहिओ, भिक्खं हिंडइ ण होइ सो साहू ।**
**वण्णेणं जुत्तिसुवण्णयं वऽसंते गुणणिहिम्मि ॥ १२०१ ॥**

**वृत्तिः**- '**यः साधुर्गुणरहितः**' सन् '**भिक्षामटति न भवत्यसौ साधुः**', एतावता '**वर्णेन**' सता केवलेन, '**युक्तिसुवर्णवद्, असति गुणनिधौ**'-विषघातित्वादिरूप इति गाथार्थः ॥ १२०१ ॥

દાર્ષ્ટાન્તિકને (= સાધુને) આશ્રયીને કહે છે–

જેમ વિષઘાતાદિ ગુણોથી રહિત યુક્ત સુવર્ણ પીળા વર્ણમાત્રથી તાત્ત્વિક સોનું ન કહેવાય, તેમ જે સાધુ સાધુના ગુણોથી રહિત હોવા છતાં ભિક્ષા માટે ફરે છે, તે ભિક્ષા માટે ફરવા માત્રથી તાત્ત્વિક સાધુ ન કહેવાય. [૧૨૦૧]

**उद्दिट्ठकडं भुंजइ, छक्कायपमद्दणो घरं कुणइ ।**
**पच्चक्खं च जलगए, जो पिअइ कहण्णु सो साहू ? ॥ १२०२ ॥**

**वृत्तिः**- '**उद्दिश्य कृतं भुङ्क्ते**', आकुट्टिकया, '**षट्कायप्रमर्द्दनो**' निरपेक्षतया, '**गृहं करोति**' देवव्याजेन, '**प्रत्यक्षं च जलगतान्**' प्राणिनो '**यः पिबत्या**'कुट्टिकया एव, '**कथं न्वसौ साधु**'र्भवति ?, नैवेति गाथार्थः ॥ १२०२ ॥

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(ગુણરહિત સાધુનું વર્ણન કરે છે–)

જે ઈરાદાપૂર્વક આધાકર્મ વગેરે આહારનું ભોજન કરે છે, નિરપેક્ષપણે પૃથ્વીકાયાદિ છ કાયનો આરંભ કરે છે, [1]દેવના બહાને ઘર બનાવે છે, તથા ઈરાદાપૂર્વક જ પાણીમાં રહેલા અપ્કાયના જીવોને પીએ છે = ઉપયોગ કરે છે, તે કોઈ પણ રીતે તાત્ત્વિક સાધુ [2]નથી. [૧૨૦૨]

**अण्णे उ कसाईआ, किर एए एत्थ होइ णायव्वा ।**
**एआहिँ परिक्खाहिं, साहुपरिक्खेह कायव्वा ॥ १२०३ ॥**

**वृत्तिः**- '**अन्ये त्वा**'चार्याः इत्थमभिदधति- '**कषादयः**' प्रागुक्ताः '**किल एते**'- उद्दिष्टभोक्तृत्वादयः '**अत्र**' साध्वधिकारे '**भवन्ति ज्ञातव्या**' यथाक्रमं, किमुक्तं भवति ? '**ताभिः परीक्षाभिः**' भावसाराभिः '**साधुपरीक्षा इह**' प्रक्रमे '**कर्त्तव्येति**' गाथार्थः ॥ १२०३ ॥

(સાધુસંબંધી કષ વગેરે પરીક્ષા વિષે મતાંતર કહે છે–)

બીજા આચાર્યો કહે છે- સાધુની પરીક્ષાના અધિકારમાં કષ વગેરે ક્રમશઃ આધાકર્મઆહારનું ભોજન વગેરે છે. અહીં (સાધુની પરીક્ષાના અધિકારમાં) અનંતરોક્ત આધાકર્મ આહાર ન લેવો વગેરે પારમાર્થિક પરીક્ષાઓથી સાધુની પરીક્ષા કરવી. [૧૨૦૩]

प्रकृतयोजनामाह–

**तम्हा जे इह सत्थे, साहुगुणा तेहिँ होइ सो साहू ।**
**अच्चंतसुपरिसुद्धेहिँ मोक्खसिद्धित्ति काऊणं ॥ १२०४ ॥**

**वृत्तिः**- निगमयन्नाह–'**तस्माद् य इह शास्त्रे**' भणिताः '**साधुगुणाः**'- प्रतिदिनक्रियादयः '**तैः**' करणभूतैः '**भवत्यसौ**' भाव '**साधुः**' नान्यथा, अत्यन्तसुपरिशुद्धैः, तैरपि न द्रव्यमात्ररूपैः, मोक्षसिद्धिरितिकृत्वा, भावमन्तरेण तदनुपपत्तेरिति गाथार्थः ॥ १२०४ ॥

ઉપસંહાર કરે છે–

જે જીવ સાધુના ગુણોથી રહિત હોય તે સાધુ નથી, માટે શાસ્ત્રમાં કહેલા પ્રતિદિનક્રિયા વગેરે સાધુગુણોથી તે ભાવસાધુ બને છે, તે વિના નહિ. તે ગુણો પણ માત્ર દ્રવ્ય રૂપ નહિ, કિંતુ અત્યંત સુવિશુદ્ધ હોવા જોઈએ. કારણ કે ("જે સદા મોક્ષની સાધના કરે = મોક્ષ મેળવવાનો પ્રયત્ન કરે તે સાધુ" એવી સાધુશબ્દની વ્યાખ્યા હોવાથી) મોક્ષની પ્રાપ્તિ માત્ર દ્રવ્યગુણોથી ન થાય, કિંતુ અત્યંત સુવિશુદ્ધ ગુણોથી થાય. ભાવ વિના સુવિશુદ્ધ અત્યંત ગુણોની પ્રાપ્તિ ન થાય. [૧૨૦૪]

૧. અહીં ભાવ આ પ્રમાણે જણાય છે- બીજે નિર્દોષ વસતિ મળતી હોવા છતાં મંદિરની બાજુમાં મકાન હોય તો મંદિરની રક્ષા થાય વગેરે બહાને મંદિરની બાજુમાં પોતાના માટે મકાન બનાવે કે ભાડેથી લે અને તેમાં રહે. દ. વૈ. માં નિર્દોષ વસતિ મળવા છતાં મૂર્ચ્છાથી તેમ કરે એવાં ભાવનું જણાવ્યું છે.

૨. દશવૈ. નિ. ગા. ૩૫૭.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प्रकृतयोजनामाह-

**अलमित्थ पसंगेणं, एवं खलु होइ भावचरणं तु ।**

**पडिबुज्झिस्संतऽण्णे, भावज्जिअकम्मजोएणं ॥ १२०५ ॥**

**वृत्तिः- 'अलमत्र प्रसङ्गेन'**-प्रमाणाभिधानादिना, **'एवं खलु भवति भावचरणम्'**-उक्तस्वरूपं, कुत इत्याह-**'प्रतिभोत्स्यन्ते अन्ये'** प्राणिन इति **'भावार्जितकर्म्मयोगेन'** जिनायतनविषयेणेति गाथार्थः ॥ १२०५ ॥

પ્રસ્તુત (મુખ્ય) વિષયનું અનુસંધાન કરે છે–

જિનમંદિર નિર્માણના પ્રકરણમાં પ્રમાણકથન વગેરે પ્રાસંગિક આટલું બસ છે. પૂર્વે (૧૧૫૯મી ગાથામાં) કહ્યું તેમ "બીજા જીવો પણ પ્રતિબોધ પામશે"[1] એવા જિનમંદિર સંબંધી ભાવથી ઉપાર્જિત કર્મથી ભાવચારિત્રની પ્રાપ્તિ થાય છે. [૧૨૦૫]

**अपरिवडिअसुहचिंता-भावज्जियकम्मपरिणईओ उ ।**

**एअस्स जाइ अंतं, तओ स आराहणं लहइ ॥ १२०६ ॥**

**वृत्तिः- 'अप्रतिपतितशुभचिन्ताभावार्ज्जितकर्म्मपरिणतेस्तु'** सकाशाज्जिनायतनविषयायाः **'एतस्य'** चरणस्य **'यात्यन्तं, ततः स आराधनां लभते'** शुद्धामिति गाथार्थः ॥ १२०६ ॥

(સ્થિર શુભચિંતાનું ફળ જણાવે છે–)

૧૧૨૮મી ગાથામાં જણાવેલ "જે ધન જિનમંદિરમાં વપરાય છે એ જ (વાસ્તવિક) ધન છે" એવી જિનમંદિર સંબંધી સ્થિર શુભચિંતારૂપ ભાવથી ઉપાર્જિત શુભ કર્મના વિપાકથી સ્વીકૃત ચારિત્રના પારને પામે છે, અર્થાત્ ચારિત્રને જીવનપર્યંત બરોબર પાળે છે, અને એથી વિશુદ્ધ આરાધનાને પામે છે. (કારણ કે જેના ચારિત્રનું પતન થયું નથી તેને જ ચારિત્રની આરાધના થાય છે.) [૧૨૦૬][2]

एतदेवाह-

**निच्छयणया जमेसा, चरणपडिवत्तिसमयओ पभिई ।**

**आमरणंतमजस्सं, संजमपरिपालणं विहिणा ॥ १२०७ ॥**

**वृत्तिः- 'निश्चयमताद् यदेषा'**-आराधना **'चरणप्रतिपत्तिसमयतः प्रभृति आमरणान्तमजस्रम्'**-अनवरतं **'संयमपरिपालनं विधिने'**ति गाथार्थः ॥ १२०७ ॥

આ (જીવનપર્યંત ચારિત્રપાલક ચારિત્રનો આરાધક બને છે એ) જ કહે છે–

**પ્રશ્ન-** જીવનપર્યંત બરોબર ચારિત્ર પાળવાથી જ ચારિત્રની આરાધના થાય છે એમ કહ્યું,

---

૧. ૧૧૨૮મી ગાથામાં આ ભાવનું વર્ણન છે.

૨. ૧૨૦૬-૭-૮ એ ત્રણ ગાથા સાતમા પંચા. માં અનુક્રમે ૪૮-૪૯-૫૦ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તો શું ચારિત્રનું પતન થઈ ગયા પછી ફરી છેલ્લે છેલ્લે મરણ સમયે પણ ચારિત્રનું પાલન થાય તો ચારિત્રની આરાધના ન કહેવાય ?

**ઉત્તર**- વ્યવહારનયથી ચારિત્રનું પતન થવા છતાં મરણ સમયે પણ ચારિત્રનું પાલન થાય તો ચારિત્રની આરાધના છે. જ્યારે નિશ્ચયનયથી ચારિત્ર સ્વીકારના સમયથી માંડી મરણ સમય સુધી સતત આગમોક્ત વિધિથી ચારિત્રનું પાલન કરવાથી ચારિત્રની આરાધના થાય છે. [૧૨૦૭]

**आराहगो अ जीवो, सत्तट्ठभवेहिँ सिज्झई णिअमा ।**
**संपाविऊण परमं, हंदि अहक्खायचारित्तं ॥ १२०८ ॥**

**वृत्तिः**- '**आराधकश्च जीवः**' परमार्थतः '**सप्ताष्टभिर्भवैः**'-जन्मभिः '**सिद्ध्यति नियमात्**', कथमित्याह-'**सम्प्राप्य**' '**परमं**' प्रधानं '**हन्दि**' '**यथाख्यातचारित्रम्**' अकषायमिति गाथार्थः ॥ १२०८ ॥

(આરાધનાનું ફળ જણાવે છે-)

ચારિત્રનો આરાધક જીવ પરમાર્થથી સાત-આઠ ભવોથી પ્રધાન યથાખ્યાત ચારિત્રને પામીને અવશ્ય સિદ્ધ થાય છે.

(**પ્રશ્ન**- સાત-આઠ ભવોની ગણતરી કેવી રીતે કરવી ? મનુષ્ય ભવમાંથી દેવલોકમાં; દેવલોકમાંથી મનુષ્ય ભવમાં એમ મનુષ્ય-દેવલોકમાં સાત-આઠ ભવો ગણવા કે આરાધનાના, એટલે કે જે ભવોમાં (જ્ઞાનાદિની) આરાધના થઈ હોય તે ગણવા ?

**ઉત્તર**- જે ભવોમાં (જ્ઞાનાદિની) આરાધના થઈ હોય તેવા ભવો ગણવા. કારણ કે મનુષ્ય-દેવલોકના ભવો ગણવામાં સાત જ ભવ થાય. સાતમો ભવ મનુષ્યનો છે. ચારિત્રનો આરાધક મનુષ્યલોકમાં ઉત્પન્ન ન થાય, વૈમાનિક દેવલોકમાં જ ઉત્પન્ન થાય. એટલે આઠમા ભવમાં મોક્ષમાં ન જઈ શકે. આથી સાત જ ભવ થાય, આઠ ભવ ન થાય. જો આઠમા ભવે દેવલોકમાં જઈને પછી મનુષ્યભવમાં મોક્ષ પામે તો નવ ભવ થાય. આથી આરાધનાના સાત-આઠ ભવો ગણવા. કોઈ જીવ સાત ભવોમાં આરાધના કરીને મોક્ષે જાય, તો કોઈ જીવ [1]આઠ ભવોમાં આરાધના કરીને મોક્ષે જાય. ઉત્કૃષ્ટ આરાધનાથી તો કોઈ જીવ તે જ ભવમાં પણ મોક્ષમાં જાય છે.) [૧૨૦૮]

**दव्वत्थयभावत्थय-रूवं एअमिह होइ दट्ठव्वं ।**
**अण्णोण्णसमणुविद्धं, णिच्छयओ भणियविसयं तु ॥ १२०९ ॥**

**वृत्तिः**-'**द्रव्यस्तवभावस्तवरूपमेतद्**'-अनन्तरोक्त'**मिह भवति द्रष्टव्यं**', किम्भूतमित्याह-'**अन्योऽन्यसमनुविद्धं**', न केवलं, '**निश्चयतो भणितविषयमे**'वेति गाथार्थः ॥ १२०९ ॥

(બંને સ્તવ પરસ્પર સંકળાયેલા છે તે જણાવે છે-)

જિનભવન નિર્માણાદિ દ્રવ્યસ્તવ અને ચારિત્રસ્વીકારરૂપ ભાવસ્તવ એ બે ભિન્ન હોવા છતાં

૧. अट्ठभवा उ चरित्ते = ચારિત્રસ્વીકારના આઠ ભવો છે, અર્થાત્ આઠ ભવોમાં ચારિત્રનો સ્વીકાર કર્યા પછી અવશ્ય મોક્ષની પ્રાપ્તિ થાય. (આ. નિ. ગા. ૮૫૬)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરમાર્થથી પરસ્પર સંકળાયેલા=સાપેક્ષ છે. દ્રવ્યસ્તવ અને ભાવસ્તવનો વિષય પહેલાં કહેવાઈ ગયો છે. (તે આ પ્રમાણે છે- દ્રવ્યસ્તવનો વિષય = અધિકારી ગૃહસ્થ છે, અને ભાવસ્તવનો વિષય = અધિકારી સાધુ છે. ગૃહસ્થને મુખ્યરૂપે દ્રવ્યસ્તવ અને સાધુને મુખ્યરૂપે ભાવસ્તવ છે. ગૌણ રૂપે તો ગૃહસ્થને પણ ભાવસ્તવ છે, અને સાધુને પણ દ્રવ્યસ્તવ છે. ગૃહસ્થને પણ ચારિત્રની ભાવના, અનુમોદના આદિથી અને સામાયિક આદિથી ગૌણ રૂપે ભાવસ્તવ છે. સાધુને પણ દ્રવ્યસ્તવની અનુમોદના-પ્રશંસાદિથી દ્રવ્યસ્તવ છે. આથી જ અહીં બંને સ્તવ પરસ્પર સંકળાયેલા છે એમ કહ્યું છે.)[૧૨૦૯][1]

**जइणोऽवि हु दव्वत्थय-भेओ अणुमोअणेण अत्थित्ति ।**
**एअं च इत्थ णेअं, इय सिद्धं तंतजुत्तीए ॥ १२१० ॥**

**वृत्तिः**- '**यतेरपि द्रव्यस्तवभेदो**', लेशः, '**अनुमोदनेनास्त्येव**' द्रव्यस्तवस्य, '**एतच्चात्र ज्ञेयम**'-नुमोदनमेवं '**सिद्धं तन्त्रयुक्त्या**' वक्ष्यमाणयेति गाथार्थः ॥ १२१० ॥

**तंतम्मि वंदणाए, पूअणसक्कारहेउमुस्सग्गो ।**
**जइणोऽवि हु निद्दिट्ठो, ते पुण दव्वत्थयसरूवे ॥ १२११ ॥**

**वृत्तिः**- '**तन्त्रे**' सिद्धान्ते '**वन्दनायां, पूजनसत्कारहेतुः**'-एतदर्थमित्यर्थः, '**कायोत्सर्गो यतेरपि निर्दिष्टः**', 'पूयणवत्तियाए सक्कारवत्तियाए'त्ति वचनात्, '**तौ पुनः**' पूजनसत्कारौ '**द्रव्य-स्तवस्वरूपौ**', नान्यरूपाविति गाथार्थः ॥ १२११ ॥

जैन साईट JAINSITE .com जनम् जयति शासनम्

(સાધુને દ્રવ્યસ્તવ હોય છે તેમાં પ્રમાણ કહે છે-)

સાધુને પણ જિનપૂજનાદિના દર્શનથી થયેલ હર્ષ-પ્રશંસા આદિ રૂપ અનુમોદનાથી[2]દ્રવ્યસ્તવ છે.

પ્રશ્ન- સર્વ સાવદ્યનો ત્યાગ કરનાર સાધુની કંઈક સાવદ્ય દ્રવ્યસ્તવની અનુમોદના પ્રમાણરહિત હોવાથી દોષિત છે.

ઉત્તર- સાધુની દ્રવ્યસ્તવની અનુમોદના નીચે કહેવાશે તે શાસ્ત્રયુક્તિથી શુદ્ધ છે. [૧૨૧૦]

[3]ચૈત્યવંદન નામના શાસ્ત્રમાં 'અરિહંત ચેઈઆણં' સૂત્રમાં पूयणवत्तियाए सक्कारवत्तियाए એ વચનથી સાધુને પણ પૂજન-સત્કાર નિમિત્તે કાઉસ્સગ્ગ કહ્યો છે. આ પૂજન અને સત્કાર દ્રવ્યસ્તવ છે. અર્થાત્ શાસ્ત્રમાં સાધુને દ્રવ્યસ્તવ રૂપ પૂજન-સત્કાર નિમિત્તે કાઉસ્સગ્ગ કરવાનું કહ્યું હોવાથી સાધુની દ્રવ્યસ્તવની અનુમોદના શાસ્ત્રસંમત છે. [૧૨૧૧]

एतदेवाह-

**मल्लाइएहिँ पूआ, सक्कारो पवरवत्थमाईहिं ।**
**अण्णे विवज्जओ इह, दुहावि दव्वत्थओ एत्थ ॥ १२१२ ॥**

---

૧. ૧૨૦૯ થી ૧૨૨૭ સુધીની ગાથાઓ છટ્ઠા પંચા.માં અનુક્રમે ૨૭ થી ૪૫ છે.
૨. લલિત-વિસ્તરા વગેરેમાં ઉપદેશ દ્વારા મંદિર વગેરે કરાવવાથી પણ સાધુને દ્રવ્યસ્તવ છે એમ કહ્યું છે.
૩. જેના ઉપર આચાર્ય શ્રીહરિભદ્રસૂરિની 'લલિત-વિસ્તરા' નામની ટીકા છે તે ચૈત્યવંદન શાસ્ત્ર.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**- **'माल्यादिभिः पूजा'**, तथा **'सत्कारः प्रवरवस्त्रालङ्कारादिभिः, अन्ये विपर्ययः इह'**-प्रवचने, वस्त्रादिभिः पूजा माल्यादिभिः सत्कार इति व्याचक्षते, सर्वथा **'द्विधापि'**, यथाऽस्तु तथाऽस्तु, **'द्रव्यस्तवोऽत्रा'**भिधेय इति गाथार्थः ॥ १२१२ ॥

तन्त्र एव युक्त्यन्तरमाह-

**ओसरणे बलिमाई, ण वेह जं भगवयाऽवि पडिसिद्धं ।**
**ता एस अणुण्णाओ, उचिआणं गम्मई तेण ॥ १२१३ ॥**

**वृत्तिः**- **'समवसरणे बल्यादि'** द्रव्यस्तवाङ्गं, **'न चेह यद्' 'भगवताऽपि'** तीर्थकरेण **'प्रतिषिद्धं, तदेषो'**ऽत्र द्रव्यस्तवो **ऽनुज्ञातः उचितेभ्यः'** प्राणिभ्यो **'गम्यते तेन'** भगवतेति गाथार्थः ॥ १२१३ ॥

**ण य भयवं अणुजाणइ, जोगं मोक्खविगुणं कयाई वि ।**
**तयणुगुणोऽवि अ जोगो, ण बहुमओ होइ अण्णेसिं ॥ १२१४ ॥**

**वृत्तिः**- **'न च भगवाननुजानाति 'योगं'** व्यापारं **'मोक्षविगुणं कदाचिदपि'**, मोहाभावात्, न च **'तदनुगुणोऽप्यसौ योगः न बहुमतो भवत्यन्येषां'**, किन्तु बहुमत एवेति गाथार्थः ॥ १२१४ ॥

JAINSITE.com जैनम् जयति शासनम्

આ (પૂજન-સત્કાર દ્રવ્યસ્તવ છે એ) જ કહે છે–

પુષ્પમાલા આદિથી થતી પૂજા પૂજન છે અને શ્રેષ્ઠ વસ્ત્ર, અલંકાર આદિથી થતી પૂજા સત્કાર છે. કેટલાક આચાર્યો આનાથી વિપરીત કહે છે, અર્થાત્ શ્રેષ્ઠ વસ્ત્ર આદિથી થતી પૂજા એ પૂજન છે અને પુષ્પમાલા આદિથી થતી પૂજા એ સત્કાર છે એમ કહે છે. અર્થ જે હોય તે, પણ બંને અર્થ પ્રમાણે પૂજન-સત્કાર દ્રવ્યસ્તવ છે એમ અહીં કહેવું. છે. [૧૨૧૨]

સાધુને દ્રવ્યસ્તવ હોય છે તેમાં શાસ્ત્રમાં જ મળતી અન્ય યુક્તિ કહે છે–

સમવસરણમાં બલિ આદિથી થતી પૂજા દ્રવ્યસ્તવ છે. ભગવાને પણ તેનો નિષેધ કર્યો નથી. આથી ભગવાને યોગ્ય જીવોને દ્રવ્યસ્તવની અનુજ્ઞા આપી છે એમ જણાય છે. (કારણ કે ''अनिषिद्ध-मनुमतम्=જેનો નિષેધ ન થાય તે અનુમત-સંમત છે'' એવો નિયમ છે.)[૧૨૧૩]ભગવાન મોહરહિત હોવાથી મોક્ષને પ્રતિકૂળ ક્રિયાની અનુમતિ ક્યારે પણ ન આપે, અને અન્યની મોક્ષને અનુકૂળ પણ ક્રિયામાં ભગવાનની અનુમતિ ન હોય એવું બને નહિ, અનુમતિ હોય જ. [૧૨૧૪]

**जो चेव भावलेसो, सो चेव य भगवओ बहुमओ उ ।**
**न तओ विणेअरेणंति अत्थओ सोऽवि एमेव ॥ १२१५ ॥**

**वृत्तिः**- **'य एव भावलेशो'** बल्यादौ क्रियमाणे **'स एव च भगवत'**स्तीर्थकरस्य **'बहुमत'** इत्या-शङ्कयाह-**'नासौ'**-भावलेशो **'विनेतरेण'**-द्रव्यस्तवेने**त्यर्थतः सोऽपि'**-द्रव्यस्तव **'एवमेव'**-अनुमत इति गाथार्थः ॥ १२१५ ॥

**પૂર્વપક્ષ**- બલિ આદિ કરવામાં જે થોડો (ભગવદ્ બહુમાનરૂપ) ભાવ થાય છે તે જ ભગવાનને અનુમત છે. (પણ દ્રવ્યસ્તવ અનુમત નથી) **ઉત્તરપક્ષ**- ભાવલેશ દ્રવ્યસ્તવ વિના બીજા યોગથી થતો નથી. આથી અર્થાપત્તિથી દ્રવ્યસ્તવ પણ અનુમત છે. [૧૨૧૫]

एतदेवाह-

**कज्जं इच्छंतेणं, अणंतरं कारणंपि इट्ठं तु ।**
**जह आहारजतत्तिं, इच्छंतेणेह आहारो ॥ १२१६ ॥**

**वृत्तिः**- '**कार्यमिच्छताऽनन्तरं**'-मोक्षफलकारि '**कारणमपीष्टमेव**' भवति, कथमित्याह- '**यथाऽऽहारजां तृप्तिमिच्छता इहलोके आहार**' इष्ट इति गाथार्थः ॥ १२१६ ॥

**આ જ કહે છે–**

કાર્યની ઈચ્છાવાળાને અનંતર (જેનાથી સીધું કાર્ય થાય તે) કારણની ઈચ્છા થાય જ છે. જેમકે આ લોકમાં ભૂખ શમાવવાની ઈચ્છાવાળાને આહારની ઈચ્છા થાય જ છે. (અર્થાત્ કાર્યની ઈચ્છામાં-અનુમતિમાં તેના અનંતર કારણની ઈચ્છા-અનુમતિ રહેલી જ હોય છે. આથી દ્રવ્યસ્તવ ભાવલેશનું અનંતર કારણ હોવાથી ભાવલેશની અનુમતિમાં દ્રવ્યસ્તવની અનુમતિ રહેલી જ છે. એટલે ભગવાનને ભાવલેશ અનુમત હોવાથી દ્રવ્યસ્તવ પણ અનુમત જ છે એ સિદ્ધ થાય છે.) [૧૨૧૬]

भवनादावपि विधिमाह-

**जिणभवणकारणादिऽवि, भरहाईणं न वारिअं तेण ।**
**जह तेसिं चिअ कामा, सल्लविसाईहिं वयणेहिं ॥ १२१७ ॥**

**वृत्तिः**- '**जिनभवणकारणाद्यपि**' द्रव्यस्तवरूपं '**भरतादीनां**' श्रावकाणां '**न वारितं तेन**' भगवता, '**यथा** '**तेषामेव**' भरतादीनां '**कामाः शल्यविषादिभिर्वचनै**'र्निवारिताः, 'सल्लं कामा विसं कामा' इति गाथार्थः ॥ १२१७ ॥

**જિનભવનનિર્માણ આદિમાં પણ ભગવાનની અનુમતિ છે એ કહે છે–**

શ્રી આદિનાથ ભગવાને ભરત આદિને જેમ શલ્ય, વિષ ઈત્યાદિ વચનોથી વિષયભોગનો નિષેધ કર્યો, તેમ દ્રવ્યસ્તવરૂપ જિનભવનનિર્માણ આદિનો નિષેધ કર્યો નથી. જો આદિનાથ ભગવાનને જિનભવનનિર્માણ આદિ અનુમત ન હોત તો તેનો પણ વિષયભોગની જેમ નિષેધ કર્યો હોત.

શલ્ય વગેરે વચનો આ પ્રમાણે છે-

सल्लं कामा विसं कामा, कामा आसीविसोवमा ।
कामे पत्थेमाणा अकामा जंति दुग्गइं ॥ (ઉત્તરા. ૯-૫૩)

"વિષયો શલ્ય સમાન છે, વિષયો ઝેર સમાન છે, વિષયો આશીવિષ સર્પ સમાન છે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિષયોની ઈચ્છા પૂરી ન થવાથી વિષયો ભોગવ્યા વિના પણ વિષયોની ઈચ્છા માત્રથી જીવો દુર્ગતિમાં જાય છે." [૧૨૧૭]

**ता तंपि अणुमयं चिअ, अप्पडिसेहाओ तंतजुत्तीए ।**

**इअ सेसाणवि एत्थं, अणुमोअणमाइ अविरुद्धं ॥ १२१८ ॥**

**वृत्तिः**- '**तत्तदप्यनुमतमेव**'-जिनभवनकारणादि, '**अप्रतिषेधात्**' कारणात्, '**तन्त्रयुक्त्या**' 'परमतम-प्रतिषिद्धमनुमति'मिति तन्त्रयुक्तिरित्यनया, '**इय**' भगवदनुज्ञानात् '**शेषाणामप्यत्र**' साधूनां'**मनुमोदनाद्यविरुद्धम्**', आदिशब्दात् कारणादिपरिग्रह इति गाथार्थः ॥ १२१८ ॥

ભગવાને જિનભવનનિર્માણ આદિનો અને સમવસરણમાં બલિ વગેરેનો નિષેધ ન કર્યો હોવાથી ભગવાનને તે અનુમત જ છે એમ (જો અનુમત ન હોય તો વિષયભોગની જેમ તેનો પણ નિષેધ કરત એવી) શાસ્ત્રયુક્તિથી સિદ્ધ થાય છે. અહીં "अप्रतिषिद्धमनुमतम्" એ પરમતરૂપ શાસ્ત્રયુક્તિ સમજવી. એ પ્રમાણે સાધુઓને પણ જિનબિંબનાં દર્શનથી થતા પ્રમોદથી અને જિનબિંબાદિ કરાવનારની પ્રશંસાથી દ્રવ્યસ્તવ સંબંધી અનુમોદના સંગત છે. તથા જિનબિંબાદિ કરાવનારની પ્રશંસા દ્વારા અને જિનબિંબાદિ કરાવવાથી થતા લાભનું વર્ણન કરીને બિંબાદિ કરાવવાનો ઉત્સાહ કરાવવા દ્વારા સાધુઓને દ્રવ્યસ્તવનું કરાવવું પણ સંગત છે. [૧૨૧૮]

युक्त्यन्तरमाह-

**जं च चउद्धा भणिओ, विणओ उपयारिओ उ जो तत्थ ।**

**सो तित्थयरे निअमा, ण होइ दव्वत्थया अन्नो ॥ १२१९ ॥**

**वृत्तिः**- '**यश्चतुर्द्धा भणितो विनयः**', ज्ञानदर्शनचारित्रौपचारिकभेदात्, '**औपचारिकस्तु**' विनयः '**यस्तत्र**'-विनयमध्ये '**स तीर्थकरे**' '**नियमाद्**' अवश्यन्तया '**न भवति द्रव्यस्तवादन्यः**', अपि तु द्रव्यस्तव एवेति गाथार्थः ॥ १२१९ ॥

**સાધુઓને દ્રવ્યસ્તવ હોય છે એમાં અન્ય યુક્તિ કહે છે–**

વિનયસમાધિ અધ્યયન વગેરેમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર અને ઔપચારિક એમ [1]ચાર પ્રકારનો વિનય કહ્યો છે. તેમાં જે ઔપચારિક વિનય છે તે તીર્થંકર વિષે દ્રવ્યસ્તવથી અન્ય નથી, કિંતુ દ્રવ્યસ્તવરૂપ જ છે. (ઔપચારિક વિનયનું સ્વરૂપ આ પ્રમાણે છે–

तित्थयर सिद्धकुलगण-संघकिरियधम्मनाणनाणीणं ।
आयरियथेरुवज्झाय गणीणं तेरस पयाणि ।
अणसायणा य भत्ती, बहुमाणो तह य वण्णसंजलणा ।
तित्थयरादी तेरस चउग्गुणा होंति बावन्ना ॥ (પ્ર. સા. ગા. ૫૫૦-૫૧)

૧. દશવૈ. વિનયસમાધિ અધ્યયનમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને ઉપચાર એમ પાંચ પ્રકારનો વિનય કહ્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"તીર્થંકર, સિદ્ધ, કુલ, ગણ, સંઘ, ક્રિયા, ધર્મ, જ્ઞાન, જ્ઞાની, આચાર્ય, સ્થવિર, ઉપાધ્યાય અને ગણી એ ૧૩ પદોની આશાતના ત્યાગ, ભક્તિ=બાહ્ય ભક્તિ, બહુમાન=આંતરિક માન અને પ્રશંસા એ ચાર પ્રકારે વિનય કરવો એ વિનયના ૧૩ x ૪ = પર ભેદ [1]છે. **કુલ** એટલે અનેક ગણોનો (ગચ્છોનો) સમુદાય. **ગણ** એટલે એક આચાર્યનો ગચ્છ (સમુદાય). **સ્થવિર** એટલે સીદાતા સાધુઓને સ્થિર કરનાર. **ગણી** એટલે સાધુસમુદાયનો અધિપતિ=આગેવાન. બાકીના પદોનો અર્થ સુગમ છે.") [૧૨૧૯]

**एअस्स उ संपाडण-हेउं तह हंदि वंदणाएवि ।**

**पूअणमाउच्चारण-मुववण्णं होइ जइणोऽवि ॥ १२२० ॥**

**वृत्तिः**- '**एतस्यैव**' द्रव्यस्तवस्य '**सम्पादनहेतोः**' सम्पादनार्थं '**तथा हन्दी**'त्युपप्रदर्शनं '**वन्दनायामपि**' सूत्ररूपायां '**पूजनाद्युच्चारणं**' 'पूयणवत्तियाए' इत्यादि '**उपपन्नं भवति**', न्याय्यमित्यर्थः, '**यतेरपीति**' गाथार्थः ॥ १२२० ॥

**इहरा अणत्थगं तं, ण य तयणुच्चारणेण सा भणिआ ।**

**ता अभिसंधारणमो, संपाडणमिट्ठमेअस्स ॥ १२२१ ॥**

**वृत्तिः**- '**इतरथा त्वनर्थकं तदु**'च्चारणं,'**न च तदनुच्चारणेन सा**'वन्दना'**भणिता**'यतः,'**तत्**' तस्माद्'**अभिसन्धारणेन**' विशिष्टेच्छारूपेण'**सम्पादनमिष्टमेतस्य**'-द्रव्यस्तवस्येति गाथार्थः ॥ १२२१ ॥

કાયોત્સર્ગથી દ્રવ્યસ્તવ (રૂપ ઔપચારિક વિનય) જ કરવા માટે "અરિહંત ચેઈઆણં એ વંદનાસૂત્રમાં 'पूअणवत्तियाए' ઈત્યાદિ પદોથી પૂજા આદિનો ઉલ્લેખ છે. આથી સાધુને પણ (અનુમોદના આદિથી) દ્રવ્યસ્તવ સંગત છે. [૧૨૨૦] 'पूअणवत्तियाए' વગેરે પદોથી પૂજન આદિનું ઉચ્ચારણ જો દ્રવ્યસ્તવ માટે ન હોય તો તે ઉચ્ચારણ નિરર્થક બને.

**પ્રશ્ન**- 'पूअणवत्तियाए' ઈત્યાદિ પદોનું ઉચ્ચારણ સાધુઓ ન કરે તો ઉચ્ચારણ નિરર્થક બનવાનો પ્રશ્ન ન રહે.

**ઉત્તર**- આગમમાં 'पूअणवत्तियाए' વગેરે પદોના ઉચ્ચારણ વિના વંદના કહી નથી, અર્થાત્ તે પદોના ઉચ્ચારણ વિના સાધુથી વંદના થઈ શકે નહિ. આથી કાયોત્સર્ગથી (અહિસંધારણઓ =) પૂજનાદિની ભાવના રૂપ વિશિષ્ટ ઈચ્છા દ્વારા સાધુઓ દ્રવ્યસ્તવ કરે એ શાસ્ત્રસંમત છે. [૧૨૨૧]

**सक्खा उ कसिणसंजम-दव्वाभावेहिं णो अयं इट्ठो ।**

**गम्मइ तंतठिईए, भावपहाणा हि मुणउ त्ति ॥ १२२२ ॥**

---

૧. અરિહંત, સિદ્ધ, ચૈત્ય (મંદિર-મૂર્તિ), શ્રુત, ધર્મ (યતિધર્મ), સાધુ, આચાર્ય, ઉપાધ્યાય, પ્રવચન (= સંઘ) અને દર્શન (સમ્યક્ત્વ) એ દશનો ભક્તિ, પૂજા, પ્રશંસા, નિંદાત્યાગ, આશાતનાત્યાગ એમ પાંચ પ્રકારનો વિનય કરવો તે દર્શન વિનય છે. (પ્ર. સા. ૯૩૦-૩૧) સમકિતના સડસઠ બોલની સજ્ઝાયમાં ભક્તિ, બહુમાન, ગુણસ્તુતિ, અવગુણાચ્છાદન અને આશાતનાનો ત્યાગ એમ પાંચ પ્રકારે અરિહંતાદિ દશનો વિનય જણાવ્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**– '**साक्षात्**' स्वरूपेणैव '**कृत्स्नसंयमद्रव्याभावाभ्यां**' कारणाभ्यां '**नायमिष्टो**', द्रव्यस्तव इति '**गम्यते**, '**तन्त्रस्थित्या**' पूर्वापरनिरूपणेन, गर्भार्थमाह–'**भावप्रधाना हि मुनय इति**'कृत्वोपसर्ज्जनमयमिति गाथार्थः ॥ १२२२ ॥

**(સાધુ સાક્ષાત્ દ્રવ્યસ્તવ કેમ ન કરે એ પ્રશ્નનું સમાધાન કરે છે–)**

સર્વથા પ્રાણાતિપાતવિરમણ રૂપ સંપૂર્ણ સંયમવાળા હોવાથી અને નિષ્પરિગ્રહી હોવાના કારણે ધન ન હોવાથી સાધુઓ સાક્ષાત્ દ્રવ્યસ્તવ કરે એ શાસ્ત્રસંમત નથી એમ શાસ્ત્રમાં પૂર્વાપરનો સંબંધ જોવાથી શાસ્ત્રનીતિથી જણાય છે. (શાસ્ત્રમાં યતિ માટે સ્નાનાદિનો અને પરિગ્રહનો નિષેધ છે.) કારણ કે મુનિઓ ભાવપ્રધાન હોય છે, અર્થાત્ મુનિઓમાં ભાવની પ્રધાનતા હોય છે, એથી દ્રવ્યસ્તવ ગૌણ હોય છે. [૧૨૨૨]

**एएहिंतो अण्णे, धम्महिगारीह जे उ तेसिं तु ।**

**सक्खं चिअ विण्णेओ, भावंगतया जओ भणिओ ॥ १२२३ ॥**

**वृत्तिः**– '**एतेभ्यो**' मुनिभ्यों ऽन्ये **धर्म्माधिकारिण**' इह '**ये**' श्रावका'**स्तेषां तु साक्षादेव विज्ञेयः**' स्वरूपेणैव '**भावाङ्गतया**' हेतुभूतया, '**यतो भणितं**' वक्ष्यमाणमिति गाथार्थः ॥ १२२३ ॥

**(સાક્ષાત્ પૂજા કરવાના અધિકારી શ્રાવકો છે એ જણાવે છે–)**

શ્રાવકોને તે શુભભાવનું (કે ભાવપૂજાનું) કારણ હોવાથી સાક્ષાત્ જ દ્રવ્યસ્તવ હોય છે. કારણ કે (આવ. નિ. ભા. ગા. ૧૯૬માં) નીચે પ્રમાણે કહ્યું છે. [૧૨૨૩]

**अकसिणपवत्तयाणं, विरयाविरयाण एस खलु जुत्तो ।**

**संसारपयणुकरणो, दव्वथए कूवदिट्ठंतो ॥ १२२४ ॥**

**वृत्तिः**– '**अकृत्स्नप्रवर्त्तकानां**' संयममधिकृत्य, '**विरताविरतानां**' प्राणिनां '**एष खलु युक्तः**', स्वरूपेणैव, '**संसारप्रतनुकरणः**' शुभानुबन्धात् '**द्रव्यस्तवः**', तस्मिन् '**कूपदृष्टान्तो**'ऽत्र प्रसिद्धकथानकगम्य इति गाथार्थः ॥ १२२४ ॥

અપૂર્ણ સંયમવાળા દેશવિરતિ શ્રાવકોને શુભકર્મના અનુબંધ દ્વારા સંસાર ઘટાડનાર દ્રવ્યસ્તવ સાક્ષાત્ જ કરવા યોગ્ય છે. આ વિષે કૂપનું દૃષ્ટાંત પ્રસિદ્ધ છે. [૧૨૨૪]

**सो खलु पुप्फाईओ तत्थुत्तो ण जिणभवणमाईऽवि ।**

**आईसद्दा वुत्तो, तयभावे कस्स पुप्फाई ? ॥ १२२५ ॥**

**वृत्तिः**– '**स खलु**'-द्रव्यस्तवः '**पुष्पादिः तत्रोक्तः**', 'पुप्फादीयं ण इच्छंति' प्रतिषेधप्रत्यासत्तेः, '**न जिनभवनादिरपि**', अनधिकारादित्याशङ्कयाह–'**आदिशब्दादुक्तो**' जिनभवनादिरपि, '**तदभावे**' जिनभवनाद्यभावे '**कस्य पुष्पादि**'रिति गाथार्थः ॥ १२२५ ॥

जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(આવશ્યક સૂત્રમાં જિનભવનાદિનું પણ વિધાન છે એ કહે છે–)

**પ્રશ્ન**- આવશ્યક સૂત્રમાં (સામા. અ. ભા. ગા. ૧૯૫માં) "[1]पुप्फादीयं ण इच्छंति" = સાધુઓ પુષ્પાદિ દ્રવ્યસ્તવને ઈચ્છતા નથી એવો પાઠ છે. અહીં પુષ્પાદિના નિષેધના સંબંધથી પુષ્પાદિને દ્રવ્યસ્તવ કહ્યો છે, જિનભવન વગેરેને નહીં. કારણ કે ત્યાં જિનભવન વગેરેનો અધિકાર નથી.

**ઉત્તર**- ત્યાં 'पुप्फादीयं' પદમાં રહેલા આદિ શબ્દોથી જિનભવન વગેરેનું પણ સૂચન છે. જો ત્યાં આદિ શબ્દથી જિનભવન વગેરેનું સૂચન ન હોય તો તે દ્રવ્યસ્તવ ન હોવાથી તેના અધિકારીઓ જિનભવનાદિ ન કરે. હવે જો જિનભવન, જિનમૂર્તિ વગેરે ન હોય તો પુષ્પાદિથી પૂજા કોની? અર્થાત્ પુષ્પાદિ પૂજાનું વિધાન નિરર્થક બને. આથી ત્યાં આદિ શબ્દથી જિનભવન વગેરેનું પણ સૂચન કર્યું છે. [૧૨૨૫]

**णणु तत्थेव य मुणिणो, पुप्फाइनिवारणं फुडं अत्थि ।**
**अत्थि तयं सयकरणं, पडुच्च णऽणुमोअणाइवि ॥ १२२६ ॥**

**वृत्तिः**- 'ननु '**तत्रैव च**' स्तवाधिकारे '**मुनेः पुष्पादिनिवारणं स्फुटमस्ति**', 'तो कसिणसंजमे'-त्यादिवचनाद्, एतदाशङ्क्याह-'**अस्ति तत्**' सत्यं, किन्तु '**स्वयं करणं प्रतीत्य**' निवारणं, '**नानुमोदनाद्यपि**' प्रतीत्येति गाथार्थः ॥ १२२६ ॥

(આવશ્યકમાં મુનિઓને અનુમોદનાથી દ્રવ્યસ્તવનો નિષેધ નથી એ કહે છે–)

**પ્રશ્ન**- આવશ્યકમાં મુનિઓને પુષ્પાદિ પૂજાનો સ્પષ્ટ નિષેધ કર્યો છે. ત્યાં કહ્યું છે કે-

छज्जीवकायसंजमु, दव्वथए सो विरुज्झए कसिणो ।
तो कसिणसंजमविऊ, पुप्फाईयं न इच्छंति ॥ (ભા. ૧૯૫)

"છ જીવનિકાયના સંઘટ્ટનાદિના ત્યાગ રૂપ સંયમમાં છ જીવનિકાયના જીવોનું હિત છે. દ્રવ્યસ્તવમાં પુષ્પાદિને ચુંટવા આદિથી સંયમનું પૂર્ણ પાલન થતું નથી. આથી સંપૂર્ણ સંયમને પ્રધાન સમજનારા સાધુઓને પુષ્પાદિક દ્રવ્યસ્તવ ઈષ્ટ નથી." આ પ્રમાણે આવશ્યકમાં સાધુઓને દ્રવ્યસ્તવનો નિષેધ હોવાથી તેમને દ્રવ્યસ્તવ ન હોય.

**ઉત્તર**- ત્યાં નિષેધ છે એ સાચું છે. પણ ત્યાં સ્વયં કરવાનો નિષેધ છે, નહિ કે અનુમોદનાદિનો પણ. [૧૨૨૬]

एतदेव समर्थयति-

**सुव्वइ अ वयररिसिणा, कारवणंपिहु अणुट्ठियमिमस्स ।**
**वायगगंथेसु तहा, एअगया देसणा चेव ॥ १२२७ ॥**

---

૧. અહીં છઠ્ઠા પંચાશકમાં આ જ ગાથામાં (ગાથા નં. ૪૩) ટીકાકાર ભગવંતે "दव्वत्थओ पुप्फाई = (આવ. સામા. અ. ભા. ગા. ૧૯૩) પુષ્પ, ધૂપ વગેરે દ્રવ્યસ્તવ છે." એ પાઠ મૂક્યો છે. અહીં पुप्फादीयं ण इच्छन्ति એ પાઠ કરતાં दव्वत्थओ पुप्फाई એ પાઠ વધારે સંગત જણાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**- **'श्रूयते च वज्रर्षिणा'** पूर्वधरेण **'कारणमपि'**, तत्त्वतः करणमपि, **'अनुष्ठितमेतस्य'**-द्रव्यस्तवस्य **'माहेसरीउ पुरिअ'** मित्यादिवचनाद्, **'वाचकग्रन्थेषु तथा'** धर्म्मरत्नमालादिषु **'एतद्गता'** जिनभवनादिद्रव्यस्तवगता **'देशना चैव'** श्रूयते, **'जिनभवन'** मित्यादिवचनादिति गाथार्थः ॥ १२२७॥

આ જ વિષયનું સમર્થન કહે છે–

શ્રી વજસ્વામીએ પુષ્પાદિથી દ્રવ્યસ્તવ કરાવ્યો હતો અને પરમાર્થથી કર્યો પણ હતો, એમ આવશ્યક નિયુર્ક્તિમાં પાઠ છે. તે આ પ્રમાણે-

माहेसरीउ सेसा, पुरिअं नीआ हुआसणगिहाओ ।

गयणयलयमइवइत्ता, वइरेण महाणुभागेण ॥ ७७२ ॥

**"મહાન પ્રભાવવાળા શ્રી આર્યવજસ્વામી આકાશમાં ઉડીને માહેશ્વરી નગરીમાં આવેલા હુતાશન ગૃહમાંથી (= વ્યંતરદેવના મંદિર પાસે આવેલા ઉદ્યાનમાંથી) પુષ્પો પુરિકાનગરીમાં લઈ આવ્યા."**

તથા શ્રી ઉમાસ્વાતિ મહારાજના ધર્મરત્નમાલા વગેરે ગ્રંથોમાં દ્રવ્યસ્તવનો ઉપદેશ વાંચવામાં આવે છે. તે આ પ્રમાણે-

जिनभवनं जिनबिम्बं जिनपूजां जिनमतं च यः कुर्यात् ।

तस्य नरामरशिवसुखफलानि करपल्लवस्थानि ॥ १ ॥

यस्तृणमयीमपि कुटीं, कुर्याद् दद्यात् तथैकपुष्पमपि ।

भक्त्या परमगुरुभ्यः, पुण्योन्मानं कुतस्तस्य ॥ २ ॥

**"જે જિનભવન, જિનબિંબ, જિનપૂજા અને (લખાવવા આદિથી) જિનાગમ (રચનાદિ) કરે છે, તેને મનુષ્ય, દેવ અને મોક્ષનાં સુખો રૂપ ફળો હથેલીમાં છે."**

**"જે ભક્તિથી જિનેશ્વર ભગવાન માટે માત્ર ઘાસની ઝુંપડી બનાવે, તથા ભક્તિથી જિનેશ્વર ભગવાનને એક જ પુષ્પ ચઢાવે તેના પુણ્યનું માપ ક્યાંથી કરી શકાય? અર્થાત્ ન કરી શકાય."** (૨)

(આ ઉપદેશથી શ્રોતાને દ્રવ્યસ્તવમાં પ્રવૃત્તિ કરાવવા દ્વારા શ્રી ઉમાસ્વાતિ મહારાજે પણ દ્રવ્યસ્તવ પણ કરાવ્યો છે. આથી આવશ્યક નિર્યુક્તિમાં સાધુઓને પુષ્પાદિથી પૂજાનો નિષેધ સ્વયં કરવાની અપેક્ષાએ છે, અનુમોદનાદિની અપેક્ષાએ નથી.) [૧૨૨૭]

દ્રવ્યસ્તવ-ભાવસ્તવનો વિષય પૂર્ણ થયો.

હિંસા-અહિંસાનું સ્વરૂપ (૧૨૭૭મી ગાથા સુધી.)

**आहेवं हिंसावि हु, धम्माय ण दोसयारिणित्ति ठिअं ।**

**एवं च वेअविहिआ, णिच्छिज्जइ सेह वामोहो ॥ १२२८ ॥**

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**- **'आह-एवं'** द्रव्यस्तवविधाने **'हिंसापि धर्म्माय'** क्रियमाणा न **'दोषकारिणीति स्थितं'** न्यायतः तामन्तरेण द्रव्यस्तवाभावात्, ततः किमित्याह-**'एवं च'** स्थिते सति **'वेदविहिता'** यागविधाने **'नेष्यते सेह'**-हिंसेति **'व्यामोहो'** भवतां, साधारणत्वादिति गाथार्थः ॥ १२२८ ॥

**પૂર્વપક્ષ**- દ્રવ્યસ્તવના વિધાનથી ધર્મ માટે કરાતી હિંસા પણ દોષ કરનારી બનતી નથી, એમ ન્યાયથી સિદ્ધ થયું. કારણ કે હિંસા વિના દ્રવ્યસ્તવ ન થઈ શકે. આમ સિદ્ધ થતાં વેદમાં કહેલી યજ્ઞમાં કરવામાં થતી હિંસાને તમે નિર્દોષ માનતા નથી એ તમારી મૂઢતા છે. કારણ કે દ્રવ્યસ્તવ અને યજ્ઞ એ બંનેમાં હિંસા સમાન છે. [૧૨૨૮]

**पीडागरत्ति अह सा, तुल्लमिणं हंदि अहिगयातेऽवि ।**
**ण य पीडाओ अधम्मो, णिअमा विज्जेण वभिचारो ॥ १२२९ ॥**

**वृत्तिः**- **'पीडाकारिणीत्यथ सा'** वेदविहिता हिंसा, एतदाशङ्क्याह-**'तुल्यमिदं हन्द्यधिकृतायामपि'**-जिनभवनादिहिंसायाम्, उपपत्त्यन्तरमाह- **'न च पीडातोऽधर्मो 'नियमाद्'** एकान्तेनैव, **'वैद्येन व्यभिचारात्'**, तस्मात् पीडाकरणेऽपि तदभावादिति गाथार्थः ॥ १२२९ ॥

કદાચ તમે એમ માનતા હો કે વેદવિહિત હિંસા પીડા (= દુઃખ) કરનારી હોવાથી નિર્દોષ નથી, તો આ જિનભવનાદિની હિંસામાં પણ તુલ્ય છે=જિનભવનાદિની હિંસા પણ પીડા કરનારી છે. તથા પીડા કરવાથી એકાંતે અધર્મ થતો નથી. કારણ કે વૈદ્યમાં આ નિયમ લાગુ પડતો નથી. વૈદ્ય દર્દીને વાઢ-કાપ આદિથી પીડા કરે છે છતાં તેને પાપ લાગતું નથી. આથી પીડા કરવા છતાં અધર્મ થતો નથી. [૧૨૨૯]

**अह तेसिं परिणामे, सुहं तु तेसिंपि सुव्वई एवं ।**
**तज्जणणेऽवि ण धम्मो, भणिओ परदारगाईणं ॥ १२३० ॥**

**वृत्तिः**-**'अथ 'तेषां'** जिनभवनादौ हिंस्यमानानां **परिणामे सुखमेवे'**त्यदोषः, एतदाशङ्क्याह-**'तेषामपि'** यागे हिंस्यमानानां **'श्रूयते एतत्'**, स्वर्गपाठात्, उपपत्त्यन्तरमाह-**'तज्जननेऽपि'** सुख-जननेऽपि **'न धर्म्मो भणितः पारदारिकादीनां'**, तस्मादेतदपि व्यभिचारीति गाथार्थः ॥ १२३० ॥

**सिअ तत्थ सुहो भावो, तं कुणमाणस्स तुल्लमेअंपि ।**
**इअरस्सवि अ सुहो च्चिअ, णेओ इअरं कुणंतस्स ॥ १२३१ ॥**

**वृत्तिः**- **'स्यात् 'तत्र'** जिनभवनादौ **'शुभो भावः तां'** हिंसां **'कुर्वत'** इत्येतदाशङ्क्याह-**'तुल्यमेतदपि'**, कथमित्याह-**'इतरस्यापि च'** वेदविहितहिंसाकर्त्तुः **'शुभ एव ज्ञेयो'** भावः, **'इतरां'** वेदविहितां हिंसां **'कुर्वतो'** यागविधानेनेति गाथार्थः ॥ १२३१ ॥

**एगिंदिआइ अह ते, इअरे थोवत्ति ता किमेएणं ? ।**
**धम्मत्थं सव्वच्चिअ, वयणा एसा ण दुट्ठत्ति ॥ १२३२ ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः-** '**एकेन्द्रियादयोऽथ ते**' जिनभवनादौ हिंस्यन्त इत्याशङ्क्याह-'**इतरे स्तोका इति**' वेदात् यागे हिंस्यन्ते, '**तत्किमेतेन**'-भेदाभिनिवेशेन ?, '**धर्म्मार्थं सर्वैव**', सामान्येन '**वचनाद्, एषा**' हिंसा '**न दुष्टेति**' गाथार्थः ॥ १२३२ ॥

કદાચ તમે એમ માનતા હો કે જિનભવન વગેરેમાં જેમની હિંસા થાય છે તે જીવોને પરિણામે સુખ મળે છે માટે તે હિંસા નિર્દોષ છે, તો તે પણ બરોબર નથી. કારણ કે યજ્ઞમાં મરતા જીવોને સ્વર્ગ મળે છે એવો પાઠ હોવાથી યજ્ઞમાં હિંસા કરાતા જીવોને પણ પરિણામે સુખ મળે છે એવું સાંભળવામાં આવે છે. તથા સુખ આપવા છતાં ધર્મ ન થાય. પરસ્ત્રીગામી વગેરે જીવો બીજાને સુખ આપતા હોવા છતાં તેમને ધર્મ થતો નથી. આથી "પરિણામે સુખ મળે તેવી હિંસા નિર્દોષ હોય" એવો નિયમ પણ એકાંતે નથી. [૧૨૩૦] કદાચ તમે એમ માનતા હો કે જિનભવન આદિ કરવામાં હિંસા કરનારને શુભ ભાવ થાય છે માટે જિનભવનાદિની હિંસા નિર્દોષ છે, તો એ યજ્ઞહિંસામાં પણ તુલ્ય છે=યજ્ઞ કરવા દ્વારા વેદવિહિત હિંસા કરનારને પણ શુભ જ ભાવ થાય છે. [૧૨૩૧] કદાચ તમે કહેશો કે જિનભવનાદિમાં એકેંદ્રિય વગેરે (સૂક્ષ્મ = નાના) જીવોની હિંસા થાય છે, તો યજ્ઞમાં વેદવચનથી થોડા જીવોની હિંસા થાય છે. માટે આ (જિનભવનાદિની હિંસા નિર્દોષ છે અને યજ્ઞની હિંસા દોષિત છે એવો) ભેદનો આગ્રહ નિરર્થક છે. સામાન્યથી શાસ્ત્રવચનથી જિનભવનાદિની કે યજ્ઞની બધી જ હિંસા ધર્મ માટે છે. આથી આ (જિનભવનાદિની કે યજ્ઞની) હિંસા દોષિત નથી. [૧૨૩૨]

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

एवं पूर्वपक्षमाशङ्क्याह-

**एअंपि न जुत्तिखमं, ण वयणमित्ताउ होइ एवमिअं ।**
**संसारमोअगाणऽवि, धम्मादोसप्पसंगाओ ॥ १२३३ ॥**

**वृत्तिः-** '**एतदपि न युक्तिक्षमं**' यदुक्तं परेण, कुत इत्याह- '**न वचनमात्राद**'नुपपत्तिकाद् '**भवत्येवमेतत्**' सर्वमेव, कुत इत्याह- '**संसारमोचकानामपि**' वचनाद्धिंसाकारिणां '**धर्म्मा-दोषप्रसङ्गात्**' धर्म्मप्रसङ्गात् अदोषप्रसङ्गाच्चेति गाथार्थः ॥ १२३३ ॥

**सिअ तं न सम्म वयणं, इअरं सम्मवयणंति किं माणं ? ।**
**अह लोगो च्चिअ नेअं, तहा अपाढा विगाणा य ॥ १२३४ ॥**

**वृत्तिः-** '**स्यात्**' '**तत्**' संसारमोचकवचनं '**न सम्यग्वचनमि**'त्याशङ्क्याह- '**इतरत्**' वैदिकं '**सम्यग् वचनमिति किं मानं ?, अथ लोक एव**' मानमित्याशङ्क्याह-'**नैतत्तथा**', लोकस्य प्रमाणतया '**अपाठात्**', प्रमाणमध्ये षट्सङ्ख्याविरोधात्, तथा '**विगानाच्च**', नहि वेदवचनं प्रमाणमित्येकवाक्यता लोकस्येति गाथार्थः ॥ १२३४ ॥

**ઉત્તરપક્ષ-** વાદીએ જે કહ્યું છે તે યુક્તિથી ટકી શકે તેવું નથી. ઘટી ન શકે તેવા શાસ્ત્રવચન માત્રથી આ બધું જ વાદીના કહ્યા પ્રમાણે નિર્દોષ ન બની જાય. કારણ કે એમ તો શાસ્ત્રવચનથી

હિંસા કરનારા સંસારમોચકોની પણ હિંસા ધર્મરૂપ અને નિર્દોષ હોવાનો પ્રસંગ પ્રાપ્ત થાય. [૧૨૩૩] કદાચ તમે કહેશો કે સંસારમોચકોનું વચન યથાર્થ વચન નથી, તો અમે પૂછીએ છીએ કે વૈદિકવચન યથાર્થ છે એમાં પ્રમાણ શું ? લોક જ પ્રમાણ છે એમ નહિ કહી શકાય. કારણ કે પ્રમાણશાસ્ત્રમાં લોકને પ્રમાણ કહ્યો નથી. પ્રમાણશાસ્ત્રમાં છ પ્રમાણો કહ્યા છે. તેમાં લોકનો નિર્દેશ નથી. એથી લોકને પ્રમાણ માનવામાં પ્રમાણની છ સંખ્યા સાથે વિરોધ આવે. તથા લોકમાં વેદવચનની પ્રામાણિકતા વિષે વિસંવાદ પણ છે="વેદવચન પ્રમાણ છે" એવી એક વાક્યતા પણ નથી. [૧૨૩૪]

**अह पाढोऽभिमउच्चिअ, विगाणमवि एत्थ थोवगाणं तु ।**

**इत्थंपि णप्पमाणं, सव्वेसि विदंसणाओ उ ॥ १२३५ ॥**

**वृत्तिः**- '**अथ पाठोऽभिमत एव**' लोकस्य प्रमाणमध्ये, षण्णामुपलक्षणत्वात्, '**विगानमप्यत्र**'- वेदवचनाप्रामाण्ये '**स्तोकानामेव**' लोकानामित्येतदाशङ्क्याह-'**अत्रापि**'-एवं कल्पनायां '**न प्रमाणं, सर्वेषां**' लोकानां '**अदर्शनाद्**', अल्पबहुत्वे निश्चयाभावादिति **गाथार्थः** ॥ १२३५ ॥

હવે તમે કહેશો કે (લોક પ્રમાણ તરીકે પ્રસિદ્ધ હોવાથી) પ્રમાણશાસ્ત્રમાં છ સંખ્યાના ઉપલક્ષણથી લોકનો ઉલ્લેખ ઈષ્ટ જ છે. તથા વેદવચનની પ્રામાણિકતામાં વિસંવાદ થોડાક જ લોકોમાં છે, તો અમે કહીએ છીએ કે આવી (પ્રમાણશાસ્ત્રમાં છ સંખ્યાના ઉપલક્ષણથી લોકનો ઉલ્લેખ ઈષ્ટ જ છે એવી) કલ્પનામાં કોઈ પ્રમાણ નથી. તથા બધા લોકોને જોઈ શકાતા નથી (= બધા લોકોના વિચારો જાણી શકાતા નથી). એટલે વેદની પ્રામાણિકતા વિષે થોડા લોકોનો વિસંવાદ છે કે ઘણા લોકોનો વિસંવાદ છે એમ અલ્પ-બહુત્વનો નિર્ણય થઈ શકતો નથી. [૧૨૩૫]

**किं तेसि दंसणेणं, अप्पबहुत्तं जहित्थ तह चेव ।**

**सव्वत्थ समवसेअं, णेवं वभिचारभावाओ ॥ १२३६ ॥**

**वृत्तिः**- '**किं तेषां**' सर्वेषां लोकानां '**दर्शनेन ?, अल्पबहुत्वं यथाऽत्र**'-मध्यदेशादौ वेदवचन-प्रामाण्यं प्रति '**तथैव सर्वत्र**' क्षेत्रान्तरेष्वपि '**समवसेयं**', लोकत्वादिहेतुभ्य इत्या-शङ्क्याह-'**नैवं, व्यभिचारभावात्**' कारणादिति गाथार्थः ॥ १२३६ ॥

एतदेवाह-

**अग्गाहारे बहुगा, दीसंति दिआ तहा ण सुद्दत्ति ।**

**ण य तद्दंसणओ च्चिअ, सव्वत्थ इमं हवइ एवं ॥ १२३७ ॥**

**वृत्तिः**- '**अग्राहारे बहवो दृश्यन्ते**' '**द्विजाः**' ब्राह्मणा'**स्तथा न शूद्रा इति**' ब्राह्मणवद् बहवो दृश्यन्ते, '**न च**' '**तद्दर्शनादेव**' अग्राहारे बहुद्विजदर्शनादेव '**सर्वत्र**' भिल्लपल्ल्यादाव'**प्येतद्भवति एवं**'-द्विजबहुत्वमिति **गाथार्थः** ॥ १२३७ ॥

કદાચ તમે કહેશો કે બધા લોકોને જોવાનું શું કામ છે ? મધ્યપ્રદેશ વગેરેમાં વેદવચનની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રામાણિકતા વિષે જે પ્રમાણે અલ્પ-બહુત્વ છે તે પ્રમાણે જ બીજા બધા ક્ષેત્રોમાં પણ અલ્પ-બહુત્વ જાણવું. આમાં (= અલ્પ-બહુત્વનું ક્ષેત્રાંતરોમાં અનુમાન કરવામાં) 'લોકત્વ' વગેરે હેતુઓ છે. આ બરોબર નથી. કારણ કે તેવા (એક ક્ષેત્રમાં જે રીતે અલ્પ-બહુત્વ હોય તે રીતે બધા જ ક્ષેત્રોમાં હોય એવા) નિયમનો અભાવ છે. [૧૨૩૬] જેમકે [1]અગ્રાહાર ગામમાં જેમ બ્રાહ્મણો ઘણા દેખાય છે તેમ ક્ષુદ્રો ઘણા દેખાતા નથી. અગ્રાહારમાં ઘણા બ્રાહ્મણો દેખાવા માત્રથી ભિલ્લપલ્લી વગેરે બીજા સ્થળે પણ ઘણા બ્રાહ્મણો છે એવો નિર્ણય ન થાય. [૧૨૩૭]

उपपत्त्यन्तरमाह–

**ण य बहुगाणवि एत्थं, अविगाणं सोहणंति निअमोऽअं ।**
**ण य णो थेवाणं हु, मूढेअरभावजोएण ॥ १२३८ ॥**

**वृत्तिः**- **'न च बहूनामप्यत्र'**-लोके **ऽविगानम्'**-एकवाक्यतारूपं **'शोभनमिति नियमोऽयं, न च न स्तोकानामपि'** न शोभनमेव, कुत इत्याह–**'मूढेतरभावयोगेन'** बहूनामपि मूढव्यापार-भावात् स्तोकानामपि चाभावादिति गाथार्थः ॥ १२३८ ॥

**ण य रागाइविरहिओ, कोऽवि पमोया विसेसकारित्ति ।**
**जं सव्वेऽविअ पुरिसा, रागाइजुआ उ परपक्खे ॥ १२३९ ॥**

**वृत्तिः**- **'न च रागादिविरहितः'** सर्वज्ञः **'कश्चित् प्रमाता विशेषकारीति'** य एवं वेद वैदिकमेव प्रमाणं नेतरदिति, कुत इत्याह–**'यत्सर्व एव पुरुषाः'** सामान्येन **'रागादियुक्ता एव, परपक्षे'** सर्वज्ञानभ्युपगमादिति गाथार्थः ॥ १२३९ ॥

તથા લોકમાં જે વિષે ઘણાઓની એકવાક્યતા હોય તે સારું જ હોય એવો પણ નિયમ નથી, અને થોડાઓની પણ એકવાક્યતા હોય એ ખરાબ જ હોય એવો પણ નિયમ નથી. કારણ કે ઘણા પણ લોકો મૂઢ હોય અને થોડા પણ લોકો મૂઢ ન હોય. [૧૨૩૮] તથા વિશેષકારી (= પ્રમાણ-અપ્રમાણનો ભેદ પાડી શકે તેવો), યથાર્થ જાણકાર અને રાગાદિથી રહિત સર્વજ્ઞ એવો કોઈ નથી કે જે વેદમાં કહેલું જ પ્રમાણ છે, અન્ય નહિ, એવું જાણતો હોય. કારણ કે સામાન્યથી બધા જ રાગાદિથી યુક્ત જ છે. પર (વૈદિક) પક્ષમાં કોઈ મનુષ્ય સર્વજ્ઞ હોતો નથી એવી માન્યતા છે. (આથી અહીં સર્વજ્ઞ નથી એમ જે કહ્યું તે વૈદિક સિદ્ધાંતની દૃષ્ટિએ સમજવું. જૈન સિદ્ધાંતની દૃષ્ટિએ નહિ.) [૧૨૩૯]

दोषान्तरमाह–

**एवं च वयणमित्ता, धम्मादोसा ति मिच्छगाणंपि ।**
**घाएंताण दिअवरं, पुरओ णणु चंडिकाईणं ॥ १२४० ॥**

૧. પૂર્વે 'અગ્રાહાર' નામનું પ્રસિદ્ધ કોઈ ગામ હતું એમ પ્રાકૃત કોશના આધારે જણાય છે. અથવા અગ્ર એટલે શ્રેષ્ઠ, અગ્રાહાર એટલે શ્રેષ્ઠ ભોજન, અગ્રાહારમાં=શ્રેષ્ઠ ભોજન કરવામાં એવો અર્થ પણ થઈ શકે. અથવા અગ્રાહાર એટલે ઉચ્ચજીવન, અગ્રાહારમાં=ઉચ્ચજીવન જીવનારાઓમાં એવો અર્થ પણ થઈ શકે. આમ છતાં અહીં 'ગામનું નામ' એ અર્થ વધારે સંગત છે.

जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**- **'एवं च'** प्रमाणविशेषापरिज्ञाने सति **'वचनमात्रात्'** सकाशात् **'धर्म्मादोषौ'** ते प्राप्नुतः **'म्लेच्छानामपि'**-भिल्लादीनां, क्वेत्याह-**'घातयतां 'द्विजवरं'** ब्राह्मणमुख्यं **'पुरतो ननु 'चण्डिकादीनां'** देवताविशेषाणामिति गाथार्थः ॥ १२४० ॥

**ण य तेसिंपि ण वयणं, एत्थ निमित्तंति जं ण सव्वे उ ।**

**तं तह घायंति सया, अस्सुअतच्चोअणावक्का ॥ १२४१ ॥**

**वृत्तिः**- **'न च 'तेषामपि'** म्लेच्छानां **'न वचनम् अत्र निमित्तमिति'**- द्विजघाते, किन्तु वचनमेव, कुत इत्याह- **'यन्न सर्व एव'** म्लेच्छाः 'तं' द्विजवरं **'तथा घातयन्ति तदा, 'अश्रुततच्चोदनावाक्याद्'** द्विजघातचोदनावाक्यात् इति गाथार्थः ॥ १२४१ ॥

"આ વચન પ્રમાણ છે" એમ પ્રમાણવિશેષનું જ્ઞાન થયા વિના વચનમાત્રથી (= ગમે તે વચનથી) થતી પ્રવૃત્તિને ધર્મરૂપ અને નિર્દોષ માનવામાં આવે તો તમારે ચંડિકાદેવી વગેરેની આગળ મુખ્ય બ્રાહ્મણનો ઘાત કરનારા ભિલ્લ વગેરેની હિંસાને પણ ધર્મરૂપ અને નિર્દોષ માનવાનો પ્રસંગ આવે. [૧૨૪૦] મ્લેચ્છો મુખ્ય બ્રાહ્મણનો ઘાત કરે છે, તેમાં વચન નિમિત્ત નથી, અર્થાત્ વચનથી ઘાત કરતા નથી, એમ નહિ કહી શકાય, વચન જ નિમિત્ત છે. એનું કારણ એ છે કે બધા જ મ્લેચ્છો મુખ્ય બ્રાહ્મણનો ચંડિકાદેવી વગેરે આગળ ઘાત કરતા નથી. કારણ કે બધા જ મ્લેચ્છોએ બ્રાહ્મણઘાતનું પ્રેરક વચન સાંભળ્યું નથી. (જો વચન વિના ઘાત કરતા હોય તો બધા ઘાત કરે. બધા જ ઘાત કરતા નથી એનાથી એ સિદ્ધ થાય છે કે ઘાતની પ્રેરણા કરનારા વચનથી ઘાત કરે છે. જેમણે બ્રાહ્મણઘાતની પ્રેરણા કરનાર વચન સાંભળ્યું છે તે ઘાત કરે છે અને જેમણે એ વચન સાંભળ્યું નથી તે ઘાત કરતા નથી.) [૧૨૪૧]

**अह तं ण एत्थ रूढं, एअंपि ण तत्थ तुल्लमेवेयं ।**

**अह तं थेवमणुचिअं, इमंमि एआरिसं तेसिं ॥ १२४२ ॥**

**वृत्तिः**- **'अथ 'तत्'** म्लेच्छप्रवर्त्तकं वचनं **'नात्र रूढं'** लोक इत्याशङ्क्याह-**'एतदपि'** वैदिकं **'न 'तत्र'** भिल्ललोके रूढमिति **'तुल्यमेव 'इदम्'** अन्यतरारूढत्वम्, **'अथ तत्'** म्लेच्छप्रवर्त्तकं **'स्तोकमनुचितम्'**-असंस्कृतमित्याशङ्क्याह- **'इदमपि'** वैदिकं चोदनारूपं **'मीदृशमेव'**-स्तोकादिधर्म्मकं, **'तेषां'** म्लेच्छानामाशयभेदादिति गाथार्थः ॥ १२४२ ॥

કદાચ તમે કહેશો કે મ્લેચ્છોને હિંસામાં પ્રવર્તાવનાર વચન લોકમાં પ્રસિદ્ધ નથી, તો વૈદિક વચન પણ ભિલ્લલોકમાં રૂઢ નથી, આથી બંનેમાં તુલ્યતા છે. બંને કોઈ એકમાં રૂઢ નથી. કદાચ કહેશો કે મ્લેચ્છોને હિંસામાં પ્રવર્તક વચન અલ્પ (= થોડા લોકોમાં જાણીતું) અને અસંસ્કારી છે, તો મ્લેચ્છોને આશયભેદથી વૈદિક પ્રેરક વચન પણ એવું જ છે = અલ્પ અને અસંસ્કારી જણાય છે.

(**ભાવાર્થ**- જેમ વૈદિકોને મ્લેચ્છપ્રવર્તક વચન અલ્પ અને અસંસ્કારી જણાય છે તેમ મ્લેચ્છોને પણ હિંસાપ્રેરક વચન પણ અલ્પ અને અસંસ્કારી જણાય છે. આમ બંનેમાં સમાનતા છે.) [૧૨૪૨]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

अह तं वेअंगं खलु, न तंपि एमेव इत्थवि ण माणं ।
अह तत्थासवणमिणं, सिएअमुच्छण्णसाहं तु ॥ १२४३ ॥

**वृत्तिः-** **'अथ तद्वेदाङ्गं खलु'** द्विजप्रवर्त्तकमित्याशङ्क्याह- **'न तदपि'** म्लेच्छप्रवर्त्तकं **'एवमेव'** वेदे इत्य[1]त्रापि **न मानं, अथ 'तत्र'**वेदे **ऽश्रवणमिदं**'-मानं, न हि तद्वेदे श्रूयत इत्याशङ्क्याह-**'स्यादेतद्-उत्सन्नशाखमेवै'**तदपि सम्भाव्यत इति गाथार्थः ॥ १२४३ ॥

ण य तव्वयणाओ च्चिअ, तदुभयभावोत्ति तुल्लभणिईओ ।
अण्णावि कप्पणेवं, साहम्मविहम्मओ दुट्ठा ॥ १२४४ ॥

**वृत्तिः-** **'न च 'तद्वचनाद्'** वेदवचनाद् **'एव 'तदुभयभावो'** धर्म्मादोषभाव **'इति'**, कुत इत्याह-**'तुल्यभणितेः'**, म्लेच्छवचनादेवैतदुभयमित्यपि वक्तुं शक्यत्वादित्यर्थः, **'अन्यापि कल्पना'** ब्राह्मणपरि-गृहीतत्वादिरूपा **'एवम्'** उक्तवत् भिल्लपरिगृहीतत्वादिना प्रकारेण **'साधर्म्यवैधर्म्यतः'** कारणाद् **'दुष्टे'**ति गाथार्थः ॥ १२४४ ॥

કદાચ તમે કહેશો કે દ્વિજ પ્રવર્તક વચન વેદાંગ છે=વેદમાં છે, તો એ બરોબર નથી. કારણ કે એજ પ્રમાણે મ્લેચ્છ પ્રવર્તક વચન પણ વેદમાં છે. મ્લેચ્છપ્રવર્તક વચન વેદમાં નથી એ વિષે પણ કોઈ પ્રમાણ નથી. કદાચ તમે કહેશો કે વેદમાં મ્લેચ્છપ્રવર્તક વચનનું શ્રવણ થતું નથી=જોવામાં આવતું નથી એ જ મ્લેચ્છપ્રવર્તક વચન વેદમાં નથી એમાં પ્રમાણ છે, તો અમે કહીએ છીએ કે મ્લેચ્છપ્રવર્તક વચન ગ્રંથના જે એકભાગમાં હોય તે ભાગ વિચ્છિન્ન=નષ્ટ જ થઈ ગયો હોય એમ પણ સંભવે છે. [૧૨૪૩] વેદવચન હોવાથી જ યજ્ઞહિંસા ધર્મરૂપ અને નિર્દોષ ન બને. કારણ કે એમ તો મ્લેચ્છવચન હોવાથી જ મ્લેચ્છોની હિંસા ધર્મરૂપ અને નિર્દોષ છે એમ પણ કહી શકાય. તથા બ્રાહ્મણોએ (વચનનો) સ્વીકાર કર્યો છે, એથી એ વચનથી થતી હિંસા ધર્મરૂપ કે નિર્દોષ છે ઈત્યાદિ અન્ય કલ્પના પણ દોષિત=અયુક્ત છે. કારણ કે એમાં પણ ભિલ્લોએ (વચનનો) સ્વીકાર કર્યો છે માટે એ વચનથી થતી હિંસા ધર્મરૂપ કે નિર્દોષ છે ઈત્યાદિ રીતે સમાનતા કે અસમાનતા આવે, (અર્થાત્ તમારી કોઈક કલ્પના સમાનતાના કારણે તો કોઈક કલ્પના અસમાનતાના કારણે દોષિત=અયુક્ત છે.) [૧૨૪૪]

यस्मादेवम्-

तम्हा ण वयणमित्तं, सव्वत्थऽविसेसओ बुहजणेणं ।
एत्थ पवित्तिनिमित्तंति एअ दट्ठव्वयं होइ ॥ १२४५ ॥

**वृत्तिः-** **'तस्मात् न वचनमात्रमु'**पपत्तिशून्यं **'सर्वत्राविशेषतः'** कारणाद् **'बुधजनेन'**-विद्वज्जनेन **'अत्र'** लोके **'प्रवृत्तिनिमित्तमिति'** हितादौ **'एवं ( एतत् ) द्रष्टव्यं भवति'**, नेति वर्त्तते इति गाथार्थः ॥ १२४५ ॥

१. અહીં ગાથામાં न तंपि એ સ્થળે રહેલ न નો 'દેહલીદીપક' ન્યાયથી न इत्थवि એ સ્થળે પણ યોજના કરવી. અને एमेव એ પદની પણ બીજી વાર યોજના કરવી. જેથી एमेव न इत्थवि ण माणं એમ વાક્ય રચના થશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**किं पुण विसिट्ठगं चिअ, जं दिट्ठिट्ठाहि णो खलु विरुद्धं ।**
**तह संभवंतरूवं, विआरिउं सुद्धबुद्धीए ॥ १२४६ ॥**

**वृत्तिः**- **'किं पुनः ?, विशिष्टमेव'** वचनं प्रवृत्तिनिमित्तमिति द्रष्टव्यं, किम्भूतमित्याह- **'यत् दृष्टे-ष्टाभ्यां न खलु विरुद्धं'**, तृतीयस्थानसङ्क्रान्तमित्यर्थः, **'तथा सम्भवद्रूपं'** यत्, न पुनरत्यन्तासम्भवीति **'विचार्य शुद्धबुद्ध्या'**-मध्यस्थयेति गाथार्थः ॥ १२४६ ॥

**આ પ્રમાણે હોવાથી શું કરવું જોઈએ એ કહે છે–**

આથી વિદ્વાન પુરુષોએ લોકમાં સામાન્યથી હિતાદિ સર્વ કાર્યોમાં યુક્તિરહિત વચનમાત્ર પ્રવૃત્તિનિમિત્ત છે એમ ન સમજવું જોઈએ, અર્થાત્ યુક્તિરહિત ગમે તે વચનથી પ્રવૃત્તિ ન કરવી જોઈએ. [૧૨૪૫] તો શું કરવું જોઈએ ? વિશિષ્ટ વચન જ પ્રવૃત્તિનિમિત્ત સમજવું જોઈએ. **એ વિશિષ્ટ વચન કેવું હોય તે કહે છે-** દૃષ્ટ-ઈષ્ટથી અવિરુદ્ધ અને સંભવિત વચન વિશિષ્ટ વચન છે.

**ભાવાર્થ-** જે વચન દૃષ્ટ અને ઈષ્ટથી = આલોક અને પરલોકની દૃષ્ટિએ વિરુદ્ધ ન હોય, અર્થાત્ આલોકની દૃષ્ટિએ વિરુદ્ધ ન હોય, પરલોકની દૃષ્ટિએ વિરુદ્ધ ન હોય, અને આલોક-પરલોક એ ઉભયલોકની દૃષ્ટિએ વિરુદ્ધ ન હોય એમ ત્રણ સ્થાનોમાં ત્રીજા સ્થાન સંબંધી હોય, અર્થાત્ ઉભયલોકની દૃષ્ટિએ વિરુદ્ધ ન હોય, તથા જે વચન સંભવિત હોય, (અગ્નિ ઠંડો હોય છે ઈત્યાદિ વચનની જેમ) તદ્દન અસંભવિત ન હોય, એવું વચન વિશિષ્ટ વચન છે. મધ્યસ્થપણે બરોબર વિચાર કરીને આવા વચનને પ્રવૃત્તિનિમિત્ત જાણવું જોઈએ, અર્થાત્ આવા વચનથી પ્રવૃત્તિ કરવી જોઈએ. [૧૨૪૬]

**जह इह दव्वथयाओ भावावयकप्पगुणजुआ सेओ ।**
**पीडुवगारो जिणभवणकारणादित्ति न विरुद्धं ॥ १२४७ ॥**

**वृत्तिः**- **'यथा इह'** प्रवचने **'द्रव्यस्तवात्'**, किम्भूतादित्याह-**'भावापत्कल्पगुणयुक्तात्'**, नान्यथारूपात्, **'श्रेयो'** ज्यायान् **'पीडयोपकारो'** बहुगुणभावाद् **'जिनभवनकारणादेः'** द्रव्य-स्तवा'**दिति न विरुद्धमे**'तदिति गाथार्थः ॥ १२४७ ॥

જેમકે આ જૈન પ્રવચનમાં રાગાદિ દોષો રૂપ ભાવ આપત્તિઓને કાપવા રૂપ ગુણથી યુક્ત જિનભવનનિર્માણ આદિ દ્રવ્યસ્તવથી થતો લાભ પીડા થતી હોવા છતાં અત્યંત શ્રેષ્ઠ છે. કારણ કે (પીડાથી જેટલું નુકસાન થાય છે તેના કરતાં) જિનભવનનિર્માણ આદિથી લાભ વધારે થાય છે. આથી જૈનપ્રવચન = જૈનશાસ્ત્ર વિરુદ્ધ નથી. [૧૨૪૭]

एतदेव स्पष्टयति-

**सइ सव्वत्थाभावे, जिणाण भावावयाएँ जीवाणं ।**
**तेसिं णित्थरणगुणं, णिअमेणिह ता तदायतणं ॥ १२४८ ॥**

**वृत्तिः**- **'सदा सर्वत्र'** क्षेत्रे ऽ**भावे जिनानां भावापदि जीवानां'** सत्यां **'तेषां'** जीवानां **'निस्तरणगुणं नियमेन'** तावद् **'इह'**-लोके **'तदायतनं'** जिनायतनमिति गाथार्थः ॥ १२४८ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**तब्बिंबस्स पइट्ठा, साहुनिवासो अ देसणाईआ ।**

**एक्किक्कं भावावय-णित्थरणगुणं तु भव्वाणं ॥ १२४९ ॥**

**वृत्तिः**- '**तद्बिम्बस्य**' जिनबिम्बस्य '**प्रतिष्ठा**' तत्र, तथा '**साधुनिवासश्च**' विभागतो, '**देशनादयश्च**', आदिशब्दाद् ध्यानादिपरिग्रहः, '**एकैकं**' तद्बिम्बप्रतिष्ठादि अत्र '**भावापन्निस्तरणगुणमेव भव्यानां**' प्राणिनामिति गाथार्थः ॥ १२४९ ॥

**पीडागरीवि एवं, इत्थं पुढवाइहिंस जुत्ता उ ।**

**अण्णेसिं गुणसाहण-जोगाओ दीसइ इहेव ॥ १२५० ॥**

**वृत्तिः**- '**पीडाकारिण्यप्येवमत्र**'-जिनभवने '**पृथिव्यादिहिंसा युक्तैव, अन्येषां**' प्राणिनां '**गुणसाधनयोगात्, दृश्यत**' एतच्च गुणसाधनं '**इहैवे**'ति गाथार्थः ॥ १२५० ॥

**આ જ વિષયને સ્પષ્ટ કરે છે–**

સર્વ ક્ષેત્રોમાં સદા તીર્થંકરો ન હોય, અને જીવોને ભાવ આપત્તિઓ (=સંક્લેશનું કારણ એવા રાગાદિ દોષો) તો હોય, જિનમંદિર જીવોની ભાવ આપત્તિઓને નિયમા દૂર કરવાના ગુણવાળું છે. [૧૨૪૮] જિનમંદિરમાં જિનબિંબની પ્રતિષ્ઠા થાય, જિનમંદિરની બાજુના વિભાગમાં સાધુઓનો નિવાસ, દેશના, ધ્યાન વગેરે થાય. બિંબપ્રતિષ્ઠા વગેરે દરેક બાબત ભવ્ય જીવોની ભાવ આપત્તિઓને અવશ્ય દૂર કરવાના ગુણવાળી છે. [૧૨૪૯] આ પ્રમાણે જિનભવનમાં પૃથ્વીકાયાદિ જીવોની પીડા કરનારી પણ હિંસા યુક્ત જ છે. કારણ કે બીજા જીવોને ગુણોના (= ગુણોને પામવાના) સાધનનો (= જિનમંદિરાદિનો) યોગ થાય છે. જિનમંદિર વગેરે ગુણોનું સાધન છે, એ આ લોકમાં જ (પ્રત્યક્ષ) દેખાય છે. [૧૨૫૦]

**आरंभवओ य इमा, आरंभंतरणिवत्तिआ पायं ।**

**एवंपि हु अणिआणा, इट्ठा एसावि मोक्खफला ॥ १२५१ ॥**

**वृत्तिः**-'**आरम्भवतश्चेयं**'-विहिता'**आरम्भान्तरनिवृत्तिदा प्रायः**', विधिना कारणात्, '**एवमपि चानिदाना**' विहितपरस्य '**इष्टा चैषापि**'-पीडा '**मोक्षफला**', नाभ्युदयायैवेति गाथार्थः ॥ १२५१ ॥

**ता एईएँ अहम्मो, णो इह जुत्तंपि विज्जणायमिणं ।**

**हंदि गुणंतरभावा, इहरा विज्जस्सवि अधम्मो ॥ १२५२ ॥**

**वृत्तिः**- '**तत्**' तस्माद् '**अस्यां**'-पीडायां '**अधर्म्मो न**', गुणभावेनेति, '**इह युक्तमपि वैद्यज्ञातमिदं**' प्रागुक्तं, '**हन्दि गुणान्तरभावाद्द**'र्शितं चैतद्, '**इतरथा**' अविधिना गुणान्तराभावे '**वैद्यस्याप्यधर्म्म**' एव पीडायामिति गाथार्थः ॥ १२५२ ॥

આરંભવાળા જીવ માટે વિહિત આ હિંસા (= હિંસાવાળો દ્રવ્યસ્તવ) વિધિપૂર્વક કરવા-કરાવવાથી પ્રાયઃ અન્ય આરંભોથી નિવૃત્તિ આપનારી બને છે. આ પ્રમાણે પણ (અન્ય આરંભથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નિવૃત્તિ કરાવે છે એ દૃષ્ટિએ પણ) શાસ્ત્રવિહિતમાં તત્પર જીવની (= જીવથી થતી) નિદાનરહિત પીડા પણ ઈષ્ટ છે = યોગ્ય છે. આ પીડાથી (= પીડાવાળા દ્રવ્યસ્તવથી) માત્ર આલોક અને પરલોકના સુખો નથી મળતાં, કિંતુ મોક્ષ પણ મળે છે. [૧૨૫૧] આથી આ પીડામાં (= પીડાવાળા દ્રવ્યસ્તવમાં) અધર્મ નથી, કારણ કે એનાથી (વિશેષ) લાભ થાય છે. આ વિષે પૂર્વોક્ત વૈદ્યનું દૃષ્ટાંત અન્ય લાભ થવાના કારણે યુક્ત પણ છે. આ વિગત પૂર્વે (૧૨૨૯મી ગાથામાં) જણાવી છે. અવિધિથી કરવાથી અન્ય લાભ ન થાય તો [1]વૈદ્યને પણ પીડા કરવામાં અધર્મ જ થાય. [૧૨૫૨]

**ण य वेअगया एवं, सम्मं आवयगुणण्णिआ एसा ।**
**ण य दिट्ठगुणा तज्जुय-तयंतरणिवित्तिआ नेव ॥ १२५३ ॥**

**वृत्तिः**- '**न च वेदगता**'ऽ'**प्येवं**'-जिनभवनादिगतहिंसावत् '**सम्यगापद्गुणान्विता एषा**'-हिंसा, तामन्तरेणापि जीवानां भावापदोऽभावात्, '**न च दृष्टगुणा**', साधुनिवासादिवत्, तथाऽनुपलब्धेः, '**तद्युक्ततदन्तरनिवृत्तिदा**'-हिंसायुक्तक्रियान्तरनिवृत्तिदा '**नैव**', न हि प्राक् तद्वध-प्रवृत्ता याज्ञिका इति गाथार्थः ॥ १२५३ ॥

**ण अ फलुद्देसपवित्तिउ, इअं मोक्खसाहिगावित्ति ।**
**मोक्खफलं च सुवयणं, सेसं अत्थाइवयणसमं ॥ १२५४ ॥**

**वृत्तिः**- '**न च फलोद्देशप्रवृत्तित**' '**इयं**' हिंसा '**मोक्षसाधिकापीति**', 'श्वेतं वायव्यमजमालभेत भूतिकाम' इत्यादिश्रुतेः, '**मोक्षफलं च** '**सुवचनं**' स्वागम इत्यर्थः, '**शेषमर्थादिवचनसमं**', फलभावेऽप्यर्थशास्त्रादितुल्यमिति गाथार्थः ॥ १२५४ ॥

जैनम् जयति शासनम् JAINSITE .com

વૈદિક હિંસા પણ જિનભવનાદિ સંબંધી હિંસાની જેમ ભાવ આપત્તિને દૂર કરવાના ગુણવાળી નથી, કારણ કે તેના વિના પણ જીવોની ભાવઆપત્તિઓ દૂર થઈ શકે છે. તથા જેમ જિનમંદિરની હિંસામાં સાધુનિવાસ વગેરે પ્રત્યક્ષ લાભો થાય છે, તેમ વૈદિક હિંસામાં પ્રત્યક્ષ કોઈ લાભો થતા નથી. કારણ કે તેમ જોવામાં આવતું નથી. તથા વૈદિક હિંસા બીજી હિંસાયુક્ત ક્રિયાથી નિવૃત્તિ આપનારી બનતી નથી. કારણ કે જે યાજ્ઞિકો પહેલાં જીવોનો વધ કરવામાં પ્રવૃત્ત હતા તે યાજ્ઞિકો સાધુ બની જતા નથી. [૧૨૫૩] સ્વર્ગાદિ ભૌતિક ફલના ઉદ્દેશથી હિંસામાં પ્રવૃત્તિ થતી હોવાથી વૈદિક હિંસા મોક્ષને સાધી આપનારી પણ બની નથી.

**પ્રશ્ન**- સ્વર્ગાદિ ભૌતિક ફલના ઉદ્દેશથી હિંસામાં પ્રવૃત્તિ થાય છે તેમાં પ્રમાણ શું છે ?

**ઉત્તર**- "श्वेतं वायव्यमजमालभेत भूतिकामः સંપત્તિની ઈચ્છાવાળાએ શ્વેત બકરાનો વાયવ્યખૂણામાં ઘાત કરવો." વગેરે શ્રુતિ આમાં પ્રમાણ છે. જેમાં મોક્ષરૂપ ફલ માટે ક્રિયાનું વિધાન હોય એ સુશાસ્ત્ર છે. બાકીનાં શાસ્ત્રો અર્થશાસ્ત્ર સમાન છે. તેવાં શાસ્ત્રોથી ભૌતિક લાભ થતો હોય તો પણ અર્થશાસ્ત્ર વગેરે તુલ્ય છે. (અર્થાત્ તેવાં શાસ્ત્રો વાસ્તવિક ધર્મશાસ્ત્રો નથી.) [૧૨૫૪]

૧. અવિધિથી કરવાથી જેમ દ્રવ્યસ્તવ કરનારને અધર્મ થાય તેમ વૈદ્યને પણ અધર્મ થાય એમ 'પણ' શબ્દનો અર્થ છે.

इहैवागमविरोधमाह-

**अग्गी मा एआओ, एणाओ मुंचउत्ति अ सुईवि ।**

**तप्पावफला अंधे, तमंमि इच्चाइ अ सईवि ॥ १२५५ ॥**

**वृत्तिः**- '**अग्निर्मा एतस्माद्**'-हिंसाकृताद्'**एनसः**' पापा **न्मुञ्चत्विति**' छान्दसत्वान्मोचयतु इति '**च श्रुतिरपि**', विद्यते वेदवागित्यर्थः, '**तत्पापफला**' तदुक्तहिंसापापफला, '**तमसी त्यादि च स्मृतिरपि**' विद्यते-''**अन्धे तमसि मज्जामः, पशुभिर्ये यजामहे । हिंसा नाम भवेद्धर्म्मो, न भूतो न भविष्यती**''ति गाथार्थः ॥ १२५५ ॥

**अत्थि जओ ण य एसा, अण्णत्था तीरई इहं भणिअं ।**

**अविणिच्छया ण एवं, इह सुव्वइ पाववयणं तु ॥ १२५६ ॥**

**वृत्तिः**- '**अस्ति यतः**' श्रुतिः स्मृतिश्च '**न चैषा**'-श्रुतिः स्मृतिश्च '**अन्यार्था**' अविधेर्दोषनिष्पन्नपापार्था '**शक्यते इह वक्तुं**' कुत इत्याह-'**अविनिश्चयात्**'-प्रमाणाभावादित्यर्थः, '**न चैवमिह**'-जिनभवनादौ '**श्रूयते पापवचनं**' प्रवचन इति गाथार्थः ॥ १२५६ ॥

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

પ્રસ્તુત વિષયમાં જ (વૈદિક) આગમોનો પરસ્પર વિરોધ બતાવે છે-

''अग्निर्मा एतस्मात् पापन्मुञ्चतु = અગ્નિ મને આ હિંસાકૃત પાપથી છોડાવે.'' એવી શ્રુતિ પણ છે, અને-

अन्धे तमसि मज्जामः, पशुभिर्ये यजामहे ।

हिंसा नाम भवेद् धर्मो, न भूतो न भविष्यति ॥

**''જે અમે પશુઓથી યજ્ઞ કરીએ છીએ તે અમે અજ્ઞાનરૂપ અંધકારમાં ડૂબીએ છીએ. ખરેખર ! હિંસા ધર્મ હોય એ બન્યું નથી અને બનશે પણ નહિ.''** એવી સ્મૃતિ પણ છે, આ શ્રુતિ અને સ્મૃતિ વેદોક્ત હિંસા પાપ રૂપ ફલવાળી છે એમ જણાવે છે. [૧૨૫૫] અહીં તમે આ શ્રુતિ અને સ્મૃતિ હિંસાથી થયેલા પાપના અર્થવાળી નથી, કિંતુ અવિધિ રૂપ દોષથી થયેલા પાપના અર્થવાળી છે એમ નહિ કહી શકો. કારણ કે એ વિષે કોઈ પ્રમાણ નથી. આ પ્રમાણે (= શ્રુતિસ્મૃતિમાં છે તે પ્રમાણે) જૈન પ્રવચનમાં જિનભવનાદિની હિંસા સંબંધી પાપવચન સંભળાતું નથી = જોવામાં આવતું નથી, અર્થાત્ જિનભવનનિર્માણ આદિમાં પાપ છે એવાં વચનો અને એ પાપથી છોડાવવાનાં વચનો જોવામાં આવતાં નથી. [૧૨૫૬]

**परिणामे अ सुहं णो, तेसिं इच्छिज्जइ ण य सुहंपि ।**

**मंदापत्थकयसमं, ता तमुवण्णासमित्तं तु ॥ १२५७ ॥**

**वृत्तिः**- '**परिणामे च सुखं न**'**तेषां**' जिनभवनादौ हिंस्यमानानां '**इष्यते**' तन्निमित्तं जैनैः,

'**न च सुखमपि मन्दापथ्यकृतसमं**', विपाकदारुणमिष्यते, यस्मादेवं '**तत्**' तस्मा'**त्तदुपन्यासमात्रमेव**' यदुक्तम्-'अह तेसिं परिणामे' त्यादिनेति गाथार्थः ॥ १२५७ ॥

**इअ दिट्ठेट्ठविरुद्धं, जं वयणं एरिसा पवित्तस्स ।**

**मिच्छाइभावतुल्लो, सुहभावो हंदि विण्णेओ ॥ १२५८ ॥**

**वृत्तिः**- '**इअ**' एवं '**दृष्टेष्टविरुद्धं यद्वचनम् ईदृशात् प्रवृत्तस्य**' सतः '**म्लेच्छादिभावतुल्यः शुभभावो हन्दि विज्ञेयो**', मोहादिति गाथार्थः ॥ १२५८ ॥

જિનભવનનિર્માણ આદિમાં જેમની હિંસા થાય છે તે જીવોને હિંસાના કારણે પરિણામે સુખ મળે છે એમ જૈનો માનતા નથી, અને જિનભવન આદિ કરનારને એ નિમિત્તે મળતું સુખ રોગીને અપથ્યના સેવનથી કરાયેલા સુખ સમાન પરિણામે ભયંકર (= દુઃખ આપનાર) છે એમ પણ જૈનો માનતા નથી. આથી अह तेसिं परिणामे (૧૨૩૦મી ગાથામાં) ઈત્યાદિથી વાદીએ (પરિણામે સુખ મળે તેવી હિંસા નિર્દોષ હોય એવો નિયમ નથી એવા ભાવનું) જે કહ્યું તે ઉલ્લેખ માત્ર છે = તત્ત્વરહિત છે. [૧૨૫૭] આ પ્રમાણે દષ્ટ-ઈષ્ટથી (= આલોક અને પરલોકની દષ્ટિએ) વિરુદ્ધ હોય એવા વચનથી પ્રવૃત્તિ કરનારનો શુભભાવ મોહના કારણે મ્લેચ્છ આદિના ભાવ સમાન જાણવો. [૧૨૫૮]

'एगिंदिआइ अह तं' इत्यादि यदुक्तं तत्परिहारार्थमाह-

**एगिंदिआइभेओ-ऽवित्थं णणु पावभेअहेउत्ति ।**

**इट्ठो तहावि समए, तह सुद्ददिआइभेएणं ॥ १२५९ ॥**

**वृत्तिः**- '**एकेन्द्रियादिभेदोऽप्यत्र**'-व्यतिकरे '**ननु पापभेदहेतुरित्येवमिष्टः, तथापि स्वमते**' '**तथा**' तेन प्रकारेण '**शूद्रद्विजातिभेदेने**'ति गाथार्थः ॥ १२५९ ॥

एतदेवाह-

**सुद्दाण सहस्सेणवि, ण बंभवज्झेह घाइएणंति ।**

**जह तह अप्पबहुत्तं, एत्थवि गुणदोसचिंताए ॥ १२६० ॥**

**वृत्तिः**- '**शूद्राणां सहस्रेणापि न ब्रह्महत्या**' इह '**घातितेनेति यथा**' भवतां '**तथाऽल्पबहुत्वमत्रापि गुणदोषचिन्तायां**' ज्ञेयमिति गाथार्थः ॥ १२६० ॥

વાદીએ (૧૨૩૨મી ગાથામાં) જિનભવનાદિમાં એકેન્દ્રિયાદિ નાના જીવોની હિંસા થાય છે ઈત્યાદિ જે કહ્યું તેનું નિરાકરણ કરે છે-

જો કે પ્રસ્તુતમાં એકેંદ્રિયાદિ જીવોનો ભેદ પાપભેદનો હેતુ બને છે, તો પણ સ્વમતમાં = જૈનમતમાં તે ભેદ માન્ય છે. જેવી રીતે તમારા મતમાં શૂદ્ર-બ્રાહ્મણ વગેરેનો ભેદ પાપભેદનો હેતુ બને છે તે રીતે. [૧૨૫૯] **આ જ વિષયને કહે છે**- જેમ તમારા મતે હજાર શૂદ્રોનો ઘાત કરવા છતાં બ્રહ્મહત્યા લાગતી નથી = એક બ્રાહ્મણનો ઘાત કરવા જેટલું પાપ લાગતું નથી, અર્થાત્ હજાર શૂદ્રોની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હિંસા કરતાં એક બ્રાહ્મણની હિંસામાં વધારે પાપ લાગે છે, તેમ જૈનમતમાં પણ ગુણ-દોષની વિચારણામાં અલ્પ-બહુત્વ જાણવું. [૧૨૬૦]

**अप्पा य होंति एसा, एत्थं जयणाएँ वट्टमाणस्स ।**
**जयणा य धम्मसारो, विन्नेआ सव्वकज्जेसु ॥ १२६१ ॥**

**वृत्तिः-** **'अल्पा च भवत्येषा'**-हिंसाऽत्र **यतनया वर्त्तमानस्य'**-जिनभवनादौ, **'यतना च धर्म्मसारो'** हृदयं **'विज्ञेया सर्वकार्येषु'**, ग्लानादिष्विति ॥ १२६१ ॥

**जयणेह धम्मजणणी, जयणा धम्मस्स पालणी चेव ।**
**तव्वुड्डिकरी जयणा, एगंतसुहावहा जयणा ॥ १२६२ ॥**

**वृत्तिः-** **'यतनेह धर्म्मजननी'**, तत्प्रसूतेः, **'यतना धर्म्मस्य पालनी चैव'**, प्रसूतरक्षणात्, **'तद्वृद्धिकारिणी यतना'**, इत्थं तद्वृद्धेः, **'एकान्तसुखावहा यतना'**, सर्वतोभद्रत्वादिति गाथार्थः ॥ १२६२ ॥

**जयणाएँ वट्टमाणो, जीवो सम्मत्तणाणचरणाणं ।**
**सद्धाबोहासेवण-भावेणाराहओ भणिओ ॥ १२६३ ॥**

**वृत्तिः-** **'यतनया वर्त्तमानो जीवः'** परमार्थेन **'सम्यक्त्वज्ञानचरणानां'** त्रयाणामपि **'श्रद्धाबोधासेवनभावेन'** हेतुना आराधको **'भणितः'**, तथाप्रवृत्तेरिति गाथार्थः ॥ १२६३ ॥

**एसा य होइ नियमा, तयहिगदोसविणिवारणी जेण ।**
**तेण णिवित्तिपहाणा, विन्नेआ बुद्धिमंतेणं ॥ १२६४ ॥**

**वृत्तिः-** **'एषा च भवति नियमात्'**-यतना **'तदधिकदोषविनिवारणी येन'** अनुबन्धेन **'तेन निवृत्तिप्रधाना'** तत्त्वतः **'विज्ञेया बुद्धिमता'** सत्त्वेनेति गाथार्थः ॥ १२६४ ॥

**सा इह परिणयजलदल-विसुद्धरूवाओं होइ विण्णेआ ।**
**अत्थव्वओ महंतो, सव्वो सो धम्महेउत्ति ॥ १२६५ ॥**

**वृत्तिः-** **'सा'** यतना **'इह'** जिनभवनादौ **'परिणतजलदलविशुद्धिरूपैव भवति विज्ञेया'**, प्रासुकग्रहणेन **'अर्थव्ययो महान्'** यद्यपि तत्र तथापि **'सर्वोऽसौ धर्म्महेतुः'**, स्थाननियोगादिति गाथार्थः ॥ १२६५ ॥

(સર્વ ધર્મકાર્યોમાં યતનાની પ્રધાનતા જણાવે છે–)

અહીં જિનભવનનિર્માણ વગેરેમાં યતનાપૂર્વક પ્રવૃત્તિ કરનારને હિંસા અલ્પ થાય. ગ્લાનસેવા આદિ સર્વ કાર્યોમાં યતના પ્રાણરૂપ [1]છે. [૧૨૬૧] યતનાથી ધર્મની ઉત્પત્તિ થતી હોવાથી યતના ધર્મની માતા છે. યતના ઉત્પન્ન થયેલા ધર્મનું રક્ષણ કરતી હોવાથી ધર્મની પાલની

૧. ૧૨૬૧થી ૧૨૬૫ ગાથાઓ સાતમા પંચા. માં અનુક્રમે ૨૯ થી ૩૩ છે.

जैन शासन
JAINSITE.com
જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. યતનાથી ધર્મની વૃદ્ધિ થતી હોવાથી યતના ધર્મવૃદ્ધિકારિણી છે. યતનાથી બધી રીતે કલ્યાણ થતું હોવાથી યતના એકાંત સુખાવહા (= એકાંતે સુખ લાવનારી) [1]છે. [૧૨૬૨] જિનેશ્વરોએ યતનાથી પ્રવૃત્તિ કરતા જીવને પરમાર્થથી શ્રદ્ધા, બોધ અને આસેવનની વિદ્યમાનતાથી અનુક્રમે સમ્યક્ત્વ, જ્ઞાન અને ચારિત્રનો આરાધક કહ્યો છે. તે આ પ્રમાણે- યતનાની શ્રદ્ધા હોવાથી સમ્યક્ત્વનો, યતનાનું જ્ઞાન હોવાથી જ્ઞાનનો અને શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક યતનામાં પ્રવૃત્તિ હોવાથી ચારિત્રનો આરાધક બને છે. [૧૨૬૩] આ યતના અનુબંધથી = ફલથી નિયમા તેના (= હિંસાના) અધિક દોષોનું નિવારણ કરનારી છે, અને એથી બુદ્ધિમાન જીવે યતનાને પરમાર્થથી નિવૃત્તિપ્રધાન જાણવી, અર્થાત્ યતનાથી પરિણામે હિંસાદિ પાપોની નિવૃત્તિ થાય છે. એથી યતનામાં નિવૃત્તિની પ્રધાનતા છે. [૧૨૬૪] જિનભવનનિર્માણ વગેરેમાં પરિણત (અચિત્ત) પાણી વાપરવું, જિનમંદિર માટે જરૂરી કાષ્ઠ વગેરે સામગ્રી (પૂર્વે કહ્યું તેવી) શુદ્ધ વાપરવી, એ યતના છે. જો કે પ્રાસુક પાણી વાપરવામાં ધનવ્યય ઘણો થાય, તો પણ એ બધો ધનવ્યય ધર્મનો હેતુ બને છે. કારણ કે ધનનો સારા સ્થાને ઉપયોગ થાય છે. [૧૨૬૫]

प्रसङ्गमाह-

**एत्तो च्चिअ निद्दोसं, सिप्पाइविहाणमो जिणिंदस्स ।**
**लेसेण सदोसंपि हु, बहुदोसनिवारणत्तेणं ॥ १२६६ ॥**

**वृत्तिः**- **'अत एव'** यतनागुणात् **'निर्दोषं शिल्पादिविधानमपि जिनेन्द्रस्य'** आद्यस्य **'लेशेन सदोषमपि'** सन् **'बहुदोष'**निवारणं, **'निवारणत्वेना'**नुबन्ध इति गाथार्थः ॥ १२६६ ॥

**પ્રાસંગિક કહે છે–**

યતના ગુણથી જ શ્રી આદિનાથ ભગવાને આપેલું શિલ્પકલા આદિનું શિક્ષણ કંઈક દોષિત (= સાવદ્ય) હોવા છતાં નિર્દોષ (= નિરવદ્ય) છે. કારણ કે તેનાથી ઘણા દોષો દૂર થાય છે. ઘણા દોષો દૂર થવાના કારણે એ શિક્ષણ પરિણામે નિર્દોષ છે.

(**પ્રશ્ન**- શિલ્પકલા આદિના શિક્ષણથી ઘણા દોષો કેવી રીતે દૂર થાય છે ?

**ઉત્તર**- જો ભગવાન શિલ્પકલા, રાજનીતિ આદિનું શિક્ષણ ન આપે તો લોકો ધન આદિ માટે એક-બીજાને મારી નાખે, એક-બીજાનું ધન લઈ લે, પરસ્ત્રીગમન આદિ દોષોનું સેવન કરે, આવા અનેક મોટા મોટા ગુનાઓ સતત થાય, લોકમાં ભારે અંધાધૂંધી ચાલે. આથી લોક શાંતિમય જીવન જીવી ન શકે. પરિણામે આલોક બગડવા સાથે પરલોક પણ બગડે. શિલ્પકલા, રાજનીતિ વગેરેના શિક્ષણથી તે ગુનાઓ રોકી શકાય [2]છે.) [૧૨૬૬][3]

૧. ૧૨૬૨ અને ૧૨૬૩ એ બે ગાથાઓ ઉપદેશ પદમાં ક્રમશઃ ૪૬૯ અને ૪૭૦ છે.
૨. હારિભદ્રીય અષ્ટક ૨૮ મુ સંપૂર્ણ.
૩. ૧૨૬૬ થી ૧૨૬૯ ગાથાઓ સાતમા પંચા. માં ક્રમશઃ ૩૫ થી ૩૮ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

एतदेवाह-

**वरबोहिलाभओ सो, सव्वुत्तमपुण्णसंजुओ भयवं ।**
**एगंतपरहिअरओ, विसुद्धजोगो महासत्तो ॥ १२६७ ॥**

**वृत्तिः**- [1]'**वरबोधिलाभतः**' सकाशाद् '**असौ**'-जिनेन्द्रः '**सर्वोत्तमपुण्यसंयुक्तो भगवान् एकान्तपरहितरतः**', तत्स्वाभाव्याद्, '**विशुद्धयोगो महासत्त्व**' इति गाथार्थः ॥ १२६७ ॥

**जं बहुगुणं पयाणं, तं णाऊणं तहेव देसेइ ।**
**ते रक्खंतस्स तओ, जहोचिअं कह भवे दोसो ? ॥ १२६८ ॥**

**वृत्तिः**- '**यद्बहुगुणं** '**प्रजानां**' प्राणिनां '**तद् ज्ञात्वा तथैव देशयति**' भगवान्, '**तान् रक्षतस्ततो यथोचितम**'नुबन्धतः '**कथं भवेद् दोषः ?**', नैवेति गाथार्थः ॥ १२६८ ॥

આ જ વિષયને કહે છે–

વરબોધિલાભના કારણે સર્વોત્તમ પુણ્યથી સંયુક્ત, સ્વભાવથી જ એકાંતે પરહિતરત, વિશુદ્ધ મન, વચન, કાયાવાળા અને મહાસત્ત્વવંત શ્રી આદિનાથ ભગવાન લોકોને જેનાથી વધારે લાભ થાય તે જ્ઞાનથી જાણીને જેમ લોકોને ઉપકાર થાય તેમ જ (કંઈક દોષિત પણ) બતાવે. ઔચિત્યથી (=સ્વકર્તવ્યનું પાલન કરવા) શિલ્પાદિનું શિક્ષણ આપીને ઘણા અનર્થોથી રક્ષણ કરનારા ભગવાનને અનુબંધની (= પરિણામની) દૃષ્ટિએ દોષ કેવી રીતે લાગે ? ન જ લાગે.

(પ્રશ્ન- અહીં 'ઔચિત્યથી' એમ કહ્યું છે તો ઔચિત્યથી એટલે શું ?

ઉત્તર- ભગવાન ચારિત્ર મોહનીય કર્મના ઉદયથી સંસારમાં રહેલા છે અને ત્રણ જ્ઞાનથી યુક્ત હોવાથી શિલ્પાદિના શિક્ષણથી જ લોકોનું અધિક દોષોથી રક્ષણ થઈ શકે તેમ છે એમ જાણે છે. આવી સ્થિતિમાં ભગવાન લોકોને શિલ્પાદિનું શિક્ષણ આપે એ જ ઉચિત ગણાય, ન આપે તો અનુચિત ગણાય. આવી સ્થિતિમાં લોકોને શિલ્પાદિનું શિક્ષણ આપીને અધિક દોષોથી બચાવવા એ ભગવાનનું કર્તવ્ય થઈ પડે છે. હા, સર્વવિરતિનો સ્વીકાર કર્યા પછી આવું શિક્ષણ આપવું ઉચિત ન ગણાય. સર્વવિરતિનો સ્વીકાર કર્યા પછી તો સંયમની જ સાધના કરવાની હોય છે. સંયમની સાધનાથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતાં તીર્થની સ્થાપના વગેરે પ્રવૃત્તિ કરવાની હોય છે. એટલે સંસારમાં રહેલા શ્રી આદિનાથ ભગવાન શિલ્પાદિનું શિક્ષણ આપે એ ઉચિત (= યોગ્ય) હોવાથી અહીં ઔચિત્યથી એમ કહ્યું છે.) [૧૨૬૭-૬૮]

एतदेव स्पष्टयति-

**तत्थ पहाणो अंसो, बहुदोसनिवारणेह जगगुरुणो ।**
**नागाइरक्खणे जह, कड्ढणदोसेऽवि सुहजोगो ॥ १२६९ ॥**

---

१. वरः- प्रधानोऽप्रतिपातित्वाद् बोधिलाभः सम्यग्दर्शनावाप्तिर्यस्य स वरबोधिलाभको वरबोधिलाभाद् वा हेतोः । (પંચા. ૭ ગા. ૩૬ની ટીકા.)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**- '**तत्र**' शिल्पादिविधाने '**प्रधानोऽशः बहुदोषनिवारणा**' '**इह**' जगति '**जगद्गुरोः**', ततश्च '**नागादिरक्षणे यथा**' जीवितरक्षणेन '**आकर्षणाद्दोषेऽपि**' कण्टकादेः '**शुभयोगो**' भवतीति गाथार्थः ॥ १२६९ ॥

**एव णिवित्तिपहाणा, विण्णेआ तत्तओ अहिंसेअं ।**
**जयणावओ उ विहिणा, पूआइगयावि एमेव ॥ १२७० ॥**

**वृत्तिः**- एवं निवृत्तिप्रधाना अनुबन्धमधिकृत्य विज्ञेया तत्त्वतः अहिंसा इयं-जिनभवनादिहिंसा, यतनावतस्तु विधिना क्रियमाणा, पूजादिगताऽप्येवमेव-तत्त्वतोऽहिंसेति गाथार्थः ॥ १२७० ॥

આ જ વિષયને સ્પષ્ટ કરે છે-

શિલ્પકલા આદિનું શિક્ષણ આપવામાં મુખ્ય કારણ અધિક દોષોનું નિવારણ છે. આથી જેમ બાળકનું સાપ આદિથી રક્ષણ કરવામાં તેને ખેંચવાથી કાંટા લાગવા વગેરે દોષ હોવા છતાં જીવનનું રક્ષણ કરવાથી માતાની પ્રવૃત્તિ શુભ છે તેમ, જગદ્ગુરુ ભગવાનની શિલ્પાદિ શિક્ષણમાં પ્રવૃત્તિ શુભ જ છે. કેમકે તેનાથી ઘોર હિંસા વગેરે અધિક દોષોની નિવૃત્તિ થાય છે. [૧૨૬૯] આ પ્રમાણે યતનાવાળા જીવની વિધિપૂર્વક કરાતી જિનભવનનિર્માણ આદિ સંબંધી હિંસા અનુબંધની અપેક્ષાએ પરમાર્થથી જેમાં નિવૃત્તિની પ્રધાનતા છે એવી અહિંસા જ જાણવી. (કારણ કે તે જીવ પરિણામે સંયમ પામે છે.) જિનપૂજાદિ સંબંધી હિંસા પણ પરમાર્થથી અહિંસા [1] છે. [૧૨૭૦]

प्रसङ्गमाह-

**सिअ पूआउवगारो, ण होइ इह कोइ पूइणिज्जाणं ।**
**कयकिच्चत्तणओ तह, जायइ आसायणा चेवं ॥ १२७१ ॥**

**वृत्तिः**- '**स्यात्-पूजयोपकारः**'-तुष्ट्यादिरूपः '**न भवति कश्चिदिह** '**पूज्यानां**' **कृत-कृत्यत्वादिति**' युक्तिः, '**तथा जायते आशातना चैवम्**'-अकृतकृत्यत्वापादनेनेति गाथार्थः ॥ १२७१ ॥

**तअहिगनिव्वत्तीए, गुणंतरं णत्थि एत्थ निअमेणं ।**
**इअ एअगया हिंसा सदोसमो होइ णायव्वा ॥ १२७२ ॥**

**वृत्तिः**-'**तदधिकनिवृत्त्या**' हेतुभूतया '**गुणान्तरंनास्त्यत्र नियमेन**'-पूजादौ, '**इति**' '**एतद्गता**' पूजादिगता '**हिंसा सदोषैव भवति ज्ञातव्या**', कस्यचिदनुपकारादिति गाथार्थः ॥ १२७२ ॥

પ્રાસંગિક કહે છે-

**પૂર્વપક્ષ**- તીર્થંકરો કૃતકૃત્ય હોવાથી તીર્થંકરોની પૂજાથી તીર્થંકરોને તુષ્ટિ આદિ કોઈ ઉપકાર તો થતો નથી, બલ્કે કૃતકૃત્ય તીર્થંકરોને પૂજાથી અકૃતકૃત્ય સિદ્ધ કરવાથી તીર્થંકરોની આશાતના થાય છે. [૧૨૭૧] તથા પૂજા વગેરે કરવાથી પૂજા વગેરેમાં થતા આરંભાદિ દોષોથી અધિક દોષોની નિવૃત્તિ

૧. પંચા ૭ ગા. ૪૨.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થાય અને એથી બીજો પણ કોઈ લાભ થાય એવો નિયમ નથી. આથી પૂજા વગેરેમાં થતી હિંસા દોષિત જ જાણવી. કારણ કે તેનાથી કોઈને ય લાભ થતો નથી. [૧૨૭૨]

अत्रोत्तरम्-

**उवगाराभावेऽवि हु, चिंतामणिजलणचंदणाईणं ।**
**विहिसेवगस्स जायइ, तेहिंतो सो पसिद्धमिणं ॥ १२७३ ॥**

**वृत्तिः**- '**उपकाराभावेऽपि**' विषयादेः '**चिन्तामणिज्वलनपूजना( चन्दना )दिभ्यः**' सकाशात् '**विधिसेवकस्य**' पुंसः '**जायते तेभ्य**' एव '**स**' उपकारः, '**प्रसिद्धमेतल्लो**'क इति गाथार्थः ॥ १२७३ ॥

**इअ कयकिच्चेहिंतो, तब्भावे णत्थि कोइवि विरोहो ।**
**एत्तोच्चिअ ते पुज्जा, का खलु आसायणा तीए ? ॥ १२७४ ॥**

**वृत्तिः**- '**एवं** '**कृतकृत्येभ्यः**' पूज्येभ्यः सकाशात् '**तद्भावे**' उपकारभावे '**नास्ति कश्चिद्विरोध**' इति, '**अत एव**' कृतकृत्यत्वाद् गुणात् '**ते**' भगवन्तः '**पूज्याः**', एवं च '**का खल्वाशातना** '**तया**'-पूजयेति गाथार्थः ॥ १२७४ ॥

**अहिगणिवित्तीवि इहं, भावेणाहिगरणा णिवित्तीओ ।**
**तद्दंसणसुहजोगा, गुणंतरं तीएँ परिसुद्धं ॥ १२७५ ॥**

**वृत्तिः**- '**अधिकनिवृत्तिरप्यत्र**'-पूजादौ '**भावेनाधिकरणान्निवृत्तेः**' कारणात्, '**तद्दर्शनशुभयोगात् गुणान्तरं** '**तस्यां**' पूजायां '**परिशुद्धमि**'ति गाथार्थः ॥ १२७५ ॥

**ता एअगया चेव, हिंसा गुणकारिणित्ति विन्नेआ ।**
**तह भणिअणायओ च्चिय, एसा अप्पेह जयणाए ॥ १२७६ ॥**

**वृत्तिः**- '**तत्**' तस्मात् '**एतद्गताऽपि**' पूजागताऽप्येवं '**हिंसा गुणकारिणी विज्ञेया, तथा भणितन्यायत एव**'-अधिकनिवृत्त्यादे'**रेषा**'-हिंसा'**ऽल्पेह यतनये**'ति गाथार्थः ॥ १२७६ ॥

અહીં પૂર્વપક્ષનો ઉત્તર આપે છે—

ચિંતામણી, અગ્નિ, ચંદન વગેરેની સેવા કરવાથી ચિંતામણી વગેરેને કોઈ ઉપકાર=લાભ થતો નથી, આમ છતાં ચિંતામણી વગેરેની વિધિપૂર્વક સેવા કરનાર પુરુષને ચિંતામણી વગેરેથી જ લાભ થાય છે. આ બિના લોકમાં પ્રસિદ્ધ છે. [૧૨૭૩] એ પ્રમાણે કૃતકૃત્ય પૂજ્યોથી પૂજકને લાભ થવામાં કોઈ વિરોધ નથી. તીર્થંકરો કૃતકૃત્ય હોવાથી જ પૂજ્ય છે. આમ તીર્થંકરોની પૂજાથી શી આશાતના છે ? કોઈ જ આશાતના નથી. [૧૨૭૪] પૂજા વગેરેમાં ભાવથી અધિકરણથી નિવૃત્તિ થતી હોવાથી અધિક દોષોની નિવૃત્તિ પણ થાય છે. જિનદર્શનમાં મન-વચન-કાયા શુભ બની જતા હોવાથી જિનપૂજામાં (કર્મક્ષય, પુણ્યનો અનુબંધ, રાગાદિની હાનિ વગેરે) અન્ય સુવિશુદ્ધ લાભો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ થાય છે. [૧૨૭૫] આથી પૂજા સંબંધી હિંસા [1]પણ ગુણ કરનારી જાણવી. તથા પૂર્વે (યતનાના વર્ણનમાં) કહ્યું તેમ યતનાથી અધિક દોષોની નિવૃત્તિ થવાથી જિનપૂજામાં હિંસા અલ્પ (અને લાભ ઘણો) થાય છે. [૧૨૭૬]

**तह संभवंतरूवं, सव्वं सव्वण्णुवयणओ एअं ।**

**तं णिच्छिअकहिआगम-पउत्तगुरुसंपयाएहिं ॥ १२७७ ॥**

**वृत्तिः-** **'तथा सम्भवद्रूपं सर्वं सर्वज्ञवचनत एतद्'**, यदुक्तं **'तत् निश्चित्य'** सर्वज्ञावगत**'कथितागम-प्रयुक्ता'**निवारित**'गुरुसम्प्रदायेभ्यः'** सकाशादिति गाथार्थः ॥ १२७७ ॥

આ જે કહ્યું તે બધું સર્વજ્ઞના વચનના આધારે સંભવી શકે છે-ઘટી શકે છે. સર્વજ્ઞવચનનો નિર્ણય (અમુક વચન સર્વજ્ઞોક્ત છે કે નહિ ? એનો નિર્ણય) સર્વજ્ઞ પાસેથી જાણીને કહેલા આગમ પ્રમાણે આચરણ કરનારા અને જેમના આચરણનો બીજા ગીતાર્થોએ નિષેધ કર્યો નથી એવા ગુરુઓની પરંપરાના આધારે થઈ શકે છે. [૧૨૭૭]

**वेअवयणं तु नेवं, अपोरसेअं तु तं मयं जेणं ।**

**इअमच्चंतविरुद्धं, वयणं च अपोरसेअं च ॥ १२७८ ॥**

**वृत्तिः-** **'वेदवचनं तु न एवं'**-सम्भवत्स्वरूपं, **'अपौरुषेयमेव तन्मतं येन'** कारणेन, **'इदमत्यन्तविरुद्धं'** वर्त्तते, यदुत **'वचनं चापौरूषेयं चे'**ति गाथार्थः ॥ १२७८ ॥

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

एतद्भावनायाह-

**जं वुच्चइत्ति वयणं, पुरिसाभावे अ नेअमेअंति ।**

**ता तस्सेवाभावो, णिअमेण अपोरसेअत्ते ॥ १२७९ ॥**

**वृत्तिः-** **'यद्'** यस्माद्**'उच्यत इति वचनम्'** अयमन्वर्थः, **'पुरुषाभावे तु नैवमेतत्'**, नोच्यत इत्यर्थः, **'तत्'** **'तस्यैव'** वचनस्य **'अभावो नियमेनापौरुषेयत्वे'** सत्यापद्यत इति गाथार्थः ॥ १२७९ ॥

**तव्वावारविउत्तं, ण य कत्थइ सुव्वईह तं वयणं ।**

**सवणेऽवि अ णासंका, अदिस्सकत्तुब्भवाऽवेइ ॥ १२८० ॥**

**वृत्तिः-** **'तद्व्यापारविरहितं'** शून्यं **'न क्वचित् श्रूयते'** इह **'वचनं'** लोके, **'श्रवणेऽपि च'** सति **'नाशङ्काऽदृश्यकर्त्रुद्भवाऽपैति'** प्रमाणाभावादिति गाथार्थः ॥ १२८० ॥

**अदिस्सकत्तिगं णो, अण्णं सुव्वइ कहं णु आसंका ? ।**

**सुव्वइ पिसायवयणं, कयाइ एअं तु ण सदेव ॥ १२८१ ॥**

---

१. જેમ જિનભવનાદિ સંબંધી હિંસા ગુણ કરનારી છે, તેમ પૂજા-સંબંધી હિંસા પણ ગુણકારી છે એમ 'પણ' શબ્દનો અર્થ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्ति:**- '**अदृश्यकर्तृकं**' '**नो**' नैव '**अन्यत् श्रूयते कथं न्वाशङ्का ?**', विपक्षादृष्टेरित्यर्थः, अत्राह-'**श्रूयते पिशाचवचनं, कदाचिल्लौ**'किकमेतद्, '**एतत्तु**' वैदिकमपौरुषेयं '**न सदैव**' श्रूयत इति गाथार्थः ॥ १२८१ ॥

વેદવચનમાં આ બધું ઘટી શકતું નથી. કારણ કે વૈદિકમત અપૌરુષેય છે=પુરુષે કહેલું નથી. વચન હોય અને અપૌરુષેય હોય એ અત્યંત વિરુદ્ધ છે. [૧૨૭૮] **આ વિષયની વિચારણા કરે છે-** કારણકે વચન શબ્દનો 'જે કહેવાય તે વચન' એવો વચન શબ્દની વ્યુત્પત્તિથી નીકળતો અર્થ છે. આ પ્રમાણે પુરુષ વિના વચન ન હોઈ શકે, અર્થાત્ પુરુષ વિના કહી શકાય નહિ. તેથી જો વચન અપૌરુષેય હોય તો નિયમા વચનનો અભાવ સિદ્ધ થાય છે. [૧૨૭૯] લોકમાં ક્યાંય પુરુષના પ્રયત્નથી રહિત વચન સાંભળવામાં આવતું નથી. કદાચ તેવું વચન સાંભળવામાં આવે તો પણ તે વચનનો અદશ્ય કર્તા હોવો જોઈએ એવી શંકા દૂર થતી નથી = સદા રહે છે. [1]કારણ કે કર્તા વિના વચન હોય એમાં કોઈ પ્રમાણ નથી. [૧૨૮૦]

**પ્રશ્ન**- જેનો અદશ્ય કર્તા (= બોલનાર) હોય તેવું વચન સંભળાતું જ નથી, તો પછી તેની શંકા કેમ થાય ?

**ઉત્તર**- પિશાચનું વચન ક્યારેક સંભળાય છે. પિશાચ ક્યારેક અદશ્ય રહીને બોલે છે એમ લોકમાં પ્રસિદ્ધ છે. જ્યારે વૈદિક અપૌરુષેય વચન ક્યારેય સંભળાતું નથી. [૧૨૮૧]

यथाऽभ्युपगमदूषणमाह-

**वण्णाइअपोरसेअं, लोइअवयणाणवीह सव्वेसिं ।**
**वेअम्मि को विसेसो ?, जेण तहिं एसऽसग्गाहो ॥ १२८२ ॥**

**वृत्ति:**- '**वर्णाद्यपौरुषेयं लौकिकवचनानामपीह सर्वेषां**', वर्णसत्त्वादिवाचकत्वादेः पुरुषैरविकरणात्, '**वेदे को विशेषो येन तत्रैषोऽसद्ग्रहः**' अपौरुषेयत्वासद्ग्रह इति गाथार्थः ॥ १२८२ ॥

**વૈદિકોની માન્યતા [2]પ્રમાણે તેમાં દૂષણ કહે છે-**

એમ તો (તમારા સિદ્ધાંત પ્રમાણે) સર્વ લૌકિક વચનોના પણ વર્ણ, શબ્દ વગેરે અપૌરુષેય છે. કારણ કે વર્ણ, શબ્દ વગેરેની રચના અને અમુક શબ્દ અમુક અર્થનો વાચક છે ઇત્યાદિ વિભાગ પુરુષોએ કરેલ નથી. (કિંતુ ઈશ્વરે કરેલ છે.) તો પછી વેદમાં એવી તે શી વિશેષતા છે, જેથી તમારો વેદ જ અપૌરુષેય છે એવો અસદાગ્રહ છે. [૧૨૮૨]

૧. ટીકાના **विपक्षादृष्टेः** એ પદનો "વિપક્ષ જોવામાં આવતો ન હોવાથી" એ શબ્દાર્થ છે. ભાવાર્થ આ પ્રમાણે છે- ન્યાયની પરિભાષા પ્રમાણે જેમાં સાધ્યાભાવ નિશ્ચિત હોય તે વિપક્ષ કહેવાય. જેમકે- पर्वतो वह्निमान् धूमात् એ સ્થળે વહ્નિ સાધ્ય છે. સાધ્યાભાવ વહ્ન્યભાવ છે. સરોવરમાં વહ્ન્યભાવ નિશ્ચિત છે માટે સરોવર વિપક્ષ છે. એ રીતે પ્રસ્તુતમાં 'किञ्चिद् वचनमदृश्यकर्तृकं' 'दृश्यकर्त्रदर्शनाद्' એવા અનુમાનની સામે વાદીએ वचनं नादृश्यकर्तृकं वचनत्वात् એવું અનુમાન મૂક્યું. આમાં અદશ્યકર્તૃકત્વાભાવ સાધ્ય હોવાથી સાધ્યાભાવ અદશ્યકતૃકત્વાભાવાભાવ = અદશ્યકર્તૃકત્વ છે. અદશ્યકર્તૃકત્વ જેમાં નિશ્ચિત હોય તે વિપક્ષ કહેવાય. અદશ્યકર્તૃકત્વ જેમાં હોય તેવો વિપક્ષ જોવામાં આવતો નથી, અર્થાત્ જે વચનનો કર્તા અદશ્ય હોય તેવું વચન જોવામાં આવતું નથી.

૨. વૈદિકો આ જગત ઈશ્વરે બનાવ્યું છે, એટલે કે જગતમાં જે કંઈ છે તે બધું ઈશ્વરે બનાવ્યું છે, એમ માને છે. વૈદિકોની આ માન્યતા પ્રમાણે વેદ અપૌરુષેય છે એ વિષે દૂષણ આપે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ण य णिच्छओवि हु तओ, जुज्जइ पायं कहिंचि सण्णाया ।
जं तस्सऽत्थपगासण-विसएह अइंदिया सत्ती ॥ १२८३ ॥

**वृत्तिः-** '**न च निश्चयोऽपि** '**ततो**' वेदवाक्यात् '**युज्यते प्रायः क्वचिद्व**'स्तुनि '**सन्न्यायाद्**, '**यद्**' यस्मात् '**तस्य**' वेदवचनस्य '**अर्थप्रकाशनविषये** '**इह**' प्रक्रमे ऽतीन्द्रिया **शक्ति**'रिति गाथार्थः ॥ १२८३ ॥

नो पुरिसमित्तगम्मा, तदतिसओऽविहु ण बहुमओ तुम्हं ।
लोइअवयणेहिंतो, दिट्ठं च कहिंचि वेहम्मं ॥ १२८४ ॥

**वृत्तिः-** '**नो पुरुषमात्रगम्या**' एषा, '**तदतिशयोऽपि न बहुमतो युष्माकम्**', अतीन्द्रियदर्शी, '**लौकिकवचनेभ्यः**' सकाशात् '**दृष्टं च कथञ्चिद्वैधर्म्यं**' वेदवचनानामिति गाथार्थः ॥ १२८४ ॥

ताणिह पोरसेआणि, अपोरसेआणि वेयवयणाणि ।
सग्गुव्वसिअमुहाणं दिट्ठो तह अत्थभेओऽवि ॥ १२८५ ॥

**वृत्तिः-** '**तानीह पौरुषेयाणि**'-लौकिकानि '**अपौरुषेयाणि वेदवचनानी**'ति वैधर्म्यं, '**स्वर्गोर्वशी-प्रमुखानां**' शब्दानां '**दृष्टस्तथाऽर्थभेदोऽपि**', अप्सरोव्यादिरूप इति गाथार्थः । एवं य एव लौकिकास्त एव वैदिकाः स एव चैषामर्थ इति यत्किञ्चिदेतत् ॥ १२८५ ॥

તથા [1]સુનીતિથી તો વેદવાક્યના આધારે પ્રાયઃ કોઈ વિષયમાં (અમુક વિષય અમુક રીતે છે ઈત્યાદિ) નિશ્ચય પણ થઈ શકે નહિ. કારણ કે વેદવચનના અર્થનું પ્રકાશન (= પ્રગટ) કરવામાં અતીંદ્રિયશક્તિ જોઈએ. [૧૨૮૩] અતીંદ્રિયશક્તિ કોઈ પણ પુરુષ મેળવી શકતો નથી. કારણ કે કોઈ પુરુષ અતીંદ્રિયદર્શી હોય એમ તમે માનતા [2]નથી.

**પૂર્વપક્ષ-** લૌકિક વચનોના આધારે વૈદિકવચનોનો અર્થ સમજી શકાય છે. **ઉત્તરપક્ષ-** વૈદિકવચનો લૌકિક વચનોથી કોઈક રીતે વિરુદ્ધ જોવામાં આવે છે. [૧૨૮૪] **(તે આ પ્રમાણે-)** લૌકિક વચનો પૌરુષેય છે, અને વેદવચનો અપૌરુષેય છે એવો વિરોધ છે. (પૌરુષેયવચનોથી અપૌરુષેયવચનો શી રીતે સમજી શકાય ?) તથા લોકમાં સ્વર્ગોર્વશી વગેરે શબ્દોનો અર્થભેદ પણ છે, અર્થાત્ એક જ શબ્દના અનેક અર્થ થાય છે. સ્વર્ગોર્વશી શબ્દના [3]અપ્સરા, ઉર્વી વગેરે ભિન્ન ભિન્ન અર્થ થાય છે. (આથી અમુક શબ્દનો શો અર્થ છે એનો નિર્ણય કેવી રીતે થઈ શકે ? ન જ થઈ શકે.) આ પ્રમાણે જે લૌકિક શબ્દો છે, તે જ વૈદિક શબ્દો છે. અને એ શબ્દોનો તે જ અર્થ છે એ તત્ત્વરહિત છે. [૧૨૮૫]

૧. અતીંદ્રિયશક્તિથી વેદો રચાયા છે, માટે તેને જાણવા=સમજવા માટે પણ અતીંદ્રિય શક્તિ જોઈએ એ સુનીતિથી.
૨. જેમ જૈનદર્શન પ્રમાણે અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની અને કેવલજ્ઞાની વગેરે અતીંદ્રિયદર્શી પુરુષો હોય છે, તેમ વૈદિકદર્શન પ્રમાણે કોઈ પુરુષ અતીંદ્રિયદર્શી હોતો નથી.
૩. અપ્સરા એટલે સ્વર્ગની રૂપવતી વેશ્યાઓ. ઉર્વી એક અપ્સરાનું નામ છે. અપ્સરા સ્વર્ગની સર્વસામાન્ય રૂપવતી વેશ્યા છે, અને ઉર્વી અપ્સરાવિશેષ છે એમ અર્થભેદ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**न य तं सहावओ च्चिय, सत्थपगासणपरं पईओव्व ।**

**समयविभेआजोगा, मिच्छत्तपगासजोगा य ॥ १२८६ ॥**

**वृत्तिः**- 'न च 'तद्' वेदवचनं '**स्वभावत एव स्वार्थप्रकाशनपरं प्रदीपवत्**;' कुत इत्याह-'**समयविभेदायोगात्**' सङ्केतभेदाभावादित्यर्थः,'**मिथ्यात्वप्रकाशयोगाच्च**', क्वचिदेतदापत्तेरिति गाथार्थः ॥ १२८६ ॥

एतदाह-

**इंदीवरम्मि दीवो, पगासई रत्तयं असंतंपि ।**

**चंदोऽवि पीअवत्थं, धवलं न य निच्छओ तत्तो ॥ १२८७ ॥**

**वृत्तिः**- '**इन्दीवरे दीपः प्रकाशयति रक्ततामसतीमपि, चन्द्रोऽपि पीतवस्त्रं धवलमिति**' प्रकाशयति, '**न निश्चयः ततो**', वेदवचनव्यभिचारिण इति गाथार्थः ॥ १२८७ ॥

**પૂર્વપક્ષ-** જેમ પ્રદીપ સ્વભાવથી જ બીજાને પ્રકાશિત કરવા સાથે પોતાને પણ પ્રકાશિત કરે છે, તેમ વેદવચન સ્વભાવથી જ પોતાના અર્થને પ્રકાશિત કરે છે. **ઉત્તરપક્ષ-** આ બરોબર નથી. કારણ કે વેદમાં [1]સંકેતોનો ભેદ (= જુદા જુદા સંકેતો) બતાવ્યો નથી. અને એથી ક્યારેક ખોટા અર્થનું પણ પ્રકાશન થઈ જાય. [૧૨૮૬] **આ જ વિષયને કહે છે-** લીલા કમળમાં લાલાશ ન હોવા છતાં દીપક લાલાશ બતાવે છે. ચંદ્ર પણ પીળાવસ્ત્રને સફેદ બતાવે છે. આથી અનિયત અર્થવાળા વેદવચનથી કોઈ વિષયનો નિર્ણય ન થઈ શકે. [૧૨૮૭]

**एवं नो कहिआगम-पओगगुरुसंपयायभावोऽवि ।**

**जुज्जइ सुहो इहं खलु, णाएणं छिण्णमूलत्ता ॥ १२८८ ॥**

**वृत्तिः**- '**एवं न कथितागमप्रयोगगुरुसम्प्रदायभावोऽपि**' प्रवृत्त्यङ्गभूतो '**युज्यते शुभ इह खलु**'वेदवचने '**न्यायेन**, '**छिन्नमूलत्वात्**' तथाविधवचनासम्भवादिति गाथार्थः ॥ १२८८ ॥

કહેલા આગમ પ્રમાણે આચરણ કરનારા શુભ ગુરુઓની પરંપરાના આધારે પણ ન્યાયથી વેદવચનથી કોઈ વિષયનો નિર્ણય ન થઈ શકે. કારણ કે તેવી ગુરુપરંપરાને જણાવનારાં વચનો જોવામાં આવતાં ન હોવાથી તેવી ગુરુપરંપરાનો વિચ્છેદ થઈ ગયો છે. [૧૨૮૮]

**ण कयाइ इओ कस्सइ, इह णिच्छयमो कहिंचि वत्थुम्मि ।**

**जाओत्ति कहइ एवं, जं सो तत्तं स वामोहो ॥ १२८९ ॥**

૧. સંકેત એટલે શબ્દમાં રહેલી અર્થબોધની શક્તિ. તે તે શબ્દમાં તે તે અર્થને જણાવનારી શક્તિ રહેલી છે. તેના આધારે તે તે શબ્દનો તે તે અર્થ જાણી શકાય છે. પણ આ સંકેતો (કયા શબ્દમાં કયો અર્થ જણાવવાની શક્તિ છે તે) વેદમાં જણાવવામાં આવ્યા ન હોવાથી વેદવચન સ્વભાવથી જ પોતાના અર્થને પ્રકાશિત ન કરી શકે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**- '**न कदाचिद्**' **अतो**' वेदवचनात्' **कस्यचिदिह निश्चय**' एव '**क्वचिद्वस्तुनि जात इति कथयति, एवं**' सति '**यदसौ**' वैदिकः '**स्तत्त्वं स व्यामोहः**', स्वतोऽप्यज्ञत्वादिति गाथार्थः ॥ १२८९ ॥

**तत्तो अ आगमो जो, विणेअसत्ताण सोऽवि एमेव ।**

**तस्स पओगो चेवं, अणिवारणगं च णिअमेणं ॥ १२९० ॥**

**वृत्तिः**- '**ततश्च**' वैदिकादाचार्यात् '**आगमो-यो**' व्याख्यारूपः '**विनेयसत्त्वानां**' संबन्धी '**सोऽप्येवमेव**'-व्यामोह एव, '**तस्य**' आगमार्थस्य '**प्रयोगोऽप्येवं**'-व्यामोह एव, '**अनिवारणं च नियमेन**' व्यामोह एवेति गाथार्थः ॥ १२९० ॥

**णेवं परंपराए, माणं एत्थ गुरुसंपयाओऽवि ।**

**रूवविसेसट्ठवणे, जह जच्चंधाण सव्वेसिं ॥ १२९१ ॥**

**वृत्तिः**- '**नैवं परम्परया मानमत्र**'-व्यतिकरे '**गुरुसम्प्रदायोऽपि**', निदर्शनमाह-'**रूपविशेष-स्थापने**' सितेतरादौ '**यथा जात्यन्धानां सर्वेषाम**'नादिमतामिति गाथार्थः ॥ १२९१ ॥

વેદવચનથી ક્યારેય કોઈનેય કોઈ પણ વિષયમાં નિશ્ચય જ થયો નથી. આમ હોવા છતાં વૈદિક (= વેદને જાણનાર બ્રાહ્મણ વગેરે) વેદને તત્ત્વ કહે છે તે તેનો વ્યામોહ = મૂઢતા છે. કારણ કે પોતે જ અજ્ઞાન છે. (અજ્ઞાન માણસ તત્ત્વને કેવી રીતે જાણી શકે ? [૧૨૮૯] તેથી વૈદિક (= વેદને જાણનારા) આચાર્યો શિષ્યોને વેદવચનોની જે વ્યાખ્યા કરે છે તે પણ વ્યામોહ જ છે. આગમના અર્થ પ્રમાણે આચરણ પણ વ્યામોહ જ છે. આવી વ્યાખ્યા કરનારાઓને વ્યાખ્યા કરતાં અને આવું આચરણ કરનારાઓને આચરણ કરતાં ન રોકવા એ પણ અવશ્ય મોહ જ છે. [૧૨૯૦] આ પ્રમાણે પ્રસ્તુતમાં પરંપરાથી આવેલો [1]ગુરુસંપ્રદાય પણ પ્રમાણ બનતો નથી, શ્વેત, કૃષ્ણ આદિ રૂપનો નિર્ણય કરવામાં જન્મથી અંધ બનેલા બધા આંધળા પ્રમાણ ન બને તેમ. [૧૨૯૧]

पराभिप्रायमाह-

**भवओऽवि अ सव्वण्णू, सव्वो आगमपुरस्सरो जेणं ।**

**ता सो अपोरुसेओ, इअरो वाऽणागमा जो उ ॥ १२९२ ॥**

**वृत्तिः**- '**भवतोऽपि च सर्वज्ञः सर्व आगमपुरस्सरः येन**' कारणेन, स्वर्गकेवलार्थिना तपोध्यानादिकं कर्त्तव्यमित्यागमः, अतः प्रवृत्तेरिति, '**तदसावपौरुषेय**' आगमः, अनादिमत्सर्वज्ञ-साधनत्वात्, '**इतरो वा**' सर्वज्ञो '**नागमादेव**', कस्यचित्तमन्तरेणापि भावादिति गाथार्थः ॥ १२९२ ॥

વાદીનો અભિપ્રાય કહે છે-

તમારા (= જૈનોના) બધા સર્વજ્ઞો આગમપૂર્વક થાય છે=આગમના આલંબનથી થાય છે.

---

૧. ૧૨૭૭મી ગાથામાં જણાવેલા વિશેષણોથી રહિત ગુરુસંપ્રદાય પ્રમાણ બનતો નથી એમ સમજવું. કારણ કે તેવા વિશેષણોથી યુક્ત ગુરુસંપ્રદાય પ્રમાણ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કારણ કે સ્વર્ગની અને કેવલજ્ઞાનની ઈચ્છાવાળાએ તપ, ધ્યાન વગેરે કરવું જોઈએ એમ આગમ કહે છે, અને એથી જીવોની તપ, ધ્યાન વગેરેમાં પ્રવૃત્તિ થાય છે. સર્વજ્ઞો આગમપૂર્વક થતા હોવાથી આગમ અપૌરુષેય છે. કારણ કે આગમ સર્વજ્ઞોનું સાધન=આલંબન છે, અને અનાદિકાળથી છે. (જે અનાદિકાળથી હોય તેનો કર્તા પુરુષ ન હોય, આથી તે અપૌરુષેય હોય.) અન્ય કોઈક સર્વજ્ઞ આગમપૂર્વક જ થતા નથી. કારણ કે કોઈકને આગમ વિના પણ કેવલજ્ઞાન થાય. [૧૨૯૨]

अत्रोत्तरम्-

**नोभयमवि जमणाई, बीअंकुरजीवकम्मजोगसमं ।**
**अहवऽत्थतो उ एवं, ण वयणउ वत्तहीणं तं ॥ १२९३ ॥**

**वृत्तिः**- '**न**' नैतदेवं '**उभयमपि**'-आगमः सर्वज्ञश्च '**यद्**' यस्माद् '**अनादि बीजाङ्कुर-जीवकर्म्मयोगसमं**', न ह्यत्रेदं पूर्वमिदं नेति व्यवस्था, ततश्च यथोक्तदोषाभावः, '**अथवा अर्थत एवैवं**'-बीजाङ्कुरादिन्यायः, सर्व एव कथञ्चिदागमार्थमासाद्य सर्वज्ञो ज्ञातः, तदर्थश्च तत्साधक इति '**न वचनतो**' न वचनमेवाश्रित्य, मरुदेव्यादीनां प्रकारान्तरेणापि भावात्, इतश्च न वचनतोऽनादिः, यतो '**वक्त्रधीनं तत्**', न ह्यनाद्यपि वक्तारमन्तरेण वचनप्रवृत्तिः, उपायान्तराभावात्, तदर्थप्रतिपत्तिस्तु क्षयोपशमादेरविरुद्धा, तथादर्शनाद्, एतत् सूक्ष्मधिया भावनीयमिति गाथार्थः ॥ १२९३ ॥

અહીં ઉત્તર આપે છે–

આ તમે જેમ કહ્યું તેમ નથી. કારણ કે આગમ અને સર્વજ્ઞ એ બંને બીજ અને અંકુરની જેમ તથા જીવ અને કર્મસંયોગની જેમ અનાદિકાળથી છે. જે બે વસ્તુ અનાદિકાળથી હોય તેમાં આ વસ્તુ પહેલી છે અને આ વસ્તુ પહેલી નથી એમ નિર્ણય ન કરી શકાય. આથી તમે જે દોષ કહ્યો તે દોષ રહેતો નથી. અથવા આગમ અર્થથી અને વચનથી (શબ્દથી) એમ બે પ્રકારે છે. તેમાં બીજાંકુર વગેરે ન્યાય અર્થની અપેક્ષાએ જ છે. બધા જ સર્વજ્ઞો કોઈક રીતે આગમના અર્થને પામીને સર્વજ્ઞ થયા છે આથી આગમનો અર્થ સર્વજ્ઞનો સાધક છે, અર્થાત્ આગમનો અર્થ સર્વજ્ઞ બનવાનું સાધન છે. બીજાંકુર વગેરે ન્યાય વચનને આશ્રયીને નથી. કારણ કે મરુદેવીમાતા વગેરેને વચન વિના બીજી રીતે પણ કેવલજ્ઞાન થયેલ છે. આ પ્રમાણે વચનને આશ્રયીને આગમ અનાદિ નથી. કારણ કે વચન વક્તાને અધીન છે, અર્થાત્ વક્તા વિના વચન ન હોય. (આથી આગમ અપૌરુષેય છે એ વાત રહેતી નથી.) વચન અનાદિ હોવા છતાં વક્તા વિના વચનની પ્રવૃત્તિ થાય છે એમ ન માની શકાય. કારણ કે વક્તા વિના વચનપ્રવૃત્તિનો બીજો કોઈ ઉપાય નથી. જ્યારે આગમના અર્થનું જ્ઞાન તો (પુરુષ વિના પણ) ક્ષયોપશમાદિથી થઈ શકવામાં કોઈ વિરોધ નથી. કારણ કે તેવું જોવામાં આવે છે. આ વિષય સૂક્ષ્મ બુદ્ધિથી વિચારવો. [૧૨૯૩]

**वेयवयणम्मि सव्वं णाएणासंभवंतरूवं जं ।**
**ता इअरवयणसिद्धं वत्थू कह सिज्झई तत्तो ॥ १२९४ ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**- '**वेदवचने**' '**सर्वम्**' आगमादि '**न्यायेनासम्भवद्रूपं**' '**यद्**' यस्माद् '**इतरवचनसिद्धं**'- सद्रूपवचनसिद्धं '**वस्तु**'-हिंसादोषादि '**कथं सिद्ध्यति ? ततो**'-वेदवचनादिति गाथार्थः ॥ १२९४ ॥

**ण हि रयणगुणाऽरयणे, कदाचिदवि होंति उवलसाधम्मा ।**

**एवं वयणंतरगुणा, ण होंति सामण्णवयणम्मि ॥ १२९५ ॥**

**वृत्तिः**- '**न हि रत्नगुणाः**'-शिरःशूलशमनादयः '**अरत्ने**' घर्घरघट्टादौ '**कदाचिदपि भवन्ति, उपलसाधर्म्या**'त्कारणाद्, '**एवं वचनान्तरगुणाः**'-हिंसादोषादयो '**न भवन्ति सामान्यवचने**', विशेषगुणायोगादिति गाथार्थः ॥ १२९५ ॥

**ता एवं सण्णाओ, ण बुहेणऽट्ठाणठवणाए उ ।**

**सइ लहुओ कायव्वो, चासप्पंचासणाएणं ॥ १२९६ ॥**

**वृत्तिः**- '**तदेवं सन्न्यायो**' विशेषवचनतो '**न बुधेन** '**अस्थानस्थापनया**' वचनान्तरे नियोगेन '**सदा लघुः कर्त्तव्यः**', कथमित्याह-'**चाशपञ्चाशन्यायेना**'सम्भविनोऽसम्भवेनेति **गाथार्थः** ॥ १२९६ ॥

વેદવચનમાં આગમ (= તે તે વચનની વ્યાખ્યા) વગેરે બધું ન્યાયથી ઘટતું નથી. કારણ કે અન્ય સત્યવચનથી સિદ્ધ હિંસાદોષ (હિંસા દોષિત છે એ) વગેરે વેદવચનથી કેવી રીતે (નિર્દોષ) સિદ્ધ થાય ? ન જ થાય. [૧૨૯૪] જેમ પત્થરની સમાનતાના કારણે રત્નમાં રહેલા મસ્તકશૂળનું શમન વગેરે ગુણો અટવીમાર્ગના પત્થર વગેરેમાં ક્યારેય ન હોય, તેમ સત્યવચનમાં રહેલા હિંસાદોષ વગેરે ગુણો સામાન્ય વચનમાં ન હોય, કારણ કે તેમાં વિશેષ ગુણોનો અભાવ હોય છે. [૧૨૯૫] આ પ્રમાણે પંડિત પુરુષે સદા વિશેષવચનને બીજા વચનમાં જોડીને સુન્યાયને હલકો ન કરવો જોઈએ, કેવી રીતે ? "અસંભવિત વસ્તુ ક્યારેય (ત્રણે કાળમાં) સંભવિત ન બને !" એ અર્થના સૂચક "ચાશપંચાશ" ન્યાયથી.

**ભાવાર્થ**- "સ્વર્ગની ઈચ્છાવાળાએ અગ્નિમાં હોમ કરવો" ઈત્યાદિ વિશેષવચનને વેદના વચનમાં જોડીને "જીવોની હિંસા ન કરવી" એ સુન્યાયને હલકો ન પાડવો જોઈએ. કેવી રીતે ? અસંભવિતનો અસંભવરૂપ ચાશપંચાશન્યાયથી. આનો અર્થ આ પ્રમાણે છે- ચાશ એટલે પક્ષી. ચાશ શબ્દની આગળ पञ्च શબ્દ જોડવાથી पञ्चाश શબ્દ થાય, અને તેનો અર્થ પચાશમો એવો થાય. પણ તેથી ચાશ શબ્દનો જે પક્ષી અર્થ છે તે મટી જતો નથી. તેવી રીતે "સ્વર્ગની ઈચ્છાવાળાએ અગ્નિમાં હોમ કરવો" ઈત્યાદિ વિશેષ વચનોને વેદમાં જોડી દેવાથી હિંસાદોષ મટી જતો નથી. [૧૨૯૬]

तत्र युक्तिमाह-

**तह वेए च्चिअ भणिअं, सामण्णेणं जा ण हिंसिज्जा ।**

**भूआणि फलुद्देसा, पुणो अ हिंसिज्ज तत्थेव ॥ १२९७ ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**- '**तथा वेद एव भणितं**' '**सामान्येन**' उत्सर्गेण यथा '**न हिंस्याद् भूतानि**', '**फलोद्देशात् पुनश्च हिंस्यात् तत्रैव**' भणितम् '**अग्निहोत्रं जुहुयात् स्वर्गकाम**' इतीति गाथार्थः ॥ १२९७ ॥

**ता तस्स पमाणत्तेऽवि एत्थ णिअमेण होइ दोसोत्ति ।**
**फलसिद्धीएँवि सामण्णदोसविणिवारणाभावा ॥ १२९८ ॥**

**वृत्तिः**- तत्तस्य प्रमाणत्वेऽपि-वेदस्यात्र नियमेन-चोदनायां भवति दोष इति फलसिद्धावपि सत्यां, कुत इत्याह-सामान्यदोषनिवारणाभावात्-औत्सर्गिकवाक्यार्थदोषप्राप्तेरेवेति गाथार्थः॥ १२९८ ॥

તેમાં યુક્તિ કહે છે-

વેદમાં જ ઉત્સર્ગથી કહ્યું છે કે न हिंस्याद् भूतानि = "જીવોની હિંસા ન કરવી." ફરી ત્યાં જ ફલના ઉદ્દેશથી હિંસા કરવી એમ કહ્યું છે. જેમ કે अग्निहोत्रं जुहुयात् स्वर्गकामः = "સ્વર્ગની ઈચ્છાવાળાએ અગ્નિમાં હોમ કરવો." [૧૨૯૭] તેથી (વૈદિકોને) વેદવાક્ય પ્રમાણ હોવા છતાં અહીં (અગ્નિમાં હોમ કરવાની) પ્રેરણા કરવામાં નિયમા દોષ થાય. (અગ્નિમાં હોમ કરવાથી સ્વર્ગરૂપ) ફલની પ્રાપ્તિ થાય તો પણ દોષ લાગે જ. કારણ કે સામાન્ય દોષનું નિવારણ થયું નથી, અર્થાત્ न हिंस्याद् भूतानि એ ઉત્સર્ગવાક્યના અર્થમાં જણાવેલ હિંસારૂપ દોષની પ્રાપ્તિ અવશ્ય થાય. [૧૨૯૮]

इहैव निदर्शनमाह-

**जह विज्जगम्मि दाहं, ओहेण निसेहिउं पुणो भणिअं ।**
**गंडाइखयनिमित्तं, करिज्ज विहिणा तयं चेव ॥ १२९९ ॥**

**वृत्तिः**- '**यथा वैद्यके**' '**दाहम्**' अग्निविकारं '**ओघेन**'-उत्सर्गत '**निषिध्य**' दुःखकरत्वेन '**पुनर्भणितं**' तत्रैव फलोद्देशेन '**गण्डादिक्षयनिमित्तं**', व्याध्यपेक्षयेत्यर्थः, '**कुर्याद्विधिना**' '**तमेव**' दाहमिति गाथार्थः ॥ १२९९ ॥

**ततोऽवि कीरमाणे, ओहणिसेहुब्भवो तहिं दोसो ।**
**जायइ फलसिद्धीअवि, एअं इत्थंपि विण्णेयं ॥ १३०० ॥**

**वृत्तिः**- '**ततोऽपि**' वचनात् '**क्रियमाणे**'ऽपि दाहे '**ओघनिषेधोद्भव**' इत्यौत्सर्गिक-निषेधविषयः '**तत्र दोषो**'-दुःखकरत्वलक्षणो '**जायते**, '**फलसिद्धावपि**' गण्डक्षयादिरूपायां सत्याम्, '**एवमत्रापि**'-वेदे '**विज्ञेयं**', चोदनातोऽपि प्रवृत्तस्य फलभावेऽप्युत्सर्गनिषेधविषयः दोष इति गाथार्थः ॥ १३०० ॥

આ વિષે જ દૃષ્ટાંત કહે છે-

જેમકે વૈદ્યક શાસ્ત્રમાં દુઃખનું કારણ હોવાના કારણે દાહનો-બળતરાનો નિષેધ કર્યો છે. ફરી ત્યાં જ ફલના ઉદ્દેશથી "ગુમડા-ફોલ્લા આદિના ક્ષય માટે વિધિપૂર્વક [૧]દાહ કરવો" એમ કહ્યું છે.

૧. ગુમડા-ફોલ્લાને કાપે અને મલમ લગાડે એથી દાહ-બળતરા થાય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૧૨૯૯] તે વચનથી પણ દાહ કરવામાં આવે અને ગુમડા-ફોલ્લાનો ક્ષય વગેરે ફલ મળે તો પણ ઉત્સર્ગથી જેનો નિષેધ કર્યો છે તે દાહ દુઃખ કરે જ. આ જ પ્રમાણે વેદમાં પણ જાણવું. વેદવાક્યની પ્રેરણાથી પ્રવૃત્તિ કરનારને ફલ મળે તો પણ ઉત્સર્ગથી જેનો નિષેધ કર્યો છે તે દોષ લાગે જ. [૧૩૦૦]

**कयमित्थ पसंगेणं, जहोचिआवेव दव्वभावथया ।**

**अण्णोऽण्णसमणुविद्धा, निअमेणं होंति नायव्वा ॥ १३०१ ॥**

**वृत्तिः-** '**कृतमत्र प्रसङ्गेन**' द्रव्यस्तवादिविचारे, एवं '**यथोचितावेव**' प्रधानगुणभावतो '**द्रव्यभावस्तवावित्यन्योऽन्यसमनुविद्धौ नियमेन भवतः ज्ञातव्यौ**', अन्यथा स्वरूपाभाव इति गाथार्थः ॥ १३०१ ॥

દ્રવ્યસ્તવ-ભાવસ્તવના વિચારમાં પ્રાસંગિક વર્ણન આટલું બસ છે. આ પ્રમાણે [1]યથોચિત જ દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ પ્રધાન-ગૌણભાવથી અવશ્ય પરસ્પર સંકળાયેલા (= સાપેક્ષ) જાણવા. અન્યથા સ્વરૂપનો અભાવ થાય, અર્થાત્ દ્રવ્યસ્તવ દ્રવ્યસ્તવરૂપે ન રહે, અને ભાવસ્તવ ભાવસ્તવરૂપે ન રહે. [૧૩૦૧]

अनयोर्विधिमाह-

**अप्पविरिअस्स पढमो, सहकारिविसेसभूअमो सेओ ।**

**इअरस्स बज्झचाया, इअरोच्चिअ एस परमत्थो ॥ १३०२ ॥**

**वृत्तिः-** '**अल्पवीर्यस्य**' प्राणिनः '**प्रथमो**' द्रव्यस्तवः '**सहकारिविशेषभूतो**' वीर्यस्य '**श्रेयानि**'ति, '**इतरस्य**' बहुवीर्यस्य साधो'**र्बाह्यत्यागादि**'ति-बाह्यद्रव्यस्तवत्यागेन '**इतर एव**' श्रेयान्-भावस्तव इ'**त्येषः परमार्थो**'ऽत्र द्रष्टव्य इति गाथार्थः ॥ १३०२ ॥

આ બેનો વિધિ (= કયો સ્તવ કોને યોગ્ય છે એ) કહે છે–

અલ્પવીર્યવાળા જીવને [2]વીર્યમાં (= વીર્યની વૃદ્ધિમાં) સહાયક થનાર દ્રવ્યસ્તવ શ્રેયસ્કર છે, અને બહુવીર્યવાળા સાધુને દ્રવ્યસ્તવનો ત્યાગ કરીને ભાવસ્તવ જ શ્રેયસ્કર છે, એ અહીં પરમાર્થ જાણવો. [૧૩૦૨]

विपर्यये दोषमाह-

**दव्वत्थयंपि काउं, ण तरइ जो अप्पवीरिअत्तेणं ।**

**परिसुद्धं भावथयं, काही सोऽसंभवो एस ॥ १३०३ ॥**

**वृत्तिः-** '**द्रव्यस्तवमपि कर्त्तुमौ**'चित्येन '**न शक्नोति यः**' सत्त्वो '**ऽल्पवीर्यत्वेन**' हेतुना '**परिशुद्धं भावस्तवं**' यथोक्तमित्यर्थः '**करिष्यति असावसम्भव एषः**', दलाभावादिति गाथार्थः ॥ १३०३ ॥

૧. સાધુને ભાવસ્તવ ઉચિત છે અને શ્રાવકને દ્રવ્યસ્તવ ઉચિત છે.
૨. અહીં શુભ આત્મપરિણામરૂપ વીર્ય સમજવું. (જુઓ ૧૩૦૪મી ગાથાની ટીકા.)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિપરીત કરવામાં દોષ કહે છે–

જે જીવ અલ્પવીર્યવાળો હોવાના કારણે ઉચિત રીતે દ્રવ્યસ્તવ પણ કરી શકતો નથી એ જીવ યથોક્ત ભાવસ્તવ કરશે એ અસંભવ છે. કારણ કે તેની પાસે ભાવસ્તવની સામગ્રી (= ઉત્કૃષ્ટવીર્ય) જ નથી. [૧૩૦૩]

एतदेवाह–

**जं सो उक्किट्ठयरं, अविक्खई वीरिअं इहं णिअमा ।**

**णहि पलसयंपि वोढुं, असमत्थो पव्वयं वहई ॥ १३०४ ॥**

**वृत्तिः**– '**यदसौ**'–भावस्तव '**उत्कृष्टतरमपेक्षते वीर्यं**' शुभात्मपरिणामरूपं '**इह नियमात्**', अतो–ऽल्पवीर्यः कथं करोत्येनमिति, '**नहि पलशतमपि वोढुमसमर्थः**' मन्दवीर्यः सत्त्वः '**पर्वतं वहति**', पलशततुल्यो द्रव्यस्तवः पर्वततुल्यस्तु भावस्तव इति गाथार्थः ॥ १३०४ ॥

આ જ વિષયને કહે છે–

કારણ કે ભાવસ્તવ નિયમા અતિશય ઉત્કૃષ્ટ શુભ આત્મપરિણામરૂપ વીર્યની અપેક્ષા રાખે છે. આથી અલ્પવીર્યવાળો જીવ એને કેવી રીતે કરી શકે ? જે અલ્પવીર્યવાળો જીવ સો પલ (૪૦૦ તોલા) જેટલું પણ વજન ન ઉપાડી શકે તે પર્વતને ન ઉપાડી શકે. દ્રવ્યસ્તવ સો પલ સમાન છે, અને ભાવસ્તવ પર્વતતુલ્ય છે. [૧૩૦૪]

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

एतदेव स्पष्टयति–

**जो बज्झच्चाएणं, णो इत्तिरिअंपि णिग्गहं कुणइ ।**

**इह अप्पणो सया से, सव्वच्चाएण कह कुज्जा ? ॥ १३०५ ॥**

**वृत्तिः**– '**यो बाह्यत्यागेन**', बाह्यं–वित्तं, '**नेत्वरमपि निग्रहं करोति**' वन्दनादौ '**इहात्मनः**' क्षुद्रः, '**सदाऽसौ**'–यावज्जीवं '**सर्वत्यागेन**' बाह्याभ्यन्तरत्यागेन '**कथं कुर्यात्**' आत्मनो निग्रहमिति गाथार्थः ॥ १३०५ ॥

આ જ વિષયને સ્પષ્ટ કરે છે–

જે પૂજા વગેરેમાં બાહ્ય એવા ધનના ત્યાગથી પોતાના આત્માનો થોડો પણ નિગ્રહ ન કરે તે ક્ષુદ્ર જીવ યાવજ્જીવ બાહ્ય-અભ્યંતર (પરિગ્રહ)ના ત્યાગથી આત્માનો નિગ્રહ કેવી રીતે કરે ? [૧૩૦૫]

अनयोरेव तु गुरुलाघवविधिमाह–

**आरंभच्चाएणं, णाणाइगुणेसु वड्ढमाणेसु ।**

**दव्वट्ठयहाणीवि हु, न होइ दोसाय परिसुद्धा ॥ १३०६ ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः-** '**आरम्भत्यागेन**' हेतुना '**ज्ञानादिगुणेषु वर्द्धमानेषु**' सत्सु '**द्रव्यस्तवहानिरपि**' तत्कर्त्तु **र्न भवति दोषाय** '**परिशुद्धा**' सानुबन्धेति गाथार्थः ॥ १३०६ ॥

આ બે સંબંધી જ ગુરુ-લાઘવનો (= લાભ-હાનિનો) વિધિ કહે છે–

આરંભના ત્યાગથી જ્ઞાનાદિગુણો વધે છે, પણ દ્રવ્યસ્તવની હાનિ થાય છે; આમ છતાં એ દ્રવ્યસ્તવની હાનિ એના કરનારના દોષ માટે થતી નથી. કારણ કે તે દ્રવ્યસ્તવની હાનિ [1]અનુબંધવાળી=જ્ઞાનાદિની વૃદ્ધિરૂપ ફલવાળી છે. [૧૩૦૬]

इहैव तन्त्रयुक्तिमाह–

**एत्तोच्चिय णिद्दिट्ठो, धम्मम्मि चउव्विहम्मिवि कमोऽअं ।**
**इह दाणसीलतवभावणामए अण्णहाऽजोगा ॥ १३०७ ॥**

**वृत्तिः-** '**अत एव**' द्रव्यस्तवादिभावात् '**निर्दिष्टो**' भगवद्भिः '**धर्म्मे चतुर्विधेऽपि क्रमोऽयं**'-वक्ष्यमाणः '**इह**' प्रवचने '**दानशीलतपोभावनामये**' धर्म्मे, '**अन्यथाऽयोगाद्**' अस्य धर्म्मस्येति गाथार्थः ॥ १३०७ ॥

एतदेवाह–

**संतं बज्झमणिच्चं, थाणे दाणंपि जो ण विअरेइ ।**
**इय खुड्डगो कहं सो, सीलं अइदुद्धरं धरइ ? ॥ १३०८ ॥**

**वृत्तिः-** '**सद्**' विद्यमानं '**बाह्यम्**' आत्मनो भिन्नम् '**अनित्यम्**' अशाश्वतं '**स्थाने**' पात्रादौ '**दानमपि**' पिण्डादि यो '**न वितरति**' न ददाति क्षौद्यात्, '**इय**' एवं '**क्षुद्रको**'-वराकः '**कथमसौ शीलं**' महापुरुषसेवितं '**अतिदुर्द्धरं धारयति ?**', नैवेति गाथार्थः ॥ १३०८ ॥

**अस्सीलो अ ण जायइ, सुद्धस्स तवस्स हंदि विसओऽवि ।**
**जहसत्तीएँऽतवस्सी, भावइ कह भावणाजालं ? ॥ १३०९ ॥**

**वृत्तिः-** '**अशीलश्च न जायते**' नियमत एव '**शुद्धस्य तपसो**' मोक्षाङ्गभूतस्य '**हन्दि विषयोऽपि, यथाशक्ति**' वा '**अतपस्वी**' मोहपरतन्त्रो '**भावयति कथं भावनाजालं ?**', तत्त्वतो नैवेति गाथार्थः ॥ १३०९ ॥

**इत्थं च दाणधम्मो, दव्वत्थयरूवमो गहेअव्वो ।**
**सेसा उ सुपरिसुद्धा, णेआ भावत्थयसरूवा ॥ १३१० ॥**

**वृत्तिः-** '**अत्र च**'-प्रक्रमे '**दानधर्म्मः द्रव्यस्तवरूप एव ग्राह्यः**' अप्रधानत्वात्, '**शेषास्तु सुपरिशुद्धाः**' शीलधर्म्मादयो '**ज्ञेयाः भावस्तवस्वरूपाः**', प्रधानत्वादिति गाथार्थः ॥ १३१० ॥

१. શાસ્ત્રોમાં અનુબંધ શબ્દનો પ્રયોગ મોટા ભાગે પરંપરા અને ફલ એ બે અર્થમાં કરવામાં આવે છે. તેમાં અહીં ફલ અર્થમાં અનુબંધ શબ્દનો પ્રયોગ થયો છે.

जैन साईट JAINSITE.com जैनं जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ વિષયમાં જ શાસ્ત્રીય યુક્તિ કહે છે–

દ્રવ્યસ્તવાદિના ભાવને આશ્રયીને જ ભગવાને પ્રવચનમાં દાન-શીલ-તપ-ભાવનામય ચારે પ્રકારના ધર્મમાં પહેલાં દાન, પછી શીલ, પછી તપ અને પછી ભાવ એ ક્રમ કહ્યો છે. જો આ ક્રમ ન હોય તો આ ધર્મની પ્રાપ્તિ ન થાય. [૧૩૦૭] આ જ કહે છે- જે જીવ આત્માથી ભિન્ન, અનિત્ય અને વિદ્યમાન એવા પણ અન્નાદિનું સુપાત્ર [1]વગેરે સ્થાનમાં ક્ષુદ્રતાને કારણે દાન કરતો નથી, તે બિચારો મહાપુરુષોએ સેવેલા અને અતિદુર્ધર એવા શીલને કેવી રીતે ધારણ કરી શકે ? ન જ કરી [2]શકે. [૧૩૦૮] અને જે શીલ રહિત છે તે નિયમા મોક્ષના કારણભૂત શુદ્ધતપને પણ ન કરી શકે. જે મોહને વશ બનીને યથાશક્તિ તપ ન કરે તે ભાવનાઓ કેવી રીતે ભાવે ? પરમાર્થથી ન જ ભાવે. [૧૩૦૯] પ્રસ્તુતમાં દાનધર્મ દ્રવ્યસ્તવરૂપ જાણવો. કારણ કે તે મુખ્ય નથી. બાકીના શીલાદિ સુપરિશુદ્ધ ધર્મો ભાવસ્તવરૂપ જાણવા. કારણ કે તે મુખ્ય છે. [૧૩૧૦]

इहैवातिदेशमाह–

**इअ आगमजुत्तीहि अ, तं तं सुत्तमहिगिच्च धीरेहिं ।**
**दव्वत्थयादिरूवं, विवेइयव्वं, सबुद्धीए ॥ १३११ ॥**

**वृत्तिः**- **'इय'** एवं **'आगमयुक्तिभिस्तत्तत्सूत्रमधिकृत्य' 'धीरैः'** बुद्धिमद्भिः **'द्रव्यस्तवादि-रूपं'** सम्यगालोच्य **'विवेक्तव्यं स्वबुद्ध्येति'** गाथार्थः ॥ १३११ ॥

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

આ વિષે જ ભલામણ કરે છે–

આ પ્રમાણે બુદ્ધિશાલીઓએ આગમયુક્તિઓથી તે તે સૂત્રને આશ્રયીને દ્રવ્યસ્તવ આદિનું સ્વરૂપ બરોબર વિચારીને સ્વબુદ્ધિથી વિવેક કરવો. [૧૩૧૧]

उपसंहरन्नाह–

**एसेह थयपरिण्णा, समासओ वण्णिआ मए तुब्भं ।**
**वित्थरओ भावत्थो, इमीएँ सुत्ताओँ णायव्वो ॥ १३१२ ॥**

**वृत्तिः**- **'एषेह स्तवपरिज्ञा'** पद्धतिः **'समासतो वर्णिता मया युष्माकं, विस्तरतो भावार्थः 'अस्याः'** स्तवपरिज्ञायाः **'सूत्रात् ज्ञातव्य'** इति गाथार्थः ॥ १३१२ ॥

ઉપસંહાર કરે છે–

અહીં તમારી સમક્ષ આ સ્તવપરિજ્ઞા પ્રકરણનું સંક્ષેપથી વર્ણન કર્યું. વિસ્તારથી તેનો ભાવાર્થ અન્ય સૂત્રોમાંથી જાણી લેવો. [૧૩૧૨]

---

૧. વગેરે શબ્દથી અનુકંપાદાન આદિ સમજવું.

૨. यः सद् बाह्यमनित्यं च, क्षेत्रेषु न धनं वपेत् ।
कथं वराकश्चारित्रं दुश्चरं स समाचरेत् ॥ (યો. શા. પ્ર. ૩ શ્લોક ૧૨૦)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**एवंविहमण्णंपि हु, सो वक्खाणेइ नवरमायरिओ ।**

**णाऊण सीससंपय-मुज्जुत्तो पवयणहिअम्मि ॥ १३१३ ॥**

**वृत्तिः**- '**एवंविधमन्यदपि**' गम्भीरार्थं ज्ञानपरिज्ञादि '**स व्याख्यानयति नवरमाचार्यः**' स्थापितः सन्, '**ज्ञात्वा शिष्यसम्पदमौ**'चित्येन '**उद्युक्तः प्रवचनहिते**'-माहात्म्ये इति गाथार्थः ॥ १३१३ ॥

પ્રવચનનું માહાત્મ્ય વધારવામાં તત્પર તે આચાર્ય શિષ્યપરિવારને (= શિષ્યોની બુદ્ધિ, પરિણતિ વગેરે) જાણીને આવા પ્રકારનું જ્ઞાનપરિજ્ઞા વગેરે બીજા પણ શ્રુતનું વ્યાખ્યાન કરે. [૧૩૧૩]

ગણાનુજ્ઞા

**इअ अणुओगाणुण्णा, लेसेण णिदंसिअत्ति इयरा उ ।**

**एअस्स चेव कज्जइ, कयाइ अण्णस्स गुणजोगा ॥ १३१४ ॥**

**वृत्तिः**- '**इय**' एवं '**अनुयोगानुज्ञा**' '**लेशेन**' सङ्क्षेपेण '**निदर्शितेति**', इतराऽनुज्ञा '**एतस्यैव क्रियते**' आचार्यस्य, '**कदाचिदन्यस्य**' क्रियते '**गुणयोगात्**' कारणादिति गाथार्थः ॥ १३१४ ॥

આ પ્રમાણે અનુયોગની અનુજ્ઞા સંક્ષેપથી કહી. બીજી ગણની અનુજ્ઞા આ જ આચાર્યને કરવામાં આવે છે, ક્યારેક ગુણના કારણે અન્યને કરવામાં આવે છે. (અર્થાત્ અનુયોગાચાર્ય કરતાં બીજા સાધુમાં ગચ્છ સંભાળવા માટે જરૂરી ગુણો વિશેષ હોય તો તેને પણ ગણાનુજ્ઞા કરાય.) [૧૩૧૪]

जैनम् जयति शासनम्

अस्या योग्यमाह-

**सुत्तत्थे णिम्माओ, पिअदढधम्मोऽणुवत्तणाकुसलो ।**

**जाईकुलसंपण्णो, गंभीरो लद्धिमंतो अ ॥ १३१५ ॥**

**वृत्तिः**- '**सूत्रार्थे**' '**निर्मातः**' निष्ठितः '**प्रियदृढधर्म्मः**' उभययुक्तः '**अनुवर्त्तनाकुशलः**' उपायज्ञः '**जातिकुलसम्पन्नः**' एतद्द्वयसमन्वितः '**गम्भीरो**' महाशयो '**लब्धिमांश्च**', उपकरणाद्यधिकृत्येति गाथार्थः ॥ १३१५ ॥

**संगहुवग्गहनिरओ, कयकरणो पवयणाणुरागी अ ।**

**एवंविहो उ भणिओ, गणसामी जिणवरिंदेहिं ॥ १३१६ ॥**

**वृत्तिः**- '**संग्रहोपग्रहनिरतः**' सङ्ग्रहः उपदेशादिना उपग्रहो वस्त्रादिना, व्यत्ययः इत्यन्ये, '**कृतकरणः**' अभ्यस्तक्रियः '**प्रवचनानुरागी च**', प्रकृत्या परार्थप्रवृत्तः, '**एवंविध एव**' '**भणितः**' प्रतिपादितो '**गणस्वामी**' गच्छवरो '**जिनवरेन्द्रै**'र्भगवद्भिरिति गाथार्थः ॥ १३१६ ॥

ગણાનુજ્ઞાને યોગ્ય કોણ છે એ કહે છે-

સૂત્ર-અર્થનો જાણકાર, ધર્મમાં પ્રીતિવાળો અને દઢ, સંયમને અનુકૂલ પ્રવૃત્તિ કરાવવાના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપાયને જાણનાર, ઉત્તમજાતિ-કુલવાળો, ગંભીર=મહાન આશયવાળો, ઉપકરણ વગેરે મેળવવાની લબ્ધિવાળો, ઉપદેશ પ્રદાન આદિથી શિષ્યાદિના સંગ્રહમાં તત્પર, વસ્ત્રપ્રદાન આદિથી શિષ્યોને ઉપગ્રહ કરવામાં [1]તત્પર, પ્રતિલેખનાદિ ક્રિયાઓના અભ્યાસવાળો, પ્રવચનનો અનુરાગી, સ્વભાવથી જ પરોપકાર કરવામાં પ્રવૃત્ત હોય, આવા જીવને જિનેશ્વરોએ ગચ્છધર (= ગચ્છ ધારણ કરવાને યોગ્ય) કહ્યો છે. [૧૩૧૫-૧૩૧૬]

तथा-

**गीअत्था कयकरणा, कुलजा परिणामिआ य गंभीरा ।**
**चिरदिक्खिआ य वुड्ढा, अज्जावि पवित्तिणी भणिआ ॥ १३१७ ॥**

**वृत्तिः**- '**गीतार्था**' श्रुतोचितागमा '**कृतकरणा**' अभ्यस्तक्रिया '**कुलजा**' विशिष्टा '**पारिणामिकी च**' उत्सर्गापवादविषयज्ञा '**गम्भीरा**' महाशया '**चिरदीक्षिता च**' दीर्घपर्याया '**वृद्धा**' वयोऽवस्थया '**आर्याऽपि**' संयत्यपि '**प्रवर्त्तिनी भणिता**' जिनवरेन्द्रैरिति गाथार्थः ॥ १३१७ ॥

(કેવી સાધ્વી પ્રવર્તિનીપદને યોગ્ય છે એ કહે છે–)

સાધ્વીજી પણ ગીતાર્થા=શ્રુતના ઉચિત બોધવાળી, પ્રતિલેખનાદિ ક્રિયાઓના અભ્યાસવાળી, ઉત્તમકુલવતી, ઉત્સર્ગ-અપવાદને જાણનારી, ગંભીર=મહાન આશયવાળી, ચિરદીક્ષિત અને વયોવૃદ્ધ હોય તેને જિનેશ્વરોએ પ્રવર્તિની (પ્રવર્તિનીપદને યોગ્ય) કહી છે. [૧૩૧૭]

**एअगुणविप्पमुक्के, जो देइ गणं पवित्तिणिपयं वा ।**
**जोऽवि पडिच्छइ नवरं, सो पावइ आणमाईणि ॥ १३१८ ॥**

**वृत्तिः**- '**एतद्गुणविप्रमुक्ते**' प्राणिनि '**यो ददाति**' '**गणं**' साध्व्यादिगच्छं '**प्रवर्त्तिनीपदं वा**' महत्तरिकापदमित्यर्थः, '**योऽपि प्रतीच्छति नवरं**' यशःकामितया '**स प्राप्नोत्याज्ञादीन्**' दोषानिति गाथार्थः ॥ १३१८ ॥

तथा च-

**वूढो गणहरसद्दो, गोअमपमुहेहिं पुरिससीहेहिं ।**
**जो तं ठवेइ अपत्ते, जाणंतो सो महापावो ॥ १३१९ ॥**

**वृत्तिः**- '**व्यूढो गणधरशब्दो गौतमप्रमुखैः पुरुषसिंहैः**' महात्मभिः '**यस्तं स्थापयत्यपात्रे जानानः स महापापो**'-मूढ इति गाथार्थः ॥ १३१९ ॥

**कालोचिअगुणरहिओ, जो अ ठवावेइ तह निविट्ठंपि ।**
**णो अणुपालइ सम्मं, विसुद्धभावो ससत्तीए ॥ १३२० ॥**

---

१. અહીં બીજાઓ વસ્ત્ર આદિનો સંગ્રહ કરવામાં તત્પર, ઉપદેશ આદિથી અનુગ્રહ કરવામાં તત્પર, એવો અર્થ કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः-** '**कालोचितगुणरहितः**' सन् '**यश्च स्थापयति**' गणधरशब्दं, '**तथा निविष्टमपि**' सन्तं '**नानुपालयति सम्यगे**'नमेव '**विशुद्धभावः**' सन् '**स्वशक्त्या**', सोऽपि महापाप इति गाथार्थः ॥ १३२० ॥

આ ગુણો જેનામાં ન હોય તેને, જે સાધુ-સાધ્વીનો ગચ્છ સોંપે છે=ગચ્છાધિપતિપદ અથવા પ્રવર્તિનીપદ (= મહત્તરિકાપદ) આપે છે, અને જે (અયોગ્ય હોવા છતાં) યશની ઈચ્છાથી તેનો સ્વીકાર કરે છે, તે આજ્ઞાભંગ (અનવસ્થા, મિથ્યાત્વ, સંયમવિરાધના) વગેરે દોષો પામે છે. [૧૩૧૮] જે ગણધર શબ્દને ગૌતમસ્વામી આદિ મહાપુરુષોએ ધારણ કર્યો છે, તે ગણધરશબ્દને જાણવા છતાં અયોગ્યમાં સ્થાપે છે, અર્થાત્ અયોગ્યને ગણધર બનાવે છે, તે મહાપાપી મૂઢ છે. [૧૩૧૯] કાલોચિત ગુણોથી રહિત હોવા છતાં જે ગણધરશબ્દને પોતાનામાં મૂકાવે છે, અને લીધેલા પણ ગણધરપદને જે વિશુદ્ધભાવથી સ્વશક્તિ મુજબ પાળે નહિ, તે પણ મહાપાપી છે. [૧૩૨૦]

**एव पवत्तिणिसद्दो, जो वूढो अज्जचंदणाईहिं ।**
**जो तं ठवइ अपत्ते, जाणंतो सो महापावो ॥ १३२१ ॥**

**वृत्तिः-** '**एवं प्रवर्त्तिनीशब्दः**' आर्यामधिकृत्य '**यो व्यूढः आर्याचन्दनाद्याभिः**' प्रवर्त्तिनीभिः '**यस्तं स्थापयत्यपात्रे जानानः**' सन् '**स महापापः**'-तद्विराधक इति गाथार्थः ॥ १३२१ ॥

**कालोचिअगुणरहिआ, जा अ ठवावेइ तह णिविट्ठंपि ।**
**णो अणुपालइ सम्मं, विसुद्धभावा ससत्तीए ॥ १३२२ ॥**

**वृत्तिः-** '**कालोचितगुणरहिता**' सती '**या च स्थापयति**' प्रवर्त्तिनीशब्दं '**तथा निविष्टमपि**' सन्तं '**नानुपालयति सम्यगे**'नमेव '**विशुद्धभावा**' सती '**स्वशक्त्या**' साऽपि महापापेति गाथार्थः ॥ १३२२ ॥

એ પ્રમાણે જે પ્રવર્તિની શબ્દ શ્રીચંદના વગેરે ઉત્તમ સાધ્વીઓએ ધારણ કર્યો છે, તે પ્રવર્તિની શબ્દને જાણવા છતાં અયોગ્યમાં સ્થાપે છે, અર્થાત્ અયોગ્યને પ્રવર્તિની બનાવે છે, તે મહાપાપી છે-પ્રવર્તિની પદનો વિરાધક બને છે. [૧૩૨૧] કાલોચિત ગુણોથી રહિત હોવા છતાં જે પ્રવર્તિની શબ્દને પોતાનામાં મૂકાવે છે, અને લીધેલા પણ પ્રવર્તિની પદને જે વિશુદ્ધભાવથી સ્વશક્તિમુજબ પાળે નહિ, તે પણ મહાપાપિણી છે. [૧૩૨૨]

इहैव दोषमाह-

**लोगम्मि अ उवघाओ, जत्थ गुरु एरिसा तहिं सीसा ।**
**लट्ठयरा अण्णेसिं, अणायरो होइ अ गुणेसु ॥ १३२३ ॥**

**वृत्तिः-** '**लोके चोपघातो**' भवत्येतत्स्थापने, '**यत्र गुरवः**' '**ईदृशा**' अनाभोगवन्तः '**तत्र शिष्याः**' '**लष्टतराः**' शोभनतरा इत्यतिशयवचनम्, एवं च क्रियमाणे '**ऽन्येषां**' प्राणिनां '**अनादरो भवति च गुणेषु**' गणधरादिसम्बन्धिषु, तदभावेऽपि तत्पदसिद्धेरिति गाथार्थः ॥ १३२३ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અહીં (= અયોગ્યને પદ આપવામાં) જ દોષો કહે છે–

અયોગ્યને આચાર્યાદિપદે સ્થાપવામાં લોકોમાં નિંદા થાય કે- જ્યાં ગુરુઓ (અયોગ્યને આચાર્યપદ આપવાના કારણે) આવા ઉપયોગ વિનાના હોય ત્યાં શિષ્યો તેનાથી અધિક આવા (ગુણહીન) હોય. અયોગ્યને આચાર્યાદિપદ આપવામાં બીજા જીવોને ગણધર વગેરેના ગુણોમાં અનાદર થાય. કારણકે- તેમને એમ થાય કે ગુણો વિના પણ ગણધર વગેરે પદ મળે છે. [૧૩૨૩]

स्वपरपरित्याग एवमित्येतदाह-

**गुरुअरगुणमलणाए, गुरुअरबंधोत्ति ते परिच्चत्ता ।**

**तदहिअनिओअणाए, आणाकोवेण अप्पावि ॥ १३२४ ॥**

**वृत्तिः**- '**गुरुतरगुणमलनया**' गणधरादिपदे सत्ययोग्यानां '**गुरुतरो बन्ध इत्ये**'वं '**ते परित्यक्ता**' भवन्ति, अनर्थयोजनात्, एवं '**तदहितनियोजनया**' हेतुभूतया '**आज्ञाकोपेन**' च भगवतः '**आत्माऽपि**' परित्यक्त इति गाथार्थः ॥ १३२४ ॥

**तम्हा तित्थयराणं, आराहिंतो जहोइअगुणेसु ।**

**दिज्ज गणं गीअत्थे, णाऊण पवित्तिणिपयं वा ॥ १३२५ ॥**

**वृत्तिः**- '**तत्**' तस्मात् '**तीर्थकराज्ञामाराधयन्**' साधुः '**यथोदितगुणेषु**' साधुषु '**दद्याद् गणं गीतार्थो ज्ञात्वा**' गुणान्, '**प्रवर्त्तिनीपदं वेति**' गाथार्थः ॥ १३२५ ॥

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

અયોગ્યને પદ આપવામાં સ્વ-પરનો ત્યાગ (= અહિત) થાય એ કહે છે–

અયોગ્યની ગણધરાદિ પદવી થતાં મહાન ગુણોનો વિનાશ થવાથી પદ લેનારને મહાન કર્મબંધ થાય છે. આથી અયોગ્યને પદ આપનાર તેમને અનર્થમાં જોડીને તેમનો ત્યાગ કરે છે=તેમનું અહિત કરે છે. આ પ્રમાણે તેમને અહિતમાં જોડવાથી અને ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાથી પોતાનો પણ ત્યાગ કરે છે=પોતાનું પણ અહિત કરે છે. [૧૩૨૪] આથી જિનાજ્ઞાની આરાધના કરનારા ગીતાર્થ સાધુએ ગુણોને જાણીને યથોક્ત ગુણવાળા સાધુઓને ગચ્છ સોંપવો જોઈએ=ગણધરપદ આપવું જોઈએ, અને યથોક્ત ગુણવાળી સાધ્વીને પ્રવર્તિનીપદ આપવું જોઈએ. [૧૩૨૫]

स्वलब्धियोग्यमाह-

**दिक्खावएहिँ पत्तो, धिइमं पिंडेसणाइविण्णाआ ।**

**पेढाइधरो अणुवत्तओ अ जोगो सलद्धीए ॥ १३२६ ॥**

**वृत्तिः**- '**दीक्षावयोभ्यां प्राप्तः**' चिरप्रव्रजितः परिणतश्च '**धृतिमान्**' संयमे '**पिण्डैषणादिविज्ञाता**', आदिशब्दाद्वस्त्रैषणादिपरिग्रहः, '**पीठादिधरः**' कल्पपीठनिर्युक्तिज्ञाता '**अनुवर्त्तकश्च**' सामान्येन '**योग्यः, स्वलब्धेरि**'ति गाथार्थः ॥ १३२६ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હવે કેવો સાધુ સ્વલબ્ધિને યોગ્ય બને એ કહે છે–

લાંબાકાળથી [1]દીક્ષિત, [2]પરિણત=પીઢ, સંયમમાં ધૈર્યવાન, પિંડૈષણા-વસ્ત્રૈષણા આદિનો જ્ઞાતા, બૃહત્કલ્પસૂત્રની પીઠિકાની નિર્યુક્તિ (વગેરે)ને જાણનાર, શિષ્યાદિના ચિત્તને અનુસરનાર, અર્થાત્ શિષ્યાદિના સ્વભાવને અનુસરીને તેમને હિતમાં જોડનાર, આવો સાધુ [3]સ્વલબ્ધિને યોગ્ય છે, અર્થાત્ પહેલાં શુદ્ધ છે કે અશુદ્ધ ? ઈત્યાદિ ગુરુએ કરેલી પરીક્ષાથી વસ્ત્રાદિ મેળવી શકતો હતો, પણ હવે જાતે પરીક્ષા કરીને વસ્ત્રાદિ મેળવવાને [4]યોગ્ય થયો. [૧૩૨૬]

अस्यैव विहारविधिमाह-

**एसोऽवि समं गुरुणा, पुढो व गुरुदत्तजोग्गपरिवारो ।**
**विहरइ तयभावम्मी, विहिणा उ समत्तकप्पेणं ॥ १३२७ ॥**

**वृत्तिः**- '**एषोऽपि**' स्वलब्धिमान् '**समं गुरुणा पृथग् वा**' गुरोः '**गुरुदत्तयोग्यपरिवारः**' सन् '**विहरति, तदभावेऽपि**' गुरुदत्तपरिवाराभावेऽपि '**विधिनैव समाप्तकल्पेन**' विहरतीति गाथार्थः ॥ १३२७ ॥

સ્વલબ્ધિકનો જ વિહારવિધિ કહે છે–

સ્વલબ્ધિક પણ ગુરુની સાથે વિહાર કરે, અથવા ગુરુએ યોગ્ય સાધુપરિવાર આપ્યો હોય તો તેને લઈને ગુરુથી અલગ પણ વિહાર કરે. ગુરુએ સાધુપરિવાર ન આપ્યો હોય તો પણ સમાપ્તકલ્પ વિધિથી જ ગુરુથી અલગ પણ વિહાર કરે. [૧૩૨૭]

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

समाप्तकल्पाभिधित्सयाऽऽह-

**जाओ अ अजाओ अ, दुविहो कप्पो उ होइ णायव्वो ।**
**एक्किक्कोऽवि अ दुविहो, समत्तकप्पो अ असमत्तो ॥ १३२८ ॥**

**वृत्तिः**- '**जातश्चाजातश्च द्विविधः कल्पस्तु भवति ज्ञातव्यः**', '**कल्पो**' व्यवस्थाभेदः, '**एकैको-ऽपि च द्विविधः-समाप्तकल्पोऽसमाप्तकल्पश्चे**'ति गाथार्थः ॥ १३२८ ॥

**गीअत्थ जायकप्पो, अग्गीओ खलु भवे अजाओ उ ।**
**पणगं समत्तकप्पो, तदूणगो होइ असमत्तो ॥ १३२९ ॥**

**वृत्तिः**- '**गीतार्थो**' गीतार्थयुक्तो '**जातकल्पः**', व्यक्ततया निष्पत्तेः, '**अगीतार्थः खलु**'- अगीतार्थ-युक्तो भवेद् '**अजातस्तु**', अव्यक्तत्वेनाजातत्वात्, '**पञ्चकं**' साधूनां '**समाप्तकल्पः तन्न्यूनः**' सन् '**भवत्यसमाप्तकल्प**' इति गाथार्थः ॥ १३२९ ॥

૧. અર્થાત્ પર્યાયસ્થવિર (= જઘન્યથી ૨૦ વર્ષના દીક્ષાપર્યાયવાળો.)
૨. અર્થાત્ વયસ્થવિર (= સાઠ કે તેનાથી અધિકવયવાળો.)
૩. स्वस्य-स्वकीया लब्धिः-प्राप्तिस्तस्या योग्यः
૪. પૂર્વે પોતાનું લાવેલું વસ્ત્ર વગેરે શુદ્ધ છે કે અશુદ્ધ એનો નિર્ણય ગુરુની પરીક્ષાથી થતો હતો, સ્વલબ્ધિની યોગ્યતા આવ્યા બાદ પોતે જ શુદ્ધ-અશુદ્ધની પરીક્ષા કરી શકે. આથી જ તે બીજા સાધુઓને લઈને (ગુરુની અનુજ્ઞાથી) ગુરુથી અલગ પણ વિહાર કરી શકે. આવા સાધુ સ્વલબ્ધિ કે સ્વલબ્ધિક કહેવાય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

को दोष इत्याह-

**उउबद्धे वासासु उ, सत्त समत्तो तदूणगो इअरो ।**
**असमत्ताजायाणं, ओहेण ण होइ आहव्वं ॥ १३३० ॥**

**वृत्तिः-** '**ऋतुबद्धे**' एषा कल्पव्यवस्था, '**वर्षासु तु सप्त**' साधवः '**समाप्तः तन्यून इतरः**'- असमाप्तकल्पः, तत्फलमाह-'**असमाप्ताजातानां**' साधूनां **ओघेन न भवत्याभाव्यं**' नाम किञ्चिदिति गाथार्थः ॥ १३३० ॥

**हवइ समत्ते कप्पे, कयम्मि अण्णोऽण्णसंगयाणंपि ।**
**गीअजुआणाभव्वं, जहसंगारं दुवेण्हंपि ॥ १३३१ ॥**

**वृत्तिः-** '**भवति समाप्ते कल्पे कृते**' सति आभाव्यम्, '**अन्योऽन्यसङ्गतानामपि**' विजातीय-कुलाद्यपेक्षया '**गीतार्थयुक्तानामाभाव्यं**' '**यथासंगारं**' यथासङ्केतं '**द्वयोरपि**' गीतार्थागीतार्थयोरपि गाथार्थः ॥ १३३१ ॥

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

**સમાપ્તકલ્પ કહે છે—**

કલ્પના જાત અને અજાત એમ બે પ્રકાર છે. એ બંને પ્રકારના સમાપ્ત અને અસમાપ્ત એમ બે પ્રકાર છે. ગીતાર્થની નિશ્રાવાળા સાધુઓનો વિહાર [1]જાતકલ્પ છે. કારણ કે તે ગીતાર્થપણાથી સિદ્ધ છે. ગીતાર્થની નિશ્રા વિનાના સાધુઓનો વિહાર અજાતકલ્પ છે. કારણ કે તે ગીતાર્થપણાથી સિદ્ધ નથી. ચોમાસા સિવાય શેષકાળમાં પાંચ સાધુઓનો વિહાર સમાપ્તકલ્પ છે. તેનાથી ઓછા (ચાર વગેરે) સાધુઓનો વિહાર અસમાપ્તકલ્પ છે. ચોમાસામાં સાત સાધુઓ સાથે રહે તે સમાપ્તકલ્પ અને એનાથી ઓછા રહે તે અસમાપ્તકલ્પ છે. (ચાતુર્માસમાં માંદગી આદિ થાય તો બીજા સ્થળેથી સાધુ આવી શકે નહિ, એથી જોઈએ તેટલી સહાયતા મળી શકે નહિ, માટે ચોમાસામાં જઘન્યથી સાત સાધુઓને રહેવાનું વિધાન છે.) [૧૩૨૮-૧૩૨૯]

**અસમાપ્તકલ્પમાં દોષ કહે છે-** જે સાધુઓ અસમાપ્તકલ્પવાળા અને અજાતકલ્પવાળા છે, અર્થાત્ અપૂર્ણ સંખ્યાવાળા અને અગીતાર્થ છે, તેમનું સામાન્યથી (= ઉત્સર્ગથી) કંઈ આભાવ્ય (=પોતાની માલિકીનું) થતું નથી, અર્થાત્ તેવા સાધુઓ જે ક્ષેત્રમાં વિચરતા હોય, તે ક્ષેત્ર અને તે ક્ષેત્રમાંથી પ્રાપ્ત થયેલ શિષ્ય, આહાર-પાણી, વસ્ત્ર-પાત્ર વગેરે કંઈ પણ તેમની માલિકીનું થતું નથી. [૧૩૩૦]

ભિન્ન ભિન્ન કુલ આદિના (બે વગેરે) સાધુઓ પરસ્પર ભેગા મળીને પણ સમાપ્ત કલ્પ કરે તો ગીતાર્થ યુક્ત તે સાધુઓમાં ગીતાર્થ અને અગીતાર્થ એ બંનેનું તેમણે પૂર્વે કરેલા સંકેત પ્રમાણે આભાવ્ય થાય. (જેમકે- વસ્ત્રો મળે તો અમુકની માલિકી થાય, શિષ્યો મળે તો અમુકની માલિકી થાય, પાત્રા મળે તો અમુકની માલિકી થાય, અથવા અમુક વખત સુધી વસ્ત્રાદિ જે કંઈ મળે તેની

૧. જાત એટલે ગીતાર્થ, કલ્પ એટલે વિહાર વગેરે આચાર. જાતે=ગીતાર્થે કરેલો આચાર તે જાતકલ્પ, અથવા જાતની=ગીતાર્થની નિશ્રાવાળો આચાર તે જાતકલ્પ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અમુકની માલિકી થાય ઈત્યાદિ જે પ્રમાણે સમાપ્તકલ્પ કરતી વખતે (= પરસ્પર ભેગા થતી વખતે) સંકેત કર્યો હોય તે પ્રમાણે માલિકી થાય.) [૧૩૩૧]

साध्वीमधिकृत्य स्वलब्धियोग्यतामाह-

**वइणीवि गुणगणेणं, जा अहिआ होइ सेसवइणीणं ।**

**दिक्खासुआइणा परिणया य जोगा सलद्धीए ॥ १३३२ ॥**

**वृत्तिः**- '**व्रतवत्यपि गुणगणेन या अधिका भवति**' '**शेषव्रतवतीभ्यः**' साध्वीभ्य इत्यर्थः '**दीक्षाश्रुतादिना परिणता च योग्या स्वलब्धेः**', एवंभूतेति गाथार्थः ॥ १३३२ ॥

**સાધ્વીને આશ્રયીને સ્વલબ્ધિને યોગ્ય કોણ છે એ કહે છે—**

સાધ્વી પણ અન્ય સાધ્વીઓથી ગુણસમૂહવડે ચઢિયાતી હોય અને દીક્ષા, શ્રુત આદિથી પરિણત (= પરિપૂર્ણ) હોય, આવી સાધ્વી સ્વલબ્ધિને યોગ્ય છે. [૧૩૩૨]

**केइ ण होइ सलद्धी, वयणीणं गुरुपरिक्खियं तासिं ।**

**जं सव्वमेव पायं, लहुसगदोसा य णिअमेणं ॥ १३३३ ॥**

**वृत्तिः**- '**केचना**'भिदधति '**स्वलब्धिर्न भवति व्रतवतीनां**', कुत इत्याह- '**गुरुपरीक्षितं तासां**' '**यत्**' यस्मात् '**सर्वमेव प्रायो**' वस्त्रादि, तथा '**अल्पत्वदोषाश्च नियमेन**' भवन्ति तासामिति गाथार्थः ॥ १३३३ ॥

કોઈક આચાર્યો કહે છે કે- સાધ્વીઓને સ્વલબ્ધિ ન હોય. કારણ કે તેમને વસ્ત્ર વગેરે પ્રાયઃ બધું જ ગુરુપરીક્ષિત લેવાનું હોય છે, અર્થાત્ ગુરુ (આચાર્ય) આપે તે લેવાનું હોય છે, જાતે વહોરવાનું નથી. કારણ કે સાધ્વી સ્વલબ્ધિથી વહોરે તો અવશ્ય અલ્પત્વ વગેરે દોષો થાય. (તે આ પ્રમાણે- અલ્પ પણ વસ્ત્ર આપવાથી સ્ત્રી પ્રલોભન પામી જાય છે, આથી અલ્પ પણ વસ્ત્ર આપનારને વશ બની જાય છે. સ્ત્રી પ્રાયઃ તુચ્છ હોય છે. આથી લબ્ધિમાહાત્મ્યને પચાવી ન શકે = લબ્ધિમાહાત્મ્યથી અભિમાન વાળી બને, તેથી કલહ થાય. જેમકે- કોઈ પોતે લાવેલાં વસ્ત્રો બતાવીને બીજી સાધ્વીઓને કહે કે- જુઓ આ મારાં સુંદર વસ્ત્રો. ત્યારે બીજી સાધ્વીજીઓ ઈર્ષ્યાથી કહે કે- તને અને તારાં વસ્ત્રોને ધિક્કાર થાઓ. જેથી તું પોતાની બડાઈ મારે છે... પુરુષને સાધ્વીજીને વસ્ત્ર આપતો જોઈને કોઈ ખોટી શંકા કરે. આમ સ્વલબ્ધિથી સાધ્વીજીઓને અનેક દોષો થાય.)[1] [૧૩૩૩]

**तं च ण सिस्सिणिगाओ, उचिए विसयम्मि होइ उवलद्धी ।**

**कालायरणाहिं तह, पत्तंमि ( ? पत्ते ) ण लहुत्तदोसावि ॥ १३३४ ॥**

**वृत्तिः**- '**तच्च न**' यत्केचनाभिदधति, कुत इत्याह- '**शिष्यादौ**' भिक्षादौ '**उचिते विषये भवत्येव स्वलब्धिः**', न तु न भवति, '**कालाचरणाभ्यां तथा**' भवति परिणते वयसि, आचरितमेतत्, तथा '**पात्रे न लघुत्वदोषा**' अपीति गाथार्थः ॥ १३३४ ॥

---

१. જુઓ બૃહત્કલ્પ સૂત્ર ગાથા ૪૧૫૩ વગેરે.

जैनम् जयति शासनम् JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાધ્વીઓને સ્વલબ્ધિ ન હોય એમ જે કોઈ કહે છે તે બરોબર નથી. કારણ કે શિષ્યા વગેરે અને ભિક્ષા વગેરે ઉચિત વસ્તુમાં તેમને સ્વલબ્ધિ હોય જ છે. પીઢવયવાળી સાધ્વીજીમાં સ્વલબ્ધિ હોય એવી પૂર્વપુરુષોની આચારણા છે. યોગ્ય (પીઢવયવાળીમાં) અલ્પત્વ વગેરે દોષો પણ લાગતા નથી. [૧૩૩૪]

**जायसमत्तविभासा बहुतरदोसा इमाण कायव्वा ।**

**सुत्ताणुसारओ खलु अहिगाइ कयं पसंगेणं ॥ १३३५ ॥**

**वृत्तिः**- '**जातसमाप्तविभाषा बहुतरदोषात्**' कारणा**'दासां कर्त्तव्या'**, व्रतवतीनां '**सूत्रानुसारतः खल्वधिकादि**'-द्विगुणादिरूपा, '**कृतं प्रसङ्गेन**', प्रकृतं प्रस्तुमः इति गाथार्थः ॥ १३३५ ॥

સાધ્વીઓને (સંયમમાં) અધિક દોષોનો સંભવ હોવાથી જાતસમાપ્ત કલ્પની વ્યાખ્યામાં સૂત્ર પ્રમાણે સાધ્વીજીની સંખ્યા બમણી (દશ-ચૌદ) વગેરે કરવી. પ્રાસંગિક વર્ણનથી સર્યું. પ્રસ્તુત વર્ણન શરૂ કરીએ [1]છીએ. [૧૩૩૫]

**एत्थाऽणुजाणणविही, सीसं काऊण वामपासम्मि ।**

**देवे वंदेइ गुरु, सीसो वंदित्तु तो भणइ ॥ १३३६ ॥**

**वृत्तिः**- '**अत्र**'-प्रक्रमे'**अनुज्ञाविधि**'रयं-'**शिष्यं कृत्वा वामपार्श्वे**' आत्मनः '**देवान् वन्दते**' '**गुरुः**' आचार्यः '**शिष्यो वन्दित्वा**'ऽत्रान्तरे '**ततो भणति**', वक्ष्यमाणमिति गाथार्थः ॥ १३३६ ॥

**इच्छकारेणऽम्हं, दिसाइ अणुजाणहत्ति आयरिओ ।**

**इच्छामोत्ति भणित्ता, उस्सग्गं कुणइ उ तयत्थं ॥ १३३७ ॥**

**वृत्तिः**- '**इच्छाकारेण**' स्वेच्छाक्रियया'**ऽस्माकं**' दिगादि '**अनुजानीतेति**' भणति, अत्रान्तरे '**आचार्य इच्छाम इति भणित्वा**' तदनन्तरं '**कायोत्सर्गं करोति, तदर्थं**'-दिगाद्यनुज्ञार्थमिति गाथार्थः ॥ १३३७ ॥

**चउवीसत्थय नवकार पारणं कड्ढिउं थयं ताहे ।**

**नवकारपुव्वयं चिअ, कड्ढेइ अणुण्णणंदिन्ति ॥ १३३८ ॥**

**वृत्तिः**- '**चतुर्विंशतिस्तव**'पाठ**'नमस्कारपारणं'** 'नमोऽरहंताणंती'त्येवम्**' आकृष्य**' पठित्वा '**स्तवं**' पूर्वोक्तं '**ततो नमस्कारपूर्वकमेवाकर्षति**'-पठति '**अनुज्ञानन्दीमिति**' गाथार्थः ॥ १३३८ ॥

**सीसोऽवि भाविअप्पा, सुणेइ अह वंदिउं पुणो भणइ ।**

**इच्छाकारेणऽम्हं, दिसाइ अणुजाणह तहेव ॥ १३३९ ॥**

**वृत्तिः**- '**शिष्योऽपि भावितात्मा**' सन् '**श्रृणोत्यु**'पयुक्तः, '**अथ वन्दित्वा पुनर्भणति**' शिष्यः-'**इच्छाकारेणास्माकं**' भगवन्!'**दिगाद्यनुजानीते**'ति, '**तथैव**' भणतीति गाथार्थः ॥ १३३९ ॥

१. १३२८ थी १३३५ सुधीनी गाथाओ व्यवहारसूत्रना चोथा उ.ना भाष्यमां १५ थी २२ छे.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

आह गुरु खमासमणाणं हत्थेणिमस्स साहुस्स ।
अणुजाणिअं दिसाइ सीसो वंदित्तु तो भणइ ॥ १३४० ॥

वृत्तिः- 'आह गुरु'स्त्वत्रान्तरे 'क्षमाश्रमणानां हस्तेन', न स्वमनीषिकया, 'अस्य साधोः' प्रस्तुतस्य 'अनुज्ञातं दिगादि' प्रस्तुतं, 'शिष्यो वन्दित्वा'ऽत्रान्तरे 'ततो भणति', वक्ष्यमाणमिति गाथार्थः ॥ १३४० ॥

संदिसह किं भणामो, वंदित्तु पवेअहा गुरू भणइ ।
वंदित्तु पवेअयई, भणइ गुरू तत्थ विहिणा उ ॥ १३४१ ॥

वृत्तिः- 'सन्दिशत किं भणामि ?', अत्र प्रस्तावे 'वन्दित्वा प्रवेदयैवं गुरुर्भणति, वन्दित्वा प्रवेदयति' शिष्यो, 'भणति गुरुस्तत्र विधिना तु', वक्ष्यमाणमिति गाथार्थः ॥ १३४१ ॥

वंदित्तु तओ तुब्भं, पवेइअं संदिसहत्ति साहूणं ।
पवेएमि भणइ सीसो गुरुराह पवेअय तओ उ ॥ १३४२ ॥

वृत्तिः- 'वन्दित्वा' भणति 'ततः', किमित्याह-'युष्माकं प्रवेदितं सन्दिशत साधूनां प्रवेदयामि', एवं 'भणति शिष्यः', अत्रान्तरे 'गुरुराह-प्रवेदय, ततस्तु' तदनन्तरमिति गाथार्थः ॥ १३४२ ॥

किमित्याह-

वंदित्तु णमोक्कारं, कड्ढंतो से गुरु पयक्खिणइ ।
सोऽवि अ देवाईणं, वासे दाऊण तो पच्छा ॥ १३४३ ॥

वृत्तिः- 'वन्दित्वा नमस्कारमाकर्षन् 'सः' शिष्यः 'गुरुं प्रदक्षिणीकरोति, सोऽपि च' गुरु'र्देवादीनां वासान् दत्त्वा 'ततः' तदनन्तरं 'पश्चादि'ति गाथार्थः ॥ १३४३ ॥

किमित्याह-

सीसम्मि पक्खिवंतो भण्णइ तं गुरुगुणेहिं वड्ढाहि ।
एवं तु तिण्णि वारा, उववसइ तओ गुरू पच्छा ॥ १३४४ ॥

वृत्तिः- 'शिरसि प्रक्षिपन्' वासान् 'भणति 'तं' साधुं-'गुरुगुणैर्वर्द्धस्वे'ति 'एवमेव त्रीन् वारान्' एतद्, 'उपविशति 'ततः' तदनन्तरं 'गुरुः, पश्चादि'ति गाथार्थः ॥ १३४४ ॥

सेसं जह सामइए, दिसाइअणुजाणणाणिमित्तं तु ।
णवरं इह उस्सग्गो, उववसइ तओ गुरुसमीवे ॥ १३४५ ॥

वृत्तिः- 'शेषं' प्रादक्षिण्यादि 'यथा सामायिके' तथैव द्रष्टव्यं, 'दिगाद्यनुज्ञानिमित्तं तु नवरमिह कायोत्सर्गो' नियमित एव, 'उपविशति ततो गुरुसमीपे' स साधुरिति गाथार्थः ॥ १३४५ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**दिंति अ तो वंदणयं, सीसाइ तओ गुरुवि अणुसट्ठिं ।**

**दोण्हवि करेइ तह जह, अण्णोऽवि अ बुज्झई कोई ॥ १३४६ ॥**

**वृत्तिः- 'ददति च ततो वन्दनं शिष्यादयः'** सर्व एव, **'ततो गुरुरप्यनुशास्ति'** मौलः **'द्वयोरपि'** गच्छगणधरयोः **'करोति तथा'** संवेगसारं **'यथाऽन्योऽपि च'** सत्त्वो **'बुध्यते कश्चिदि'**ति गाथार्थः ॥ १३४६ ॥

પ્રસ્તુતમાં અનુજ્ઞાવિધિ આ છે- શિષ્યને પોતાના ડાબા પડખે રાખીને ગુરુ (તેની સાથે) દેવવંદન કરે. પછી શિષ્ય ગુરુને વંદન કરીને કહે કે, [૧૩૩૬] इच्छाकारेण अम्हं दिसाइ अणुजाणह = હે ભગવંત ! આપની ઈચ્છાથી અમને દિશા વગેરેની અનુજ્ઞા કરો. પછી આચાર્ય ईच्छामो = અમે ઈચ્છીએ છીએ એમ કહીને દિશા વગેરેની અનુજ્ઞા કરવા માટે કાયોત્સર્ગ કરે. [૧૩૩૭] કાયોત્સર્ગમાં ચતુર્વિંશતિ સ્તવ ચિંતવીને नमो अरिहंताणं એમ બોલીને કાયોત્સર્ગ પારે. પછી ચતુર્વિંશતિસ્તવ બોલીને નમસ્કાર મંત્ર બોલવાપૂર્વક અનુજ્ઞાનંદી (અનુજ્ઞા નિમિત્તે નંદીસૂત્રનો પાઠ) બોલે. [૧૩૩૮] ભાવિતાત્મા શિષ્ય પણ ઉપયોગપૂર્વક સાંભળે. પછી શિષ્ય વંદન કરીને ફરી પૂર્વ મુજબ કહે કે- इच्छाकारेण अम्हं दिसाइ अणुजाणह = હે ભગવંત આપની ઈચ્છાથી અમને દિશા વગેરેની અનુજ્ઞા કરો. [૧૩૩૯] પછી ગુરુ કહે કે- खमासमणाणं हत्थेण इमस्स साहुस्स अणुजाणिअं दिसाइ = પોતાની બુદ્ધિથી નહિ, કિંતુ પૂર્વકાલીન ક્ષમાશ્રમણોના હસ્તે આ સાધુને દિશા વગેરેની અનુજ્ઞા કરી, પછી શિષ્ય વંદન વગેરે કરીને કહે કે- [૧૩૪૦] संदिसह किं भणामि ? = હે ભગવંત ! આજ્ઞા આપો કે હું શું કહું ? ત્યારે ગુરુ કહે કે- वंदित्तु पवेअय = વંદન કરીને કહે. પછી શિષ્ય વંદન કરીને જણાવે. તેમાં ગુરુ હવે કહેવાશે તે પ્રમાણે વિધિપૂર્વક કહે. [૧૩૪૧] પછી શિષ્ય વંદન કરીને કહે કે- तुब्भं पवेइअं संदिसह साहूणं पवेएमि ? = હે ભગવંત ! આપ આજ્ઞા આપો કે તમને જણાવ્યું, હવે સાધુઓને જણાવું ? ગુરુ કહે કે- पवेअय = જણાવ. [૧૩૪૨] પછી શિષ્ય વંદન કરીને નમસ્કાર મહામંત્ર કહીને ગુરુને પ્રદક્ષિણા આપે. પછી ગુરુ પણ દેવ વગેરેને વાસ (સુગંધિચૂર્ણ) [1]આપે. [૧૩૪૩] પછી શિષ્યના મસ્તકે વાસ (ક્ષેપ) નાખતાં શિષ્યને કહે કે- गुरुगुणेहिं वड्ढाहि = મોટા ગુણોથી તું વૃદ્ધિ પામ, અર્થાત્ તારામાં ગુણોની વૃદ્ધિ થાઓ. આ પ્રમાણે ત્રણ વાર કહે. પછી ગુરુ બેસી જાય. [૧૩૪૪] બાકીનો પ્રદક્ષિણા વગેરે વિધિ સામાયિકની જેમ જ જાણવો. પણ અહીં દિશા વગેરેની અનુજ્ઞા નિમિત્તે કાયોત્સર્ગ અવશ્ય કરવો. પછી તે સાધુ (= નૂતન આચાર્ય) ગુરુની પાસે બેસે. [૧૩૪૫] પછી શિષ્યો વગેરે બધા જ તેને વંદન કરે. પછી મૂલ ગુરુ પણ ગચ્છ અને (નૂતન) આચાર્ય એ બંનેને સંવેગ પ્રધાન હિતશિક્ષા એવી રીતે આપે કે જેથી બીજા પણ કોઈ જીવો પ્રતિબોધ પામે. [૧૩૪૬]

गणधरानुशास्तिमाह-

**उत्तममिअं पयं जिणवरेहिँ लोगुत्तमेहिँ पण्णत्तं ।**

**उत्तमफलसंजणयं, उत्तमजणसेविअं लोए ॥ १३४७ ॥**

---

૧. જુઓ આ ગ્રંથની ૧૪૪મી ગાથા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**- '**उत्तममिदं**' गणधर' **पदं जिनवरैर्लोकोत्तमै**'र्भगवद्भिः '**प्रज्ञप्तम्, उत्तमफलसञ्जनकं**' मोक्षजनकमित्यर्थः '**उत्तमजनसेवितं**', गणधराणामुत्तमत्वात्, '**लोक**' इति गाथार्थः ॥ १३४७ ॥

**धण्णाण णिवेसिज्जइ, धण्णा गच्छंति पारमेअस्स ।**

**गंतु इमस्स पारं, पारं वच्चंति दुक्खाणं ॥ १३४८ ॥**

**वृत्तिः**- '**धन्यानां निवेश्यते**' एतद्, '**धन्या गच्छन्ति पारमेतस्य**'-पदस्य, '**गत्वाऽस्य**' विधिना '**पारं पारं व्रजन्ति दुःखानां**', सिद्ध्यन्तीति गाथार्थः ॥ १३४८ ॥

**संपाविऊण परमे, णाणाई दुहिअतायणसमत्थे ।**

**भवभयभीआण दढं, ताणं जो कुणइ सो धण्णो ॥ १३४९ ॥**

**वृत्तिः**- '**सम्प्राप्य**' '**परमान्**' प्रधानान्' **ज्ञानादीन्**' गुणान्' **दुःखितत्राणसमर्थान्**', किमित्याह- '**भवभयभीतानां**' प्राणिनां '**दृढं त्राणं यः करोति स**' '**धन्यो**' महासत्त्व इति गाथार्थः ॥ १३४९ ॥

**अण्णाणवाहिगहिआ, जइवि न सम्मं इहाउरा होंति ।**

**तहवि पुण भावविज्जा, तेसिं अवणिंति तं वाहिं ॥ १३५० ॥**

**वृत्तिः**- '**अज्ञानव्याधिगृहीताः**' सन्तो '**यद्यपि न सम्यगिहातुरा भवन्ति**' व्याधिदोषात्, '**तथापि पुनर्भाववैद्याः**'-तात्त्विकाः **स्तेषामपनयन्ति व्याधिं**'-अज्ञानलक्षणमिति गाथार्थः ॥ १३५० ॥

**ता तंऽसि भावविज्जो, भवदुक्खनिवीडिया तुहं एए ।**

**हंदि सरणं पवण्णा, मोएअव्वा पयत्तेणं ॥ १३५१ ॥**

**वृत्तिः**- '**तत्त्वमसि भाववैद्यो**', वर्त्तसे, '**भवदुःखनिपीडिताः**' सन्त' **स्तवैते**'- साध्वादयः '**हन्दि शरणं प्रपन्नाः**' प्रव्रज्यादिप्रतिपत्त्या, '**मोचयितव्याः प्रयत्नेन**' सम्यक्त्वकारणेनेति गाथार्थः ॥ १३५१ ॥

**मोएइ अप्पमत्तो, परहिअकरणम्मि णिच्चमुज्जुत्तो ।**

**भवसोक्खापडिबद्धो, पडिबद्धो मोक्खसोक्खम्मि ॥ १३५२ ॥**

**वृत्तिः**- '**मोचयति चाप्रमत्तः**' सन् '**परहितकरणे नित्योद्युक्तो**' य इति, '**भवसौख्या- प्रतिबद्धो**' निःस्पृहः, '**प्रतिबद्धो मोक्षसौख्ये**', नान्यत्रेति गाथार्थः ॥ १३५२ ॥

**ता एरिसो च्चिअ तुमं, तहवि अ भणिओऽसि समयणीईए ।**

**णिअयावत्थासरिसं, भवया णिच्चंपि कायव्वं ॥ १३५३ ॥**

**वृत्तिः**- '**तदीदृश एव त्वं**' पुण्यवान्, '**तथापि च भणितोऽसि**' मया '**समयनीत्या**' करणेन, '**निजावस्थासदृशं**' कुशलमेव '**भवता नित्यमपि कर्त्तव्यं**', नान्यदिति गाथार्थः ॥ १३५३ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આચાર્યને હિતશિક્ષા આપે છે–

ઉત્તમ આ ગણધરપદ લોકમાં ઉત્તમ એવા શ્રી જિનેશ્વરોએ જણાવ્યું છે, મોક્ષજનક છે, લોકમાં ઉત્તમ પુરુષોએ ધારણ કર્યું છે. કારણ કે ગણધરો ઉત્તમ હોય છે. [૧૩૪૭] ધન્ય પુરુષને આ પદ આપવામાં આવે છે. ધન્ય પુરુષો આ પદના પારને પામે છે, ધન્ય પુરુષો વિધિપૂર્વક આના પારને પામીને દુઃખોના પારને પામે છે = સિદ્ધ થાય છે. [૧૩૪૮] જે પુરુષ દુઃખીનું રક્ષણ કરવામાં સમર્થ એવા પ્રધાન જ્ઞાનાદિ ગુણોને પામીને ભવથી ભયભીત બનેલા જીવોનું રક્ષણ કરે છે તે ધન્ય = મહાસત્ત્વવંત છે. [૧૩૪૯] જો કે સંસારમાં અજ્ઞાનરૂપ વ્યાધિથી ઘેરાએલા જીવો વ્યાધિરૂપ દોષને દૂર કરવા જલદી ઉત્કંઠિત બનતા નથી, તો પણ ભાવવૈદ્યો = તાત્ત્વિક વૈદ્યો તેમના અજ્ઞાનરૂપ વ્યાધિને દૂર કરે છે. [૧૩૫૦] તું ભાવવૈદ્ય છે, અને ભવદુઃખથી પીડાયેલા આ સાધુઓ વગેરે દીક્ષાદિના સ્વીકાર વડે તારા શરણે આવ્યા છે, માટે તારે તેમને સંયમનું બરોબર પાલન કરાવવા વડે ભવદુઃખથી છોડાવવા જોઈએ. [૧૩૫૧] જે સંસારસુખમાં નિઃસ્પૃહ અને મોક્ષસુખમાં જ આસક્ત બનીને અપ્રમત્તપણે પરહિત કરવામાં સદા તત્પર રહે છે તે જીવોને ભવદુઃખથી છોડાવી શકે છે. [૧૩૫૨] પુણ્યશાલી તું તેવો જ છે. (તેથી તને હિતશિક્ષા આપવાની જરૂર નથી.) તો પણ શાસ્ત્રની (ગણધરપદ આપ્યા પછી હિતશિક્ષા આપવી એવી) મર્યાદા હોવાથી મેં તને હિતશિક્ષા આપી છે. તેથી તારે સદા ય સ્વસ્થાનને અનુરૂપ શુભ જ કરવું, અશુભ ન કરવું. [૧૩૫૩]

JAINSITE .com जैनम् जयति शासनम्

गच्छानुशास्तिमाह-

**तुब्भेहिंपि न एसो, संसाराडविमहाकडिल्लंमि ।**

**सिद्धिपुरसत्थवाहो, जत्तेण खणंपि मोत्तव्वो ॥ १३५४ ॥**

**वृत्तिः**- '**युष्माभिरपि नैषः**'-गुरुः '**संसाराटवीमहाकडिल्ले**'-महागहने '**सिद्धिपुरसार्थवाहः**', तत्रानपायनयनाद्, '**यत्नेन क्षणमपि मोक्तव्यो**', नेति वर्त्तते इति गाथार्थः ॥ १३५४ ॥

**ण य पडिकूलेअव्वं, वयणं एअस्स नाणरासिस्स ।**

**एवं गिहवासचाओ, जं सफलो होइ तुम्हाणं ॥ १३५५ ॥**

**वृत्तिः**- '**न च प्रतिकूलयितव्य**'मश(मास)क्त्या '**वचनमेतस्य ज्ञानराशेः**' गुरोः, '**एवं गृहवासत्यागः**' प्रव्रज्यया '**यत् सफलो भवति युष्माकम्**', आज्ञाराधनेनेति गाथार्थः ॥ १३५५ ॥

**इहरा परमगुरुणं, आणाभंगो निसेविओ होइ ।**

**विहला य होंति तम्मी, निअमा इहलोअपरलोआ ॥ १३५६ ॥**

**वृत्तिः**- '**इतरथा**' तद्वचनप्रतिकूलनेन '**परमगुरूणां**' तीर्थकृता'**माज्ञाभङ्गो निषेवितो भवति**, **निष्फलौ च भवतः** '**तस्मिन्**' आज्ञाभङ्गे सति '**नियमादिहलोकपरलोकाविति**' गाथार्थः ॥ १३५६ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ता कुलवहुणाएणं, कज्जे निब्भत्थिएहिवि कहिंचि ।**

**एअस्स पायमूलं, आमरणंतं न मोत्तव्वं ॥ १३५७ ॥**

**वृत्तिः**- '**तत्कुलवधूज्ञातेन**'-उदाहरणेन '**कार्ये निर्भर्त्सितैरपि**' सद्भिः '**कथञ्चिदेतस्य**'-गुरोः '**पदोर्मूलं**'-समीप'**मामरणान्तं न मोक्तव्यं**'-सर्वकालमिति गाथार्थः ॥ १३५७ ॥

ગચ્છને હિતશિક્ષા આપે છે–

તમારે પણ સંસારરૂપ મહાગહન જંગલમાં સિદ્ધિપુરના સાર્થવાહ એવા આ ગુરુને પ્રયત્નપૂર્વક ક્ષણવાર પણ ન છોડવા. ગુરુ કોઈ જાતના અનર્થ વિના સિદ્ધિપુરમાં લઈ જતા હોવાથી સિદ્ધિપુરના સાર્થવાહ છે. [૧૩૫૪] અનુકૂળતાના રાગી બનીને આ જ્ઞાનપુંજ ગુરુના વચનથી પ્રતિકૂળ ન વર્તવું. કારણ કે આ પ્રમાણે કરવામાં જિનાજ્ઞાની આરાધના થવાથી તમોએ દીક્ષા લઈને કરેલો ગૃહવાસત્યાગ સફલ બને. [૧૩૫૫] ગુરુના વચનથી પ્રતિકૂળ વર્તવાના કારણે જિનાજ્ઞાનો ભંગ થાય છે. જિનાજ્ઞાનો ભંગ થતાં નિયમા આલોક અને પરલોક નિષ્ફલ બને છે. [૧૩૫૬] આથી કોઈ કાર્યમાં ગુરુ ઠપકો આપે કે તરછોડી નાખે તો પણ કુલવધૂના દૃષ્ટાંતથી જાવજ્જીવ ગુરુચરણના સાંનિધ્યનો ત્યાગ ન કરવો. અર્થાત્ જેમ કુલવધૂ શ્વસુરગૃહમાં પતિ આદિની ગમે તેવી પ્રતિકૂળતા હોવા છતાં તેનો ત્યાગ કરતી નથી, તેમ શિષ્યે પણ ગુરુ આદિની પ્રતિકૂળતા વેઠીને પણ ગુરુની પાસે જ રહેવું જોઈએ. [૧૩૫૭]

गुणमाह–

**णाणस्स होइ भागी, थिरयरओ दंसणे चरित्ते अ ।**

**धण्णा आवकहाए, गुरुकुलवासं ण मुंचंति ॥ १३५८ ॥**

**वृत्तिः**- '**ज्ञानस्य भवति भागी**', गुरुकुले वसन्, '**स्थिरतरो दर्शने चारित्रे च**', आज्ञाराधन-दर्शनादिना, अतो '**धन्या यावत्कथं**'-सर्वकालं '**गुरुकुलवासं न मुञ्चन्ती**'ति गाथार्थः ॥ १३५८ ॥

ગુરુ પાસે રહેવાથી થતા લાભો કહે છે–

ગુરુકુલમાં રહેનાર સાધુ દરરોજ વાચનાદિ થવાથી શ્રુતજ્ઞાનાદિનું ભાજન બને છે = શ્રુતજ્ઞાનાદિ પામે છે, સ્વદર્શન-પરદર્શનનું સ્વરૂપ સાંભળવાથી શ્રદ્ધામાં અતિશય સ્થિર બને છે, વારંવાર સારણાદિ થવાથી ચારિત્રમાં અતિશય સ્થિર બને છે. આથી યાવજ્જીવ ગુરુકુલવાસનો ત્યાગ નહિ કરનાર સાધુઓ ધન્ય છે = ધર્મરૂપ ધનને મેળવે છે. (અથવા આથી ધન્ય સાધુઓ જાવજ્જીવ ગુરુકુલવાસનો ત્યાગ કરતા [1]નથી.) [૧૩૫૮]

**एवं चिअ वयिणीणं, अणुसट्ठिं कुणइ एत्थ आयरिओ ।**

**तह अज्जचंदणमिगावईण साहेइ परमगुणे ॥ १३५९ ॥**

१. વિશેષાવશ્યક ગાથા ૩૪૫૯.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**– '**एवमेव व्रतवतीनां**'–साध्वीनां'**मनुशास्तिं करोत्यत्र**' व्यतिकरे '**आचार्यः**' मौलः, '**तथा आर्यचन्दनामृगावत्योः**' सम्बन्धिनः '**कथयति परमगुणानि**'ति, अत्र कथानकं प्रतीतमेवेति **गाथार्थः** ॥ १३५९ ॥

એ જ પ્રમાણે પ્રસ્તુતમાં સાધ્વીઓને પણ મૂલગુરુ હિતશિક્ષા આપે, તથા આર્યાચંદના અને આર્યામૃગાવતીના ઉત્તમ ગુણો કહે. આર્યાચંદના અને આર્યામૃગાવતીની કથા પ્રસિદ્ધ જ છે. [૧૩૫૯]

**भणइ सलद्धीअंपि हु, पुव्वं तुह गुरुपरिक्खिआ आसि ।**
**लद्धी वत्थाईणं, णिअमा एगंतनिद्दोसा ॥ १३६० ॥**

**वृत्तिः**– '**भणति स्वलब्धिकमपि**' मौलगुरुः– '**पूर्वं तव**', इतः कालाद्, '**गुरुपरीक्षिता आसीत्**', केत्याह–'**लब्धिर्वस्त्रादीनां**' प्राप्तिरित्यर्थः, '**नियमादेकान्तनिर्दोषा**', गुरुपारतन्त्र्यादिति **गाथार्थः** ॥ १३६० ॥

**इण्हिं तु सुआयत्तो, जाओसि तुमंति एत्थ वत्थुम्मि ।**
**ता जह बहुगुणतरयं, होइ इमं तह णु कायव्वं । १३६१ ॥**

**वृत्तिः**– '**इदानीं**' स्वलब्ध्यनुज्ञायाः '**श्रुतायत्तो जातोऽसि त्वमित्यत्र वस्तुनि**'– वस्त्रादिलब्ध्यादौ, '**तद् यथा बहुगुणतरं भवत्येतद्'**वस्त्रादिलब्ध्यादि '**तथैव कर्त्तव्यं**', सर्वत्र सूत्रात् प्रवर्त्तितव्यमिति **गाथार्थः** ॥ १३६१ ॥

મૂલગુરુ સ્વલબ્ધિકને પણ હિતશિક્ષા આપે કે– આ પૂર્વે (વસ્ત્રાદિ શુદ્ધ છે કે અશુદ્ધ ? ઈત્યાદિ) ગુરુએ કરેલી પરીક્ષાથી જ તને સંપૂર્ણ નિર્દોષ વસ્ત્રાદિની પ્રાપ્તિ થતી હતી, અર્થાત્ ગુરુને આધીન બનીને તું નિર્દોષ વસ્ત્રાદિ મેળવી શકતો હતો, [૧૩૬૦] પણ હવે તને સ્વલબ્ધિની અનુજ્ઞા મળવાથી તું વસ્ત્રાદિ વસ્તુ મેળવવામાં શ્રુતને = શાસ્ત્રને આધીન બન્યો છે. આથી તારે (સંયમમાં) અધિક લાભ થાય તે રીતે જ વસ્ત્રગ્રહણ વગેરે કાર્યો કરવા. વસ્ત્રગ્રહણ વગેરે દરેક કાર્યમાં શાસ્ત્ર પ્રમાણે પ્રવૃત્તિ કરવી. [૧૩૬૧]

**उट्ठित्तु सपरिवारो, आयरिअं तिप्पदक्खिणीकाउं ।**
**वंदइ पवेयणम्मी, ओसरणे चेव य विभासा ॥ १३६२ ॥**

**वृत्तिः**– '**उत्थाय सपरिवारो**'ऽभिनवगुरुः '**आचार्यं त्रिः प्रदक्षिणीकृत्य**' मौलं '**वन्दते**' सम्यक्, '**प्रवेदने समवसरणे चैव विभाषा**', येषां यथाऽऽचरितमिति **गाथार्थः** ॥ १३६२ ॥

પછી (મૂલગુરુ નૂતન આચાર્ય અને ગચ્છને હિતશિક્ષા આપી દે ત્યારબાદ) નૂતન આચાર્ય પરિવારસહિત મૂલ આચાર્યને ત્રણ પ્રદક્ષિણા આપી વિધિપૂર્વક વંદન કરે. [1]પ્રવેદન અને સમવસરણમાં વિકલ્પ સમજવો. જેમની જેવી આચરણા હોય તેમ કરે. [૧૩૬૨]

---

૧. અહીં પ્રવેદન શબ્દનો ૯૭૧મી ગાથાના આધારે "તપનું પ્રત્યાખ્યાન જણાવવું" એવો અર્થ સંભવે છે. એનો ભાવાર્થ એ સંભવે છે કે અમુક જ તપ કરવો એવો નિયમ નથી. સમવસરણ શબ્દનો ૯૫૧મી ગાથાના આધારે 'આસન' એવો અર્થ સંભવે છે. એનો ભાવાર્થ એ સંભવે છે કે નૂતન આચાર્ય મૂલ આચાર્યના આસને બેસે. અગર ન પણ બેસે. પ્રવેદન અને સમવસરણ શબ્દનો અન્ય કોઈ અર્થ ઘટતો હોય તો ઘટાડવો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**अह समयविहाणेणं, पालेइ तओ गणं तु मज्झत्थो ।**
**णिप्फाएइ अ अण्णे, णिअगुणसरिसे पयत्तेणं ॥ १३६३ ॥**

**वृत्तिः**- '**अथ** '**समयविधानेन**' सिद्धान्तनीत्या '**पालयत्यसौ गणमेव**' शेषकृत्यरहितो '**मध्यस्थः**' सन्, '**निष्पादयति चान्यान्**' शिष्यान् '**निजगुणसदृशान्**'-आत्मतुल्यान् '**प्रयत्नेन**' उद्युक्ततयेति गाथार्थः ॥ १३६३ ॥

**अणुओगगणाणुण्णा, एवेसा वण्णिआ समासेणं ।**
**संलेहणत्ति दारं, अओ परं कित्तइस्सामि ॥ १३६४ ॥**

**वृत्तिः**- '**अनुयोगगणानुज्ञा एवम्**'-उक्तेन प्रकारेण '**एषा वर्णिता समासेन, संलेखनेति द्वारमतः परं**' पञ्चमं '**कीर्त्तयिष्यामी**'ति गाथार्थः ॥ १३६४ ॥

હવે તે આચાર્ય બીજાં કાર્યોથી નિવૃત્ત બનીને અને મધ્યસ્થ બનીને શાસ્ત્રોક્ત મર્યાદા પ્રમાણે ગણનું જ પાલન કરે. તથા પ્રયત્નપૂર્વક અન્ય શિષ્યોને જ્ઞાનાદિ ગુણોથી પોતાના જેવા બનાવે. [૧૩૬૩] આ પ્રમાણે આ અનુયોગ-અનુજ્ઞા અને ગણ-અનુજ્ઞાનું સંક્ષેપથી વર્ણન કર્યું. હવે પછી પાંચમું સંલેખના દ્વાર કહીશ. [૧૩૬૪]

किमित्येवमित्याह-

**अणुओगगणाणुण्णा, कयाएँ तयणुपालणं विहिणा ।**
**जं ता करेइ धीरो, सम्मं जाऽऽवइओ चरमकालो उ ॥ १३६५ ॥**

**वृत्तिः**- '**अनुयोगगणानुज्ञायां कृतायां**' सत्यां '**तदनुपालनम्**' अनुयोगादिपालनं '**विधिना** '**यद्**' यस्मात् '**तावत्करोति** '**धीरः**' ऋषिः '**यावदापतितः**' क्रमेण '**चरमकाल**' इति गाथार्थः ॥ १३६५ ॥

इति गणानुज्ञावस्तु ४ ।

**અનુયોગ-ગણાનુજ્ઞા પછી સંલેખનાદ્વાર કહેવાનું પ્રયોજન કહે છે–**

કારણ કે અનુયોગની અને ગણની અનુજ્ઞા પ્રાપ્ત કર્યા પછી ધીર આચાર્ય ક્રમે કરીને અંતિમકાલ = મૃત્યુ સમય આવે ત્યાં સુધી અનુયોગ (= વાચનાપ્રદાન) આદિનું પાલન કરે છે, અર્થાત્ અનુયોગ આદિના પાલન પછી અંતિમ સમયે સંલેખના કરવાની હોય છે, માટે અનુયોગ અને ગણની અનુજ્ઞા પછી સંલેખનાદ્વાર છે. [૧૩૬૫]

ગણાનુજ્ઞાનું વર્ણન પૂર્ણ થયું.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE

## (૫) સંલેખનાદ્વાર

अथ संलेखनावस्तु, संलेखनामाह–

**संलेहणा इहं खलु, तवकिरिया जिणवरेहिं पण्णत्ता ।**
**जं तीएँ संलिहिज्जइ, देहकसायाइ णिअमेणं ॥ १३६६ ॥**

**वृत्तिः**– '**संलेखना इह खलु**' प्रक्रमे '**तपःक्रिया**' विचित्रा '**जिनवरैः प्रज्ञप्ता**', किमित्याह–'**यद्**' यस्मा'**त्तया संलिख्यते**'–कृशीक्रियते '**देहकषायादि**', बाह्यमान्तरं च, नियमे–नेति गाथार्थः ॥ १३६६ ॥

હવે સંલેખના વસ્તુનું વર્ણન કરવામાં આવે છે. તેમાં પહેલાં સંલેખનાનો અર્થ કહે છે–

પ્રસ્તુતમાં જિનેશ્વરોએ વિવિધ પ્રકારની તપઃક્રિયાને (= તપસંબંધી ક્રિયાને) સંલેખના કહી છે. કારણ કે તપઃક્રિયા બાહ્ય દેહ અને અભ્યંતર કષાય વગેરેને અવશ્ય કૃશ કરે છે. (દેહ, કષાય વગેરેને કૃશ કરે તે સંલેખના એવો સંલેખના શબ્દનો શબ્દ ઉપરથી નીકળતો અર્થ છે.) [૧૩૬૬]

अतिप्रसङ्गपरिहारमाह–

**ओहेणं सव्वच्चिअ, तवकिरिआ जइवि एरिसी होइ ।**
**तहवि अ इमा विसिट्ठा, घिप्पइ जा चरिमकालम्मि ॥ १३६७ ॥**

**वृत्तिः**– '**ओघेन**' सामान्येन '**सर्वैव तपःक्रिया**' आदित आरभ्य '**यद्यपीदृशी**'–देहकषायादिसंलेखनात्मिका '**भवति, तथापि चैषा**'–प्रस्तुता '**विशिष्टा गृह्यते**' तपःक्रिया '**या चरमकाले**' देहत्यागायेति गाथार्थः ॥ १३६७ ॥

[1]અતિપ્રસંગને દૂર કરે છે–

જો કે સામાન્યથી દીક્ષા લે ત્યારથી કરાતી બધી જ તપઃક્રિયા દેહ-કષાય વગેરેને કૃશ કરનારી હોવાથી સંલેખનારૂપ છે. તો પણ પ્રસ્તુત તપઃક્રિયા જીવનના ચરમકાળે દેહનો ત્યાગ કરવા માટે જે કરવામાં આવે છે તે વિશિષ્ટ તપઃક્રિયા સમજવી. [૧૩૬૭]

एतदेवाह–

**परिवालिऊण विहिणा, गणिमाइपयं जईणमिअमुचिअं ।**
**अब्भुज्जुओ विहारो, अहवा अब्भुज्जुअं मरणं ॥ १३६८ ॥**

**वृत्तिः**– '**परिपाल्य विधिना**'–सूत्रोक्तेन '**गण्यादिपदम्**', आदिशब्दादुपाध्यायादिपरिग्रहः, '**यतीनामुचितमिदं**' चरमकाले यदुत '**अभ्युद्यतो विहारः**'– जिनकल्पादिरूपः '**अथवाऽभ्युद्यतं मरणं**'–पादपोपगमनादीति गाथार्थः ॥ १३६८ ॥

૧. અતિપ્રસંગ એટલે લક્ષણનું અલક્ષ્યમાં જવું. અહીં સામાન્ય તપઃક્રિયામાં સંલેખનાના લક્ષણને જતું રોકીને અતિપ્રસંગને દૂર કર્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ જ વિષયને કહે છે–

સૂત્રોક્ત વિધિથી ગણી, ઉપાધ્યાય વગેરે પદને પાળીને (= પદની ફરજો બજાવીને) સાધુઓએ જિનકલ્પાદિરૂપ અભ્યુદ્યત (= સાધનાના વિશેષ ઉદ્યમવાળા) વિહારનો કે પાદોપગમનાદિરૂપ અભ્યુદ્યત મરણનો સ્વીકાર કરવો એ યોગ્ય છે. [૧૩૬૮]

**एसो अ विहारोवि हु जम्हा संलेहणासमो चेव ।**

**ता ण विरुद्धो णेओ एत्थं संलेहणादारे ॥ १३६९ ॥**

**वृत्तिः**- '**एष च विहारो**'ऽभ्युद्यतः '**यस्मात् संलेखनासम एव**' वर्त्तते '**तत्**' तस्मा'**न्न विरुद्धो ज्ञेयः** '**अत्र**' प्रस्तुते '**संलेखनाद्वारे**', भण्यमान इति गाथार्थः ॥ १३६९ ॥

**भणिऊण इमं पढमं, लेसुद्देसेण पच्छओ वोच्छं ।**

**दाराणुवाइगं चिअ, सम्मं अब्भुज्जुअं मरणं ॥ १३७० ॥**

**वृत्तिः**- '**भणित्वा** '**एनम्**' अभ्युद्यतविहारं '**प्रथमं**' **लेशोद्देशेन**' सङ्क्षेपेण '**पृष्ठतः**' ऊर्द्ध्वं '**वक्ष्ये द्वारानुपात्येव**', प्रस्तुतमित्यर्थः, '**सम्यक्**' सिद्धान्तनीत्या' **ऽभ्युद्यतं मरणमि**'ति गाथार्थः ॥ १३७० ॥

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

અભ્યુદ્યત વિહાર સંલેખના સમાન હોવાથી પ્રસ્તુત સંલેખનાદ્વારમાં તેનું વર્ણન વિરુદ્ધ ન સમજવું. [૧૩૬૯] પહેલાં સંક્ષેપથી અભ્યુદ્યત વિહારને કહીને પછી સૂત્ર પ્રમાણે પ્રસ્તુત અભ્યુદ્યત મરણને કહીશ. [૧૩૭૦]

तत्र द्वारगाथामाह–

**अव्वोच्छित्तीमण पंच तुलण उवगरणमेव परिकम्मो ।**

**तवसत्तसुएगत्ते, उवसग्गसहे अ वडरूक्खे ॥ १३७१ ॥ दारगाहा ॥**

**वृत्तिः**- '**अव्यवच्छित्तिमनः**' प्रयुङ्क्ते, तथा '**पञ्चा**'नामाचार्यादीनां '**तुलना**' स्वयोगविषया, '**उपकरणमेवेति**' वक्तव्यम्, उचितं '**परिकर्म्म**'-इन्द्रियादिजयः, '**तपःसत्त्वश्रुतैकत्वेषूपसर्गसहश्चेति**' पञ्च भवन्तीत्यर्थः भावनाः, '**वटवृक्ष**' इत्यपवादात्तदधः प्रतिपद्यत इति गाथार्थः ॥ १३७१ ॥

તેમાં દ્વારગાથા કહે છે–

અવ્યવચ્છિત્તિમન, આચાર્યાદિ પાંચની સ્વયોગ સંબંધી તુલના, ઉપકરણ, ઇંદ્રિયાદિના જયરૂપ પરિકર્મ, તપ, સત્ત્વ, શ્રુત, એકત્વ અને ઉપસર્ગસહ (= બલ) એ પાંચ ભાવના અને વડવૃક્ષ = અપવાદથી વડલાની નીચે કલ્પને સ્વીકારે, એમ દશ દ્વારો છે. [૧૩૭૧]

व्यासार्थमाह–

**सो पुव्वावरकाले, जागरमाणो उ धम्मजागरिअं ।**

**उत्तमपसत्थझाणो, हिअएण इमं विचिंतेइ ॥ १३७२ ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**- '**सः**' गणी वृद्धः सन् '**पूर्वापरकाले**' सुप्तः सुप्तोत्थितो वा रात्रौ '**जाग्रत् धर्म्मजागरिकां**'-धर्म्मचिन्तां कुर्वन्नित्यर्थः '**उत्तमप्रशस्तध्यानः**' प्रवृद्धशुभयोगः '**हृदयेनेदं**'-वक्ष्यमाणं वस्तु '**विचिन्तयन्ती**'ति गाथार्थः ॥ १३७२ ॥

**अणुपालिओ उ दीहो, परिआओ वायणा तहा दिण्णा ।**
**णिप्फाइआ य सीसा, मज्झं किं संपयं जुत्तं ? ॥ १३७३ ॥**

**वृत्तिः**- '**अनुपालित एव दीर्घः पर्यायः**'-प्रव्रज्यारूपः, '**वाचना तथा दत्ता**' उचितेभ्यः, '**निष्पादिताश्च शिष्याः**', कृत ऋणमोक्षः, '**मम किं साम्प्रतं युक्तम्**', एतच्चिन्तयतीति गाथार्थः ॥ १३७३ ॥

**किं णु विहारेणऽब्भुज्जएण विहरामऽणुत्तरगुणेणं ।**
**आऊ अब्भुज्जयसासणेण विहिणा अणुमरामि ॥ १३७४ ॥**

**वृत्तिः**- '**किन्नु विहारेणाभ्युद्यतेन**'-जिनकल्पादिना '**विहराम्यनुत्तरगुणेन**', एतत्कालापेक्षया, '**उताभ्युद्यतशासनेन विधिना**'-सूत्रोक्तेन '**अनुम्रिये**' इति गाथार्थः ॥ १३७४ ॥

**पारद्धावोच्छित्ती, इण्हिं उचिअकरणा इहरहा उ ।**
**विरसावसाणओ णो, इत्थं दारस्स संपाओ ॥ १३७५ ॥ ( ॥ दारं १ )**

**वृत्तिः**- '**प्रारब्धाव्यवच्छित्तिः**'-प्रव्रज्यानिर्वहणमखण्डं '**इदानीमुचितकरणाद्भ**'वति, '**इतरथा तु**'-तदकरणे '**विरसावसानतः**' कारणात् '**न**' प्रारब्धाव्यवच्छित्तिः, तन्न्यूनत्वादिति, '**अत्र द्वारस्य**'-अव्यवच्छित्तिमनःसंज्ञितस्य '**सम्पात**' इति गाथार्थः ॥ १३७५ ॥

ઉક્ત દ્વારોનો વિસ્તારથી અર્થ કહે છે (તેમાં પ્રથમ અવ્યવચ્છિત્તિમન દ્વાર કહે છે—)

આગલી રાતે કે પાછલી રાતે સૂતેલા જાગતા કે સૂઈને ઉઠેલા, અત્યંત વૃદ્ધિ પામેલા શુભયોગવાળા અને ધર્મચિંતા કરતા વૃદ્ધ આચાર્ય હૃદયથી આ (= નીચેની ગાથાઓમાં કહેવાશે તે) વિચારે. [૧૩૭૨] મેં દીર્ઘ દીક્ષાપર્યાય પાળ્યો, યોગ્ય સાધુઓને વાચના આપી, શિષ્યોને તૈયાર કર્યા, શાસનના ઋણથી મુક્ત બન્યો છું, હવે હમણાં મારે શું કરવા યોગ્ય છે ? [૧૩૭૩] હમણાં અત્યંત શ્રેષ્ઠ લાભવાળા અભ્યુદ્યત વિહારનો સ્વીકાર કરીને વિચરું ? કે શાસ્ત્રોક્ત અભ્યુદ્યત મરણના ઉપદેશ અનુસાર સૂત્રોક્ત વિધિ પ્રમાણે મરણ પામું ? [૧૩૭૪] હમણાં મારે જે ઉચિત હોય તે કરવાથી પ્રારંભેલાની (= પ્રવ્રજ્યાની) અવ્યવચ્છિત્તિ થાય, અર્થાત્ પ્રવ્રજ્યાનું અખંડ પાલન થાય. હમણાં ઉચિત ન કરવાથી અંતે નિરસ થવાથી પ્રારબ્ધની અવ્યવચ્છિત્તિ ન થાય. કારણ કે અંતિમ સમયે ઉચિત કર્તવ્યની ન્યૂનતા રહે. આ પ્રમાણે વૃદ્ધ આચાર્ય વિચારે. અહીં અવ્યવચ્છિત્તિમન નામના દ્વારનો સમાવેશ છે, અર્થાત્ આ વિચારણામાં અવ્યવચ્છિત્તિમન નામના દ્વારનું વર્ણન થઈ જાય છે. [૧૩૭૫]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

अभ्युद्यतविहाराभ्युद्यतमरणस्वरूपमाह-

**जिणसुद्धजहालंदा, तिविहो अब्भुज्जओ इह विहारो ।**

**अब्भुज्जयमरणंपि अ, पाउगमे इंगिणि परिण्णा ॥ १३७६ ॥**

**वृत्तिः**- **'जिनशुद्धयथालन्दाः'** जिनकल्पिकाः शुद्धपरिहारिकाः यथालन्दिकाश्चेति **'त्रिविधोऽभ्युद्यतः' 'इह'** प्रवचने **'विहारः, अभ्युद्यतमरणमपि च'** इह त्रिविधमित्याह-**'पादपोगमनेङ्गितपरिज्ञाः'** पादपोपगमनमिङ्गितमरणं भक्तपरिज्ञा चेति गाथासमासार्थः, व्यासार्थस्त्वस्याः प्रस्तुतं द्वारमेव ॥ १३७६ ॥

અભ્યુદ્યત વિહાર અને અભ્યુદ્યત મરણનું સ્વરૂપ કહે છે–

પ્રવચનમાં જિનકલ્પિક, શુદ્ધપરિહારિક અને યથાલંદિક એમ ત્રણ પ્રકારનો અભ્યુદ્યત વિહાર છે. અભ્યુદ્યત મરણ પણ પાદપોપગમન, ઇંગિતમરણ અને ભક્તપરિજ્ઞા એમ ત્રણ પ્રકારનું છે. ગાથાનો આ પ્રમાણે સંક્ષેપથી અર્થ છે. આનો વિસ્તૃત અર્થ તો પ્રસ્તુત (સંલેખના) દ્વાર જ છે, અર્થાત્ સંપૂર્ણ સંલેખનાદ્વારમાં જે કંઈ વર્ણન છે તે બધું આ ગાથાનો જ વિસ્તૃત અર્થ છે. [૧૩૭૬]

**सयमेव आउकालं, णाउं पुच्छित्तु वा बहुं सेसं ।**

**सुबहुगुणलाभकंखी, विहारमब्भुज्जयं भवई ॥ १३७७ ॥**

**वृत्तिः**- **'स्वयमेवायुःकालं ज्ञात्वा'** बहु शेषं श्रुतातिशयेन **'पृष्ट्वा वा'** श्रुतातिशययुक्तमन्यं, **'बहु शेषं'** ज्ञात्वा **'सुबहुगुणलाभकाङ्क्षी'** सन् साधुः **'विहारं'**-क्रियारूपं **'अभ्युद्यतं भजते'**, प्रधानमिति गाथार्थः ॥ १३७७ ॥

મારો આયુષ્યકાળ ઘણો બાકી છે એમ સ્વયં શ્રુતાતિશયથી (= વિશેષ શ્રુતથી) જાણીને કે અન્ય શ્રુતાતિશયવાળાને પૂછીને જાણીને અતિશય ઘણા ગુણોના લાભની આકાંક્ષાવાળો સાધુ મુખ્ય અભ્યુદ્યત વિહારને સ્વીકારે. [૧૩૭૭]

प्रसङ्गमभिधाय 'पञ्च तुलने'ति द्वारं व्याचिख्यासुराह-

**गणिउवज्झायपवित्ती, थेरगणच्छेइआ इमे पंच ।**

**पायमहिगारिणो इह, तेसिमिमा होइ तुलणा उ ॥ १३७८ ॥ ( दारं २ )**

**वृत्तिः**- **'गणी'** गच्छाधिपाचार्यः **'उपाध्यायः'** सूत्रप्रदः **'प्रवृत्तिः'** उचिते प्रवर्त्तकः **'स्थविरः'** स्थिरीकरणात् **'गणावच्छेदकः'** गणदेशपालनाक्षमः, **'एते पञ्च'** पुरुषाः **'प्रायः अधिकारिण' 'इह'** अभ्युद्यतविहारे, **'एतेषामियं'**-वक्ष्यमाणा **'भवति तुलनेति'** गाथार्थः ॥ १३७८ ॥

પ્રાસંગિક કહીને 'પાંચતુલના' દ્વારની વ્યાખ્યા કરે છે–

ગચ્છાધિપતિ આચાર્ય, સૂત્રો ભણાવનાર ઉપાધ્યાય, ઉચિતકાર્યમાં પ્રવર્તાવનાર પ્રવર્તક,

जैनम् जयति शासनम् JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્થિર કરનાર સ્થવિર અને ગણના એક વિભાગનું પાલન કરવામાં સમર્થ ગણાવચ્છેદક એ પાંચ અભ્યુદ્યત વિહારના અધિકારી છે. એમને આ (હવે કહેવાશે તે) તુલના કરવાની હોય [1]છે. [૧૩૭૮]

**गणणिक्खेवित्तिरिओ, गणिस्स जो वा ठिओ जहिं ठाणे ।**

**जो तं अप्पसमस्स उ, णिक्खिवई इत्तरं चेव ॥ १३७९ ॥**

**वृत्तिः**- '**गणनिक्षेप**' '**इत्वरः**' परिमितकालो '**गणिनो**' भवति, '**यो वा स्थितो यत्र स्थाने**'- उपाध्यायादौ '**स तत् पदं आत्मसमस्यैव निक्षिपतीत्वरमेव**' अपरस्य साधोरिति गाथार्थः ॥ १३७९ ॥

**पिच्छामु ताव एए, केरिसया होंतिमस्स ठाणस्स ? ।**

**जोग्गाणवि पाएणं, णिव्वहणं दुक्करं होइ ॥ १३८० ॥**

**वृत्तिः**- '**पश्यामस्तावदेते**'-अभिनवाचार्यादयः '**कीदृशा भवन्त्यस्य स्थानस्य**'- प्रस्तुतस्य, उचिता नवेति, अयोग्यानामनारोपणमेवेत्याशङ्क्याह-'**योग्यानामपि**' सामान्येन '**प्रायो निर्व्वहणं**' प्रस्तुतस्य '**दुष्करं भवति**', लोकसिद्धमेतदिति गाथार्थः ॥ १३८० ॥

**(અભ્યુદ્યત વિહારને સ્વીકારવાની ઈચ્છાવાળા આચાર્ય વગેરે પોતાના સ્થાને બીજા આચાર્ય વગેરેને સ્થાપે અને પોતાના સ્થાને સ્થાપેલા તે આચાર્ય વગેરે સોંપેલું ગચ્છપાલનાદિ કાર્ય કરવામાં સમર્થ છે કે નહિ તે જાતે જુએ. આ વિગત નીચેની ગાથાઓમાં કહે છે–)**

આચાર્ય થોડા કાળ માટે પોતાનો ગણ અન્યને સોંપે, અથવા જે ઉપાધ્યાય વગેરે જે પદે હોય તે પોતાના તે પદે પોતાના સમાન જ અન્ય સાધુને થોડા જ કાળ માટે સ્થાપે. [૧૩૭૯] જોઈએ કે નૂતન આચાર્ય વગેરે પ્રસ્તુત પદ માટે કેવા છે ? ઉચિત છે કે નહિ ? એવા આશયથી થોડા કાળ માટે અન્યને પોતાના પદે સ્થાપે.

**પ્રશ્ન**- અયોગ્યને પદે સ્થાપવાના ન હોવાથી યોગ્ય જોઈને પદે સ્થાપ્યા છે, તો પદે સ્થાપ્યા પછી જોવાની શી જરૂર છે ?

**ઉત્તર**- સામાન્યથી યોગ્ય પણ જીવોને પ્રસ્તુત પદનો નિર્વાહ કરવો દુષ્કર છે. (પદને વફાદાર રહેવું અને પદની જવાબદારીઓ સંભાળવી એ ઘણું કઠીન છે. જો નૂતન આચાર્ય વગેરે પ્રસ્તુત પદ માટે સમર્થ ન જણાય તો પોતે જ તે પદને સંભાળે અને અભ્યુદ્યત વિહારનો સ્વીકાર ન કરે.) આ બાબત લોકમાં પ્રસિદ્ધ છે. [૧૩૮૦]

युक्त्या तुलनाप्रयोजनमाह-

**ण य बहुगुणचाएणं, थेवगुणपसाहणं बुहजणाणं ।**

**इट्ठं कयाइ कज्जं, कुसला सुपइट्ठिआरंभा ॥ १३८१ ॥**

**वृत्तिः**- '**न च बहुगुणत्यागेन**' प्रामाणिकेन '**स्तोकगुणप्रसाधनं**' '**बुद्धजनानां**' विदुषां '**मिष्टं कदाचित्कार्यं**', नैवेत्यर्थः, किमित्यत आह-'**कुशलाः सुप्रतिष्ठितारम्भा**' भवन्तीति गाथार्थः ॥ १३८१ ॥

१. જિનકલ્પ વગેરે અભ્યુદ્યત વિહાર સંબંધી વિસ્તૃત વર્ણન બૃહત્કલ્પમાં પહેલા ઉદ્દેશામાં ૧૨૮૦ થી ૧૪૨૪ સુધીની ગાથાઓમાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તુલના (= સ્વ સામર્થ્યનો નિર્ણય) કરવાનું પ્રયોજન યુક્તિથી જણાવે છે–

વિદ્વાનોને પ્રામાણિક ઘણા લાભનો ત્યાગ કરીને થોડો લાભ મળે તેવું કાર્ય ક્યારેય પણ ઈષ્ટ ન જ હોય. કારણ કે કુશલ પુરુષો સુપ્રતિષ્ઠિત (= વિશેષ લાભ થવાની ખાતરી હોય તેવા) કાર્યનો આરંભ કરનારા હોય છે. (આથી કુશલપુરુષો કાર્યનો આરંભ કરતાં પહેલાં હું આ કાર્ય પૂર્ણ કરી શકીશ કે નહિ ? તેની ખાતરી કરી લે છે.) [૧૩૮૧]

उपकरणद्वारमाश्रित्याह–

**उवगरणं सुद्धेसण-माणजुअं जमुचिअं सकप्पस्स ।**

**तं गिण्हइ तयभावे, अहागडं जाव उचिअं तु ॥ १३८२ ॥ ( दारं ३ )**

**वृत्तिः**– '**उपकरणं**'-वस्त्रादि '**शुद्धैषणामानयुक्तं यदुचितं स्वकल्पस्य**', समयनीत्या, '**तद् गृह्णात्यु**'त्सर्गेणादित एव, '**तदभावे**' सति '**यथाकृतं**' गृह्णाति '**यावदुचितम्**', अन्यद् भवति तावदेवेति गाथार्थः ॥ १३८२ ॥

**जाए उचिए अ तयं, वोसिरइ अहागडं विहाणेण ।**

**इअ आणानिरयस्सिह, विण्णेअं तंपि तेण समं ॥ १३८३ ॥**

**वृत्तिः**– '**जाते**' सत्युचितो'पकरणे '**तत्**' प्राक्तनं '**व्युत्सृजति यथाकृतम्**'-उपकरणं '**विधानेन**'-सौत्रेण, '**इय**' तत्त्यागनिःस्पृहतया '**आज्ञानिरतस्येह**'-लोके '**विज्ञेयं**' '**तदपि**' मौलमुपकरणं '**तेन समं**'-पाश्चात्त्येनेति गाथार्थः ॥ १३८३ ॥

जैन साईट JAINSITE .com शासनम् जयति शासनम्

ઉપકરણ દ્વારને આશ્રયીને કહે છે–

શુદ્ધ, એષણામાનથી [1]યુક્ત અને સ્વકલ્પને યોગ્ય વસ્ત્રાદિ ઉપકરણ લે, સ્વકલ્પને યોગ્ય ન મળે તો સ્વકલ્પને યોગ્ય ન મળે ત્યાં સુધી યથાકૃત લે. [૧૩૮૨] સ્વકલ્પને યોગ્ય મળી જતાં યથાકૃત ઉપકરણ આગમોક્ત વિધિ મુજબ પરઠવી દે. ઉપકરણના ત્યાગમાં નિઃસ્પૃહ હોવાથી આજ્ઞામાં રત તેને મૂળ (= યથાકૃત) ઉપકરણ પણ પાછળથી મેળવેલા સ્વકલ્પને પ્રાયોગ્ય ઉપકરણ જેવું જ ગણાય. [૧૩૮૩]

किमित्यत आह–

**आणा इत्थ पमाणं, विण्णेआ सव्वहा उ परलोए ।**

**आराहणाएँ तीए, धम्मो बज्झं पुण निमित्तं ॥ १३८४ ॥**

**वृत्तिः**– '**आज्ञाऽत्र प्रमाणं विज्ञेया सर्वथैव परलोके**', न त्वन्यत् किञ्चिद्, '**आराधनेन तस्या धर्म्मः**', आज्ञात्वात्, '**बाह्यं पुनर्निमित्तमि**'ति गाथार्थः ॥ १३८४ ॥

---

૧. ઉપધિની ચાર એષણામાંથી અંતિમ બે એષણાથી જ અભ્યુદ્યત વિહારીઓને વસ્ત્ર વગેરે ઉપકરણો લેવાનો વિધિ છે. માટે અહીં એષણામાનથી યુક્ત એમ કહ્યું છે. એષણામાનથી યુક્ત એટલે બે પ્રકારની એષણાથી લીધેલ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**उवगरणं उवगारे, तीए आराहणस्स वट्टंतं ।**

**पावइ जहत्थनामं, इहरा अहिगरणमो भणिअं ॥ १३८५ ॥ दारं ३ ॥**

**वृत्तिः**- '**उपकरणमप्युपकारे** '**तस्या**' आज्ञायाः '**आराधनस्य वर्त्तमानं**' सत् '**प्राप्नोति यथार्थनाम** उपकरणमिति, '**इतरथा**' तदाराधनोपकाराभावे स '**त्वधिकरणमेव भणितं**' तदुपकरणमिति गाथार्थः ॥ १३८५ ॥

મૂળ ઉપકરણ પણ પાછળથી મેળવેલા સ્વકલ્પને પ્રાયોગ્ય ઉપકરણ જેવું કેમ ગણાય ? એ અંગે કહે છે–

અહીં પરલોક સંબંધી કાર્યોમાં બધી જ રીતે જિનાજ્ઞા પ્રમાણ છે, બીજું કંઈ પ્રમાણ નથી. જિનાજ્ઞાની આરાધનાથી [1]ધર્મ છે. બાહ્ય (ક્રિયાઓ) તો નિમિત્ત છે. [૧૩૮૪] ઉપકરણ પણ જિનાજ્ઞાની આરાધનામાં ઉપકાર કરતું હોય=ઉપયોગી બનતું હોય તો તે "ઉપકાર કરે તે ઉપકરણ" એવા યથાર્થ (= અર્થ પ્રમાણે) નામને પામે છે, અર્થાત્ તેનું ઉપકરણ એવું નામ સાર્થક બને છે. જો જિનાજ્ઞાની આરાધનામાં ઉપકાર ન કરતું હોય તો તે ઉપકરણને અધિકરણ જ કહ્યું છે. [૧૩૮૫]

परिकर्म्मद्वारमभिधातुमाह-

**परिकम्मं पुण इह इंदियाइविणिअमणभावणा णेआ ।**

**तमवायादालोअणविहिणा सम्मं तओ कुणइ ॥ १३८६ ॥**

**वृत्तिः**- '**परिकर्म्म पुनरिह**'-प्रक्रमे '**इन्द्रियादिविनियमनभावना ज्ञेया**', भावना-अभ्यासः, '**तत्**' परिकर्म्म '**अपायाद्यालोचनविधिना**' इन्द्रियादीनां '**सम्यक् ततः करोती**'ति गाथार्थः ॥ १३८६ ॥

**इंदिअकसायजोगा, विणियमिआ तेण पुव्वमेव णणु ।**

**सच्चं तहावि जयई, तज्जय सिद्धिं गणेंतो उ ॥ १३८७ ॥**

**वृत्तिः**- '**इन्द्रियकषाययोगाः**' सर्व एव '**विनियमितास्तेन**'-साधुना '**पूर्वमेव ननु**', अत्रोत्तरं-'**सत्यमेतत्, तथापि यतते**' सः '**तज्जयाद्**' इन्द्रियादिजयात् '**सिद्धिं गणयन्**', प्रस्तुतस्येति गाथार्थः ॥ १३८७ ॥

**इंदिअजोगेहिँ तहा, णेहऽहिगारो जहा कसाएहिं ।**

**एएहिं विणा णेए दुहवुड्ढीबीअभूआ उ ॥ १३८८ ॥**

**वृत्तिः**- '**इन्द्रिययोगैस्तथा नेहाधिकारः**' प्रक्रमे '**यथा कषायैः**' किमित्यत्राह-'**एभिर्विना नैते**'-इन्द्रिययोगा '**दुःखवृद्धिबीजभूता**' इति गाथार्थः ॥ १३८८ ॥

**जेण उ तेऽवि कसाया, णो इंदिअजोगविरहओ हुंति ।**

**तव्विणिअमणंपि तओ, तयत्थमेवेत्थ कायव्वं ॥ १३८९ ॥ दारं ४ ॥**

---

१. ટીકામાં आराधनेन तस्या धर्मः आज्ञात्वात् એમ ધર્મસિદ્ધિનું અનુમાન છે. આજ્ઞાની આરાધના એ પક્ષ છે, ધર્મ સાધ્ય છે. आज्ञात्वात् હેતુ છે. यत्र यत्र आज्ञात्वं ( आज्ञा ) तत्र तत्र धर्मः એ વ્યાપ્તિ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**- '**येन पुनः**' कारणेन '**तेऽपि कषाया नेन्द्रियाऽऽयोग ( ? नेन्द्रिययोग ) विरहिता भवन्ति, तद्विनियमनमपि ततः**' कारणा'**त्तदर्थमेव**'-कषायविनियमनार्थमत्र '**कर्त्तव्यमि**'ति गाथार्थः ॥ १३८९ ॥

પરિકર્મ દ્વાર કહે છે–

પ્રસ્તુતમાં પરિકર્મ એટલે ઇંદ્રિય વગેરેને કાબૂમાં રાખવાનો અભ્યાસ. ઇંદ્રિય આદિને કાબૂમાં ન રાખવાથી થતા નુકશાન વગેરેની વિચારણા રૂપ વિધિથી ઇંદ્રિય વગેરેનું સારી રીતે પરિકર્મ કરે. [૧૩૮૬]

**પ્રશ્ન**- સાધુએ પહેલાં જ ઇંદ્રિય, કષાય અને યોગોને કાબૂમાં રાખી લીધા છે ને ?

**ઉત્તર**- તમારી વાત સાચી છે. તો પણ "ઇંદ્રિયાદિના જયથી પ્રસ્તુત કાર્યની સિદ્ધિ થાય છે." એમ માનતો સાધુ ઇંદ્રિયાદિના વિશેષ જય માટે પ્રયત્ન કરે છે. [૧૩૮૭] પ્રસ્તુતમાં ઇંદ્રિય અને યોગોના જય માટે તેવો અધિકાર નથી જેવો અધિકાર કષાયોના જય માટે છે, અર્થાત્ મુખ્યતયા કષાયોનો જય કરવાનો છે. કારણ કે કષાયો વિના ઇંદ્રિયો અને યોગો દુઃખવૃદ્ધિનું બીજ બનતા નથી. [૧૩૮૮] કષાયો પણ ઇંદ્રિય અને યોગોથી રહિત હોતા નથી, તેથી કષાયોને કાબૂમાં રાખવા માટે ઇંદ્રિય અને યોગોને પણ કાબૂમાં રાખવા [1]જોઈએ. [૧૩૮૯]

तपोभावनादिप्रतिपादनायाह-

**इअ परिकम्मिअभावो-ऽणब्भत्थं पोरिसाइ तिगुणतवं ।**
**कुणइ छुहाविजयट्ठा, गिरिणइसीहेण दिट्ठंतो ॥ १३९० ॥ ( दारं ५ )**

**वृत्तिः**- '**इति परिकर्म्मितभावः**' सन् इन्द्रियादिविनियमनेन '**अनभ्यस्तम्**'-असात्मीभूतं पूर्वं '**पौरुष्यादी**'त्युपलक्षणमेतत् '**त्रिगुणं**' तपः '**करोति**', त्रिवारासेवनेन, '**क्षुद्विजयाय**'-सात्मीभावेन क्षुद्विजयार्थं, '**गिरिनदीसिंहेना**'त्र '**दृष्टान्तः**', यथाऽसौ गिरिनदीं वेगवतीमसकृदुत्तरणेनापि प्रगुणमुत्तरति, एवमसावबाधकं तपः करोतीति गाथार्थः ॥ १३९० ॥

તપભાવના વગેરે ભાવનાનું પ્રતિપાદન કરવા માટે કહે છે–

ઇંદ્રિયાદિ ઉપર વિજય મેળવીને પરિકર્મિત ભાવવાળો થયેલ સાધુ પહેલાં જે તપનો અભ્યાસ ન કર્યો હોય=જે તપ આત્મસાત્ ન થયો હોય તે પોરિસિ વગેરે તપ ત્રણ ગણું કરે, અર્થાત્ ત્રણ વાર કરે. અહીં પોરિસિ આદિ એ ઉપલક્ષણ છે. (આથી જે તપનો અભ્યાસ ન હોય એ તપ ત્રણ ગણું કરે એમ સમજવું.) શા માટે કરે ? તપને આત્મસાત્ કરીને ક્ષુધા ઉપર વિજય મેળવવા માટે કરે. આ વિષે ગિરિનદીના સિંહનું દૃષ્ટાંત છે. જેમ ગિરિનદીનો સિંહ પાણીના વેગવાળી ગિરિનદી વારંવાર ઉતરવાનો અભ્યાસ હોવાથી અનેકવાર ઉતરવા છતાં સરળતાથી ઉતરે છે, તેમ સાધુ તપનો અભ્યાસ કરીને તપને અબાધક બનાવે=ગમે તેટલો તપ કરવા છતાં વાંધો ન આવે તેવો બનાવે. [૧૩૯૦]

१. विनेन्द्रियजयं नैव, कषायान् जेतुमीश्वरः ।
हन्यते हैमनं जाड्यं न विना ज्वलितानलम् ॥ યો. શા. પ્ર. ૪ ગા. ૨૪

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

तदेवाह-

**इक्किक्कं ताव तवं, करेइ जह तेण कीरमाणेणं ।**

**हाणी ण होइ जइआवि होइ छम्मासुवस्सग्गो ॥ १३९१ ॥**

**वृत्तिः**- '**एकैकं**' पौरुष्यादि '**तावत्तपः करोति**' सात्मीभावेन '**यथा तेन**' तपसा '**क्रियमाणेन हानिर्न भवति**' विहितस्य '**यदापि भवति**' कथञ्चित् '**षण्मासानुपसर्गो**' दिव्यादिरिति गाथार्थः ॥ १३९१ ॥

આ જ વિગત કહે છે–

પોરિસિ વગેરે (ક્રમશઃ ચઢિયાતો) એક એક તપ ત્યાં સુધી આત્મસાત્ કરે કે જ્યાં સુધી કરાતા તપથી જ્યારે દેવ વગેરે આહારને અનેષણીય કરી નાખવો ઈત્યાદિ ઉપસર્ગ છ મહિના સુધી કરે અને એથી છ મહિના સુધી ઉપવાસ થાય ત્યારે પણ વિહિત અનુષ્ઠાનોની હાનિ ન [1]થાય. [૧૩૯૧]

तपस एव गुणान्तरमाह-

**अप्पाहारस्स ण इंदिआइँ विसएसु संपयट्टंति ।**

**नेअ किलम्मइ तवसा रसिएसु न सज्जई आवि ॥ १३९२ ॥**

**वृत्तिः**- '**अल्पाहारस्य**' तपसा '**न इन्द्रियाणि**'-स्पर्शनादीनि '**विषयेषु स्पर्शादिषु**' सम्प्रवर्त्तन्ते, धातूद्रेकाभावात्, '**न च क्लाम्यन्ति तपसा**', सम्पन्नेषु '**रसिकेषु**'-अशनादिषु '**न सज्यते चापि**', अपरिभोगेनानादरादिति गाथार्थः ॥ १३९२ ॥

**तवभावणाएँ पंचिंदिआणि दंताणि जस्स वसमेंति ।**

**इंदिअजोग्गायरिओ, समाहिकरणाइँ कारेइ ॥ १३९३ ॥ ( दारं ५ )**

**वृत्तिः**- '**तपोभावनया**' हेतुभूतया '**पञ्चेन्द्रियाणि दान्तानि**' सन्ति '**यस्य वशमागच्छन्ति**' प्राणिनः स '**इन्द्रिययोग्याचार्यः**'-इन्द्रियप्रगुणनक्रियागुरुः '**समाधिकरणानि**' समाधिव्यापारान् '**कारयती**'न्द्रियाणीति गाथार्थः ॥ १३९३ ॥

તપના જ (= તપથી જ થતા) અન્ય ગુણો કહે છે–

તપથી અલ્પ આહારવાળાની સ્પર્શન આદિ ઈંદ્રિયો સ્પર્શ આદિ વિષયોમાં પ્રવર્તતી નથી (= વિષયો તરફ ખેંચાતી નથી). કારણ કે ધાતુઓની વૃદ્ધિ થતી નથી તથા તપથી [2]ઈંદ્રિયો બાધા અનુભવતી નથી=ક્ષીણ બનતી નથી, અને રસવાળો આહાર મળતાં તેમાં આસક્ત બનતી નથી. કારણ કે અનાદરથી આહાર કરવાથી પરમાર્થથી આહારનો પરિભોગ થતો નથી. [૧૩૯૨] તપ ભાવનાથી દાન્ત બનેલી ઈંદ્રિયો જે જીવના કાબૂમાં આવી જાય છે તે ઈંદ્રિયોની લાભકારી ક્રિયાઓનો

१. બૃ. ક. ગાથા ૧૩૩૦.
२. तदेव हि तपः कार्यं, दुर्ध्यानं यत्र नो भवेत् ।
येन योगा न हीयन्ते, क्षीयन्ते नेन्द्रियाणि च ॥ ज्ञा. सा. तपोऽष्टकम् ।

जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગુરુ બની જાય છે, અર્થાત્ ઈંદ્રિયોને લાભકારી ક્રિયાઓમાં પ્રવર્તાવે છે, એથી ઈંદ્રિયો પાસે સમાધિની ક્રિયાઓ કરાવે છે. [૧૩૯૩]

द्वारान्तरसम्बन्धाभिधित्सयाऽऽह–

**इअ तवणिम्माओ खलु, पच्छा सो सत्तभावणं कुणइ ।**

**निद्दाभयविजयट्ठा, तत्थ उ पडिमा इमा पञ्च ॥ १३९४ ॥ ( दारं ६ )**

**वृत्तिः**– '**इअ**' एवं '**तपोनिर्म्मातः खलु पश्चादसौ**' मुनिः '**सत्त्वभावनां करोति**', सत्त्वाभ्यासमित्यर्थः, '**निद्राभयविजयार्थमे**'तत् करोति, '**तत्र तु प्रतिमाः**' सत्त्वभावनायां '**एताः पञ्चे**'ति गाथार्थः ॥ १३९४ ॥

**पढमा उवस्सयम्मी, बीया बाहिं तइया चउक्कंमि ।**

**सुन्नघरम्मि चउत्थी, तह पंचमिआ मसाणंमि ॥ १३९५ ॥**

**वृत्तिः**– '**प्रथमोपाश्रये**' प्रतिमा, '**द्वितीया बहिरु**'पाश्रयस्य, '**तृतीया चतुष्के**' स्थान-सम्बन्धिनि, '**शून्यगृहे चतुर्थी**' स्थानसम्बन्धिन्येव, '**तथा पञ्चमी श्मशाने**' प्रतिमेति गाथार्थः ॥ १३९५ ॥

**एआसु थेवथेवं, पुव्वपवत्तं जिणेइ णिद्दं सो ।**

**मूसगछिक्का उ तहा, भयं च सहसुब्भवं अजिअं ॥ १३९६ ॥**

**वृत्तिः**– '**एतासु**' प्रतिमासु '**स्तोकस्तोकं**' यथा समाधिना '**पूर्वप्रवृत्तां जयति निद्रामसौ**'– ऋषिः, '**मूषिकास्पृष्टादौ तथा**', आदिशब्दान्मार्ज्जारादिपरिग्रहः, '**भयं च सहसोद्भवमजितं**' जयतीति गाथार्थः ॥ १३९६ ॥

**एएण सो कमेणं, डिंभगतक्करसुराइकयमेअं ।**

**जिणिऊण महासत्तो, वहइ भरं निब्भओ सयलं ॥ १३९७ ॥**

**वृत्तिः**– '**अनेनासौ क्रमेण**'–यथोपन्यस्तेन '**डिम्भकतस्करसुरादिकृतमेतद्**'–भयं '**जित्वा महासत्त्वः**' सर्वासु प्रतिमासु '**वहति भरं**' प्रस्तुतं '**निर्भयः**' सन् '**सकलमि**'ति गाथार्थः ॥ १३९७ ॥

અન્યદ્વારનો સંબંધ કહેવાની ઈચ્છાથી કહે છે–

આ પ્રમાણે તપમાં ઘડાઈ ગયેલ તે મુનિ પછી નિદ્રા અને ભય ઉપર વિજય મેળવવા માટે સત્ત્વભાવના=સત્ત્વનો અભ્યાસ કરે. સત્ત્વભાવનામાં આ (નીચેની ગાથામાં કહેવાશે તે) પાંચ પ્રતિમા (= કાયોત્સર્ગ) છે. [૧૩૯૪] પહેલી પ્રતિમા ઉપાશ્રયમાં, બીજી ઉપાશ્રયની બહાર, ત્રીજી (નગરના) ચોકમાં, ચોથી શૂન્યઘરમાં, પાંચમી સ્મશાનમાં કરે. (આ પ્રતિમાઓ રાત્રિમાં કરે.) [૧૩૯૫] આ પ્રતિમાઓમાં સાધુ પૂર્વે જે નિદ્રા હતી તેને સમાધિ રહે તે પ્રમાણે થોડી થોડી જીતે=ઓછી કરે, તથા પૂર્વે નહિ જીતેલા ઉંદર, બિલાડી આદિના સ્પર્શથી સહસા થનારા ભયને જીતે છે. [૧૩૯૬] આ ક્રમથી બાલક, ચોર, દેવ આદિએ કરેલા ભયને પણ જીતીને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મહાસત્ત્વવંત બનેલો તે સાધુ બધી પ્રતિમાઓમાં સઘળા ભારને નિર્ભયપણે ઉપાડે છે, અર્થાત્ ઉપસર્ગોમાં પણ સ્વીકૃત કલ્પને નિરતિચાર પાળે છે. [૧૩૯૭]

श्रुतभावनामाह-

**अह सुत्तभावणं सो, एगग्गमणो अणाउलो भयवं ।**

**कालपरिमाणहेउं, सऽब्भत्थं सव्वहा कुणइ ॥ १३९८ ॥ ( दारं ७ )**

**वृत्तिः**- '**अथ सूत्रभावनामसौ**'-ऋषि'**रेकाग्रमनाः**' अन्तःकरणेन, '**अनाकुलो**' बहिर्वृत्त्या, '**भगवान**'सौ '**कालपरिमाणहेतोः**', तदभ्यासादेव तद्गतेः, '**स्वभ्यस्तां सर्वथा करोति**' उच्छ्-वासादिमानेनेति गाथार्थः ॥ १३९८ ॥

एतदेवाह-

**उस्सासाओ पाणू, तओ अ थोवो तओऽविअ मुहुत्तो ।**

**एएहिँ पोरिसीओ, ताहिंपि णिसाइ जाणेइ ॥ १३९९ ॥**

**वृत्तिः**- '**उच्छ्वासात्** '**प्राण**' इत्युच्छ्वासनिश्वासः, '**ततश्च**' प्राणात् '**स्तोकः**' सप्त-प्राणमानः, '**ततोऽपि च**' स्तोकात् '**मुहूर्त्तः**' द्विघटिककालः '**एभिः**' मुहूर्तैः '**पौरुष्यः**, '**ताभिरपि**' पौरुषीभिः '**निशादि**' निशादिवसादि '**जानाति**' सूत्राभ्यासत इति गाथार्थः ॥ १३९९ ॥

**एत्तो उवओगाओ, सदेव सोऽमूढलक्खयाए उ ।**

**दोसं अपावमाणो, करेइ किच्चं अविवरीअं ॥ १४०० ॥**

**वृत्तिः**- '**अतः उपयोगात्**' सूत्राभ्यासगर्भात् '**सदैवासावमूढलक्षतया**' कारणेन '**दोषम-प्राप्नुवन्**'-निरतिचारः सन् '**करोति** '**कृत्यं**' विहितानुष्ठानं '**अविपरीतमि**'ति गाथार्थः ॥ १४०० ॥

**मेहाइच्छण्णेसुं, उभओकालं अहव उवसग्गे ।**

**पेहाइ भिक्खपंथे, जाणइ कालं विणा छायं ॥ १४०१ ॥**

**वृत्तिः**- '**मेघादिच्छन्नेषु**' विभागेषु '**उभयकालं**'-प्रारम्भसमाप्तिरूपम् '**अथवोपसर्गे**'-दिव्यादौ '**प्रेक्षादावु**'पकरणस्य '**भिक्षापथोः**' औचित्येन '**जानाति कालं**' योग्यं, '**विना छाययेति**' गाथार्थः ॥ १४०१ ॥

**શ્રુતભાવનાને કહે છે–**

હવે તે સાધુ ભગવંત બાહ્યથી વ્યાકુલતાથી રહિત અને અંતરથી એકાગ્રચિત્તવાળો બનીને શ્રુતભાવનાને=શ્રુતને સર્વ રીતે (પરાવર્તના, અનુપ્રેક્ષા, આનુપૂર્વી, અનાનુપૂર્વી વગેરે રીતે) અતિશય અભ્યસ્ત=પરિચિત કરે, જેથી શ્રુતના અભ્યાસથી જ કાલની ગતિના આધારે ઉચ્છ્વાસાદિ પ્રમાણથી કાલનું પ્રમાણ જાણી શકે, અર્થાત્ આટલા શ્રુતનું પરાવર્તન કર્યું છે માટે આટલો સમય થયો છે એમ નિયત સમયને જાણી શકે. [૧૩૯૮] **આ જ વિગત કહે છે-** શ્રુતના અતિશય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અભ્યાસથી ઉચ્છ્વાસને જાણી શકે, અર્થાત્ આટલા શ્રુતનું પરાવર્તન કર્યું છે માટે આટલા ઉચ્છ્વાસ થયા છે એમ જાણી શકે, ઉચ્છ્વાસથી ઉચ્છ્વાસ-નિશ્વાસરૂપ પ્રાણને જાણી શકે, પ્રાણથી સાત પ્રાણ પ્રમાણ સ્તોકને, સ્તોકથી બે ઘડી પ્રમાણ મુહૂર્તને, મુહૂર્તોથી પોરિસિઓને, પોરિસિઓથી રાત, દિવસ વગેરે જાણી શકે. [૧૩૯૯] તે સદા સ્વલક્ષ પ્રત્યે સાવધાન હોવાના કારણે [1]સૂત્રાભ્યાસ ગર્ભિત આ ઉપયોગથી દોષને પામ્યા વિના વિહિત અનુષ્ઠાનને અવિપરીતપણે કરે. [૧૪૦૦] દિશાઓ વાદળ આદિથી ઢંકાયેલી હોય ત્યારે પણ અમુક ક્રિયા શરૂ કરવાનો સમય થઈ ગયો છે, અમુક ક્રિયા પૂરી કરવાનો (= બંધ કરવાનો) સમય થઈ ગયો છે એમ ક્રિયાના પ્રારંભ અને સમાપ્તિ એ બે કાળને, દેવ વગેરે હોય રાત અને બતાવે દિવસ ઈત્યાદિ દેવકૃત વગેરે ઉપસર્ગમાં સત્ય જે કાળ હોય તે કાળને, ઉપકરણની પ્રતિલેખના અને પ્રતિક્રમણ વેગરેના યોગ્ય કાળને, ભિક્ષા અને વિહારના યોગ્ય કાળને, છાયા વિના પણ સૂત્રપાઠથી જાણી શકે. [૧૪૦૧]

एकत्वभावनामभिधातुमाह-

**एगत्तभावणं तह, गुरुमाइसु दिट्ठिमाइपरिहारा ।**
**भावइ छिण्णममत्तो, तत्तं हिअयम्मि काऊणं ॥ १४०२ ॥ ( दारं ८ )**

**वृत्तिः-** '**एकत्वभावनां तथा**'ऽसौ-यतिर्'**गुर्वादिषु दृष्ट्यादिपरिहाराद्**' दर्शनालापपरिहारेण '**भावयति**' अभ्यस्यति'**छिन्नममत्त्वः**' सन्'**तत्त्वं हृदये कृत्वा**' वक्ष्यमाणमिति गाथार्थः ॥ १४०२ ॥

**एगो आया संजोगिअं तुऽसेसं इमस्स पाएणं ।**
**दुक्खणिमित्तं सव्वं, हिओ य मज्झत्थभावो सो ॥ १४०३ ॥**

**वृत्तिः-** '**एक आत्मा**' तत्त्वतः, '**संयोगिकं त्वशेषमप्येतद्दे**'हादि '**प्रायेण, दुःखनिमित्तं सर्वमेतद्धि**' वस्तु, '**मध्यस्थभावो**' यस्य सर्वत्रेति गाथार्थः ॥ १४०३ ॥

**इय भाविअपरमत्थो, समसुहदुक्खोऽबहीअरो होइ ।**
**तत्तो अ सो कमेणं, साहेइ जहिच्छिअं कज्जं ॥ १४०४ ॥**

**वृत्तिः-** '**इय**' एवं '**भावितपरमार्थः**' सन् '**समसुखदुःखो**' मुनिः '**अबहिश्चरो भवति**', आत्माराम इत्यर्थः '**ततश्च असौ क्रमेण**' अवदायमानः '**साधयति यथेष्टं कार्यं**', चारित्ररूपमिति गाथार्थः ॥ १४०४ ॥

**एगत्तभावणाए, ण कामभोगे गणे सरीरे वा ।**
**सज्जइ वेरग्गगओ, फासेइ अणुत्तरं करणं ॥ १४०५ ॥**

**वृत्तिः-** '**एकत्वभावनया**' भाव्यमानया '**न कामभोगयोः**', तथा '**गणे शरीरे वा 'सज्यते**' सङ्गं गच्छति, एवं'**वैराग्यगतः**' सन्'**स्पृशत्यनुत्तरं करणं**'-प्रधानयोगनिमित्तमिति गाथार्थः ॥ १४०५ ॥

૧. આટલા સૂત્રનું પરાવર્તન થયું માટે આટલો સમય થયો એ ઉપયોગ. આ ઉપયોગ સૂત્રના અતિઅભ્યાસથી=પરિચયથી થઈ શકે છે. માટે આ ઉપયોગ સૂત્રાભ્યાસ ગર્ભિત છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એકત્વ ભાવનાને કહેવા માટે કહે છે–

તથા મમતાથી રહિત સાધુ ગુરુ વગેરેની સામે જોવાનું અને તેમની સાથે બોલવાનું છોડીને હવે કહેવાશે તે તત્ત્વને હૃદયમાં ધારીને એકત્વ ભાવનાનો અભ્યાસ કરે. [૧૪૦૨] પરમાર્થથી આત્મા એકલો જ છે, સંયોગથી થયેલ શરીર વગેરે બધી વસ્તુઓ પ્રાયઃ આત્માના દુઃખનું કારણ છે. મધ્યસ્થ ભાવવાળો આત્મા હિતકર છે. [૧૪૦૩] આ પ્રમાણે તત્ત્વથી ભાવિત બનેલ તે સુખ-દુઃખમાં સમભાવ રાખે છે અને બાહ્યભાવમાં રમતો નથી, અર્થાત્ આત્મામાં રમે છે. તેથી ક્રમશઃ શુદ્ધ બનતો તે ઈષ્ટ ચારિત્ર રૂપ કાર્યને સાધે છે. [૧૪૦૪] અભ્યાસ કરાતી એકત્વભાવનાથી તે [1]કામ-ભોગોમાં, સાધુ-સમુદાયમાં કે શરીરમાં રાગ પામતો નથી. આ પ્રમાણે વૈરાગ્યને પામેલો તે [2]પ્રધાન યોગના નિમિત્તને પામે છે. [૧૪૦૫]

बलभावनामाह-

**इअ एगत्तसमेओ, सारीरं माणसं च दुविहंपि ।**

**भावइ बलं महप्पा, उस्सग्गधिइसरूवं तु ॥ १४०६ ॥ ( दारं ९ )**

**वृत्तिः**- '**एवमेकत्वभावनासमेतः**' सन् '**शारीरं मानसं च द्विविधमप्ये**'तद् '**भावयति बलं महात्मा**'ऽसौ '**कायोत्सर्गधृतिस्वरूपं**' यथासङ्ख्यमिति गाथार्थः ॥ १४०६ ॥

**पायं उस्सग्गेणं, तस्स ठिई भावणाबला एसो ।**

**संघयणेवि हु जायइ, इण्हिं भाराइबलतुल्लो ॥ १४०७ ॥**

**वृत्तिः**- '**प्रायः कायोत्सर्गेण तस्य**' यतेः '**स्थितिः, भावनाबलाच्चैषः**'–कायोत्सर्गः, '**संहननेऽपि**' सति '**जायते इदानीं भारादिबलतुल्यः**', शक्तौ सत्यामप्यभ्यासतो भारवहनिदर्शनादिति गाथार्थः ॥ १४०७ ॥

**सइ सुहभावेण तहा, जं ता सुहभावथिज्जरूवा उ ।**

**एत्तो च्चिअ कायव्वा, धिई णिहाणाइलाभेव्व ॥ १४०८ ॥**

**वृत्तिः**- '**सदा शुभभावेन तथा**' तस्य, स्थितिरिति वर्त्तते, '**यद्**' यस्मादेवं '**तत् शुभभावस्थैर्यरूपा अत एव**' स्थितिसम्पादनार्थं '**कर्त्तव्या धृति**'स्तेन, '**निधानादिलाभ इवे**'ष्टसिद्धेरिति गाथार्थः ॥ १४०८ ॥

**धिइबलणिबद्धकच्छो, कम्मजयट्ठाएँ उज्जओ मइमं ।**

**सव्वत्था अविसाई, उवसग्गसहो दढं होइ ॥ १४०९ ॥**

---

१. कामौ शब्दरूपे, भोगा गन्धरसस्पर्शाः ।

२. યોગ એટલે જ્ઞાન-દર્શન-ચારિત્ર. પ્રધાન એટલે જેનાથી જલદી મોક્ષ થાય તે, અર્થાત્ ક્ષાયિક. જેનાથી જલદી મોક્ષ થાય તેવાં (ક્ષાયિક) જ્ઞાન-દર્શન-ચારિત્રનાં નિમિત્તોને=કારણોને પામે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

वृत्तिः- 'धृतिबलनिबद्धकक्षः' सन् 'कर्म्मजयार्थमुद्यतो मतिमाने'ष 'सर्वत्राविषादी' भावे नोपसर्गसहो दृढम्'-अत्यर्थं 'भवती'ति गाथार्थः ॥ १४०९ ॥

બલભાવનાને કહે છે–

આ પ્રમાણે એકત્વભાવનાથી યુક્ત બનેલા તે મહાત્મા કાયોત્સર્ગ રૂપ (= કાયોત્સર્ગ કરવાના સામર્થ્યરૂપ) શારીરિક અને ધૃતિરૂપ માનસિક એ બંને બળનો અભ્યાસ કરે. [૧૪૦૬] તે સાધુ મોટા ભાગે કાયોત્સર્ગમાં રહે, આ કાયોત્સર્ગ કરવાનું સામર્થ્ય કાયોત્સર્ગના અભ્યાસના બળે પ્રગટે છે. કાયોત્સર્ગ કરવાનું બળ આત્મામાં હોવા છતાં કાયોત્સર્ગના અભ્યાસથી હમણાં તે બળ પ્રગટે છે, ભાર ઉપાડવાનું બળ હોવા છતાં ભાર ઉપાડવાનો અભ્યાસ કરવામાં આવે તો ભાર ઉપાડવાનું સામર્થ્ય પ્રગટે છે તેમ. (આત્મામાં રહેલું પણ બળ અભ્યાસ વિના પ્રગટ થતું નથી. માટે બળને પ્રગટાવવાનો અભ્યાસ કરવો જરૂરી છે.) [૧૪૦૭] તથા તે સાધુ સદા શુભભાવમાં રહે છે. આથી સદા શુભભાવ રહે એ માટે તેણે શુભભાવમાં સ્થિરતારૂપ ધીરજ રાખવી જોઈએ, (લોભીને) નિધાન વગેરેનો લાભ થવાનો હોય ત્યારે ઈષ્ટની સિદ્ધિ થતી હોવાથી ધીરજ રહે છે તેમ. [૧૪૦૮] ધૃતિ અને બળથી કેડ બાંધીને કર્મજય માટે તૈયાર થયેલ આ જ્ઞાની સાધુ સર્વસ્થળે વિષાદ પામ્યા વિના ભાવથી દૃઢતાપૂર્વક ઉપસર્ગોને સહન કરી શકે છે. [૧૪૦૯]

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

चरमभावनामभिधाय विशेषमाह–

**सव्वासु भावणासुं, एसो य विही उ होइ ओहेणं ।**
**एत्थं चसद्दगहिओ तयंतरं चेव केइत्ति ॥ १४१० ॥**

वृत्तिः- 'सर्वासु भावनासु' अनन्तरोदितासु 'एष च विधिस्तु' वक्ष्यमाणो 'भवत्योघेन, अत्र चशब्दगृहीतो' द्वारगाथायां 'तदन्तरं' विध्यन्तरं 'एव केचने'ति गाथार्थः ॥ १४१० ॥

છેલ્લી ભાવનાને કહીને વિશેષ કહે છે–

હમણાં જ કહેલી બધી ભાવનાઓમાં સામાન્યથી આ (હવે કહેવાશે તે) વિધિ છે. અહીં (૧૩૭૧મી) દ્વારગાથામાં च શબ્દથી જણાવેલ વિધિ બીજો જ છે એમ કોઈક કહે છે. [૧૪૧૦]

**जिणकप्पिअपडिरूवी, गच्छे ठिअ कुणइ दुविह परिकम्मं ।**
**आहारोवहिमाइसु, ताहे पडिवज्जई कप्पं ॥ १४११ ॥**

वृत्तिः- 'जिनकल्पिकप्रतिरूपी'-तत्सदृशो 'गच्छ' एव 'स्थितः' सन् 'करोति द्विविधं परिकर्म्म' बाह्यमान्तरं च 'आहारोपध्यादिषु' विषयेषु 'ततस्त'त्कृत्वा 'प्रतिपद्यते कल्पमि'ति गाथार्थः ॥ १४११ ॥

જિનકલ્પિક સમાન તે મહાત્મા ગચ્છમાં જ રહીને આહાર અને ઉપધિ વગેરેમાં બાહ્ય અને અભ્યંતર એ બે પ્રકારનું પરિકર્મ કરે છે, પછી (ઈષ્ટ) કલ્પનો સ્વીકાર કરે છે. [૧૪૧૧]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

एतदेवाह-

**तइआएँ अलेवाडं, पंचण्णयरीएँ भयइ आहारं ।**
**दोण्हऽण्णयरीएँ पुणो, उवहिं च अहागडं चेव ॥ १४१२ ॥**

**वृत्तिः**- '**तृतीयायां**' पौरुष्यां **मलेपकृतं**'-वल्लादि '**पञ्चान्यतरया**' पुनरेषणया '**भजते**' सेवते '**आहारं, द्वयोरन्यतरया पुनरे**'षणया '**उपधिं च**' भजते, '**यथाकृतं चैवो**'पधिं, नान्यां, तत्रौघत एवैषणा आहारस्य सप्त, यथोक्तम्-"**संसट्ठाऽसंसट्ठा, उद्धड तह होइ अप्पलेवा य । उग्गहिया पग्गहिया, उज्झियधम्मा य सत्तमिया** ॥ १ ॥ तत्थ पंचसु गहो, एक्काए अभिग्गहो असणस्स एक्काए चेव पाणस्स, वस्त्रस्य त्वेषणाश्चतस्रो, यथोक्तम्-**उद्दिट्ठ पेह अंतर उज्झियधम्मा चउव्विहा भणिआ । वत्थेसणा जईणं, जिणेहिं जिअरागदोसेहिं** ॥ १ ॥ एत्थंपि दोसु गिण्हइ"त्ति गाथाभावार्थः ॥ १४१२ ॥

આ જ વિષયને કહે છે–

ત્રીજી પોરિસિમાં અલેપકૃત વાલ વગેરે આહાર લે, અને (છેલ્લી) પાંચમાંથી કોઈ એક એષણાથી આહાર લે. તથા (ઉપધિની ચાર એષણામાંથી) બેમાંથી કોઈ એક એષણાથી ઉપધિ લે, યથાકૃત જ ઉપધિ લે, અન્ય નહિ. સામાન્યથી આહારની એષણા સાત છે. કહ્યું છે કે-

संसट्ठाऽसंसट्ठा, उद्धड तह होइ अप्पलेवा य ।
उग्गहिया पग्गहिया, उज्झियधम्मा य सत्तमिया ॥

"અસંસૃષ્ટા, સંસૃષ્ટા, ઉદ્ધૃતા, અલ્પલેપા, અવગૃહીતા, પ્રગૃહીતા અને ઉજ્ઝિતધર્મા એમ સાત એષણાઓ છે.તેમાં પછી પછીની એષણા વિશેષ શુદ્ધ હોવાથી એ ક્રમ છે. મૂળ ગાથામાં છંદોભંગ ન થાય એટલા માટે સંસૃષ્ટા પહેલાં કહી છે."

૧. **અસંસૃષ્ટા**- ગૃહસ્થના નહિ ખરડાયેલા પાત્રથી અને હાથથી ભિક્ષા લેવી. ૨. **સંસૃષ્ટા**- ગૃહસ્થના ખરડાયેલા પાત્રથી અને હાથથી ભિક્ષા [1]લેવી. ૩. **ઉદ્ધૃતા**- ગૃહસ્થે પોતાના માટે મૂળ વાસણમાંથી બીજા વાસણમાં કાઢેલા આહારને તે બીજા વાસણથી જ લેવો. ૪. **અલ્પલેપા**- અહીં અલ્પશબ્દ અભાવ અર્થમાં છે. લેપરહિત પૌંઆ વગેરે લેવું. ૫. **અવગૃહીતા**- ભોજન વખતે ખાવાની ઈચ્છાવાળાને થાળી આદિમાં આપેલું ભોજન તે થાળી આદિથી જ લેવું. ૬. **પ્રગૃહીતા**- ભોજન વખતે ખાવાની ઈચ્છાવાળાને આપવા માટે પીરસનારે કે ખાનારે હાથ આદિમાં લીધું હોય તે હાથમાંથી જ ભોજન લેવું. ૭. **ઉજ્ઝિતધર્મા**- જે આહાર સારો ન હોવાથી તજવા લાયક હોય અને બીજા મનુષ્યો વગેરે પણ જેને ઈચ્છે નહિ તેવો (તુચ્છ) આહાર લેવો. અથવા જેમાંથી અર્ધો ભાગ તજી દીધો હોય તે આહાર લેવો.

૧. ગૃહસ્થના પહેલાંથી જ ખરડાયેલા પાત્રથી અને હાથથી ભિક્ષા લે તો તેને ધોવા વગેરેથી પશ્ચાત્કર્મ દોષ સાધુને ન લાગે. આથી અસંસૃષ્ટથી સંસૃષ્ટ ભિક્ષા વિશેષ શુદ્ધ છે. એ પ્રમાણે ઉદ્ધૃતા આદિમાં પણ પૂર્વ એષણાની અપેક્ષાએ પછી પછીની એષણામાં વિશેષ શુદ્ધિ યથાયોગ્ય સ્વયં સમજી લેવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વસ્ત્રની એષણા ચાર છે. કહ્યું છે -

उद्दिट्ठ पेह अंतर उज्झियधम्मा चउव्विहा भणिया ।

वत्थेसणा जईणं जिणेहिं जिअरागदोसेहिं ॥ બૃ. ક. ગા. ૬૦૯

"જેમણે રાગ-દ્વેષને જીતી લીધા છે તેવા જિનોએ સાધુઓની ઉદ્દિષ્ટા, પ્રેક્ષિતા, અંતરા અને ઉજ્ઝિતધર્મા એમ ચાર પ્રકારની વસ્ત્ર એષણા કહી છે." ૧. ઉદ્દિષ્ટા- ઉદ્દિષ્ટ એટલે કહેલું. "હું અમુક પ્રકારનું વસ્ત્ર લઈશ." એમ ગુરુને જેવું વસ્ત્ર લેવાનું કહ્યું હોય તેવું જ વસ્ત્ર ગૃહસ્થો પાસેથી લેવું તે ઉદ્દિષ્ટા એષણા. ૨. **પ્રેક્ષિતા**- પ્રેક્ષિત એટલે જોયેલું. ગૃહસ્થના ઘરે વસ્ત્ર જોઈને માગે તે પ્રેક્ષિતા એષણા. ૩. **અંતરા**- અંતરા એટલે વચ્ચે. ગૃહસ્થ નવું વસ્ત્ર પહેરીને જૂનું વસ્ત્ર મૂકી દેવાની ઈચ્છા કરે, પણ હજી મૂક્યું ન હોય, તેટલામાં વચ્ચે (= મૂકવાની ઈચ્છા અને મૂકવું એ બેની વચ્ચે) જ જૂનું વસ્ત્ર માગે તે અંતરા એષણા. ૪. **ઉજ્ઝિતધર્મા**- ઉજ્ઝિતધર્મ એટલે ગૃહસ્થને પોતાના ઉપયોગમાં લેવાનું ન હોય=કોઈને આપી દેવાનું હોય કે તજી દેવાનું હોય તેવું વસ્ત્ર. ઉજ્ઝિતધર્મ વસ્ત્ર લેવું તે ઉજ્ઝિતધર્મા એષણા. આમાં (વસ્ત્ર એષણામાં) પણ છેલ્લી બે એષણાથી ઉપધિ લે. [૧૪૧૨]

**पाणिपडिग्गहपत्तो, सचेल( सचेलऽचेल ) भेएण वावि दुविहं तु ।**

**जो जहरूवो होही, सो तह परिकम्मए अप्पं ॥ १४१३ ॥**

**वृत्तिः**- '**पाणिप्रतिग्रहपात्रः**'-अपात्रपात्रवद्भेदेन '**सचेलाचेलभेदेन वापि द्विविधं तु**' प्रस्तुतं परिकर्म्म, '**यो यथारूपो भविष्यति**' जिनकल्पिकः '**सः**' '**तथा**' तेनैव प्रकारेण '**परिकर्म्मयत्यात्मानमि**'ति गाथार्थः ॥ १४१३ ॥

जैन साईट JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

જિનકલ્પિક કરપાત્રી અને પાત્રધારી એમ બે પ્રકારના હોય છે. અથવા વસ્ત્રધારી અને વસ્ત્રરહિત એમ પણ બે પ્રકારના હોય છે. આથી પ્રસ્તુત પરિકર્મ પણ બે પ્રકારનું છે. જે જિનકલ્પિક કરપાત્રી કે પાત્રધારી વગેરે જેવો થવાનો હોય તે જ રીતે આત્માને સંસ્કારી બનાવે. [૧૪૧૩]

चरमद्वाराभिधित्सयाऽऽह-

**निम्माओ अ तहिं सो, गच्छाई सव्वहाऽणुजाणित्ता ।**

**पुव्वोइआण सम्मं, पच्छा उववूहिओ विहिणा ॥ १४१४ ॥**

**वृत्तिः**- '**निर्म्मातश्च**' '**तत्र**' परिकर्म्मण्य**सौ गच्छादि सर्व्वथानुज्ञाप्य**' प्रागुक्तं पदं, '**पूर्वोदितानां सम्यग्**' इत्वरस्थापितानां '**पश्चादुपबृंह्य विधिना**' तेनैवेति गाथार्थः ॥ १४१४ ॥

**खामेइ तओ संघं, सबालवुड्ढं जहोचिअं एवं ।**

**अच्चंतं संविग्गो, पुव्वविरुद्धे विसेसेण ॥ १४१५ ॥**

**वृत्तिः**- '**क्षामयति ततः सङ्घं**' सामान्येन '**सबालवृद्धं यथोचितमेव**' वक्ष्यमाणनीत्या '**अत्यन्तं संविग्नः**' सन्, '**पूर्वविरुद्धान् विशेषेण**' कांश्चनेति गाथार्थः ॥ १४१५ ॥

**जं किंचि पमाएणं, ण सुट्ठु भे वट्टिअं मए पुव्विं ।**

**तं भे खामेमि अहं, णिस्सल्लो णिक्कसाओत्ति ॥ १४१६ ॥**

वृत्तिः- '**यत्किञ्चित्प्रमादेन**' हेतुना '**न सुष्ठु 'भे**' भवतां '**वर्त्तितं मया पूर्वं तद् 'भे**' युष्मान् '**क्षमयाम्यहं निःशल्यो निष्कषायो**'ऽस्मि संवृत्त इति गाथार्थः ॥ १४१६ ॥

**दव्वाई अणुकूले, महाविभूईएँ अह जिणाईणं ।**

**अब्भासे पडिवज्जइ, जिणकप्पं असइ वडरुक्खे ॥ १४१७ ॥ दारं १० ॥**

वृत्तिः- '**द्रव्यादावनुकूले**' सति '**महाविभूत्या**'-दानादिकया' **ऽथ जिनादीनां**' अतिशयिनां '**अभ्यासे प्रतिपद्यते जिनकल्पमु**'त्सर्गेण, '**असति**' च '**वटवृक्षे**'ऽपवाद इति गाथार्थः ॥ १४१७ ॥

ચરમદ્વારને કહેવાની ઈચ્છાથી કહે છે–

પરિકર્મમાં ઘડાઈ ગયેલ તે પૂર્વે કહ્યા પ્રમાણે જેમને થોડા કાળ માટે પૂર્વોક્ત પદે સ્થાપ્યા હોય તેમને ગચ્છાધિપતિ આદિ પદની બધી રીતે સમ્યગ્ અનુજ્ઞા કરે, પછી પૂર્વોક્ત (ચોથા ગણાનુજ્ઞાદ્વારમાં કહેલ) જ વિધિથી (ગચ્છાધિપતિને અને ગચ્છને) હિતશિક્ષા આપે. [૧૪૧૪] ત્યારબાદ અત્યંત સંવિગ્ન બનીને સામાન્યથી સબાલ-વૃદ્ધ સકલ (શ્રમણ) સંઘને નીચેની ગાથામાં કહેવાશે તે પ્રમાણે યથોચિત ખમાવે. પૂર્વે જેમની સાથે વિરોધ થયો હોય તેમને વિશેષરૂપે ખમાવે. [૧૪૧૫] જેમકે પૂર્વે મેં પ્રમાદથી તમારા પ્રત્યે જે કંઈ સારું આચરણ ન કર્યું હોય તે બદલ નિઃશલ્ય અને કષાય રહિત હું તમને ખમાવું છું. [૧૪૧૬] (ત્યારબાદ) દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અનુકૂળ હોય તો દાન આદિ મહા આડંબરથી જિનકલ્પનો સ્વીકાર કરે. ઉત્સર્ગથી તીર્થંકર વગેરે અતિશયવાળા મહાપુરુષ પાસે જિનકલ્પને સ્વીકારે. અતિશયવાળા મહાપુરુષ ન હોય તો અપવાદથી વડના વૃક્ષની નીચે જિનકલ્પને સ્વીકારે. [૧૪૧૭]

**दाराणुवायमो इह, सो पुण तइआए भावणासारं ।**

**काऊण तं विहाणं, णिरविक्खो सव्वहा वयइ ॥ १४१८ ॥**

वृत्तिः- '**द्वारानुपातो**' द्रष्टव्यः' **स पुनः**'-ऋषि' **स्तृतीयायां**' पौरुष्यां' **भावनासारं**' सत्' **कृत्वा तत्**' नमस्कारादिप्रतिपत्ति' **विधानं निरपेक्षः**' सन् '**सर्वथा व्रजति**' तत इति गाथार्थः ॥ १४१८ ॥

**पक्खीपत्तुवगरणे, गच्छारामा विणिग्गए तम्मि ।**

**चक्खुविसयं अईए, अयंति आनंदिया साहू ॥ १४१९ ॥**

वृत्तिः- '**पक्षिपत्रोपकरणे**'-अमुकस्तोकोपधौ' **गच्छारामात्**' सुखसेव्या' **द्विनिर्गते**' '**तस्मिन्**' जिनकल्पिके '**चक्षुर्विषयमतीते**'-अदर्शनीभूते '**आगच्छन्ति**' स्ववसति' **मानन्दिताः साधवः**' तत्प्रतिपत्त्येति गाथार्थः ॥ १४१९ ॥

www.jainsite.com                    For Private & Personal Use Only                    info@jainsite.com

**आभोएउं खेत्तं, णिव्वाघाएण मासणिव्वाहिं ।**

**गंतूण तत्थ विहरइ, एस विहारो समासेण ॥ १४२० ॥**

**वृत्तिः-** '**आभोज्य**' विज्ञाय '**क्षेत्रं निर्व्याघातेन**' हेतुभूतेन '**मासनिर्वाहि**' मासनिर्वहण-समर्थं, '**गत्वा तत्र**' क्षेत्रे '**विहरति**'-स्वनीतिं पालयति, '**एष विहारः समासेना**'स्य भगवत इति गाथार्थः ॥ १४२० ॥

**एत्थ य सामायारी, इमस्स जा होइ तं पवक्खामि ।**

**भयणाएँ दसविहाए, गुरूवएसानुसारेण ॥ १४२१ ॥**

**वृत्तिः-** '**अत्र च**' क्षेत्रे '**सामाचारी**' स्थितिः '**अस्य या भवति**' जिनकल्पिकस्य तां '**प्रवक्ष्यामि**, '**भजनया**' विकल्पेन '**दशविधायां**' सामाचार्यां वक्ष्यमाणायां '**गुरूपदेशानुसारेण**', न स्वमनीषिकयेति गाथार्थः ॥ १४२१ ॥

ते साधु त्रीजा पहोरमां "नमस्कार मंत्रनो पाठ करवो." वगेरे कल्पस्वीकारनो भावप्रधान विधि करीने सर्वथा निरपेक्ष बनीने त्यांथी विहार करे. [१४१८] अल्पउपधिवाळा जिनकल्पिकना सुखसेव्य एवा [1]गच्छरूप उद्यानमांथी नीकळ्या (= विहार कर्या) पछी ते महात्मा देखाता बंध थाय त्यारे तेओना जिनकल्पना स्वीकारथी आनंदित बनेला साधुओ पोतानी वसतिमां पाछा आवे. [१४१९] (चोरनो उपद्रव वगेरे) व्याघातथी रहित होवाना कारणे अमुक क्षेत्र महिना सुधी रही शकाय तेवुं छे एम (ज्ञानथी) जाणीने ते क्षेत्रमां जईने स्वमर्यादानुं पालन करे. जिनकल्पिक भगवंतनो संक्षेपथी आ विहार (= मर्यादा) छे. [१४२०]

क्षेत्रमां रहेला जिनकल्पीने दशप्रकारनी सामाचारीमांथी विकल्पथी जे सामाचारी होय तेने हुं गुरुना उपदेशना अनुसारे कहीश, नहि के स्वबुद्धिथी. [१४२१]

दशविधामेवादावाह-

**इच्छा मिच्छ तहकार, आवस्सि निसीहिया य आपुच्छा ।**

**पडिपुच्छ छंदण णिमंतणा य उवसंपया चेव ॥ १४२२ ॥**

**वृत्तिः-** '**इच्छा मिथ्या**' तथा '**तथाकार**' इति, कारशब्दः प्रत्येकमभिसम्बध्यते, इच्छाकारो मिथ्याकारः तथाकार इति, तथा परभणने सर्वत्रेच्छाकारः, दोषचोदने मिथ्याकारः, गुर्वादेशे तथाकारः, तथा '**आवश्यिकी नैषेधिकी च आपृच्छा**', वसतिनिर्गमे आवश्यिकी, प्रवेशे नैषेधिकी, स्वकार्य-प्रवृत्तावापृच्छा, तथा '**प्रतिपृच्छा छन्दना निमन्त्रणा च**', तत्रादिष्टकरणकाले प्रतिपृच्छा, पूर्वगृहीते-नाशनादिना छन्दना, निमन्त्रणा भवत्यगृहीतेन, '**उपसंपच्चैव**' श्रुतादिनिमित्तमिति गाथार्थः ॥ १४२२ ॥

---

१. टीकामां सुखसेव्याद् एम पंचमी विभक्ति हेतु अर्थमां छे. गच्छने उद्याननी उपमा आपवानुं कारण ए छे के उद्याननी जेम गच्छ सुखसेव्य छे. गच्छ सुखसेव्य होवाना कारणे उद्यान समान छे. जिनकल्पिक मार्ग दुःखसेव्य छे.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પહેલાં દશપ્રકારની જ સામાચારી કહે છે–

ઈચ્છાકાર, મિથ્યાકાર, તથાકાર, આવશ્યિકી, નૈષેધિકી, આપૃચ્છના, પ્રતિપૃચ્છના, છંદના, નિમંત્રણા અને ઉપસંપદા એમ સામાચારીના દશ પ્રકાર છે.

**ઈચ્છાકાર**- ઈચ્છાપૂર્વક બીજા પાસે કાર્ય કરાવવું કે બીજાનું કાર્ય કરવું. **મિથ્યાકાર**- ભૂલ થતાં ભૂલનો સ્વીકાર કરીને પશ્ચાત્તાપપૂર્વક મિચ્છામિ દુક્કડં કહેવું. **તથાકાર**- ગુરુ જે કંઈ કહે તેનો સ્વીકાર કરવો=તહત્તિ કહેવું. **આવશ્યિકી**- આવશ્યક કાર્ય માટે બહાર નીકળવું અને "આવશ્યક કાર્ય માટે બહાર નીકળું છું" તેના સૂચક તરીકે [1]'આવસ્સહિ' કહેવું. **નૈષિધીકી**- મંદિરમાં અને ઉપાશ્રયમાં પ્રવેશતાં અશુભ કે બિનજરૂરી વ્યાપારનો ત્યાગ કરવો અને તેનો સૂચક 'નિસીહિ' શબ્દ કહેવો. **આપૃચ્છના**- કોઈ પણ કાર્ય ગુરુને વિનયપૂર્વક બરોબર પૂછીને જ કરવું. **પ્રતિપૃચ્છના**- પૂર્વે અમુક સમયે તારે અમુક કામ કરવું એમ કહ્યું હોય તો તે કાર્ય કરતી વખતે "આપે કહેલું તે કાર્ય અત્યારે કરું છું" એમ પુનઃ પૂછવું=જણાવવું (અથવા પૂર્વે આપે આ કાર્ય કરવાની ના કહી હતી, પણ હમણાં મારે આ કાર્ય કરવાની જરૂર હોવાથી જો આપની આજ્ઞા હોય તો કરું" એ પ્રમાણે ગુરુને પુનઃ પૂછવું. **છંદના**- આહાર-પાણી લઈ આવ્યા પછી ગુરુને પૂછીને પોતે લાવેલા આહાર-પાણી લેવા માટે સાધુઓને વિનંતિ કરવી. **નિમંત્રણા**- આહાર-પાણી લેવા જતાં પહેલાં ગુરુને પૂછીને "હું આપના માટે અશનાદિ લાવું છું" એમ સાધુઓને પૂછવું-વિનંતિ કરવી. **ઉપસંપદા**- જ્ઞાનાદિ ગુણોની આરાધના માટે ગુરુની આજ્ઞાથી અન્ય આચાર્ય આદિ પાસે રહેવું. [૧૪૨૨]

अत्र जिनकल्पिकसामाचारीमाह–

**आवस्सिंणिसीहिमिच्छापुच्छणमुवसंपयंमि गिहिएसु ।**
**अण्णा सामायारी, ण होइ से सेसिआ पंच ॥ १४२३ ॥**

**वृत्तिः**– '**आवश्यिकी नैषेधिकी** '**मिथ्ये**'ति मिथ्याकारं '**पृच्छामुपसम्पदं गृहिष्वौ**'चित्येन सर्वं करोति, '**अन्याः सामाचार्यः**'-इच्छाकार्याद्या '**न भवन्ति** '**से**' तस्य '**शेषाः पञ्च**', प्रयोजना-भावादिति गाथार्थः ॥ १४२३ ॥

आदेशान्तरमाह–

**आवस्सिअं निसीहिअ मोत्तुं उवसंपयं च गिहिएसु ।**
**सेसा सामायारी, ण होइ जिणकप्पिए सत्त ॥ १४२४ ॥**

**वृत्तिः**– '**आवश्यिकीं नैषेधिकीं मुक्त्वा उपसम्पदं च गृहिष्वा**'रामादिष्वोघतः, '**शेषाः सामाचार्यः**' पृच्छाद्याः अपि '**न भवन्ति जिनकल्पिके सप्त**', प्रयोजनाभावादेवेति गाथार्थः ॥ १४२४ ॥

૧. શુદ્ધ શબ્દ આવસ્સિયા છે. એથી આવસ્સિયા (= આવશ્યિકી) એમ કહેવું જોઈએ. પણ વર્તમાનમાં આવસ્સિયાના સ્થાને આવસ્સહિ શબ્દ પ્રચલિત બની ગયો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**अहवावि चक्कवाले, सामायारी उ जस्स जा जोग्गा ।**

**सा सव्वा वत्तव्वा, सुअमाईआ इमा मेरा ॥ १४२५ ॥**

**वृत्तिः**- '**अथवाऽपि** '**चक्रवाले**' नित्यकर्मणि '**सामाचारी तु यस्य या योग्या**' जिन-कल्पिकादेः '**सा सर्वा वक्तव्या**', अत्रान्तरे '**श्रुतादिका चेयं मर्यादा**'-वक्ष्यमाणाऽस्येति गाथार्थः ॥ १४२५ ॥

હવે જિનકલ્પિક સામાચારીને કહે છે–

જિનકલ્પીને આવશ્યિકી, નૈષેધિકી, મિથ્યાકાર, પૃચ્છા અને ઉપસંપદા એ પાંચ સામાચારી હોય છે. પૃચ્છા અને ઉપસંપદા એ બે સામાચારીનું પાલન ગૃહસ્થોમાં ઉચિત રીતે કરે છે. આ પાંચથી અન્ય ઈચ્છાકાર વગેરે સામાચારીઓ ન હોય, કારણ કે તેનું પ્રયોજન નથી રહ્યું. [૧૪૨૩] **મતાંતર કહે છે-** મતાંતરથી જિનકલ્પીને આવશ્યિકી, નૈષિધિકી અને ઉપસંપદા એ ત્રણથી અન્ય સાત સામાચારીઓ ન હોય. કારણ કે તેમનું પ્રયોજન ન હોય. ઉપસંપદા સામાચારી સામાન્યથી ઉદ્યાન વગેરેમાં રહેવાનું હોય ત્યારે ગૃહસ્થોને આશ્રયીને હોય. [૧૪૨૪] અથવા ચક્રવાલમાં=નિત્ય કર્મમાં જિનકલ્પી વગેરે જેને જે સામાચારી યોગ્ય હોય તેને તે બધી સામાચારી કહેવી (= જાણવી.) અહીં જિનકલ્પીને શ્રુત વગેરે સંબંધી મર્યાદા આ (= નીચે કહેવાશે તે) છે. [૧૪૨૫]

**सुअसंघयणुवसग्गे, आयंके वेअणा कइजणा उ ।**

**थंडिल्ल वसहि केच्चिर, उच्चारे चेव पासवणे ॥ १४२६ ॥**

**वृत्तिः**- '**श्रुतसंहननोपसर्ग**' इत्येतद्विषयोऽस्य विधिः वक्तव्यः, तथा '**ऽऽतङ्को वेदना कियन्तो**' जनाश्चेति द्वारत्रयमाश्रित्य, तथा '**स्थाण्डिल्यं वसतिः कियच्चिरं**' द्वाराण्याश्रित्य, तथा '**उच्चारे चैव प्रश्रवणे**' चेत्येतद्विषय इति गाथार्थः ॥ १४२६ ॥

**ओवासे तणफलए, सारक्खणया य संथवणया य ।**

**पाहुडिअअग्गिदीवे, ओहाण वसे कइजणाउ ॥ १४२७ ॥**

**वृत्तिः**- तथा '**अवकाशे तृणफलके**' एतद्विषय इत्यर्थः, तथा '**संरक्षणता च संस्थापनता चे**'ति द्वारद्वयमाश्रित्य, तथा '**प्राभृतिकाग्निदीपेषु**' एतद्विषयः, तथा '**ऽवधानं वसिष्यन्ति कति जनाश्चे**'त्येतद् द्वारद्वयमाश्रित्येति च गाथासमुदायार्थः ॥ १४२७ ॥

**भिक्खायरिआ पाणय, लेवालेवे अ तह अलेवे अ ।**

**आयंबिलपडिमाई, जिणकप्पे मासकप्पे उ ॥ १४२८ ॥ दारगाहा ॥**

**वृत्तिः**- '**भिक्षाचर्या पानकं**' इत्येतद्विषयो, '**लेपालेपे**' वस्तुनि, '**तथा अलेपे च**' एतद्विषयश्चेत्यर्थः, तथा '**ऽऽचाम्लप्रतिमे**' समाश्रित्य, '**जिनकल्पे मासकल्पस्त्वे**'तद् द्वारमधिकृत्य विधिर्वक्तव्य इति गाथासमुदायार्थः ॥ १४२८ ॥

JAINSITE जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(જિનકલ્પીની મર્યાદાના વર્ણન સંબંધી દ્વારો કહે છે–)

[1]શ્રુત, [2]સંઘયણ, [3]ઉપસર્ગ, [4]આતંક, [5]વેદના, [6]કેટલા જન? [7]સ્થંડિલ, [8]વસતિ, [9]ક્યાં સુધી? [10]ઉચ્ચાર, [11]પ્રશ્રવણ, [12]અવકાશ, [13]તૃણ-ફલક, [14]સંરક્ષણ, [15]સંસ્થાપન, [16]પ્રાભૃતિકા, [17]અગ્નિ, [18]દીપક, [19]અવધાન, [20]કેટલા જન? [21]ભિક્ષાચર્યા, [22]પાણી, [23]લેપાલેપ, [24]અલેપ, [25]આચામામ્લ, [26]પ્રતિમા અને [27]માસકલ્પ - આ સત્તાવીશ દ્વારો છે. [૧૪૨૬-૧૪૨૭-૧૪૨૮]

एतास्तिस्रोऽपि द्वारगाथाः, आसामवयवार्थः प्रतिद्वारं स्पष्ट उच्यते, तत्र श्रुतद्वारमधिकृत्याह–

**आयारवत्थु तइयं, जहण्णयं होइ नवमपुव्वस्स ।**

**तहियं कालण्णाणं, दस उक्कोसेण भिण्णाइं ॥ १४२९ ॥ दारं ॥**

**वृत्तिः**- '**आचारवस्तु तृतीयं**' सङ्ख्यया '**जघन्यकं भवति नवमपूर्वस्य**' सम्बन्धि श्रुतपर्यायः, '**तत्र कालज्ञानं**' भवतीतिकृत्वा, '**दश**' पूर्वाणि '**उत्कृष्टत**'स्तु '**भिन्नानि**' श्रुतपर्याय इति गाथार्थः ॥ १४२९ ॥

આ ત્રણે દ્વાર ગાથાઓ છે. એમનો વિશેષ અર્થ પ્રત્યેકદ્વારમાં કહેશે. તેમાં ૧ શ્રુતદ્વારને આશ્રયીને કહે છે–

જિનકલ્પીને શ્રુતપર્યાય જઘન્યથી નવમાપૂર્વની ત્રીજી વસ્તુ સુધી હોય, કારણ કે તેટલું શ્રુત ભણનારને (ભવિષ્યના) કાળનું જ્ઞાન થાય છે. ઉત્કૃષ્ટથી તો કંઈક ન્યૂન [1]દશપૂર્વો શ્રુતપર્યાય હોય. [૧૪૨૯]

संहननद्वारमाश्रित्याह–

**पढमिल्लुयसंघयणा, धिईएँ पुण वज्जकुड्डसामाणा ।**

**पडिवज्जंति इमं खलु, कप्पं सेसा ण उ कयाइ ॥ १४३० ॥ दारं ॥**

**वृत्तिः**- '**प्रथमेल्लुकसंहनना:**'-वज्रऋषभनाराचसंहनना इत्यर्थः, '**धृत्या पुनर्वज्रकुड्य-समानाः**', प्रधानवृत्तय इति भावः, '**प्रतिपद्यन्ते एनं खलु कल्पम्**'–अधिकृतं जिनकल्पं, '**शेषा न तु कदाचित्**', तदन्यसंहनिन इति गाथार्थः ॥ १४३० ॥

उपसर्गद्वारविधिमाह–

**दिव्वाई उवसग्गा, भइआ उवएअस्स जइ पुण हवंति ।**

**तो अव्वहिओ विसहइ, णिच्चलचित्तो महासत्तो ॥ १४३१ ॥ दारं ॥**

**वृत्तिः**- '**दिव्यादय उपसर्गा भाज्याः**' '**अस्य**' जिनकल्पिकस्य, भवन्ति वा न वा, '**यदि पुनर्भवन्ति**' कथञ्चित् '**ततोऽव्यथितः**' सन् '**विसहते**' तानुपसर्गान् '**निश्चलचित्तो**' '**महासत्त्वः**' स्वभ्यस्तभावन इति गाथार्थः ॥ १४३१ ॥

૧. સંપૂર્ણ દશપૂર્વી અમોઘ દેશનાવાળા હોવાથી પ્રવચનપ્રભાવના, પરોપકાર વગેરે દ્વારા જિનકલ્પીથી વધારે નિર્જરા કરે, માટે તે જિનકલ્પને ન સ્વીકારે. અમોઘદેશના એટલે નિષ્ફળ ન બને તેવી દેશના. અમોઘદેશનાથી કોઈને કોઈ જીવ અવશ્ય બોધ પામે. વધારે નહિ તો એક જીવ પણ અવશ્ય બોધ પામે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

आतङ्कद्वारविधिमाह-

**आयंको जरमाई, सोऽवि हु भइओ इमस्स जइ होइ ।**

**णिप्पडिकम्मसरीरो, अहिआसइ तंपि एमेव ॥ १४३२ ॥ दारं ॥**

**वृत्तिः**- '**आतङ्को-ज्वरादिः**' सद्योघाती रोगः '**असावपि भाज्योऽस्य**', भवति वा न वा, '**यदि भवति**' कथञ्चित्ततः '**निष्प्रतिकर्म्मशरीरः**' सं'**न्नधिसहते तमप्या**'तङ्क'**मेवमेव**'- निश्चलचित्ततयेति गाथार्थः ॥ १४३२ ॥

वेदनाद्वारविधिमाह-

**अब्भुवगमिआ उवक्कमा य तस्स वेअणा भवे दुविहा ।**

**धुवलोआई पढमा, जराविवागाइआ बीआ ॥ १४३३ ॥**

**वृत्तिः**- '**अभ्युपगमिकी औपक्रमिकी च** '**तस्य**' जिनकल्पिकस्य '**वेदना भवति द्विविधा, ध्रुवलोचाद्या प्रथमा**' वेदना, '**ज्वरविपाकादिका द्वितीया**' वेदनेति गाथार्थः ॥ १४३३ ॥

**२ संघयणद्वारने आश्रयीने कहे छे-**

પહેલા વજ્રઋષભનારાચસંઘયણવાળા અને ધીરજથી વજ્રની ભીંત જેવા અત્યંત દૃઢ મનોવૃત્તિવાળા જીવો જિનકલ્પને સ્વીકારે છે. અન્ય સંઘયણવાળા જીવો ક્યારેય જિનકલ્પને સ્વીકારતા નથી. [૧૪૩૦] **૩ ઉપસર્ગદ્વારને આશ્રયીને કહે છે-** જિનકલ્પીને દેવ વગેરેથી ઉપસર્ગો આવે કે ન પણ આવે. જો કોઈ રીતે ઉપસર્ગો આવે તો (સત્ત્વવગેરે) ભાવનાઓના અતિશય અભ્યાસથી મહાસત્ત્વવાળા તે દુઃખી થયા વિના નિશ્ચલચિત્તે ઉપસર્ગોને સહન કરે છે. [૧૪૩૧] **૪ આતંકદ્વારનો વિધિ કહે છે-** આતંક એટલે શીઘ્રપ્રાણઘાત કરનાર જ્વરાદિ રોગ. જિનકલ્પીને આતંક પણ આવે કે ન પણ આવે. જો કોઈ રીતે આતંક આવે તો દૂર કરવાનો કોઈ ઉપાય કર્યા વિના નિશ્ચલચિત્તે આતંકને પણ [1]સહન કરે. [૧૪૩૨] **૫ વેદનાદ્વારનો વિધિ કહે છે-** જિનકલ્પીને અભ્યુપગમિકી અને ઔપક્રમિકી એમ બે પ્રકારની વેદના હોય. નિશ્ચિત લોચ વગેરે પહેલી અભ્યુપગમિકી (= સ્વયં સ્વીકૃત) વેદના છે. જ્વરવિપાક વગેરે બીજી ઔપક્રમિકી (= કર્મોદયથી થતી) વેદના છે. [૧૪૩૩]

कियन्तो जना इति द्वारविधिमाह-

**एगो अ एस भयवं, णिरवेक्खे सव्वहेव सव्वत्थ ।**

**भावेण होइ निअमा, वसहीओ दव्वओ भइओ ॥ १४३४ ॥ दारं ॥**

**वृत्तिः**- '**एक एवैष भगवान्**' जिनकल्पिकः '**निरपेक्षः सर्वथैव सर्वत्र**' वस्तुनि '**भावेन**'- अनभिष्वङ्गेन '**भवति नियमात् वसत्यादौ, द्रव्यतो भाज्य**'-एको वाऽनेको वेति गाथार्थः ॥ १४३४ ॥

૧. જેમ નિશ્ચલચિત્તે ઉપસર્ગોને સહન કરે છે, તેમ આતંકને પણ સહન કરે છે એમ 'પણ' શબ્દનો સંબંધ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

स्थाण्डिल्यद्वारविधिमाह-

**उच्चारे पासवणे, उस्सग्गं कुणइ थंडिले पढमे ।**

**तत्थेव य परिजुण्णे, कयकिच्चो उज्झई वत्थे ॥ १४३५ ॥ दारं ॥**

**वृत्तिः**- '**उच्चारे प्रश्रवणे**', एतद्विषयमित्यर्थः, '**व्युत्सर्गं करोति स्थाण्डिल्ये प्रथमे**'- अनवपातादिगुणवति, '**तत्रैव च परिजीर्णानि**' सन्ति '**कृतकृत्यः सन्नुज्झति वस्त्राणीति**' गाथार्थः ॥ १४३५ ॥

वसतिद्वारविधिमाह-

**अममत्ताऽपरिकम्मा, दारबिलब्भंगजोगपरिहीणा ।**

**जिणवसही थेराणवि, मोत्तूण पमज्जणमकज्जे ॥ १४३६ ॥ दारं ॥**

**वृत्तिः**-'**अममत्वा**'-ममेयमित्यभिष्वङ्गरहिता'**अपरिकर्मा**'-साधुनिमित्तमालेपनादिपरिकर्म्म-वर्जिता, '**द्वारबिलभग्नयोगपरिक्षीणा**' द्वारबिलयोगः स्थगनपूरणरूपः भग्नयोगः-पुनः संस्करणम् एतच्छून्या '**जिनवसतिः**', अस्यानपवादानुष्ठानपरत्वात्, '**स्थविराणामप्ये**'वंभूतैव वसतिः '**मुक्त्वा प्रमार्जनं**' वसतेरेव '**अकार्य**' इति-पुष्टमालम्बनं विहायैवंभूतेति गाथार्थः ॥ १४३६ ॥

**६ કેટલા જન ? એ દ્વારનો વિધિ કહે છે–**

બધી વસ્તુઓમાં બધી રીતે નિરપેક્ષ જિનકલ્પી ભગવંત અનાસક્તિરૂપ ભાવથી એકલા જ હોય, અને વસતિ વગેરેમાં દ્રવ્યથી એક હોય કે [1]અનેક પણ હોય. [૧૪૩૪] **૭ સ્થંડિલદ્વારનો વિધિ કહે છે-** કૃતકૃત્ય બનેલ જિનકલ્પી ઝાડો-પેશાબ અનાપાત અસંલોક વગેરે ગુણોવાળા પહેલા પ્રકારના સ્થંડિલમાં (નિર્જીવ ભૂમિમાં) કરે, અને ત્યાં જ જીર્ણવસ્ત્રોને પણ પરઠવે. [૧૪૩૫] **૮ વસતિદ્વારનો વિધિ કહે છે-** જિનકલ્પીની વસતિ "આ મારી છે" એવા મમત્વથી રહિત હોય, અર્થાત્ વસતિ ઉપર મમત્વ ન રાખે. સાધુ નિમિત્તે લીંપવું વગેરે પરિકર્મથી રહિત (નિર્દોષ) હોય, દ્વારો બંધ કરવા પડે, બીલો પૂરવા પડે અને ભાંગી જવાથી સમારકામ કરવું પડે તેવી ન હોય, અર્થાત્ જિનકલ્પી દ્વારો બંધ કરવા વગેરે ન કરે. કારણ કે જિનકલ્પીના અનુષ્ઠાનો અપવાદથી રહિત હોય છે. સ્થવિર કલ્પીઓની પણ વસતિ પુષ્ટ કારણ વિના આવી જ હોય, સિવાય વસતિનું પ્રમાર્જન, અર્થાત્ પ્રમાર્જન સિવાય વસતિનું બીજું પરિકર્મ ન કરે. [૧૪૩૬]

कियच्चिरद्वारविधिमाह-

**केच्चिरकालं वसहिह, एवं पुच्छंति जायणासमए ।**

**जत्थ गिही सा वसही, ण होइ एअस्स णिअमेण ॥ १४३७ ॥**

**वृत्तिः**- '**कियच्चिरं कालं वत्स्यथ**' यूयम्, '**एवं पृच्छन्ति याञ्चासमये**' काले '**यत्र**

૧. એક સ્થાને ઉત્કૃષ્ટથી સાત હોય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**गृहिण:**'-स्वामिन: '**सा वसति**' रेवंभूता '**न भवत्येव** '**तस्य**' जिनकल्पिकस्य '**नियमेन**', सूक्ष्ममम त्वयोगादिति गाथार्थ: ॥ १४३७॥

उच्चारद्वारविधिमाह-

**नो उच्चारो एत्थं, आयरिअव्वो कयाइदवि जत्थ ।**

**एवं भणंति सावि हु, पडिकुट्ठा चेव एअस्स ॥ १४३८ ॥ दारं ॥**

**वृत्तिः**- '**नोच्चारोऽत्र**' प्रदेशे '**आचरितव्य: कदाचिदपि, यत्र**' वसतौ '**एवं भणन्ति**' दातार: '**सापि प्रतिक्रुष्टैव**' भगवता '**एतस्य**' वसतिरिति गाथार्थ: ॥ १४३८ ॥

प्रश्रवणद्वारविधिमाह-

**पासवणंपि अ एत्थं, इमंमि देसंमि ण उण अन्नत्थ ।**

**कायव्वंति भणंति हु, जाए एसावि णो जोग्गा ॥ १४३९ ॥ दारं ॥**

**वृत्तिः**- '**प्रश्रवणमपि चात्र**'-वसतौ '**अस्मिन् देशे**'-विवक्षित एव, '**न पुनरन्यत्र**' देशे '**कर्त्तव्यमिति भणन्ति यस्यां**' वसतौ '**एषाऽपि न योग्या**'ऽस्येति गाथार्थ: ॥ १४३९ ॥

**९ क्यां सुधी ? એ દ્વારનો વિધિ કહે છે–**

વસતિની યાચના કરતી વખતે વસતિનો માલિક તમે કેટલા કાળ સુધી રહેશો એમ પૂછે તો એ વસતિમાં જિનકલ્પી ન રહે. કારણ કે તેથી તેમાં સૂક્ષ્મ મમત્વ રહે. [૧૪૩૭] **૧૦ ઉચ્ચારદ્વારનો વિધિ કહે છે**- જે વસતિમાં વસતિ આપનારાઓ આ પ્રદેશમાં ક્યારે પણ ઝાડો ન કરવો એમ કહે તે વસતિનો પણ ભગવાને જિનકલ્પીને નિષેધ જ કર્યો છે. [૧૪૩૮] **૧૧ પ્રશ્રવણ દ્વારનો વિધિ કહે છે**- જે વસતિમાં વસતિ આપનારાઓ આ વસતિમાં આ સ્થળે જ પેશાબ કરવો, બીજા સ્થળે ન કરવો, એમ કહે તે વસતિ પણ જિનકલ્પીને યોગ્ય નથી. [૧૪૩૯]

व्याख्याता प्रथमद्वारगाथा, द्वितीया व्याख्यायते, तत्रावकाशद्वारविधिमाह-

**ओवासोऽवि हु एत्थं, एसो तुज्झंति न पुण एसोत्ति ।**

**ईअवि भणंति जहिअं, सावि ण सुद्धा इमस्स भवे ॥ १४४० ॥ दारं ॥**

**वृत्तिः**- '**अवकाशोऽपि चात्र**' वसतौ '**एष युष्माकं**' नियतो, '**न पुनरेषो**'ऽपि, '**एवमपि भणन्ति यस्यां**' वसतौ दातार: '**साऽपि न शुद्धाऽस्य भवेद्व**'सतिरिति गाथार्थ: ॥ १४४० ॥

तृणफलकद्वारविधिमाह-

**एवं तणफलगेसु अ, जत्थ विआरो तु होइ निअमेणं ।**

**एसावि हु दट्ठव्वा, इमस्स एवंविहा चेव ॥ १४४१ ॥ दारं ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः-** '**एवं तृणफलकेष्वपि यत्र विचारस्तु भवति**' तद्गतः '**नियमेन एषाऽपि**' वसतिर्'**द्रष्टव्या**' प्रकृते '**एवंविधा चैव**'-अशुद्धेति गाथार्थः ॥ १४४१ ॥

संरक्षणाद्वारविधिमाह-

**सारक्खणत्ति तत्थेव, किंचि वत्थुमहिगिच्च गोणाई ।**
**जाए तस्सारक्खण-माह गिही सावि हु अजोगा ॥ १४४२ ॥**

**वृत्तिः-** '**सारक्षणेति तत्रैव**' वसतौ '**किञ्चिदस्तु अधिकृत्य गवादि यस्यां तत्संरक्षणामाह गृही**', गवाद्यपि (? गवाद्यभि) रक्षणीयमिति, '**साऽपि**' वसतिः '**अयोग्येति**' गाथार्थः ॥ १४४२ ॥

संस्थापनाद्वारविधिमाह-

**संठवणा सक्कारो, पडमाणीए णुवेहमो भंते ।**
**कायव्वंति अ जीएवि भणइ गिही सा वऽजोग्गत्ति ॥ १४४३ ॥ दारं ॥**

**वृत्तिः-** '**संस्थापना संस्कारो**'ऽभिधीयते, '**पतन्त्याः**' सत्याः '**अनुपेक्षा भदन्त ! कर्त्तव्येति च**', नोपेक्षितव्येत्यर्थः, '**यस्यामपि भणति गृही**' दाता '**साऽप्ययोग्या**' वसतिरिति गाथार्थः ॥ १४४३ ॥

પહેલી દ્વાર ગાથાનું વ્યાખ્યાન કર્યું, હવે બીજી દ્વાર ગાથાનું વ્યાખ્યાન કરવામાં આવે છે, તેમાં ૧૨ અવકાશ દ્વારનો વિધિ કહે છે**–**

જે વસતિમાં વસતિ આપનારાઓ આ વસતિમાં તમારે આટલા નિયત સ્થાનમાં રહેવું, બીજા સ્થાનમાં ન રહેવું, એમ કહે તે વસતિ પણ જિનકલ્પી માટે શુદ્ધ નથી. [૧૪૪૦] ૧૩ **તૃણ-ફલક દ્વારનો વિધિ કહે છે-** એ પ્રમાણે જે વસતિમાં ઘાસ અને પાટિયાનો વિચાર હોય, એટલે કે અમુક જ ઘાસ કે પાટિયાનો તમારે ઉપયોગ કરવો, અથવા અમુક ઘાસ કે પાટિયાનો ઉપયોગ ન કરવો, એમ વસતિ આપનારાઓ કહે, તે વસતિ પણ જિનકલ્પી માટે નિયમા અશુદ્ધ જાણવી. [૧૪૪૧] ૧૪ **સંરક્ષણ દ્વારનો વિધિ કહે છે-** જે વસતિમાં વસતિનો માલિક વસતિમાં રહેલ ગાય આદિનું રક્ષણ કરવું=ધ્યાન રાખવું એમ કહે તે વસતિ પણ જિનકલ્પી માટે અયોગ્ય છે. [૧૪૪૨] ૧૫ **સંસ્થાપના દ્વારનો વિધિ કહે છે-** સંસ્થાપના એટલે સંસ્કાર (= સમારકામ). જે વસતિમાં વસતિ આપનાર "હે ભગવંત ! મકાન પડે તો ઉપેક્ષા ન કરવી" એમ કહે તે વસતિ પણ જિનકલ્પી માટે અયોગ્ય છે. [૧૪૪૩]

मूलगाथाचशब्दार्थमाह-

**अण्णं वा अभिओगं, चसद्दसंसूइअं जहिं कुणइ ।**
**दाया चित्तसरूवं, जोगा णेसावि एअस्स ॥ १४४४ ॥ दारं ॥**

**वृत्तिः-** '**अन्यं वाऽभियोगं चशब्दसंसूचितं यत्र करोति**' वसतौ '**दाता चित्रस्वरूपं योग्या नैषाऽप्येतस्य**' वसतिरिति गाथार्थः ॥ १४४४ ॥

जैनम् जयति शासनम् JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प्राभृतिकाद्वारविधिमाह-

**पाहुडिआ जीएँ बली, कज्जइ ओसक्कणाइअं तत्थ ।**

**विक्खिरिअ ठाण सउणा-अग्गहणे अंतरायं च ॥ १४४५ ॥ दारं ॥**

**वृत्तिः**- '**प्राभृतिका यस्यां**' वसतौ '**बलिः क्रियते, अवसर्प्पणादि तत्र**' तद्भक्त्या भवति '**विक्षिप्तस्य**' बलेः, '**स्थानात्**' कायोत्सर्गतः, '**शकुनाद्यग्रहणे**' सत्यन्तरायं **च**' भवतीति गाथार्थः ॥ १४४५ ॥

अग्निद्वारविधिमाह-

**अग्गित्ति साऽग्गिणी जा, पमज्जणे रेणुमाइवाघाओ ।**

**अपमज्जणे अकिरिआ, जोईफुसणंमि अ विभासा ॥ १४४६ ॥ दारं ॥**

**वृत्तिः**- '**अग्निरिति साग्निर्या**' वसतिः, '**प्रमार्जने**' तत्र '**रेण्वादिना व्याघातो**'ऽग्नेः, '**अप्रमार्ज्जने**' सति '**अक्रिया**'-आज्ञाभङ्गो, '**ज्योतिःस्पर्शने च विभाषा**'-स्याद्वा न वाऽङ्गारादाविति गाथार्थः ॥ १४४६ ॥

**મૂલગાથામાં રહેલ च શબ્દનો અર્થ કહે છે–**

(૧૪૨૭મી) મૂળગાથામાં રહેલ च શબ્દથી એ સૂચન કર્યું છે કે- જે વસતિમાં વસતિનો દાતા બીજું પણ વિચિત્ર પ્રકારનું કોઈ નિયંત્રણ (કે શરત) કરે તો તે વસતિ પણ જિનકલ્પીને યોગ્ય નથી. [૧૪૪૪] ૧૬ **પ્રાભૃતિકા દ્વારનો વિધિ કહે છે**- જે વસતિમાં બલિ કરવામાં આવે તે વસતિ પ્રાભૃતિકા છે. આવી વસતિ અકલ્પ્ય છે. કારણ કે ત્યાં કાયોત્સર્ગ કરવાથી જિનકલ્પીની ભક્તિથી કોઈ ત્યાં વિખરાયેલા બલિને ખસેડવો વગેરે કાર્ય કરે. અથવા પક્ષી વગેરે તે બલિને ન લે, એથી તેને અંતરાય થાય. [૧૪૪૫] ૧૭ **અગ્નિદ્વારને કહે છે**- જે વસતિમાં અગ્નિ હોય (તે અકલ્પ્ય છે, કારણ કે) ત્યાં વસતિ પ્રમાર્જવાથી રેણુ આદિથી અગ્નિનો નાશ (કે પીડા) થાય. જો પ્રમાર્જવામાં ન આવે તો આજ્ઞાભંગ થાય. અગ્નિની જ્યોતિનો સ્પર્શ થાય કે ન પણ થાય, અંગારા વગેરે હોય તો ન થાય. [૧૪૪૬]

दीपद्वारविधिमाह-

**दीवत्ति सदीवा जा, तीएँ विसेसो उ होइ जोइम्मि ।**

**एत्तो च्चिअ इह भेओ, सेसा पुव्वोइआ दोसा ॥ १४४७ ॥ दारं ॥**

**वृत्तिः**- '**दीप इति सदीपा या**' वसतिः, '**तस्यां विशेषस्तु**' सदीपायां '**भवति ज्योतिषि**', तद्भावेन स्पर्शसम्भवाद्, '**अत एव**' कारणा**'दिह भेदो**' द्वारस्य द्वारान्तरात्, '**शेषाः पूर्वोक्ता दोषाः**' प्रमार्जनादय इति गाथार्थः ॥ १४४७ ॥

अवधानद्वारविधिमाह-

**ओहाणं अम्हाणवि, गेहस्सुवओगदायगो तंसि ।**

**होहिसि भणंति ठंते, जीए एसावि से ण भवे ॥ १४४८ ॥ दारं ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**- '**अवधानं**' **ना**'**मास्माकमपि गृहस्योपयोगदाता त्वमसि**'-भगवन् ! '**भविष्यसि भणन्ति तिष्ठति**' सति '**यस्यां**' वसतौ '**एषाऽपि** '**से**' तस्य जिनकल्पिकस्य '**न भवेदि**'ति गाथार्थः ॥ १४४८ ॥

कियज्जनद्वारविधिमाह-

**तह कइ जणत्ति तुम्हे, वसहिह एत्थंति एवमपि जीए ।**
**भणइ गिहीऽणुण्णाए, परिहरए णवरमेअंपि ॥ १४४९ ॥ दारं ॥**

**वृत्तिः**-'**तथा कियन्तो जना**'**इति यूयं वत्स्यथात्र** वसतावितिएवमपि **यस्यां** वसतौ **भणति गृहीदाताऽनुज्ञायां** प्रस्तुतायां **परिहरत्यसौ** महामुनि**र्नवरमेतामपि** वसतिमिति गाथार्थः ॥ १४४९ ॥

परिहारप्रयोजनमाह-

**सुहुममवि हु अचिअत्तं, परिहरएसो परस्स निअमेणं ।**
**जं तेण तुसद्दाओ, वज्जइ अण्णंपि तज्जणणीं ॥ १४५० ॥ दारं ॥**

**वृत्तिः**- **सूक्ष्ममप्यचियत्तम्**-अप्रीतिलक्षणं **परिहरत्यसौ भगवान् परस्य नियमेन** '**यद्**' यस्मात् **तेन** कारणेन **तुशब्दात्** मूलगाथोपात्ताद्**वर्जयत्यन्यामपि** वसतिं **तज्जननीम्**-ईषदप्रीतिजननीं, न च ममत्वमन्तरेण तथा विचारः क्रियत इति गाथार्थः ॥ १४५० ॥

१८ **દીપ દ્વારનો વિધિ કહે છે**- જે વસતિમાં દીપક હોય તે વસતિમાં વિશેષથી તો જ્યોતિસંબંધી દોષ લાગે. કારણ કે દીપક હોવાથી જ્યોતિનો સ્પર્શ થાય. આ જ કારણથી અહીં અગ્નિદ્વારથી આ દ્વાર ભિન્ન કર્યો છે. આ વસતિમાં બાકીના પૂર્વોક્ત (અગ્નિદ્વારમાં કહેલા) પ્રમાર્જન વગેરેથી થનારા દોષો પણ જાણવા. [૧૪૪૭] ૧૯ **અવધાન દ્વારનો વિધિ કહે છે**- અવધાન એટલે જે વસતિમાં રહેતાં "હે ભગવંત ! આપ અમારા પણ ઘરનું ધ્યાન રાખો અથવા રાખજો" એમ ગૃહસ્થો કહે આ વસતિ પણ જિનકલ્પીને યોગ્ય નથી. [૧૪૪૮] **૨૦ કેટલા જન ? એ દ્વારનો વિધિ કહે છે**- જે વસતિમાં વસતિની અનુજ્ઞા લેતી વખતે વસતિદાતા આ વસતિમાં તમે કેટલા માણસો રહેશો એમ પૂછે એ વસતિનો પણ મહામુનિ ત્યાગ કરે. [૧૪૪૯] **ત્યાગનું પ્રયોજન કહે છે**- આ ભગવંત બીજાની સૂક્ષ્મ પણ અપ્રીતિનો અવશ્ય ત્યાગ કરે છે. તેથી આ વસતિનો અને થોડી પણ અપ્રીતિ કરે તેવી બીજી પણ વસતિનો ત્યાગ કરે છે. ગૃહસ્થને (અતિશય) મમત્વ વિના તેવો (સાધુ મકાનની રક્ષા કરે વગેરે પ્રકારનો) વિચાર ન આવે. (એથી સાધુ તેના મકાન વગેરેની રક્ષા ન કરે તો તેને અપ્રીતિ થાય.) "થોડી પણ અપ્રીતિ થાય તેવી વસતિમાં ન રહે" એવું સૂચન મૂલગાથા (૧૪૨૭)માં લીધેલા તુ શબ્દથી કર્યું છે. [૧૪૫૦]

व्याख्याता द्वितीयमूलगाथा, अधुना तृतीया व्याख्यायते, तत्र भिक्षाचर्याद्वारविधिमाह-

**भिक्खाअरिआ णियमा, तइआए एसणा अभिग्गहिआ ।**
**एअस्स पुव्वभणिआ, एक्काविअ होइ भत्तस्स ॥ १४५१ ॥ दारं ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**- '**भिक्षाचर्या नियमात्**'-नियोगेन '**तृतीयायां**' पौरुष्याम्, '**एषणा**' च ग्रहणैषणा-'**भिगृहीता**' भव'**त्यस्य पूर्वभणिता**' जिनल्पिकस्य,'**एकैव भवति भक्तस्य**', न द्वितीयेति गाथार्थः ॥ १४५१ ॥

पानकद्वारविधिमाह-

**पाणगगहणं एवं, ण सेसकालं पओअणाभावा ।**
**जाणइ सुआइसयओ, सुद्धमसुद्धं च सो सव्वं ॥ १४५२ ॥ दारं ॥**

**वृत्तिः**- '**पानकग्रहणमप्येवम**'स्य, '**न शेषकालं, प्रयोजनाभावात्**' कारणात्, संसक्तग्रहणदोषपरिहारमाह-'**जानाति श्रुतातिशयत**' एव'**शुद्धमशुद्धं च स सर्वं**' पानकमिति गाथार्थः ॥ १४५२ ॥

लेपालेपद्वारविधिमाह-

**लेवालेवंति इहं, लेवाडेणं अलेवडं जं तु ।**
**अण्णेण असंमिस्सं, दुगंपि इह होइ विण्णेअं ॥ १४५३ ॥ दारं ॥**

**वृत्तिः**- '**लेपालेप**'मिति '**अत्रा**'धिकारे '**लेपवता**' व्यञ्जनादिना '**अलेपवद् यदो**'दनादि, किमुक्तं भवति ? -'**अन्येनासंमिश्रं**' वस्त्वन्तरेण '**द्वितयमप्यत्र भवति, विज्ञेयं**', भक्तं पानं चेति गाथार्थः ॥ १४५३ ॥

अलेपद्वारविधिमाह-

**अल्लेवं पयईए, केवलगंपि हु न तस्सरूवं तु ।**
**अण्णे उ लेवकारी, अलेवमिति सूरओ बिंति ॥ १४५४ ॥ दारं ॥**

**वृत्तिः**- '**अलेपं प्रकृत्या**'-स्वरूपेण '**केवलमपि**' सत् '**न तत्स्वरूपं तु**'-लेपस्वरूपमेव जगार्यायामवत्, '**अन्ये त्वलेपकारि**'-परिणामे '**अलेपमित्ये**'वं '**सूरयः**'-आचार्या '**ब्रुवत**' इति गाथार्थः ॥ १४५४ ॥

**બીજી મૂળગાથાનું વ્યાખ્યાન કર્યું, હવે ત્રીજીનું વ્યાખ્યાન કરવામાં આવે છે. તેમાં ૨૧ ભિક્ષાચર્યા દ્વારનો વિધિ કહે છે-** જિનકલ્પી ત્રીજા પ્રહરમાં જ ભિક્ષા માટે જાય, તેની ભોજનની ભિક્ષા પૂર્વે (૧૪૧૨મી ગાથામાં) કહ્યું તેમ અભિગ્રહવાળી એક જ હોય, બીજી ન હોય. [૧૪૫૧] ૨૨ **પાણીદ્વારનો વિધિ કહે છે-** જિનકલ્પી પાણી પણ ત્રીજા પ્રહરમાં જ લે, અન્ય કાલમાં ન લે. કારણ કે અન્યકાળમાં પાણીનું પ્રયોજન ન હોય.

**પ્રશ્ન-** જિનકલ્પી જીવોથી સંસક્ત હોય એવું પાણી વહોરી લે એવું ન બને ?

**ઉત્તર-** ના. કારણ કે તે શ્રુતના અતિશયથી જ કોઈ પણ પાણી શુદ્ધ છે કે અશુદ્ધ એ જાણે છે. [૧૪૫૨] ૨૩ **લેપાલેપ દ્વારનો વિધિ કહે છે-** લેપવાળા શાક વગેરે અન્ય દ્રવ્યથી મિશ્રિત ન થયાં હોય તેવાં લેપરહિત ભાત વગેરે ભોજન અને પાણી એ બંને લેપાલેપ છે. (જિનકલ્પી લેપાલેપ [1]ભોજન-પાણી લે.) [૧૪૫૩] ૨૪ **અલેપદ્વારનો વિધિ કહે છે-** જે દ્રવ્ય એકલું હોય તો પણ સ્વભાવથી

૧. આનો ભાવ એ છે કે જિનકલ્પી લેપવાળાં દ્રવ્યો તો ન લે, કિંતુ લેપમિશ્રિત દ્રવ્યો પણ ન લે.

जैन साईट JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અલેપસ્વરૂપવાળું જ હોય, જેમકે જગારી ધાન્યનું ઓસામણ, તે દ્રવ્ય અલેપ છે. બીજા આચાર્યો કહે છે કે- જે દ્રવ્ય (સ્વભાવથી અલેપ ન હોય કિંતુ અન્ય દ્રવ્ય સાથે સંયોજન વગેરે પ્રક્રિયાથી) પરિણામે અલેપકારી બનતું હોય તે અલેપ છે. (જિનકલ્પી અલેપ દ્રવ્ય લે.) [૧૪૫૪]

आचामाम्लद्वारविधिमाह–

**णायंबिलमेअंपि हु, अइसोसपुरीसभेअदोसाओ ।**
**उस्सग्गिअं तु किं पुण, पयईए अणुगुणं जं से ॥ १४५५ ॥ दारं ॥**

**वृत्तिः**– '**नाचामाम्लमेतदप्य**'लेपकारि, '**अतिशोषपुरीषभेददोषाद्**', वाय्वादिधातुभावेन, '**औत्सर्गिकमेवौ**'दनरूपं, '**किं पुनः प्रकृते**'र्देहरूपाया '**अनुगुणं**' यद्वल्लादि '**से**' तस्येति गाथार्थः ॥ १४५५ ॥

प्रतिमाद्वारविधिमाह–

**पडिमत्ति अ मासाई, आईसद्दा अभिग्गहा सेसा ।**
**णो खलु एस पवज्जइ, जं तत्थ ठिओ विसेसेणं ॥ १४५६ ॥ दारं ॥**

**वृत्तिः**– '**प्रतिमा इति च मासाद्याः आदिशब्दा**'न्मूलगाथागताद् '**अभिग्रहाः शेषाः**'– अकण्डूय–नादयः'**न खल्वेषः प्रतिपद्यते**' जिनकल्पिकः, '**यत्तत्र**' –अभिग्रहे'**स्थितो विशेषेणे**'ति गाथार्थः ॥ १४५६ ॥

जिनकल्प इति मूलद्वारगाथावयवं व्याचिख्यासुराह–

**जिणकप्पत्ति अ दारं, असेसदाराण विसयमो एस ।**
**एअंमि एस मेरा, अववायविवज्जिआ णिअमा ॥ १४५७ ॥ दारं ॥**

**वृत्तिः**– '**जिनकल्प इति च द्वारं**' मूलद्वारगाथागतं '**अशेषद्वाराणां**' श्रुतसंहननादीनां '**विषय एष**' वर्त्तत इति, '**एतस्मिन्**' जिनकल्पे '**एषा मर्यादा**' श्रुतादिर्योक्ता '**अपवादविवर्जिता नियमाद्**'–एकान्तेनेति गाथार्थः ॥ १४५७ ॥

मासकल्पद्वारावयवार्थमाह–

**मासं निवसइ खित्ते, छव्वीहीओ अ कुणइ तत्थविअ ।**
**एगेगमडइ कम्माइवज्जणत्थं पइदिणं तु ॥ १४५८ ॥ दारं ॥**

**वृत्तिः**– '**मासं निवसति क्षेत्रे**' एकत्र '**षड् वीथीः करोति**'–गृहपङ्क्तिरूपाः परिकल्प्य, '**तत्रापि च**' वीथीकदम्बके '**एकैकामटति**' वीथीं '**कर्म्मादिवर्जनार्थम्**', अनिबद्धतया, '**प्रतिदिनमिति**' गाथार्थः ॥ १४५८ ॥

**૨૫ આચામામ્લદ્વારનો વિધિ કહે છે–**

જિનકલ્પી અલેપકૃત દ્રવ્યો પણ આચામામ્લ (= ખાટું ઓસામણ વગેરે પ્રવાહી) ન લે. કારણ કે આચામામ્લ દ્રવ્યો લે તો તૃષા-શોષ થાય, મળ ભાગેલો-ઢીલો થાય, (મળ ઢીલો ઉતરવાથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અશુચિને સાફ કરવાનો પ્રસંગ આવે) વળી વાયુ આદિ ધાતુના વિકાર થાય, માટે ઉત્સર્ગ માર્ગે તેવું તજે અને ઓદનાદિ ગ્રહણ કરે. આ ઉત્સર્ગ સમજવો. તત્ત્વથી તો શારીરિક પ્રકૃતિને અનુકૂળ વાલ, ચણા વગેરે તે જિનકલ્પિકને કલ્પ્ય સમજવા. [૧૪૫૫] ૨૬ **પ્રતિમા દ્વારનો વિધિ કહે છે**- જિનકલ્પી માસિકી વગેરે પ્રતિમાઓ અને "શરીરને ન ખંજવાળવું" વગેરે અભિગ્રહો ન લે. કારણ કે (જિનકલ્પના આચારોનું પાલન કરવાથી) તે વિશેષ રૂપે અભિગ્રહમાં રહેલો છે. [૧૪૫૬] **મૂલ દ્વારગાથાના જિનકલ્પ એ પદનું વિવરણ કરે છે**- મૂલદ્વારગાથામાં કહેલ જિનકલ્પ એ દ્વાર શ્રુત, સંઘયણ વગેરે બધા દ્વારોનો વિષય છે, અર્થાત્ એ બધાં દ્વારો જિનકલ્પીનાં છે. જિનકલ્પસંબંધી શ્રુત વગેરે જે મર્યાદા કહી છે તે અપવાદ રહિત=એકાંતરૂપ છે. [૧૪૫૭] ૨૭ **માસકલ્પ દ્વારનો વિશેષ અર્થ કહે છે**- એક ક્ષેત્રમાં એક માસ રહે. ભિક્ષાઘરોની છ શેરીઓ (= ભાગ) કલ્પે. આધાકર્મ વગેરે દોષો ન લાગે એટલા માટે દરરોજ [1]અપ્રતિબદ્ધપણે એક એક શેરીમાં (= ભાગમાં) ભિક્ષા માટે ફરે. [૧૪૫૮]

व्याख्याता तृतीया द्वारगाथा, साम्प्रतमत्र प्रासङ्गिकमाह–

**कह पुण होज्जा कम्मं, एत्थ पसंगेण सेसयं किंपि ।**
**वोच्छामि समासेणं, सीसजणविबोहणट्ठाए ॥ १४५९ ॥**

**वृत्तिः**– '**कथं पुनर्भवेत् कर्म्मास्य**' अटतः ?, '**अत्र प्रसङ्गेन शेषं किमप्ये**'तद्वक्तव्यतागतमेव '**वक्ष्यामि समासेन**', किमर्थमित्याह–'**शिष्यजनविबोधनार्थ**'मिति गाथार्थः ॥ १४५९ ॥

**आभिग्गहिए सद्धा, भत्तोगाहिमग बीह तिअ पूई ।**
**चोअग निव्वयणंति अ, उक्कोसेणं च सत्त जणा ॥ १४६० ॥**

**[ सरछोडगाहा ]**

**वृत्तिः**– '**आभिग्रहिके**' जिनकल्पिक उपलब्धे '**श्रद्धो**'पजायते आगार्याः, तत्र '**भक्तोद्ग्राहिमक**'त्ति सा एतदुभयं करोति, '**द्वितीये**'ऽहनि '**त्रीन्**' दिवसान् '**पूति**', तद्भावनां वक्ष्यामः, अत्रान्तरे '**चोदको निर्वचनमिति च**' भवति, '**उत्कृष्टतश्च**'–उत्सर्गपदेन '**सप्त जना**' एते एकवसतौ भवन्तीति गाथासमुदायार्थः ॥ १४६० ॥

ત્રીજી દ્વારગાથાનું વ્યાખ્યાન કર્યું. હવે અહીં પ્રાસંગિક કહે છે–

અહીં પ્રસંગથી ભિક્ષા માટે ફરતા જિનકલ્પીને આધાકર્મ વગેરે દોષો કેવી રીતે લાગે તે કહીશ, અને શિષ્યોને વિશેષ બોધ થાય એ માટે જિનકલ્પ સંબંધી જ બીજું પણ કંઈક સંક્ષેપથી કહીશ.[૧૪૫૯] (आभिग्गहिए सद्धा–) અભિગ્રહવાળા જિનકલ્પીનો યોગ થતાં ગૃહસ્થસ્ત્રીને તેના પ્રત્યે શ્રદ્ધા થાય. (भत्तोगाहिमग–) આથી તે (જિનકલ્પી માટે) ભોજન અને અવગાહિમ એ બે તૈયાર કરે, (बीह

૧. આસક્તિ કે મમત્વ કર્યા વિના.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

तिअ पूई) બીજા દિવસથી ત્રણ દિવસ સુધી [1]પૂતિ (= પૂતિદોષવાળા) થાય. આ વિષયની ભાવના (પછી) કહીશું. (चोअग निव्वयणंति-) અહીં વચ્ચે પ્રશ્ન અને ઉત્તર છે. (उक्कोसेणं च सत्त जणाः) ઉત્કૃષ્ટથી એક વસતિમાં સાત જિનકલ્પી રહે. આ પ્રમાણે ગાથાનો સંક્ષેપથી અર્થ છે. [૧૪૬૦]

अवयवार्थमाह-

**जिणकप्पाभिग्गहिअं, दट्ठुं तवसोसिअं महासत्तं ।**

**संवेगागयसद्धा, काई सड्ढी भणिज्जाहि ॥ १४६१ ॥**

**वृत्तिः**- '**जिनकल्पाभिग्रहिकम्**'पि '**दृष्ट्वा तपःशोषितं महासत्त्वं संवेगागतश्रद्धा**' सती '**काचित् श्राद्धी**' योषिद् '**भणेद्**' ब्रूयादिति गाथार्थः ॥ १४६१ ॥

**किं काहामि अहण्णा ?, एसो साहू ण गिण्हए एअं ।**

**णत्थि महं तारिसयं, अण्णं जमलज्जिआ दाहं ॥ १४६२ ॥**

**वृत्तिः**- '**किं करिष्याम्यधन्या**'ऽहं, '**एष साधुर्न गृह्णाति एतत्**', नूनं '**नास्ति मम तादृशमन्यच्छो**'भनं '**यदलज्जिता दास्यामी**'ति गाथार्थः ॥ १४६२ ॥

**सव्वपयत्तेण अहं, कल्लं काऊण भोअणं विउलं ।**

**दाहामि पयत्तेणं, ताहे भणई अ सो भयवं ॥ १४६३ ॥**

**वृत्तिः**- '**सर्वप्रयत्नेनाहं कल्ये कृत्वा भोजनं**' साधु '**विपुलं दास्यामि प्रयत्नेन, तदा भणति चासौ भगवां**'स्तच्छ्रुत्वा उक्त्या निवारणायेति गाथार्थः ॥ १४६३ ॥

**अणिआओ वसहीओ, भमरकुलाणं च गोउलाणं च ।**

**समणाणं सउणाणं, सारइआणं च मेहाणं ॥ १४६४ ॥**

**वृत्तिः**- '**अनियता वसतयः**', केषामित्याह-'**भ्रमरकुलानां च गोकुलानां च**' तथा '**श्रमणानां शकुनानां शारदानां च मेघानामि**'त्यर्थः ॥ १४६४ ॥

**तीए अ उवक्खडिअं, मुक्का वीही अ तेण धीरेण ।**

**अद्दीणमपरितंतो, बिइअं च पहिंडिओ वीहिं ॥ १४६५ ॥**

**वृत्तिः**- '**तया च**' अगार्या '**उपस्कृतम**'नाभोगात्, '**मुक्ता वीथी च तेन धीरेण**' द्वितीयेऽहनि, '**अदीनः**' चेतसा'**ऽपरिश्रान्तः**' कायेन '**द्वितीयां च**' क्रमागतां '**पर्यटितो वीथीम**'साविति गाथार्थः ॥ १४६५ ॥

१. જે ઘરમાં આધાકર્મિક આહાર બન્યો હોય તે ઘર પ્રથમ દિવસે (= આધાકર્મિક આહાર બન્યો હોય તે દિવસે) આધાકર્મિક ગણાય, અને પછીના ત્રણ દિવસ પૂતિ ગણાય. આ ચાર દિવસ સુધી તે ઘરમાં ગોચરી જવું ન કલ્પે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉક્ત ગાથાનો વિસ્તારથી અર્થ કહે છે–

જિનકલ્પના અભિગ્રહવાળા (= જિનકલ્પી), તપથી શુષ્કકાયાવાળા અને મહાસત્ત્વવંત એવા મુનિને જોઈને જેને સંવેગથી શ્રદ્ધા (= દાનરુચિ) ઉત્પન્ન થઈ છે એવી કોઈ શ્રદ્ધાળુ સ્ત્રી કહે કે- [૧૪૬૧] અધન્યા હું શું કરીશ ? કારણ કે આ સાધુ આ ભોજન લેતા નથી. ખરેખર મારી પાસે બીજું તેવું સારું ભોજન નથી કે જેને હું શરમાયા વિના આપી શકું. [૧૪૬૨] કાલે હું સર્વ પ્રયત્નથી સારું ઘણું ભોજન કરીને સાધુને પ્રયત્નપૂર્વક આપીશ. આ સાંભળીને તેને વચન વડે (દોષથી) રોકવા તે ભગવંત કહે કે- [૧૪૬૩] ભ્રમરવૃન્દો, ગોકુળો, સાધુઓ, પક્ષીઓ અને શરદઋતુના વાદળોનાં સ્થાનો અનિયત હોય છે. [૧૪૬૪] બીજા દિવસે તે સ્ત્રીએ અનુપયોગથી મુનિ માટે ભોજન તૈયાર કર્યું. ધીર તે મુનિએ તે શેરી છોડી દીધી. મનથી અદીન અને કાયાથી થાક રહિત તે મુનિ ક્રમથી આવેલી બીજી શેરીમાં ફર્યા. [૧૪૬૫]

तत्रेयं व्यवस्था-

**पढमदिवसम्मि कम्मं, तिण्णि अ दिवसाणि पूइअं होइ ।**

**पूईसु तिसु ण कप्पइ, कप्पइ तइए कए कप्पे ॥ १४६६ ॥**

**वृत्तिः**- '**प्रथमदिवसे कर्म्म**' तदुपस्कृतं, '**त्रीन् दिवसान् पूतिर्भवति**' तद् गृहमेव, '**पूतिषु त्रिषु न कल्पते**' तत्रान्यदपि किञ्चित्, '**कल्पते तृतीये गते**' '**कल्पे**' दिवसेऽपरस्मिन्नहनीति गाथार्थः ॥ १४६६ ॥

**उग्गाहिमए अज्जं, नवि आए कल्ल तस्स दाहामो ।**

**दोण्णि दिवसाणि कम्मं, तइआई पूइअं होइ ॥ १४६७ ॥**

**वृत्तिः**- '**उद्ग्राहिमके**' कृते सति '**अद्य नायातो**'ऽसौ ऋषिः '**कल्यं तस्य दास्यामी**'ति दिवसे यदाऽभिसन्धते, अत्र '**द्वौ दिवसौ कर्म्म**', तद्भावाविच्छेदात्, '**तृतीयादिषु**' दिवसेषु '**पूति तद्भवती**'ति गाथार्थः ॥ १४६७ ॥

**तिर्हिं कप्पेहिं न कप्पइ, कप्पइ तं छट्ठसत्तमदिणम्मि ।**

**अकरणदिअहो पढमो, सेसा जं एक्क दोण्णि दिणा ॥ १४६८ ॥**

**वृत्तिः**- तत्र '**त्रिषु**' '**कल्पेषु**' दिवसेषु '**न कल्पते, कल्पते तद्**' गृहं '**षष्ठसप्तमे दिवसे**'ऽग्रहणदिवसतः, एतदेवाह- '**अकरणदिवसः प्रथमो**'ऽटनगतः, '**शेषो यदेकः द्वौ**' वा '**दिवसावा**'धाकर्म्मगताविति गाथार्थः ॥ १४६८ ॥

તેમાં (સાધુ માટે ભોજન બનાવ્યું એ વિષે) વ્યવસ્થા આ છે–

સ્ત્રીએ બનાવેલું ભોજન પહેલા દિવસે આધાકર્મ દોષવાળું બને, ત્રણ દિવસ સુધી તે ઘર જ પૂતિ બને, આથી તેના ઘરે બીજું પણ કાંઈ ત્રણ દિવસ સુધી ન કલ્પે. ત્રીજો દિવસ વીતી ગયા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પછી કલ્પે. [૧૪૬૬] સાધુ માટે 'અવગાહિમ (પક્વાન્ન) બનાવ્યું હોય ત્યારે "આજે આ મુનિ ન આવ્યા, કાલે તેમને આપીશ" એમ દિવસે ધારણા કરે તો તે ઘર બે દિવસ આધાકર્મ દોષવાળું થાય, કારણ કે સાધુને વહોરાવવાનો ભાવ કાયમ છે. ત્રીજા વગેરે દિવસોમાં તે ઘર પૂતિ થાય. [૧૪૬૭] તે ઘરનું ત્રણ દિવસો સુધી ન કલ્પે, જે દિવસે ન લીધું તે દિવસથી છઠ્ઠા કે સાતમા [૨]દિવસે કલ્પે. **આ જ (ઉત્તરાર્ધથી) કહે છે-** જે દિવસે બનાવ્યું નથી, અર્થાત્ જે દિવસે પહેલીવાર ભિક્ષા માટે ગયા અને લીધું નહિ, તે પહેલો દિવસ, ત્યારપછીનો બીજો એક દિવસ અગર બે દિવસો આધાકર્મ દોષ સંબંધી થાય. (ત્યારબાદ ત્રણ દિવસ પૂતિદોષ સંબંધી થાય. આમ પાંચ કે છ દિવસ થાય. પાંચ દિવસ થાય તો છઠ્ઠા દિવસે કલ્પે, છ દિવસ થાય તો સાતમા દિવસે કલ્પે. જો ભોજન સાધુ માટે બનાવ્યું હોય તો એક દિવસ આધાકર્મ બનવાથી પાંચ દિવસ થાય, (જે દિવસે વહોર્યું નહિ તે એક દિવસ, બીજા દિવસે આધાકર્મી બનાવ્યું એ બીજો દિવસ, ત્રણ દિવસ પૂતિના, એમ પાંચ દિવસ થાય.) જો અવગાહિમ બનાવ્યું હોય અને બીજા દિવસે પણ સાધુને વહોરાવવાની ધારણા કરી હોય તો બે દિવસ આધાકર્મ બનવાથી છ દિવસ થાય.) [૧૪૬૮]

**अह सत्तमम्मि दिअहे, पढमं वीहिं पुणोऽवि हिंडंतं ।**
**दट्ठूण सा य सड्ढी, तं मुणिवसभं भणिज्जाहि ॥ १४६९ ॥**

**वृत्तिः-** **'अथ सप्तमे दिवसे'** अटनगतादारभ्य **'प्रथमां वीथीं पुनरपि 'हिण्डन्तम्'** अटन्तं **'दृष्ट्वा सा श्राद्धा'**ऽगारी **'मुनिवृषभं'** प्रस्तुतं **'भणेद्'** ब्रूयादिति गाथार्थः ॥ १४६९ ॥

**किं णागयत्थ तइआ, असव्वओ मे कओ तुह निमित्तं ।**
**इति पुट्ठो सो भयवं, बिइआए से इमं भणइ ॥ १४७० ॥**

**वृत्तिः-** **'किं नागताः'** स्थ यूयं **'तदा ?, असद्व्ययो मया कृतस्त्वन्निमित्तं'**, तदग्रहणादसद्व्ययत्व**'मिति, पृष्टः स भगवान्'**-जिनकल्पिकः **'द्वितीयादेशे'** पूर्वदिशापेक्षया **'इदं भणति'**-वक्ष्यमाणमिति गाथार्थः ॥ १४७० ॥

**अणिआओ वसहीओ, इच्चाइ जमेव वण्णिअं पुव्विं ।**
**आणाए कम्माई, परिहरमाणो विसुद्धमणो ॥ १४७१ ॥**

**वृत्तिः-** **'अनियता वसतय इत्यादि, यदेव वर्णितं पूर्वं'** गाथासूत्रमिति, **'आज्ञया कर्म्मादि परिहरन् विशुद्धमनाः'** सन् भणतीति गाथार्थः ॥ १४७१ ॥

હવે ભિક્ષાટનના પહેલા દિવસથી આરંભી સાતમા દિવસે ફરી પણ પહેલી શેરીમાં ભિક્ષાટન કરતા જોઈને તે શ્રદ્ધાળુ સ્ત્રી તે ઉત્તમમુનિને કહે કે [૧૪૬૯] ત્યારે તમે કેમ ન આવ્યા ? મેં તમારા માટે ખોટો વ્યય કર્યો. અહીં બનાવેલું ન લીધું એ દૃષ્ટિએ ખોટો વ્યય (= શ્રમ) સમજવો. (ખર્ચની

૧. અહીં ભોજન શબ્દથી તે જ દિવસે ભક્ષ્ય અને બીજા દિવસે અભક્ષ્ય બને તેવી વસ્તુ સમજવી. અવગાહિમ શબ્દથી એકથી વધારે દિવસો સુધી ભક્ષ્ય રહે તેવી વસ્તુ સમજવી.
૨. માટે જ મુનિ ફરી તે જ શેરીમાં સાતમા દિવસે આવે, તે પહેલાં નહિ. (બૃ. ક. ગા. ૧૪૦૮)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દષ્ટિએ નહિ.) આ પ્રમાણે પૂછાયેલા તે જિનકલ્પી ભગવંત બીજા આદેશમાં આ (નીચેની ગાથામાં કહેવાશે તે) કહે. અહીં પૂર્વના (૧૪૬૪મી ગાથાના) આદેશની અપેક્ષાએ બીજો આદેશ જાણવો. [૧૪૭૦] જિનાજ્ઞાથી આધાકર્મ વગેરે દોષોનો ત્યાગ કરતા અને વિશુદ્ધ મનવાળા તે મુનિ પૂર્વે (૧૪૬૪મી) ગાથામાં "સ્થાનો અનિયત હોય છે" ઈત્યાદિ જે કહ્યું તે જ કહે. [૧૪૭૧]

**चोएई पढमदिणे, जइ कोइ करिज्ज तस्स कम्माई ।**

**तत्थ ठिअं णाऊणं, अजंपिउं चेव तत्थ कहं ॥ १४७२ ॥**

**वृत्तिः**- '**चोदयति**' शिष्यः-'**प्रथमदिवसे**' अटनगत एव '**यदि कश्चित्कुर्यात्**' किञ्चित् '**कर्म्मादि**' अकल्प्यं '**तत्र स्थितं ज्ञात्वा**' क्षेत्रे '**ऽसङ्कल्प्यैव**' किञ्चित् '**तत्र कथमि**'ति गाथार्थः ॥ १४७२ ॥

**चोअग ! एवंपि इहं, जइ उ करिज्जाहि कोइ कम्माई ।**

**ण हि सो तं ण विआणइ, सुआइसयजोगओ भयवं ॥ १४७३ ॥**

**वृत्तिः**- '**चोदक ! एवमप्यत्र यदि कुर्यात् कश्चित् कर्म्मादि**' प्रच्छन्नमेव, '**न ह्यसौ तन्न विजानाति**', विजानात्येव '**श्रुतातिशययोगतः**' कारणात् तद् '**भगवानि**'ति गाथार्थः ॥ १४७३ ॥

(હવે પ્રશ્ન-ઉત્તર કહે છે-)

અહીં શિષ્ય પ્રશ્ન કરે છે કે- ભિક્ષાટનના પહેલા દિવસે જ જો કોઈ તે ક્ષેત્રમાં જિનકલ્પીને રહેલા જાણીને કંઈ કહ્યા વિના જ આધાકર્મ વગેરે દોષવાળું કંઈક અકલ્પ્ય કરે તો જિનકલ્પી તેને કેવી રીતે જાણે ? અને કેવી રીતે તેનો ત્યાગ કરે ? [૧૪૭૨] હે પ્રશ્નકારક ! અહીં જો કોઈ આ પ્રમાણે પણ ગુપ્ત જ આધાકર્મ વગેરે દોષવાળું કંઈક કરે તો પણ એ ભગવંત તેને નથી જાણતા એમ નથી, શ્રુતાતિશયનો (= વિશિષ્ટ શ્રુતનો) યોગ હોવાના કારણે જાણે જ છે. [૧૪૭૩]

**एसो उण से कप्पो, जं सत्तमगम्मि चेव दिवसम्मि ।**

**एगत्थ अडइ एवं, आरंभविवज्जणणिमित्तं ॥ १४७४ ॥**

**वृत्तिः**- '**एष पुनः**' '**से**' तस्य '**कल्पः यत् सप्तम एव दिवसे एकत्र**' वीथ्यां '**मटति एवम्**'-उक्तव'**दारम्भविवर्ज्जननिमित्तमि**'ति गाथार्थः ॥ १४७४ ॥

**इअ अणिअयवित्तिं तं, दट्ठुं सड्ढाणवी तदारंभे ।**

**अणिअयमो ण पवित्ती, होइ तहा वारणाओ अ ॥ १४७५ ॥**

**वृत्तिः**- '**एवमनियतवृत्तिं तं**' वीथिविहारेण '**दृष्ट्वा श्राद्धानामपि**' प्राणिनां '**तदारम्भे-ऽनियमात्का**'रणात् '**न प्रवृत्तिर्भवति, तथा वारणाच्चा**'नियतत्वादिभावेनेति गाथार्थः ॥ १४७५ ॥

(તો પછી છ ભાગ કરીને ભિક્ષાટન શા માટે કરે છે ? એ પ્રશ્નનો ઉત્તર આપે છે-)

ઉક્ત રીતે આરંભના ત્યાગ માટે તેનો આ કલ્પ છે કે સાતમા જ દિવસે એક શેરીમાં ભિક્ષાટન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરવું. [૧૪૭૪] આ પ્રમાણે શેરીના ક્રમે ભિક્ષાટનથી તેને અનિયત આજીવિકાવાળા જોઈને તેનું આગમન અનિયત હોવાના કારણે તથા સાધુઓનું સ્થાન અનિયત હોય ઈત્યાદિ કહીને રોકવાથી શ્રદ્ધાળુ પણ જીવોની આધાકર્મ વગેરે દોષના આરંભમાં પ્રવૃત્તિ ન થાય. [૧૪૭૫]

गच्छवासिनामेवमकुर्वतामदोषमाह–

**इअरेऽवाऽऽणाउच्चिअ, गुरुमाइनिमित्तओ पइदिणंपि ।**

**दोसं अपिच्छमाणा, अडंति मज्झत्थभावेण ॥ १४७६ ॥**

**वृत्तिः**– '**इतरेऽपि**' गच्छवासिन'**आज्ञात एव**', निमित्तत्वाद्,'**गुर्वादिनिमित्ततश्च**'हेतोः'**प्रतिदिवसमपि दोषमपश्यन्तः**' सन्तोऽनेषणारूपं'**अटन्ति**'**मध्यस्थभावेन**'समतयेति गाथार्थः ॥ १४७६ ॥

આ પ્રમાણે (= દરરોજ અલગ અલગ શેરીમાં જવું વગેરે) ન કરનારા ગચ્છવાસી સાધુઓને દોષ નથી એ કહે છે–

ગચ્છવાસી સાધુઓ પણ આજ્ઞા રૂપ નિમિત્તથી (= તેમને તેવી આજ્ઞા હોવાથી) જ અને ગુરુ વગેરેના [1]નિમિત્તે અનેષણા રૂપ દોષ ન દેખાય તો દરરોજ પણ સમભાવથી એક શેરીમાં ભિક્ષાટન કરે. [૧૪૭૬]

प्रासङ्गिकमेतत्, प्रस्तुतमेवाह–

**एवं तु ते अडंता, वसही एक्काए कइ वसिज्जाहि ? ।**

**वीहीए अ अडंता, एगाए कइ अडिज्जाहि ॥ १४७७ ॥**

**वृत्तिः**– '**एवं तु ते अटन्तो**' जिनकल्पिका '**वसतावेकस्यां कति वसेयुः ?**', तथा '**वीथ्यां वा अटन्तः**' सन्तः '**एकस्यां कत्यटेयुरिति**' गाथार्थः ॥ १४७७ ॥

**एगाए वसहीए, उक्कोसेणं वसंति सत्त जणा ।**

**अवरोप्परसंभासं, वज्जिंता कहवि जोएणं ॥ १४७८ ॥**

**वृत्तिः**– '**एकस्यां वसतौ**' बाह्यायां '**उत्कृष्टतो वसन्ति सप्त जनाः**', कथमित्याह–'**परस्परं सम्भाषणं वर्जयन्तः**' सन्तः '**कथमपि योगेने**'ति गाथार्थः ॥ १४७८ ॥

**वीहीए एक्काए, एक्को च्चिअ पइदिणं अडइ एसो ।**

**अण्णे भणंति भयणा, सा य ण जुत्तिक्खमा णेआ ॥ १४७९ ॥**

**वृत्तिः**– '**वीथ्यां त्वेकस्यामेक एव प्रतिदिनमटत्येष**' जिनकल्पिकः, '**अन्ये भणन्ति भजनां,सा च न युक्तिक्षमा ज्ञेया**'ऽत्र वस्तुनीति गाथार्थः ॥ १४७९ ॥

૧. ગુરુ વગેરેના નિમિત્તે એટલે ગુરુ વગેરેને જે દ્રવ્યની જરૂરિયાત હોય તે દ્રવ્ય એક જ શેરીમાં મળી શકે તેમ હોય તો દરરોજ પણ એક જ શેરીમાં જાય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

कुत इत्याह-

**एएसिँ सत्त वीही, एत्तो च्चिअ पायसो जओ भणिआ ।**

**कह नाम अणोमाणं ?, हविज्ज गुणकारणं णिअमा ॥ १४८० ॥**

**वृत्तिः-** '**एतेषां सप्त वीथ्यः, अत एव**' कारणात्, मा भूदेकस्यामुभयाटनमिति, '**प्रायसो यतो भणिताः**' क्वचित्प्रदेशान्तरे, '**कथं नामानवमानं भवेत् ?**', अन्योऽन्यसंघट्टाभावेन '**गुण-कारकं नियमात्**' प्रवचनस्येति गाथार्थः ॥ १४८० ॥

**આ પ્રાસંગિક કહ્યું. હવે પ્રસ્તુત વિષયને જ કહે છે–**

**પ્રશ્ન-** આ પ્રમાણે વિચરતા તે જિનકલ્પીઓ એક વસતિમાં કેટલા રહે ? તથા શેરીમાં ભિક્ષાટન કરતા તે જિનકલ્પીઓ એક શેરીમાં કેટલા ભિક્ષાટન કરે ? [૧૪૭૭]

**ઉત્તર-** એક વસતિમાં ઉત્કૃષ્ટથી સાત જિનકલ્પીઓ રહે, અને કોઈ પણ રીતે પરસ્પર બોલે નહિ. [૧૪૭૮] એક શેરીમાં પ્રતિદિન એક જ જિનકલ્પી ભિક્ષાટન કરે. આ વિષે બીજાઓ વિકલ્પ કહે છે, અર્થાત્ એક શેરીમાં પ્રતિદિન એકથી વધારે પણ જિનકલ્પીઓ ભિક્ષાટન કરે એમ કહે છે. પણ આ વિકલ્પ યુક્તિક્ષમ નથી=યુક્તિ સામે ટકી શકે તેમ નથી. [૧૪૭૯] **આ વિકલ્પ યુક્તિક્ષમ કેમ નથી ? એ કહે છે-** એક શેરીમાં બે જિનકલ્પીઓને ભિક્ષાટન કરવાનો પ્રસંગ ન આવે એ માટે જ જિનકલ્પીઓની કોઈક પ્રદેશમાં [1]પ્રાયઃ સાત શેરીઓ (=વિભાગો) કહી છે. જો આ રીતે વિભાગ ન પાડવામાં ન આવે તો એક શેરીમાં જિનકલ્પીઓનો પરસ્પર સંઘટ્ટ થાય. આથી (अणोमाणं =) ક્ષેત્રના માપનો અભાવ=વિભાગનો અભાવ જિનકલ્પીઓના પરસ્પરના સંઘટ્ટના અભાવદ્વારા નિયમા પ્રવચનને લાભકારી કેવી રીતે થાય ? ન જ થાય.

(**ભાવાર્થ-** ક્ષેત્રના વિભાગ ન પાડવામાં આવે તો જિનકલ્પીઓનો પરસ્પર સંઘટ્ટ થાય અને એથી શાસનને નુકસાન થાય. લોકોને એમ થાય કે એકને આપ્યું તો બીજો આવ્યો, બીજાને આપ્યું તો ત્રીજો આવ્યો. આમ લોકોને અરુચિ થવાનો સંભવ રહે. એથી શાસનની હીલના થાય. જ્યારે વિભાગ પાડવામાં આવે તો એક શેરીમાં એકથી વધારે ન જાય, એથી લોકોને જિનકલ્પી પ્રત્યે આદર વધે. આથી શાસનની પ્રભાવના થાય.) [૧૪૮૦]

वीथीज्ञानोपायमाह-

**अइसइणो अ जमेए, वीहिविभागं अओ विआणंति ।**

**ठाणाइएहिँ धीरा, समयपसिद्धेहिँ लिंगेहिं ॥ १४८१ ॥**

**वृत्तिः-** '**अतिशयिनश्च यदेते**' श्रुततः '**वीथीविभागमतो विजानन्त्ये**'वेति, '**स्थानादिभिः धीरा**' वसतिगतैः '**समयप्रसिद्धैर्लिङ्गैः**' श्रुतादेवेति गाथार्थः ॥ १४८१ ॥

१. જ્યારે સાત જિનકલ્પીઓ એક સ્થળે ભેગા થાય ત્યારે સાત વિભાગ કરવાના હોય છે. સાત જિનકલ્પીઓ ક્યારેક જ ભેગા થાય. આથી સાત ભાગ પણ ક્યારેક જ કરવાના હોય છે. માટે અહીં 'પ્રાયઃ' કહ્યું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उपसंहरन्नाह-

**एसा सामायारी, एएसिं समासओ समक्खाया ।**

**एत्तो खित्तादीअं, ठिइमेएसिं तु वक्खामि ॥ १४८२ ॥**

**वृत्तिः**- '**एषा सामाचारी** '**एतेषां**' जिनकल्पिकानां '**समासतः समाख्याता, अतः क्षेत्राद्यां स्थितिं**'-भावाद्यवस्थां '**एतेषामेव वक्ष्यामीति**' गाथार्थः ॥ १४८२ ॥

શેરીઓને જાણવાનો ઉપાય કહે છે–

ધીર જિનકલ્પીઓ શ્રુતાતિશયવાળા હોય છે, એથી શ્રુતના આધારે વસતિમાં રહેલા શાસ્ત્રપ્રસિદ્ધ સ્થાન વગેરે ચિહ્નોથી શેરીના વિભાગને શ્રુતથી અવશ્ય જાણી શકે છે. [૧૪૮૧]

**ઉપસંહાર કરે છે**- જિનકલ્પીઓની આ સામાચારી સંક્ષેપથી કહી. હવે જિનકલ્પીઓની જ ક્ષેત્ર વગેરે સંબંધી સ્થિતિને=વિદ્યમાનતા વગેરે અવસ્થાને કહીશ, અર્થાત્ ક્ષેત્ર વગેરે દ્વારોથી જિનકલ્પીઓનું સ્વરૂપ કહીશ. [૧૪૮૨]

**खित्ते कालचरित्ते, तित्थे परिआए आगमे वेए ।**

**कप्पे लिंगे लेसा, झाणे गणणा अभिगहा य ॥ १४८३ ॥**

**वृत्तिः**- '**क्षेत्रे**' एकस्मिन् स्थितिरमीषां, एवं '**काले चारित्रे तीर्थे पर्याये आगमे वेदे कल्पे लिङ्गे लेश्यायां ध्याने**' तथा '**गणनाऽभिग्रहाश्चे**'तेषां वक्तव्या इति गाथार्थः ॥ १४८३ ॥

**पव्वावण मुंडावण, मणसाऽऽवण्णेऽवि से अणुग्घाया ।**

**कारण णिप्पडिकम्मे, भत्तं पंथो अ तइआए ॥ १४८४ ॥ द्वारगाथाद्वयं**

**वृत्तिः**- '**प्रव्राजनमुण्डने**'त्यत्र स्थितिर्वाच्या, '**मनसाऽऽपन्नेऽपि**' दोषे '**से**' तस्य '**अनुद्घाताः**'-चतुर्गुरवः प्रायश्चित्तं, तथा '**कारणनिष्प्रतिकर्म्मे**'तास्थितिर्वाच्या, तथा '**भक्तं पन्थाश्च तृतीयायां**' पौरुष्यामस्येति गाथासमासार्थः ॥ १४८४ ॥

(દ્વારગાથાઓ કહે છે–)

૧ ક્ષેત્ર- કયા ક્ષેત્રમાં જિનકલ્પીઓ હોય, એ પ્રમાણે ૨ કાલ, ૩ ચારિત્ર, ૪ તીર્થ, ૫ પર્યાય, ૬ આગમ, ૭ વેદ, ૮ કલ્પ, ૯ લિંગ, ૧૦ લેશ્યા, ૧૧ ધ્યાન, ૧૨ ગણના, ૧૩ અભિગ્રહ, ૧૪ પ્રવ્રાજના, ૧૫ મુંડન, ૧૬ પ્રાયશ્ચિત્ત-મનથી પણ દોષ પામે તો જિનકલ્પીને 'અનુદ્ઘાત ચતુર્ગુરુ' પ્રાયશ્ચિત્ત આવે, ૧૭ કારણ, ૧૮ નિષ્પ્રતિકર્મતા, ૧૯ ભક્ત, ૨૦ પંથ-જિનકલ્પી (ભોજન અને વિહાર) ત્રીજા પ્રહરમાં કરે. (આમ ૨૦ દ્વારો છે.) ગાથાઓનો આ સંક્ષિપ્ત અર્થ છે. [૧૪૮૩-૧૪૮૪]

व्यासार्थं तु गाथाद्वयस्यापि ग्रन्थकार एव प्रतिपादयति, तत्राद्यं क्षेत्रद्वारमधिकृत्याह-

**खित्ते दुहेह मग्गणं, जम्मणओ चेव संतिभावे अ ।**

**जम्मणओ जहिँ जाओ, संतीभावो अ जहिँ कप्पो ॥ १४८५ ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**- '**क्षेत्रे द्विविधेह मार्गणा**' जिनकल्पिकस्थितौ-'**जन्मतश्चैव सद्भावतश्च**', तत्र '**जन्मतो यत्र जातः**' क्षेत्रे, एवं जन्माश्रित्य '**सद्भावतश्च यत्र कल्पः**' क्षेत्रे, एवं सद्भावमाश्रित्य मार्गणेति गाथार्थः ॥ १४८५ ॥

**जम्मणसंतीभावेसु होज्ज सव्वासु कम्मभूमीसु ।**
**साहरणे पुण भइओ, कम्मे व अकम्मभूमे वा ॥ १४८६ ॥ दारं ॥**

**वृत्तिः**- '**जन्मसद्भावयोर**'यं '**भवेत् सर्वासु कर्म्मभूमिषु**'-भरताद्यासु, '**संहरणे पुनर्भाज्यो**'ऽयं '**कर्म्मभूमिको वा**' सद्भावमाश्रित्य '**अकर्म्मभूमिको वा**' सद्भावमाश्रित्येति गाथार्थः ॥ १४८६ ॥

બંને ગાથાઓનો વિસ્તૃત અર્થ તો ગ્રંથકાર જ જણાવે છે, તેમાં પહેલા ક્ષેત્રદ્વારને ઉદ્દેશીને કહે છે–

ક્ષેત્ર સંબંધી વિચારણા જન્મથી અને સદ્ભાવથી એમ બે પ્રકારે છે. તેમાં જે ક્ષેત્રમાં જન્મ થાય તે જન્મથી વિચારણા છે. જે ક્ષેત્રમાં કલ્પ હોય તે સદ્ભાવથી વિચારણા છે. [૧૪૮૫] જન્મથી અને સદ્ભાવથી જિનકલ્પી ભરત વગેરે સર્વ કર્મભૂમિઓમાં હોય. સંહરણથી તો સદ્ભાવને આશ્રયીને કર્મભૂમિમાં પણ હોય કે અકર્મભૂમિમાં પણ હોય. [૧૪૮૬]

कालद्वारमधिकृत्याह-

**उस्सप्पिणिए दोसुं, जम्मणओ तिसु अ संतिभावेणं ।**
**उस्सप्पिणि विवरीओ, जम्मणओ संतिभावेण ॥ १४८७ ॥**

**वृत्तिः**-'**अवसर्प्पिण्यां**' काले'**द्वयोः**'-सुषमदुष्षमदुष्षमसुषमयो'**र्जन्मतो**'-जन्माश्रित्यास्य स्थितिः, '**तिसृषु**'-सुषमदुष्षमदुष्षमसुषमदुष्षमासु '**सद्भावेने**'ति स्वरूपतयाऽस्य स्थितिः, '**उत्सर्प्पिण्यां विपरीतो**'ऽस्य कल्पः'**जन्मतः सद्भावतश्च**', एतदुक्तं भवति-दुष्षमदुष्षमसुषमसुषम-दुष्षमासु तिसृषु जन्मतः दुष्षमसुषमसुषमदुष्षमयोस्तु द्वयोः सद्भावत एवेति गाथार्थः ॥ १४८७ ॥

**णोसप्पिणिउस्सप्पिणि, होइ पलिभागेसु चउत्थम्मि ।**
**काले पलिभागेसु अ, संहरणे होइ सव्वेसुं ॥ १४८८ ॥ दारं ॥**

**वृत्तिः**- '**नावसर्प्पिण्युत्सर्प्पिणी**'ति उभयशून्ये स्थिते काले '**भवति**' त्वयं जन्मतः, सद्भावतश्च '**प्रतिभागे चतुर्थ**' एव '**काले**'-दुष्षमसुषमारूपे विदेहेषु, '**प्रतिभागेषु च**' केवलेषु '**संहरणे**' सति सद्भावमाश्रित्य '**भवति सर्वेषू**'त्तरकुर्वादिगतेष्विति गाथार्थः ॥ १४८८ ॥

કાલદ્વારને ઉદ્દેશીને કહે છે–

અવસર્પિણીકાલમાં જન્મથી ત્રીજા-ચોથા આરામાં જ હોય, (આનો અર્થ એ થયો કે પાંચમા આરામાં જન્મેલ જીવ જિનકલ્પ ન સ્વીકારી શકે,) સદ્ભાવથી ત્રીજા-ચોથા-પાંચમા[1] આરામાં

૧. ચોથા આરામાં જન્મીને પાંચમા આરામાં જિનકલ્પને સ્વીકારે, અથવા ચોથા આરામાં જિનકલ્પને સ્વીકારીને પાંચમા આરામાં પણ વિદ્યમાન હોય એ અપેક્ષાએ સદ્ભાવથી પાંચમા આરામાં હોય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય. ઉત્સર્પિણીમાં આનાથી ઉલટું હોય. તે આ પ્રમાણે- ઉત્સર્પિણીમાં જન્મથી બીજા-ત્રીજા-ચોથા આરામાં હોય, અને સદ્ભાવથી ત્રીજા-ચોથા આરામાં હોય. (આનો અર્થ એ થયો કે બીજા આરામાં જન્મેલ જીવ ત્રીજા આરામાં કલ્પને સ્વીકારી શકે, બીજામાં નહીં.) [૧૪૮૭] ઉત્સર્પિણી-અવસર્પિણી રહિત (= અવસ્થિત) કાળમાં મહાવિદેહ ક્ષેત્રની અપેક્ષાએ જન્મથી અને સદ્ભાવથી ચોથા આરામાં જ હોય. સંહરણથી સદ્ભાવને આશ્રયીને [1]ઉત્તરકુરુ આદિ સર્વ ક્ષેત્રોની અપેક્ષાએ સર્વ આરાઓમાં હોય. [૧૪૮૮]

चारित्रद्वारमधिकृत्याह-

**पढमे वा बीए वा, पडिवज्जइ संजमम्मि जिणकप्पं ।**

**पुव्वपडिवन्नओ पुण, अण्णयरे संजमे हुज्जा ॥ १४८९ ॥**

**वृत्तिः**- '**प्रथमे वा**'-सामायिक एव '**द्वितीये वा**'-छेदोपस्थाप्ये '**प्रतिपद्यते** '**संयमे**' चारित्रे सति '**जिनकल्पं**', नान्यस्मिन्, '**पूर्वप्रतिपन्नः पुनर**'सौ '**अन्यतरस्मिन् संयमस्थाने**'-सूक्ष्म-सम्परायादौ '**भवेद्**', उपशमश्रेणिमधिकृत्येति गाथार्थः ॥ १४८९ ॥

**मज्झिमतित्थयराणं, पढमे पुरिमंतिमाण बीअम्मि ।**

**पच्छा विसुद्धजोगा, अण्णयरं पावइ तयं तु ॥ १४९० ॥**

**वृत्तिः**-'**मध्यमतीर्थकराणां**' तीर्थे '**प्रथमे**' भवेत्, द्वितीयस्य तेषामभावात्, '**पुरिमचरमयोस्तु**' तीर्थकरयोः तीर्थे '**द्वितीये**' भवेत्, छेदोपस्थाप्य एव, '**पश्चाद्विशुद्धयोगात्**' कारणा '**दन्यतरं प्राप्नोति तं**' संयमं सूक्ष्मसम्परायादिमुपशमापेक्षयेति गाथार्थः ॥ १४९० ॥

ચારિત્રદ્વારને ઉદ્દેશીને કહે છે–

સામાયિક કે છેદોપસ્થાપ્ય ચારિત્રમાં જિનકલ્પનો સ્વીકાર કરે, અન્ય ચારિત્રમાં નહિ. પૂર્વપ્રતિપન્ન (= જિનકલ્પનો જેણે સ્વીકાર કરી લીધો છે તે) તો સૂક્ષ્મસંપરાય [2]વગેરે કોઈ અન્ય ચારિત્રમાં હોય, અર્થાત્ ઉપશમ શ્રેણિની અપેક્ષાએ જિનકલ્પીને સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત ચારિત્ર પણ હોય. (જિનકલ્પી તે ભવમાં મોક્ષમાં ન જાય, આથી તેને ક્ષપકશ્રેણિ ન હોય.) [૧૪૮૯] પહેલા અને છેલ્લા સિવાય મધ્યમ બાવીસ તીર્થંકરોના તીર્થમાં સામાયિકચારિત્રમાં જિનકલ્પનો સ્વીકાર થાય. કારણ કે છેદોપસ્થાપનીય ચારિત્ર તેમને હોતું નથી. પહેલા અને છેલ્લા તીર્થંકરના તીર્થમાં છેદોપસ્થાપનીય ચારિત્રમાં જ જિનકલ્પનો સ્વીકાર થાય. જિનકલ્પનો સ્વીકાર કર્યા પછી યોગો વિશુદ્ધ થાય તો ઉપશમ શ્રેણિની અપેક્ષાએ સૂક્ષ્મસંપરાય વગેરે અન્ય ચારિત્રને પામે. [૧૪૯૦]

૧. દેવકુરુ-ઉત્તરકુરુમાં સુષમસુષમા રૂપ પહેલો આરો છે. હરિવર્ષ-રમ્યક્વર્ષમાં સુષમા રૂપ બીજો આરો છે. હૈમવત-હૈરણ્યવતમાં સુષમ-દુઃષમા રૂપ ત્રીજો આરો છે. મહાવિદેહ ક્ષેત્રમાં દુઃષમ-સુષમા રૂપે ચોથો આરો છે.

૨. પરિહારવિશુદ્ધિ સિવાય કોઈ પણ ચારિત્રમાં હોય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

तीर्थद्वारमधिकृत्याह–

**तित्थेत्ति नियमओ च्चिय, होइ स तित्थम्मि न पुण तदभावे ।**
**विगएऽणुप्पण्णे वा, जाईसरणाइएहिं तु ॥ १४९१ ॥**

**वृत्तिः**– '**तीर्थ इति नियमत एव भवति स**' जिनकल्पिकः '**तीर्थे**' सङ्घे सति, '**न पुनस्तदभावे, विगतेऽनुत्पन्ने वा**' तीर्थे, '**जातिस्मरणादिभिरेव**' कारणैरिति गाथार्थः ॥ १४९१ ॥

**अहिगयरं गुणठाणं, होइ अतित्थंमि एस किं ण भवे ? ।**
**एसा एअस्स ठिई, पण्णत्ता वीअरागेहिं ॥ १४९२ ॥**

**वृत्तिः**– '**अधिकतरं**' तद्–'**गुणस्थानं**' श्रेण्यादि '**भवत्यतीर्थे**', मरुदेव्यादीनां तथाश्रवणादिति, '**एष किं न भवति**' जिनकल्पिक इत्याशङ्क्याह–'**एषा एतस्य स्थितिः**'–जिनकल्पिकस्य '**प्रज्ञप्ता वीतरागैः**', न पुनरत्र काचिद्युक्तिरिति गाथार्थः ॥ १४९२ ॥

**તીર્થદ્વારને આશ્રયીને કહે છે–**

જિનકલ્પી નિયમા તીર્થમાં=સંઘ હોય ત્યારે હોય, નહિ કે તેના અભાવમાં. તીર્થનો વિચ્છેદ થાય ત્યારે કે તીર્થ ઉત્પન્ન ન થયું હોય ત્યારે જાતિસ્મરણ વગેરે કારણોથી પણ કોઈ જિનકલ્પી ન થાય. [૧૪૯૧]

**પ્રશ્ન**- તીર્થના અભાવમાં ક્ષપક શ્રેણિ આદિ અધિક ગુણસ્થાન થાય છે, અર્થાત્ અધિક ગુણોની પ્રાપ્તિ થાય છે. મરુદેવામાતા વગેરે માટે તેમ સંભળાય છે. તો પછી અતીર્થમાં જિનકલ્પિક કેમ ન થાય ?

**ઉત્તર**- વીતરાગ ભગવંતોએ જિનકલ્પિકની આ (= અતીર્થમાં ન થાય એ) મર્યાદા કહી છે, આમાં કોઈ યુક્તિ નથી. [૧૪૯૨]

पर्यायद्वारमधिकृत्याह–

**परिआओ अ दुभेओ, गिहिजइभेएहिं होइ णायव्वो ।**
**एक्केक्को उ दुभेओ, जहण्णउक्कोसओ चेव ॥ १४९३ ॥**

**वृत्तिः**– '**पर्यायश्च द्विभेदो**'ऽत्र '**गृहियतिभेदाभ्यां भवति ज्ञातव्यः, एकैकश्च द्विभेदो**'ऽसौ–'**जघन्य उत्कृष्टश्चैवे**'ति गाथार्थः ॥ १४९३ ॥

**एअस्स एस णेओ, गिहिपरिआओ जहण्ण गुणतीसा ।**
**जइपरिआए वीसा, दोसुवि मुक्कोस देसूणा ॥ १४९४ ॥ दारं ॥**

**वृत्तिः**– '**एतस्यैष ज्ञेयो गृहिपर्यायो**' जन्मत आरभ्य '**जघन्य एकोनत्रिंशद्वर्षाणि, यतिपर्यायो विंशतिवर्षाणि**' जघन्यः, एवं '**द्वयोरपि**'–गृहियतिभेदयो**रुत्कृष्ट**'पर्यायः '**देशोना**' पूर्वकोटीति गाथार्थः ॥ १४९४ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પર્યાયદ્વારને આશ્રયીને કહે છે–

અહીં પર્યાય ગૃહસ્થનો અને સાધુનો એમ બે પ્રકારે છે. એ પ્રત્યેક પર્યાય જઘન્ય અને ઉત્કૃષ્ટ એમ બે પ્રકારે છે. [૧૪૯૩] જિનકલ્પીનો જઘન્ય ગૃહસ્થપર્યાય જન્મથી આરંભી ઓગણત્રીસ વર્ષ છે, જઘન્ય સાધુપર્યાય વીસ વર્ષ છે. બંનેનો ઉત્કૃષ્ટ પર્યાય દેશોનપૂર્વકોટિ વર્ષ છે. [૧૪૯૪]

आगमद्वारमधिकृत्याह–

**अप्पुव्वं णाहिज्जइ, आगममेसो पडुच्च तं जम्मं ।**

**जमुचिअपगिट्ठजोगाराहणओ चेव कयकिच्चो ॥ १४९५ ॥**

**वृत्तिः**– '**अपूर्वं नाधीते आगममेषः**', कुत इत्याह–'**प्रतीत्य तज्जन्म**'–वर्त्तमानं, '**यद्**' यस्मा'**दुचितप्रकृष्टयोगाराधनादेव**' कारणात् '**कृतकृत्यो**' वर्त्तत इति गाथार्थः ॥ १४९५ ॥

**पुव्वाहीअं तु तयं, पायं अणुसरइ निच्चमेवेस ।**

**एगग्गमणो सम्मं, विस्सोअसिगाइखयहेउं ॥ १४९६ ॥**

**वृत्तिः**– '**पूर्वाधीतं तु तत्**'–श्रुतं '**प्रायोऽनुस्मरति नित्यमेवैषः**'–जिनकल्पिकः '**एकाग्रमनाः सम्यग्**' यथोक्तं '**विश्रोतसिकायाः क्षयहेतुं**', श्रुतं स्मरतीति गाथार्थः ॥ १४९६ ॥

આગમદ્વારને આશ્રયીને કહે છે–

જિનકલ્પી વર્તમાન જન્મને આશ્રયીને, અર્થાત્ વર્તમાનભવમાં, નવું શ્રુત ન ભણે. કારણ કે ઉચિત ઉત્કૃષ્ટ યોગની આરાધનાના કારણે જ તે કૃતકૃત્ય છે. [૧૪૯૫] જિનકલ્પી પૂર્વે ભણેલા શ્રુતનું પ્રાયઃ સદૈવ એકાગ્રચિત્તે સમ્યગ્ (= જે રીતે કહ્યું છે તે રીતે) સ્મરણ કરે. શ્રુત (= શ્રુતનું સ્મરણ) અશુભધ્યાનના ક્ષયનું કારણ છે. [૧૪૯૬]

वेदद्वारमधिकृत्याह–

**वेओ पवित्तिकाले, इत्थीवज्जो उ होइ एगयरो ।**

**पुव्वपडिवन्नगो पुण, होज्ज सवेओ अवेओ वा ॥ १४९७ ॥**

**वृत्तिः**– '**वेदः प्रवृत्तिकाले**' तस्य '**स्त्रीवर्ज एव भवत्येकतरः**'–पुंवेदो नपुंसकवेदो वा शुद्धः '**पूर्वप्रतिपन्नः पुनर**'ध्यवसायभेदाद् भवे'**त्सवेदो वा अवेदो वैष**' इति गाथार्थः ॥ १४९७ ॥

**उवसमसेढीए खलु, वेए उवसामिअंमि उ अवेओ ।**

**न उ खविए तज्जम्मे, केवलपडिसेहभावाओ ॥ १४९८ ॥ दारं ॥**

**वृत्तिः**– '**उपशमश्रेण्यामेव वेदे उपशमिते**' सति '**अवेदो**' भवति, '**न तु क्षपिते**', कुत इत्याह'**तज्जन्मन्य**'स्य '**केवलप्रतिषेधभावादि**'ति गाथार्थः ॥ १४९८ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વેદદ્વારને આશ્રયીને કહે છે–

જિનકલ્પના સ્વીકારના કાલે સ્ત્રીવેદ સિવાય, પુરુષવેદ કે નપુંસકવેદ એ બેમાંથી કોઈ એક વેદ હોય. આ વેદ શુદ્ધ=અસંક્લિષ્ટ હોય. પૂર્વપ્રતિપન્ન તો અધ્યવસાયભેદથી વેદ સહિત હોય કે વેદ રહિત પણ હોય. [૧૪૯૭] ઉપશમશ્રેણીમાં જ વેદનો ઉપશમ થતાં તે વેદરહિત થાય, નહિ કે વેદનો ક્ષય થતાં. કારણ કે જિનકલ્પીને તે જન્મમાં કેવલજ્ઞાનનો પ્રતિષેધ છે. (વેદનો ક્ષય થતાં અવશ્ય કેવલજ્ઞાન થાય.) [૧૪૯૮]

कल्पद्वारमधिकृत्याह–

**ठिअमट्ठिए अ कप्पे, आचेलक्काइएसु ठाणेसुं ।**

**सव्वेसु ठिआ पढमो, चउ ठिअ छसु अट्ठिआ बिइओ ॥ १४९९ ॥**

**वृत्तिः**– '**स्थितेऽस्थिते च कल्पे**' एष भवति, न कश्चिद्विशेषः, अनयोः स्वरूपमाह– '**आचेलक्यादिषु स्थानेषु**' वक्ष्यमाणलक्षणेषु '**सर्वेषु**' दशस्वपि '**स्थिताः**' '**प्रथम**' इति स्थितकल्पः, '**चतुर्षु स्थिता**' इति शय्यातरराजपिण्डकृतिकर्म्मज्येष्ठपदेषु स्थिताः मध्यमतीर्थकरसाधवोऽपि '**षट्सु अस्थिताः**'–आचेलक्यादिष्वनियमवन्त इति '**द्वितीयः**'–अस्थितकल्प इति गाथार्थः ॥ १४९९ ॥

JAINSITE
जैनम् जयति शासनम्

કલ્પદ્વારને આશ્રયીને કહે છે–

જિનકલ્પી સ્થિત અને અસ્થિત એ બંને કલ્પમાં હોય. આમાં કોઈ વિશેષ નથી. **બંને કલ્પનું સ્વરૂપ કહે છે**- જેમનાં લક્ષણો હવે કહેવાશે તે આચેલક્ય વગેરે દશેય સ્થાનોમાં પહેલા અને છેલ્લા જિનના સાધુઓ સ્થિત (= નિયત) હોવાથી તેમનો કલ્પ સ્થિતકલ્પ છે. મધ્યમ તીર્થંકરોના સાધુઓ પણ શય્યાતર, રાજપિંડ, કૃતિકર્મ અને જ્યેષ્ઠ પદ એ ચારમાં સ્થિત (= નિયત) હોય છે, પણ આચેલક્ય વગેરે છ માં અસ્થિત (= અનિયત) હોવાથી તેમનો કલ્પ અસ્થિત કલ્પ છે. [૧૪૯૯]

स्थानान्याह–

**आचेलक्कु[1]द्देसिअ[2]सिज्जायर[3]रायपिंड[4]किइक[5]म्मे ।**

**वय[6]जिट्ठ[7]पडिक्कमणे[8], मा[9]संपज्जोसवण[10]कप्पे ॥ १५०० ॥**

**वृत्तिः**– '**आचेलक्यौद्देशिकशय्यातरराजपिंडकृतिकर्म्माणि**' पञ्च स्थानानि, तथा '**व्रत-ज्येष्ठप्रतिक्रमणानि**' त्रीणि, '**मासपर्युषणाकल्पौ**' द्वे स्थाने इति गाथार्थः ॥ १५०० ॥

તે (આચારનાં) સ્થાનોને કહે છે–

આચેલક્ય, ઔદેશિક, શય્યાતરપિંડ, રાજપિંડ, કૃતિકર્મ, વ્રત, જ્યેષ્ઠ, પ્રતિક્રમણ, માસ અને પર્યુષણા એ દશ (આચારનાં) સ્થાનો છે. [૧૫૦૦]

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

लिङ्गद्वारमधिकृत्याह-

**लिंगम्मि होइ भयणा, पडिवज्जइ उभयलिंगसंपन्नो ।**
**उवरिं तु भावलिंगं, पुव्वपवण्णस्स णिअमेण ॥ १५०१ ॥**

**वृत्तिः**- **'लिङ्ग'** इति **'भवति भजना'** वक्ष्यमाणाऽस्य, **'प्रतिपद्यते'** कल्पं **'उभयलिङ्गसम्पन्नो'**, द्रव्यभावलिङ्गयुक्त इत्यर्थः, **'उपरि तु'** उपरिष्टाद् **'भावलिङ्ग'**-चारित्र-परिणामरूपं **'पूर्वप्रतिपन्नस्य'** कल्पं **'नियमेन'** भवतीति गाथार्थः ॥ १५०१ ॥

**इअरं तु जिण्णभावाइएहिं सययं न होइवि कयाइं ।**
**ण य तेण विणावि तहा, जायइ से भावपरिहाणी ॥ १५०२ ॥ दारं ॥**

**वृत्तिः**- **'इतरत्तु'**-द्रव्यलिङ्गं **'जीर्णभावादिभिः'** जीर्णहृतादिभिः कारणै **'सततं न भवत्यपि, कदाचित्'**सम्भवत्येतत्, **'न च तेन विनापि 'तथा'** तेन प्रकारेण **'जायते 'से'** तस्य **'भावपरिहाणिः'**, अप्रमादाभ्यासादिति गाथार्थः ॥ १५०२ ॥

લિંગદ્વારને આશ્રયીને કહે છે–

લિંગમાં હવે કહેવાશે તે ભજના=વિકલ્પ છે. તે આ પ્રમાણે- દ્રવ્ય અને ભાવ એ બંને લિંગથી યુક્ત સાધુ જિનકલ્પનો સ્વીકાર કરે છે. ત્યારબાદ પૂર્વપ્રતિપન્નને ચારિત્રપરિણામરૂપ ભાવલિંગ અવશ્ય હોય. [૧૫૦૧] દ્રવ્યલિંગ તો જીર્ણ થયું હોય કે કોઈએ અપહરણ કર્યું હોય વગેરે કારણે સદા ન પણ હોય. દ્રવ્યલિંગ ન હોય એવું ક્યારેક બને. દ્રવ્યલિંગ વિના પણ [1]તે રીતે તેના ભાવની પરિહાનિ ન થાય. કારણ કે તેને અપ્રમાદનો અભ્યાસ છે. [૧૫૦૨]

जैनम् जयति शासनम् JAINSITE.com

लेश्याद्वारमधिकृत्याह-

**लेसासु विसुद्धासुं, पडिवज्जइ तीसु न पुण सेसासु ।**
**पुव्वपडिवन्नओ पुण, होज्जा सव्वासुवि कहंचि ॥ १५०३ ॥**

**वृत्तिः**- **'लेश्यासु विशुद्धासु'**-तैजस्यादिषु **'प्रतिपद्यते तिसृषु'** कल्पं, **'न पुनः शेषास्वा'**द्यासु, **'पूर्वप्रतिपन्नः'** पुनः कल्पस्थः **'भवेत् सर्वास्वपि'**-शुद्धाशुद्धासु **'कथञ्चित्'** कर्म्मवैचित्र्यादिति गाथार्थः ॥ १५०३ ॥

**णच्चंतसंकिलिट्ठासु थेवकालं व हंदि इअरासु ।**
**चित्ता कम्माण गई, तहावि विरिअं फलं देइ ॥ १५०४ ॥ दारं ॥**

**वृत्तिः**- **'नात्यन्तसंक्लिष्टासु'** वर्त्तते, तथा **'स्तोककालं च हन्दीतरासु'**-अशुद्धासु, **'चित्रा कर्म्मणां गतिः'** येन तास्वपि वर्त्तते, **'तथापि वीर्यं फलं ददाति'**, येन तद्भावेऽपि भूयश्चारित्र-शुद्धिरिति गाथार्थः ॥ १५०४ ॥

१. દ્રવ્યલિંગ વિના પ્રમાદી જીવને જે રીતે આર્તધ્યાનાદિથી ભાવની પરિહાનિ થાય તે રીતે જિનકલ્પીને ભાવની પરિહાનિ ન થાય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લેશ્યાદ્વારને આશ્રયીને કહે છે–

તૈજસ આદિ ત્રણ વિશુદ્ધ લેશ્યાઓમાં જિનકલ્પનો સ્વીકાર કરે, અન્ય આદ્ય ત્રણ લેશ્યાઓમાં નહિ. પૂર્વપ્રતિપન્ન તો કર્મની વિચિત્રતાના કારણે કથંચિત્ શુદ્ધાશુદ્ધ બધી ય લેશ્યાઓમાં હોય. [૧૫૦૩] આમ છતાં અત્યંત સંક્લિષ્ટ લેશ્યામાં ન હોય, અને અશુદ્ધ લેશ્યામાં હોય તો પણ બહુ જ થોડો કાલ હોય. કર્મની વિચિત્ર ગતિના કારણે અશુદ્ધ લેશ્યાઓમાં રહેવા છતાં વીર્ય (= અશુદ્ધ લેશ્યાને દૂર કરવાનો પુરુષાર્થ) ફલ આપે છે. જેથી અશુદ્ધ લેશ્યા થવા છતાં ફરી ચારિત્રની શુદ્ધિ થઈ જાય છે. [૧૫૦૪]

ध्यानद्वारमधिकृत्याह-

**झाणंमिवि धम्मेणं, पडिवज्जइ सो पवड्ढमाणेणं ।**
**इअरेसुवि झाणेसुं, पुव्वपवण्णो ण पडिसिद्धो ॥ १५०५ ॥**

**वृत्तिः**- '**ध्यानेऽपि**' प्रस्तुते '**धर्म्मेण**' ध्यानेन '**प्रतिपद्यतेऽसौ**' कल्पं '**प्रवर्द्धमानेन**' सता, '**इतरेष्वपि ध्यानेषु**'-आर्त्तादिषु '**पूर्वप्रतिपन्नो**'ऽयं '**न प्रतिषिद्धो**', भवत्यपीति गाथार्थः ॥ १५०५ ॥

**एवं च कुसलजोगे, उद्दामे तिव्वकम्मपरिणामा ।**
**रोद्दट्टेसुवि भावे, इमस्स पायं निरणुबंधो ॥ १५०६ ॥ दारं ॥**

**वृत्तिः**- '**एवं कुशलयोगे**' जिनकल्पप्रतिपत्त्यो'**द्दामे**' सति '**तीव्रकर्म्मपरिणामौ**'दयिकाद् '**रौद्रार्त्तयोरपि भावोऽस्य ज्ञेयः**', स च '**प्रायो निरनुबन्धः**' स्वल्पत्वादिति गाथार्थः ॥ १५०६ ॥

जैनम् जयति शासनम्

ધ્યાનદ્વારને આશ્રયીને કહે છે–

પ્રસ્તુત ધ્યાનની વિચારણામાં પણ તે અતિશય વધતા ધર્મધ્યાનથી જિનકલ્પનો સ્વીકાર કરે છે. પૂર્વપ્રતિપન્ન આર્ત વગેરે બીજા પણ ધ્યાનોમાં હોઈ શકે. [૧૫૦૫] આ પ્રમાણે (= વધતા ધર્મધ્યાનથી) જિનકલ્પના સ્વીકારથી તે અતિશય શુભયોગમાં હોવા છતાં તીવ્ર કર્મપરિણામના ઉદયથી આર્ત અને રૌદ્રભાવમાં પણ હોય. પણ તે અશુભ ભાવ અતિશય અલ્પ હોવાથી નિરનુબંધ હોય. [૧૫૦૬]

गणनाद्वारमधिकृत्याह-

**गणणत्ति सयपुहुत्तं, एएसिं एगदेव उक्कोसा ।**
**होइ पडिवज्जमाणे, पडुच्च इअरा उ एगाई ॥ १५०७ ॥**

**वृत्तिः**- '**गणनेति शतपृथक्त्वमेतेषां**'-जिनकल्पिकानां '**एकदैवोत्कृष्टा भवति, प्रतिपद्यमानकान् प्रतीत्य, इतरा तु**'-जघन्या गण'**नैकाद्येति**' गाथार्थः ॥ १५०७ ॥

**पुव्वपडिवन्नगाण उ, एसा उक्कोसिआ उचिअखित्ते ।**
**होइ सहस्सपुहुत्तं, इअरा एवंविहा चेव ॥ १५०८ ॥ दारं ॥**

**वृत्तिः**- '**पूर्वप्रतिपन्नानां**' तु '**अमीषामेषा**'-गणना '**उत्कृष्टोचिते**' क्षेत्रे, यत्रैषां भावो '**भवति**' यदुत '**सहस्रपृथक्त्वमिति, इतरापि**'-जघन्या '**एवंविधैव**'-सहस्रपृथक्त्वमेव, लघुतरमिति गाथार्थः ॥ १५०८ ॥

ગણના (= સંખ્યા) દ્વારને આશ્રયીને કહે છે–

પ્રતિપદ્યમાનોને આશ્રયીને જિનકલ્પોની ઉત્કૃષ્ટ ગણના શત પૃથક્ત્વ છે. જઘન્ય ગણના એક વગેરે છે. [૧૫૦૭] પ્રતિપન્નોને આશ્રયીને જિનકલ્પોની ઉત્કૃષ્ટ [1]ગણના યોગ્ય ક્ષેત્રમાં સહસ્રપૃથક્ત્વ છે. જઘન્ય ગણના પણ સહસ્રપૃથક્ત્વ છે. પણ જઘન્ય ગણનાનું સહસ્રપૃથક્ત્વ ઉત્કૃષ્ટ ગણનાના સહસ્રપૃથક્ત્વથી નાનું જાણવું. [૧૫૦૮]

अभिग्रहद्वारमधिकृत्याह-

**दव्वाईआभिग्गह, विचित्तरूवा ण होंति इत्तिरिआ ।**

**एअस्स आवकहिओ, कप्पो च्चिअभिग्गहो जेण ॥ १५०९ ॥**

**वृत्तिः**- '**द्रव्याद्या अभिग्रहाः**' सामान्याः '**विचित्ररूपा न भवन्ति इत्वराः**', कुत इत्याह- '**अस्य यावत्कथितः कल्प एव**' प्रकान्तोऽभिग्रहो येने'ति गाथार्थः ॥ १५०९ ॥

**एयम्मि गोअराई, णिअया णिअमेण णिरववाया य ।**

**तप्पालणं चिअ परं, एअस्स विसुद्धिठाणं तु ॥ १५१० ॥ दारं ॥**

**वृत्तिः**- '**एतस्मिन् गोचरादयः**' सर्व एव '**नियताः नियमेन निरपवादाश्च**' वर्त्तन्ते, यत एवमत'**स्तत्पालनमेव**'**परं**' प्रधानं'**एतस्य विशुद्धिस्थानं**', किं शेषाभिग्रहैः ? इति गाथार्थः ॥ १५१० ॥

અભિગ્રહદ્વારને આશ્રયીને કહે છે–

જિનકલ્પીને ઈત્વરકાલીન (= થોડા સમયના) વિવિધ પ્રકારના દ્રવ્યાદિ અભિગ્રહો ન હોય, કારણ કે એનો જીવનપર્યંત પ્રસ્તુત કલ્પ જ અભિગ્રહ રૂપ છે. [૧૫૦૯] આ કલ્પમાં ગોચરી વગેરે બધા જ આચારો નિયત હોય છે. અને નિયમા નિરપવાદ હોય છે. આથી જિનકલ્પીને એ આચારોનું પાલન જ વિશુદ્ધિનું મુખ્ય સ્થાન છે. અન્ય અભિગ્રહોથી શું ? અર્થાત્ અન્ય અભિગ્રહોની જરૂર જ નથી. [૧૫૧૦]

व्याख्याता प्रथमद्वारगाथा, अधुना द्वितीया व्याख्यायते-तत्र प्रव्राजनद्वारमधिकृत्याह-

**पव्वावेइ ण एसो, अण्णं कप्पट्ठिओत्ति काऊणं ।**

**आणाउ तह पयट्टो, चरमाणसणिव्व णिरविक्खो ॥ १५११ ॥**

**वृत्तिः**- '**प्रव्राजयति नैषोऽन्यं**' प्राणिनं, '**कल्पस्थित इतिकृत्वा**', जीतमेतत्, '**आज्ञा- तस्तथाप्रवृत्तो**'ऽयं महात्मा, '**चरमानशनिवन्निरपेक्ष**' एकान्तेनेति गाथार्थः ॥ १५११ ॥

---

१. ઉત્કૃષ્ટ સંખ્યાવાળા જિનકલ્પીઓ જ્યાં થઈ શકે તેવા યોગ્ય ક્ષેત્રમાં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**उवएसं पुण विअरइ, धुवपव्वावं विआणिउं कंची ।**
**तंपि जहाऽऽसण्णेणं, गुणओ ण दिसादविक्खाए ॥ १५१२ ॥ दारं ॥**

**वृत्तिः**- '**उपदेशं पुनर्वितरति**'-ददाति '**ध्रुवं प्रव्रजन**'शीलं '**विज्ञाय कञ्चित्**' सत्त्वं, '**तमपि यथाऽऽसन्नेन**' वितरति '**गुणात्, न दिगाद्यपेक्षया**' कारणेनेति गाथार्थः ॥ १५१२ ॥

પહેલી દ્વારગાથાનું વ્યાખ્યાન કર્યું. હવે બીજી દ્વારગાથાનું વ્યાખ્યાન કરવામાં આવે છે. તેમાં પ્રવ્રાજનદ્વારને આશ્રયીને કહે છે–

જિનકલ્પી બીજા જીવને દીક્ષા ન આપે. કારણ કે કલ્પમાં રહેલ છે. અન્યને દીક્ષા ન આપવી એ તેનો કલ્પ છે. એ મહાત્મા જિનાજ્ઞાથી તે પ્રમાણે (=જિનકલ્પ પાળવા) પ્રવૃત્ત થયા છે, તથા અંતિમ અનશન સ્વીકારનારની જેમ એકાંતે નિરપેક્ષ હોય છે. [૧૫૧૧] "આ અવશ્ય દીક્ષા લેનાર છે" એમ જાણીને કોઈ જીવને ઉપદેશ તો આપે, પણ તેને (=દીક્ષા લેવા તૈયાર થયેલાને) ગુણને આશ્રયીને જે નજીક હોય તેમને સોંપે, અર્થાત્ ગુણી સાધુઓને સોંપે. દિશા આદિની અપેક્ષાએ નજીકને ન સોંપે, અર્થાત્ પોતાના ભૂતકાલીન કુલ, ગણ, ગચ્છ વગેરેની અપેક્ષાએ નજીકને ન સોંપે. (કુલ વગેરેની અપેક્ષાએ નજીક જો ગુણી હોય તો તેને સોંપે.) [૧૫૧૨]

मुण्डनद्वारमधिकृत्याह-

**मुंडावणावि एवं, विण्णेआ एत्थ चोअगो आह ।**
**पव्वज्जाणंतरमो, णिअमा एसत्ति कीस पुढो ? ॥ १५१३ ॥**

**वृत्तिः**- '**मुण्डनाप्येवं विज्ञेया**' प्रव्राजनवद्, '**अत्र चोदक आह**', किमाह ?, '**प्रव्रज्यानन्तरमेव नियमादेव**' मुण्डनेतिकृत्वा '**किमिति पृथगु**'पात्तेति गाथार्थः ॥ १५१३ ॥

**गुरुराहेह ण णिअमो, पव्वइअस्सवि इमीएँ पडिसेहो ।**
**अजोग्गस्साइसई [ पलिभग्गादोवि ] होइ जओ अओ पुढो ॥ १५१४ ॥ दारं ॥**

**वृत्तिः**- '**गुरुराह-इह न नियमो**' यदुत प्रव्रज्यानन्तरमेवेयं, कुतः ?, '**प्रव्रजितस्याप्यस्याः प्रतिषेधो**' मुण्डनाया '**अयोग्यस्य**' प्रकृत्या, इह '**अतिशयी**' पुनः प्रतिभग्नादें **विधत्ते यतो**' मुण्डनां, '**ततः पृथगि**'ति गाथार्थः ॥ १५१४ ॥

મુંડનદ્વારને આશ્રયીને કહે છે–

મુંડન (= મુંડન કરવું) પણ દીક્ષાની જેમ જાણવું, અર્થાત્ જિનકલ્પી મુંડન પણ ન કરે.

**પ્રશ્ન**- પ્રવ્રજ્યા પછી તુરત અવશ્ય મુંડન હોય છે, એથી પ્રવ્રજ્યાના દ્વારમાં જ મુંડનદ્વાર આવી જાય છે, તો પછી મુંડનદ્વારનો અલગ ઉલ્લેખ કેમ કર્યો ? [૧૫૧૩]

**ઉત્તર**- પ્રવ્રજ્યા પછી તુરત મુંડન થાય એવો નિયમ નથી. કારણ કે પ્રવ્રજિત પણ સ્વભાવથી (= સ્વરૂપથી) અયોગ્ય છે એમ જણાય તો તેનું મુંડન [1]કરવાનો નિષેધ છે. તથા વિશિષ્ટ

---

૧. બૃ. ક. ભા. ગા. ૫૧૯૦.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ્ઞાનાતિશયવાળા ગુરુ દીક્ષિત થયા પછી ભાગી જનાર વગેરેનું (યોગ્યતા જણાય તો) મુંડન કરે. આથી પ્રવ્રજ્યાદ્વારથી મુંડનદ્વારનો અલગ ઉલ્લેખ કર્યો છે. [૧૫૧૪]

मनसाऽऽपन्नस्यापीत्यादिद्वारमधिकृत्याह-

**आवण्णस्स मणेणऽवि, अइआरं निअमओ अ सुहुमंपि ।**

**पच्छित्तं चउगुरुगा, सव्वजहण्णं तु णेअव्वं ॥ १५१५ ॥**

**वृत्तिः**- '**आपन्नस्य**' प्राप्तस्य '**मनसाऽप्यतिचारं नियमत एव सूक्ष्ममपि प्रायश्चित्तम**'स्य भगवत **श्चतुर्गुरवः सर्वजघन्यं मन्तव्यमि**'ति गाथार्थः ॥ १५१५ ॥

**जम्हा उत्तरकप्पो, एसोऽभत्तट्ठमाइसरिसो उ ।**

**एगग्गयापहाणो, तब्भंगे गुरुअरो दोसो ॥ १५१६ ॥ दारं ॥**

**वृत्तिः**- '**यस्मादुत्तरकल्प एषः**'-जिनकल्पः '**अभक्तार्थादिसदृशो**' वर्त्तते, '**एकाग्रता-प्रधानो**'ऽप्रमादाद्, अतस्त **द्भङ्गे गुरुतरो दोषो**', विषयगुरुत्वादिति गाथार्थः ॥ १५१६ ॥

कारणद्वारमधिकृत्याह-

**कारणमालंबणमो, तं पुण नाणाइअं सुपरिसुद्धं ।**

**एअस्स तं न विज्जइ, उचियं तवसाहणा पायं ॥ १५१७ ॥**

**वृत्तिः**- '**कारणम् आलम्बनमु**'च्यते, '**तत्पुनर्ज्ञानादि सुपरिशुद्धं**' सर्वत्र ज्ञेयं, '**एतस्य तन्न विद्यते**' जिनकल्पिकस्य, '**उचितं तपःप्रसाधनात्प्रायः**', जन्मोत्तमफलसिद्धेरिति गाथार्थः ॥ १५१७ ॥

**सव्वत्थ निरवयक्खो, आढत्तं चिअ दढं समाणिंतो ।**

**वट्टइ एस महप्पा, किलिट्ठकम्मक्खयणिमित्तं ॥ १५१८ ॥**

**वृत्तिः**- '**सर्वत्र निरपेक्षः**' सन् '**प्रारब्धमेव दृढं समापयन् वर्त्तते एष महात्मा**'-जिनकल्पिकः, '**क्लिष्टकर्मक्षयनिमित्तमि**'ति गाथार्थः ॥ १५१८ ॥

પ્રાયશ્ચિત્તદ્વારને આશ્રયીને કહે છે-

મનથી સૂક્ષ્મ પણ અતિચારને પામેલા જિનકલ્પી ભગવંતને નિયમા સર્વ જઘન્ય (= ઓછામાં ઓછું) પ્રાયશ્ચિત્ત 'ચતુર્ગુરુ' જાણવું. [૧૫૧૫] કારણ કે જિનકલ્પ અંતિમ અનશન સમાન છે. તથા અપ્રમાદના કારણે એકાગ્રતાની પ્રધાનતાવાળો છે. આમ તેનો વિષય મહાન હોવાથી તેના થોડા પણ ભંગમાં અધિક મહાન દોષ લાગે. [૧૫૧૬] **કારણદ્વારને આશ્રયીને કહે છે-** કારણ એટલે આલંબન. તે આલંબન સર્વત્ર સુપરિશુદ્ધ જ્ઞાનાદિ જાણવું. જિનકલ્પીને તે (જ્ઞાનાદિ) આલંબન ન હોય. કારણ કે પ્રાયઃ જિનકલ્પને ઉચિત તપની પ્રકૃષ્ટ સાધના કરવાની હોય છે. આ સાધનાથી મનુષ્ય જન્મના ઉત્તમ ફલની સિદ્ધિ થાય છે. [૧૫૧૭] જિનકલ્પી મહાત્મા ક્લિષ્ટ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કર્મોના ક્ષય માટે સર્વત્ર નિરપેક્ષ બનીને પોતે જે કલ્પનો પ્રારંભ કર્યો છે તેને જ દૃઢતાથી પૂર્ણ કરતા રહે છે. (= કાંઈ ખામી આવવા દેતા નથી.) [૧૫૧૮]

निष्प्रतिकर्म्मद्वारमधिकृत्याह-

**णिप्पडिकम्मसरीरो, अच्छिमलाईवि णावणेइ सया ।**

**पाणंतिएवि अ तहा, वसणंमि न वट्टई बीए ॥ १५१९ ॥**

**वृत्तिः**- '**निष्प्रतिकर्म्मशरीर**' एकान्तेन '**अक्षिमलाद्यपि नापनयति सदा, प्राणान्तिकेऽपि च तथा**'ऽत्यन्तरौद्रे '**व्यसने न वर्त्तते द्वितीय**' इति गाथार्थः ॥ १५१९ ॥

**अप्पबहुत्तालोअण-विसयाईओ उ होइ एसोत्ति ।**

**अहवा सुभभावाओ, बहुअंपेअं चिअ इमस्स ॥ १५२० ॥**

**वृत्तिः**- '**अल्पबहुत्वालोचनविषयातीतस्तु भवत्येषः**'-जिनकल्पिक '**इति, अथवा शुभभावात्**' कारणाद् '**बह्वप्येतदेवास्य**' तत्त्वत इति गाथार्थः ॥ १५२० ॥

નિષ્પ્રતિકર્મદ્વારને આશ્રયીને કહે છે-

એકાંતે શરીરની સાર-સંભાળથી રહિત જિનકલ્પી સદા આંખનો મેલ વગેરે પણ દૂર ન કરે. પ્રાણનો નાશ કરે તેવા અત્યંત ભયંકર કષ્ટમાં પણ અપવાદનું સેવન ન કરે. [૧૫૧૯] જિનકલ્પી અલ્પ-બહુત્વની વિચારણાથી રહિત હોય, અર્થાત્ આમ કરવાથી થોડો લાભ થાય, આમ કરવાથી બહુ લાભ થાય ઈત્યાદિ અલ્પ-અધિક લાભની વિચારણા ન કરે. અથવા જિનકલ્પીને શુભ ભાવના કારણે બહુ લાભ પણ પરમાર્થથી આ જ છે, અર્થાત્ પરમાર્થથી જિનકલ્પ એ જ જિનકલ્પીને મોટો લાભ છે. (જિનકલ્પથી અન્ય કોઈ મોટો લાભ ન હોવાના કારણે તેને અલ્પ-બહુત્વની વિચારણા કરવાની જરૂર જ ક્યાં છે ?) [૧૫૨૦]

चरमद्वारमधिकृत्याह-

**तइआएँ पोरुसीए, भिक्खाकालो विहारकालो अ ।**

**सेसासु तु उस्सग्गो, पायं अप्पा य णिद्दत्ति ॥ १५२१ ॥**

**वृत्तिः**- '**तृतीयायां पौरुष्यां भिक्षाकालो विहारकालश्चा**'स्य नियोगतः, '**शेषासु तु कायोत्सर्गः, प्रायोऽल्पा च निद्रा**', पौरुषीष्विति गाथार्थः ॥ १५२१ ॥

**जंघाबलम्मि खीणे, अविहरमाणोऽवि णवर णावज्जे ।**

**तत्थेव अहाकप्पं, कुणइ अ जोगं महाभागो ॥ १५२२ ॥ दारं ॥**

**वृत्तिः**- '**जङ्घाबले क्षीणे**' सति '**अविहरन्नपि नवरं नापद्यते**' दोषमिति, '**तत्रैव यथाकल्पं**' क्षेत्रे '**करोति योगं महाभागः**' स्वकल्पस्येति गाथार्थः ॥ १५२२ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છેલ્લા (ભક્ત અને પંથ એ બે) દ્વારોને આશ્રયીને કહે છે–

જિનકલ્પી ભિક્ષા અને વિહાર નિયમા ત્રીજા પ્રહરમાં કરે, બાકીના પ્રહરોમાં કાયોત્સર્ગ કરે અને પ્રાયઃ અલ્પ નિદ્રા કરે. [૧૫૨૧] જંઘાબલ ક્ષીણ થતાં તે ભાગ્યશાલી વિહાર ન કરે તો પણ દોષ પામતા નથી. અને તે જ ક્ષેત્રમાં કલ્પની મર્યાદા પ્રમાણે સ્વકલ્પનો નિર્વાહ કરે છે. [૧૫૨૨]

**एसेव गमो णिअमा, सुद्धे परिहारिए अहालंदे ।**

**नाणत्तं उ जिणेहिं, पडिवज्जइ गच्छऽगच्छे वा ॥ १५२३ ॥**

**वृत्तिः**- **'एष एव गमः'**-अनन्तरोदितो भावनादिः **'नियमाच्छुद्धपरिहारिके 'यथालन्द'** इति यथालन्दे च, **'नानात्वं तु जिनेभ्यः'** शुद्धपरिहारिकाणामिदं- **'प्रतिपद्यते गच्छः'**- तत्प्रथमतया नवकसमुदायः, **'अगच्छे ( च्छो ) वा'** एकनिर्गमादपर इति गाथार्थः ॥ १५२३ ॥

**तवभावणणाणत्तं, करिंति आयंबिलेण परिकम्मं ।**

**इत्तिरिअ थेरकप्पे, जिणकप्पे आवकहिआ उ ॥ १५२४ ॥**

**वृत्तिः**- **'तपोभावनानानात्वं'** चैषामिदं- **'कुर्वन्त्यायामाम्लेन परिकर्म्म'** सर्वमेव, एते चेत्वरा यावत्कथिकाश्च भवन्ति, ये कल्पसमाप्तौ गच्छमागच्छन्ति ते इत्वराः, ये तु जिनकल्पं प्रतिपद्यन्ते ते यावत्कथिका इति, एतदाह-**'इत्वराः स्थविरकल्पा'** इति भूयः स्थविरकल्पे भवन्ति, **'जिनकल्पे यावत्कथिकास्तु'** भवन्तीति गाथार्थः ॥ १५२४ ॥

जैनम् जयति शासनम्

एतत्सम्भवमाह-

**पुण्णे जिणकप्पं वा, अइंति तं चेव वा पुणो कप्पं ।**

**गच्छं वा यंति पुणो, तिण्णिवि ठाणा सिमविरुद्धा ॥ १५२५ ॥**

**वृत्तिः**- **'पूर्णे'** शुद्धपरिहारे **'जिनकल्पं वा यान्ति'**-गच्छन्ति, **'तमेव वा पुनः कल्पं'**- शुद्धपरिहारं, **'गच्छं वा गच्छन्ति पुनः'** अनेन प्रकारेण **'त्रीण्यपि स्थानान्यमीषां'**- शुद्धपरिहारिकाणां **'न विरुद्धानी'**ति गाथार्थः ॥ १५२५ ॥

**इत्तिरिआणुवसग्गा, आयंका वेयणा य ण भवंति ।**

**आवकहिआण भइआ, तहेव छग्गामभागा उ ॥ १५२६ ॥**

**वृत्तिः**- **'इत्वराणां'** शुद्धपरिहारिकाणां **'उपसर्गा आतङ्का वेदनाश्च न भवन्ति'**, तत्कल्प-प्रभावाद् जीतमेतत्, **'यावत्कथिकानां भाज्या'** उपसर्गादयः, जिनकल्पस्थितानां सम्भवात्, **'तथैव षड् ग्रामभागास्त्व'**मीषां यथा जिनकल्पिकानामिति गाथार्थः ॥ १५२६ ॥

### પરિહાર વિશુદ્ધકલ્પ

જિનકલ્પી અંગે હમણાં આ જે ભાવના વગેરે વિધિ કહ્યો તે જ વિધિ શુદ્ધ પરિહારિક અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યથાલંદ અંગે પણ જાણવો. જિનકલ્પીઓથી શુદ્ધ પરિહારિકોમાં જે ભિન્નતા છે તે આ છે- પ્રારંભમાં નવનો સમુદાય જ પરિહાર કલ્પને સ્વીકારે, ત્યારબાદ નવમાંથી કોઈ એક નીકળી જાય તો બીજો કોઈ એક પણ તેને સ્વીકારે. [૧૫૨૩] તપ ભાવનામાં ભિન્નતા એ છે કે બધોય તપનો અભ્યાસ આયંબિલથી કરે. પરિહારિકો ઈત્વર અને યાવત્કથિક એમ બે પ્રકારના હોય છે. કલ્પ સમાપ્ત થતાં જે ગચ્છમાં આવે તે ઈત્વર, અને જે જિનકલ્પનો સ્વીકાર કરે તે યાવત્કથિક. **આ જ વિગત ગ્રંથકાર કહે છે-** ઈત્વરો ફરી સ્થવિરકલ્પમાં આવે છે, અને યાવત્કથિકો જિનકલ્પમાં આવે છે. [૧૫૨૪] **આનો સંભવ કહે છે-** [1]શુદ્ધપરિહાર પૂર્ણ થતાં જિનકલ્પને સ્વીકારે, અથવા ફરી તે જ શુદ્ધપરિહાર કલ્પને સ્વીકારે, અથવા પાછો ગચ્છમાં જાય, આમ શુદ્ધ પરિહારિકોને ત્રણે સ્થાનો વિરુદ્ધ નથી=યોગ્ય છે. [૧૫૨૫] ઈત્વર શુદ્ધ પરિહારિકોને ઉપસર્ગો આતંકો અને વેદનાઓ ન થાય. શુદ્ધપરિહારકલ્પના પ્રભાવથી ઉપસર્ગો વગેરે ન થાય એવો નિયમ છે. યાવત્કથિકોમાં ઉપસર્ગો વગેરે વૈકલ્પિક છે, એટલે કે થાય પણ. કારણ કે જિનકલ્પમાં રહેલાઓને ઉપસર્ગો વગેરે થાય. શુદ્ધ પરિહારિકોમાં ગામના છ વિભાગો જિનકલ્પીની જેમ જાણવા. [૧૫૨૬]

एतेषामेव स्थितिमभिधातुमाह-

**खित्ते कालचरित्ते, तित्थे परिआगमागमे वेए ।**
**कप्पे लिंगे लेसा, झाणे गणणा अभिग्गहा य ॥ १५२७ ॥**
**पव्वावण मुंडावण, मणसाऽऽवण्णेऽवि से अणुग्घाया ।**
**कारणणिप्पडिकम्मा, भत्तं पंथो अ तइआए ॥ १५२८ ॥ दारगाहा ॥**

**वृत्तिः**- अस्य गाथाद्वयस्यापि समुदायार्थः पूर्ववत् ।

શુદ્ધ પરિહારિકોની જ સ્થિતિને (= મર્યાદાને) કહે છે—

ક્ષેત્ર, કાલ, ચારિત્ર, તીર્થ, પર્યાય, આગમ, વેદ, કલ્પ, લિંગ, લેશ્યા, ધ્યાન, ગણના, અભિગ્રહ, પ્રવ્રાજન, મુંડન, પ્રાયશ્ચિત્ત-મનથી પણ દોષ પામે તો તેને 'અનુદ્ઘાત ચતુર્ગુરુ' પ્રાયશ્ચિત્ત આવે, કારણ, નિષ્પ્રતિકર્મતા, ભક્ત, પંથ-ભોજન અને વિહાર ત્રીજા પ્રહરમાં કરે. (આમ ૨૦ દ્વારો છે.) આ સંક્ષિપ્ત ગાથાર્થ છે. [૧૫૨૭-૧૫૨૮]

अवयवार्थं त्वाह-

**खित्ते भरहेरवए, होंति साहरणवज्जिआ णिअमा ।**
**एत्तो च्चिअ विण्णेअं, जमित्थ कालेऽवि णाणत्तं ॥ १५२९ ॥**

---

૧. પરિહારકલ્પ બે છે. એક (પાંચ પ્રકારના સંયમમાં) સંયમના ભેદરૂપ છે. અન્ય (દશ પ્રકારના પ્રાયશ્ચિત્તમાં) પ્રાયશ્ચિત્તના ભેદરૂપ છે. અહીં પ્રાયશ્ચિત્તના ભેદરૂપ પરિહારનો વ્યવચ્છેદ કરવા પરિહારનું 'શુદ્ધ' એવું વિશેષણ છે. આથી અહીં ત્રીજા ચારિત્રરૂપ પરિહારકલ્પ સમજવો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**- **'क्षेत्रे भरतैरावतयोर्भवन्ति'** शुद्धपरिहारिकाः, **'संहरणवर्जिता नियमाद्'**, इयमेषां स्थितिः, **'अत एव'** भरतैरावतभावाद् **'विज्ञेयं यदत्र कालेऽपि नानात्वं'**, प्रतिभागाद्यभावादिति गाथार्थः ॥ १५२९ ॥

વિસ્તૃત અર્થ તો ગ્રંથકાર કહે છે–

ક્ષેત્રની વિચારણામાં શુદ્ધપરિહારિકો (જન્મથી અને સદ્ભાવથી) ભરત અને ઐરાવતક્ષેત્રોમાં જ [1]હોય. તેમનું સંહરણ ન જ થાય એવો નિયમ છે. શુદ્ધપરિહારિકો ભરત-ઐરાવતમાં જ હોવાથી અહીં કાલની વિચારણામાં પણ ભિન્નતા જાણવી. (प्रतिभागाद्यभावाद् =) કારણ કે શુદ્ધ પ્રતિહારિકો અવસર્પિણી-ઉત્સર્પિણીકાલમાં પહેલા વગેરે આરામાં અને નોઉત્સર્પિણી અવસર્પિણીકાલમાં કોઈ પણ આરામાં ન હોય. (અવસર્પિણીમાં જન્મથી ત્રીજા-ચોથા આરામાં અને સદ્ભાવથી ત્રીજા-ચોથા-પાંચમા આરામાં હોય. ઉત્સર્પિણીમાં જન્મથી બીજા-ત્રીજા-ચોથા આરામાં અને સદ્ભાવથી ત્રીજા-ચોથા આરામાં હોય.) [૧૫૨૯]

चारित्रस्थितिमभिधातुमाह-

**तुल्ला जहण्णठाणा, संजमठाणाण पढमबिइआणं ।**
**तत्तो असंखलोए, गंतुं परिहारिअट्ठाणा ॥ १५३० ॥**

**वृत्तिः**- **'तुल्यानि जघन्यस्थानानि'** स्वसङ्ख्यया **'संयमस्थानयोः प्रथमद्वितीययोः'**- सामायिकच्छेदोपस्थाप्याभिधानयोः, **'ततो'** जघन्येभ्यः संयमस्थानेभ्यो **'ऽसङ्ख्यांल्लोकान् गत्वा'** क्षेत्रप्रदेशस्थानवृद्ध्या **'परिहारिकस्थानानि'** भवन्ति, संयममधिकृत्येति गाथार्थः ॥ १५३० ॥

**ताणवि असंखलोगा, अविरुद्धा चेव पढमबीआणं ।**
**उवरिंपि तओ संखा, संजमठाणा उ दोण्हंपि ॥ १५३१ ॥**

**वृत्तिः**- **'तान्यपि'** परिहारिकसंयमस्थानानि **'असङ्ख्येया'** लोकाः, प्रदेशस्थानवृद्ध्यैतावन्तीत्यर्थः, तानि **'चाविरुद्धान्येव प्रथमद्वितीययो'**रिति, शुद्धिविशेषात् सामायिकच्छेदोपस्थाप्यसंयमस्थानानामिति भावः, **'उपर्यपि ततः'** परिहारिकसंयमस्थानेभ्यः **'असङ्ख्येयानि'** शुद्धिविशेषतः **'संयमस्थानानि 'द्वयोरपि'** सामायिकच्छेदोपस्थाप्ययोरिति गाथार्थः ॥ १५३१ ॥

ચારિત્રનાં સ્થાનો કહે છે–

સામાયિક અને છેદોપસ્થાપનીય ચારિત્રનાં સંયમ સ્થાનોમાં જે જઘન્ય સ્થાનો છે તે પરસ્પર તુલ્ય છે. તે જઘન્ય સંયમસ્થાનોથી અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ સંયમસ્થાનો વ્યતીત થયા પછી પરિહારિક ચારિત્રનાં સંયમસ્થાનો છે. [૧૫૩૦] તે પરિહારિક સંયમસ્થાનો પણ અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ છે, અને સામાયિક-છેદોપસ્થાનીયની અવિરુદ્ધ છે, અર્થાત્ સામાયિક-છેદોપસ્થાનીય

૧. અર્થાત્ મહાવિદેહ ક્ષેત્રમાં આ કલ્પ ન હોય, ભરત-ઐરાવત ક્ષેત્રોમાં પણ પહેલા-છેલ્લા તીર્થંકર સિવાયના મધ્યમ બાવીસ તીર્થંકરોના શાસનમાં પણ આ કલ્પ ન હોય. જુઓ બૃ. ક. ભા. ગા. ૧૪૩૧.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચારિત્રનાં પણ તે સંયમસ્થાનો છે. કારણ કે સામાયિક-છેદોપસ્થાનીય સંયમસ્થાનોની શુદ્ધિ વિશેષ છે. પરિહારિક સંયમસ્થાનોથી ઉપર પણ વિશેષ શુદ્ધિના કારણે અસંખ્ય સંયમસ્થાનો સામાયિક-છેદોપસ્થાપનીયનાં છે. [૧૫૩૧]

**सट्ठाणे पडिवत्ती, अण्णेसुवि होज्ज पुव्वपडिवन्नो ।**

**तेसुवि वट्टंतो सो, तीअणयं पप्प वुच्चइ उ ॥ १५३२ ॥**

**वृत्तिः**- '**स्वस्थान**' इति नियोगतः स्वस्थानेषु '**प्रतिपत्तिः**' कल्पस्य, '**अन्येष्वपि**' संयमस्थानेष्वधिकतरेषु '**भवेत् पूर्वप्रतिपन्नः**', अध्यवसायविशेषात् '**तेष्वपि वर्त्तमानः**', संयमस्थानान्तरेष्वपि '**सः**' परिहारविशुद्धिक इति '**अतीतनयं प्राप्योच्यते एवं**', निश्चयतस्तु न, संयमस्थानान्तराध्यासनादिति गाथार्थः ॥ १५३२ ॥

**(ઉક્ત સંયમસ્થાનોની પ્રસ્તુતમાં યોજના કરે છે–)**

કલ્પનો સ્વીકાર નિયમા સ્વસ્થાનોમાં થાય, અર્થાત્ શુદ્ધપરિહારિક ચારિત્રસંબંધી સંયમસ્થાનોમાં વર્તમાન સાધુ પરિહારકલ્પને સ્વીકારે. પૂર્વ પ્રતિપન્ન તો અધ્યવસાયની વૃદ્ધિના કારણે પરિહારિક સંયમસ્થાનોથી અધિક વિશુદ્ધ એવા અન્ય (સામાયિક-છેદોપસ્થાનીયસંબંધી) સંયમ સ્થાનોમાં પણ હોય. તે અન્ય (સામાયિક-છેદોપસ્થાપનીય સંબંધી) પણ સંયમસ્થાનોમાં વર્તતો હોવા છતાં પૂર્વે પરિહારિક સંયમસ્થાનોનો અનુભવ કર્યો હોવાથી [1]ભૂતકાલીન અર્થને સ્વીકારનાર વ્યવહારનયને આશ્રયીને તે પરિહારવિશુદ્ધિક કહેવાય. પણ નિશ્ચયનયને આશ્રયીને તે પરિહારવિશુદ્ધિક ન કહેવાય. કારણ કે અન્ય (= સામાયિક-છેદોપસ્થાપનીય સંબંધી) સંયમસ્થાનોમાં વર્તે છે. [૧૫૩૨]

**ठिअकप्पम्मी णिअमा, एमेव य होइ दुविहलिंगेऽवि ।**

**लेसा झाणा दोण्णिवि, हवंति जिणकप्पतुल्ला उ ॥ १५३३ ॥**

**वृत्तिः**- '**स्थितकल्पे**' च '**नियमादेते भवन्ति**', नास्थितकल्पे, एवमेव च भवन्ति '**द्विविधलिङ्गेऽपि**' नियमादेव, '**लेश्याध्याने द्वे अपि भवतः**' अमीषां '**जिनकल्पतुल्ये एव**', प्रतिपद्यमानादिभेदेनेति गाथार्थः ॥ १५३३ ॥

**गणओ तिण्णेव गणा, जहण्णपडिवत्ति सयसमुक्कोसा ।**

**उक्कोसजहण्णेणं, सयसो च्चिअ पुव्वपडिवण्णा ॥ १५३४ ॥**

---

૧. સિતોપલાદિચૂર્ણના લેબલવાળી ખાલી બાટલીમાં લવણભાસ્કર ચૂર્ણ ભર્યા પછી કોઈ પૂછે કે લવણભાસ્કરચૂર્ણ કઈ બાટલીમાં છે ? તો તુરત જવાબ મળે કે સિતોપલાદિચૂર્ણની બાટલીમાં છે. અહીં બાટલીમાં સિતોપલાદિચૂર્ણ ન હોવાથી એ બાટલી વાસ્તવિક રીતે સિતોપલાદિચૂર્ણની ન કહેવાય. છતાં પૂર્વે તેમાં સિતોપલાદિચૂર્ણ હતું, એથી ઉપચારથી તે બાટલી સિતોપલાદિચૂર્ણની કહેવાય. તેમ અહીં વર્તમાનમાં પરિહારિક ચારિત્રનાં સંયમસ્થાનોમાં ન હોવા છતાં પૂર્વે પરિહારિક સંયમસ્થાનોમાં રહેલા હોવાથી ભૂતકાલની દૃષ્ટિએ વ્યવહારથી તેને પરિહારવિશુદ્ધિક કહેવાય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**- '**गणतो**' गणमाश्रित्य '**त्रय एव गणाः**', एतेषां '**जघन्या प्रतिपत्तिः**', इयमादावेव, '**शतश उत्कृष्टा**' प्रतिपत्तिरादावेव, तथा '**उत्कृष्टजघन्येन**' अत्रोत्कृष्टतो जघन्यतश्च '**शतश एव पूर्वप्रतिपन्नाः**', नवरं जघन्यपदादुत्कृष्टपदमधिकमिति गाथार्थः ॥ १५३४ ॥

**सत्तावीस जहण्णा, सहस्स उक्कोसओ अ पडिवत्ती ।**

**सयसो सहस्ससो वा, पडिवण्ण जहण्ण उक्कोसा ॥ १५३५ ॥**

**वृत्तिः**- '**सप्तविंशतिर्जघन्याः**' पुरुषाः, '**सहस्त्राण्युत्कृष्टतश्च प्रतिपत्तिः**' एतावतामेकदा, '**शतशः सहस्त्रशश्च**' यथासङ्ख्यं '**प्रतिपन्ना**' इति पूर्वप्रतिपन्ना '**जघन्या उत्कृष्टाश्च**'तावन्त इति गाथार्थः ॥ १५३५ ॥

પરિહારિ વિશુદ્ધિકો નિયમા સ્થિતકલ્પમાં હોય, અસ્થિતકલ્પમાં ન હોય. એ પ્રમાણે નિયમા દ્રવ્ય અને ભાવ એ બંને લિંગો હોય. લેશ્યા અને ધ્યાન એ બંને પ્રતિપદ્યમાન અને પૂર્વપ્રતિપન્ન એ બંનેની અપેક્ષાએ જિનકલ્પીની જેમ જ હોય. [૧૫૩૩] ગણનાદ્વારમાં ગણના ગણપ્રમાણથી અને પુરુષપ્રમાણથી એમ બે રીતે છે. તેમાં ગણને આશ્રયીને જઘન્યથી (નવનો એક ગણ એવા) ત્રણ ગણો પરિહારિક કલ્પને સ્વીકારે, ઉત્કૃષ્ટથી શતપૃથક્ત્વ ગણો સ્વીકારે. પૂર્વ પ્રતિપન્ન ગણો જઘન્યથી અને ઉત્કૃષ્ટથી પણ શતપૃથક્ત્વ હોય, પણ જઘન્ય પદથી ઉત્કૃષ્ટપદ અધિક સમજવું. [૧૫૩૪] (પુરુષને આશ્રયીને) જઘન્યથી સત્તાવીશ પુરુષો અને ઉત્કૃષ્ટથી સહસ્રપૃથક્ત્વ પુરુષો સ્વીકારે. પૂર્વ પ્રતિપન્ન પુરુષો જઘન્યથી શતપૃથક્ત્વ અને ઉત્કૃષ્ટથી સહસ્રપૃથક્ત્વ હોય. [૧૫૩૫]

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

**पडिवज्जमाण भइया, इक्कोऽवि हु होज्ज ऊणपक्खेवे ।**

**पुव्वपडिवन्नयावि हु, भइआ एगो पुहुत्तं वा ॥ १५३६ ॥ दारं ॥**

**वृत्तिः**- '**प्रतिपद्यमानका**' '**भाज्या**' विकल्पनीयाः, कथमित्याह-'**एकोऽपि भवेदूनप्रक्षेपे**' प्रतिपद्यमानकः, '**पूर्वप्रतिपन्नका अपि तु भाज्याः**', प्रक्षेपपक्ष एव, कथमित्याह-'**एकः, पृथक्त्वं वा**', यदा भूयांसः कल्पान्तरं प्रतिपद्यन्ते भूयांस एव चैनमिति गाथार्थः ॥ १५३६ ॥

પ્રતિપદ્યમાન પુરુષોને આશ્રયીને વિકલ્પ છે. કારણ કે કોઈ વાર ન્યૂનમાં ઉમેરો કરવાનો હોય ત્યારે પ્રતિપદ્યમાન એક પણ હોય.

**ભાવાર્થ**- અઢાર માસ પૂર્ણ થતાં કેટલાક પરિહારિકો કાલ પામ્યા હોય, અથવા જિનકલ્પનો સ્વીકાર કર્યો હોય, અથવા ગચ્છમાં પાછા આવ્યા હોય, બાકીના સાધુઓ તે જ પરિહારકલ્પને પાળવાની ઈચ્છાવાળા હોય. આથી જેટલાનો પ્રવેશ થવાથી નવનો ગણ પૂર્ણ થાય તેટલા બીજાઓનો પ્રવેશ કરાવવો જોઈએ. આથી પ્રતિપદ્યમાન એક, બે વગેરે સંખ્યામાં પણ હોય.

પૂર્વ પ્રતિપન્ન પુરુષોને આશ્રયીને પણ વિકલ્પ છે. તે આ પ્રમાણે- પૂર્વ પ્રતિપન્ન એક અથવા પૃથક્ત્વ પ્રમાણ હોય. આ વિકલ્પ ન્યૂનમાં ઉમેરો કરવાની અપેક્ષાએ જ છે.

**ભાવાર્થ**- અઢાર માસ પૂર્ણ થતાં આઠ પરિહાર વિશુદ્ધિકો અન્ય કલ્પને સ્વીકારે ત્યારે પૂર્વ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રતિપન્ન એક હોય. જ્યારે ઘણા અન્ય કલ્પને સ્વીકારે અને ઘણા (= બે કે તેથી વધારે) તે જ કલ્પનું પાલન કરે ત્યારે પૂર્વ પ્રતિપન્ન પુરુષો પૃથક્ત્વ પ્રમાણ હોય. [૧૫૩૬]

**एअं खलु णाणत्तं, एत्थं परिहारिआण जिणकप्पा ।**
**अहलंदिआण एत्तो, णाणत्तमिणं पवक्खामि ॥ १५३७ ॥**

**वृत्तिः**- '**एतत् खलु नानात्वमत्र**' यन्निदर्शितं '**परिहारिकाणां जिनकल्पात्**' सकाशात्, शेषं तुल्यमेव, '**यथालन्दिकानां अत**' ऊर्ध्वं '**नानात्वमिदं**'-वक्ष्यमाणलक्षणं '**प्रवक्ष्यामि**' जिनकल्पादिति गाथार्थः ॥ १५३७ ॥

**लंदं तु होइ कालो, सो पुण उक्कोस मज्झिम जहण्णो ।**
**उदउल्ल करो जाविह, सुक्कइ ता होइ उ जहण्णो ॥ १५३८ ॥**

**वृत्तिः**- '**लन्दं तु भवति कालः**', समयपरिभाषेयं, '**स पुनः**' काल '**उत्कृष्टे मध्यमो जघन्यः**' सामयिक एवायं द्रष्टव्यः, '**उदकार्द्रकरो यावदिह**' सामान्येन लोके '**शुष्यति तावद्भवति तु जघन्य**' इह प्रक्रमे इति गाथार्थः ॥ १५३८ ॥

**उक्कोस पुव्वकोडी, मज्झे पुण होंति णेगठाणा उ ।**
**एत्थ पुण पंचरत्तं, उक्कोसं होअहालंदं ॥ १५३९ ॥**

**वृत्तिः**- '**उत्कृष्टः पूर्वकोटी**', चरणकालमाश्रित्य, '**मध्यः पुनर्भवन्त्यनेकानि स्थानानि**', वर्षादिभेदेन, '**अत्र पुनः**' प्रक्रमे '**पञ्चरात्रमुत्कृष्टं भवति**', तेनोपयोगात्, '**यथालन्दं**' यथा-कालमिति गाथार्थः ॥ १५३९ ॥

**जम्हा उ पंचरत्तं,चरंति तम्हा उ हुंतऽहालंदी ।**
**पंचेव होइ गच्छो, तेसिं उक्कोसपरिमाणं ॥ १५४० ॥**

**वृत्तिः**- '**यस्मात्पञ्चरात्रं चरन्ति**' वीथ्यां भैक्षनिमित्तं '**तस्माद् भवन्ति यथालन्दिनः**', विवक्षितयथालन्दभावात्, तथा '**पञ्चैव भवति गच्छः**' स्वकीय **स्तेषामुत्कृष्टपरिमाणमे** तदिति गाथार्थः ॥ १५४० ॥

### યથાલંદકલ્પ

અહીં પરિહારિકોની જિનકલ્પથી આ ભિન્નતા જણાવી. બાકીનું તુલ્ય જ છે. હવે પછી યથાલંદિકોની જિનકલ્પથી ભિન્નતા કહીશ. [૧૫૩૭] લંદ એટલે કાળ. આ (= લંદનો કાળ અર્થ છે એ) શાસ્ત્રીય પરિભાષા છે. તે કાળના ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય એમ ત્રણ પ્રકાર છે. કાળના આ ત્રણ પ્રકાર શાસ્ત્રમાં જ છે. (લોકમાં નથી.) અહીં (= સામાન્યથી લોકમાં) પાણીથી ભીનો હાથ જેટલા કાળમાં સુકાય તેટલો કાળ પ્રસ્તુતમાં જઘન્ય છે. [૧૫૩૮] ઉત્કૃષ્ટ કાળ પૂર્વકોટિ વર્ષો પ્રમાણ છે. વધારેમાં વધારે ચારિત્ર પૂર્વકોટિ વર્ષો પ્રમાણ જ હોય છે, એ અપેક્ષાએ અહીં ઉત્કૃષ્ટ

JAINSITE जैन साईट
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાળ પૂર્વકોટિ પ્રમાણ છે. મધ્યમકાળના વર્ષ વગેરે અનેકસ્થાનો=ભેદો છે. પણ પ્રસ્તુતમાં જે રીતે કાલની ગણના છે તે રીતે પાંચ અહોરાત્ર ઉત્કૃષ્ટ કાળ છે. કારણ કે તે (= પાંચ અહોરાત્ર) કાળ અહીં ઉપયોગી છે. [૧૫૩૯] ભિક્ષા માટે એક શેરીમાં (= પેટા, અર્ધપેટા વગેરે ગોચરભૂમિમાં) પાંચ દિવસ ફરે છે માટે તેટલો કાળ [1]યથાલંદી થાય છે=કહેવાય છે. કારણ કે તેમની પાસે વિવક્ષિત (પાંચ દિવસ) યથાલંદ છે. (જેમ જેની પાસે દંડ હોય તે દંડી કહેવાય, તેમ જેની પાસે યથાલંદ હોય તે યથાલંદી કહેવાય.) તથા તેમનો પોતાનો પાંચ પુરુષોનો એક ગચ્છ=ગણ હોય. આ ઉત્કૃષ્ટ પરિમાણ છે. (પાંચ પુરુષોનો એક ગણ, એવા ત્રણ ગણો એકી સાથે યથાલંદને સ્વીકારે.) [૧૫૪૦]

**जा चेव य जिणकप्पे, मेरा सच्चेव लंदिआणंपि ।**
**णाणत्तं पुण सुत्ते, भिक्खाचरि मासकप्पे अ ॥ १५४१ ॥**

**वृत्तिः**- '**यैव च जिनकल्पे मर्यादो**'क्ता-भावनादिरूपा '**सैव च यथालन्दिकानामपि**' प्रायशः, '**नानात्वं पुन**'स्तेभ्यः '**सूत्रे**' सूत्रविषयं तथा '**भिक्षाचर्यायां मासकल्पे चे**'ति गाथार्थः ॥ १५४१ ॥

જિનકલ્પમાં ભાવનાદિરૂપ જે મર્યાદા કહી છે, લગભગ તે જ મર્યાદા યથાલંદિકોની પણ છે. સૂત્ર, ભિક્ષાચર્યા અને માસ કલ્પના વિષયમાં જિનકલ્પીઓથી યથાલંદિકોમાં ભિન્નતા છે. [૧૫૪૧]

एतदेवाह-

**पडिबद्धा इअरेऽवि अ, एक्किक्का ते जिणा य थेरा य ।**
**अत्थस्स उ देसम्मी, असमत्ते तेसि पडिबंधो ॥ १५४२ ॥**

**वृत्तिः**- '**प्रतिबद्धा**' गच्छे '**इतरेऽपि च**'-अप्रतिबद्धाः, '**एकैकास्ते**' प्रतिबद्धाः अप्रतिबद्धाश्च '**जिनाश्च स्थविराश्चे**'ति भूयो भिद्यन्ते, ये जिनकल्पं प्रतिपद्यन्ते ते जिनाः, ये तु स्थविरकल्पमेव ते स्थविरा इति, तत्र '**अर्थस्यैव**', न सूत्रस्य, '**देशे असमाप्ते**' सति, स्तोकमात्रे, '**तेषां प्रतिबन्धो**' गच्छे जिनानाम्, अन्यथा जिना एव स्युरिति गाथार्थः ॥ १५४२ ॥

આને (=ભિન્નતાને) જ કહે છે–

યથાલંદિકોના ગચ્છપ્રતિબદ્ધ(= ગચ્છ સાથે સંબંધવાળા) અને ગચ્છાપ્રતિબદ્ધ એમ બે પ્રકાર છે. તે પ્રત્યેકના જિન અને સ્થવિર એમ બે પ્રકાર છે. યથાલંદકલ્પને પૂર્ણ કર્યા પછી જેઓ જિનકલ્પને સ્વીકારે તે જિન છે, અને જેઓ સ્થવિરકલ્પને જ સ્વીકારે તે સ્થવિર છે. (**તેમનો ગચ્છ સાથે સંબંધ શા કારણે હોય તે કહે છે-**) અર્થનો જ થોડો ભાગ ગુરુ પાસે ભણવાનો રહી જવાથી તે ભણવા માટે તેમનો ગચ્છમાં સંબંધ હોય, જો અર્થનો થોડો ભાગ ભણવાનો બાકી ન હોય તો તે જિન જ થાય. [૧૫૪૨]

यतः-

**लग्गादिसुत्तरंते, तो पडिवज्जित्तु खित्तबाहि ठिआ ।**
**गिण्हंति जं अगहिअं, तत्थ य गंतूण आयरिओ ॥ १५४३ ॥**

१. लन्दाऽनतिक्रमः = लन्दो यथा स्यात् तथेति यथालन्दम् । यथालन्दमस्यास्तीति यथालन्दी ।

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**- **'लग्नादिषूत्तरत्सु'** सत्सु तदन्यप्रत्यासन्नविरहेण **'ततः प्रतिपद्य'** यथालन्दं गच्छान्निर्गत्य **'क्षेत्रबहिः स्थिताः'** विशिष्टक्रियायुक्ताः **'गृह्णन्ति यदगृहीतम'**र्थशेषं, **'तत्र चायं'** विधिः- यदुत **'गत्वा आचार्य'**स्तत्समीपमिति गाथार्थः ॥ १५४३ ॥

किमित्याह-

**तेसिं तयं पयच्छइ, खित्तं एन्ताण तेसिमे दोसा ।**

**वंदंतमवंदंते, लोगम्मी होइ परिवाओ ॥ १५४४ ॥**

**वृत्तिः**- **'तेभ्यस्तकं प्रयच्छत्य'**र्थशेषं, किमेतदेवमित्याह-**'क्षेत्रमागच्छतां'** तदर्थं **'तेषां'** यथालन्दिकानां **'एते दोषाः'**-वक्ष्यमाणाः **'वन्दमानानां'** साधून् **'अवन्दमानानां'** तेषां **'लोके भवति परिवादः'**, यद् वैते अलोकज्ञा यद्वा परे शीलरहिता इति गाथार्थः ॥ १५४४ ॥

**અર્થનો થોડો ભાગ ભણવાનો બાકી રહી જવામાં કારણ જણાવે છે–**

અર્થનો થોડો ભાગ ભણવાનો બાકી રહ્યો હોય ત્યારે કલ્પ સ્વીકારવા માટે લગ્ન, યોગ, ચંદ્ર બળ વગેરે પ્રશસ્ત હોય, હવે જો ભણવા માટે વિલંબ કરે, તો તે લગ્ન વગેરે જતાં રહે અને નજીકમાં તેવાં પ્રશસ્ત લગ્ન વગેરે ન આવતાં હોય, આથી તેટલું ભણવાનું બાકી રાખીને પણ ગચ્છમાંથી નીકળીને યથાલંદ કલ્પનો સ્વીકાર કરે. પછી વિશિષ્ટ અનુષ્ઠાનોથી યુક્ત તે યથાલંદો ગુરુ જે ક્ષેત્રમાં રહેલા હોય તે ક્ષેત્રથી બહાર રહીને બાકી રહેલા અર્થને ભણે. તેમાં વિધિ એ છે કે- આચાર્ય તેમની પાસે જઈને, [૧૫૪૩] તેમને બાકી રહેલો અર્થ આપે=સમજાવે. **અર્થ સમજવા યથાલંદિકોએ આચાર્ય પાસે આવવું જોઈએ તેના બદલે આચાર્ય તેમની પાસે શા માટે જાય ? એ જણાવે છે-** અર્થ સમજવા માટે યથાલંદિકો ગુરુના ક્ષેત્રમાં (= ગુરુ પાસે) આવે તો દોષો લાગે. તે આ પ્રમાણે- (એવી મર્યાદા છે કે યથાલંદિકો આચાર્ય સિવાય બીજા કોઈને ય (દીક્ષાપર્યાયથી મોટાને પણ) વંદન ન કરે. અને ગચ્છવાસી બધા (દીક્ષાપર્યાયથી મોટા પણ) સાધુઓ તેમને વંદન કરે. આથી) યથાલંદિકો વંદન કરનારા તે સાધુઓને વંદન કરે નહિ, તેથી લોકમાં નિંદા થાય. અથવા લોકો કહે કે આ (યથાલંદિકો) લોકવ્યવહારને પણ જાણતા નથી. અથવા બીજા (ગચ્છવાસી સાધુઓ) [1]શીલથી (સાધુઓના આચારોથી) રહિત છે એમ લોકો માને. [૧૫૪૪]

**ण तरिज्ज जई गंतुं, आयरिओ ताहे एइ सो चेव ।**

**अंतरपल्लीपडिवसभगामबहि अण्णवसहिं वा ॥ १५४५ ॥**

**वृत्तिः**- **'न तरेत्'** न शक्नुयाद्यदि गन्तुं **तत्राचार्यः तदा**ऽऽगच्छति **'स एव'** यथालन्दिकः, क्वेत्याह- **'अन्तरपल्लि'** क्षेत्रात् सार्द्धद्विगव्यूतिस्थां, **'प्रतिवृषभग्रामं'** द्विगव्यूतस्थं, तथा **'बहिः'** क्षेत्राद् **'अन्यवसतिं'**, क्षेत्र एवागच्छन्तीति गाथार्थः ॥ १५४५ ॥

१. જો ગચ્છવાસી સાધુઓ શીલસંપન્ન હોય તો યથાલંદિકો તેમને વંદન કેમ ન કરે ? યથાલંદિકો તેમને વંદન કરતા નથી માટે શીલરહિત છે એમ માને.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**तीए अ अपरिभोए, ते वंदंती ण वंदई सो उ ।**

**तं घित्तुमपडिबंधा, ताएँ जहिच्छाएँ विहरंति ॥ १५४६ ॥**

**वृत्तिः-** '**तस्यां च**' वसतौ '**अपरिभोगे**' स्थाने '**ते**' साधवो '**वन्दन्ते**' तं यथालन्दिकं, '**न वन्दते स तु**' तान् साधून्, तथा कल्पस्थितेः, एवं '**तद् गृहीत्वा**'ऽर्थशेषं '**अप्रतिबद्धा**' यथालन्दिकाः '**ततो यथेच्छया**'-स्वकल्पानुरूपं '**विहरन्ति**', तमेव पालयन्त इति गाथार्थः ॥ १५४६ ॥

જો આચાર્ય (વૃદ્ધાવસ્થા આદિના કારણે) ત્યાં ન જઈ શકે તો યથાલંદિક જ અંતરપલ્લિમાં આવે, અને આચાર્ય પણ ત્યાં આવીને અર્થ સમજાવે. પછી બંને પોતપોતાના મૂળસ્થાને પાછા ફરે. અંતરપલ્લી એટલે આચાર્યના ક્ષેત્રથી અઢી ગાઉ દૂર રહેલું બંને વચ્ચેનું ગામ. જો આચાર્ય ત્યાં પણ આવી શકે તેમ ન હોય તો યથાલંદિક પ્રતિવૃષભગામમાં આવે, અને આચાર્ય પણ ત્યાં આવીને અર્થ સમજાવે. પ્રતિવૃષભગામ એટલે આચાર્યના ક્ષેત્રથી બે ગાઉ દૂર રહેલું બંને વચ્ચેનું ગામ. જો આચાર્ય ત્યાં પણ ન આવી શકે તો યથાલંદિક આચાર્યના ક્ષેત્રની બહાર કોઈ સ્થાનમાં આવે, અને આચાર્ય પણ ત્યાં આવીને તેને અર્થ સમજાવે. જો આચાર્ય એટલું પણ જઈ શકે તેમ ન હોય તો ગામમાં જ બીજી વસતિમાં જઈને ભણાવે. તેટલી પણ શક્તિ ન હોય તો યથાલંદિક આચાર્યની વસતિમાં પણ આવે અને ત્યાં આચાર્ય તેને અર્થ સમજાવે. [૧૫૪૫] તે વસતિમાં જે સ્થાનનો ઉપયોગ ન થતો હોય, અર્થાત્ જ્યાં કોઈ દેખે નહિ, તેવા સ્થાનમાં તે સાધુઓ યથાલંદિકને વંદન કરે. પણ યથાલંદિક તે સાધુઓને વંદન ન કરે. કારણ કે તેવી કલ્પની મર્યાદા છે. આ પ્રમાણે બાકી રહેલ અર્થને સમજીને યથાલંદિકો ગચ્છના સંબંધથી રહિત બને. પછી તે જ કલ્પનું પાલન કરે. [૧૫૪૬]

**जिणकप्पिआ व तहिअं, किंचि तिगिच्छं तु ते उ न करिंति ।**

**णिप्पडिकम्मसरीरा, अवि अच्छिमलंपि णऽवणिंति ॥ १५४७ ॥**

**वृत्तिः-** '**जिनकल्पिकाश्च**' यथालन्दिकाः '**तदा**' गृहीतार्थशेषे, यथालन्दिककाल एवान्ये, '**काञ्चिच्चिकित्सां**' समुत्पन्नेऽप्यातङ्के '**ते न कारयन्ति**', तथाकल्पस्थितेः '**निष्प्रतिकर्मशरीरा**'स्ते भगवन्तः, '**अप्यक्षिमलमपि नापनयन्ति**', अप्रमादातिशयादिति गाथार्थः ॥ १५४७ ॥

ગચ્છપ્રતિબદ્ધ જિનકલ્પિક યથાલંદિકો બાકી રહેલ અર્થ ભણી લે ત્યારથી અને અન્ય=ગચ્છાપ્રતિબદ્ધ જિનકલ્પિક યથાલંદિકો યથાલંદકલ્પનો સ્વીકાર કર્યો ત્યારથી જ આતંક (= પ્રાણાંત રોગ) ઉત્પન્ન થવા છતાં કોઈ ચિકિત્સા કરાવતા નથી. કારણ કે કલ્પની તેવી મર્યાદા છે. યથાલંદિક ભગવંતો શરીરની સાર-સંભાળથી રહિત હોય છે. અતિશય અપ્રમાદના કારણે નેત્રમલ પણ દૂર કરતા નથી. [૧૫૪૭]

**थेराणं णाणत्तं, अतरंते अप्पिणंति गच्छस्स ।**

**तेऽवि अ से फासुएणं, करिंति सव्वं तु परिकम्मं ॥ १५४८ ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**- '**स्थविराणां**' यथालन्दिकानां **नानात्वमे**'तत्-'**अशक्नुवन्तं**'सन्तं स्वसाधुमर्प्पयन्ति '**गच्छस्य; तेऽपि च**'-गच्छवासिनः '**से**' तस्य '**प्रासुकेना**'न्नादिना '**कुर्वन्ति सर्वमेव परिकर्म्मे**'ति गाथार्थः ॥ १५४८ ॥

સ્થવિર યથાલંદિકોમાં ભિન્નતા આ પ્રમાણે છે- સ્થવિર યથાલંદિકો કલ્પ પાળવા અસમર્થ બનેલા સ્વસાધુને ગચ્છને સોંપે. ગચ્છવાસી સાધુઓ પણ તેની પ્રાસુક અન્ન આદિથી બધી જ સાર-સંભાળ કરે. [૧૫૪૮]

एतत्स्वरूपमाह-

**एक्किक्कपडिग्गहगा, सप्पाउरणा हवंति थेरा उ ।**
**जे पुणऽमी जिणकप्पे, भय तेसिं वत्थपायाई ॥ १५४९ ॥**

**वृत्तिः**- '**एकैकप्रतिग्रहकाः**' तथा '**सप्रावरणा भवन्ति 'स्थविरा' इति**' भूयः स्थविर-कल्पगामिनः, '**ये पुनरमी जिनकल्पे**' भवन्ति '**भाज्ये तेषां वस्त्रपात्रे**', भाविजिनकल्पापेक्षयेति गाथार्थः ॥ १५४९ ॥

**યથાલંદિકોનું સ્વરૂપ કહે છે–**

સ્થવિર યથાલંદિકો એક એક પાત્ર ધારી અને વસ્ત્રસહિત હોય. જિનકલ્પી યથાલંદિકોના વસ્ત્ર-પાત્ર અંગે ભાવી જિનકલ્પની અપેક્ષાએ વિકલ્પ છે. તે આ પ્રમાણે- જેઓ કરપાત્રી અને વસ્ત્રરહિત જિનકલ્પી થવાના હોય તેઓ વસ્ત્ર-પાત્ર ન રાખે, બીજાઓ તો યથાયોગ્ય વસ્ત્ર-પાત્ર રાખે. [૧૫૪૯]

**गणमाणओ जहण्णा, तिण्णि गणा सयग्गसो अ उक्कोसा ।**
**पुरिसपमाणं पणरस, सहस्ससो चेव उक्कोसो ॥ १५५० ॥**

**वृत्तिः**- '**गणमानतो**' गणमानमाश्रित्य '**जघन्यं त्रयो गणाः**' भवन्ति, '**शताग्रशश्चोत्कृष्टं**' गणमानं, '**पुरुषप्रमाणं**' त्वेतेषां '**पञ्चदश**' जघन्यं, '**सहस्रश एवमुत्कृष्टं**' पुरुषप्रमाणमिति गाथार्थः ॥ १५५० ॥

ગણપ્રમાણને આશ્રયીને જઘન્યથી ત્રણ ગણ અને ઉત્કૃષ્ટથી શતપૃથક્ત્વ ગણ હોય. પુરુષ પ્રમાણને આશ્રયીને જઘન્યથી પંદર અને ઉત્કૃષ્ટથી સહસ્રપૃથક્ત્વ પુરુષો હોય. [૧૫૫૦]

एतदौघिकं मानं, विशिष्टं पुनराह-

**पडिवज्जमाणगा वा, एक्कादि हविज्ज ऊणपक्खेवे ।**
**होंति जहण्णा एए, सयग्गसो चेव उक्कोसा ॥ १५५१ ॥**

**वृत्तिः**- '**प्रतिपद्यमानका वा**' एते '**एकादयो भवेयुर्न्यूनप्रक्षेपे**' सति तद्गच्छे, एवं '**जघन्या एते**' प्रतिपद्यमानकाः तथा '**शताग्रश एवोत्कृष्टाः**' प्रतिपद्यमानका एवेति गाथार्थः ॥ १५५१ ॥

**पुव्वपडिवन्नगाणवि, उक्कोस जहण्णओ परीमाणं ।**
**कोडिपुहत्तं भणिअं, होइ अहालंदिआणं तु ॥ १५५२ ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**– '**पूर्वप्रतिपन्नानामपि**' सामान्येन '**उत्कृष्टजघन्यतः परिमाणं कोटिपृथक्त्वं भणितं भवति**', स्वस्थानविशेषवत्, '**यथालन्दिकानां त्वि**'ति गाथार्थः ॥ १५५२ ॥

**આ પ્રમાણ ઓઘથી છે, વિશેષથી કહે છે–**

પ્રતિપદ્યમાન યથાલંદિકો તેમના ગચ્છમાં ન્યૂનમાં ઉમેરો કરવાનો હોય ત્યારે જઘન્યથી એક વગેરે અને ઉત્કૃષ્ટથી શતપૃથક્ત્વ પ્રમાણ હોય. [૧૫૫૧] પૂર્વપ્રતિપન્ન યથાલંદિકોનું પ્રમાણ જઘન્યથી અને ઉત્કૃષ્ટથી પણ સામાન્યથી કોટિપૃથક્ત્વ કહ્યું છે. પણ જઘન્યસ્થાનથી ઉત્કૃષ્ટ સ્થાન અધિક સમજવું. [૧૫૫૨]

**कयमित्थ पसंगेणं, एसो अब्भुज्जओ इह विहारो ।**

**संलेहणासमो खलु, सुविसुद्धो होइ णायव्वो ॥ १५५३ ॥**

**वृत्तिः**– '**कृतमत्र प्रसङ्गेन**'–विस्तरेण, '**एषोऽभ्युद्यत इह विहारः**' प्रवचने '**संलेखनासमः खलु**', पश्चादासेवनात्, '**सुविशुद्धो भवति ज्ञातव्यो**' यथोदित इति गाथार्थः ॥ १५५३ ॥

**पाएण चरमकाले, जमेस भणिओ सयाणमणवज्जो ।**

**भयणाएँ अण्णया पुण, गुरुकज्जाईहिँ पडिबद्धा ॥ १५५४ ॥**

**वृत्तिः**– '**प्रायेण चरमकाले यदेष भणितः**' सूत्रे '**सतामनवद्यः, भजनयाऽन्यदा पुनः**'– स्याद्वा न वा, '**गुरुकार्यादिभिः प्रतिबन्धादि**'ति गाथार्थः ॥ १५५४ ॥

અહીં વિસ્તારથી સર્યું. જિનપ્રવચનમાં યથોક્ત સુવિશુદ્ધ આ અભ્યુદ્યત વિહાર સંલેખનાતુલ્ય જાણવો. કારણ તે તેનું સેવન અંતિમકાળે કરવામાં આવે છે. [૧૫૫૩] કારણ કે શાસ્ત્રમાં સત્પુરુષોને નિરવદ્ય આ અભ્યુદ્યત વિહારનું સેવન પ્રાયઃ અંતિમકાળે કરવાનું કહ્યું છે. તે સિવાયના કાળમાં તો કોઈ મહાન કાર્ય વગેરેના કારણે રુકાવટ થાય તો સેવન ન પણ થાય. [૧૫૫૪]

**केई भणंति एसो, गुरुसंजमजोगओ पहाणोत्ति ।**

**थेरविहाराओऽवि हु, अच्चंतं अप्पमायाओ ॥ १५५५ ॥**

**वृत्तिः**– '**केचन भणन्त्येषः**'– अभ्युद्यतविहारः '**गुरुसंयमयोगतः**' कारणात् **प्रधान इति, स्थविरविहारादपि**' सकाशात्, '**अत्यन्ताप्रमादाद्धे**'तोरिति गाथार्थः ॥ १५५५ ॥

**अण्णे परत्थविरहा, नेवं एसो अ इह पहाणोत्ति ।**

**एअस्सवि तदभावे, पडिवत्तिणिसेहओ चेव ॥ १५५६ ॥**

**वृत्तिः**– '**अन्ये परार्थविरहात्**' कारणा**न्नैवमि**'ति भणन्ति, '**एष च**' परार्थ '**इह प्रधानः**' परलोक '**इति, एतस्या**'प्यभ्युद्यतविहारस्य '**तदभावे**'–परार्थाभावे '**प्रतिपत्तिनिषेधतश्चैव**', नैवं भणन्तीति गाथार्थः ॥ १५५६ ॥

जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કોઈ કહે છે કે- અભ્યુદ્યત વિહાર સ્થવિર વિહારથી પણ પ્રધાન છે. કારણ કે તેમાં અત્યંત અપ્રમાદના કારણે શ્રેષ્ઠ સંયમની પ્રાપ્તિ થાય છે. [૧૫૫૫] બીજાઓ કહે છે કે- અભ્યુદ્યત વિહાર પ્રધાન નથી. કારણ કે તેમાં પરાર્થ (= પરોપકાર) થઈ શકતો નથી. પરલોકમાં પરાર્થ પ્રધાન છે. તથા અભ્યુદ્યત વિહારમાં પરાર્થનો અભાવ થતો હોય તો તેના સ્વીકારનો નિષેધ છે. [૧૫૫૬]

एतदेवाह–

**अब्भुज्जयमेगयरं, पडिवज्जिउकामो सोवि पव्वावे ।**

**गणिगुणसलद्धिओ खलु, एमेव अलद्धिजुत्तोऽवि ॥ १५५७ ॥**

**वृत्तिः**- '**अभ्युद्यतमेकतरं**' विहारं मरणं वा '**प्रतिपत्तुकामः**' सन् '**असावपि प्रव्राजयत्यु**'पस्थितं, अन्यथा तत्प्रव्रज्याऽभावे '**गणिगुणस्वलब्धिकः खलु**' तत्पालनासमर्थो, न सामान्येन तच्छून्यः, स्नेहात्प्रव्रजति सति का वार्त्तेत्याह–'**एवमेव**', अन्यथा तत्प्रव्रज्याऽभावे–'**ऽलब्धियुक्तोऽप्यु**'भ्युद्यताप्रति-पत्तिमात्रेण गुरुनिश्रया प्रव्राजयतीति गाथार्थः ॥ १५५७ ॥

આ જ વિષયને કહે છે–

પાદપોપગમન આદિ અભ્યુદ્યત મરણ અને પ્રતિમાકલ્પ આદિ અભ્યુદ્યત વિહાર એ બેમાંથી કોઈ એકનો સ્વીકાર કરવાની ઈચ્છાવાળા પણ ગણિગુણોથી અને સ્વલબ્ધિથી યુક્ત સાધુ કલ્પાદિના સ્વીકાર વખતે દીક્ષા લેવા આવેલા જીવની દીક્ષા "તેના વિના થઈ શકે તેમ ન હોય તો" તેને દીક્ષા આપે. જે ગણિગુણોથી અને [1]સ્વલબ્ધિથી યુક્ત હોય તે દીક્ષિતને સંયમનું પાલન કરાવી શકે, તેનાથી રહિત ગમે તે નહિ. માટે અહીં गणिगुणस्वलब्धिक એવું વિશેષણ છે.

**પ્રશ્ન**- કલ્પનો સ્વીકાર કરતી વખતે કોઈ સ્નેહથી દીક્ષા લેવા તૈયાર થાય, અર્થાત્ દીક્ષા આપી શકે તેવા બીજા હોવા છતાં સ્નેહથી હું તો તમારી પાસે જ દીક્ષા લઈશ એવો આગ્રહ રાખે, તો શું કરવું ? કલ્પનો સ્વીકાર કરવો કે દીક્ષા આપવી ?

**ઉત્તર**- (एवमेव =) તો પણ દીક્ષા આપવી.

જે સ્વલબ્ધિથી યુક્ત ન હોય તે પણ, જો તેના વિના દીક્ષા થઈ શકે તેમ ન હોય તો, અભ્યુદ્યત મરણ કે કલ્પનો સ્વીકાર ન કરતાં લબ્ધિવાળા ગુરુની નિશ્રાથી દીક્ષા આપે. [૧૫૫૭]

**एव पहाणो एसो, एगंतेणेव आगमा सिद्धो ।**

**जुत्तीएऽवि अ नेओ, सपरुवगारो महं जम्हा ॥ १५५८ ॥**

**वृत्तिः**- '**एवं प्रधान एषो**'ऽभ्युद्यतविहारात् '**एकान्तेनैवागमात्सिद्ध**' इति, '**युक्त्यापि च ज्ञेयः**' प्रधानः, '**स्वपरोपकारो महान् यस्मा**'दिति गाथार्थः ॥ १५५८ ॥

---

૧. અહીં લબ્ધિ એટલે જેને દીક્ષા આપવાની છે તેને સંયમનાં ઉપકરણો પૂરાં પાડવાં, સંયમનું પાલન કરાવવું વગેરેની શક્તિરૂપ લબ્ધિ વિવક્ષિત છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ण य एत्तो उवगारो, अण्णो णिव्वाणसाहणं परमं ।**

**जं चरणं साहिज्जइ, कस्सइ सुहभावजोएण ॥ १५५९ ॥**

**वृत्तिः**- **'न चात उपकारोऽन्यः'** प्रधानतरः, **'निर्वाणसाधनं परमं यच्चरणं साध्यते कस्यचित्'** प्राणिनः **'शुभभावयोगेन'** हेतुना इति, न लब्ध्याद्यपेक्षयेति गाथार्थः ॥ १५५९ ॥

**अच्चंतिअसुहहेऊ, एअं अण्णेसि णिअमओ चेव ।**

**परिणमइ अप्पणोऽवि हु, कीरंतं हंदि एमेव ॥ १५६० ॥**

**वृत्तिः**- **'आत्यन्तिकसुखहेतुरेतत्'**-चरणं **'अन्येषां'** भव्यप्राणिनां **'नियमेनैव परिणमति, आत्मनोऽपि क्रियमाणम'**[1]**प्येषां 'हन्द्येवमेव'** आत्यन्तिकसुखहेतुत्वेनेति गाथार्थः ॥ १५६० ॥

અભ્યુદ્યત વિહારથી સ્થવિરવિહાર એકાંતે પ્રધાન છે એ આ પ્રમાણે આગમથી સિદ્ધ થયું. યુક્તિથી પણ સ્થવિર વિહાર પ્રધાન છે. કારણ કે તેમાં થતો સ્વપરનો ઉપકાર મહાન છે. [૧૫૫૮] (મારા પરિવારની વૃદ્ધિ થશે ઈત્યાદિ ભૌતિક) લાભની અપેક્ષા વિના (અનુગ્રહ બુદ્ધિરૂપ) શુભભાવથી કોઈ જીવને મોક્ષનું પરમ સાધન એવા ચારિત્રની સાધના કરાવવી એનાથી અધિક પ્રધાન ઉપકાર બીજો કોઈ નથી. [૧૫૫૯] આ ચારિત્ર અન્ય ભવ્ય પ્રાણીઓને નિયમા અવિનાશી સુખનું (કે અવિનાશી સુખ જેમાં છે એવા મોક્ષનું) કારણ બને છે, અને (પોતાનું નિમિત્ત પામીને) [1]બીજાઓથી પળાતું ચારિત્ર (પોતે બીજાઓને દીક્ષા આપે, ચારિત્રની સાધના કરાવે વગેરે રીતે પોતાનું નિમિત્ત પામીને બીજાઓથી પળાતું ચારિત્ર) પોતાને પણ અવિનાશી સુખનું કારણ બને છે. [૧૫૬૦]

**गुरुसंजमजोगो वि हु, विण्णेओ सपरसंजमो जत्थ ।**

**सम्मं पवड्ढमाणो, थेरविहारे अ सो होइ ॥ १५६१ ॥**

**वृत्तिः**- **'गुरुसंयमयोगोऽपि विज्ञेयः'**, क्व ? इह **'स्वपरसंयमो यत्र'**, संयमे **'सम्यक् प्रवर्धमानः'** सन् सन्तत्या **'स्थविरविहारे चासौ भवति'**-स्वपरसंयम इति गाथार्थः ॥ १५६१ ॥

**अच्चंतमप्पमाओऽवि भावओ एस होइ णायव्वो ।**

**जं सुहभावेण सया, सम्मं अण्णेसि तक्करणं ॥ १५६२ ॥**

**वृत्तिः**- **'अत्यन्तमप्रमादोऽपि 'भावतः'** परमार्थेन **'एष भवति ज्ञातव्यः'** 'एवंरूपः' **'यच्छुभभावेन सदा'**-सर्वकालं **'सम्यगन्येषां 'तत्करणं'** शुभभावकरणमिति गाथार्थः ॥ १५६२ ॥

**जइ एवं कीस मुणी, थेरविहारं विहाय गीआवि ? ।**

**पडिवज्जंति इमं नणु, कालोचिअमणसणसमाणं ॥ १५६३ ॥**

---

૧. ટીકામાં क्रियमाणमप्येषां પાઠ છે. પણ क्रियमाणमन्येषां એવો પાઠ હોવો જોઈએ. કારણ કે મૂળમાં ક્યાંય सएषां ( एसिं ) પદ નથી. પણ अन्येषां ( अण्णेसिं ) પદ છે. બીજાઓનું કરાતું એટલે કે બીજાઓથી પળાતું એવો ભાવ સમજવો. તેથી ગુજરાતી ભાવાનુવાદ 'अन्येषां' પદ સમજીને કર્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**- '**यद्येवं किमिति मुनयः स्थविरविहारं विहाय गीतार्था अपि**' सन्तः '**प्रतिपद्यन्ते एनं**' जिनकल्पं ?, '**ननु कालोचितमनशनसमानं**' तद् आज्ञाऽभङ्गादिति गाथार्थः ॥ १५६३ ॥

**तक्काले उचिअस्सा, आणा आराहणा पहाणेसा ।**

**इहरा उ आयहाणी, निप्फलसत्तिक्खया णेआ ॥ १५६४ ॥**

**वृत्तिः**- '**तत्काल एवोचितस्य**' पुंसः '**आज्ञाराधनाद्धे**'तोः '**प्रधान एषः**' जिनकल्पः, '**इतरथा त्वात्महानिः**', स्वकाले तदप्रतिपत्तौ, '**निष्फलशक्तिक्षयात्**' कारणा'**ज्ज्ञेये**'ति गाथार्थः ॥ १५६४ ॥

**अहवाऽऽणाभंगाओ, एसो अहिगगुणसाहणसहस्स ।**

**हीणकरणेण आणा, सत्तीएँ सयावि जइअव्वं ॥ १५६५ ॥**

**वृत्तिः**- '**अथवाऽऽज्ञाभङ्गादा**'त्महानिः, '**एष**' चाज्ञाभङ्गः '**अधिकगुणसाधनसमर्थस्य**' सतः '**हीनकरणेन**' हेतुना, '**आज्ञा**' एवं-यदुत '**शक्त्या सदापि यतितव्यं**', न तत्क्षयः कार्य इति गाथार्थः ॥ १५६५ ॥

શ્રેષ્ઠ [1]સંયમની પ્રાપ્તિ પણ જ્યાં સ્વ-પરનો સંયમ હોય ત્યાં થાય. અને પરંપરાથી સમ્યગ્ અત્યંત વૃદ્ધિ પામતો સ્વ-પરનો સંયમ સ્થવિરવિહારમાં હોય. [૧૫૬૧] અત્યંત અપ્રમાદ પણ પરમાર્થથી એ છે કે (અનુગ્રહ-બુદ્ધિરૂપ) શુભભાવથી બીજાઓમાં સારી રીતે શુભભાવો ઉત્પન્ન કરવા. [૧૫૬૨]

**પ્રશ્ન**- જો સ્થવિરવિહાર પ્રધાન છે તો મુનિઓ ગીતાર્થ હોવા છતાં સ્થવિરવિહારને છોડીને જિનકલ્પને કેમ સ્વીકારે છે ?

**ઉત્તર**- જિનકલ્પ અનશન સમાન હોવાથી અંતિમ કાલે તે ઉચિત છે. અંતિમકાલે જિનકલ્પના સ્વીકારથી જિનાજ્ઞાનો ભંગ થતો નથી=જિનાજ્ઞાનું પાલન થાય છે. [૧૫૬૩] યોગ્ય પુરુષને ચરમકાલે જ જિનકલ્પ પ્રધાન છે. કારણ કે તેથી જિનાજ્ઞાની આરાધના થાય છે. અંતિમકાલે તેનો સ્વીકાર ન કરવાથી શક્તિનો નિષ્ફલ (= ફલ મળ્યા વિના) ક્ષય થવાના કારણે આત્મહાનિ થાય. [૧૫૬૪] અથવા આજ્ઞાભંગ થવાથી આત્મહાનિ થાય. અધિક લાભ મેળવવાની શક્તિ હોવા છતાં હીન કરવાથી આજ્ઞાભંગ થાય. જિનાજ્ઞા એ છે કે- સદાય શક્તિપ્રમાણે પ્રયત્ન કરવો. શક્તિનો ક્ષય ન કરવો (= શક્તિ ગોપવવી નહિ.) [૧૫૬૫]

**एत्तो अ इमं एवं, जं दसपुव्वीण सुव्वई सुत्ते ।**

**एअस्स पडिस्सेहो, तयण्णहा अहिगगुणभावा ॥ १५६६ ॥**

**वृत्तिः**- '**इतश्चैतदेवं**'-स्वपरसंयमः श्रेयान् '**यद्दशपूर्विणां**' साधूनां '**श्रूयते**' '**सूत्रे**' आगमे '**एतस्य प्रतिषेधः**'-कल्पस्य, '**तस्यान्यथा**'-परोपकारद्वारेण '**अधिकगुणभावात्**' कारणादिति गाथार्थः ॥ १५६६ ॥

१. १५५५मी ગાથામાં જિનકલ્પની પ્રધાનતાના સમર્થનમાં શ્રેષ્ઠ સંયમની પ્રાપ્તિ અને અત્યંત અપ્રમાદ એ બે હેતુ જણાવ્યા હતા. માટે અહીં એ બે અંગે સ્પષ્ટીકરણ કર્યું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**एवं तत्तं नाउं, विसेसओ एव सत्तिरहिएहिं ।**
**सपरुवगारे जत्तो, कायव्वो अप्पमत्तेहिं ॥ १५६७ ॥**

**वृत्तिः-** 'एवं तत्त्वं ज्ञात्वा' यथोक्तं सर्वैरेव 'विशेषत एतच्छक्तिरहितैः'- जिनकल्पप्रतिपत्तिशक्तिशून्यैः 'स्वपरोपकारे यत्नः कार्यः', यथाशक्ति 'अप्रमत्तैः', महदेतन्निर्जराङ्गमिति गाथार्थः ॥ १५६७ ॥

સ્થવિરવિહાર પક્ષે આ વિષય આ પ્રમાણે છે- દશપૂર્વી સાધુઓને સ્વ-પરનો સંયમ શ્રેયસ્કર છે. કારણ કે તેમને જિનકલ્પના સ્વીકાર વિના જ પરોપકાર દ્વારા અધિક લાભ થતો હોવાથી આગમમાં તેમના માટે જિનકલ્પનો પ્રતિષેધ સંભળાય છે. [૧૫૬૬] આ પ્રમાણે યથોક્ત તત્ત્વને જાણીને જિનકલ્પસ્વીકારની શક્તિથી રહિત બધાએ જ અપ્રમત્ત બનીને યથાશક્તિ સ્વ-પરના ઉપકારમાં વિશેષપણે યત્ન કરવો જોઈએ. સ્વ-પરના ઉપકારમાં પ્રયત્ન કરવો એ નિર્જરાનું મહાન અંગ છે. [૧૫૬૭]

**सो य ण थेरविहारं मोत्तुं अन्नत्थ होइ सुद्धो उ ।**
**एत्तो च्चिअ पडिसिद्धो, अजायसम्मत्तकप्पो अ ॥ १५६८ ॥**

**वृत्तिः-** 'स च न स्थविरविहारं मुक्त्वा' स्वपरोपकारः 'अन्यत्र भवति शुद्ध एव', नाशुद्धः 'अत एव प्रतिषिद्धः' सूत्रे 'ऽजातोऽसमाप्तकल्पश्चेति' गाथार्थः ॥ १५६८ ॥

JAINSITE.com जैनम् જયતિ શાસનમ્

एतत्स्मरणमाह-

**अज्जाओऽगीआणं, असमत्तो पणगसत्तगा हिट्ठा ।**
**उउवासासुं भणिओ, जहक्कमं वीअरागेहिं ॥ १५६९ ॥**

**वृत्तिः-** 'अजातोऽगीतार्थानां' कल्पः 'असमाप्तः पञ्चकात्सप्तकाच्चाधः ऋतुवर्षयोः' द्वयोरपि 'भणितो यथाक्रमं वीतरागै'रिति गाथार्थः ॥ १५६९ ॥

**पडिसिद्धवज्जगाणं, थेरविहारो अ होइ सुद्धोत्ति ।**
**इहरा आणाभंगो, संसारपवड्ढणो णियमा ॥ १५७० ॥**

**वृत्तिः-** 'प्रतिषिद्धवर्जकानां' साधूनां 'स्थविरविहारश्च भवति शुद्ध इति, 'इतरथा' प्रतिषिद्धासेवने 'आज्ञाभङ्गः संसारप्रवर्द्धनो नियमादि'ति गाथार्थः ॥ १५७० ॥

**कयमित्थ पसंगेणं, सविसयणिअया पहाणया एवं ।**
**दट्ठव्वा बुद्धिमया, गओ अ अब्भुज्जयविहारो ॥ १५७१ ॥**

**वृत्तिः-** 'कृतमत्र 'प्रसङ्गेन' विस्तरेण, 'स्वविषयनियता' उक्तन्यायात् 'प्रधानता एवं द्रष्टव्या बुद्धिमता' द्वयोरपि, 'गतश्चाभ्युद्यतो विहारः', उक्त इति गाथार्थः ॥ १५७१ ॥

તે સ્વ-પરનો ઉપકાર સ્થવિરવિહારને છોડીને બીજે થતો નથી. અહીં સ્વ-પરનો ઉપકાર શુદ્ધ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ સમજવો, અશુદ્ધ નહિ. અહીં સ્વ-પરનો ઉપકાર શુદ્ધ જ ઈષ્ટ છે, માટે જ શાસ્ત્રમાં અજાતકલ્પ અને અસમાપ્તકલ્પ વિહારનો પ્રતિષેધ કરવામાં આવ્યો છે. [૧૫૬૮] **પોતાને થયેલું અજાતકલ્પ અને અસમાપ્તકલ્પ વિહારનું સ્મરણ ગ્રંથકાર અહીં કહે છે-** વીતરાગ ભગવંતોએ અગીતાર્થોના (કે ગીતાર્થની નિશ્રા વિનાના સાધુઓના) વિહારને અજાતકલ્પ કહ્યો છે, તથા શેષકાળમાં પાંચ સાધુઓથી ઓછા અને ચોમાસામાં સાત સાધુઓથી ઓછા સાધુઓના વિહારને અસમાપ્તકલ્પ કહ્યો છે. [૧૫૬૯] પ્રતિષિદ્ધનો ત્યાગ કરનારા સાધુઓનો સ્થવિરવિહાર શુદ્ધ હોય. પ્રતિષિદ્ધનું સેવન કરવામાં સંસારની અતિશય વૃદ્ધિ કરનાર આજ્ઞાભંગરૂપ દોષ થાય. [૧૫૭૦] અહીં પ્રાસંગિક વિસ્તાર આટલો બસ છે. બુદ્ધિમંત પુરુષે આ પ્રમાણે ઉક્તનીતિથી સ્વવિષયમાં નિયત થયેલી બંનેની પ્રધાનતા જાણવી, અર્થાત્ પોતપોતાના વિષયમાં બંને પ્રધાન છે. [૧૫૭૧]

**अब्भुज्जयमरणं पुण, अमरणधम्मेहिं वण्णिअं तिविहं ।**
**पायवइंगिणिमरणं, भत्तपरिण्णा य धीरेहिं ॥ १५७२ ॥**

**वृत्तिः**- '**अभ्युद्यतमरणं पुनः**' '**अमरणधर्म्मभिः**' तीर्थकरै**र्वर्णितं त्रिविधं, पादपेङ्गितमरणं भक्तपरिज्ञा च, धीरैः**' अमरणधर्म्मभिरिति गाथार्थः ॥ १५७२ ॥

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

**संलेहणापुरस्सर-मेअं पाएण वा तयं पुव्विं ।**
**वोच्छं तओ कमेणं, समासओ उज्जयं मरणं ॥ १५७३ ॥**

**वृत्तिः**- '**संलेखनापुरस्सरमेतत् प्रायशः**', पादपविशेषं मुक्त्वा, '**ततो पूर्वं वक्ष्ये**' संलेखनां, '**ततः क्रमेणो**'क्तरूपेण '**समासतोऽभ्युद्यतमरणं**' वक्ष्य इति गाथार्थः ॥ १५७३ ॥

**સંલેખના**

ધીર તીર્થંકરોએ અભ્યુદ્યત મરણ પાદપોપગમન, ઇંગિતમરણ અને ભક્તપરિજ્ઞા એમ ત્રણ પ્રકારનું કહ્યું છે. [૧૫૭૨] પાદપોપગમન વિના અભ્યુદ્યત મરણ પ્રાયઃ સંલેખનાપૂર્વક હોય છે, માટે પહેલાં સંલેખના કહીશ, પછી ઉક્ત ક્રમપ્રમાણે સંક્ષેપથી અભ્યુદ્યત મરણ કહીશ. [૧૫૭૩]

**चत्तारि विचित्ताइं, विगईणिज्जूहिआइं चत्तारि ।**
**संवच्छरे उ दोण्णि उ, एगंतरिअं च आयामं ॥ १५७४ ॥**

**वृत्तिः**- '**चतुरः**' संवत्सरान् '**विचित्राणि**' तपांसि करोति, षष्ठादीनि, तथा '**विकृतिनिर्व्यूढानि**' निर्विकृतिकानि '**चत्वारि**', एवं '**संवत्सरौ द्वौ च**' तदूर्ध्वं '**एकान्तरितमेव च**' नियोगतः '**आयामं**' तपः करोतीति गाथार्थः ॥ १५७४ ॥

**णाइविगिट्ठो अ तवो, छम्मासे परिमिअं च आयामं ।**
**अण्णेऽवि अ छम्मासे, होइ विगिट्ठं तवोकम्मं ॥ १५७५ ॥**

**वृत्तिः**- '**नातिविकृष्टं च तपः**'-चतुर्थादि '**षण्मासा**'न्करोति, तत ऊर्ध्वं '**परिमितं**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

चाऽऽयामं' तत्पारणक इति, तैलगण्डूषधारणं च मुखभङ्गे, 'अन्यानपि च षण्मासान्' अत ऊर्ध्वं 'भवति 'विकृष्टम्' अष्टमाद्येव 'तपःकर्मेति' गाथार्थः ॥ १५७५ ॥

**वासं कोडीसहिअं, आयामं तह य आणुपुव्वीए ।**

**संघयणादणुरूवं, एत्तो अद्धाइनिअमेण ॥ १५७६ ॥**

**वृत्तिः-** '**वर्षं कोटीसहितमायामं, तथा चानुपूर्व्या**' एवमेव '**संहननाद्यनुरूपम्**', आदिशब्दाच्छक्त्यादिग्रहः, '**अतः**' उक्तात् कालाद् '**अर्द्धादि**'-अर्द्धं प्रत्यर्द्धं वा '**नियमेन**' करोति, इह च कोटीसहितमित्येवं वृद्धा ब्रुवते-''**पट्ठवणओ य दिवसो पच्चक्खाणस्स निट्ठवणओ य । जहियं समिंति दोण्णि उ तं भन्नइ कोडिसहियं तु** ॥ १ ॥ भावत्थो पुण इम्मस्स - जत्थ पच्चक्खाणस्स कोणो कोणो य मिलयइ, कहं ?, गोसे आवस्सए अब्भत्तट्ठो गहिओ, अहोरत्तं अच्छिऊण पच्छा पुणरवि अब्भत्तट्ठं करेइ, बीयस्स पट्ठावणा पढमस्स निट्ठवणा, एए दोवि कोणा एगट्ठ दोवि मिलिआ, अट्ठमादिसु दुहओ कोडिसहियं, जो चरिमदिवसो तस्सवि एगा कोडी, एवं आयंबिलनिव्वीइयएगासणएगट्ठाणगाणिवि, अहवा इमो अण्णो विही-अब्भत्तट्ठं कयं, आयंबिलेण पारियं, पुणरवि अब्भत्तट्ठं करेइ आयंबिलं च, एवं एगासणगाईहिवि संजोगा कायव्वा, णिविगतिगाइसु सव्वेसु सरिसेसु विसरिसेसु य, एत्थ आयंबिलेणाहिगारोत्ति गाथार्थः ॥ १५७६ ॥

પહેલાં ચાર વર્ષો સુધી છટ્ઠ (ઉપવાસ અટ્ઠમ) વગેરે વિવિધ તપો કરે. (પારણે વિગઈ વાપરે.) પછી ચાર વર્ષો સુધી તે જ તપો વિકૃતિથી રહિત કરે, અર્થાત્ પારણે વિગઈઓ ન વાપરે. ત્યારબાદ બે વર્ષ સુધી નિયમા એકાંતરે આયંબીલ કરે, અર્થાત્ ઉપવાસના પારણે આયંબિલ કરે. [૧૫૭૪] પછી છ મહિના સુધી ઉપવાસ વગેરે તપ કરે, પણ અતિવિકૃષ્ટ (= અટ્ઠમ વગેરે) તપ ન કરે, પારણે પરિમિત (પરિમિત દ્રવ્યોથી) આયંબીલ કરે. મુખભંગ ન થાય (= જડબાં કઠણ ન થઈ જાય) એ માટે તેલનો કોગળો મોઢામાં [1]ધારણ કરે. ત્યારબાદ છ મહિના સુધી અટ્ઠમ વગેરે વિકૃષ્ટ તપ કરે. (પારણે પરિપૂર્ણ=દ્રવ્યોના પરિમાણ વિના આયંબિલ કરે.) [૧૫૭૫] એક વર્ષ સુધી કોટિસહિત, અર્થાત્ દરરોજ, આયંબિલ કરે. (જો બાર વર્ષ સુધી આ પ્રમાણે કરવાની શક્તિ કે આયુષ્ય વગેરે ન હોય તો) સંઘયણ શક્તિ વગેરે પ્રમાણે અહીં કહેલા જ ક્રમે છ વર્ષ કે ત્રણ વર્ષ પણ અવશ્ય સંલેખના કરે. અહીં 'કોટિસહિત' શબ્દનો અર્થ વૃદ્ધો આ પ્રમાણે કહે છે-

पट्ठवणओ य दिवसो, पच्चक्खाणस्स निट्ठवणओ य ।

जहियं समिंति दोण्णि उ, तं भन्नइ कोडिसहियं तु ॥ १ ॥

---

१. બારમા વર્ષના છેલ્લા ચાર મહિના સુધી એકાંતરે મુખમાં તેલનો કોગળો ઘણા વખત સુધી ભરી રાખે, પછી તે કોગળો શ્લેશ્મની કુંડીમાં રહેલી રાખમાં થૂંકીને મુખને ગરમ પાણીથી શુદ્ધ કરે. જો તેલના કોગળાની આ વિધિ ન કરવામાં આવે તો મુખ રૂક્ષ થઈ જવાથી વાયુના પ્રકોપથી મોઢાનાં જડબાં ભેગા થઈ જવાનો સંભવ છે, એમ થાય તો અંતિમ સમયે મુખથી નમસ્કાર મંત્રનું ઉચ્ચારણ ન કરી શકે. (ધર્મસંગ્રહ ભા ૨, સંલેખના અધિકાર.)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**"પચ્ચક્ખાણનો પ્રારંભ કરનાર અને અંત કરનાર એ બંને દિવસ જે પચ્ચક્ખાણમાં ભેગા થાય તે પચ્ચક્ખાણને કોટિસહિત કહે છે."**

આનો ભાવાર્થ આ પ્રમાણે છે- જેમાં બે છેડા ભેગા થાય તે પચ્ચક્ખાણ કોટિસહિત છે. કેવી રીતે ? આ રીતે- સવારે પ્રતિક્રમણમાં ઉપવાસનું પચ્ચક્ખાણ લીધું, અહોરાત્ર ઉપવાસ કરીને ફરી પણ (બીજા દિવસે સવારે) ઉપવાસનું પચ્ચક્ખાણ લે. અહીં બીજા ઉપવાસનો પ્રારંભ અને પ્રથમ ઉપવાસનો અંત છે. આ બંને (પ્રારંભ અને અંત રૂપ) સરખા છેડા એક સમયે ભેગા થયા તે કોટિસહિત. એ પ્રમાણે આયંબિલ, નિવિ, એકાસણ અને એકલઠાણમાં પણ જાણવું. (અર્થાત્ બે આયંબિલ ભેગા કરે તો કોટિસહિત પચ્ચક્ખાણ થાય વગેરે જાણવું.) અટ્ઠમ વગેરેમાં બે રીતે કોટિસહિત છે. કારણ કે છેલ્લા દિવસની પણ એક કોટિ છે. (એક તરફ પૂર્ણતા રૂપ કોટિ અને બીજી તરફ ત્રીજા ઉપવાસના પ્રારંભ રૂપ કોટિ એ બેના મળવાથી બે રીતે કોટિ સહિત પચ્ચક્ખાણ થાય.)

અથવા આ બીજો પ્રકાર છે- ઉપવાસ કર્યો, પારણે આયંબિલ કર્યું, ફરી ઉપવાસના પારણે આયંબિલ કર્યું, તો તે પણ કોટિસહિત પચ્ચક્ખાણ થાય, એ પ્રમાણે એકાસણ વગેરેથી પણ સંયોગ કરવો, અર્થાત્ લાગલગાટ ઉપવાસના પારણે એકાસણ કરે વગેરે રીતે પણ કોટિસહિત પચ્ચક્ખાણ થાય. એ રીતે નિવિ વગેરે બધા સમાન અને અસમાન પચ્ચક્ખાણો વિષે [1]જાણવું. અહીં સંલેખનામાં તો આયંબિલનો અધિકાર છે. [૧૫૭૬]

इत्थमसंलेखनायां दोषमाह-

**देहम्मि असंलिहिए, सहसा धाऊहिं खिज्जमाणेहिं ।**
**जायइ अट्टज्झाणं, सरीरिणो चरमकालम्मि ॥ १५७७ ॥**

**वृत्तिः-** '**देहे असंलिखिते**' सति '**सहसा धातुभिः क्षीयमाणैः**'-मांसादिभिः '**जायते** '**आर्त्तध्यानम्**' असमाधिः '**शरीरिणः** '**चरमकाले**' मरणसमय इति गाथार्थः ॥ १५७७ ॥

**विहिणा उ थेवथेवं, खविज्जमाणेहिं संभवइ णेअं ।**
**भवविडविबीअभूअं, इत्थ य जुत्ती इमा णेआ ॥ १५७८ ॥**

**वृत्तिः-** '**विधिना तु**' शास्त्रोक्तेन '**स्तोकस्तोकं क्षीयमाणै**'र्धातुभिः '**सम्भवति नैतद्**'-आर्त्तध्यानं, '**भवविटपिबीजभूतमेतद्, अत्र युक्तिरियं ज्ञेया**'ऽसम्भवे इति गाथार्थः ॥ १५७८ ॥

**सइ सुहभावस्स तहा, थेवविवक्खत्तणेण नो बाहा ।**
**जायइ बलेण महया, थेवस्सारंभभावाओ ॥ १५७९ ॥**

**वृत्तिः-** '**सदा शुभभावस्य** '**तथा**' तेन संलेखनाप्रकारेण '**स्तोकविपक्षत्वेन**' हेतुना '**न बाधा जायते**', कुत इत्याह-'**बलेन महता**' शुभभावेन तेन '**स्तोकस्य**' दुःखस्य '**आरम्भभावादि**'ति गाथार्थः ॥ १५७९ ॥

૧. પચ્ચક્ખાણ ભાષ્યમાં કોટિસહિત પચ્ચક્ખાણનાં સમ અને વિષમ એમ બે પ્રકાર જણાવ્યા છે. ઉપવાસ પૂર્ણ થતાં ફરી ઉપવાસ કરવો, આયંબિલ પૂર્ણ થતાં ફરી આયંબિલ કરવું વગેરે સમ કોટિસહિત પચ્ચક્ખાણ છે. ઉપવાસ પૂર્ણ થતાં આયંબિલ વગેરે કરવું, આયંબિલ પૂર્ણ થતાં ઉપવાસ વગેરે કરવું વગેરે વિષમ કોટિસહિત પચ્ચક્ખાણ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**उवक्कमणं एवं, सप्पडिआरं महाबलं णेअं ।**

**उचिआणासंपायण, सइ सुहभावं विसेसेणं ॥ १५८० ॥**

**वृत्तिः-** '**उपक्रमणमेवं**' धात्वादीनां '**सप्रतीकारं**' भूयो बृंहणेन '**महाबलं ज्ञेयमत्र उचिताज्ञासम्पादनेन सदा शुभभावमु**'पक्रमणं '**विशेषेणे**'ति गाथार्थः ॥ १५८० ॥

**थेवमुवक्कमणिज्जं, बज्झं अब्भितरं च एअस्स ।**

**जाइ इअ गोअरत्तं, तहा तहा समयभेएणं ॥ १५८१ ॥**

**वृत्तिः-** '**स्तोकमुपक्रमणीयं बाह्यं**'-मांसादि '**आभ्यन्तरं च**'-अशुभपरिणामादि '**एतस्य**'-उपक्रमणस्य '**यात्येवं गोचरत्वं**' संलेखनायाः '**तथा तथा**' '**समयभेदेन**' कालभेदेनेति गाथार्थः ॥ १५८१ ॥

**जुगवं तु खविज्जंतं, उदग्गभावेण पायसो जीवं ।**

**चावइ सुहजोगाओ, बहुगुरुसेण्णं व सुहडंति ॥ १५८२ ॥**

**वृत्तिः-** '**युगपत्तु क्षिप्यमाणं**' तन्मांसादि '**उदग्रभावेन**'-प्रचुरतया '**प्रायशो जीवं**', किमित्याह-'**च्यावयति शुभयोगात्**' सकाशात्, किमिव कमित्याह- '**बहुगुरुसैन्यमिव सुभटं**' च्यावयति जयादिति गाथार्थः ॥ १५८२ ॥

जैन साईट JAINSITE.com जनम् जयति शासनम्

**ઉક્ત વિધિપ્રમાણે સંલેખના ન કરવામાં દોષ જણાવે છે–**

(આ રીતે ધીમે ધીમે) દેહને કૃશ કરવામાં ન આવે તો (અનશનમાં) એકી સાથે ક્ષીણ થતી માંસ વગેરે ધાતુઓથી જીવને મરણ સમયે અસમાધિ થાય (= અસમાધિ થવાનો સંભવ છે.) [૧૫૭૭] શાસ્ત્રોક્ત વિધિવડે થોડી થોડી ક્ષીણ થતી ધાતુઓથી ભવરૂપ વૃક્ષનું બીજભૂત આર્તધ્યાન ન થાય. આર્તધ્યાન ન થવામાં યુક્તિ આ (= હવે કહેવાય છે તે) જાણવી. [૧૫૭૮] સંલેખનાથી વિપક્ષ (= ધાતુક્ષય) અલ્પ હોવાથી સદા શુભભાવને બાધા થતી નથી. કારણ કે બલવાન મહાન શુભભાવના કારણે થોડા દુઃખનો પ્રારંભ થાય છે, અર્થાત્ દુઃખ થોડું થાય છે. (દુઃખ થોડું છે અને ભાવ અધિક છે. થોડું દુઃખ અધિક ભાવને હરકત ન પહોંચાડી શકે.) [૧૫૭૯] આ પ્રમાણે પ્રતિકાર સહિત અને સદા શુભભાવવાળું ધાતુઓનું ઉપક્રમણ (= પ્રયત્નથી કરાતી ક્ષીણતા) યોગ્ય આજ્ઞાનું પાલન થવાના કારણે વિશેષથી મહા બલવાન જાણવું. કારણ કે પુનઃ પુષ્ટિ થવાના કારણે ઉપક્રમણ પ્રતિકારસહિત છે. (છેલ્લા વર્ષમાં નિરંતર આયંબિલ હોવાથી ધાતુઓ થોડી પુષ્ટ બની જાય છે. આથી ઉપક્રમણ પ્રતિકારસહિત છે.) [૧૫૮૦] સંલેખનાથી તે તે રીતે કાલભેદથી બાહ્ય માંસ વગેરે અને અભ્યંતર અશુભ પરિણામ વગેરે ઉપક્રમણીય વસ્તુનો અલ્પ ઉપક્રમણ થાય છે, અધિક નહિ, અર્થાત્ સંલેખનાથી તે તે રીતે કાલભેદથી માંસ વગેરેની અને અશુભ પરિણામ વગેરેની ક્રમશઃ થોડી થોડી ક્ષીણતા થતી જાય છે. એકી સાથે બહુ ક્ષીણતા થતી નથી. [૧૫૮૧] એકી સાથે ઘણા પ્રમાણમાં ક્ષીણ કરાતી માંસાદિ ધાતુઓ તો પ્રાયઃ જીવને શુભયોગથી પાડી નાખે, જેમ ઘણું મોટું સૈન્ય એક સુભટને પાડી નાખે તેમ, અર્થાત્ જીતી લે તેમ. [૧૫૮૨]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**आहऽप्पवहणिमित्तं, एसा कह जुज्जई जइजणस्स ।**

**समभाववित्तिणो तह, समयत्थविरोहओ चेव ? ॥ १५८३ ॥**

**वृत्तिः**- '**आह- आत्मवधनिमित्तमेषा**'-संलेखना '**कथं युज्यते ?, यतिजनस्य समभाववृत्तेः**' सतः, '**तथा समयार्थविरोधतश्चैवे**'ति गाथार्थः ॥ १५८३ ॥

विरोधमाह–

**तिविहाऽतिवायकिरिआ, अप्पपरोभयगया जओ भणिया ।**

**बहुसो अणिट्ठफलया, धीरेहिं अणंतनाणीहिं ॥ १५८४ ॥**

**वृत्तिः**- '**त्रिविधा अतिपातक्रिया**', कथमित्याह–'**आत्मपरोभयगता यतो भणिता**' समये '**बहुशोऽनिष्टफलदे**'यं क्रिया '**धीरैरनन्तज्ञानिभिः**'-सर्वज्ञैरिति गाथार्थः ॥ १५८४ ॥

**भण्णइ सच्चं एअं, ण उ एसा अप्पवहणिमित्तंति ।**

**तल्लक्खणविरहाओ, विहिआणुट्ठाणभावेण ॥ १५८५ ॥**

**वृत्तिः**- '**भण्यते-सत्यमेतत्**'-त्रिविधातिपातक्रियेति, '**नत्वेषा**' संलेखना क्रिया '**आत्मवधनिमित्तेति**', कुत इत्याह–'**तल्लक्षणविरहात्**' आत्मवधक्रियालक्षणविरहात्, विरहश्च '**विहितानुष्ठानभावेन**' हेतुनेति गाथार्थः ॥ १५८५ ॥

**जा खलु पमत्तजोगा, णिअमा रागाइदोससंसत्ता ।**

**आणाओ बहिभूआ, सा होअइ वायकिरिआ य ॥ १५८६ ॥**

**वृत्तिः**- '**या खलु प्रमत्तयोगात्**' सकाशात् '**नियमाद्रागादिदोषसंसक्ता**' स्वरूपतः, '**आज्ञातो बहिर्भूता**' उच्छास्त्रा '**सा भवत्यतिपातक्रिया**', इदं लक्षणमस्या इति गाथार्थः ॥ १५८६ ॥

**जा पुण एअविउत्ता, सुहभावविवड्ढणा अ नियमेणं ।**

**सा होइ सुद्धकिरिआ, तल्लक्खणजोगओ चेव ॥ १५८७ ॥**

**वृत्तिः**- '**या पुनरेतद्वियुक्ता**' क्रिया '**शुभभावविवर्द्धनी च नियमेना**'यत्यां '**सा भवति शुद्धक्रिया**', कुतः ? '**तल्लक्षणयोगत एवे**'ति गाथार्थः ॥ १५८७ ॥

**પૂર્વપક્ષ**- સમભાવમાં રહેલા સાધુને સંલેખના યોગ્ય નથી, કારણ કે તે આત્મવધનું (= આત્મઘાતનું) કારણ છે, અને (એથી) શાસ્ત્રના અર્થ સાથે વિરોધ આવે છે. [૧૫૮૩] **વિરોધ કહે છે**- કારણ કે ધીર સર્વજ્ઞોએ શાસ્ત્રમાં સ્વની, પરની અને સ્વ-પર ઉભયની એમ ત્રણ પ્રકારની અતિપાતક્રિયાને (= નાશ કરવાની ક્રિયાને) બહુવાર અનિષ્ટફલને આપનારી કહી છે. [૧૫૮૪] **ઉત્તરપક્ષ**- ત્રણ પ્રકારની અતિપાતક્રિયા બહુવાર અનિષ્ટફલને આપનારી છે એ સાચું છે. પણ સંલેખનાની ક્રિયા આત્મવધનું કારણ નથી. કારણ કે આત્મવધની ક્રિયાનું લક્ષણ એમાં નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંલેખનાક્રિયા વિહિત (= શાસ્ત્રમાં કહેલ) અનુષ્ઠાન હોવાથી એમાં આત્મવધક્રિયાનું લક્ષણ નથી. [૧૫૮૫] જે ક્રિયા પ્રમાદના કારણે નિયમા સ્વરૂપથી રાગાદિ દોષોથી યુક્ત હોય અને આજ્ઞાથી બાહ્ય હોય તે અતિપાતક્રિયા છે. આ અતિપાતક્રિયાનું લક્ષણ છે. [૧૫૮૬] પણ જે ક્રિયા આ (= અતિપાત ક્રિયાના)લક્ષણથી રહિત છે અને [1]નિયમા ભવિષ્યમાં (= પરિણામે) શુભભાવની વિશેષ વૃદ્ધિ કરે તે શુદ્ધક્રિયા છે. કારણ કે શુદ્ધક્રિયાનું લક્ષણ તેમાં રહેલું છે. શુદ્ધક્રિયાનું લક્ષણ તેમાં છે માટે જ તે શુદ્ધક્રિયા છે. [૧૫૮૭]

**पडिवज्जइ अ इमं जो, पायं किअकिच्चमो उ इह जम्मे ।**

**सुहमरणमित्तकिच्चो, तस्सेसा जायइ जहुत्ता ॥ १५८८ ॥**

**वृत्तिः-** '**प्रतिपद्यते चैनां**'-संलेखनक्रियां '**यः प्रायः कृतकृत्य एवेह जन्मनि**', निष्ठितार्थः, '**शुभमरणमात्रकृत्यः**', यदि परं '**तस्यैषा जायते यथोक्ता**'-संलेखना शुद्धक्रिया वेति गाथार्थः ॥ १५८८ ॥

જેનાં આ જન્મમાં પ્રાયઃ સર્વ કર્તવ્યો પૂર્ણ થઈ ગયાં છે, માત્ર શુભ (સમાધિ) મરણરૂપ કર્તવ્ય બાકી છે તે આ સંલેખના ક્રિયાને સ્વીકારે તો તેની સંલેખના યથોક્ત (= શાસ્ત્રમાં કહી છે તેવી) સંલેખના કે યથોક્ત શુદ્ધક્રિયા બને. (અર્થાત્ સ્વકર્તવ્યોને પૂર્ણ કર્યા વિના સંલેખના સ્વીકારનારની સંલેખના યથોક્ત સંલેખના બનતી નથી.) [૧૫૮૮]

**मरणपडिआरभूआ, एसा एवं च ण मरणनिमित्ता ।**

**जह गंडछेअकिरिआ, णो आयविराहणारूवा ॥ १५८९ ॥**

**वृत्तिः-** '**मरणप्रतीकारभूतैषा, एवं**' चोक्तन्यायात् '**न मरणनिमित्ता, यथा गण्डच्छेदक्रिया**' दुःखरूपाऽपि '**नात्मविराधनारूपेति**' गाथार्थः ॥ १५८९ ॥

આ પ્રમાણે ઉક્તનીતિથી સંલેખના મરણનું કારણ નથી, બલ્કે મરણના પ્રતિકારભૂત (= મરણથી બચવાનો ઉપાય) છે. જેમ ગુમડાને કાપવાની ક્રિયા દુઃખરૂપ હોવા છતાં આત્મવિરાધનારૂપ નથી = જીવના દુઃખનું કારણ નથી, બલ્કે સુખનું કારણ છે. એમ સંલેખના દેખીતી રીતે મરણ માટે હોવા છતાં મરણનું કારણ નથી, બલ્કે મરણમુક્તિનું કારણ છે. [૧૫૮૯]

**अब्भत्था सुहजोगा, असवत्ता पायसो जहा समयं ।**

**एसो इमस्स उचिओ, अमरणधम्मेहिं निद्दिट्ठो ॥ १५९० ॥**

**वृत्तिः-** '**अभ्यस्ता शुभयोगाः**' औचित्येन '**असपत्ना**' यथाऽऽगमं '**प्रायशो**' '**यथासमयं**' यथाकाल**मेषोऽप्यस्य**'-मरणयोगस्योचितः समयः '**अमरणधर्म्मभिः**' वीतरागै- '**र्निर्दिष्टः**' सूत्र इति गाथार्थः ॥ १५९० ॥

1. ભવિષ્યમાં (= પરિણામે) શુભભાવની વિશેષ વૃદ્ધિ કરે છે. એનાથી એ નિશ્ચિત થાય છે કે વર્તમાનમાં તો શુભભાવ છે જ. શુભક્રિયા વર્તમાનમાં રહેલા શુભભાવની ઉત્તરોત્તર વૃદ્ધિ કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

यतश्चैवम्-

**ता आराहेमु इमं, चरमं चरमगुणसाहगं सम्मं ।**

**सुहभावविवड्ढी खलु, एवमिह पवत्तमाणस्स ॥ १५९१ ॥**

**वृत्तिः**- '**तत्**' तस्माद् '**आराधयामः**'-सम्पादयामः '**एनं चरमं**' शुभयोगं '**चरमगुणसाधक**'माराधना-निष्पादकं '**सम्यग्**' आगमनीत्या, '**शुभभाववृद्धिः खलु**'-कुशलाशयवृद्धिरित्यर्थः '**एवमिह**'-संलेखनायां '**प्रवर्त्तमानस्य**' सत इति गाथार्थः ॥ १५९१ ॥

**उचिए काले एसा, समयंमिवि वण्णिआ जिणिंदेहिं ।**

**तम्हा तओ ण दुट्ठा, विहिआणुट्ठाणओ चेव ॥ १५९२ ॥**

**वृत्तिः**- '**उचिते काले**'-चरमे '**एषा**' संलेखना '**समयेऽपि**' आगमेऽपि '**वर्णिता**' '**जिनेन्द्रैः**' तीर्थकरैर्यस्मात् '**तस्मान्न दुष्टा**' एषा, कुत इत्याह- '**विहितानुष्ठानत एव**'-शास्त्रोक्तत्वादिति गाथार्थः ॥ १५९२ ॥

"में આગમ પ્રમાણે પરસ્પર એક-બીજા યોગમાં વિરોધ ન આવે તે રીતે અને જે કાળે જે યોગ કરવો જોઈએ તે કાળે તે યોગ કરવા દ્વારા ઉચિત રીતે પ્રાયઃ (બધા) શુભયોગોનો અભ્યાસ કરી લીધો છે, આ (અંતિમ) સમયને પણ જિનેશ્વરોએ શાસ્ત્રમાં મરણયોગને ઉચિત સમય કહ્યો છે, [૧૫૯૦] આથી હવે હું અંતિમ આરાધનાની સિદ્ધિ કરી આપનાર આ અંતિમ શુભયોગની આરાધના કરું" એવા આશયથી સંલેખના કરનારના શુભભાવની વૃદ્ધિ થાય છે. [૧૫૯૧] તીર્થંકરોએ શાસ્ત્રમાં પણ ઉચિત (= અંતિમ) કાળે સંલેખના કરવાનું કહ્યું હોવાના કારણે સંલેખના શાસ્ત્રોક્ત હોવાથી જ દોષિત નથી = નિર્દોષ છે. [૧૫૯૨]

**भावमवि संलिहेई, जिणप्पणीएण झाणजोएणं ।**

**भूअत्थभावणाहिं, परिवड्ढइ बोहिमूलाइं ॥ १५९३ ॥**

**वृत्तिः**- '**भावमप्या**'न्तरं '**संलिखति**' कृशं करोति '**जिनप्रणीतेन**'-आगमानुसारिणा '**ध्यानयोगेन**' धर्म्मादिना, '**भूतार्थभावनाभि**'श्च वक्ष्यमाणाभिः '**परिवर्द्धयति**' वृद्धिं नयति '**बोधिमूलान्य**'वन्ध्यकारणानीति गाथार्थः ॥ १५९३ ॥

एतदेवाह-

**भावेइ भाविअप्पा, विसेसओ नवरि तम्मि कालम्मि ।**

**पयईएँ निग्गुणत्तं, संसारमहासमुद्दस्स ॥ १५९४ ॥**

**वृत्तिः**- '**भावयति**' अभ्यस्यति '**भावितात्मा**' सूत्रेण '**विशेषतः**' अतिशयेन '**नवरं तस्मिन् काले**' चरमे, किमित्याह-'**प्रकृत्या**' स्वभावेन '**निर्गुणत्वम्**' असारत्वं '**संसारमहासमुद्रस्य**' भवोदधेरिति गाथार्थः ॥ १५९४ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**जम्मजरामरणजलो, अणाइमं वसणसावयाइण्णो ।**

**जीवाण दुक्खहेऊ, कट्ठं रोद्दो भवसमुद्दो ॥ १५९५ ॥**

**वृत्तिः**- **'जन्मजरामरणजलो'**, बहुत्वादमीषाम्, **'अनादिमानि'**ति अगाधः **'व्यसनश्वापदाकीर्णः'** अपकारित्वाद्, अमीषां **'जीवानां दुःखहेतुः'** सामान्येन **'कष्टः रौद्रो'**-भयानकः **'भवसमुद्र'** एवंभूत इति गाथार्थः ॥ १५९५ ॥

સંલેખના કરનાર આગમાનુસારી ધર્મધ્યાન વગેરે ધ્યાનયોગથી આંતરિક (ક્રોધાદિ) ભાવોની પણ સંલેખના કરે = પાતળા કરે અને (હવે કહેવાશે તે) પારમાર્થિક ભાવનાઓથી બોધિનાં મૂળિયાંઓને = અવંધ્યકારણોને વધારે. [૧૫૯૩] **પારમાર્થિક ભાવનાઓ જ કહે છે-** શાસ્ત્રથી વાસિત અંતઃકરણવાળો જીવ અંતિમ કાળે સંલેખનાનો સ્વીકાર કર્યા પછી સંસારરૂપ મહાસમુદ્રની સ્વાભાવિક અસારતાને વિશેષરૂપે ભાવે. [૧૫૯૪] ભવરૂપ સમુદ્ર જન્મ-જરા-મરણરૂપ પાણીવાળો છે. કારણ કે જેમ સમુદ્રમાં પાણી વધારે હોય છે તેમ સંસારમાં જન્મ-જરા-મરણ બહુ થાય છે, અનાદિમાન = અગાધ છે, સંકટોરૂપ હિંસક પ્રાણીઓથી વ્યાપ્ત છે, કારણ કે જેમ હિંસક પ્રાણીઓ અપકારી છે તેમ સંકટો પણ અપકારી છે, સામાન્યથી જીવોના દુઃખનું કારણ છે, દુઃખરૂપ છે, ભયાનક છે. [૧૫૯૫]

**धण्णोऽहं जेण मए, अणोरपारम्मि नवरमेअंमि ।**

**भवसयसहस्सदुलहं, लद्धं सद्धम्मजाणंति ॥ १५९६ ॥**

**वृत्तिः**-**'धन्योऽहं'** सर्वथा **'येन मया'** **'अनर्वाक्पारे'** महामहति **'नवरमेतस्मिन्'**-भवसमुद्रे **'भवशतसहस्रदुर्लभमे'**कान्तेन **'लब्धं'** प्राप्तं **'सद्धर्म्मयानं'** सद्धर्म्म एव यानपात्रमिति गाथार्थः ॥ १५९६ ॥

**एअस्स पहावेणं, पालिज्जंतस्स सइ पयत्तेणं ।**

**जम्मंतरेऽवि जीवा, पावंति ण दुक्खदोगच्चं ॥ १५९७ ॥**

**वृत्तिः**- **'एतस्य प्रभावेन'** धर्म्मयानस्य **'पाल्यमानस्य'** **'सदा'** सर्वकालं **'प्रयत्नेन'** विधिना **'जन्मान्तरेऽपि'** **'जीवाः'** प्राणिनः **'प्राप्नुवन्ति न'**, किमित्याह-**'दुःखप्रधानं दौर्गत्यं'**-दुर्गतिभावमिति गाथार्थः ॥ १५९७ ॥

**चिंतामणी अपुव्वो, एअमपुव्वो य कप्परुक्खोत्ति ।**

**एअं परमो मंतो, एअं परमामयं एत्थ ॥ १५९८ ॥**

**वृत्तिः**- **'चिन्तामणिरपूर्वः'**, अचिन्त्यमुक्तिसाधनादेतद्धर्म्मयानं, **'अपूर्वश्च कल्पवृक्ष'** इत्यकल्पितफलदानात्, **'एतत्परमो मन्त्रो'** रागादिविषघातित्वाद्, **'एतत्परमामृतमत्रा'**मरणावन्ध्यहेतुत्वादिति गाथार्थः ॥ १५९८ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હું સર્વથા ધન્ય છું. કારણ કે મેં અતિવિસ્તીર્ણ સંસારરૂપ સમુદ્રમાં નિયમા લાખો ભવોથી પણ દુર્લભ એવું સુધર્મરૂપ જહાજ મેળવી લીધું છે. [૧૫૯૬] સદા વિધિથી પાલન કરાતા આ ધર્મરૂપ વહાણના પ્રભાવથી જીવો જન્માંતરમાં પણ દુઃખપ્રધાન દુર્ગતિમાં જન્મ પામતા નથી. [૧૫૯૭] આ ધર્મરૂપ વહાણ અપૂર્વ ચિંતામણી છે, કારણ કે અચિંત્ય મુક્તિને સિદ્ધ કરી આપે છે, અપૂર્વ કલ્પવૃક્ષ છે, કારણ કે અકલ્પિત ફલ આપે છે, પરમ મંત્ર છે, કારણ કે રાગાદિ દોષો રૂપ વિષનો નાશ કરે છે, પરમ અમૃત છે, કારણ કે મરણનાશનું અવંધ્ય કારણ છે. [૧૫૯૮]

**इच्छं वेआवडिअं, गुरुमाईणं महाणुभावाणं ।**

**जेसि पहावेणेअं, पत्तं तह पालिअं चेव ॥ १५९९ ॥**

**वृत्तिः-** '**इच्छामि वैयावृत्त्यं**' सम्यग्'**गुर्वादीनां महानुभावानाम्**', आदिशब्दात् सहाय-साधुग्रहः, '**येषां प्रभावेनेदं**'-धर्म्मयानं'**प्राप्तं**' मया'**तथा पालितं चैवा**'विघ्नेनेति गाथार्थः ॥ १५९९ ॥

**तेसि णमो तेसि णमो, भावेण पुणो पुणोऽवि तेसि णमो ।**

**अणुवकयपरहिअरया, जे एयं दिंति जीवाणं ॥ १६०० ॥**

**वृत्तिः-** '**तेभ्यो नमः तेभ्यो नमः**' '**भावेन**' अन्तःकरणेन '**पुनः पुनरपि तेभ्यो नम**' इति त्रिर्वाक्यं, '**अनुपकृतपरहितरता**' गुरवो'**यत एतद्ददति जीवेभ्यो**' धर्म्मयानमिति गाथार्थः ॥ १६०० ॥

**नो इत्तो हिअमण्णं, विज्जइ भुवणेऽवि भव्वजीवाणं ।**

**जाअइ अओच्चिअ जओ, उत्तरणं भवसमुद्दाओ ॥ १६०१ ॥**

**वृत्तिः-** '**नातो**'-धर्म्मयानाद् '**हितमन्यद्व**'स्तु '**विद्यते**' '**भुवनेऽपि**' त्रैलोक्येऽपि '**भव्य-जीवानां**', कुत इत्याह-'**जायतेऽत एव**'-धर्म्मयानाद्यत'**उत्तरणं भवसमुद्रादि**'ति गाथार्थः ॥ १६०१ ॥

જેમના પ્રભાવથી મેં આ ધર્મરૂપ જહાજ મેળવ્યું છે અને નિર્વિઘ્ને પાળ્યું છે, તે મહાન પ્રભાવશાળી ગુરુની અને સહાયક સાધુઓની સારી રીતે વેયાવચ્ચ કરવાની ઈચ્છા (= ભાવના) રાખું છું. [૧૫૯૯] અંતઃકરણથી તે ગુરુઓને નમસ્કાર થાઓ ! તે ગુરુઓને નમસ્કાર થાઓ ! ફરી ફરી પણ તે ગુરુઓને નમસ્કાર થાઓ ! કારણ કે પોતાના ઉપર ઉપકાર નહિ કરનારા એવા પણ જીવોના હિતમાં રત ગુરુઓ જીવોને ધર્મરૂપ વહાણ આપે છે. [૧૬૦૦] ત્રણેય લોકમાં ધર્મરૂપ વહાણ સિવાય બીજી કોઈ વસ્તુ ભવ્યજીવોને હિતકર નથી. કારણ કે ધર્મરૂપ વહાણથી જ ભવરૂપ સમુદ્રમાંથી નીકળી શકાય છે = ભવરૂપ સમુદ્રને પાર કરી શકાય છે. [૧૬૦૧]

**एत्थ उ सव्वे थाणा, तयण्णसंजोगदुक्खसयकलिया ।**

**रोद्दाणुबंधजुत्ता, अच्चंतं सव्वहा पावा ॥ १६०२ ॥**

**वृत्तिः-** '**अत्र तु**' भवसमुद्रे '**सर्वाणि स्थानानि**'- देवलोकादीनि '**तदन्यसंयोगदुःख-शतकलितानि**' वियोगावसानविमानादिसंयोगदुःखानीति प्रतीतम्, अत एव '**रौद्रानुबन्धयुक्तानि**'

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

विपाकदारुणत्वाद् 'अत्यन्तं सर्वथा 'पापानि' अशोभनानीति गाथार्थः ॥ १६०२ ॥

**किं एत्तो कट्ठयरं ?, पत्ताण कहिंचि मणुअजम्मंमि ।**

**जं इत्थवि होइ रई, अच्चंतं दुक्खफलयंमि ॥ १६०३ ॥**

**वृत्तिः-** '**किमतः**' कष्टतः '**कष्टतरम**'न्यत् ? '**प्राप्तानां कथञ्चित्**' कृच्छ्रेण '**मनुजजन्मापि यदत्रापि भवति रतिः**' संसारसमुद्रे ऽत्यन्तदुःखफलदे', यथोक्तन्यायादिति गाथार्थः ॥ १६०३ ॥

ભવરૂપ સમુદ્રમાં તો દેવલોક વગેરે સર્વસ્થાનો અન્ય વસ્તુઓના સંયોગથી થનારાં સેંકડો દુઃખોથી યુક્ત છે, અંતે વિયોગવાળા વિમાન વગેરેના સંયોગથી (વિયોગ વખતે) દુઃખો થાય છે એ જાણીતું છે, આથી જ એ સ્થાનો પરિણામે અત્યંત ભયંકર હોવાથી ભયંકર અનુબંધથી યુક્ત છે, અને સર્વથા અશુભ છે. [૧૬૦૨] મહાકષ્ટથી કોઈ રીતે મનુષ્યજન્મ પણ પામેલાઓને (હમણાં જ) જે પ્રમાણે કહ્યું તે રીતે અત્યંત દુઃખરૂપ ફલને આપનારા સંસાર સમુદ્રમાં પણ આનંદ આવે છે એનાથી વિશેષ દુઃખદાયક બીજું શું હોઈ શકે ? [૧૬૦૩]

भावनान्तरमाह-

**तह चेव सुहुमभावे, भावइ संवेगकारए सम्मं ।**

**पवयणगब्भब्भूए, अकरणनिअमाइसुद्धफले ॥ १६०४ ॥**

**वृत्तिः-** '**तथैव** '**सूक्ष्मभावान्**' निपुणपदार्थान् '**भावयति** '**संवेगकारकान्**' प्रशस्त-भावजनकान् '**सम्यग्**'-विधानेन '**प्रवचनगर्भभूतान्**', सारभूतानित्यर्थः '**अकरणनियमादि-शुद्धफलान्**' आदिशब्दादनुबन्धह्रासपरिग्रहः इति गाथार्थः ॥ १६०४ ॥

**परसावज्जच्चावण-जोएणं तस्स जो सयं चाओ ।**

**संवेगसारगरुओ, सो अकरणणियमवरहेऊ ॥ १६०५ ॥**

**वृत्तिः-** '**परसावद्यच्यावनयोगेन**' व्यापारेण '**तस्य यः स्वयं त्यागः**' सावद्यस्य, किम्भूत इत्याह-'**संवेगसारगुरुः**' प्रशस्तभावप्रधानः '**सः**' सावद्यत्यागः '**अकरणनियमवरहेतुः**' पापा-करणस्यावन्ध्यहेतुरिति गाथार्थः ॥ १६०५ ॥

**परिसुद्धमणुट्ठाणं, पुव्वावरजोगसंगयं जं तं ।**

**हेमघडत्थाणीअं, सयावि णिअमेण इट्ठफलं ॥ १६०६ ॥**

**वृत्तिः-** '**परिशुद्धमनुष्ठानं**' समयशुद्ध्या '**पूर्वापरयोगसङ्गतं यत्त्रि**'कोटीशुद्धं '**तत् हेमघटस्थानीयं**' वर्त्तते '**सदापि नियमेनेष्टफलम्**'-अपवर्गसाधनानुबन्धीति गाथार्थः ॥ १६०६ ॥

**जं पुण अप्परिसुद्धं, मिम्मयघडतुल्लमो तयं णेअं ।**

**फलमित्तसाहगं चिअ, ण साणुबंधं सुहफलंमि ॥ १६०७ ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**- '**यत्पुनरपरिशुद्धं**' समयनीत्या '**मृन्मयघटतुल्यम**'सारं हि '**तज्ज्ञेयं फलमात्र-साधकमेव**' यथाकथञ्चित्, '**न सानुबन्धं शुभफले**' तदितरवदिति गाथार्थः ॥ १६०७ ॥

**અન્ય ભાવના કહે છે–**

તે જ પ્રમાણે પ્રવચનના સારભૂત સૂક્ષ્મ પદાર્થોને શાસ્ત્રોક્ત વિધિથી વિચારે. એ સૂક્ષ્મપદાર્થો (નું ચિંતન) પ્રશસ્ત ભાવના જનક છે. એ સૂક્ષ્મપદાર્થો (ના ચિંતન)થી અકરણનિયમ અને અનુબંધહ્રાસ એ બે શુદ્ધ ફલોની પ્રાપ્તિ થાય છે. [૧૬૦૪] (**અકરણનિયમ વિષે કહે છે-**) (परसावद्यच्यावनयोगेन =) બીજાઓ પાપમાં પાડવાનો પ્રયત્ન કરે છતાં, પ્રશસ્ત ભાવનાઓના ચિંતનથી પાપનો જે સ્વયં ત્યાગ થાય = પાપ ન કરવામાં આવે, પ્રશસ્ત ભાવનાઓની પ્રધાનતાવાળો તે પાપત્યાગ અકરણનિયમનો = પાપ અકરણનો (પાપત્યાગનો) અવંધ્યહેતુ છે. (પાપનો ત્યાગ કર્યા પછી આપત્તિમાં પણ તે પાપ ન કરવું એને અકરણનિયમ કહેવાય છે.) [૧૬૦૫] (**અનુબંધહ્રાસ વિષે કહે છે-**) જે અનુષ્ઠાન (समयशुद्ध्या =) શાસ્ત્રની શુદ્ધિથી અર્થાત્ શુદ્ધશાસ્ત્રમાં વિહિત હોવાથી, પરિશુદ્ધ છે, પૂર્વાપર યોગથી સંગત છે, અર્થાત્ ત્રિકોટિથી પરિશુદ્ધ છે, તે અનુષ્ઠાન સુવર્ણ ઘટ સમાન છે અને (એથી) નિયમા સદાય ઈષ્ટફલવાળું = મોક્ષની સાધનાના અનુબંધ (= પરંપરા) વાળું છે. (આવા અનુષ્ઠાનથી શુભફલના અનુબંધની વૃદ્ધિ થાય છે અને અશુભફળના અનુબંધનો હ્રાસ થાય છે.) [૧૬૦૬] પણ જે અનુષ્ઠાન શાસ્ત્રનીતિથી અપરિશુદ્ધ છે, તે અનુષ્ઠાન માટીના ઘડા સમાન અસાર જાણવું. આ અનુષ્ઠાન ગમે તે રીતે માત્ર ફલસાધક છે, શુદ્ધ અનુષ્ઠાનની જેમ શુભફલના અનુબંધવાળું [1]નથી. [૧૬૦૭]

JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

૧. કર્મનો બંધ અને અનુબંધ એ બેમાં અનુબંધનું જ મહત્ત્વ વધારે છે. કર્મનો બંધ અનુબંધ સહિત હોય તો જ તેનું મહત્ત્વ છે, અનુબંધ રહિત કર્મબંધનું મહત્ત્વ નથી. જીવનો સંસાર કર્મબંધના અનુબંધથી ચાલે છે, કર્મબંધથી નહિ. સંસારમાં પરિભ્રમણ કરતા પ્રાયઃ દરેક જીવે અનંતવાર શુભકર્મનો બંધ કર્યો છે, પણ તે બંધ અનુબંધ રહિત કર્યો. અશુભ કર્મનો બંધ અનુબંધ સહિત કર્યો. આથી જ સંસારનો અંત ન આવ્યો. પણ જો અશુભકર્મનો અનુબંધ તૂટી જાય અને શુભ કર્મનો અનુબંધ થાય તો જીવ થોડા જ કાળમાં મોક્ષમાં જતો રહે. માટે જ મહાપુરુષો કહે છે કે- કર્મોના અનુબંધવાળા આ સંસારમાં મનુષ્યભવ પામીને કર્મનો સર્વથા નાશ થાય તેવો પ્રયત્ન કરવો જોઈએ, એમ કરવાથી જ મનુષ્યભવ સફલ બને છે. કદાચ પ્રબળ કષાયાદિ દોષોના કારણે કર્મનો સર્વથા નાશ ન થઈ શકે તો પણ અશુભ કર્મના અનુબંધનો નાશ થાય અને શુભ કર્મનો (પુણ્યાનુબંધી પુણ્યનો) અનુબંધ થાય તેવો પ્રયત્ન કરવો જોઈએ.

અશુભ કર્મના અનુબંધનો નાશ અને શુભકર્મનો અનુબંધ જિનાજ્ઞાપૂર્વક કરેલાં અનુષ્ઠાનોથી જ થાય. માટે જ અહીં "શાસ્ત્રની શુદ્ધિથી પરિશુદ્ધ અને ત્રિકોટિથી પરિશુદ્ધ (અર્થાત્ જિનાજ્ઞાપૂર્વક થતું) અનુષ્ઠાન સુવર્ણઘટ સમાન છે અને મોક્ષની સાધનાના અનુબંધવાળું છે," એમ કહ્યું, અને "શાસ્ત્રની શુદ્ધિથી રહિત (અર્થાત્ જિનાજ્ઞાથી રહિત) અનુષ્ઠાન માટીના ઘડા સમાન અસાર છે" એમ કહ્યું.

જેમ માટીનો ઘડો ભાંગે તો નકામો જાય છે, પણ સોનાનો ઘડો ભાંગે તો પણ નકામો જતો નથી. કેમ કે સુવર્ણનો ભાવ ઉપજે છે. અથવા તેને સાંધીને ઉપયોગમાં લઈ શકાય છે. તેમ જિનાજ્ઞાપૂર્વક થતું અનુષ્ઠાન કદાચ તેવા પ્રકારના કર્મોદયથી ભગ્ન થઈ જાય તો પણ અનુષ્ઠાન કરવાનો ભાવ જતો નથી.

"અનુષ્ઠાન ભગ્ન બને તો પણ તેનો ભાવ જતો નથી" એ વિષયની ઘટના ત્રણ રીતે થઈ શકે છે :

(૧) સમ્યગ્દૃષ્ટિ આત્મા સમ્યગ્દર્શનથી રહિત બને તો પણ ક્યારે ય કર્મના ઉત્કૃષ્ટ રસનો અને (સાત કર્મોની) અંતઃકોડાકોડિ સાગરોપમથી અધિક સ્થિતિનો બંધ થતો નથી. આનો અર્થ એ થયો કે ઉત્કૃષ્ટ રસ બંધ-સ્થિતિ બંધની નિવૃત્તિ રૂપ ભાવ જતો નથી. તથા એ આત્મા ભવિષ્યમાં શુભ આલંબન વગેરેનો યોગ થતાં અવશ્ય કરી સમ્યક્ત્વ પામે છે.

(૨) સર્વવિરતિ કે દેશવિરતિને પામેલો જીવ તેવા પ્રકારના કર્મોદયથી સર્વવિરતિ કે દેશવિરતિની ક્રિયાથી સર્વથા રહિત બને, તો પણ સમ્યગ્દર્શન ગુણ હોવાથી સર્વવિરતિ કે દેશવિરતિની ક્રિયા કરવાના ભાવ જતા નથી.

(૩) સાધુ વગેરે તેવા પ્રકારના કર્મોદયથી શાસ્ત્રવિહિત અમુક અમુક ક્રિયા ન કરી શકે તો પણ તે ક્રિયા કરવાનો ભાવ જતો નથી. ક્રિયા ન કરી શકવા બદલ તેના હૃદયમાં અપાર દુઃખ હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**धम्मंमि अ अइआरे, सुहुमेऽणाभोगसंगएऽविति ।**

**ओहेण चयइ सव्वे, गरहा पडिवक्खभावेण ॥ १६०८ ॥**

**वृत्तिः**- '**धर्म्मे चातिचारान्**'-अपवादान् '**सूक्ष्मान्**' स्वल्पान् '**अनाभोगसङ्गतानपि**' कथञ्चिद् '**ओघेन त्यजति सर्वान्**' सूत्रनीत्या, '**गर्हा प्रतिपक्षभावेन**' हेतुनेति गाथार्थः ॥ १६०८ ॥

ધર્મમાં સૂત્રોક્ત વિધિથી સામાન્યથી સર્વ અતિચારોનો ત્યાગ કરે. કોઈ પણ રીતે અનાભોગથી થનારા પણ સૂક્ષ્મ અતિચારોનો ત્યાગ કરે, અર્થાત્ અનાભોગથી પણ સૂક્ષ્મ પણ અતિચાર ન લાગવા દે, આમ છતાં કોઈ પણ રીતે અતિચારો થઈ જાય તો તે અતિચારોની પ્રતિપક્ષભાવથી ગર્હા કરે. (પ્રતિપક્ષભાવ એટલે અતિચારના પરિણામથી વિપરીત શુદ્ધભાવ. જેમકે- પ્રત્યેક અતિચારે અતિચારનો નાશ કરવાના ઉપયોગપૂર્વક "હા ! મેં આ ખોટું કર્યું, આ ન કરવું જોઈએ" ઈત્યાદિ (અતિચારના પરિણામથી વિપરીત) શુદ્ધ પરિણામ પ્રતિપક્ષભાવ છે.) [૧૬૦૮]

**सो चेव भावणाओ, कयाइ उल्लसिअविरिअपरिणामो ।**

**पावइ सेढिं केवलमेवमओ णो पुणो मरई ॥ १६०९ ॥**

**वृत्तिः**- '**स चैवं भावनातः**' सकाशात् '**कदाचिदुल्लसितवीर्यपरिणामः**' सन् '**प्राप्नोति श्रेणिं**', तथा '**केवलं, एवं**' मृतः केवलाप्त्या '**न पुनर्म्रियते**' कदाचिदपीति गाथार्थः ॥ १६०९ ॥

**जइवि न पावइ सेढिं, तहावि संवेगभावणाजुत्तो ।**

**णिअमेण सोगइं लहइ तहय जिणधम्मबोहिं च ॥ १६१० ॥**

**वृत्तिः**- '**यद्यपि न प्राप्नोति श्रेणिं**' कथमपि '**तथापि संवेगभावनायुक्तो**'ऽयं '**नियमेन सुगतिं लभते**' अन्यजन्मनि, तथा '**जिनधर्म्मबोधिं च**' लभत इति गाथार्थः ॥ १६१० ॥

एतदेवाह-

**जमिह सुहभावणाए, अइसयभावेण भाविओ जीवो ।**

**जम्मंतरेऽवि जायइ, एवंविहभावजुत्तो उ ॥ १६११ ॥**

**वृत्तिः**- '**यत्**' यस्माद् '**इह शुभभावनयाऽतिशयभावेन भावितो जीवः**' सुवासित इत्यर्थः, '**जन्मान्तरेऽप्य**'न्यत्र '**जायते एवंविधभावयुक्त एव**'-शुभभावयुक्त इति गाथार्थः ॥ १६११ ॥

**एसेव बोहिलाभो, सुहभावबलेण जो उ जीवस्स ।**

**पेच्चावि सुहो भावो, वासिअतिलतिल्लनाएणं ॥ १६१२ ॥**

**वृत्तिः**- '**एष एव बोधिलाभो**' वर्त्तते, '**शुभभावबलेन**' वासनासामर्थ्याद्, '**य एव जीवस्य**' '**प्रेत्यापि**' जन्मान्तरेऽपि '**शुभभावो**' भवति, '**वासिततिलतैलज्ञातेन**', तेषां हि तैलमपि सुगन्धि भवतीति गाथार्थः ॥ १६१२ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે જીવ આ પ્રમાણે ભાવના ભાવવાથી ક્યારેક વીર્યપરિણામ ઉલ્લસિત બનતાં ક્ષપકશ્રેણિને અને કેવલજ્ઞાનને પામે, આ રીતે કેવલજ્ઞાન પામીને મરેલો તે ફરી ક્યારેય મૃત્યુ પામતો નથી. [૧૬૦૯] જો કોઈ પણ રીતે ક્ષપકશ્રેણિને ન પામે તો પણ સંવેગભાવનાથી યુક્ત તે અન્યજન્મમાં નિયમા સુગતિને અને જિનધર્મની બોધિને પામે છે. [૧૬૧૦] **આ જ વિષય કહે છે-** કારણ કે આ ભવમાં શુભભાવના ભાવવાના કારણે અતિશયભાવથી સુવાસિત બનેલ જીવ ભવાંતરમાં પણ શુભભાવથી યુક્ત જ બને છે. [૧૬૧૧] જેમ સુગંધથી વાસિત તલના દાણાઓનું તેલ પણ સુગંધી હોય છે, તેમ શુભભાવની વાસનાના સામર્થ્યથી જીવને ભવાંતરમાં પણ જે શુભભાવ થાય તે જ બોધિલાભ છે. [૧૬૧૨]

**संलिहिऊणऽप्पाणं, एवं पच्चप्पिणित्तु फलगाई ।**
**गुरुमाइए अ सम्मं, खमाविउं भावसुद्धीए ॥ १६१३ ॥**

**वृत्तिः-** '**संलिख्यात्मानमेवं**' द्रव्यतो भावतश्च '**प्रत्यर्प्य फलकादि**' प्रातिहारिकं '**गुर्वादींश्च सम्यक् क्षमयित्वा**' यथार्हं '**भावशुद्ध्या**' संवेगेनेति गाथार्थः ॥ १६१३ ॥

**उववूहिऊण सेसे, पडिबद्धे तंमि तह विसेसेणं ।**
**धम्मे उज्जमिअव्वं, संजोगा इह विओगंता ॥ १६१४ ॥**

**वृत्तिः-** '**उपबृंह्य**' '**शेषान्**' गुर्वादिभ्योऽन्यान् '**प्रतिबद्धान्**', '**तस्मिन्**' स्वात्मनि '**तथा विशेषेणो**'पबृंह्य, '**धर्मे**' '**उद्यमितव्यं**' यत्नः कार्यः, '**संयोगा इह वियोगान्ताः**', एवमुपबृंह्येति गाथार्थः ॥ १६१४ ॥

JAINSITE जैनम् जयति शासनम्

**अथ वंदिऊण देवे, जहाविहिं सेसए अ गुरुमाई ।**
**पच्चक्खाइत्तु तओ, तयंतिगे सव्वमाहारं ॥ १६१५ ॥**

**वृत्तिः-** '**अथ वन्दित्वा**' '**देवान्**' भगवतो '**यथाविधि**' सम्यग् '**शेषांश्च गुर्वादीन्**' वन्दित्वा '**प्रत्याख्याय**' '**ततः**' तदनन्तरं '**तदन्तिके**' गुरुसमीपे '**सर्वमाहारमि**'ति गाथार्थः ॥ १६१५ ॥

**समभावम्मि ठिअप्पा, सम्मं सिद्धंतभणिअमग्गेण ।**
**गिरिकंदरं तु गंतुं, पायवगमणं अह करेइ ॥ १६१६ ॥**

**वृत्तिः-** '**समभावे स्थितात्मा**' सन् '**सम्यक् सिद्धान्तोक्तेन मार्गेण**' निरीहः सन् '**गिरिकन्दरं तु गत्वा**' स्वयमेव '**पादपगमनमथ करोति**', पादपचेष्टारूपमिति गाथार्थः ॥ १६१६ ॥

આ પ્રમાણે આત્માની દ્રવ્યથી અને ભાવથી સંલેખના કરીને માગી લાવેલી પાટિયું વગેરે વસ્તુઓ પાછી સોંપીને ગુરુ વગેરેને સંવેગથી યથાયોગ્ય બરાબર ખમાવીને, [૧૬૧૩] ગુરુ વગેરેથી અન્યને પણ આ સંસારમાં સંયોગો અંતે વિયોગવાળા છે, માટે ધર્મમાં ઉદ્યમ કરવો જોઈએ, ઈત્યાદિ હિતશિક્ષા આપીને, જે પોતાનાં સંબંધવાળા હોય તેમને વિશેષરૂપે હિતશિક્ષા આપીને, [૧૬૧૪] પછી વિધિપૂર્વક બરોબર દેવવંદન કરીને, અન્ય ગુરુ વગેરેને વંદન કરીને, ગુરુની પાસે સર્વ આહારનું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(અનશનનું) પચ્ચક્ખાણ કરીને [૧૬૧૫] સમભાવમાં રહીને, નિઃસ્પૃહ બનીને, શાસ્ત્રોક્ત વિધિથી ગિરિગુફામાં જઈને, વૃક્ષની જેવી [1]ચેષ્ટારૂપ પાદપોપગમનનો સ્વીકાર કરે. [૧૬૧૬]

**सव्वत्थापडिबद्धो, दंडाययमाइठाणमिह ठाउं ।**

**जावज्जीवं चिट्ठइ, णिच्चिट्ठो पायवसमाणो ॥ १६१७ ॥**

**वृत्तिः-** '**सर्वत्राप्रतिबद्धः**' समभावात्, '**दण्डायतादिस्थानमिह स्थित्वा**' स्थण्डिले '**यावज्जीवं तिष्ठति**' महात्मा '**निश्चेष्टः पादपसमानः**' उन्मेषाद्यभावादिति गाथार्थः ॥ १६१७ ॥

**पढमिल्लुगसंघयणे, महाणुभावा करिंति एवमिणं ।**

**एअं सुहभावच्चिअ, णिच्चलपयकारणं परमं ॥ १६१८ ॥**

**वृत्तिः-** '**प्रथमसंहनने**' नियोगतः '**महानुभावा**' ऋषयः '**कुर्वन्त्येवमेतद्**'-अनशनं प्रायः '**शुभभावा एव**', नान्ये, '**निश्चलपदकारणं परमं**', निश्चलपदं-मोक्ष इति गाथार्थः ॥ १६१८ ॥

**णिव्वाघाइममेअं, भणिअं इह पक्कमाणुसारेणं ।**

**संभवइ अ इअरंपिहु, भणियमिणं वीअरागेहिं ॥ १६१९ ॥**

**वृत्तिः-** '**निर्व्याघातवदेतत्**'-पादपगमनं '**भणितमिह प्रक्रमानुसारेण**' हेतुना, '**सम्भवति चेतरदपि**' सव्याघातवदेतत्, '**भणितमिदं वीतरागैः**' सूत्र इति गाथार्थः ॥ १६१९ ॥

**सीहाइअभिभूओ, पायवगमणं करेइ थिरचित्तो ।**

**आउंमि पहुप्पंते, विआणिउं नवर गीअत्थो ॥ १६२० ॥**

**वृत्तिः-** '**सिंहादिभिरभिभूतः**' सन् '**पादपगमनं करोति स्थिरचित्तः**' कश्चिद् '**आयुषि प्रभवति**' सति '**विज्ञाय नवरं गीतार्थः**' उपक्रममिति गाथार्थः ॥ १६२० ॥

**संघयणाभावाओ, इअ एवं काउ जो उ असमत्थो ।**

**सो पुण थेवयरागं, कालं संलेहणं काउं ॥ १६२१ ॥**

**वृत्तिः-** '**संहननाभावात्**' कारणाद् '**एवमेतत्कर्तुं योऽसमर्थः**' पादपगमनं '**स पुनः स्तोकतरं कालं**' जीवितानुसारेण '**संलेखनां कृत्वेति**' गाथार्थः ॥ १६२१ ॥

**इंगिणिमरणं विहिणा, भत्तपरिण्णं व सत्तिओ कुणइ ।**

**संवेगभाविअमणो, काउं णीसल्लमप्पाणं ॥ १६२२ ॥**

**वृत्तिः-** '**इङ्गितमरणं विधिना**' सूत्रोक्तेन '**भक्तपरिज्ञां वा शक्तितः करोति**', किम्भूत इत्याह-'**संवेगभावितमनाः**'- शुभभावं **कृत्वा निःशल्यमात्मानमा**'लोचनयेति गाथार्थः ॥ १६२२ ॥

---

૧. પાદપોપગમન શબ્દની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે- पादपमुपगच्छति-सादृश्येन प्राप्नोतीति पादपोपगमनम् । અહીં 'ઉપ' અવ્યયનો સાદૃશ્ય અર્થ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાદપોપગમન (અનશન)માં સમભાવના કારણે સર્વત્ર (દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવમાં) અનાસક્ત તે મહાત્મા નિર્જીવ ભૂમિમાં શરીર દંડની જેમ લાંબુ રહે તેવી સ્થિતિમાં રહીને જીવનપર્યંત (હાલવું, પડખું ફેરવવું વગેરે) કોઈ ચેષ્ટા કર્યા વિના વૃક્ષની જેમ સ્થિર રહે છે, યાવત્ ઉન્મેષ વગેરે પણ ન કરે, અર્થાત્ આંખની પાપણો પણ ન હલાવે. [૧૬૧૭] મોક્ષનું શ્રેષ્ઠ કારણ એવા આ અનશનને પ્રાયઃ પ્રથમસંઘયણવાળા જ અને શુભ ભાવવાળા જ મહાપ્રતાપી ઋષિઓ સ્વીકારે છે, બીજાઓ નહિ. [૧૬૧૮] પ્રસ્તુત વિષયના અનુસારે અહીં આ નિર્વ્યાઘાત પાદપોપગમન અનશન કહ્યું. બીજું [1]સવ્યાઘાત પણ પાદપોપગમન હોય છે એમ વીતરાગ ભગવંતોએ શાસ્ત્રમાં કહ્યું છે. [૧૬૧૯] કોઈ ગીતાર્થ સિંહ વગેરેથી પરાભવ પામે ત્યારે સ્થિર ચિત્તવાળા બનીને આયુષ્યના ઉપક્રમને જાણીને જો આયુષ્ય પહોંચતું હોય-થોડુંક અધિક હોય તો પાદપોપગમન અનશન કરે છે. [૧૬૨૦] તેવું સંઘયણ ન હોવાના કારણે જે સાધુ આ પ્રમાણે પાદપોપગમન કરવાને સમર્થ ન હોય તે પોતાના આયુષ્ય પ્રમાણે થોડો કાલ સંલેખના કરીને, [૧૬૨૧] મનને સંવેગથી ભાવિત બનાવીને, આલોચનાથી આત્માને નિઃશલ્ય કરીને, પોતાની શક્તિ પ્રમાણે શાસ્ત્રોક્તવિધિથી ઇંગિતમરણ કે ભક્તપરિજ્ઞાને કરે. [૧૬૨૨]

**इंगिणिमरणविहाणं, आपव्वज्जं तु विअडणं दाउं ।**
**संलेहणं च काउं, जहासमाही जहाकालं ॥ १६२३ ॥**

वृत्तिः- **'इङ्गितमरणविधानमे'**तद्-**'आप्रव्रज्यमेव'** प्रव्रज्याकालादारभ्य **'विकटनां कृत्वा संलेखनां च कृत्वा यथासमाधि'** द्रव्यतो भावतश्च **'यथाकालमि'**ति गाथार्थः ॥ १६२३ ॥

**पच्चक्खइ आहारं, चउव्विहं णियमओ गुरुसमीवे ।**
**इंगिअदेसम्मि तहा, चिट्ठंपि हु इंगिअं कुणइ ॥ १६२४ ॥**

वृत्तिः- **'प्रत्याख्याति 'आहारम्'** अशनादि **'चतुर्विधं नियमतो'**, न त्रिविधं, **'गुरुसमीपे, इङ्गितदेशे तथा'** परिमितां **'चेष्टामपीङ्गितां करोतीति'** गाथार्थः ॥ १६२४ ॥

**उव्वत्तइ परिअत्तइ, काइअमाईसु होइ उ विभासा ।**
**किच्चंपि अप्पणच्चिअ, जुंजइ नियमेण धिइबलिओ ॥ १६२५ ॥**

वृत्तिः- **'उद्वर्त्तते परावर्त्तते'** कायेन, **'कायिक्यादिषु भवति विभाषा'**, प्रकृतिसात्म्यात् करोति वा न वा **'कृत्यमप्यात्मनैव युङ्क्ते'** उपधिप्रत्युपेक्षणादि **'नियमेन धृतिबली'** स भगवानिति गाथार्थः ॥ १६२५ ॥

**भत्तपरिण्णाएवि हु, आपव्वज्जं तु विअडणं देइ ।**
**पुव्विं सीअलगोऽवि हु, पच्छा संजायसंवेगो ॥ १६२६ ॥**

---

૧. પાદપોપગમનના નિર્વ્યાઘાત અને સવ્યાઘાત એમ બે ભેદ છે. વ્યાઘાતથી રહિત હોય તે નિર્વ્યાઘાત. વ્યાઘાતથી સહિત હોય તે સવ્યાઘાત. વ્યાઘાત એટલે નાશ, અર્થાત્ વ્યાધિ, વિદ્યુત્પાત, સર્પદંશ, સિંહનો ઉપદ્રવ વગેરેથી આયુષ્યનો જલદી નાશ તે વ્યાઘાત છે. આવા વ્યાઘાતના કારણે થતું પાદપોપગમન સવ્યાઘાત છે, વ્યાઘાત વિના થતું પાદપોપગમન નિર્વ્યાઘાત છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**- '**भक्तपरिज्ञायामपि**'-तृतीयानशनरूपायां '**आप्रव्रज्यमेव**'-प्रव्रज्याकालादेवारभ्य '**विकटनां ददाति, पूर्वं शीतलो**'ऽपि परलोकं प्रति '**पश्चात्**'-तत्काले '**सञ्जातसंवेग**' इति गाथार्थः ॥ १६२६ ॥

ઈંગિતમરણનો વિધિ આ છે- (૧) દીક્ષાથી આરંભી અત્યાર સુધીમાં થયેલા દોષોની આલોચના કરે. (૨) સમાધિ રહે તે પ્રમાણે અને [1]કાળ હોય તે પ્રમાણે દ્રવ્યથી અને ભાવથી સંલેખના કરે. [૧૬૨૩] (૩) ગુરુ પાસે નિયમા અશનાદિ ચાર પ્રકારના આહારનું પચ્ચક્ખાણ કરે. આમાં ત્રણ પ્રકારના આહારનું પચ્ચક્ખાણ ન થઈ શકે. (૪) ઈંગિતદેશમાં=નિયત કરેલા પ્રદેશમાં ઈંગિત=પરિમિત ચેષ્ટા પણ કરી શકે. [૧૬૨૪] (૫) કાયાથી ઉદ્વર્તન (= પડખું બદલી બીજા પડખે સૂવું) અને પરાવર્તન (= ફરી તે જ પડખે સૂવું) કરી શકે. (૬) પ્રકૃતિની અનુકૂળતા પ્રમાણે લઘુનીતિ વગેરે કરે કે ન પણ કરે. (૭) ધીરજરૂપ બલવાળા તે ભગવંત ઉપધિનું પડિલેહણ વગેરે કાર્ય જાતે જ કરે. [૧૬૨૫] ભક્તપરિજ્ઞામાં પણ પહેલાં પરલોક પ્રત્યે શિથિલ હોય તો પણ ભક્તપરિજ્ઞાકાળે સંવેગવાળો થઈને દીક્ષા લીધી ત્યારથી માંડી અત્યાર સુધીમાં થયેલા દોષોની આલોચના કરે. [૧૬૨૬]

**वज्जइ अ संकिलिट्ठं, विसेसओ णवर भावणं एसो ।**
**उल्लसिअजीवविरिओ, तओ अ आराहणं लहइ ॥ १६२७ ॥**

**वृत्तिः**-'**वर्जयति च**'**सङ्क्लिष्टाम्**' अशुद्धां'**विशेषतो नवरं भावनामेषः**'-यथोक्तानशनी '**उल्लसितजीववीर्यः**' सन्, संवेगात् '**ततश्चाराधनां**' '**लभते**' प्राप्नोतीति गाथार्थः ॥ १६२७ ॥

**कंदप्पदेवकिब्बिस, अभिओगा आसुरा य सम्मोहा ।**
**एसा उ संकिलिट्ठा, पंचविहा भावणा भणिआ ॥ १६२८ ॥**

**वृत्तिः**-'**कान्दर्पी कैल्बिषिकी आभियोगिकी आसुरी च सम्मोहनी**', कन्दर्पादीनामियमिति सर्वत्र भावनीयम्, '**एषा तु सङ्क्लिष्टा पञ्चविधा भावना भणिता**', तत्तत्स्वभावाभ्यासो भावनेति गाथार्थः ॥ १६२८ ॥

**जो संजओऽवि एआसु अप्पसत्थासु वट्टइ कहंचि ।**
**सो तव्विहेसु गच्छइ, सुरेसु भइओ चरणहीणो ॥ १६२९ ॥**

**वृत्तिः**- '**यः संयतोऽपि**' सन् व्यवहारतः '**एतास्वप्रशस्तासु**' भावनासु '**वर्त्तते कथञ्चिद्**' भावमान्द्यात् '**स तद्विधेषु गच्छति सुरेषु**' कन्दर्पादिप्रकारेषु, '**भाज्यश्चरणहीनः**'- सर्वथा तत्सत्ताविकलः द्रव्यचरणहीनो वेति गाथार्थः ॥ १६२९ ॥

**પાંચ અશુભ ભાવનાઓ**

પણ જો યથોક્ત અનશની જીવવીર્યને ઉલ્લસિત કરીને સંવેગથી સંક્લિષ્ટ (=અશુદ્ધ) ભાવનાઓનો

१. ઉત્કૃષ્ટથી તો બાર વર્ષ સુધી સંલેખના કરવાની છે. પણ તેટલો કાલ ન હોય તો છ વર્ષ, ત્રણ વર્ષ કે બાર મહિના વગેરે જેટલો કાળ હોય તેટલો કાળ સંલેખના કરે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિશેષથી [1]ત્યાગ કરે તો આરાધનાને પામે છે. [૧૬૨૭] સંક્લિષ્ટ ભાવના કાંદર્પી, કૈલ્બિષિકી, આભિયોગિકી, આસુરી અને સંમોહની એમ પાંચ પ્રકારની કહી છે. કંદર્પ સંબંધી ભાવના તે કાંદર્પી ભાવના. એમ સર્વ શબ્દોમાં વ્યુત્પત્તિ કરવી. ભાવના એટલે તે તે સ્વભાવનો અભ્યાસ. [૧૬૨૮] જે વ્યવહારનયથી સાધુ હોવા છતાં કોઈ પણ રીતે ભાવમંદતાથી આ અપ્રશસ્ત ભાવનાઓમાં વર્તે છે તે તેવા પ્રકારના=કંદર્પ વગેરે પ્રકારના દેવોમાં ઉત્પન્ન થાય છે. જે સર્વથા (નિશ્ચયનય અને વ્યવહારનય એમ બંને નયોની અપેક્ષાએ) ચારિત્રની સત્તાથી રહિત છે, અથવા જે દ્રવ્યચારિત્રથી રહિત છે, તે કંદર્પ વગેરે દેવોમાં ઉત્પન્ન થાય કે ન પણ થાય. (તિર્યંચ વગેરે ગતિમાં પણ ઉત્પન્ન થાય.) [૧૬૨૯]

तत्र–

**कंदप्पे कुक्कुइए, दवसीले आवि हासणपरे अ ।**

**विम्हाविंतो अ परं, कंदप्पं भावणं कुणइ ॥ १६३० ॥ परिदारगाहा ॥**

**वृत्तिः**- '**कन्दर्प्पवान्**' कन्दर्प्पः, एवं '**कौकुच्यः**' द्रुत**दर्प्पशीलश्चापि हासकरश्च**' तथा '**विस्मापयंश्च परान् कान्दर्प्पी भावनां करोतीति**' गाथार्थः ॥ १६३० ॥

**कहकहकहस्स हसणं, कंदप्पो अणिहुआ य संलावा ।**

**कंदप्पकहाकहणं, कंदप्पुवएस संसा य ॥ १६३१ ॥ दारं ॥**

**वृत्तिः**- कन्दर्प्पवान् कान्दर्प्पी भावनां करोतीत्युक्तं,स च यस्य '**कहकहकहस्ये**'ति, 'सुपां सुपो भवन्ती'ति तृतीयार्थे षष्ठी, कहकहकहेन '**हसनं**', अट्टहास इत्यर्थः, तथा '**कन्दर्प्पः**'- परिहासः स्वानुरूपेण, अनिभृताश्च '**संलापाः**', गुर्वादिनापि निष्ठुरवक्रोक्त्यादयः तथा '**कन्दर्प-कथाकथनं**'-कामकथाग्रहः तथा '**कन्दर्पोपदेशो**'-विधानद्वारेण एवं कुर्विति, '**शंसा च**'-प्रशंसा च कन्दर्पविषया यस्य स कन्दर्प्पवान् ज्ञेय इति गाथार्थः ॥ १६३१ ॥

(કાંદર્પી ભાવનાના પાંચ પ્રકાર કહે છે–)

અહીં કંદર્પ એટલે કંદર્પવાળો. કૌકુચ્ય એટલે કૌકુચ્યવાળો. કંદર્પવાળો (= કંદર્પ કરનાર), કૌકુચ્યવાળો, [3]દ્રુતદર્પશીલ, હાસ્યકર અને બીજાઓને વિસ્મય પમાડતો જીવ કાંદર્પી ભાવના કરે છે. [૧૬૩૦] **કંદર્પવાળો કાંદર્પીભાવના કરે છે એમ કહ્યું. (આથી કંદર્પવાળો કોને કહેવાય તે કહે છે-)** મુખ વિકૃત કરીને મોટા અવાજથી હસવું, અર્થાત્ અટ્ટહાસ્ય કરવું, પોતાના સરખા સાથે મશ્કરી કરવી, ગુરુ વગેરેને પણ કઠોર અને વક્ર વગેરે વચનો કહેવાં, કામને લગતી વાતો-કથાઓ કહેવી, આમ આમ કર એમ વિધાનદ્વારા કામનો ઉપદેશ આપવો, કામસંબંધી પ્રશંસા કરવી-(આ સર્વ કંદર્પ છે, આથી) આ સર્વ જેને છે=આ સર્વ જે કરે છે તેને કંદર્પવાળો જાણવો. [૧૬૩૧]

૧. સંક્લિષ્ટ ભાવનાઓનો ત્યાગ દરેક સાધુએ કરવો જોઈએ, પણ અનશનીએ તો વિશેષથી = ખાસ કરવો જોઈએ.
૨. બૃ. ક. ભા. ગા. ૧૨૯૩ વગેરેમાં અને ધર્મસંગ્રહ ભા. ૨ સંલેખના અધિકારમાં આ પાંચ ભાવનાઓનું વિસ્તૃત વર્ણન છે.
૩. અહીં ધર્મસંગ્રહમાં દ્રુતશીલ એવો શબ્દ છે, બૃ. ક. માં દ્રવશીલ એવો શબ્દ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

कौकुच्यवन्तमाह–

**भमुहणयणाइएहिं, वयणेहि अ तेहिं तेहिं तह चिट्ठं ।**

**कुणइ जह कुक्कुअं चिअ, हसइ परो अप्पणा अहसं ॥ १६३२ ॥ दारं ॥**

**वृत्तिः**- '**भ्रूनयनादिभि**'र्देहावयवैः '**वचनैश्च तैस्तै**'र्हासकारकैः '**तथा चेष्टां करोति**' क्वचित् तथाविधमोहदोषाद् '**यथा कुकुचमेव**'-गात्रपरिस्पन्दवद् '**हसति परः**' तद्द्रष्टा, '**आत्मनाऽहसन्**', अभिन्नमुखराग इव, य एवंविधः स कौकुच्यवानिति गाथार्थः ॥ १६३२ ॥

**કૌકુચ્યવાળો કોણ છે તે કહે છે**- આંખના ભવાં, આંખો વગેરે શરીરના અંગોથી અને હાસ્યકારક તે તે વચનોથી તેવા પ્રકારના મોહરૂપ દોષથી ક્યારેક તેવી ચેષ્ટા કરે કે જેથી તેને જોનારા બીજા શરીર હાલી ઉઠે તે રીતે હસે, પણ પોતે ન હસે, મોઢું ખોલ્યા વિના હર્ષવાળો હોય તેમ રહે, જે આવો હોય તે કૌકુચ્યવાન છે. [૧૬૩૨]

द्रुतदर्प्पशीलमाह–

**भासइ दुअं दुअं गच्छई अ दप्पिअव्व गोविसो सरए ।**

**सव्वदवद्दवकारी, फुट्टइव ठिओवि दप्पेणं ॥ १६३३ ॥ दारं ॥**

**वृत्तिः**- '**भाषते द्रुतं द्रुतम**'समीक्ष्य, सम्भ्रमावेगाद् '**गच्छति च**' द्रुतं द्रुतमेव, '**दर्प्पित इव**' दर्प्पोद्धुर इव '**गोवृषभो**' बलीवर्द्दविशेषः '**शरदि**' काले, तथा '**सर्वद्रुतकारी**' असमीक्ष्यकारीति यावत्, तथा '**स्फुटतीव**' तीव्रोद्रेकविशेषात् '**स्थितोऽपि**' सन् '**दर्प्पेण**' कुत्सितबलरूपेण, य इत्थम्भूतः स द्रुतदर्प्पशील इति गाथार्थः ॥ १६३३ ॥

દ્રુતદર્પશીલને કહે છે–

ઉતાવળના વેગથી વિચાર્યા વિના જલદી જલદી બોલે, શરદઋતુમાં દર્પથી ઉચ્છૃંખલ બનેલ સાંઢની જેમ જલદી જલદી ચાલે, બધું ઉતાવળે કરે, અર્થાત્ વિચાર્યા વિના કરે, બેઠો હોય=ગમનાદિ ક્રિયા ન કરતો હોય તો પણ [1]કુત્સિત બલના અતિશય અભિમાનથી ફુલાતો હોય, આવો જે હોય તે દ્રુતદર્પશીલ છે. [૧૬૩૩]

हासकरमाह–

**वेसवयणेहि हासं, जणयंतो अप्पणो परेसिं च ।**

**अह हासणोत्ति भण्णइ, घयणोव्व छले णिअच्छंतो ॥ १६३४ ॥**

**वृत्तिः**- '**वेषवचनैः**' तथा चित्ररूपै'**र्हासं जनयन् आत्मनः परेषां च**' द्रष्टॄणा'**मथ हासन इति भण्यते**', हासकर इत्यर्थः, '**घतन इव**' भाण्ड इव, '**छलानि**' छिद्राणि '**नियच्छन्**' पश्यन्निति गाथार्थः ॥ १६३४ ॥

૧. કુત્સિત એટલે નિંદ્ય કે ખરાબ. જે બલ અભિમાન કરાવે તે બલ નિંદ્ય કે ખરાબ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હાસ્યકરને કહે છે–

ભાંડની જેમ બીજાઓના છિદ્રોને = [1]જુદા જુદા પ્રકારના વેષ અને ભાષાને નિરંતર જુએ, અને તેવા જ વિચિત્ર વેષ અને વચનોથી પોતાને અને જોનારા બીજાઓને હાસ્ય ઉત્પન્ન કરે તે હાસ્યકર છે. [१६३४]

विस्मापकमाह–

**सुरजालमाइएहिं, तु विम्हयं कुणइ तव्विहजणस्स ।**

**तेसु ण विम्हयइ सयं, आहट्टकुहेडएसु च ॥ १६३५ ॥ दारं ॥**

**वृत्तिः**– '**सुरजालादिभिस्तु**' इन्द्रजालकौतुकै'**विस्मयं करोति**' चित्तविभ्रमलक्षणं '**तद्विधजनस्य**' बालिशप्रायस्य, '**तेषु**' इन्द्रजालादिषु '**न विस्मयते स्वयं**' = न विस्मयं स्वयं करोत्यात्मना, '**आहर्त्तकुहेटकेषु च**' पुनः तथाविधग्राम्यलोकप्रतिबद्धेषु, यः स विस्मापक इति गाथार्थः ॥ १६३५ ॥

વિસ્મય પમાડનારને કહે છે–

જે ઈંદ્રજાલ વગેરે કૌતુકોથી, તથા તેવા પ્રકારના ગામડિયા લોકોમાં પ્રસિદ્ધ (आहर्त =) પ્રહેલિકા અને (कुहेरक =) વક્રોક્તિથી [2]મૂર્ખપ્રાયલોકોને ચિત્તભ્રમ રૂપ વિસ્મય પમાડે, પણ તેમાં પોતે વિસ્મય ન પામે, તે વિસ્મય પમાડનાર છે. [१६३५]

उक्ता कान्दर्पी भावना, किल्बिषिकीमाह–

**नाणस्स केवलीणं, धम्मायरिआण सव्वसाहूणं ।**

**भासं अवण्णमाई, किव्विसियं भावणं कुणइ ॥ १६३६ ॥**

**वृत्तिः**– '**ज्ञानस्य**' श्रुतरूपस्य '**केवलिनां**' वीतरागाणां, '**धर्म्माचार्याणां**' गुरूणां, '**सर्वसाधूनां**' सामान्येन, '**भाषमाणोऽवर्णम्**'–अश्लाघारूपं, तथा मायी सामान्येन,यः स '**कैल्बिषिकीं भावनां**' तद्भावाभ्यासरूपां '**करोती**'ति गाथार्थः ॥ १६३६ ॥

કાંદર્પી ભાવના કહી, હવે કિલ્બિષિકી ભાવના કહે છે–

શ્રુતરૂપ જ્ઞાનનો, કેવલીઓનો, ધર્માચાર્યોનો=ગુરુઓનો અને સામાન્યથી સર્વ સાધુઓનો અવર્ણવાદ બોલનાર અને માયા કરનાર કિલ્બિષભાવના અભ્યાસરૂપ કિલ્બિષિકી ભાવના કરે છે. [१६३६]

ज्ञानावर्णमाह–

**काया वया य ते च्चिअ, ते चेव पमाय अप्पमाया य ।**

**मोक्खाहिआरिआणं, जोइसजोणीहिं किं कज्जं ? ॥ १६३७ ॥ दारं ॥**

१. છિદ્રશબ્દનો આ અર્થ બૃ. ક. ભા. ગા. ૧૩૦૦ની ટીકાના આધારે કર્યો છે.

२. મૂર્ખ પ્રાયઃ = મૂર્ખ જેવા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**- **'काया'**- पृथिव्यादयः **'व्रतानि'**-प्राणातिपातादिनिवृत्त्यादीनि, **'तान्येव'** भूयो भूयः, तथा **'त एव प्रमादाः'** मद्यादयः **'अप्रमादाश्च'**-तद्विपक्षभूताः तत्र तत्र कथ्यन्त इति पुनरुक्तदोषः, तथा **'मोक्षाधिकारिणां'** साधूनां **'ज्योतिषयोनिभ्यां'** ज्योतिषयोनिप्राभृताभ्यां **'किं कृत्यं ?'**, न किञ्चिद्, भवहेतुत्वादिति ज्ञानावर्णवादः, इह कायादय एव यत्नेन परिपालनीया इति तथा तथा तदुपदेशः उपाधिभेदेन मा भूद्विराधनेति, ज्योतिःशास्त्रादि च शिष्यग्रहणपालन-फलमित्यदुष्टफलमेव सूक्ष्मधिया भावनीयमिति गाथार्थः ॥ १६३७ ॥

જ્ઞાનનો અવર્ણવાદ કહે છે–

શાસ્ત્રોમાં પૃથ્વીકાય વગેરે કાયો, પ્રાણાતિપાતનિવૃત્તિ વગેરે વ્રતો, મદ્ય વગેરે પ્રમાદો અને તેના વિરોધી અપ્રમાદો-આ બધાનું તે તે સ્થળે વારંવાર એકનું એક વર્ણન આવે છે, આથી તે પુનરુક્તિ દોષ છે, તથા મોક્ષના અધિકારી સાધુઓને જ્યોતિષ શાસ્ત્ર અને યોનિપ્રાભૃતની શી જરૂર છે ? કોઈ જરૂર નથી. કારણ કે તે સંસારનું કારણ છે. આ પ્રમાણે કહેવું એ જ્ઞાનનો અવર્ણવાદ છે. અહીં કાય વગેરેનું જ પ્રયત્નથી પરિપાલન કરવાનું હોવાથી વિરાધના ન થાય એ માટે [1]ઉપાધિના ભેદથી તે તે રીતે પૃથ્વીકાયાદિનો ઉપદેશ છે. જ્યોતિષશાસ્ત્ર વગેરે શિષ્યને સારા મુહૂર્તે (ग्रहण =) દીક્ષા આપવામાં અને સારા મુહૂર્તે (पालन =) વિશિષ્ટ આરાધના કરાવવામાં ઉપયોગી છે. આથી જ્યોતિષ વગેરેનું ફલ શુભ જ છે. આ વિષે સૂક્ષ્મબુદ્ધિથી વિચારવું. [૧૬૩૭]

केवल्यवर्णमाह-

**सव्वेऽवि ण पडिबोहइ, ण याविसेसेण देइ उवएसं ।**
**पडितप्पइ ण गुरूणवि, णाओ अइणिट्ठिअट्ठो उ ॥ १६३८ ॥ दारं ॥**

**वृत्तिः**- **'सर्वानपि'** प्राणिनो **'न प्रतिबोधयतीति'** न समवृत्तिः, **'नवा अविशेषेण ददात्युपदेशम्'**, अपि तु गम्भीरगम्भीरतरदेशनाभेदेन, तथा **'परितप्यते न गुरुभ्योऽपि'** दानादिना, आस्तामन्यस्य, **'ज्ञातः'** सन्, **एवं मतिनिष्ठितार्थ एव'**, लौकिको गर्हाशब्द एषः, इति केवल्यवर्णवादः, नह्यभव्याः काङ्कटुकप्रायाश्च भव्याः केनचित्प्रतिबोध्यन्ते, उपायाभावादिति सर्वानपि न प्रतिबोधयति, अत एवाविशेषेण न ददात्युपदेशं गुणगुरुत्वाच्च गुरुभ्यो न परितप्यते, साधु निष्ठितार्थ इति गाथार्थः ॥ १६३८ ॥

કેવલી અવર્ણવાદને કહે છે–

કેવલી બધાય જીવોને પ્રતિબોધ પમાડતા ન હોવાથી સમભાવવાળા નથી, ઉપદેશ સામાન્યથી (= સામાન્ય જીવોને સમજાય તે રીતે) આપતા નથી, કિંતુ ગંભીર કે અધિક ગંભીર દેશનાથી આપે

---

૧. વસ્તુના મૂળ સ્વરૂપને દબાવીને બાહ્ય સ્વરૂપમાં ફેરફાર કરે તે ઉપાધિ કહેવાય. જેમકે સફેદ સ્ફટિકનું સફેદ રંગ મૂળ સ્વરૂપ છે. પણ તેના ઉપર લાલ વસ્ત્ર વગેરે મૂકતાં તે લાલ દેખાશે. અહીં લાલ વસ્ત્ર સ્ફટિકના સફેદ રંગને ઢાંકીને = દબાવીને સ્ફટિકને બહારથી લાલ બતાવે છે, આથી લાલવસ્ત્ર ઉપાધિ છે. ઉપાધિ જતી રહે એટલે વસ્તુનું મૂળ સ્વરૂપ પ્રગટ થાય. વસ્ત્ર દૂર થાય એટલે સ્ફટિક સફેદ દેખાય. તે રીતે જીવના પૃથ્વીકાય, અપ્કાય વગેરે ભેદો કર્મરૂપ ઉપાધિના ભેદથી છે, અસલથી તો બધા જીવો સમાન છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે, બીજાની વાત દૂર રહી, પણ પોતાના ગુરુને જાણવા છતાં (ભોજનાદિના) દાન [1]વગેરેથી તૃપ્ત કરતા નથી, તથા તે અત્યંત કૃતકૃત્ય જ છે, આ પ્રમાણે બોલવું એ કેવલીનો અવર્ણવાદ છે. अतिनिष्ठितार्थ = અત્યંત કૃતકૃત્ય એ શબ્દ લૌકિક ગર્હાનો સૂચક [2]છે.

(કેવલી માટે આ પ્રમાણે બોલવું યોગ્ય નથી. કારણ કે) અભવ્યોને અને કોરડુ મગ સમાન ભવ્યોને કોઈથી પ્રતિબોધ પમાડી શકાતો નથી. કારણ કે તેમને પ્રતિબોધ પમાડવાનો કોઈ ઉપાય નથી. આથી કેવલી બધાને પ્રતિબોધ પમાડી શકતા નથી, આથી જ બધાને એકસરખો ઉપદેશ આપતા નથી, કેવલી ગુણોથી ગુરુથી પણ મહાન હોવાથી ગુરુને (સેવાદિથી) તૃપ્ત કરતા નથી, કેવલી વાસ્તવિક કૃતકૃત્ય છે. તેથી તેઓને હવે ગુરુસેવાદિ કંઈ કરવાનું હોતું નથી. [૧૬૩૮]

धर्म्माचार्यावर्णमाह-

**जच्चाईहिं अवण्णं, विहसइ वट्टइ णयावि उववाए ।**
**अहिओ छिद्दप्पेही, पगासवाई अणणुलोमो ॥ १६३९ ॥ दारं ॥**

**वृत्तिः**- '**जात्यादिभिः**' सद्भिरसद्भिर्वा '**अवर्णम्**' अश्लाघारूपं '**विभाषते**' अनेकधा ब्रवीति, '**वर्त्तते न चाप्युपपाते**'-गुरुसेवावृत्तौ, तथा '**अहितः छिद्रप्रेक्षी**' गुरोरेव, '**प्रकाशवादी**' सर्वसमक्षं तद्दोषवादी, '**अननुलोमः**' प्रतिकूल इति धर्म्माचार्यावर्णवादः, जात्यादयो ह्यकारणमत्र, **गुणाः** कल्याणकारणं, गुरुपरिभवाभिनिवेशादयस्त्वतिरौद्रा इति गाथार्थः ॥ १६३९ ॥

**ધર્માચાર્યના અવર્ણવાદને કહે છે-**

શુદ્ધજાતિ, શુદ્ધકુલ વગેરે ન હોય કે હોય તો પણ અનેક રીતે આચાર્યનો જાતિ-કુલ વગેરે સંબંધી અવર્ણવાદ બોલે, ગુરુસેવા કરવાની વૃત્તિ ન હોય, ગુરુનું અહિત કરે (= અનુચિત કરે), ગુરુના દોષો જુએ, સર્વ સમક્ષ ગુરુના દોષો કહે, ગુરુ પ્રત્યે પ્રતિકૂલ વર્તે, આ પ્રમાણે ધર્માચાર્યનો (ગુરુનો) અવર્ણવાદ છે. અહીં જાતિ, કુલ વગેરે કલ્યાણનું કારણ નથી, ગુણો કલ્યાણનું કારણ છે. ગુરુનો પરાભવ કરવાનો રસ વગેરે દોષો અત્યંત ભયંકર છે. [૧૬૩૯]

साध्ववर्णमाह-

**अविसहणा तुरियगई, अणाणुवित्ती अ अवि गुरूणंपि ॥**
**खणमित्तपीइरोसा, गिहिवच्छलगा य संचइआ ॥ १६४० ॥ दारं ॥**

**वृत्तिः**- '**अविषहणाः**' न सहन्ते कस्यचिद्, अपि तु देशान्तरं यान्ति, '**अत्वरितगतयो**'

---

१. શિષ્ય કેવલી બની જાય તો ગુરુને આહાર-પાણી લાવી આપવા વગેરે રીતે ગુરુની ભક્તિ ન કરે. આથી અહીં 'ગુરુને તૃપ્ત કરતા નથી' એમ કહ્યું છે.

૨. અર્થાત્ અહીં 'કૃતકૃત્ય' શબ્દ ગર્હા અર્થમાં છે. જેમ કોઈ શ્રીમંત પોતાના ગરીબ સગાને ત્યાં ન જાય તો ગરીબ સગો તેને કહે છે કે- તમે હવે બહુ મોટા માણસ થઈ ગયા એટલે અમારા ઘરે ક્યાંથી આવો ? અહીં બહુ મોટા માણસ થઈ ગયા એ ગર્હા=વ્યંગ અર્થમાં છે. તેમ અહીં કેવલી 'કૃતકૃત્ય થઈ ગયા' એથી હવે તેમને બીજાની જરૂર શી છે ? જેથી ગુરુ વગેરેને ભોજનાદિથી તૃપ્ત કરે, એમ ગર્હા અર્થમાં કૃતકૃત્ય શબ્દ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

मन्द-गामिन इत्यर्थः, '**अननुवर्त्तिनश्च**' प्रकृतिनिष्ठुराः, '**अपि**' तु '**गुरुनपि**' प्रति, आस्तामन्यो जनः, तथा '**क्षणमात्रप्रीतिरोषाः**'- तदैव रुष्टाः तदैव तुष्टाः, '**गृहिवत्सलाश्च**' स्वभावेन, '**सञ्चयिनः**'-सर्वसङ्ग्रहपरा इति साध्ववर्णवादः, इहाविसहणाः परोपतापभयेन, अत्वरितगतय ईर्यादिरक्षार्थम्, अननुवर्त्तिनः असंयमापेक्षया, क्षणमात्रप्रीतिरोषाः अल्पकषायतया, गृहिवत्सला धर्म्मप्रतिपत्तये, सञ्चयवन्त उपकरणाभावे, परलोकाभावादिति गाथार्थः ॥ १६४० ॥

સાધુઓનો અવર્ણવાદ કહે છે–

સાધુઓ કોઈનો પરાભવ વગેરે સહન કરતા નથી, પરાભવ વગેરે થાય તો બીજા દેશમાં ચાલ્યા જાય છે. ધીમે ધીમે ચાલે છે, સાધુઓ પ્રકૃતિથી કડક હોય છે, બીજા લોકો પ્રત્યે તો ઠીક, મોટાઓ પ્રત્યે પણ કડક હોય છે, ક્ષણમાં રુષ્ટ બને છે તો ક્ષણમાં તુષ્ટ બને છે, સ્વભાવથી ગૃહસ્થો પ્રત્યે વાત્સલ્યભાવ રાખે છે, બધાનો સંગ્રહ કરવામાં તત્પર રહે છે, આ પ્રમાણે સાધુઓનો અવર્ણવાદ છે.

સાધુઓ (પોતાના નિમિત્તે) બીજાને સંતાપ થવાના ભયથી પરાભવ વગેરે સહન કરતા નથી. (નહિ કે પરાભવ સહન કરવાનો સ્વભાવ નથી માટે.) ઈર્યાસમિતિ આદિના પાલન માટે ધીમે ધીમે ચાલે છે, (નહિ કે લોકરંજન માટે.) અસંયમની અપેક્ષાએ કડક હોય છે, (નહિ કે સ્વભાવથી.) કષાયો અલ્પ હોવાથી રુષ્ટ-તુષ્ટ બનતા નથી, બને તો પણ ક્ષણવાર જ બને છે, (નહિ કે અનવસ્થિતચિત્તના કારણે.) ગૃહસ્થો ધર્મને સ્વીકારે એ માટે ગૃહસ્થો પ્રત્યે વાત્સલ્યભાવ રાખે છે, (નહિ કે ખુશામતથી.) ઉપકરણો ન હોય તો પરલોકની સાધના ન થઈ શકે માટે ઉપકરણોનો સંગ્રહ કરે છે, (નહિ કે આસક્તિથી.) [૧૬૪૦]

JAINSITE.com जनम् ज्योति शासनम्

मायिस्वरूपमाह–

**गूहइ आयसहावं, छायइ अ गुणे परस्स संतेऽवि ।**
**चोरो व्व सव्वसंकी, गूढायारो हवइ मायी ॥ १६४१ ॥ दारं ॥**

**वृत्तिः**– '**गूहति**' प्रच्छादयति '**आत्मनः स्वभावं**'–गुणाभावरूपमशोभनं, '**छादयति गुणान्**' '**परस्य**' अन्यस्य '**सतोऽपि**' विद्यमानानपि मायादोषेण, तथा '**चौर इव सर्वशङ्की**' स्वचित्तदोषेण, '**गूढाचारः**' सर्वत्र वस्तुनि '**भवति मायी**' जीव इति गाथार्थः ॥ १६४१ ॥

માયાવીનું સ્વરૂપ કહે છે–

પોતાના ગુણાભાવરૂપ અશુભ સ્વભાવને (દોષોને) છૂપાવે, માયારૂપ દોષથી બીજાના વિદ્યમાન પણ ગુણોને છૂપાવે, સ્વચિત્તના દોષથી ચોરની જેમ બધા પ્રત્યે "અમુક અમુક મારા માટે આમ બોલશે તો ? ઈત્યાદિ રીતે" શંકિત રહે, સર્વ વિષયમાં છૂપી પ્રવૃત્તિ કરે, આવો જીવ માયાવી છે. [૧૬૪૧]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उक्ता किल्बिषिकी भावना, आभियोगिकीमाह–

**कोउअ भूईकम्मे, पसिणा इअरे णिमित्तमाजीवी ।**

**इड्डिरससायगुरुओ, अभिओगं भावणं कुणइ ॥ १६४२ ॥ पडिदारं ॥**

**वृत्तिः**– '**कौतुकं**' वक्ष्यमाणं एवं '**भूतिकर्म्म**' एवं '**प्रश्नः एवमितरः**' प्रश्नाप्रश्नः, एवं '**निमित्तं** '**आजीवी**'ति कौतुकाद्याजीवकः '**ऋद्धिरससातगुरुः**' सन् '**अभियोगां भावनां करोति**', तथाविधाभ्यासादिति गाथार्थः ॥ १६४२ ॥

કિલ્બિષિકી ભાવના કહી, હવે આભિયોગિકી ભાવના કહે છે–

જે ઋદ્ધિ-રસ-સાતા ગૌરવવાળો બનીને કૌતુક, ભૂતિકર્મ, પ્રશ્ન, પ્રશ્ના-પ્રશ્ન, અને નિમિત્તનો અભ્યાસ કરીને તેનાથી આજીવિકા ચલાવે, તે આભિયોગિકી ભાવના કરે છે. કૌતુક વગેરેનો અર્થ નીચેની ગાથાઓમાં કહેશે. [૧૬૪૨]

कौतुकद्वारावयवार्थमाह–

**विम्हवणहोमसिरपरिरियाइ खारडहणाणि धूमे अ ।**

**असरिसवेसग्गहणा, अवयासण थंभणं बंधं ॥ १६४३ ॥ दारं ॥**

**वृत्तिः**– '**विस्मापनं**' बालस्त्रपनं '**होमम्**' अग्निहवनं '**शिरःपरिरयः**' करभ्रमणाभिमन्त्रणं, आदिशब्दः स्वभेदप्रख्यापकः, बालस्नपनादीनामनेकप्रकारत्वात्, '**क्षारदहनानि**' तथाविधव्याधिशमनाय '**धूपश्च**' योगगर्भः '**असदृशवेषग्रहणानि**'–नार्यादेरनार्यादिनेपथ्यकरणानि, '**अवत्रासनं**' वृक्षादीनां प्रभावेन चालनम्, '**अवस्तम्भनम्**'–अनिष्टोपशान्तये स्तेनुकनिष्ठीवनाथुक्करणं, एवं '**बन्धः**'– मन्त्रादिना प्रतिबन्धनं, कौतुकमिति गाथार्थः ॥ १६४३ ॥

કૌતુક દ્વારનો વિશેષ અર્થ કહે છે–

બાળકને (રક્ષા માટે) સ્નાન કરાવવું, (શાંતિ આદિ માટે) અગ્નિમાં હોમ કરવો, માથે હાથ ફેરવીને મંતરવું વગેરે, (અહીં આદિ શબ્દ પોતાના બીજા અનેક ભેદોને જણાવનાર છે.) તેવા પ્રકારના રોગને શમાવવા (અગ્નિમાં મીઠું નાખવા રૂપ) ક્ષારનાં દહનો કરવાં, તેવા પ્રકારના દ્રવ્યોના યોગથી મિશ્રિત ધૂપ કરવો, સ્ત્રી આદિને અનાર્ય વગેરેનો વેષ પહેરાવવો, (મંત્રાદિના) પ્રભાવથી વૃક્ષાદિને હલાવવા, અનિષ્ટની શાંતિ માટે [1]થુંકથી થુંકવું, મંત્ર આદિથી બાંધવું=રૂકાવટ કરવી, આ બધુંય કૌતુક છે. [૧૬૪૩]

૧. બૃ. ક. ભા. ગા. ૧૩૦૯ની ટીકામાં **निष्ठीवनेन थुथुकरणम्** એવો પાઠ છે, જ્યારે અહીં **स्तेनुकनिष्ठीवनाथुक्करणम्** એવો પાઠ છે. જેમ અભિઉપસર્ગ પૂર્વક **लष्** ધાતુથી **अभिलाषुक** એવો શબ્દ બને છે, તેમ **स्तेन** ધાતુ ઉપરથી **स्तेनुक** શબ્દ બને. **स्तेन्** ધાતુનો અર્થ 'ચોરવું' એવો છે. એથી સ્તેનુક એટલે ચોર. અહીં જો એ અર્થ અભિપ્રેત હોય તો ચોરની જેમ ગુપ્તપણે થુંકથી થુંકવું એવો અર્થ થાય. અથવા બીજો કોઈ અર્થ ઘટી શકે તો ઘટાડવો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

भूतिकर्म्माण्याह–

**भूईअ मट्टिआए, सुत्तेण व होइ भूइकम्मं तु ।**

**वसहीसरीरभंडग-रक्खा अभिओगमाईआ ॥ १६४४ ॥ दारं ॥**

**वृत्तिः**– '**भूत्या**' भस्मरूपया '**मृदा**' वा-आर्द्रपांसुलक्षणया '**सूत्रेण**' **वा**' प्रसिद्धेन '**भवति**' '**भूतिकर्म्म**' परिरयवेष्टनरूपं, किमर्थमित्याह–'**वसतिशरीरभण्डकरक्षे**'ति एतद्रक्षार्थम्, '**अभियोगादय**' इतिकृत्वा, तेन कृतेन तद्रक्षार्थं, कर्त्तुरिति गाथार्थः ॥ १६४४ ॥

ભૂતિકર્મોને કહે છે–

(વિદ્યાથી મંત્રિત) ભસ્મથી, ભિનીધૂળથી કે સુતરના દોરાથી ચારે બાજુ વીંટવું (= ગોળ કુંડાળો કરવો) એ ભૂતિકર્મ છે. **શા માટે ભૂતિકર્મ કરે ? એ કહે છે-** આ ભૂતિકર્મ ચોર વગેરેના ઉપદ્રવોથી મકાન, શરીર અને ઘરવખરીના રક્ષણ માટે અભિયોગ = વશીકરણ છે. તે કરવાથી તે કરનારના મકાન વગેરેની રક્ષા થાય છે. માટે ભૂતિકર્મ કરે છે. (આદિ શબ્દથી તાવ ન આવે વગેરે સમજવું.) [૧૬૪૪]

प्रश्नस्वरूपमाह–

**पण्हो उ होइ पसिणं, जं पासइ वा सयं तु तं पसिणं ।**

**अंगुट्ठुच्छिट्ठपडे, दप्पण-असि-तोअ-कुड्डाई ( कुद्धाई पा. ) ॥ १६४५ ॥ दारं ॥**

जैन साईट JAINSITE .com जयतु जिनशासनम्

**वृत्तिः**– '**प्रश्नस्तु भवति**' देवतादिपृच्छारूपः '**प्रश्न**' इति, '**यत्पश्यति वा** '**स्वयं**' आत्मना '**तु**'शब्दादन्ये च तत्रस्थाः प्रस्तुतं वस्तु '**तत्प्रश्न**' इति, क्व तदित्याह–'**अङ्गुष्ठोच्छिष्टपट**' इत्यङ्गुष्ठे पटे उच्छिष्टः कासारादिभक्षणेन, एवं '**दर्प्पणे**' आदर्शे '**असौ**' च खड्गे '**तोये**' उदके '**कुड्डे**' भित्तौ, आदिशब्दान्मदनफलादिपरिग्रहः, '**क्रुद्धादि**' क्रुद्धः प्रशान्तो वा पश्यति कल्पविशेषादिति गाथार्थः ॥ १६४५ ॥

**પ્રશ્નનું સ્વરૂપ કહે છે–**

દેવતા વગેરેને પૂછવું એ પ્રશ્ન છે, અથવા પોતે અને ત્યાં રહેલા બીજાઓ પણ પ્રસ્તુત (કોઈ) વસ્તુને જુએ તે પ્રશ્ન છે. **પ્રસ્તુત વસ્તુને ક્યાં જુએ ? તે કહે છે-** અંગુઠામાં, કંસાર વગેરેના ભક્ષણથી એંઠા થયેલા પટમાં, આરિસામાં, તલવારમાં, પાણીમાં, ભિંતમાં અને મીંઢણ વગેરેમાં પ્રસ્તુત (કોઈ) વસ્તુને જુએ.

અથવા અહીં कुड्डाई એ પાઠના સ્થાને कुद्धाई એવો પાઠ છે. તેનો અર્થ આ પ્રમાણે છે- ગુસ્સે થયેલ અથવા પ્રશાંત પુરુષ તેવા પ્રકારના કલ્પવિશેષથી જે જુએ તે પ્રશ્ન છે. [૧૬૪૫]

प्रश्नाप्रश्नमाह–

**पसिणापसिणं सुमिणे, विज्जासिट्ठं कहेइ अण्णस्स ।**

**अहवा आइंखणिआ, घंटिअसिट्ठं परिकहेइ ॥ १६४६ ॥ दारं ॥**

**वृत्तिः**- '**प्रश्नाप्रश्नो**'ऽयमेवंविधो भवति-यः '**स्वप्ने** '**विद्याशिष्टं**' विद्याकथितं सत् '**कथयत्यन्यस्मै**' शुभजीवितादि, '**अथवा** '**आइंखणिय**'त्ति ईक्षणिका दैवज्ञा आख्यात्री लोकसिद्धा डोम्बी, '**घण्टिकाशिष्टं**'-घण्टिकायां स्थित्वा घण्टिकायक्षेण कथितं '**परिकथयति**', एष वा प्रश्नाप्रश्न इति गाथार्थः ॥ १६४६ ॥

**પ્રશ્નાપ્રશ્નને કહે છે–**

આ પ્રશ્નાપ્રશ્નનું સ્વરૂપ આ પ્રમાણે છે- સ્વપ્નમાં વિદ્યા (= વિદ્યાની અધિષ્ઠાત્રી) દેવીએ પોતાને કહેલું શુભ જીવન વગેરે પુછનારને કહે તે પ્રશ્નાપ્રશ્ન છે, અથવા ઈક્ષણિકા એ દેવને જાણનારી અને કહેનારી (જોગિણી) છે, લોકમાં તે ડોંબી તરીકે પ્રસિદ્ધ છે. (તેનો ઘંટિકાયક્ષ કુલદેવતા છે.) ઘંટડીમાં રહીને ઘંટિકાયક્ષે કહેલું પુછનારને કહે તે પ્રશ્નાપ્રશ્ન છે. [૧૬૪૬]

निमित्तमाह–

**तिविहं होइ णिमित्तं, तीय-पडुप्पण्ण-णागयं चेव ।**
**एत्थ सुभासुभभेअं, अहिगरणेतरविभासाए ॥ १६४७ ॥**

**वृत्तिः**- '**त्रिविधं भवति निमित्तं**' कालभेदेनत्याह-'**अतीतं प्रत्युत्पन्नमनागतं चैव**', अतीतादिविषयत्वात्तस्य, '**अत्र शुभाशुभभेदमे**'तल्लोके, कथमित्याह-'**अधिकरणेतरविभाषया**', यत्साधिकरणं तदशुभमिति गाथार्थः ॥ १६४७ ॥

**एयाणि गारवट्ठा, कुणमाणो आभिओगिअं बंधे ।**
**बीअं गारवरहिओ, कुव्वइ आराह उच्चं च ॥ १६४८ ॥ दारं ॥**

**वृत्तिः**- '**एतानि**' भूतिकर्म्मादीनि'**गौरवार्थं**' गौरवनिमित्तं'**कुर्वन्**' ऋषिः'**आभियोगिकम्**'- अभियोगनिमित्तं '**बध्नाति**' कर्म्म, देवताद्यभियोगादिकृत्यमेतद्, '**द्वितीयम्**' अपवादपदमत्र '**गौरवरहितः**' सन्-निःस्पृह एव '**करोत्य**'तिशयज्ञाने सत्येतत्, स चैवं कुर्वं**न्नाराधको**', न विराधकः, '**उच्चं च**' गोत्रं बध्नातीति शेषः, तीर्थोन्नतिकरणादिति गाथार्थः ॥ १६४८ ॥

**નિમિત્તને કહે છે–**

કાલભેદથી અતીત, વર્તમાન અને ભવિષ્ય એમ ત્રણ પ્રકારનું નિમિત્ત છે. નિમિત્તના અતીત વગેરે ત્રણ વિષયો હોવાથી ત્રણ ભેદ છે. લોકમાં આ નિમિત્ત અધિકરણ અને અનધિકરણની વ્યાખ્યાથી શુભ અને અશુભ એમ બે પ્રકારે છે, અર્થાત્ જે અધિકરણસહિત છે તે અશુભ છે, જે અધિકરણરહિત છે તે શુભ છે. [૧૬૪૭] રસ, ઋદ્ધિ અને સાતા એમ ત્રણ ગૌરવ માટે ભૂતિકર્મ વગેરે કરનાર સાધુ આભિયોગિક કર્મ બાંધે. આ કર્મના ઉદયથી અનિચ્છાએ પણ દેવ વગેરેની આજ્ઞા પ્રમાણે કરવું પડે, અર્થાત્ દેવ વગેરેના નોકર બનવું પડે. અહીં અપવાદ છે- જે વિશિષ્ટજ્ઞાની હોય તે ગૌરવરહિત=નિઃસ્પૃહ બનીને ભૂતિકર્મ વગેરે કરે છે તો આરાધક બને છે, વિરાધક બનતો નથી, અને શાસનની પ્રભાવના કરવાથી ઉચ્ચગોત્ર કર્મ બાંધે છે. [૧૬૪૮]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उक्ताऽऽभियोगिकी भावना, साम्प्रतमासुरीमाह–

**अणुबद्धवुग्गहोच्चिअ, संतत्ततवो णिमित्तमाएसी ।**
**णिक्किव निराणुकंपो, आसुरिअं भावणं कुणइ ॥ १६४९ ॥**

**वृत्तिः**– '**अनुबद्धविग्रहः**' सदा कलहशीलः, अपि च '**संसक्ततपाः**' आहारादिनिमित्तं तपःकारी, तथा '**निमित्तम्**' अतीतादिभेदं '**आदिशति**', तथा '**निष्कृपः**' कृपारहितः, तथा '**निरनुकम्पः**' अनुकम्पारहितः अन्यस्मिन् कम्पमानेऽपि इ'**त्यासुरीभावनो**'पेतो '**भवतीति**' गाथार्थः ॥ १६४९ ॥

**આભિયોગિકી ભાવના કહી, હવે આસુરી ભાવના કહે છે–**

જે અનુબદ્ધવિગ્રહ = સદા કલહ કરવાના સ્વભાવવાળો છે, સંસક્તતપ = (સારો) આહાર વગેરે મેળવવા માટે તપ કરે છે, નિમિત્તાદેશી = અતીત વગેરે નિમિત્તને કહે છે, નિષ્કૃપ = કૃપા રહિત છે, નિરનુકંપ = બીજો દયા માગે તો પણ દયા ન કરે તેવો છે, તે આસુરીભાવનાથી યુક્ત છે. [૧૬૪૯]

व्यासार्थं त्वाह–

**णिच्चं विग्गहसीलो, काऊण य णाणुतप्पई पच्छा ।**
**ण य खामिओ पसीअइ, अवराहीणं दुविण्हंपि ॥ १६५० ॥ दारं ॥**

**वृत्तिः**– '**नित्यं व्युद्ग्रहशीलः**' सततं कलहस्वभावः, '**कृत्वा च**' कलहं '**नानुतप्यते पश्चादि**'ति, '**न च क्षान्तः**' सन् अपराधिना '**प्रसीदति**' प्रसादं गच्छति '**अपराधिनोर्द्वयोरपि**'– स्वपक्षपरपक्षगतयोः कषायोदयादेवेत्येषोऽनुबद्धविग्रह इति गाथार्थः ॥ १६५० ॥

**ઉક્તગાથાનો વિસ્તારથી અર્થ કહે છે–**

જે સતત કલહ કરવાના સ્વભાવવાળો છે, કલહ કર્યા પછી "હા ! પાપી એવા મેં આ શું કર્યું ?" એમ પશ્ચાત્તાપ ન કરે, અપરાધીએ "મારો આ અપરાધ માફ કરો" એમ કહીને ખમાવવા છતાં (તીવ્ર) કષાયોદયથી જ સ્વપક્ષ અને પરપક્ષમાં પ્રસન્ન ન થાય, તે અનુબદ્ધવિગ્રહ છે. (અહીં સાધુ-સાધ્વી સ્વપક્ષ છે, ગૃહસ્થ પરપક્ષ છે.) [૧૬૫૦]

संसक्ततपसमाह–

**आहारउवहिसिज्जासु जस्स भावो उ निच्चसंसत्तो ।**
**भावोवहओ कुणइ अ, तवोवहाणं तयट्ठाए ॥ १६५१ ॥**

**वृत्तिः**– '**आहारोपधिशय्यासु**'–ओदनादिरूपासु '**यस्य भावस्तु**'–आशयः '**नित्यसंसक्तः**' सदा प्रतिबद्धः '**भावोपहतः**' स एवम्भूतः '**करोति च तपउपधानम्**'–अनशनादि '**तदर्थम्**' आहाराद्यर्थं यः संसक्ततपा यतिरिति गाथार्थः ॥ १६५१ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સંસક્તતપને કહે છે–**

જે સંસક્તતપ છે તેનું મન સદા આહાર, ઉપધિ અને શય્યામાં ચોંટેલું રહે છે, અને એથી રસગૌરવાદિ ભાવથી દૂષિત બનેલ તે અનશનાદિ તપઉપધાનને આહારાદિ માટે કરે છે. [૧૬૫૧]

निमित्तादेशनमाह–

**तिविहं हवइ निमित्तं, एक्किक्कं छव्विहं तु विण्णेअं ।**

**अभिमाणाभिनिवेसा, वागरिअं आसुरं कुणइ ॥ १६५२ ॥ दारं ॥**

**वृत्तिः**– '**त्रिविधं भवति निमित्तं**', कालभेदेन, '**एकैकं षड्विधं**'–लाभालाभ–सुखदुःखजीवितमरणविषयभेदेन तत् '**तु**' भवति '**विज्ञेयम्**', एतच्च '**अभिमानाभिनिवेशादि**'ति अभिमानतीव्रतया '**व्याकृतं सदासुरी**'भावनां '**करोति**', तद्भावाभ्यासरूपत्वादिति गाथार्थः ॥ १६५२ ॥

**નિમિત્તાદેશીને કહે છે–**

કાલભેદથી નિમિત્તના અતીત, વર્તમાન અને ભવિષ્ય એમ ત્રણ ભેદ છે. તે ત્રણના પ્રત્યેકના લાભ-અલાભ, સુખ-દુઃખ, જીવન અને મરણ એ છ વિષયના ભેદથી છ ભેદ છે.

**પ્રશ્ન**- આ (= નિમિત્તકથન) આભિયોગિક ભાવનાનું કારણ છે એમ પૂર્વે ૧૬૪૭મી ગાથામાં કહ્યું છે, છતાં અહીં કેમ કહ્યું ?

**ઉત્તર**- (अभिमाणाभिनिवेसा वागरिअं =) નિમિત્તને અભિમાનની તીવ્રતાથી કહેવામાં આવે તો તે આસુરીભાવનાને કરે છે. કારણ કે તીવ્ર અભિમાનથી નિમિત્તનું કથન આસુરી ભાવનાના અભ્યાસરૂપ છે. તીવ્ર અભિમાન વિના નિમિત્તનું કથન આભિયોગિકી ભાવનાને કરે છે. [૧૬૫૨]

निष्कृपमाह–

**चंकमणाईसत्तो, सुणिक्किवो थावराइसत्तेसुं ।**

**काउं व णाणुतप्पइ, एरिसओ णिक्किवो होइ ॥ १६५३ ॥ दारं ॥**

**वृत्तिः**- '**चङ्क्रमणादि**' गमनासनादि '**सक्तः**' सन् क्वचित् '**सुनिष्कृपः**'–सुष्ठु गतघृणः '**स्थावरादिसत्त्वेषु**' करोत्यजीवप्रतिपत्त्या, '**कृत्वा वा**' चङ्क्रमणादि '**नानुतप्यते**' केनचिन्नोदितः सन् '**ईदृशो निष्कृपो भवति**', लिङ्गमेतदस्येति गाथार्थः ॥ १६५३ ॥

**નિષ્કૃપને કહે છે–**

કોઈ (શરીર વગેરે) વસ્તુમાં આસક્ત બનીને, સ્થાવર વગેરેને અજીવ માનીને ચાલવું, બેસવું વગેરે ક્રિયા સ્થાવર જીવો ઉપર સુગ વિના કરે, સ્થાવર વગેરે જીવો ઉપર ચાલવું વગેરે ક્રિયા કર્યા પછી કોઈ (આ ખોટું કર્યું, મિચ્છામિ દુક્કડં આપ એમ) પ્રેરણા કરે તો પણ પશ્ચાત્તાપ પૂર્વક મિચ્છામિ દુક્કડં ન આપે, આવો જીવ નિષ્કૃપ છે, આ નિષ્કૃપ જીવનું લક્ષણ છે. [૧૬૫૩]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

निरनुकम्पमाह-

**जो उ परं कंपंतं, दट्ठूण ण कंपए कठिणभावो ।**

**एसो उ णिरणुकंपो, पण्णत्तो वीअरागेहिं ॥ १६५४ ॥ दारं ॥**

**वृत्तिः**- '**यस्तु परं कम्पमानं दृष्ट्वा**' कुतश्चिद्धेतुतः '**न कम्पते कठिनभावः**' सन् क्रूरतया, '**एष पुनः निरनुकम्पो**' जीवः '**प्रज्ञप्तो वीतरागैः**'-आप्तैरिति गाथार्थः ॥ १६५४ ॥

નિરનુકંપને કહે છે–

જે બીજાને કોઈ કારણથી દુઃખી થતો જોઈને ક્રૂરતાથી કઠોર બનીને પોતે દુઃખી ન થાય, એ જીવને વીતરાગ દેવોએ નિરનુકંપ કહ્યો છે. [૧૬૫૪]

उक्ताऽऽसुरीभावना, सम्मोहनीमाह-

**उम्मग्गदेसओ मग्गदूसओ मग्गविप्पडीवत्ती ।**

**मोहेण य मोहित्ता, सम्मोहं भावणं कुणइ ॥ १६५५ ॥ पडिदारं ॥**

**वृत्तिः**- '**उन्मार्गदेशकः**' वक्ष्यमाणः, एवं '**मार्गदूषकः**', एवं '**मार्गविप्रतिपत्तिः**', तथा '**मोहेन**' स्वगतेन, तथा '**मोहयित्वा**' परं '**सम्मोहीभावनां करोति**', तद्भावाभ्यासरूपत्वादिति गाथार्थः ॥ १६५५ ॥

**આસુરી ભાવના કહી, હવે સંમોહની ભાવના કહે છે–**

૧-ઉન્માર્ગદેશક, ૨-માર્ગદૂષક અને ૩-માર્ગવિપ્રતિપત્તિવાળો તથા ૪-પોતાનામાં રહેલા મોહથી અને ૫-બીજાને મોહ પમાડીને સંમોહની ભાવના કરે છે. કારણ કે ઉન્માર્ગ દેશના વગેરે સંમોહનના અભ્યાસ રૂપ છે. ઉન્માર્ગદેશક વગેરેનો અર્થ નીચેની ગાથાઓમાં કહેશે. (આ પ્રતિ દ્વાર ગાથા છે.) [૧૬૫૫]

उन्मार्गदेशकमाह-

**नाणाइ अ दूसिंतो, तव्विवरीअं तु उद्दिसइ मग्गं ।**

**उम्मग्गदेसओ एस होइ अहिओ अ सपरेसिं ॥ १६५६ ॥**

**वृत्तिः**- '**ज्ञानादीनि दूषयन्**' पारमार्थिकानि, '**तद्विपरीतं तु**' पारमार्थिकज्ञानविपरीतमेव '**उद्दिशति**' '**मार्गं**' धर्मसम्बन्धिनम् '**उन्मार्गदेशक एष**' एवम्भूतः '**भवत्यहित एव**' परमार्थेन '**स्वपरयो**'र्द्वयोरपीति गाथार्थः ॥ १६५६ ॥

ઉન્માર્ગદેશકને કહે છે–

જે પારમાર્થિક જ્ઞાનાદિને દૂષિત કરે (= વાસ્તવિક સ્વરૂપથી ભિન્ન સ્વરૂપે બતાવે,) અને પારમાર્થિક જ્ઞાનાદિથી વિપરીત જ ધર્મના માર્ગનો ઉપદેશ આપે, આવો જીવ ઉન્માર્ગ દેશક છે. અને તે પરમાર્થથી સ્વ-પર ઉભયનું અહિત જ કરે છે. [૧૬૫૬]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

मार्गदूषकमाह–

**णाणाइ तिविहमग्गं, दूसइ जो जे अ मग्गपडिवण्णे ।**

**अबुहो जाईए खलु, भण्णइ सो मग्गदूसोत्ति ॥ १६५७ ॥ दारं ॥**

**वृत्तिः**– '**ज्ञानादिं त्रिविधमार्गं**' पारमार्थिकं '**दूषयति यः**' कश्चित्, '**ये च मार्गप्रतिपन्नाः**' साधव-स्तांश्च दूषयति, '**अबुधः**' अविद्वान् '**जात्यैव**', न परमार्थेन, '**भण्यतेऽसावे**'वम्भूतः '**मार्गदूषकः**' पाप इति गाथार्थः ॥ १६५७ ॥

માર્ગદૂષકને કહે છે–

જે કોઈ જીવ પારમાર્થિક જ્ઞાનાદિરૂપ ત્રણ પ્રકારના (મોક્ષ) માર્ગને દૂષિત કરે, (એમાં દૂષણો બતાવે) અને જેમણે (વાસ્તવિક) માર્ગનો સ્વીકાર કર્યો છે તે સાધુઓને દૂષિત કરે, તે પાપી જીવ માર્ગદૂષક છે. આવો જીવ પરમાર્થથી નહિ, કિંતુ માત્ર જાતિથી=સ્વભાવથી અબુધ છે. [૧૬૫૭]

मार्गविप्रतिपत्तिमाह–

**जो पुण तमेव मग्गं, दूसिउं पंडिओ सतक्काए ।**

**उम्मग्गं पडिवज्जइ, विप्पडिवन्ने स मग्गस्स ॥ १६५८ ॥ दारं ॥**

**वृत्तिः**– '**यः पुनस्तमेव मार्गं**'-ज्ञानादिं '**दूषयित्वा अपण्डितः**' सन् '**स्वतर्क्कया**' जातिरूपया देशे '**उन्मार्गं प्रतिपद्यते**', देश एव '**विप्रतिपत्तिरि**'ति गाथार्थः ॥ १६५८ ॥

JAINSITE .com जैनम् जयति शासनम्

માર્ગવિપ્રતિપત્તિને કહે છે–

જે (કોઈ) અબુધ પારમાર્થિક જ્ઞાનાદિરૂપ માર્ગને જ સ્વકલ્પિત [1]જાતિ રૂપ તર્કોથી દૂષિત કરીને દેશમાં = અમુક અંશમાં ઉન્માર્ગનો સ્વીકાર કરે એ માર્ગવિપ્રતિપત્તિ છે. અહીં માર્ગના દેશમાં = અમુક અંશમાં જ વિપ્રતિપત્તિ છે. [૧૬૫૮]

मोहमाह–

**तह तह उवहयमइओ, मुज्झइ णाणचरणंतरालेसु ।**

**इड्ढीओ अ बहुविहा, दट्ठुं जत्तो तओ मोहो ॥ १६५९ ॥**

**वृत्तिः**– '**तथा तथा**' चित्ररूपतया उ'**पहतमतिः**' सन्'**मुह्यति ज्ञानचरणान्तरालेषु**' गहनेषु, '**ऋद्धीश्च बहुविधा दृष्ट्वा**' परतीर्थिकानां '**यतो**' मुह्यति '**असौ मोह**' इति गाथार्थः ॥ १६५९ ॥

મોહને કહે છે–

જેનાથી વિવિધ રૂપે (=શંકા આદિથી) દૂષિત મતિવાળો જીવ ગહન જ્ઞાનભેદોમાં અને ચારિત્ર-ભેદોમાં મુંઝાય, અને પરતીર્થિકોની અનેક પ્રકારની સમૃદ્ધિ જોઈને મુંઝાય એ મોહ છે. [૧૬૫૯]

૧. અહીં જાતિ એટલે વાદીના વાક્યમાં વ્યાપ્તિ વગેરેથી દૂષણ બતાવનાર ન્યાયશાસ્ત્રમાં પ્રસિદ્ધ વાક્ય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

मोहयित्वेति व्याचिख्यासुराह-

**जो पुण मोहेइ परं, सब्भावेणं च कइअवेणं वा ।**

**समयंतरम्मि सो पुण, मोहित्ता घेप्पइ सऽणेणं ॥ १६६० ॥**

**वृत्तिः**- '**यः पुनर्मोहयति** '**परम्**' अन्यं प्राणिनं '**सद्भावेन वा**' तथ्येन वा, तथा '**कैतवेन वा**' परिकल्पितेन, '**समयान्तरे**' परसमये मोहयति, '**स पुन**'रेवम्भूतः प्राणी '**मोहयित्वेति गृह्यतेऽनेन**' द्वारगाथावयवेनेति गाथार्थः ॥ १६६० ॥

**'મોહ પમાડીને' એ વિષે વિવરણ કરવાની ઈચ્છાવાળા કહે છે–**

જે અન્ય જીવને સત્યથી અથવા પરિકલ્પિતથી પરદર્શનમાં મોહ પમાડે એવો જીવ દ્વારગાથાના मोहयित्वा = મોહ પમાડીને એ અવયવથી ગ્રહણ કરાય છે=સમજાય છે.

(**ભાવાર્થ**- અન્યદર્શનમાં પણ કેટલીક યુક્તિઓ સત્ય હોય છે, તો કેટલીક અસત્ય=કલ્પિત હોય છે. અન્યદર્શનમાં રહેલી આ બે પ્રકારની યુક્તિઓમાંથી કોઈ પણ યુક્તિથી અમુક અન્યદર્શન પણ સારું છે કે બધાં દર્શનો સારાં છે ઈત્યાદિ રીતે અન્યદર્શન સંબંધી મુંઝવણ ઊભી કરે.) [૧૬૬૦]

जैन साईट JAINSITE .com

आसां भावनानां फलमाह-

**एयाओ भावणाओ, भावित्ता देवदुग्गइं जंति ।**

**तत्तोऽवि चुआ संता, परिंति भवसागरमणंतं ॥ १६६१ ॥**

**वृत्तिः**- '**एता भावना**' '**भावयित्वा**' अभ्यस्य '**देवदुर्गतिं यान्ति**' प्राणिनः, '**तत**'स्तस्या '**अपि च्युताः सन्तः**'-देवदुर्गतेः, '**पर्यटन्ति** '**भवसागरं**' संसारसमुद्रं '**अनन्तमि**'ति गाथार्थः ॥ १६६१ ॥

**આ ભાવનાઓનું ફલ કહે છે–**

આ ભાવનાઓનો અભ્યાસ કરીને જીવો દેવલોકમાં કાંદર્પિક આદિ હલકી દેવજાતિમાં જાય છે, અને ત્યાંથી ચ્યવીને અનંત સંસારસમુદ્રમાં પરિભ્રમણ કરે છે. [૧૬૬૧]

प्रकृतोपयोगमाह-

**एयाओ विसेसेणं, परिहरई चरणविग्घभूआओ ।**

**एअनिरोहाओ च्चिअ, सम्मं चरणंपि पावेइ ॥ १६६२ ॥**

**वृत्तिः**- '**एता**' भावना '**विशेषेण परिहरति, चरणविघ्नभूताः**' एता इति, '**एतन्निरोधादेव**' कारणात् '**सम्यक्चरणमपि प्राप्नोति**', प्रस्तुतानशनीति गाथार्थः ॥ १६६२ ॥

**પ્રસ્તુતમાં જે જરૂર છે તેને કહે છે–**

પ્રસ્તુત અનશનીએ ચારિત્રમાં વિઘ્નભૂત આ ભાવનાઓનો વિશેષથી ત્યાગ કરવો. આ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભાવનાઓનો નિરોધ કરવાથી જ અનશની સમ્યક્ (= શુદ્ધ) ચારિત્રને [1]પણ પામે છે, અર્થાત્ ચારિત્ર પણ સમ્યક્ બને છે. [૧૬૬૨]

**आह ण चरणविरुद्धा, एआओ एत्थ चेव जं भणिअं ।**
**जो संजओऽवि भइओ, चरणविहीणो अ इच्चाई ॥ १६६३ ॥**

**वृत्तिः-** '**आह**'-न '**चरणविरुद्धा एताः**' भावनाः, '**अत्रैव यद् भणितं**' ग्रन्थे '**यः संयतोऽप्ये**'तास्वि'- त्यादि, तथा '**भाज्यश्चरणहीनश्चे**'**त्यादि**' प्रागिति गाथार्थः ॥ १६६३ ॥

अत्रोत्तरम्-

**ववहारणया चरणं, एआसुं जं असंकिलिट्ठोऽवि ।**
**कोई कंदप्पाई, सेवइ ण उ णिच्छयणएणं ॥ १६६४ ॥**

**वृत्तिः-** '**व्यवहारनयाच्चरणं एतासु**' भावनासु, '**यदसङ्क्लिष्टोऽपि**' प्राणी '**कश्चित् कन्दर्पादीन् सेवते, न तु निश्चयनयेन**' चरणमेतास्विति गाथार्थः ॥ १६६४ ॥

**पूर्वपक्ष-** આ ભાવનાઓ ચારિત્રથી વિરુદ્ધ નથી. કારણ કે આ જ ગ્રંથમાં પહેલાં (૧૬૨૯મી ગાથામાં) **यः** संयतोऽप्येतासु ઈત્યાદિ તથા भाज्यश्चरणहीनः ઈત્યાદિ કહ્યું છે. (આથી આ ભાવનાવાળામાં પણ ચારિત્ર હોઈ શકે છે.) [૧૬૬૩] **उत्तरपक्ष-** આ ભાવનાઓમાં (આ ભાવનાવાળાઓમાં) વ્યવહારનયથી ચારિત્ર હોઈ શકે છે. કારણ કે કોઈક જીવ સંક્લિષ્ટ બન્યા વિના પણ કંદર્પ આદિનું સેવન કરે, પણ નિશ્ચયનયથી આ ભાવનાઓમાં ચારિત્ર ન હોય. [૧૬૬૪]

JAINSITE .com जैनम् जयति शासनम्

एतदेवाह-

**अक्खंडं गुणठाणं, इट्ठं एअस्स णियमओ चेव ।**
**सइ उचियपवित्तीए सुत्तेऽवि जओ इमं भणियं ॥ १६६५ ॥**

**वृत्तिः-** '**अखण्डं गुणस्थानं**'-निरतिचारं '**इष्टमेतस्य नियमत एव**' निश्चयनयस्य, '**सदौचित्यप्रवृत्त्या**' हेतुभूतया, '**सूत्रेऽपि यत इदं भणितं**' वक्ष्यमाणमिति गाथार्थः ॥ १६६५ ॥

किं तदित्याह-

**जो जहवायं न कुणइ, मिच्छद्दिट्ठी तओ हु को अण्णो ? ।**
**वड्ढेइ अ मिच्छत्तं, परस्स संकं जणेमाणो ॥ १६६६ ॥**

**वृत्तिः-** 'यो '**यथावादं**' यथागमं '**न करोति**' विहितं '**मिथ्यादृष्टिस्ततः**'- एवम्भूतात्को**ऽन्यः**' ?, स एव, आज्ञाविराधनादिति, '**वर्द्धयति च मिथ्यात्वमा**'त्मनः '**परस्य शङ्कां जनयन्**', सदनुष्ठानविषयामिति गाथार्थः ॥ १६६६ ॥

1. આ ભાવનાઓના નિરોધથી સમાધિમરણને તો પામે છે, સમ્યક્ચારિત્રને પણ પામે છે એવો 'પણ' શબ્દનો અર્થ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ જ કહે છે–

નિશ્ચયનયને નિયમા સદા [1]ઉચિત પ્રવૃત્તિથી નિરતિચાર ગુણસ્થાન ઈષ્ટ છે=માન્ય છે. કારણ કે (પિંડનિર્યુક્તિ) સૂત્રમાં પણ આ (=હવે કહેવાશે તે) કહ્યું છે. [૧૬૬૫] નિશ્ચયનય માને છે કે જે જીવ આગમમાં વિહિત અનુષ્ઠાનોને આગમમાં કહ્યું છે તે પ્રમાણે કરતો નથી તેનાથી બીજો કયો જીવ મિથ્યાદૃષ્ટિ હોઈ શકે ? અર્થાત્ વિહિત અનુષ્ઠાનોને આગમમુજબ નહિ કરનાર જ મિથ્યાદૃષ્ટિ છે, કારણ તે આજ્ઞાની વિરાધના કરે છે. બીજાઓના મનમાં સદનુષ્ઠાન સંબંધી શંકા ઉત્પન્ન કરતો તે પોતાના (અને પરના) મિથ્યાત્વની વૃદ્ધિ કરે છે.

(**ભાવાર્થ**- સાધુને અનુચિત આચરણ કરતો જોઈને બીજાને શંકા થાયકે જિનપ્રવચનમાં સદનુષ્ઠાનો કહ્યાં જણાતાં નથી. જો જિનપ્રવચનમાં સદનુષ્ઠાનો કહ્યા હોય તો આ અનુચિત આચરણ કેમ કરે ? આમ બીજાઓના મનમાં શંકા ઉત્પન્ન કરીને તે તેમનું મિથ્યાત્વ વધારે છે, અને તેમાં પોતે નિમિત્ત બનવાથી પોતાનું પણ મિથ્યાત્વ વધારે છે.) [૧૬૬૬]

स्याद्-यथावादमेव कन्दर्पादिकरणमित्याशङ्क्याह-

**कंदप्पाईवाओ, न चेह चरणम्मि सुव्वइ कहंचि ( हिंवि ) ।**
**ता एअसेवणंपि हु, तव्वायविराहगं चेव ॥ १६६७ ॥**

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

**वृत्तिः**- '**कन्दर्पादिवादो न चेहा**गमे '**चरणे**' चारित्रविषयः '**श्रूयते** '**क्वचित्**' कस्मिंश्चित्सूत्रस्थाने,'**तत्**' तस्माद् '**एतत्सेवनं**' कन्दर्पसेवनमपि '**तद्वादविराधकं**' चारित्रवादविराधक'**मेवे**'ति गाथार्थः ॥ १६६७ ॥

કંદર્પ વગેરે કરવું એ આગમ પ્રમાણે જ છે એમ કદાચ કોઈ કહે એવી આશંકા કરીને કહે છે–

આગમમાં કોઈ પણ સૂત્રમાં ચારિત્ર વિષયક કંદર્પાદિ વાદ સંભળાતો નથી, અર્થાત્ ચારિત્રમાં કંદર્પાદિ થઈ શકે એવો પાઠ આગમમાં ક્યાંય જોવામાં આવતો નથી, આથી કંદર્પાદિનું સેવન પણ ચારિત્રવાદનું વિરાધક જ છે, અર્થાત્ કંદર્પાદિના સેવનથી ચારિત્રની વિરાધના થાય છે, અથવા ચારિત્રપ્રતિપાદક આગમની વિરાધના થાય છે. [૧૬૬૭]

**किंतु असंखिज्जाइं, संजमठाणाइं जेण चरणेऽवि ।**
**भणियाइँ जाइभेया, तेण न दोसो इहं कोइ ॥ १६६८ ॥**

**वृत्तिः**- एवं निश्चयनयेनैतदुक्तं, '**किन्त्वसङ्ख्येयानि संयमस्थानानि**' तारतम्यभेदेन, '**येन** '**चरणेऽपि**' चारित्रेऽपि '**भणितान्या**'गमे '**जातिभेदात्**' तज्जातिभेदेन, '**तेन**' कारणेन '**न दोष इह कश्चित्**' कन्दर्पादौ, तथाविधसंयमस्थानभावादिति गाथार्थः ॥ १६६८ ॥

૧. અહીં 'ઉચિતપ્રવૃત્તિથી' એમ ત્રીજી વિભક્તિ હેતુ અર્થમાં છે. નિરતિચાર ગુણસ્થાનમાં ઉચિતપ્રવૃત્તિ હેતુ છે. ઉચિતપ્રવૃત્તિથી નિરતિચાર ગુણસ્થાનની પ્રાપ્તિ થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પ્રમાણે નિશ્ચયનયને આશ્રયીને કહ્યું. પણ આગમમાં સંયમસ્થાનોના જાતિભેદથી ચારિત્રમાં પણ તારતમ્યથી અસંખ્યસંયમસ્થાનો કહ્યા છે, આથી કંદર્પાદિ થઈ જાય તો કોઈ દોષ નથી, અર્થાત્ કંદર્પાદિવાળા જીવમાં પણ ચારિત્ર હોઈ શકે છે. કારણ કે તેવા પ્રકારનાં સંયમસ્થાનો તેનામાં હોઈ શકે છે. [૧૬૬૮]

प्रकृतयोजनामाह–

**एआण विसेसेणं, तच्चाओ तेण होइ कायव्वो ।**

**पुव्विं तु भाविआणवि, पच्छयावाइजोएणं ॥ १६६९ ॥**

**वृत्तिः**- '**एतासां**' भावनानां '**विशेषेण तत्त्यागो भवति तेन कर्त्तव्यो**', विवक्षितानशनिना, '**पूर्वभावितानामपि**' सतीनां '**पश्चात्तापादियोगेन**' भावसारेणेति गाथार्थः ॥ १६६९ ॥

પ્રસ્તુત વિષયની યોજના કરે છે–

તેથી (= આ ભાવનાઓના ત્યાગથી ચારિત્રશુદ્ધિ થાય છે માટે) વિવક્ષિત અનશનીએ આ ભાવનાઓનો વિશેષથી (= ખાસ) ત્યાગ કરવો જોઈએ. પૂર્વે ભાવેલી પણ આ ભાવનાઓનો ભાવની પ્રધાનતાવાળા પશ્ચાત્તાપ આદિથી ત્યાગ કરવો જોઈએ = તેનાથી બંધાયેલા પાપનો નાશ કરવો જોઈએ. [૧૬૬૯]

**कयमित्थ पसंगेणं, पगयं वोच्छामि सव्वनयसुद्धं ।**

**भत्तपरिण्णाए खलु, विहाणसेसं समासेणं ॥ १६७० ॥**

**वृत्तिः**- '**कृतमत्र**' प्रक्रमे '**प्रसङ्गेन !, प्रकृतं वक्ष्यामि**', किंभूतम् ?–'**सर्वनयविशुद्धं**', किमित्याह–'**भक्तपरिज्ञायाः खलु विधानशेषं**' यन्नोक्तं, '**समासेन**' सङ्क्षेपेणेति गाथार्थः ॥ १६७० ॥

**वियडण अब्भुट्ठाणं, उचिअं संलेहणं च काऊणं ।**

**पच्चक्खइ आहारं, तिविहं च चउव्विहं वावि ॥ १६७१ ॥**

**वृत्तिः**- '**विकटनां**' दत्त्वा तदनु '**अभ्युत्थानं**' संयमे '**उचितां संलेखनां च**' संहननादेः '**कृत्वा प्रत्याख्यात्याहारं**' गुरुसमीपे '**त्रिविधं चतुर्विधं वाऽपि**', यथासमाधानमिति गाथार्थः ॥ १६७१ ॥

**उव्वत्तइ परिअत्तइ, सयमण्णेणावि कारवइ किंचि ।**

**जत्थऽसमत्थो नवरं, समाहिजणगं अपडिबद्धो ॥ १६७२ ॥**

**वृत्तिः**- '**उद्वर्त्तते परावर्तते स्वयम्**'-आत्मनैव '**अन्येनापि कारयति किञ्चिद्**' वैयावृत्त्यकरेण '**यत्रासमर्थो, नवरं**' तत्कारयति '**समाधिजनकं**' यदात्मनः, '**अप्रतिबद्धः**' सन् सर्वत्रेति गाथार्थः ॥ १६७२ ॥

પ્રસ્તુતમાં પ્રાસંગિક વર્ણન આટલું બસ છે. હવે પ્રસ્તુત ભક્તપરિજ્ઞાનું બાકી રહેલું સર્વનયોથી વિશુદ્ધ વિધાન સંક્ષેપથી કહીશ. [૧૬૭૦] આલોચના કરીને, ત્યારબાદ સંયમમાં ઉદ્યત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બનીને (= પહેલાં શિથિલ હોય તે ઉદ્યત બનીને અને શિથિલ ન હોય તે વિશેષ ઉદ્યત બનીને), શરીર આદિની સંલેખના કરીને, પોતાને સમાધિ રહે તે પ્રમાણે ત્રિવિધ કે ચતુર્વિધ આહારનું ગુરુ પાસે પ્રત્યાખ્યાન કરે. [૧૬૭૧] ઉદ્વર્તન અને પરાવર્તન જાતે જ કરે, જે કરવા પોતે અસમર્થ હોય તે વૈયાવચ્ચ કરનાર પાસે પણ કરાવે. આનું તાત્પર્ય એ છે કે તે સર્વત્ર (= દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ભાવથી) આસક્ત ન બને અને જે કાર્ય બીજાની પાસે કરાવવાથી પોતાને સમાધિ રહે તે જ કાર્ય બીજાની પાસે કરાવે. [૧૬૭૨]

**मेत्तादी सत्ताइसु, जिणिंदवयणेण तह य अच्चत्थं ।**
**भावेइ तिव्वभावो, परमं संवेगमावण्णो ॥ १६७३ ॥**

**वृत्तिः-** '**मैत्र्यादीनि**' मैत्रीप्रमोदकारुण्यमाध्यस्थ्यानि '**सत्त्वादिषु**' सत्त्वगुणाधिक-क्लिश्यमाना-विनयेषु '**जिनेन्द्रवचनेन**' हेतुभूतेन '**तथा चात्यर्थं**'-नितरां '**भावयति तीव्रभावः**' सन् '**परमं संवेगमापन्नः**' अतिशयमार्द्रान्तःकरण इति गाथार्थः ॥ १६७३ ॥

અતિશય ભાવવાળા (= અતિશય ચારિત્ર પરિણામવાળા) બનીને અતિશય આર્દ્ર અંતઃકરણ પૂર્વક જિનેન્દ્ર વચનથી સર્વજીવો વિષે મૈત્રી, ગુણાધિક જીવો વિષે પ્રમોદ, દુઃખી થતા જીવો વિષે કરુણા અને અવિનીત જીવો વિષે માધ્યસ્થ્ય ભાવના અતિશય ભાવે. [૧૬૭૩]

देहसमाधौ यतितव्यमित्याह-

**सुहझाणाओ धम्मो, तं देहसमाहिसंभवं पायं ।**
**ता धम्मापीडाए, देहसमाहिम्मि जइअव्वं ॥ १६७४ ॥**

**वृत्तिः-** '**शुभध्यानाद्**'-धर्म्यादेः '**धर्मो**' भवति, '**तत्**' शुभध्यानं '**देहसमाधिसम्भवं**' '**प्रायो**' बाहुल्येनास्मद्विधानां, यत एवं '**तत्**' तस्माद्ध'**र्मापीडया**' हेतुभूतया '**देहसमाधौ**' शरीरसमाधाने '**यतितव्यं**' प्रयत्नः कार्य इति गाथार्थः ॥ १६७४ ॥

**इहरा छेवट्ठम्मी, संघयणे थिरधिईएँ रहिअस्स ।**
**देहस्सऽसमाहीए, कत्तो सुहझाणभावोत्ति ? ॥ १६७५ ॥**

**वृत्तिः-** '**इतरथा छेदवर्तिनि संहनने**', सर्वजघन्य इत्यर्थः, '**स्थिरधृत्या रहितस्य**'-दुर्बलमनसः '**देहस्यासमाधौ**' सञ्जाते सति '**कुतः शुभध्यानभावो ?**', नैवेति गाथार्थः ॥ १६७५ ॥

**तयभावम्मि अ असुहा, जायइ लेसावि तस्स णियमेणं ।**
**तत्तो अ परभवम्मि अ, तल्लेसेसुं तु उववाओ ॥ १६७६ ॥**

**वृत्तिः-** '**तदभावे च**' शुभध्यानाभावे च '**अशुभा जायते लेश्यापि**'-तथाविधात्म-परिणामरूपा, '**तस्य नियमेन**', देहासमाधिमतः, '**ततश्च**' अशुभलेश्यातः '**परभवे**' जन्मान्तरेऽपि '**तल्लेश्येष्वेवोपपातो**', महाननर्थ इति गाथार्थः ॥ १६७६ ॥

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

**શરીરને સમાધિ રહે તે માટે યત્ન કરવો એમ કહે છે–**

ધર્મધ્યાન વગેરે શુભધ્યાનથી ધર્મ થાય છે. પણ શુભધ્યાન આપણા જેવાને મોટાભાગે દેહસમાધિથી થાય, તેથી ધર્મને બાધા ન થાય તે રીતે શરીરની સમાધિ માટે પણ પ્રયત્ન કરવો જોઈએ. [૧૬૭૪ અન્યથા (= શરીર સમાધિ માટે યત્ન કરવામાં ન આવે તો) સર્વ જઘન્ય સંઘયણમાં દુર્બલ મનવાળા જીવને દેહની અસમાધિ થતાં શુભધ્યાન ક્યાંથી હોય ? ન જ હોય. [૧૬૭૫] શુભધ્યાનના અભાવમાં દેહની અસમાધિવાળા તેની તેવા પ્રકારના આત્મપરિણામ રૂપ લેશ્યા પણ નિયમા અશુભ થાય. અશુભલેશ્યાથી જન્માંતરમાં પણ અશુભલેશ્યાવાળા જીવોમાં ઉત્પત્તિ થાય. આથી મહાન અનર્થ થાય. [૧૬૭૬]

**तम्हा उ सुहं झाणं, पच्चक्खाणिस्स सव्वजत्तेणं ।**
**संपाडेअव्वं खलु, गीअत्थेणं सुआणाए ॥ १६७७ ॥**

**वृत्तिः**- यस्मादेवं **'तस्मात् शुभमेव ध्यानं प्रत्याख्यानिनः सर्वयत्नेन'** कवचज्ञातात् **'सम्पादयितव्यं खलु'** नियोगतः **'गीतार्थेन श्रुताज्ञया'** साधुनेति गाथार्थः ॥ १६७७ ॥

તેથી ગીતાર્થ સાધુએ શાસ્ત્રાજ્ઞાથી (અનશનના) પચ્ચક્ખાણવાળા સાધુને [1]કવચના દૃષ્ટાંતથી સર્વ પ્રયત્નોથી અવશ્ય શુભ જ ધ્યાન કરાવવું જોઈએ, (અર્થાત્ અનશનીને અશુભધ્યાન ન થાય તેની ગીતાર્થોએ કાળજી રાખવી જોઈએ.) [૧૬૭૭]

**सो च्चिअ अप्पडिबद्धो, दुल्लहलंभस्स विरइभावस्स ।**
**अप्परिवडणत्थं चिअ, तं तं चिट्ठं करावेइ ॥ १६७८ ॥**

**वृत्तिः**- **'सोऽपि च'** प्रत्याख्यानी **'अप्रतिबद्धः'** सर्वत्र **'दुर्ल्लभलाभस्य'** दुर्लभप्राप्तेः **'विरतिभावस्य'** चारित्रस्य **'अप्रतिपतनार्थमेव'** चाज्ञापरतन्त्रः सन् **'तां तां चेष्टां कारयति'**-कवचादिरूपामिति गाथार्थः ॥ १६७८ ॥

**तहवि तया अद्दीणो, जिणवरवयणंमि जायबहुमाणो ।**
**संसाराओ विरत्तो, जिणेहिं आराहओ भणिओ ॥ १६७९ ॥**

**वृत्तिः**- **'तथापि तदा अदीनः'** सन् भावेन **'जिनवरवचने जातबहुमानः'**-वचनैकनिष्ठः सन् **'संसाराद्विरक्तः'**-संविग्नो **'जिनैराराधको भणितः'** परमार्थत इति गाथार्थः ॥ १६७९ ॥

સર્વત્ર અપ્રતિબદ્ધ અનશની પણ દુર્લભ ચારિત્રનો નાશ ન થાય એ માટે જ આજ્ઞાપરતંત્ર બનીને કવચાદિરૂપ તે તે ક્રિયા બીજાઓ પાસે કરાવે.

**(ભાવાર્થ**- પોતાને સમાધિ રહે તે માટે જરૂર પડે તો શરીર દબાવવું વગેરે શારીરિક ક્રિયાઓ

---

૧. જેમ શરીરે કવચ ધારણ કરનાર શત્રુ વગેરેથી પોતાનું રક્ષણ કરી શકે છે, તેમ શુભધ્યાનવાળો જીવ રાગાદિ દોષોથી આત્માનું રક્ષણ કરી શકે છે. આથી શુભધ્યાન કવચ સમાન છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બીજા પાસે કરાવે. બીજાની પાસે શારીરિક ક્રિયાઓ કરાવવાથી સમાધિ રહે અને તેથી શુભધ્યાનદ્વારા રાગાદિ દોષોથી રક્ષણ થાય. આથી સમાધિ રહે એ માટે બીજાઓ પાસે ક્રિયાઓ કરાવવી એ કવચ સમાન છે.) [૧૬૭૮] તો પણ (= બીજા પાસે શારીરિક ક્રિયા કરાવે તો પણ) ત્યારે દીન બન્યા વિના ભાવથી જિનેશ્વરના વચનમાં જ શ્રદ્ધાવાળા અને સંસારથી વિરક્ત બનેલા તેને જિનોએ પરમાર્થથી આરાધક કહ્યો છે. [૧૬૭૯]

अत्रोपपत्तिमाह–

**जं सो सयावि पायं, मणेण संविग्गपक्खिओ चेव ।**
**इअरो उ विरइरयणं, न लहइ चरमेऽवि कालम्मि ॥ १६८० ॥**

**वृत्तिः**- '**यदसौ**' एवंविधः '**सदापि प्रायः**' '**मनसा**' भावेन '**संविग्नपाक्षिक एव**, '**इतरस्तु**' असंविग्न पाक्षिकः '**विरतिरत्नं**' चारित्रं '**न लभते**' न प्राप्नोति '**चरमकालेऽपी**'ति गाथार्थः ॥ १६८० ॥

**संविग्गपक्खिओ पुण, अण्णत्थ पयट्टिओऽवि काएणं ।**
**धम्मे चिअ तल्लिच्छे, दढरतित्थिव्व पुरिसम्मि ॥ १६८१ ॥**

**वृत्तिः**- '**संविग्नपाक्षिकः पुनः**' शीतलविहारी '**अन्यत्र प्रवृत्तः**'-अप्कायादिभोगे '**कायेन**' प्रमादात् '**धर्म्म एव**' '**तल्लिप्सः**' तद्गतचित्तः '**दृढरक्तस्त्रीवत् पुरुषे**', सा यथा कुलजा प्रोषितभर्तृका क्वचिज्जातरागा कादाचित्कस्वल्पकालतत्प्राप्त्या दानादिक्रियाप्रवृत्तापि तद्गतचित्ता पापेन युज्यते स्वल्पं च दानादिक्रियाफलमाप्नोति, एवं संविग्नपाक्षिकोऽपि कायमात्रेणासमञ्जसप्रवृत्तो भावे धर्म्मरक्तो धार्मिक एव मन्तव्य इति गाथार्थः ॥ १६८१ ॥

**तत्तो च्चिअ भावाओ, णिमित्तभूअंमि चरमकालम्मि ।**
**उक्करिसविसेसेणं, कोई विरइंपि पावेइ ॥ १६८२ ॥**

**वृत्तिः**- '**तत एव भावाद्**' धर्म्मविषयात् '**निमित्तभूते चरमकाले**' सति '**उत्कर्षविशेषेण**' शुभभावस्य '**कश्चिद्विरतिमपि प्राप्नोति**' धन्यः, युक्तियुक्तमेतत्, इति गाथार्थः ॥ १६८२ ॥

**અહીં યુક્તિ કહે છે–**

કારણ કે આવો જીવ સદાય પ્રાયઃ ભાવથી સંવિગ્નપાક્ષિક જ હોય છે. અસંવિગ્નપાક્ષિક જીવ અંતિમકાળે પણ ચારિત્રને પામતો નથી. [૧૬૮૦] સંવિગ્નપાક્ષિક શિથિલવિહારી જીવ પ્રમાદના કારણે કાયાથી અપ્કાય વગેરેના ભોગમાં પ્રવૃત્ત હોવા છતાં તેનું ચિત્ત તો ધર્મમાં જ હોય છે. પરપુરુષમાં અતિશય આસક્ત બનેલી સ્ત્રીની જેમ. જેમકે- જેનો પતિ પરદેશ ગયો છે તેવી કુલટા સ્ત્રી કોઈ પરપુરુષમાં રાગવાળી બની જાય, તેને પરપુરુષનો સંગ ક્યારેક થોડો કાલ જ થાય, બાકીના સમયમાં તો તે દાનાદિધર્મ ક્રિયામાં પ્રવૃત્ત રહે છે, આમ છતાં તેનું ચિત્ત તો પરપુરુષમાં જ રમે છે. આથી તે પાપથી બંધાય છે, અને દાનાદિ ધર્મ ક્રિયાઓનું ફલ બહુજ થોડું પામે છે. એ પ્રમાણે માત્ર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાયાથી અનુચિત કરવામાં પ્રવૃત્ત સંવિગ્નપાક્ષિકને પણ ભાવની અપેક્ષાએ ધર્મરાગી ધાર્મિક જ માનવો-જાણવો જોઈએ. [૧૬૮૧] કોઈક ધન્ય સંવિગ્નપાક્ષિક ધર્મસંબંધી તે જ [1]ભાવથી (હવે મરણની તૈયારી છે તો છેલ્લે છેલ્લે ચારિત્ર સાધી લઉં એમ) અંતિમ કાલનું નિમિત્ત મળતાં અંતિમ કાલમાં શુભભાવની વૃદ્ધિ થવાથી વિરતિ (ભાવચારિત્ર) પણ પામે. આ યુક્તિયુક્ત છે. [૧૬૮૨]

**जो पुण किलिट्ठचित्तो, णिरविक्खोऽणत्थदंडपडिबद्धो ।**

**लिंगोवघायकारी, ण लहइ सो चरमकालेऽवि ॥ १६८३ ॥**

**वृत्तिः**- '**यः पुनः क्लिष्टचित्तः**' सर्वं **निरपेक्षः**' सर्वत्र '**अनर्थदण्डप्रतिबद्धः**', तथा '**लिङ्गोपघातकारी**' तेन तेन प्रकारेण, '**न लभतेऽसौ**' विरतिरत्नं '**चरमकालेऽपी**'ति गाथार्थः ॥ १६८३ ॥

**चोएइ कहं समणो, किलिट्ठचित्ताइदोसवं होइ ।**

**गुरुकम्मपरिणईओ, पायं तह दव्वसमणो अ ॥ १६८४ ॥**

**वृत्तिः**- '**चोदयति**' चोदकः '**कथं श्रमणः संक्लिष्टचित्तादिदोषवान् भवति ?**', उत्तरमत्र- '**गुरुकर्म्मपरिणतेर्भ**'वति '**प्रायः, तथा**' बाहुल्येन '**द्रव्यश्रमणश्चे**'ति गाथार्थः ॥ १६८४ ॥

एतदेव समर्थयते-

**गुरुकम्मओ पमाओ, सो खलु पावो जओ तओऽणेगे ।**

**चोद्दसपुव्वधरावि हु, अणंतकाए परिवसंति ॥ १६८५ ॥**

**वृत्तिः**- '**गुरुकर्म्मणः**' सकाशात् **प्रमादो**' भवति, '**स खलु** '**पापः**' अतिरौद्रः '**यतस्ततः**'-प्रमादा' **दनेके चतुर्दशपूर्वधरा अपि**', तिष्ठन्त्वन्ये, '**अनन्तकाये परिवसन्ति**', वनस्पताविति गाथार्थः ॥ १६८५ ॥

किञ्च-

**दुक्खं लब्भइ नाणं, नाणं लद्धूण भावणा दुक्खं ।**

**भाविअमईवि जीवो, विसएसु विरज्जई दुक्खं ॥ १६८६ ॥**

**वृत्तिः**- '**दुःखं लभ्यते**'-कृच्छ्रेण प्राप्यते '**ज्ञानं**' यथास्थितपदार्थावसायि, तथा '**ज्ञानं** '**लब्ध्वा**' प्राप्य '**भावना**' एवमेवैतिदित्येवंरूपा '**दुःखं**' भवति, '**भावितमतिरपि जीवः**' कथञ्चित् कर्म्मपरिणतिवशात्, '**विषयेभ्यः**' शब्दादिभ्यो '**विरज्यते**' अप्रवृत्तिरूपेण '**दुःखं**', तत्प्रवृत्तेः सात्मीभूतत्वादिति गाथार्थः ॥ १६८६ ॥

પણ જે ક્લિષ્ટ ચિત્તવાળો છે, સર્વત્ર બધી રીતે સંયમથી નિરપેક્ષ (=સ્વતંત્ર) છે, અનર્થદંડમાં આસક્ત છે, અને તે તે રીતે વેષની વિડંબના કરે છે, તે અંતિમ કાલે પણ ચારિત્રને પામતો નથી.

---

૧. "શિથિલવિહારી હોવા છતાં તેનું ચિત્ત તો ધર્મમાં જ હોય છે" તે ભાવથી.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૧૬૮૩] અહીં પ્રશ્નકાર પ્રશ્ન કરે છે કે- સંકિલષ્ટ ચિત્ત વગેરે દોષવાળો સાધુ કેવી રીતે થાય ? અહીં ઉત્તર આ પ્રમાણે છે- તેવો જીવ પણ પ્રાયઃ ગુરુકર્મપરિણતિથી સાધુ થાય છે અને મોટા ભાગે દ્રવ્ય સાધુ હોય છે. [૧૬૮૪] **આનું જ સમર્થન કરે છે-** ગુરુકર્મથી પ્રમાદ થાય છે, પ્રમાદ અતિશય ભયંકર છે. કારણ કે પ્રમાદથી બીજાઓ તો ઠીક, અનેક ચૌદ પૂર્વધરો પણ અનંતકાય વનસ્પતિમાં (= નિગોદમાં) વસે છે=ઉત્પન્ન થાય છે. [૧૬૮૫] તથા યથાવસ્થિત પદાર્થોનો બોધ કરાવનારું જ્ઞાન કષ્ટથી પ્રાપ્ત થાય છે. તે જ્ઞાન મેળવ્યા પછી "આ આ પ્રમાણે જ" એવી ભાવના (= શ્રદ્ધા) કષ્ટથી થાય છે, અને ભાવિતમતિ પણ જીવ કોઈ રીતે કર્મપરિણતિના કારણે કષ્ટથી શબ્દ આદિ વિષયોથી વિરાગ પામે છે=શબ્દાદિ વિષયોમાં પ્રવૃત્તિ અટકાવે છે. કારણ કે વિષયોમાં પ્રવૃત્તિ (અનાદિ કાલથી) આત્મસાત્ થઈ ગઈ છે. (અહીં ક્રમશઃ જ્ઞાન-શ્રદ્ધા-ચારિત્રની દુર્લભતા વર્ણવી છે.) [૧૬૮૬]

एवं गुरुकर्म्मपरिणतेः क्लिष्टचित्तादिभावोऽविरुद्धः, द्रव्यश्रमणमाह-

**अन्ने उ पढमगं चिअ, चरित्तमोहक्खओवसमहीणा ।**
**पव्वइआ ण लहंती, पच्छावि चरित्तपरिणामं ॥ १६८७ ॥**

**वृत्तिः-** '**अन्ये तु प्रथममेव**'-आदित एवारभ्य '**चारित्रमोहनीयक्षयोपशमहीनाः**', चारित्रमन्तरेणैव '**प्रव्रजिताः**', द्रव्यत एवम्भूताः सन्तो '**न लभन्ते पश्चादपि**' तत्रैव तिष्ठन्त- '**श्चारित्रपरिणामं**' प्रव्रज्यास्वतत्त्व-रूपमिति गाथार्थः ॥ १६८७ ॥

JAINSITE .com जैनम् જયતિ શાસનમ્

एतदेवाह-

**मिच्छद्दिट्ठीआवि हु, केई इह होंति दव्वलिंगधरा ।**
**ता तेसिं कह ण हुंती, किलिट्ठचित्ताइआ दोसा ॥ १६८८ ॥**

**वृत्तिः-** '**मिथ्यादृष्टयोऽपि**', अपिशब्दादभव्या अपि, '**केचनेह**'-लोक शासने वा भवन्ति '**द्रव्यलिङ्गधारिणो**'-विडम्बकप्रायाः, '**तत्**' तस्मात् '**तेषामे**'वम्भूतानां '**कथं न भवन्ति ?**', भवन्त्येव, '**क्लिष्टचित्तादयो दोषाः**' प्रागुपन्यस्ता इति गाथार्थः ॥ १६८८ ॥

**આ પ્રમાણે ગુરુકર્મપરિણતિના કારણે (દ્રવ્યસાધુઓમાં) ક્લિષ્ટ ચિત્તાદિ ભાવો વિરુદ્ધ નથી. દ્રવ્યસાધુનું વર્ણન કરે છે-**

બીજાઓ તો પ્રારંભથી જ ચારિત્રમોહનીયના ક્ષયોપશમથી રહિત = ચારિત્રના પરિણામ વિના જ દીક્ષિત થાય છે, દ્રવ્યથી દીક્ષિત બનેલા તે પછી પણ ત્યાં જ (દ્રવ્યચારિત્રમાં જ) રહે છે, પ્રવ્રજ્યાના સ્વતત્ત્વ રૂપ ચારિત્રપરિણામને પામતા નથી. [૧૬૮૭] **આ જ કહે છે-** લોકમાં કે શાસનમાં કોઈ મિથ્યાદષ્ટિઓ અને અભવ્યો પણ મોટા ભાગે લિંગની વિડંબના કરનારા દ્રવ્યલિંગધારી થાય છે. તેથી આવા તેમને પૂર્વે કહેલા ક્લિષ્ટચિત્ત વગેરે દોષો કેમ ન હોય ? હોય જ. [૧૬૮૮]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

तत्रैव प्रक्रमे विधिशेषमाह-

**एत्थ य आहारो खलु, उवलक्खणमेव होइ णायव्वो ।**
**वोसिरइ तओ सव्वं, उवउत्तो भावसल्लंपि ॥ १६८९ ॥**

**वृत्तिः**- '**अत्र च**' अनशनाधिकारे '**आहारः खलु**' परित्यागमधिकृत्य '**उपलक्षणमेव भवति ज्ञातव्यः**' शेषस्यापि वस्तुनः, तथा चाह- '**व्युत्सृजति**' परित्यजति '**असौ**' अनशनी '**सर्वमुपयुक्तः**' सन् '**भावशल्यमपि**' सूक्ष्ममिथ्यात्वादीति गाथार्थः ॥ १६८९ ॥

किं बहुना ?-

**अण्णंपिव अप्पाणं, संवेगाइसयओ चरमकाले ।**
**मण्णइ विसुद्धभावो, जो सो आराहओ भणिओ ॥ १६९० ॥**

**वृत्तिः**- '**अन्यमिवात्मानं**' प्राक्तनादात्मनः '**संवेगातिशयात्**' संवेगातिशयेन '**चरमकाले**' प्राणप्रयाणकाले '**मन्यते शुद्धभावः**' सन् सर्वासदभिनिवेशत्यागेन '**यः स आराधको भणित**'-स्तीर्थकर-गणधरैरिति गाथार्थः ॥ १६९० ॥

अयमेव विशिष्यते-

**सव्वत्थापडिबद्धो, मज्झत्थो जीविए अ मरणे अ ।**
**चरणपरिणामजुत्तो, जो सो आराहओ भणिओ ॥ १६९१ ॥**

**वृत्तिः**- '**सर्वत्राप्रतिबद्धः**' इहलोके परलोके च, तथा '**मध्यस्थो जीविते मरणे च**', न मरणमभिलषति नापि जीवितमित्यर्थः, '**चरणपरिणामयुक्तो**', न तद्विकलो, '**य**' एवंभूतः '**स आराधको भणित**'स्तीर्थकरगणधरैरिति गाथार्थः ॥ १६९१ ॥

अस्यैव फलमाह-

**सो तप्पभावओ च्चिअ, खविउं तं पुव्वदुक्कडं कम्मं ।**
**जायइ विसुद्धजम्मो, जोगो अ पुणोऽवि चरणस्स ॥ १६९२ ॥**

**वृत्तिः**- '**सः**' एवंभूतः '**तत्प्रभावत एव**' चारित्रपरिणामप्रभावादेव '**क्षपयित्वा**' अभावमापाद्य '**तत् पूर्वदुष्कृतं कर्म्म**', शीतलविहारजं, '**जायते** '**विशुद्धजन्म**' जात्यादिदोषरहितः '**योग्य एव पुनरपि**', तज्जन्मापेक्षया, '**चरणस्ये**'ति गाथार्थः ॥ १६९२ ॥

**પ્રસ્તુતમાં અનશનમાં જ બાકી રહેલ વિધિ કહે છે–**

અહીં અનશનના અધિકારમાં આહારત્યાગમાં આહાર અન્ય પણ વસ્તુનું ઉપલક્ષણ જ છે. તેથી અનશનીએ ઉપયોગવાળા બનીને સૂક્ષ્મ મિથ્યાત્વ વગેરે સર્વપ્રકારના ભાવશલ્યનો પણ ત્યાગ કરવો. [૧૬૮૯] **વિશેષ કહેવાથી શું ?** અતિશયસંવેગથી સર્વપ્રકારના કદાગ્રહનો ત્યાગ કરીને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શુદ્ધભાવવાળો થયેલ જે પ્રાણના પ્રયાણ વખતે આત્માને પૂર્વના આત્માથી જુદા જેવો માને છે = '[1]અનુભવે છે, તેને તીર્થંકરોએ અને ગણધરોએ આરાધક કહ્યો છે. [૧૬૯૦] **આનું (= આરાધક જીવનું) જ વિશેષ રૂપે વર્ણન કરે છે-** જે સર્વત્ર અપ્રતિબદ્ધ છે=આ લોક સંબંધી અને પરલોકસંબંધી આશંસાથી રહિત છે, જીવન-મરણમાં મધ્યસ્થ છે, એટલે કે (જલદી મરું એ પ્રમાણે) મરણને ઈચ્છતો નથી અને (વધારે જીવું તો સારું એમ) જીવનને પણ ઈચ્છતો નથી, ચારિત્રના પરિણામથી યુક્ત છે, તેનાથી રહિત નથી, તેને તીર્થંકરોએ અને ગણધરોએ આરાધક કહ્યો છે. [૧૬૯૧] **આરાધકને મળતા ફલને કહે છે-** આવો જીવ ચારિત્ર પરિણામના પ્રભાવથી જ શિથિલ વિહારથી બંધાયેલાં પૂર્વનાં અશુભ કર્મોને ખપાવીને ભવાંતરમાં અશુદ્ધ જાતિ વગેરે દોષોથી રહિત વિશુદ્ધ જાતિ આદિમાં જન્મને પામે છે, અને ત્યાં પણ ચારિત્રને યોગ્ય થાય છે. [૧૬૯૨]

त्रिविध आराधको भवतीति तद्विशेषमभिधातुमाह–

**एसो अ होइ तिविहो, उक्कोसो मज्झिमो जहण्णो अ ।**
**लेसादारेण फुडं, वोच्छामि विसेसमेएसिं ॥ १६९३ ॥**

**वृत्तिः**- '**एष**' चाराधको '**भवति त्रिविधः**', त्रैविध्यमेवाह-'**उत्कृष्टो मध्यमो जघन्यश्च**', भावसापेक्षं चोत्कृष्टत्वादि, यत एवमतो '**लेश्याद्वारेण**' लेश्याङ्गीकरणेन '**स्फुटं**' प्रकटं '**वक्ष्यामि विशेषमेतेषाम्**'-उत्कृष्टादिभेदानामिति गाथार्थः ॥ १६९३ ॥

तत्र–

**सुक्काए लेसाए, उक्कोसगमंसगं परिणमित्ता ।**
**जो मरइ सो हु णिअमा, उक्कोसाराहओ होइ ॥ १६९४ ॥**

**वृत्तिः**- '**शुक्लायाः लेश्यायाः**' सर्वोत्तमायाः, '**उत्कृष्टमंशकं**' विशुद्धं '**परिणम्य**' तद्भावमासाद्य '**यो म्रियते**' कश्चित् सत्त्वः '**स नियमादेवोत्कृष्टाराधको भवति**', स्वल्पभवप्रपञ्च इति गाथार्थः ॥ १६९४ ॥

मध्यमाराधकमाह–

**जे सेसा सुक्काए, अंसा जे आवि पम्हलेसाए ।**
**ते पुण जो सो भणिओ, मज्झिमओ वीअरागेहिं ॥ १६९५ ॥**

**वृत्तिः**- '**ये शेषाः**' उत्कृष्टं विहाय '**शुक्लायाः**' '**अंशाः**' भेदाः '**ये चापि पद्मलेश्यायाः**' सामान्येन '**तान् पुनर्यः**' परिणम्य म्रियते '**स मध्यमो भणितो**'-मध्यमाराधको '**वीतरागैः**' जिनैरिति गाथार्थः ॥ १६९५ ॥

---

૧. પૂર્વે આત્મા આ શરીર વગેરે મારું છે એમ મમત્વભાવમાં રમતો હતો, મરણ વખતે આત્મા નિર્મમ બની જાય, પૂર્વે આત્મા શબ્દાદિ વિષયોમાં આસક્ત હતો, મરણ વખતે આત્મા અનાસક્ત બની જાય. આમ અનેક રીતે આત્માને પૂર્વના આત્માથી મરણ વખતે ભિન્ન જેવો અનુભવે, અર્થાત્ આત્મા બહિરાત્મદશાથી ભિન્ન અંતરાત્મદશાવાળો બને.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

जघन्यमाराधकमाह-

**तेऊलेसाए जे, अंसा अह ते उ जे परिणमित्ता ।**
**मरइ तओऽवि हु णेओ, जहण्णमाराहओ इत्थ ॥ १६९६ ॥**

**वृत्तिः-** '**तेजोलेश्यायाः ये अंशाः**' प्रधानाः '**अथवा तान् यः परिणम्य**' अंशकान् कांश्चित् '**म्रियतेऽसावप्ये**'वंभूतो '**ज्ञेयः**', किम्भूत इत्याह-'**जघन्याराधकोऽत्र**'-प्रवचन इति गाथार्थः ॥ १६९६ ॥

अस्यैव सुसंस्कृतभोजनलवणकल्पं विशेषमाह-

**एसो पुण सम्मत्ताईसंगओ चेव होइ विण्णेओ ।**
**ण उ लेसामित्तेणं, तं जमभव्वाणवि सुराणं ॥ १६९७ ॥**

**वृत्तिः-** '**एष पुन**'र्लेश्याद्वारोक्ताराधकः '**सम्यक्त्वादिसंगत एव**' सम्यक्त्वज्ञान-तद्भावस्थायिचरणयुक्त एव '**भवति विज्ञेय**' आराधकः '**न तु लेश्यामात्रेण**' केवलेनाराधकः, कुत इत्याह-'**तत्**' लेश्यामात्रं '**यद्**' यस्मात् कारणात् '**अभव्यानामपि सुराणां**' भवति, यल्लेश्याश्च म्रियन्ते तल्लेश्या एवोत्पद्यन्त इति गाथार्थः ॥ १६९७ ॥

**આરાધકના ત્રણ પ્રકાર છે, આથી આરાધક સંબંધી વિશેષ કહે છે-**

આરાધકના ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય એમ ત્રણ પ્રકાર છે. આરાધકના ઉત્કૃષ્ટ વગેરે ભેદો ભાવની અપેક્ષાએ છે. આથી લેશ્યાને આશ્રયીને ઉત્કૃષ્ટાદિ ભેદોની વિશેષતાને સ્પષ્ટ કહીશ. **[૧૬૯૩]** જે કોઈ જીવ સર્વોત્તમ શુકલલેશ્યાના ઉત્કૃષ્ટ (= વિશુદ્ધ) ભેદ રૂપે પરિણમીને, અર્થાત્ ઉત્કૃષ્ટ ભેદના ભાવને પામીને મરે, તે નિયમા ઉત્કૃષ્ટ આરાધક થાય છે, અને તેનો સંસાર બહુ જ થોડો બાકી રહે છે. **[૧૬૯૪] મધ્યમ આરાધકનું વર્ણન કરે છે-** શુકલલેશ્યાના ઉત્કૃષ્ટ સિવાયના ભેદોના (= કોઈ પણ ભેદના) અને પદ્મલેશ્યાના સામાન્યથી ભેદોના (= કોઈપણ ભેદના) ભાવને પામીને મરે તેને જિનોએ મધ્યમ આરાધક કહ્યો છે. **[૧૬૯૫] જઘન્ય આરાધકનું વર્ણન કરે છે-**અથવા જે તેજોલેશ્યાના પ્રધાન કોઈક ભેદોના ભાવને પામીને મરે છે તે પણ પ્રવચનમાં જઘન્ય આરાધક જાણવો. **[૧૬૯૬]** **આરાધકની જ સારી રીતે સંસ્કારેલા ભોજનમાં લવણ સમાન વિશેષતા કહે છે-** લેશ્યા દ્વારા કહેલ આરાધક જીવ સમ્યક્ત્વ, જ્ઞાન અને સમ્યક્ત્વ-જ્ઞાનની સાથે રહેનાર ચારિત્રથી યુક્ત જ આરાધક જાણવો, નહિ કે માત્ર લેશ્યાથી, અર્થાત્ લેશ્યાની સાથે સમ્યક્ત્વ, જ્ઞાન અને ચારિત્ર એ ત્રણે હોય તો જ આરાધક જાણવો. કારણ કે માત્ર લેશ્યા તો અભવ્ય દેવોને પણ હોય છે. "જીવો જે લેશ્યાવાળા થઈને મરે છે તે લેશ્યા સહિત જ ઉત્પન્ન થાય છે." એવો નિયમ છે. **[૧૬૯૭]**

आराधकगुणमाह-

**आराहगो अ जीवो, तत्तो खविऊण दुक्कडं कम्मं ।**
**जायइ विसुद्धजम्मा, जोगोऽवि पुणोवि चरणस्स ॥ १६९८ ॥**

जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**- '**आराधकश्च जीवः** '**तत**' आराधकत्वात् '**क्षपयित्वा** '**दुष्कृतं कर्म्म**' प्रमादजं ज्ञानावरणीयादि '**जायते विशुद्धजन्मा**', जातिकुलाद्यपेक्षया, '**योगोऽपि पुनरपि चरणस्य**', तद्भावभाविन इति गाथार्थः ॥ १६९८ ॥

**આરાધકને થતા લાભને કહે છે–**

આરાધક જીવ આરાધનાથી પ્રમાદના કારણે બંધાયેલા જ્ઞાનાવરણીય વગેરે અશુભ કર્મોને ખપાવીને ભવાંતરમાં જાતિ, કુલ આદિની અપેક્ષાએ વિશુદ્ધ જન્મને પામે છે, અને તેને ફરી પણ ચારિત્રના પરિણામથી યુક્ત ચારિત્રનો યોગ થાય છે. [૧૬૯૮]

आराधनाया एव प्रधानफलमाह–

**आराहिऊण एवं, सत्तट्ठभवाणमारओ चेव ।**
**तेलुक्कमत्थअत्थो, गच्छइ सिद्धिं णिओगेणं ॥ १६९९ ॥**

**वृत्तिः**- '**आराध्यैवं**' उक्तप्रकारं, किमित्याह–'**सप्ताष्टभवेभ्यः**' सप्ताष्टजन्मभ्यः '**आरत एव**', त्रिषु वा चतुर्षु वा जन्मसु, किमित्याह-'**त्रैलोक्यमस्तकस्थः**' सकललोकचूडामणिभूतां '**गच्छति** '**सिद्धिं**' मुक्तिं '**नियोगेन**' अवश्यंतयेति गाथार्थः ॥ १६९९ ॥

**सव्वण्णुसव्वदरिसी, निरुवमसुहसंगओ उ सो तत्थ ।**
**जम्माइदोसरहिओ, चिट्ठइ भयवं सया कालं ॥ १७०० ॥**

**वृत्तिः**- तत्र च गतः सन् '**सर्वज्ञः सर्वदर्शी**', नाचेतनो गगनकल्पः, तथा '**निरुपमसुख-सङ्गतश्च**', सकलव्याबाधानिवृत्तेः, '**स**' आराधको मुक्तः '**तत्र**' सिद्धौ '**जन्मादिदोषरहितः**' जन्म-जरादिमरणादिरहितः '**संस्तिष्ठति भगवान्** '**सदा कालं**' सर्वकालमेव, नत्वभावीभवति, यथाऽऽहुरन्ये-'प्रविध्यातदीपकल्पोपमो मोक्षः' इति गाथार्थः ॥ १७०० ॥

**આરાધનાનું જ મુખ્ય ફલ કહે છે–**

ઉક્ત રીતે આરાધના કરીને જીવ સાત કે આઠ ભવોની પહેલાં જ, એટલે કે ત્રણ કે ચાર [1]ભવોમાં ચારિત્રની આરાધના કરીને નિયમા સકલલોકની ચૂડામણીભૂત મુક્તિમાં જાય છે, અને ત્રણ લોકના મસ્તકે (= લોકના અગ્રભાગે) રહે છે. [૧૬૯૯] મુક્તિમાં ગયેલ જીવ સર્વજ્ઞ અને સર્વદર્શી બને છે. આકાશ સમાન જડ બનતો નથી, તથા નિરુપમ સુખથી યુક્ત બને છે, કારણ કે સઘળી પીડાઓની નિવૃત્તિ થઈ ગઈ છે, મુક્તજીવ સિદ્ધિમાં જન્મ, જરા અને મરણ વગેરેથી રહિત

૧. આ જ ગ્રંથમાં ૧૨૦૮મી ગાથામાં "સાત-આઠ ભવોથી મોક્ષ પામે છે" એમ કહ્યું છે. આ (૧૨૦૮મી) જ ગાથાનો પૂર્વાર્ધ સાતમા પંચાશકમાં છે. ત્યાં ટીકાકારે 'ચારિત્રની આરાધનાવાળા સાત-આઠ ભવો સમજવા' એમ કહ્યું છે. આ. નિ. ગા. ૮૫૬મા "આઠ ભવોમાં ચારિત્રનો સ્વીકાર કર્યા પછી અવશ્ય મોક્ષની પ્રાપ્તિ થાય" એમ કહ્યું છે. આથી 'ત્રણ કે ચાર ભવોમાં મોક્ષની પ્રાપ્તિ થાય' એમ જે કહ્યું છે, તેનો ભાવ એ છે કે- સાત-આઠ ભવે મોડામાં મોડો મોક્ષ થાય છે, એની પહેલાં ઓછા ભવે પણ કોઈને મોક્ષ થઈ શકે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બની જાય છે, અને ભગવાન બનીને સર્વકાલ જ રહે છે, અભાવરૂપ બની જતો નથી, અર્થાત્ તેનો અભાવ થઈ જતો નથી. જેમકે બીજાઓ (= બૌદ્ધો) કહે છે- "બુઝાયેલા દીપક સમાન મોક્ષ છે." (તે સત્ય નથી.) [૧૭૦૦]

फलदर्शनद्वारेण शास्त्रमुपसंहरति-

**एयाणि पंच वत्थू, आराहिंता जहागमं सम्मं ।**

**तीअद्धाएँ अणंता, सिद्धा जीवा धुअकिलेसा ॥ १७०१ ॥**

**वृत्तिः-** '**एतानि पञ्च वस्तूनि**'-पव्रज्याविधानादीनि '**आराध्य**' संपाद्य '**यथाऽऽगमं**' यथासूत्रं '**सम्यग्**' अवैपरीत्येनातीताद्धायाम्-'**अतीतकाले अनन्ताः** '**सिद्धा जीवाः**' निष्ठितार्था संवृत्ताः, मुक्ता इत्यर्थः, '**धूतक्लेशाः**' सवासनाशेषकर्म्मरहिता इति गाथार्थः ॥ १७०१ ॥

**एयाणि पंच वत्थू, आराहित्ता जहागमं सम्मं ।**

**इण्हिंपि हु संखिज्जा, सिज्झंति विवक्खिए काले ॥ १७०२ ॥**

**वृत्तिः-** '**एतानि पञ्च वस्तून्याराध्य यथागमं सम्यगि**'ति पूर्ववत् '**इदानीमपि**' सामान्येन '**संख्येयाः सिध्यन्ति**' समयक्षेत्रे सर्वस्मिन्नेव '**विवक्षिते काले**'-अन्तर्मुहूर्त्तादाविति गाथार्थः ॥ १७०२ ॥

तथा-

**एयाणि पंच वत्थू, आराहित्ता जहागमं सव्वं ।**

**एसद्धाएऽणंता, सिज्झिस्संती धुवं जीवा ॥ १७०३ ॥**

**वृत्तिः-** '**एतानि पञ्च वस्तून्याराध्य यथाऽऽगमं सम्यगि**'ति पूर्ववदेव, '**एष्याद्धायां**' भविष्यत्काले '**ऽनन्ताः** '**सेत्स्यन्ति**' मुक्तिं प्राप्स्यन्ति '**ध्रुवं जीवाः**', सर्वज्ञवचनप्रामाण्याद् ध्रुवमिति गाथार्थः ॥ १७०३ ॥

अमीषामेव व्यतिरेकतः फलमाह-

**एयाणि पंच वत्थू, एमेव विराहिउं तिकालंमि ।**

**एत्थ अणेगे जीवा, संसारपवड्ढगा भणिआ ॥ १७०४ ॥**

**वृत्तिः-** '**एतानि पञ्च वस्तूनि**' प्रस्तुतानि '**एवमेव विराध्य** '**त्रिकाले**' त्रिष्वपि कालेषु '**अत्र**' लोके '**ऽनेके जीवाः**', सामान्येन भूयांसः, '**संसारप्रवर्द्धका**' भवस्य वृद्धिकारकाः '**भणिता**'स्तीर्थकरगणधरैरिति गाथार्थः ॥ १७०४ ॥

**ફલ બતાવવા દ્વારા શાસ્ત્રનો ઉપસંહાર કરે છે–**

પ્રવ્રજ્યાવિધાન વગેરે પાંચ વસ્તુઓ આગમપ્રમાણે અવિપરીતપણે આરાધીને અતીતકાલમાં અનંતા જીવો મુક્ત થયા છે, સંસ્કાર સહિત સર્વકર્મોથી રહિત બન્યા છે, અર્થાત્ કર્મનાં કારણો રાગાદિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દોષોના ક્ષયપૂર્વક સર્વકર્મોથી મુક્ત બન્યા છે. [૧૭૦૧] આ પાંચ વસ્તુઓ આગમ પ્રમાણે અવિપરીતપણે આરાધીને હમણાં પણ સર્વ સમય ક્ષેત્રમાં (= અઢીદ્વીપ-સમુદ્ર પ્રમાણ ક્ષેત્રમાં) અંતર્મુહૂર્ત વગેરે કાળમાં સામાન્યથી સંખ્યાતા સિદ્ધ થાય છે. [૧૭૦૨] આ પાંચ વસ્તુઓ આગમપ્રમાણે અવિપરીતપણે આરાધીને ભવિષ્યકાળમાં નિયમા અનંત જીવો મુક્તિને પામશે.

**પ્રશ્ન-** નિયમા અનંતા મુક્તિને પામશે એ કેવી રીતે જાણ્યું ?

**ઉત્તર-** સર્વજ્ઞના વચનથી જાણ્યું. સર્વજ્ઞવચન પ્રમાણભૂત છે. [૧૭૦૩] **આ પાંચ વસ્તુઓનું જ વ્યતિરેકથી (= વિરાધનાથી) ફલ કહે છે-** એ પ્રમાણે આ પાંચ વસ્તુઓની વિરાધના કરીને ત્રણેય કાલમાં લોકમાં સામાન્યથી ઘણા જીવો સંસારને વધારનારા થયા છે એમ તીર્થંકરોએ અને ગણધરોએ કહ્યું છે. [૧૭૦૪]

एवं व्यवस्थिते साधूपदेशमाह-

**णाऊण एवमेअं, एआणाराहणाएँ जइअव्वं ।**

**न हु अण्णो पडियारो, होइ इहं भवसमुद्दंमि ॥ १७०५ ॥**

**वृत्तिः-** '**ज्ञात्वा एवमेतद्**' अन्वयव्यतिरेकाभ्यां हिताहिते '**एतेषां**'-पञ्चानां वस्तूनां '**आराधनायां**'-सम्यक्सम्पादनरूपायां '**यतितव्यं**' प्रयत्नः कार्यः, '**न हु**' नैवान्यः '**प्रतीकार**' उपायः '**कश्चिदत्र**' '**भवसमुद्रे**' संसारसागर इति गाथार्थः ॥ १७०५ ॥

**एत्थवि मूलं णेअं, एगंतेणेव भव्वसत्तेहिं ।**

**सद्धाइभावओ खलु, आगमपरतंतया णवरं ॥ १७०६ ॥**

**वृत्तिः-** '**अत्रापि**'-आराधनायत्ने '**मूलं**' कारणं '**ज्ञेयमेकान्तेनैव**' '**भव्यसत्त्वैः**' भव्यप्राणिभिः, किमित्यत्राह- '**श्रद्धादिभावतः खलु**' श्रद्धादिभावादेव कारणाद् '**आगमपरतन्त्रता**' सिद्धान्तपारतन्त्र्यं '**नवरं**', नान्यन्मूलमिति गाथार्थः ॥ १७०६ ॥

एतदेवाह-

**जम्हा न धम्ममग्गो, मोत्तूणं आगमं इह पमाणं ।**

**विज्जइ छउमत्थाणं, तम्हा एत्थेव जइअव्वं ॥ १७०७ ॥**

**वृत्तिः-** '**यस्माद् न धर्म्ममार्गो**' परलोकगामिनि '**मुक्त्वा आगममे**'कं परमार्थतः '**इह प्रमाणं**' प्रत्याख्यानादि '**विद्यते छद्मस्थानां**' प्राणिनां, '**तस्मादत्रैव**'-आगमे कुग्रहान् विहाय '**यतितव्यं**', जिज्ञासाश्रवणश्रवणानुष्ठानेषु (? जिज्ञासाश्रवणश्रमणानुष्ठानेषु) यत्नः कार्यो, नागीतार्थजनाचरणपरेण भवितव्यमिति गाथार्थः ॥ १७०७ ॥

**આ પ્રમાણે વ્યવસ્થા થતાં સાધુઓને ઉપદેશ આપે છે–**

આ પ્રમાણે અન્વય-વ્યતિરેકથી (= આરાધના-વિરાધનાથી) અનુક્રમે હિત-અહિત જાણીને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પાંચની આરાધનામાં પ્રયત્ન કરવો જોઈએ. અહીં ભવસમુદ્રમાં (= ભવસમુદ્રને તરવાનો) બીજો કોઈ ઉપાય નથી. [૧૭૦૫] ભવ્યજીવોએ આરાધનાના પ્રયત્નમાં પણ મૂલ તો શ્રદ્ધા વગેરે ભાવના જ કારણે (થતું) આગમપારતંત્ર્ય જ જાણવું, બીજું કંઈ મૂલ નથી. [૧૭૦૬] **આ જ વિષયને કહે છે-** કારણ કે અહીં પરલોકમાં જનાર ધર્મ માર્ગમાં છદ્મસ્થજીવોને પરમાર્થથી એક આગમને છોડીને પ્રત્યાખ્યાન વગેરે પ્રમાણ નથી, અર્થાત્ આગમના આધારે જ પ્રત્યાખ્યાન વગેરે પ્રમાણ છે, માટે કદાગ્રહોને છોડીને આગમમાં જ પ્રયત્ન કરવો જોઈએ, એટલે કે જિજ્ઞાસાપૂર્વક કર્ણોથી આગમનું શ્રવણ કરીને આગમમાં કહ્યા પ્રમાણે અનુષ્ઠાનોમાં પ્રયત્ન કરવો જોઈએ, અગીતાર્થ જનોની આચરણા પ્રમાણે કરનારા ન બનવું જોઈએ. [૧૭૦૭]

प्रत्यपायप्रदर्शनद्वारेणैतदेवाह-

**सुअबज्झायरणरया, पमाणयंता तहाविहं लोअं ।**
**भुअणगुरुणो वरागा, पमाणयं नावगच्छंति ॥ १७०८ ॥**

**वृत्तिः**- '**श्रुतबाह्याचरणरताः**' आगमबाह्यानुष्ठानसक्ताः '**प्रमाणयन्तः**' सन्तः केनचिच्चोदनायां क्रियमाणायां **तथाविधं लोकं**' श्रुतबाह्यमेवागीतादिकं, किमित्याह-'**भुवनगुरोः**' भगवतः तीर्थकरस्य '**वराकास्तेऽप्रमाणताम**'र्थापत्तिसिद्धां '**नावगच्छन्ति**', तथाहि-यदि ते सूत्रबाह्यस्य कर्त्तारः प्रमाणं भगवांस्तर्हि तद्विरुद्धसूत्रार्थवक्ता अप्रमाणमिति महामिथ्यात्वं बलादापद्यत इति गाथार्थः ॥ १७०८ ॥

**અનર્થ બતાવવા દ્વારા આ જ વિષયને કહે છે-**

આગમબાહ્ય અનુષ્ઠાનો (કરવા)માં તત્પર લોકો, તેમને તમે આ અનુષ્ઠાનો શાના આધારે કરો છો એમ કોઈ પૂછે તો, શ્રુતબાહ્ય જ અગીતાર્થ વગેરેને પ્રમાણ માને છે, અર્થાત્ અમુક (= શ્રુતબાહ્ય અગીતાર્થ) આમ કરે છે માટે અમે પણ આમ કરીએ છીએ એમ કહે છે. બિચારા તે લોકો આમ કરવાથી અર્થાપત્તિથી સિદ્ધ થતી તીર્થંકરની અપ્રમાણતાને જાણતા નથી, અર્થાત્ અર્થાપત્તિથી તીર્થંકર અપ્રમાણ બને છે એમ જાણી શકતા નથી. તીર્થંકરો અપ્રમાણ આ રીતે બને છે- જો તે સૂત્રબાહ્ય કરનારાઓ પ્રમાણ છે, તો તેની વિરુદ્ધ સૂત્રાર્થને કહેનારા ભગવાન અપ્રમાણ થયા. આમ અનિચ્છાએ પણ મહામિથ્યાત્વ પ્રાપ્ત થાય છે. [૧૭૦૮]

अत एव प्रक्रमाद्धर्मानधिकारिणमाह-

**सुत्तेण चोइओ जो अण्णं उद्दिसिअ तं ण पडिवज्जे ।**
**सो तत्तवायबज्झो, न होइ धम्मंमि अहिगारी ॥ १७०९ ॥**

**वृत्तिः**- '**सूत्रेण चोदितः**', इदमित्थमुक्तम्, एवं '**यः**' सत्त्वः '**अन्यं**' प्राणिनं '**उद्दिश्या**'-त्मतुल्यमुदाहरणतया '**तन्न प्रतिपद्यते**', सौत्रमुक्तं, '**स**' एवंभूतः '**तत्त्ववादबाह्यः**' परलोकमङ्गीकृत्य परमार्थवादबाह्यो, '**न भवति** '**धर्म्मे**' सकलपुरुषार्थहेता**वधिकारी**', सम्यग्विवेकाभावादिति गाथार्थः ॥ १७०९ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આથી જ પ્રસંગથી ધર્મ માટે અનધિકારીનું વર્ણન કરે છે–

સૂત્રમાં આ વિષય આ પ્રમાણે કહ્યો છે એમ કોઈ કહે ત્યારે જે જીવ દૃષ્ટાંત તરીકે પોતાના જેવા અન્યપ્રાણીને આગળ કરીને સૂત્રમાં કહેલું ન સ્વીકારે, અર્થાત્ અમુક આમ કરે છે માટે અમે આમ કરીએ છીએ એમ કહીને સૂત્રમાં કહ્યા પ્રમાણે ન કરે, આવો જીવ પરલોકની અપેક્ષાએ પરમાર્થવાદથી બાહ્ય છે, અને સર્વ [1]પુરુષાર્થના હેતુ એવા ધર્મમાં અધિકારી (= યોગ્ય) નથી. કારણ કે તેનામાં સમ્યગ્ વિવેક નથી. [૧૭૦૯]

अत्रैव प्रक्रमे किमित्याह–

**तीअबहुस्सुयणायं, तक्किरिआदरिसणा कह पमाणं ? ।**
**वोच्छिज्जंती अ इमा, सुद्धा इह दीसई चेव ॥ १७१० ॥**

**वृत्तिः**– **'अतीतबहुश्रुतज्ञातम्'**, अतीता अप्याचार्या बहुश्रुता एव, तैः कस्मादिदं वन्दनं कायोत्सर्गादि नानुष्ठितमित्येवंभूतं, किमित्याह–**'तत्क्रियादर्शनात्'** अतीतबहुश्रुतसम्बन्धिक्रियादर्शनात् कारणात् **'कथं प्रमाणं ?'**, नैव प्रमाणं, न ज्ञायते ते कथं वन्दनादिक्रियां कृतवन्त इति, न चेदानींतनसाधुमात्रगतक्रियानुसारतः तत्तथातावगम इत्याह–**'व्यवच्छिद्यमाना चेयं'**–क्रिया **'शुद्धा'** आगमानुसारिणी **'इह'** लोके साम्प्रतमपि **'दृश्यत एव'**, कालदोषादिति गाथार्थः ॥ १७१० ॥

આ પ્રસંગમાં જ ભૂતકાલીન બહુશ્રુતોનું દૃષ્ટાંત આ પ્રમાણે છે–

ક્રિયાવાદી કહે છે કે, જો અગીતાર્થજનોની આચરણા પ્રમાણ હોય તો ભૂતકાળે થઈ ગયેલા આચાર્યો પણ બહુશ્રુત હતા, તેઓએ વંદન-કાયોત્સર્ગ વગેરે ક્રિયા આ રીતે (= અગીતાર્થજનોની આચરણા પ્રમાણે) કેમ ન કરી ? પ્રતિવાદી (= સ્વેચ્છાચારી) કહે છે કે ભૂતકાળે થઈ ગયેલા તે બહુશ્રુતો તો ગયા, તેઓની ક્રિયા વર્તમાનમાં દેખાતી નથી, અર્થાત્ તેઓ કેવી રીતે વંદનાદિ ક્રિયા કરતા હતા તે વર્તમાનમાં પ્રત્યક્ષ નથી, તેથી તેમનું દૃષ્ટાંત પ્રમાણભૂત કેમ મનાય ? અર્થાત્ ન જ મનાય. વળી વર્તમાનના સાધુમાત્રની ક્રિયાના અનુસારે તે ભૂતકાલના ગીતાર્થો આ રીતે કરતા હતા એમ તમે કહો તો તે પણ ન મનાય. ક્રિયાવાદી આનો ઉત્તર આપે છે કે, કાળદોષથી વ્યવચ્છેદ પામતી = દિન-પ્રતિદિન વધતા અતિચારવાળી પણ વર્તમાનકાળના સાધુઓની ક્રિયા આ લોકમાં આગમને અનુસારી છે એમ વર્તમાનમાં પણ જણાય છે જ. (માટે) ધર્મક્રિયા આગમપ્રતિબદ્ધ ગીતાર્થના વચનને અનુસારે જ કરવી જોઈએ. [૧૭૧૦]

उपसंहरन्नाह–

**आगमपरतंतेहिं, तम्हा णिच्चंपि सिद्धिकंखीहिं ।**
**सव्वमणुट्ठाणं खलु, कायव्वं अप्पमत्तेहिं ॥ १७११ ॥**

---

૧. અર્થ, કામ અને મોક્ષ એ ત્રણે ધર્મથી જ મળે છે માટે ધર્મ સર્વ પુરુષાર્થનો હેતુ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**वृत्तिः**- यस्मादेवं **'आगमपरतन्त्रैः'**-सिद्धान्तायत्तैः **'तस्मान्नित्यमपि'**-सर्वकालमपि **'सिद्धिकाङ्क्षिभि'**र्भव्यसत्त्वैः **'सर्वमनुष्ठानं खलु'** वन्दनादि **'कर्त्तव्यमप्रमत्तैः'**-प्रमादरहितैरिति गाथार्थः ॥ १७११ ॥

**ઉપસંહાર કરતાં કહે છે–**

આથી મોક્ષની આકાંક્ષાવાળા ભવ્યજીવોએ વંદનાદિ સર્વ અનુષ્ઠાનો સદાય પ્રમાદનો ત્યાગ કરીને સિદ્ધાંતને આધીન બનીને કરવા જોઈએ. [૧૭૧૧]

एवं क्रियमाणे फलमाह-

**एवं करिंतेहि इमं, सत्तणुरूवं अणुंपि किरियाए ।**

**सद्धाणुमोअणाहिं सेसंपि कयंति दट्ठव्वं ॥ १७१२ ॥**

**वृत्तिः**- **'एवम्'** उक्तेन प्रकारेण **'कुर्वद्भिरिदम्'**-अनुष्ठानं वन्दनादि **'शक्त्यनुरूपं'** यथाशक्ति **'अण्वपि'** स्तोकमपि **'क्रियया'** प्रतिपत्तिद्वारेण, **'श्रद्धानुमतिभ्यां'** श्रद्धया अनुमत्या च परिणतया **'शेषमप्य'**शक्यं विशिष्टाप्रमादजं ध्यानादि **'कृत'मिति** कृतमेव **'द्रष्टव्यं'**, भावप्रवृत्तेरिति **गाथार्थः** ॥ १७१२ ॥

**આ પ્રમાણે કરતાં થતા ફલને કહે છે–**

શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે વંદનાદિ અનુષ્ઠાનો કરવાનો સ્વીકાર કરીને શક્તિ પ્રમાણે થોડાં પણ વંદનાદિ અનુષ્ઠાનો ઉક્ત રીતે [1]કરનારાઓએ શ્રદ્ધા અને અનુમોદનાના પરિણામથી બાકીનાં પણ વિશિષ્ટ અપ્રમાદથી થઈ શકે તેવાં અને (એથી જ પોતાના માટે હમણાં) અશક્ય એવા ધ્યાન વગેરે અનુષ્ઠાનો ન કરવા છતાં કર્યાં જ જાણવાં. કારણ કે ભાવથી (શેષ અનુષ્ઠાનોમાં) પ્રવૃત્તિ થઈ ગઈ છે. [૧૭૧૨]

प्रकरणोद्धारे प्रयोजनमाह-

**इअ पंचवत्थुगमिणं, उद्धरिअं रुद्दसुअसमुद्दाओ ।**

**आयाणुसरणत्थं, भवविरहं इच्छमाणेणं ॥ १७१३ ॥**

**वृत्तिः**- **'इय'** एवमुक्तेन प्रकारेण **'पञ्चवस्तुकमिदमु'**क्तलक्षण**'मुद्धृतं'**-पृथगवस्थापितं **'रुद्रश्रुतसमुद्राद्'** विस्तीर्णात् श्रुतोदधेः, किमर्थमित्याह-**'आत्मानुस्मरणार्थं'** आत्मानुस्मरणाय प्रव्रज्यादिविधानादीनां **'भवविरहं'** संसारक्षयं **'इच्छता'**, तस्य भगवद्वचनोपयोगादिसाध्यत्वादिति गाथार्थः ॥ १७१३ ॥

**गाहग्गं पुण इत्थं, णवरं गणिऊण ठाविअं एयं ।**

**सीसाण हिअट्ठाए, सत्तरस सयाणि माणेण ॥ १७१४ ॥**

---

૧. અહીં શ્રદ્ધા શબ્દ સમ્યક્ત્વના અર્થમાં નથી, કિંતુ વિશેષ કરવાની અભિલાષાના અર્થમાં છે. આના વિશેષ બોધ માટે ધર્મરત્ન પ્રકરણમાં જણાવેલાં ચારિત્રીનાં લક્ષણોમાં નિર્દિષ્ટ શ્રદ્ધાગુણનું વર્ણન વાંચવું-વિચારવું જરૂરી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંસારનો ક્ષય જિનવચન પ્રમાણે આચરણ આદિથી કરી શકાય છે. આથી સંસારક્ષયને ઈચ્છતા આચાર્ય શ્રીહરિભદ્રસૂરિ મહારાજે પ્રવ્રજ્યાવિધાન આદિ વસ્તુઓનું પોતે સ્મરણ-ચિંતન કરી શકે એ હેતુથી ઉક્ત રીતે આ પંચવસ્તુક પ્રકરણનો વિશાળ શ્રુતસમુદ્રમાંથી ઉદ્ધાર કર્યો છે=અલગ કર્યો છે. [૧૭૧૩] અને કેવલ શિષ્યોના હિત માટે ગાથાઓનું પરિમાણ ગણીને સંખ્યા પ્રમાણથી સતરસો ગાથા પ્રમાણે આ પંચવસ્તુક પ્રકરણ આ પ્રમાણે=ગ્રંથરૂપે મૂક્યું છે. [૧૭૧૪]

समाप्ता चेयं पञ्चवस्तुकसूत्रटीका शिष्यहिता नाम, कृतिधर्म्मतो याकिनीमहत्तरासूनोरा- चार्यहरिभद्रस्य ॥ कृत्वा टीकामेनां यदवाप्तं कुशलमिह मया तेन । मात्सर्यदुःखविरहाद् गुणानुरागी भवतु लोकः ।

ग्रंथाग्रं ७१७५ ॥

પંચવસ્તુક સૂત્રની શિષ્યહિતા નામની આ ટીકા સમાપ્ત થઈ. સાધ્વીજી શ્રી યાકિની મહત્તરાના ધર્મપુત્ર આચાર્ય શ્રી હરિભદ્રસૂરિની આ (ટીકાની) રચના છે. અહીં આ ટીકા કરીને મેં જે પુણ્ય પ્રાપ્ત કર્યું છે, તેનાથી લોક માત્સર્ય રૂપ દુઃખના વિરહથી ગુણાનુરાગી બનો.

जैन साईट JAINSITE

**સુગૃહીત નામધેય શ્રી હરિભદ્રસૂરિ મહારાજ વિરચિત સ્વોપજ્ઞ ટીકા સહિત પંચવસ્તુક ગ્રંથનો સિદ્ધાંતમહોદધિ સ્વ. આચાર્યદેવશ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર સ્વ. પરમગીતાર્થ આચાર્યદેવ શ્રી હીરસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પરાર્થપરાયણ ગણિવર્ય (વર્તમાનમાં આચાર્ય) શ્રી લલિતશેખરવિજયજીના શિષ્ય ગણી (વર્તમાનમાં આચાર્ય) શ્રી રાજશેખરવિજયજીએ કરેલો ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ થયો.**

| **સમાપ્તિ સમય :** | **સ્થળ :** |
| --- | --- |
| વિ.સં. ૨૦૪૨ | જૈન ઉપાશ્રય |
| વૈ.વ. ૬, ગુરુવાર | ફણસા - ૩૯૬ ૧૪૦. |
| (વીસમો રવિયોગ) | સ્ટે. ભિલાડ (ગુજરાત) |

**॥ इति सूरिपुरन्दरश्रीमद्हरिभद्रसूरीश्वरविरचिता स्वोपज्ञा पञ्चवस्तुसूत्रटीका समाप्ता ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

॥ મોક્ષફલદાયક દેવાધિદેવ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

# અનુમોદનીય

યાકિની મહત્તરાસુનુ ભગવાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજનો ઉપકાર જૈનશાસન કોઈ કાળે ભૂલી શકશે નહીં...

સમગ્ર જીવનકાળ દરમિયાન અગાધ શ્રુત સમુદ્રના અંતસ્તલ સુધી પહોંચીને જૈનશાસનને ૧૪૪૪ ગ્રંથરત્નોની ભેટ ધરનારી એ મહામહિમ વિભૂતિએ રચેલા ગ્રંથોમાંના પ્રસ્તુત

**પંચવસ્તુક ગ્રન્થ.......**

જેમાં શ્રમણજીવનના જન્મથી કાળધર્મ સુધીની સમગ્ર ચર્યાનો જિનાજ્ઞાગર્ભિત

ચિતાર રજૂ કરીને જિનાજ્ઞાનિષ્ઠ શ્રામણ્યને સુરેખ કર્યું છે...

જમાનાના નામે...

પડતા કાળના નબળા આલંબનોને નામે...

વર્તમાનમાં શ્રામણ્ય જ્યારે શિથિલ થવા માંડ્યું છે ત્યારે...

અતિ આવશ્યકતા છે આવા ગ્રંથરત્નોના વ્યાપક અધ્યયનની...

શ્રમણજીવનની મર્યાદા ઓળંગી જવાય તેવા ફુલ્યા ફાલેલા પ્રવૃત્તિધર્મથી વિમુખ બની નવદીક્ષિત શ્રમણ શ્રમણી ભગવંતો જો આવા ગ્રંથરત્નોમાં અવગાહી રહે તો ભગવાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાના જ એ વચનો

**હા ! અણાહા કહં હુંતા ! જઇ ન હુંતો જિણાગમો,**

**જિનાગમો જ જો અમને મળ્યા ન હોત તો ખરેખર અમે અનાથ હોત !** સાર્થક બની જાય.

એ મહાપુરુષના વચનોને અંતસ્થ કરી માત્ર આઠ વર્ષના દીક્ષા પર્યાયે 'પએસ બંધો' જેવા વિદ્વદ્‌ભોગ્ય ગ્રંથ ઉપર ટીકા રચીને વિદ્વદ્ સભાના શણગાર બનેલા પૂજ્યપાદ **આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજશેખરસૂરીશ્વરજી મહારાજા**ની જિનાજ્ઞામર્મજ્ઞ પરિકર્મિત પ્રજ્ઞાથી અનુવાદ પામીને બીજી વખત પ્રકાશિત થતા આ ગ્રંથરત્નને શ્રમણ શ્રમણી ભગવંતોના કરકમલે પહોંચાડવાનું પ્રશસ્ય કાર્ય **શ્રી મનફરા જૈન સંઘ, કચ્છ**ના જ્ઞાનનિધિએ કર્યું છે.

પૂજ્યશ્રી દ્વારા લેખિત - સંપાદિત - અનુવાદિત ગ્રંથરત્નોને ચતુર્વિધ શ્રી સંઘના ચરણે સમર્પિત કરવા કટિબદ્ધ શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ, ભીવંડી શ્રી મનફરા જૈન સંઘના સુકૃતની ભૂરિ ભૂરિ અનુમોદના કરે છે.

લિ.

**શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટનું**

**ટ્રસ્ટીગણ**

જૈન साईट JAINSITE .com जैनम् जयति शासनम्

www.jainsite.com vate & Personal Use Only info@jainsite.com

# અરિહંત આરાધક ટ્રસ્ટના પ્રકાશનો-પ્રાપ્ય ગ્રંથો-પુસ્તકો

## સંપૂર્ણ ટીકાના ભાવાનુવાદવાળા પુસ્તકો

પંચસૂત્ર
ધર્મબિંદુ
યોગબિંદુ
આત્મપ્રબોધ
પાંડવ ચરિત્ર
શ્રાદ્ધદિન કૃત્ય
વીતરાગ સ્ત્રોત
શીલોપદેશમાલા
યોગદષ્ટિ સમુચ્ચય
પંચાશક ભાગ ૧-૨
પંચવસ્તુક ભાગ ૧-૨
ભવભાવના ભાગ ૧-૨
શ્રાવક ધર્મ વિધિ પ્રકરણ
ગુરુતત્ત્વ વિનિશ્ચય ભાગ ૧-૨
ઉપદેશમાલા (પુષ્પમાલા) ભાગ ૧-૨

## ગુજરાતી વિવેચન

પ્રભુભક્તિ
શ્રાવકના બારવ્રત
જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ
મમતા મારે સમતા તારે
પ્રભુ ભક્તિ મુક્તિની દૂતી
આહારશુદ્ધિથી આત્મશુદ્ધિ
ચિત્તપ્રસન્નતાની જડીબુટ્ટીઓ
સ્વાધીન રક્ષા-પરાધીન ઉપેક્ષા
નવકારનો જાપ મિટાવે સંતાપ
તપ કરીએ ભવજલ તરીએ
(બાર તપ ઉપર વિસ્તારથી વિવેચન)
શ્રી શંત્રુજય તીર્થ સોહામણું
આધ્યાત્મિક પ્રગતિના પાંચ પગથિયા
ભાવના ભવ નાશિની (બાર ભાવના)
પ્રેમગુણ ગંગામાં સ્નાન કરીએ
(પૂ. પ્રેમસૂરીશ્વરજી મ.સા.ની જીવન ઝરમર)
સાધના સંગ્રહ (વિવિધ વિષયોનો સંગ્રહ)
એક શબ્દ ઔષધ કરે, એક શબ્દ કરે ઘાવ
જીવન જીતવાની જડીબુટ્ટીઓ (ચાર ભાવના)

જૈન JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્

## અભ્યાસી વર્ગ માટેના પુસ્તકો

ધાતુરૂપાવલી
શબ્દરૂપાવલી
સિદ્ધહેમશબ્દાનુશાસન
(મધ્યમવૃત્તિ ભાગ ૧-૨-૩)
તત્ત્વાર્થાધિગમસૂત્ર (પૉકેટ બુક)
વીતરાગ સ્તોત્ર
(અન્વય સહિત શબ્દાર્થ-ટીકાર્થ)
વીતરાગ સ્તોત્ર (અન્વયાર્થ-ભાવાર્થ)
જ્ઞાનસાર (અન્વયાર્થ-ભાવાર્થ)
તત્ત્વાર્થાધિગમ સૂત્ર
(મહેસાણા પાઠશાળા દ્વારા પ્રકાશિત)

## અનુવાદવાળા પુસ્તકો

હીરપ્રશ્ન
પરિશિષ્ટ પર્વ
યતિલક્ષણ સમુચ્ચય
ચૈત્યવંદન મહાભાષ્ય

## પ્રત વિભાગ

આત્મપ્રબોધ
શ્રાદ્ધદિન કૃત્ય
સિરિસિરિવાલકહા
अष्टादशसहस्त्रशीलाङ्गग्रन्थः (प्राकृतः)

## અરિહંત આરાધક ટ્રસ્ટના આગામી પ્રકાશનો

ઉપદેશપદ સટીક ભાવાનુવાદ, શ્રાદ્ધવિધિ પ્રકરણ સટીક ભાવાનુવાદ

Tejas Printers
AHMEDABAD PH. (079) 6601045

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com